
મક્સીમ ગોર્કી

મા



ગોર્કીની આ નવલકથાને જેટલા પ્રચંડ સંખ્યામાં વાચકો સાંપડ્યા છે અને કરોડો માનવીઓના જીવન ઉપર આ નવલકથાનો જેટલો પ્રબળ તથા પ્રત્યક્ષ પ્રભાવ પડ્યો છે એવો યશ સાહિત્યના સમગ્ર ઇતિહાસમાં બહુ ઓછી કથાકૃતિઓને ફાળે જાય છે.



'મા' નવલકથા વિશે લેનિને આ શબ્દો લખ્યા છે: "આ પુસ્તકનું વાંચન જરૂરી છે. ઘણા કામદારો આપમેળે ક્રાંતિકારી આંદોલનમાં સામેલ થઈ ગયા હતા. હવે 'મા'ના વાંચનથી તેમને ખૂબ લાભ થશે... આ પુસ્તક ખૂબ ઉચિત સમયે મળ્યું છે."

રશિયાની ૧૯૦૫ — ૧૯૦૭ની ક્રાંતિની ૭૦મી જયંતીના પ્રસંગે સોવિયત સામ્યવાદી પક્ષે અપનાવેલા ઠરાવમાં જણાવવામાં આવ્યું છે કે સોવિયત જનતા ક્રાંતિના વીરોની સ્મૃતિનું ઊંચું મૂલ્ય આંકે છે. રશિયાની પ્રથમ લોકક્રાંતિનો ઐતિહાસિક [illegible] અનંત [illegible] શાળા [illegible] છે.

મક્સીમ ગોર્કી

મા

પ્રગતિ પ્રકાશન
મોસ્કો

અનુવાદક — અતુલ સવાણી

М. Горький

МАТЬ

На языке гуджарати

સોવિયેત સંઘમાં મુદ્રિત

$Г\frac{70302—784}{014(01)—76}$ 825—75

અનુક્રમણિકા

ખંડ ૧

૧

દરરોજ સવારે કારખાનાની સીટીનો ધ્રૂજતો ચિત્કાર મજૂર વસતિની ગંદી ચીકણી હવામાં ફેલાઈ જતો. તેના સાદના તાબેદાર ગમગીન લોકો સફાળા જાગી જતા. થાકેલી કાયામાં નીંદર પૂરી તાજગી રેડે તે પહેલાં જ તેમને ઊઠી જવું પડતું, અને સૌ પોતપોતાનાં નાનકડાં કંગાલ ઘરોમાંથી ગભરાયેલા વાંદાઓની જેમ ઉતાવળા બહાર નીકળી જતા. તેઓ ટાઢાબોળ અંધારામાં ડગલાં માંડતા કારખાનાની ઊંચી કાળમીંઢ કોટડીઓમાં પહોંચી જતા. બેદર્દ ટાઢે કોઠે તેમની વાટ જોતા કારખાનાની કેટલીય ચોરસ ચીકણી આંખો રસ્તા ઉપર અજવાળું પાથરતી રહેતી. તેમના પગ નીચે દબાતો કાદવ પચકારા બોલાવતો રહેતો. તેઓ નીંદરિયા ઘોઘરા અવાજે ઘાંટા પાડીને હવામાં ગંદી ગાળો ભરી દેતા, અને બીજા અવાજો ફેલાતા આવીને તેમના કાનમાં ભરાઈ જતા—મશીનોનો ભારે ઘરઘરાટ અને વરાળના ફૂંફાટા. જાડા ધોકા જેવાં કરડાં ને સોગિયાં ઊંચાં કાળાં ભૂંગળાં વસતિની ઉપર ઝૂમતાં રહેતાં.

સાંજે આથમતા સૂરજનું થાકેલું તેજ ઘરોની બારીઓ ઉપર ઘડીભર થંભી જતું ત્યારે કારખાનું પોતાના કાળમીંઢ પેટાળમાંથી લોકોને કચરાની જેમ બહાર ફગાવી દેતું. તેઓ વળી પાછા રસ્તે ડગલાં માંડતા—મેલા વેશ, કાળાંમેશ મોઢાં, ભૂખ્યા ચળકતા દાંત, મશીનના તેલની ચીકણી ગંધ મારતાં બદન. પરંતુ હવે તેમના અવાજોમાં જોમ હતું અને ખુશી પણ વરતાતી હતી. દિવસની મહેનત પૂરી થઈ ગઈ હતી, ઘરમાં વાળુ ને આરામ તેમની વાટ જોઈ રહ્યાં હતાં.

દિવસને કારખાનું ભરખી ગયું હતું. મશીનોએ પોતાની જરૂર પૂરતી તાકાત કામદારોનાં તનમાંથી ચૂસી લીધી હતી. એક દિવસ ખતમ થઈ ગયો હતો. તેની એક પણ નિશાની બાકી નહોતી રહી. ઇન્સાને એક વધુ ડગલું પોતાની કબર તરફ ભર્યું હતું. પરંતુ હવે તેને આરામની આશા હતી, ધુમાડાથી ભરેલા પીઠામાં ખુશીઓ માણવાની અપેક્ષા હતી. તેના દિલમાં સંતોષ હતો.

રવિવારે અને છુટ્ટીના દિવસે લોકો દસ વાગ્યા સુધી ઊંઘતા રહેતા. પછી મોભાદાર ઘરસંસારી લોકો દેવળમાં જતા, અને નાનેરી પેઢીની ધર્મ તરફની ઉદાસીનતા અંગે રોષનો ઊભરો કાઢતા. દેવળેથી પાછા આવીને તેઓ કચોરી ખાતા, અને ફરી પાછા સાંજ સુધી નીંદર ખેંચી લેતા.

કેટલાંય વરસોના એકઠા થયેલા થાકને લીધે તેમને ભૂખ ઓછી લાગતી, પરંતુ તેઓ કેફી પીણા વડે ભૂખને જગાવતા, વોદકાના તીખા ડંખ વડે પેટમાં ભૂખની આગ પેટાવતા.

તેઓ સાંજના વખતે રસ્તા ઉપર ફરવા નીકળતા. જેઓની પાસે રબ્બરના બૂટ હોય તેઓ જમીન સૂકી હોવા છતાં એ બૂટ પહેરીને નીકળતા, અને જેઓની પાસે છત્રી હોય તેઓ આસમાન સાફ હોવા છતાં છત્રી લઈને નીકળતા.

રસ્તે દોસ્તો મળી જાય તો તેઓ કારખાના તથા મશીનોની અને ફોરમેનોની વાતો કરતા. પોતાના કામ જોડે સંબંધ ન ધરાવતી હોય એવી કશી વાતો કરવાનો તેમને કદી ખ્યાલ જ ન આવતો. તેમની જિંદગીની નીરસ એકવિધતામાં અસ્પષ્ટ વિચારોના આછા ચમકારા ક્યારેક ચમકી જતા. પુરુષો કામ કરીને પાછા ઘેર આવે ત્યારે બૈરી જોડે જીભાજોડી કરતા અને ઘણી વાર મારપીટ પણ કરતા. જુવાન માણસો પીઠામાં અથવા દોસ્તોને ઘેર ચાલ્યા જતા. ત્યાં તેઓ વાજાં વગાડતા, ગલીચ ગીતો ગાતા, નાચ કરતા, અને નશામાં ચકચૂર બની જતા. સખત મહેનતના થાકને લીધે તેમને નશો એકદમ ચડી જતો, અને તેમનાં હૈયામાં ધરબાઈને પડેલી કોઈ અગમ્ય ખીજ બહાર ધસી આવવા ખળભળાટ મચાવી દેતી. એટલે જરાસરખી તક મળતાં તેમની લાગણીઓનો ધોધ વછૂટી જતો અને તેઓ પાશવી ઝનૂનથી એકબીજાની ઉપર તૂટી પડતા. પરિણામે ખૂનખાર ટંટાફિસાદ થતા. તેના અંજામ કેટલીય વાર સખત ઈજામાં અને ક્યારેક ખૂનમાં આવતા.

તેમના આપસના સંબંધોમાં જાણે દ્વેષની બેહદ જોરદાર લાગણી દબાઈને પડેલી હતી. એ લાગણી તેમના અંગેઅંગના અસાધ્ય થાક જેટલી જ કાયમી હતી. લોકો મનનો એ રોગ જાણે માબાપ પાસેથી વારસામાં મેળવીને જ જનમ્યા હતા. તેની ઘેરી છાયા છેક કબર સુધી તેમની સાથે જ રહેતી, અને તેમના હાથે નિરર્થક નિર્દયતાનાં ઘૃણાજનક કામ કરાવતી.

જુવાનો રવિવારે રાતે ફાટેલાં અને કાદવકીચડથી લથબથ કપડાં, સૂજેલી આંખો, અને લોહીથી ખરડાયેલાં નાક લઈને બહુ મોડા ઘેર પાછા ફરતા. તેઓ ક્યારેક દોસ્તોને ચખાડેલા મેથીપાકની ખારીલી બડાઈ હાંકતા, અને ક્યારેક પોતાને ભોગવવી પડેલી નામોશીના દુઃખે મોઢાં ચડાવતા, ધૂંધવાઈ જતા, અથવા રોદણાં રોતા. દારૂના ઘેનમાં તેઓ દયાજનક, બેહાલ, અને ઘૃણાસ્પદ બની જતા. ઘણી વાર માબાપને દીકરા ઘેનમાં ચકચૂર હાલતમાં કોઈ વાડને

અડીને અથવા પીઠાના ભોંયપટ પર પડેલા મળતા. મોટેરાં તેમને ગલીચ ગાળો ભાંડતાં, વોદકાથી ગંધાતાં બદન ઉપર હળવા ગડદા મારતાં, અને તેમને ઘેર દોરી જઈને થોડીઘણી કાળજીથી પથારીમાં સુવડાવી દેતાં. બીજે દિવસે કારખાનાની સીટીનો ઘેરો ચિત્કાર પરોઢિયાને ચીરતો સંભળાય કે તરત જ માબાપ દીકરાઓને પાછા જગાડી દેતાં.

માબાપ પોતાનાં સંતાનોને ગાળો ભાંડતાં અને નિર્દય માર મારતાં ખરાં, પરંતુ જુવાનોની મારામારી તથા દારૂની લતને રોજિંદી જિંદગીની સામાન્ય બાબતો જ ગણવામાં આવતી. હવે બાપની જગ્યા ધરાવતા આદમીઓ જુવાન હતા ત્યારે તેમણે પણ મારામારી કરેલી તથા દારૂ ઢીંચેલો અને માબાપના હાથે માર ખાધેલો. જિંદગી હંમેશાં એવી જ રહી હતી. તેનું ડહોળું વહેણ વરસોથી ધીરે ધીરે એકધારું વહેતું રહ્યું હતું. જિંદગીની દરેક બાબત લાંબા કાળથી રોજના એકસરખા વિચારો તથા કામકાજની ટેવો વડે સંકળાયેલી હતી.

ક્યારેક નવા માણસો મજૂર વસતિમાં રહેવા આવતા. શરૂઆતમાં લોકોને નવા માણસો અંગે કુતૂહલ રહેતુ, પરંતુ થોડા વખત પછી તો જૂની જગ્યાઓ સંબંધી તેમની વાતોમાં લોકો ખાલી ઉપર ઉપરની દિલચસ્પી જ બતાવતા. ધીરે ધીરે નવું જૂનું બની જતું, લોકો ટેવાઈ જતા, અને નવા માણસો તરફ કોઈનું ધ્યાન પણ ન ખેંચાતું. તેમની વાતોમાંથી સૌને સમજાઈ જતું કે કામગાર લોકોની જિંદગી દરેક ઠેકાણે એકસરખી જ છે. અને હાલત એવી હોય તો પછી વાતચીતનું કારણ જ ક્યાંથી રહે?

પરંતુ કોઈ કોઈ નવા માણસોની વાતો લોકોને સાવ નવી લાગતી. કોઈ દલીલ ન કરતું પણ સૌ શંકાશીલ ભાવે સાંભળતા રહેતા. વાતો સાંભળીને કોઈને ખીજ ચડતી, કોઈના મનમાં અસ્પષ્ટ ચિંતા પેદા થઈ જતી, અને કોઈના દિલને આશાની આછી છાયા બેચેન બનાવી દેતી. જિંદગીને વધારે અટપટી બનાવી દેતી એવી ફિકર અને બેચેનીની લાગણીને મનમાંથી હાંકી કાઢવાને ઇરાદે લોકો વધારે દારૂ ઢીંચતા.

નવા માણસના સંબંધમાં કશુંક અસાધારણ ધ્યાનમાં આવે તો લોકો તેને એ માણસનો વાંક ગણી લેતા. પોતાનાથી જરાક પણ જુદો હોય એવા કોઈ ઇન્સાનની બાબતમાં તેઓ સાવચેત બની જતા. તેમને જાણે બીક લાગતી કે પોતાની જિંદગીની નીરસ એકરૂપતાને નવો માણસ કદાચ ડહોળી નાખશે, અને તેમની જિંદગી ભલે મુશ્કેલ હોય પણ એકધારી તો હતી જ. જિંદગીનો એકસરખો ભાર કાયમ વેંઢારતા રહેવાની લોકોને ટેવ પડી ગઈ હતી. તેમાં

કશી રાહતની આશા તો હતી જ નહિ, એટલે લોકોને ખાતરી લાગતી કે કોઈ જાતનો ફેરફાર તેમની હાડમારીઓમાં નક્કી વધારો જ કરશે.

નવા વિચારો રજૂ કરતા માણસને કામગાર લોકો મૂંગે મોંએ અવગણી કાઢતા. એટલે નવા માણસો મોટે ભાગે તો ટકતા જ નહિ. પણ જવલ્લે જ કોઈ રહી જાય તો તે પણ બાકીના કામદારો જેવો જ બની જતો અથવા સૌથી અળગો રહેવા લાગતો...

લગભગ પચાસ વરસ સુધી એવી જિંદગી ગુજારીને માણસ મરી જતો.

૨

ઝીંથરિયા ચિડિયલ મિકેનિક મિખાઈલ વ્લાસોવની જિંદગી એવી હતી. તેનાં મોટાં ભવાં નીચે શંકાશીલ ટચૂકડી આંખોમાં ખારીલો તુચ્છકાર ચમકતો રહેતો. તે આખા કારખાનામાં સૌથી કાબેલ મિકેનિક અને આખી મજૂર વસતિમાં સૌથી જોરાવર આદમી હતો. પરંતુ ઉપરીઓ જોડે તોછડા વર્તનને લીધે તેને પૈસા બહુ ઓછા મળતા. દરેક છુટ્ટીના દિવસે તે એકાદ માણસને તો ચોક્કસ ઢીબી નાખતો જ. એટલે તે કોઈને ગમતો નહિ અને સૌને તેની બીક લાગતી. બદલામાં તેને મેથીપાક ચખાડવાની બધી કોશિશો નકામી જતી. પોતાને મારવા ધસી આવતા માણસો નજરે પડે કે તરત જ વ્લાસોવ પગ પહોળા કરીને ઊભો રહી જતો અને હાથમાં પથ્થર, પાટિયું, અથવા સળિયો ઉપાડીને ચુપચાપ દુશ્મનની વાટ જોતો. વાળથી ભરેલા તેના હાથ અને આંખોથી ગળા સુધી ફેલાયેલી કાળી દાઢીથી ભરેલા તેના ચહેરાનો દેખાવ ભલંભલાને દહેશત ખવડાવી દે એવો હતો. પરંતુ લોકોને ખાસ બીક તો તેની આંખોની લાગતી—ટચૂકડી ને તીણી, જાણે માણસને આરપાર વીંધી નાખે એવી. તેની આંખો સામે નજર માંડતાં જ સામા માણસને લાગતું કે બીક અથવા દયા વગર તૂટી પડવા તૈયાર કોઈ વિકરાળ તાકાતની સામે પોતે ખડો છે.

"રસ્તો માપો, સૂવર ક્યાંના!" વ્લાસોવ કરડા અવાજે બોલતો. તેના મોટા પીળા દાંત દાઢીમૂછના વાળમાં ચળકી ઊઠતા. સૌ રસ્તે પડી જતા, પણ જતાં જતાં નામર્દીની ગાળો ભાંડતા.

"સૂવર!" તેની ત્રાડ રવાના થતા માણસોની પીઠે અફળાતી, અને તેની કટાર જેવી તેજ આંખોમાંથી તુચ્છકાર વરસતો. પછી તે માથું ઉછાળીને સૌની પાછળ પાછળ જતો પડકાર કરતો:

"કોને મરવાની ઉતાવળ છે?"

કોઈને નહોતી.

તે બહુ ઓછું બોલતો, અને તેની માનીતી ગાળ "સૂવર" હતી. તે પોલીસ, અમલદારો, અને કારખાનામાં ઉપરીઓના સંબંધમાં એ જ ગાળનો ઉપયોગ કરતો. ઘરમાં બૈરીને પણ તે હંમેશાં સૂવર જ કહેતો.

"દેખાતું નથી કે મારું પેન્ટ ફાટી ગયું છે? સૂવર ક્યાંની!"

તેનો દીકરો પાવેલ ચૌદ વરસનો હતો ત્યારે તેણે એક વાર દીકરાના વાળ પકડવાની કોશિશ કરી. પાવેલે ભારે હથોડો ઉપાડી લઈને તોછડાઈથી કહ્યું:

"હાથ છેટા રાખજો!"

"શું કહ્યું?" કહેતો બાપ ઊંચા પાતળા દીકરાની તરફ જાણે વાદળું ઝાડ તરફ ખસતું હોય એવી રીતે ખસ્યો.

"બહુ થઈ ગયું, હવે વધારે કંઈ હું નથી સાંખવાનો," પાવેલે જવાબ દીધો અને હથોડો ઊંચો કર્યો.

બાપે દીકરાની ઉપર નજર માંડીને પોતાના ઝીંથરિયા હાથ પીઠ પાછળ છુપાવી દીધા.

પછી તે વીલું હસીને અને ઊંડો શ્વાસ લઈને બોલ્યો: "સૂવર!.."

થોડા વખત પછી તેણે ઘરવાળીને પરખાવી દીધું:

"મારી કનેથી પૈસા માગતી નહિ. હવેથી પાવેલ તને ખવડાવશે."

"અને તમે આખા પગારનો દારૂ ઢીંચી લેવાના, એમ ને?" ઘરવાળીએ સવાલ પૂછવાની હિંમત કરી.

"એમાં માથું મારવાની તારે જરૂર નથી, સૂવર! મને ગમશે તો રખાત રાખીશ."

તેણે રખાત તો ન રાખી, પણ ત્યારથી બે વરસે તેનું મોત થયું ત્યાં સુધી દીકરાની હયાતીને ધ્યાનમાં જ ન લીધી અને તેની જોડે કદી વાત ન કરી.

તેની પાસે તેના જેવો જ કદાવર અને ઝીંથરિયો કૂતરો હતો. કૂતરો દરરોજ કારખાનાના દરવાજા સુધી તેની ભેગો જતો, અને સાંજે પાછો એ જ ઠેકાણે તેની વાટ જોતો ઊભો રહેતો. વ્લાસોવ છુટ્ટીના દિવસો એક પછી એક પીઠામાં આંટા મારતો વિતાવી દેતો. તે જાણે કોઈને ગોતતો હોય એવી રીતે માણસોના ચહેરા ઉપર નજર ફેરવતો રહેતો. કૂતરો આખો દિવસ ગૂંછળિયાળી પૂંછડી ઘસડતો માલિકને પગલે પગલે રખડતો રહેતો. વ્લાસોવ દારૂ ઢીંચીને ઘેર પાછો ફરે અને વાળુ કરવા બેસે ત્યારે કૂતરાને પોતાની પ્લેટમાંથી જ ખવડાવતો.

તે કૂતરાને કદી ગાળો પણ ન ભાંડતો અને મારતો પણ નહિ. પરંતુ કદી હેતથી પંપાળતો પણ નહિ. વાળુ પતી જાય અને ટેબલ સાફ કરવામાં ઘરવાળીને વાર લાગે તો તે થાળીવાટકા જમીન પર ફગાવી દેતો. પછી વોદકાની બાટલી સામે મૂકીને ભીંતને ટેકે બેસતો, આંખો બંધ કરી દેતો, અને મોં પહોળું કરીને કોઈ સોગિયા ગીતના રાગડા તાણતો. કકળતા કઢંગા સૂર તેની મૂછમાં અટવાઈ જતા અને વાળમાં ચોંટેલા રોટીના કણને બહાર ધકેલી દેતા. મિકેનિક ગાતો ગાતો પોતાની જાડી આંગળીઓ દાઢીમૂછે ફેરવતો રહેતો. ગીતના શબ્દો સમજાતા નહિ અને જાણે ખેંચાતા લાગતા. રાગડા સાંભળતાં જાણે શિયાળાની રાતે વગડામાં વરુ ભેંકડા તાણતાં હોય એમ લાગતું. વોદકા ચાલે ત્યાં સુધી તે રાગડા તાણતો રહેતો. પછી કાં તો બાંકડા ઉપર ઢળી પડતો અથવા ટેબલ ઉપર માથું ટેકવીને સીટી વાગે ત્યાં સુધી ઊંઘતો રહેતો. કૂતરો પણ બાજુમાં જ પડયો રહેતો.

તેનું મોત આંતરડાંની ગાંઠને લીધે થયું. તે ફિક્કે ચહેરે આંખો બંધ કરીને દાંત કકડાવતો પાંચ દિવસ પથારીમાં તરફડતો રહ્યો. તે ક્યારેક ક્યારેક ઘરવાળીને કહેતો:

"મને થોડુંક ઝેર પાઈ દે..."

ડોક્ટરે દવા આપી અને કહ્યું કે મિખાઈલને ઓપરેશનની જરૂર છે અને તરત જ હૉસ્પિટલમાં ખસેડવો જોઈએ.

"દોજખમાં જા! મને તારી મદદ વગર મરતાં આવડે છે. સૂવર!" બોલતાં મિખાઈલને શ્વાસ ચડી ગયો.

ડોક્ટર ચાલ્યો ગયો. ઘરવાળીએ રોતાં રોતાં તેને ઓપરેશન કરાવી લેવાની આજીજી કરી. મિખાઈલે તેની સામે મુક્કો ઉગામીને કહ્યું:

"હું સાજો થઈ જાઉં તો તારી હાલત બદતર થઈ જવાની!"

સવારે સીટી વાગતી હતી એ ઘડીએ જ તેનો જીવ નીકળી ગયો. કફનમાં તેનું મોઢું ઉઘાડું હતું અને જાણે અણગમાનો ઘુરકાટ કરતો હોય એમ તેનાં ભવાં ખેંચાયેલાં હતાં. તેની ઘરવાળી, દીકરો, કૂતરો, કારખાનામાંથી કાઢી મૂકવામાં આવેલો જૂનો ચોર તથા દારૂડિયો દાનીલા વેસોવશ્ચિકોવ, અને થોડાક ભિખારીઓએ મળીને તેને દફનાવ્યો. તેની વહુએ સાવ ચુપચાપ થોડુંક રડી લીધું. પાવેલ મુદ્દલ ન રડયો.

જનાજો જોઈને માણસો ઊભા રહી જતા અને ખુદાને યાદ કરીને માંહોમાંહે વાત કરતા:

"આ મરી ગયો એટલે બિચારી પેલાગેયાને તો બેહદ ખુશી થઈ હશે."

"કૂતરા જેવો હતો ને કૂતરાને મોતે જ મર્યો."

દફનનું કામ પતી ગયું એટલે માણસો બધા ચાલ્યા ગયા, ફક્ત કૂતરો ત્યાં જ રોકાઈ ગયો. તાજી માટી ઉપર બેસીને તે મૂંગો મૂંગો કબરને સૂંઘવા લાગ્યો. થોડાક દિવસ પછી કોઈએ તેને મારી નાખ્યો...

૩

બાપના મોતને બે અઠવાડિયાં વીતી ગયાં ત્યાર પછીના રવિવારે પાવેલ વ્લાસોવ ઘેનમાં ચકચૂર થઈને ઘેર પહોંચ્યો. તે લથડિયાં ખાતો ઘરમાં દાખલ થયો અને ટેબલ પાસે બેસી ગયો. તેણે બાપની જેમ જ ટેબલ ઉપર મુક્કો માર્યો અને ઘાંટો પાડીને માને ફરમાન કર્યું:

"વાળુ!"

મા દીકરાની પાસે બેસી ગઈ અને તેણે હાથ દીકરાના ખભા ફરતો વીંટાળીને તેનું માથું છાતી સરસું ચાંપી દીધું. પણ દીકરાએ માને આઘી ખસેડી દીધી.

"રહેવા દે, મા, ઝટ વાળુ દે!"

"કેવો ભોળો દીકરો!" મા હાથ હઠાવતી બોલી. તેના અવાજમાં ગમગીની અને હેત છલકાતાં હતાં.

"અને હવે હું તમાકુની મઝાયે લેવાનો! બાપુની હોકલી લાવ," પાવેલ થોથરાતી જીભે બબડયો.

તે ઘેનમાં ચકચૂર પહેલી જ વાર થયો હતો. વોદકાથી તેની કાયા કમજોર બની ગઈ હતી પણ તેનું ભાન સાવ ખોવાઈ નહોતું ગયું. તેના માથામાં સવાલ ધમપછાડા કરી રહ્યો હતો: નશો? નશો?

માના હેતથી તેને બેચેની થઈ અને માની આંખોની વેદના જોઈને તેનું હૈયું ભરાઈ આવ્યું. તેને રડવાનું મન થયું પરંતુ ખરેખરા ઘેનથી વધારે ઘેનનો ઢોંગ કરીને તેણે આંસુ ખાળી રાખ્યાં.

માએ તેના ભીના વીખરાયેલા વાળ ઉપર હાથ ફેરવ્યો અને શાંત અવાજે કહ્યું:

"બેટા, આવું ન કર્યું હોત તો સારું હતું."

તેને ઊબકા આવવા લાગ્યા અને સખત ઊલટી થઈ ગઈ. પછી માએ તેને પથારીમાં સુવડાવીને તેના ફિક્કા કપાળ ઉપર ભીનો ટુવાલ મૂક્યો. એથી તેને થોડીક ટાઢક વળી, પણ તેને હજી ચક્કર આવતાં હતાં અને તેનાં ભારે પોપચાં

ઊઘડતાં નહોતાં. તેના મોંમાં ગંદો ખાટો સ્વાદ ભરાઈ ગયો હતો. તે માના મોટા ચહેરા ઉપર પાંપણો વાટે નજર માંડીને મનમાં વિચાર કરવા લાગ્યો:

"હજી નાનો ગણાઉં. બીજા બધા દારૂ પીએ છે પણ કંઈ થતું નથી, પણ મને ઊલટી થાય છે..."

તેને ક્યાંક દૂરથી માનો કોમળ અવાજ સંભળાયો:

"દારૂની લત લાગી જશે તો મારું પેટ કેવી રીતે ભરીશ, બેટા?"

"બધાય પીએ છે," તેણે જવાબ આપ્યો અને આંખો સખત બીડી દીધી.

માએ નિસાસો નાખ્યો. દીકરાની વાત ખરી હતી. તેને ખબર હતી કે સુખની એકાદ પળ માણી લેવાની જગ્યા ફક્ત એક જ છે—પીઠું.

"પણ તું પીતો નહિ. તારા બાપુએ તમારા બેઉના ભાગનો દારૂ પી લીધો છે. એના હાથે મેં શું ઓછાં દુ:ખ ભોગવ્યાં છે? મા ઉપર થોડીક દયા તું નહિ કરે?"

હળવા ગમગીન શબ્દો સાંભળતાં પાવેલને ખ્યાલ આવ્યો કે બાપુની જિંદગી દરમિયાન પોતે માની હયાતીને ભાગ્યે જ ક્યારેય ધ્યાનમાં લીધી હતી. મા સાવ મૂંગી અને મારની બીકે દબાયેલી રહેતી. પોતે પણ બાપને મળવાનું ટાળવા બને એટલો વખત બહાર જ રહેતો. એટલે પોતે માથી સાવ અળગો પડી ગયો હતો. તેનું ઘેન ધીરે ધીરે ઊતરી રહ્યું હતું. તે એકચિત્તે માને નીરખવા લાગ્યો.

માની ઊંચી કાયા જરાક વળી ગયેલી હતી. તેનું અંગ સખત મહેનત અને ધણીના મારથી ઘસાઈ ગયું હતું. જાણે કોઈ વસ્તુ જોડે ભટકાઈ જવાની બીક લાગતી હોય એમ તે શરીર સંકોડીને મુદ્દલ અવાજ વગર કામકાજ કરતી. મજૂર વસતિની મોટા ભાગની સ્ત્રીઓની આંખોની જેમ જ તેની ઘેરી આંખોમાં છલકાતી બીક અને વેદના જાણે તેના મોટા લંબગોળ ચહેરા ઉપર છવાઈ ગઈ હતી. તેનું કરચલીઓવાળું મોં જાણે સૂજી ગયેલું લાગતું હતું. તેના જમણા ભવા ઉપર ઊંડા જખમની નિશાની હતી. જખમને લીધે ભવું જરાક ઊંચું ચડી ગયું હતું અને જમણો કાન જાણે ડાબા કાનથી ઊંચો હોય એવો આભાસ થતો હતો. એથી તેના ચહેરા ઉપર જાણે કશી બેચેન સાવધાનીની લાગણી ફેલાયેલી હોય એમ લાગતું. તેના ભર્યા ભર્યા ઘેરા વાળમાં સફેદ લટો ચમકતી હતી અને અંગેઅંગમાંથી જાણે કોમળતા, ગમગીની, તથા તાબેદારી ટપકતી હતી...

તેના ગાલ ઉપર ધીરે ધીરે આંસુ વહી રહ્યાં હતાં.

"રડ નહિ, મા," દીકરો હળવેથી બોલ્યો. "તરસ લાગી છે..."

"હમણાં બરફનું પાણી લઈ આવું, બેટા," કહેતી મા ગઈ.

પણ તે પાણી લઈને આવી ત્યારે પાવેલને નીંદર આવી ગઈ હતી. તે દીકરાની ઉપર મીટ માંડીને થોડી વાર ઊભી રહી. તેના હાથમાં પ્યાલો કંપી રહ્યો હતો અને અંદર બરફ ધાતુ જોડે ભટકાઈ રહ્યો હતો. પછી પ્યાલો ટેબલ ઉપર મૂકીને તે હળવેથી દેવમૂર્તિઓ સામે ગોઠણિયે પડી ગઈ. ઘેનમાં ચકચૂર માણસોનો શોરબકોર બારી જોડે અફળાઈ રહ્યો હતો. શરદની રાતના ભીના અંધારામાં ક્યાંક વાજું રણકી ઊઠયું. કોઈ ઘોઘરા અવાજે ગાવા લાગ્યું. કોઈને મોઢેથી ગલીચ ગાળોનો ધોધ વછૂટયો. સ્ત્રીઓના બેચેની પેદા કરતા થાકેલા ખીજભર્યા અવાજ કાને પડયા.

વ્લાસોવ પરિવારના નાનકડા ઘરમાં જિંદગી અગાઉ કરતાં વધારે શાંત અને સ્વસ્થ અને બીજાં ઘરો કરતાં જરાક જુદી રીતે ગુજરવા લાગી. ઘર વસતિને છેડે બહુ ઊંચા નહિ પણ સીધા ચઢાણ ઉપર આવેલું હતું. રસોડું અને પાર્ટિશન વડે બનાવેલી નાની ઓરડી ત્રીજા ભાગની જગ્યા રોકી લેતાં હતાં. મા એ ઓરડીમાં સૂતી. બાકીની જગ્યા એક ચોરસ ઓરડાના રૂપમાં હતી. તેમાં બે બારીઓ હતી. એક ખૂણામાં પાવેલનો ખાટલો હતો. બીજા ખૂણામાં ટેબલ અને બે બાંકડા ગોઠવેલા હતા. બાકીના ફર્નિચરમાં બેચાર ખુરશી, નાનકડો અરીસો જડેલું ડ્રેસીંગ ટેબલ, કપડાંની પેટી, ભીંતે ઘડિયાળ, અને ખૂણામાં બે દેવમૂર્તિઓ—એટલું હતું.

પાવેલે કોઈ પણ જુવાન કરે એવું બધું કર્યું—તેણે વાજું, સરસ નવું ખમીસ, ચળકતી રંગીન નેકટાઈ, રબ્બરના બૂટ, છડી, વગેરે ખરીદી લીધું. એ રીતે તે પોતાની ઉંમરના બીજા જુવાનો જેવો જ બની ગયો. તે સાંજે મહેફિલોમાં જવા લાગ્યો, તેણે કડ્રિલ અને પોલકા નાચ શીખી લીધા, અને દર રવિવારે દારૂ ઢીંચીને ઘેરે પહોંચતો. પણ વોદકા પીવાથી તેને ઊલટી થતી. સોમવારે સવારે ઊઠે ત્યારે માથું દુખતું હોય, છાતીમાં બળતરા થતી હોય, ચહેરો ફિક્કો ને માંદલો હોય.

"રાતે મઝા પડેલી?" એક વાર માએ તેને પૂછ્યું.

"ભયંકર કંટાળો આવેલો," તેના અવાજમાં ચીડ અને અકળામણના ભાવ હતા. "હવેથી હું માછલાં પકડવા જવાનો, કે પછી બંદૂક ખરીદીને શિકાર જઈશ."

તે ખંતથી મહેનત કરતો, કારખાનામાં કદી ગેરહાજર ન રહેતો, હંમેશાં વખતસર પહોંચી જતો એટલે મોડો પડવાના દંડ તેને ક્યારેય નહોતા ભરવા પડતા. તે ઓછાબોલો જુવાન હતો અને માની આંખો જેવડી જ એની મોટી નીલી આંખોમાં સદા અસંતોષની લાગણી ભરેલી રહેતી. તેણે બંદૂક ન ખરીદી. તે માછલાં પકડવા પણ ન ગયો. પરંતુ થોડા વખતમાં સાફ વરતાઈ ગયું કે સૌની ચીલાચાલુ જિંદગીથી તે અળગો પડી રહ્યો હતો. તે હવે દોસ્તોની મહેફિલોમાં ઓછો જતો, અને રવિવારે ગાયબ થઈ જતો ખરો, પણ હંમેશાં પૂરો ભાનમાં પાછો ફરતો. માની ચપળ નજરે પારખી લીધું કે દીકરાનો ચહેરો સુકાતો જાય છે, તેની આંખો વધારે ગંભીર બની રહી છે, અને તેના સખત બિડાતા હોઠની રેખા કડક બની રહી છે. કાં તો તેના દિલને કશોક ડંખ કોરી ખાતો હશે અથવા તેને કોઈ રોગ વળગી ગયો હશે. અગાઉ તેના દોસ્તો ઘણી વાર તેને મળવા આવતા. પણ તે ભાગ્યે જ ઘેર મળતો, એટલે દોસ્તોએ ધીરે ધીરે આવવાનું બંધ કરી દીધું. માને ખુશી થતી કે મારો દીકરો કારખાનાના બીજા જુવાનો જેવો નથી, પરંતુ સામાન્ય જિંદગીના ઘેરા વહેણથી જુદા માર્ગે જવાની દીકરાની મક્કમ કોશિશો જોઈને તેના મનમાં અગમ્ય ફિકરો સળવળતી રહેતી.

"પાશા, તારી તબિયત તો ઠીક છે ને?" મા ક્યારેક દીકરાને પૂછતી.

"એકદમ સરસ," જવાબ મળતો.

"તું કેટલો દૂબળો પડી ગયો છે!" તે નિસાસો નાખીને કહેતી.

તેણે પુસ્તકો ઘેર લાવવાનું શરૂ કરી દીધું. તે ચુપચાપ વાંચવામાં એકાગ્ર થઈ જતો, અને વાંચી લીધા પછી પુસ્તકો સંતાડી દેતો. ક્યારેક તે એકાદ ફકરાની નકલ ઉતારી લેતો અને પછી નકલનો કાગળ છુપાવી દેતો.

માદીકરો એકબીજાને બહુ ઓછું મળતાં, અને તેમની વચ્ચે વાતચીત લગભગ કદી ન થતી. પાવેલ સવારે મૂંગો મૂંગો ચા પીને તરત જ કામે ચાલ્યો જતો. બપોરે જમવા આવતો ત્યારે જમતાં જમતાં તદ્દન સાધારણ વાતો થતી. જમવાનું પતી જાય એટલે તે પાછો નીકળી જતો અને સાંજે ઘેર આવતો. સાંજે હાથમોં ધોઈને વાળુ કરી લેતો અને પછી ચોપડી લઈને બેસી જતો. તે રવિવારે સવારમાં બહાર ચાલ્યો જતો અને છેક મોડી રાતે પાછો આવતો. માને ખબર હતી કે દીકરો શહેરમાં જાય છે, ત્યાં ક્યારેક નાટક પણ જુએ છે, પરંતુ શહેરમાંથી કોઈ તેને મળવા કદી ન આવતું. તેના ધ્યાનમાં આવી ગયું કે વખત વીતતો જાય છે તેમ તેમ દીકરાનું વાત કરવાનું ઓછું થતું જાય છે,

તેની વાતોમાં ક્યારેક પોતાને ન સમજાય એવા નવા શબ્દો સાંભળવા મળે છે, અને અગાઉના તોછડા વરવા શબ્દો ઓછા થતા જાય છે. તેના વર્તનની ઘણી વિગતો પણ માના ધ્યાનમાં આવી — તેણે વરણાગિયાં કપડાં પહેરવાનું બંધ કરી દીધું હતું અને હવે તે શરીર તથા કપડાં કાળજીથી સાફ રાખતો હતો. તેનું આચરણ સરળ બની રહ્યું હતું. તેના વર્તનમાં અતડાપણું ઓછું થઈ રહ્યું હતું અને સાદાઈ વધી રહી હતી. એવા અગમ્ય ફેરફારોથી માને ફિકર થતી હતી. મા જોડેના તેના વર્તનમાં પણ ફેર પડી ગયો હતો — તે ક્યારેક ભોંયપટ સાફ કરી દેતો, રવિવારે પોતાની પથારી ખુદ બિછાવી લેતો, અને માને કામમાં મદદ કરવાની પૂરી કોશિશ કરતો. મજૂર વસતિમાં કોઈ પુરુષ એમ કદી ન કરતો.

એક દિવસ તેણે એક તસવીર લાવીને ભીંતે ટાંગી દીધી. તેમાં ત્રણ માણસો રસ્તે ચાલતા વાતચીતમાં મશગૂલ નજરે પડતા હતા.

"સજીવન થયેલા ઈસુ ખ્રિસ્ત એમ્માઉસ જઈ રહ્યા છે," પાવેલે ખુલાસો કર્યો.

માને ખુશી થઈ પણ તેના મનમાં સવાલ ઊઠયો: "ખ્રિસ્તમાં આટલું માને છે તો દેવળે કેમ નહિ જતો હોય?"

પાવેલના એક સુથાર દોસ્તે બનાવી આપેલા સરસ ઘોડામાં પુસ્તકોની સંખ્યા વધવા લાગી. ઓરડો મઝાનો દેખાવા લાગ્યો.

પાવેલ સામાન્ય રીતે માને "મા" કહીને જ બોલાવતો, પણ ક્યારેક હેતથી મમ્મી કહેતો:

"ફિકર કરતી નહિ, મમ્મી, હું રાતે મોડો પાછો આવીશ."

માને એ ગમતું. તેને દીકરાનાં વેણમાં પ્રબળ અને ગંભીર કશુંક સમાયેલું હોય એમ લાગતું.

પરંતુ તેની ચિંતાઓ વધતી ગઈ. કારણ તેને હજી નહોતું સમજાતું, પરંતુ કશુંક અસાધારણ તેના દિલને વધારે ને વધારે બેચેન બનાવી રહ્યું હતું. દીકરાના સંબંધમાં ક્યારેક તેના મનમાં નાખુશી પણ પેદા થઈ જતી અને તેના મનમાં ખ્યાલ ઊભરાતા: "બીજા સૌના જેવું વર્તન કેમ નહિ કરતો હોય? સાધુ જેવો થઈ ગયો છે. એકદમ ગંભીર. આ બધું એની ઉંમર જોડે મેળ નથી ખાતું."

ક્યારેક તેને થતું: "કદાચ કોઈ છોકરીનો સંગ લાગ્યો હશે."

પણ છોકરીના સંગમાં તો પૈસા ખર્ચવા પડે, અને પાવેલ તો લગભગ આખો પગાર માના હાથમાં મૂકી દેતો.

એવી રીતે દિવસો ને મહિના વીતતા ગયા અને બે વરસ થઈ ગયાં — અસ્પષ્ટ ખ્યાલો અને વધતી જતી આશંકાઓથી ભરેલી અજબ ને અબોલ જિંદગીનાં બે વરસ વીતી ગયાં.

૪

એક દિવસે પાવેલે વાળુ પછી બારી આડો પડદો ખેંચીને ફાનસ ખીંટીએ ટાંગ્યું અને ખૂણામાં બેસીને વાંચવાનું શરૂ કર્યું. મા રસોડાનું કામ પતાવીને દીકરા પાસે ગઈ. પાવેલે માથું ઊંચું કરીને સવાલભરી નજરે મા સામે જોયું.

"કંઈ નહિ, પાશા," માના હોઠ ફફડયા અને તે ઉતાવળી પાછી રસોડામાં ચાલી ગઈ. બેચેનીમાં તેનાં ભવાં ફરકી રહ્યાં હતાં. મનના ખ્યાલો જોડે થોડીક ખેંચતાણ પછી તે હાથ ધોઈને વળી દીકરા પાસે પહોંચી ગઈ.

એક વાત પૂછું, બેટા? હરવખત શું વાંચતો રહે છે," તેણે ધીમા અવાજે પૂછ્યું.

પાવેલે ચોપડી બંધ કરી દીધી.

"બેસ, મમ્મી..."

મા ધબ કરતી દીકરા પાસે બેસી ગઈ, પણ તરત જ સ્વસ્થ થઈને કશુંક ખૂબ અગત્યનું સાંભળવા તૈયાર થઈ ગઈ.

પાવેલ માની સામે જોયા વગર હળવા અવાજે બોલવા લાગ્યો. જાણે કોઈ કારણસર તેનો અવાજ કડક થઈ ગયો હતો.

"આ ચોપડીઓ ઉપર બંધી લગાવી દેવામાં આવી છે. બંધીનું કારણ એ છે કે તેમાં કામગાર ઈન્સાનો અંગે ખરી હકીકત લખેલી છે... તેને છાની જગ્યામાં ચોરીછૂપીથી છાપવામાં આવે છે. આ ચોપડીઓ મારી પાસે મળી આવે તો મને જેલ ભેગો કરી દેવામાં આવે — હું ખરી હકીકત જાણવા માગું છું એટલે મને જેલમાં ગોંધી દેવામાં આવે, સમજી?"

અચાનક માનો શ્વાસ રુંધાવા લાગ્યો. તેણે આંખો ઉઘાડીને દીકરા સામે જોયું, પણ તે તો જાણે સાવ અજાણ્યો લાગ્યો. તેનો અવાજ પણ બદલાઈ ગયો હતો — વધારે ઊંડો, વધારે જોમદાર, વધારે રણકતો બની ગયો હતો. પાવેલ પોતાની મુલાયમ મૂછ પર આંગળીઓ ફેરવી રહ્યો હતો અને ઢળેલાં ભવાં નીચેથી વિલક્ષણ નજરે ખૂણામાં તાકી રહ્યો હતો. માનું દિલ દીકરા અંગે બીક અને ફિકરની લાગણીથી ભરાઈ ગયું.

"એમ કેમ કરે છે, પાશા?" તેણે પૂછયું.

"કેમ કે મારે ખરી હકીકત જાણવી છે," પાવેલે શાંત અને સ્વસ્થ ભાવે જવાબ આપ્યો.

તેનો અવાજ હળવો પણ મક્કમ હતો, અને તેની આંખોમાં દૃઢતાનો ચળકાટ હતો. માને લાગ્યું કે દીકરાએ આખી જિંદગી કશુંક છૂપું અને ખોફનાક કામ કરવાનો નિર્ધાર કરી લીધો છે. જે કંઈ બને તેને અનિવાર્ય ગણીને સ્વીકારી લેવા તથા મૂંગે મોંએ તાબે થઈ જવા ટેવાયેલી મા બિચારી ચુપચાપ રડી પડી, દુઃખ અને વેદનાના ભારથી જાણે કચડાઈ ગઈ. તે કશું જ ન બોલી શકી.

"રડ નહિ," પાવેલ હળવા અવાજે હેતથી બોલ્યો. માને લાગ્યું કે દીકરો જાણે અલવિદા કહી રહ્યો છે. "જરાક આપણી જિંદગીનો વિચાર કર! તને ચાળીસ વરસ થઈ ગયાં છે, પણ તેં કદી જિંદગી ખરેખર માણી છે ખરી? બાપુ તને મારતા—હવે મને સમજાય છે કે તે જિંદગીની પરેશાનીઓ અને કડવાશ તારી ઉપર ઉતારતા. કશુંક તેમને ભીંસી રહ્યું હતું, પરંતુ તેમને ખબર જ નહોતી કે એ શું છે. તેમણે ત્રીસ ત્રીસ વરસ સુધી અહીંયાં ગુલામી કરેલી—કામે લાગ્યા ત્યારે કારખાનામાં બે વિભાગ હતા, હવે સાત છે."

મા ઉત્સુકતાથી સાંભળતી રહી, પણ તેના હૈયામાં બીક પેસી ગઈ હતી. દીકરાની આંખોમાં મનહર તેજસ્વી જ્યોતિ જલી રહી હતી. તેણે ટેબલ ઉપર છાતી ટેકવી અને આંસુથી ખરડાયેલા માના ચહેરા તરફ નમીને સચ્ચાઈ વિશે પોતાની જિંદગીની પહેલી તકરીર કરી. તેની વાણીમાં જુવાનીનું જોમ હતું, અને પોતાના જ્ઞાનનું અભિમાન અને તેમાં ઊંડી નિષ્ઠા ધરાવતા વિદ્યાર્થીના જેવો ઉત્સાહ છલકાઈ રહ્યો હતો. તે પોતાને સાફ સમજાતી બધી બાબતો વિશે બોલ્યો. તેની નેમ ખરેખર તો પોતાની કસોટી કરવાની હતી. માને ખાતરી કરાવવાનો આશય તેમાં ઓછો હતો. શબ્દો ખૂટી પડતાં તેની વાણીનો પ્રવાહ અટકી ગયો ત્યારે જ તેને ભાન થયું કે સામે માના ચહેરા ઉપર વેદના છવાઈ ગઈ છે, અને અંજાઈ ગયેલી બે માયાળુ આંખો છલકાતાં આંસુની આરપાર વિસ્મયભરી નજરે તેને તાકી રહી છે. તેના મનમાં મા અંગે દિલગીરીની લાગણી પેદા થઈ. તે ફરી બોલ્યો ત્યારે મા અને માની જિંદગી વિશે વાતો શરૂ કરી.

"કોઈ ખુશી તેં કદી જોઈ છે? તારા મનમાં સુખની કોઈ યાદ છે ખરી?" તેણે પૂછયું.

માએ ગમગીન ભાવે માથું ધુણાવ્યું. તેના દિલમાં ખુશી તેમ જ દર્દની કોઈ અજબ નવી લાગણી ભરાઈ ગઈ. એથી તેના દુખતા હૈયાને જાણે ટાઢક

વળી. અગાઉ તેની જિંદગી વિશે કોઈએ કદી વાત નહોતી કરી. એ શબ્દોએ તેના મનમાં લાંબા કાળથી ભુલાઈ ગયેલા વિચારો ફરી જગાવ્યા. જિંદગીના અસંતોષની વિલાતી લાગણી ફરી સળવળી ઊઠી. અતીતમાં સમાઈ ગયેલા વિચારો અને લાગણીઓ ફરી ખળભળી ઊઠયાં. તેણે જુવાનીના દિવસોમાં ઓળખીતી છોકરીઓ જોડે જિંદગીની વાતો કરી હતી. તેણે વાતો ખૂબ કરી હતી પરંતુ પોતે તેમ જ બધી સાહેલીઓએ જિંદગીની કઠણાઈનો ખુલાસો ગોતવાને બદલે માત્ર ફરિયાદો જ કરી હતી. પરંતુ આજે સામે બેઠેલા દીકરાની આંખોમાં, ચહેરામાં, તથા શબ્દોમાં સમાયેલા સમગ્ર ભાવ તેના હૈયાને સ્પર્શી રહ્યા હતા, તેના દિલમાં સંતાન બદલ ગર્વની લાગણી છલકાવી રહ્યા હતા. દીકરો માની જિંદગીને બરાબર સમજતો હતો, તેની હાડમારીઓની વાતો કરતો હતો, દીકરાને માની દયા આવી રહી હતી.

કોઈને માની દયા કદી ન આવે.

તેને એ વાતની ખબર હતી. સ્ત્રીઓની જિંદગી વિશે દીકરાએ જે કંઈ કહ્યું તે બધું કડવું ને જાણીતું સત્ય હતું. એથી જાગેલી મિશ્રિત લાગણીઓની અણધારી મૃદુતાથી તેનું હૈયું ભરાઈ આવ્યું.

"અને તું શું કરવાનો છે?" તે વચ્ચે જ બોલી ઊઠી.

"પહેલાં અભ્યાસ કરીશ અને પછી બીજાને શીખવીશ. અમારે કામદારોએ અભ્યાસ કરવો જ જોઈએ, અમારે જાણી લેવું જોઈએ અને સમજી લેવું જોઈએ કે અમારી જિંદગી આટલી આકરી કેમ છે."

તેને ખુશી થઈ કે દીકરાની હંમેશાં કડક અને ગંભીર રહેતી નીલી આંખોમાં મૃદુ અને હેતાળ પ્રકાશ ઝગમગી રહ્યો હતો. તેના ગાલની કરચલીઓમાં આંસુનાં ટીપાં હજુ ટમટમી રહ્યાં હતાં, પરંતુ તોયે તેના હોઠ ઉપર ખુશીનો શાંત મલકાટ ઝબકી ગયો. તેના દિલમાં બે જાતની લાગણીઓ પરસ્પર અફળાઈ રહી હતી. જિંદગીની કટુતાને આટલી સાફ જોઈ શકનારા દીકરા બદલ તેના મનમાં ગર્વ છલકાતો હતો. પરંતુ સાથે સાથે તેને થતું હતું કે દીકરો હજી નાનો છે, બીજા કોઈની સાવ નિરાળી વાતો કરે છે, અને પોતે તેમ જ બીજા સૌએ સ્વીકારી લીધેલી જિંદગીની સામે એકલે હાથે લડત ચલાવવા તૈયાર થઈ ગયો છે. તેને કહેવાનું મન થયું: "પણ બેટા, તું સાવ એકલો શું કરી શકવાનો?"

પરંતુ તેને બીક લાગી — અચાનક આટલા સુજાણ દેખાઈ આવેલા અને પોતાને બરાબર ન સમજાતા દીકરા પ્રત્યેનો આદર એથી કદાચ થોડોક ઓછો થઈ જાય તો?

માના હોઠ પર ઝબકી ગયેલો મલકાટ, તેના ચહેરા ઉપર છવાયેલી તલ્લીનતા, અને તેની આંખોમાં છલકાતો પ્યાર પાવેલે જોયો. તેને લાગ્યું કે પોતે જેની હિમાયત કરતો હતો એ સચ્ચાઈ માને સમજાવવામાં પોતે સફળ થયો છે. પોતાના શબ્દોના જોમ બદલ તારુણ્યસભર ગર્વની લાગણીથી તેની આત્મનિષ્ઠા દૃઢ બની. તે ઘડીક ઉત્તેજિત થઈને, ઘડીક હોઠ મલકાવતો, અને ઘડીક ભવાં સંકોડીને બોલતો રહ્યો. તેના શબ્દોમાં ક્યારેક ધિક્કાર રણકી ઊઠતો. આકરા અને રણકતા શબ્દો સાંભળીને મા માથું હલાવતી અને બીકના ભાવે હળવે અવાજે દીકરાને પૂછતી:

"ખરી વાત, પાશા?"

અને દીકરો મક્કમ અવાજે જવાબ દેતો: "હા, ખરી વાત." પછી તે એવા માણસોની વાત કરતો કે જેઓ લોકોની જિંદગી બહેતર બનાવવા માટે સચ્ચાઈ ફેલાવી રહ્યા હતા. જિંદગીના દુશ્મનો એવા માણસોને જનાવરોની જેમ પકડી લેતા, જેલમાં ધકેલી દેતા, અને જનમટીપની સજા કરતા...

"મેં એવા માણસો જોયા છે, તેઓ જગતના બહેતરીન ઇન્સાનો છે!" તે ભાવાવેશમાં જોરથી કહેતો.

એવા માણસોના ખ્યાલથી માનું દિલ ધાક ખાઈ જતું. તેના મનમાં ફરી સવાલ ઘોળાવા લાગતો કે આ બધી વાતો શું ખરેખર સાચી હશે, પણ પૂછવાની હિંમત ન પડતી. પોતાને ન સમજાતા પરંતુ દીકરાને આવી જોખમી બાબતો વિશે વિચારવા અને બોલવાનું શીખવતા માણસોની વાતો તે તલ્લીન થઈને સાંભળતી રહી. આખરે તેણે કહ્યું:

"સવાર પડવા આવ્યું છે. હવે જઈને થોડીક વાર સૂઈ લે."

"હમણાં જાઉં છું," દીકરાએ કહ્યું. પછી માની તરફ નમીને તેણે પૂછ્યું: "પણ મારી વાત તને સમજાઈ?"

"હા," માએ નિસાસો નાખતાં કહ્યું. પછી તેની આંખોમાંથી વળી આંસુ વહેવા લાગ્યાં, અને તે અચાનક બોલી ઊઠી: "તારી જિંદગી બરબાદ થઈ જશે!"

પાવેલ ઊભો થઈને ઓરડાને બીજે ખૂણે ગયો અને બોલ્યો:

"હવે તને ખબર છે કે હું શું કરું છું અને ક્યાં જાઉં છું. મેં તને બધી વાત કહી દીધી છે. હું તને આજીજી કરું છું કે હું તને જરાય વહાલો હોઉં તો મારા માર્ગમાં આડી ન આવતી, મમ્મી..."

"અરે મારા પારેવડા!" મા બોલી ઊઠી. "કદાચ... તેં મને વાત જ ન કરી હોત તો સારું હતું."

પાવેલે માનો હાથ પોતાના હાથમાં લઈને જોરથી દબાવ્યો.

"મમ્મી" શબ્દના રણકારમાં છલકાતા હેતથી અને દીકરાએ પહેલી વાર દબાવેલા હાથની અજબ ઘટનાથી માના દિલમાં લાગણીના ઓઘ ઊછળવા લાગ્યા.

તેણે ધ્રૂજતા અવાજે કહ્યું: "આડી નહિ આવું, બેટા! પણ તું સાવચેત રહેજે, બહુ જ સાવચેત રહેજે!"

દીકરાની ઉપર ઝૂમી રહેલા જોખમનો તેને ફક્ત આછો જ ખ્યાલ હતો. તેણે ગમગીન ભાવે ઉમેર્યું:

"તું દિવસે દિવસે દૂબળો પડતો જાય છે..."

દીકરાની જોરાવર ઊંચી કાયા ઉપર હેતભરી નજર ફેરવીને તે વળી ધીમા અવાજે ઝડપથી બોલી:

"પરમાત્મા તારું ભલું કરે! તને ઠીક લાગે એમ કર. હું તારા માર્ગમાં આડી નહિ આવું. હું તો ફક્ત એક જ વાત કહું છું—કોની જોડે વાત કરે છે તેનો બરાબર ખ્યાલ રાખજે. મનમાં લોકોની બીક રાખજે. સૌ એકબીજાને ધિક્કારે છે. તેઓ લાલચના ગુલામ છે, અદેખા છે, અને એકબીજાને દુ:ખી કરીને ખુશ થાય છે. તું આંગળી ચીંધીને તેમને કસૂરવાર ગણાવીશ તો તેઓ તને ધિક્કારશે અને ખતમ કરી નાખશે."

દીકરો બારણે ઊભો રહીને તેના વેદનાભર્યા શબ્દો સાંભળતો રહ્યો. માની વાત પૂરી થઈ એટલે તે હોઠ મલકાવીને બોલ્યો:

"તારી વાત ખરી છે—લોકો નઠારા છે. પણ મને ખબર પડી કે દુનિયામાં સચ્ચાઈ જેવું કંઈક છે ત્યારે લોકો બહેતર લાગ્યા..."

ફરી હોઠ મલકાવીને તે આગળ બોલ્યો:

"ખબર નથી શા કારણે, પણ હું નાનો હતો ત્યારે મને સૌની બીક લાગતી, પછી મોટો થયો ત્યારે હું સૌને ધિક્કારતો—કેટલાકને તેમની પાશવતાને લીધે, અને બાકીનાને... ખબર નથી શા કારણે, બસ એમ જ. પણ હવે બધું ન્યારું લાગે છે. તેનું કારણ કદાચ એ હશે કે મને લોકોની બાબતમાં દિલગીરી થાય છે. જ્યારે મને સમજાયું કે તેઓ જનાવરો બની જાય છે તેમાં વાંક હંમેશાં માત્ર તેમનો જ નથી હોતો ત્યારે મારું દિલ મુલાયમ બની ગયું..."

તે જાણે દિલમાંથી અવાજ સાંભળતો હોય એમ બોલતો અટકી ગયો, અને પછી વિચારમાં ડૂબી જઈને સ્વસ્થ અવાજે ફરી બોલ્યો:

"સચ્ચાઈની અસર એવી હોય છે!"

"હે પરમાત્મા! બેટા, તારામાં જોખમી પલટો થઈ ગયો છે," માએ દીકરાની ઉપર નજર નાખતાં હોઠ ફફડાવ્યા.

દીકરાને નીંદર આવી ગઈ ત્યારે તે હળવેથી ઊઠીને તેના ખાટલા પાસે ગઈ. પાવેલ ચત્તો સૂતો હતો. સફેદ તકિયા ઉપર તેના ઘેરા ચહેરાની કડક અને મક્કમ રેખાઓ સાફ દેખાઈ આવતી હતી. મા રાતનાં કપડાંમાં ઉઘાડે પગે ત્યાં ઊભી રહી, તેના હાથ છાતીએ દાબેલા હતા, તેના હોઠ અવાજ વગર હલી રહ્યા હતા, મોટાં મોટાં આંસુ તેના ગાલ ઉપર ટપકી રહ્યાં હતાં.

વળી પાછી તેમની અબોલ જિંદગી ધીરે ધીરે ગુજરવા લાગી. તેઓ એકબીજાથી દૂર છતાં નિકટ હતાં.

૫

એક વાર અઠવાડિયા દરમિયાન તહેવારના દિવસે પાવેલે બહાર જતી વેળા માને કહ્યું:

"શનિવારે શહેરથી થોડાક માણસો મને મળવા આવશે."

"શહેરથી?" મા બોલી, અને એકાએક રડવા જેવી થઈ ગઈ.

"શું થયું, મા?" પાવેલ અકળાઈને બોલી ઊઠ્યો.

માએ છેડા વડે આંખો લૂછી અને નિસાસો નાખીને કહ્યું:

"કંઈ નહિ... ખાસ કંઈ નહિ..."

"બીક લાગે છે?"

"હા," માએ કબૂલ કરી લીધું.

પાવેલ માની તરફ વળીને બાપની જેમ તોછડાઈથી બોલ્યો:

"બીક જ આપણને સૌને બરબાદ કરી નાખે છે. અને માલિક બની બેઠેલા લોકો આપણી બીકનો ફાયદો ઉઠાવીને જ આપણી ઉપર જોહુકમી ચલાવે છે."

મા દુ:ખી થઈને રડમસ અવાજે બોલી:

"ગુસ્સે ન થા. મને બીક ન લાગે તો બીજું શું થાય? મારી આખી જિંદગી બીકમાં ને બીકમાં જ વીતી છે. મારું કાળજું બીકે કોરી ખાધું છે!"

"માફ કરી દે, પણ બીજો ઉપાય નથી," પાવેલે હળવા મૃદુ અવાજે કહ્યું.

અને તે ચાલ્યો ગયો.

મા ત્રણ દિવસ સુધી બીકથી થરથરતી રહી. જ્યારે જ્યારે તેને યાદ આવતું કે અજાણ્યા ભયંકર માણસો પોતાને ઘેર આવવાના છે ત્યારે તે ચોંકી ઊઠતી. દીકરાએ લીધેલો માર્ગ એ લોકોએ જ તેને બતાવ્યો હતો...

શનિવારે સાંજે પાવેલ કારખાનેથી પાછો આવ્યો અને હાથમોં ધોઈને તથા કપડાં બદલાવીને પાછો બહાર ચાલ્યો ગયો.

જતાં જતાં તેણે માની સામે જોયા વગર કહ્યું: "કોઈ આવે તો કહેજે કે હું હમણાં પાછો આવું છું. અને હવે બીક મૂકી દે..."

મા કમજોરીથી બાંકડા ઉપર બેસી પડી. પાવેલે તેની ઉપર ખીજભરી નજર નાખી.

"તને ઠીક લાગે તો તું ક્યાંક બહાર જઈ આવ."

તેને માઠું લાગ્યું.

"ના. બહાર શું કરવા જાઉં?"

નવેંબર પૂરો થવા આવ્યો હતો. ઠરી ગયેલી જમીન ઉપર દિવસ દરમિયાન મઝાની સૂકી હિમવર્ષા થઈ હતી. દીકરાના પગ નીચે કચડાતા હિમનો અવાજ તેણે સાંભળ્યો. ખારીલું અંધારું બારીના કાચને વળગીને જાણે ટાંપીને પડ્યું હતું. બાંકડાને બે હાથે પકડીને તે ત્યાં ને ત્યાં બેઠી રહી. તેની નજર બારણા ઉપર જડાઈ ગઈ હતી...

તેને લાગ્યું કે વિચિત્ર લેબાસ પહેરેલા નઠારા માણસો અંધારામાં સરકી રહ્યા છે, કોઈ ઘર ફરતું આંટાફેરા કરી રહ્યું છે અને દીવાલોનો ક્યાસ કાઢી રહ્યું છે.

સીટી વડે બજાવવામાં આવતી કોઈ ધૂનનો અવાજ તેને કાને પડ્યો. મીઠો ગમગીન સૂર જાણે કશુંક ગોતતો હોય એમ અંધકાર તથા નીરવતાને હળવે હળવે ચીરતો વધારે ને વધારે નજીક આવી રહ્યો હતો. અચાનક તે બારી પાસે જ અટકી ગયો, જાણે કેમ દીવાલના લાકડામાં ભરાઈ ગયો હોય.

આંગણમાં પગલાંનો અવાજ થયો. મા ચોંકીને ઊભી થઈ ગઈ. તેનાં ભવાં ઉપર ચડી ગયાં.

બારણું ખૂલ્યું. પહેલાં મોટી ઝીંથરિયા ટોપીથી ઢંકાયેલું માથું દેખાયું, પછી લાંબી કાયા વળીને નીચા બારણા વાટે દાખલ થઈ અને સીધી થઈ ગઈ. જમણો હાથ દુવાસલામ કરતો હોય એમ ઊંચો થયો, ઘોંઘાટિયો નિસાસો કાને પડ્યો, પછી ઊંડો ઘોઘરો અવાજ સંભળાયો:

"કેમ છો!"

માએ જવાબ દીધા વગર માથું નમાવ્યું.

"પાવેલ નથી?"

અજાણ્યા માણસે ધીરે ધીરે ફરનો કોટ ઉતાર્યો, પહેલાં એક પગ ઊંચો કરીને અને પછી બીજો પગ ઊંચો કરીને ટોપી વડે બૂટ પરથી હિમ ખંખેરી નાખ્યું, અને ટોપી ખૂણામાં ફગાવી દીધી. પછી તે ધીમી ચાલે ઓરડો પાર કરતો નજીક આવ્યો. તેણે ખુરશીઓ તપાસીને જાણે ખાતરી કરી લીધી કે બેસવામાં સલામતી છે, અને બેઠક જમાવીને બગાસું ખાતાં ખાતાં મોં હાથ વડે ઢાંકી દીધું. તેના ઘાટીલા માથામાં ટૂંકા વાળ હતા. દાઢી કરેલા તેના ચહેરામાં બેઉ છેડે ઢળતી મૂછ હતી. મોટી મોટી ઊપસેલી રાખોડી આંખો વડે તેણે ઓરડો ધ્યાનથી જોયો.

"આ ઝૂંપડું તમારું જ છે કે ભાડે રાખેલું છે?" તેણે પગ પર પગ ચડાવીને ખુરશી આગળ પાછળ ડોલાવતાં પૂછ્યું.

"ભાડાનું ઘર છે," સામે બેઠેલી માએ જવાબ દીધો.

"જગ્યામાં ખાસ કંઈ દમ નથી," અજાણ્યો માણસ બોલ્યો.

"પાશા હમણાં આવશે, થોડીક વાટ જુઓ."

"હા, વાટ જ જોઈ રહ્યો છું," કદાવર માણસે શાંત ભાવે જવાબ આપ્યો.

તેની સ્વસ્થતા અને સાદો ચહેરો જોઈને તેમ જ તેનો મૃદુ અવાજ સાંભળીને માને નિરાંત થઈ. તેના દેખાવમાં નિખાલસતા અને દોસ્તી વરતાતી હતી, અને તેની નિર્મળ આંખોનાં ઊંડાણમાં રહસ્યના તણખા ફૂટી રહ્યા હતા. તેના લાંબા પગ અને પાતળી ઢળતી કાયામાં મનને વશ કરી લે એવું કશુંક હતું. તેણે નીલું ખમીસ અને પહોળું કાળું પાટલૂન પહેર્યાં હતાં. પાટલૂનનાં પાયચાં ઊંચા બૂટમાં ખોસેલાં હતાં. માને પૂછવાનું મન થયું કે તમે કોણ છો, ક્યાંથી આવો છો, અને મારા દીકરાને ક્યારથી ઓળખો છો. પણ એ માણસ જ અચાનક આગળ નમ્યો અને પહેલાં તેણે જ પૂછી લીધું:

"તમને કપાળે આવો સખત ફટકો કોણે મારેલો, નેનકો*?"

તેના અવાજમાં નમ્રતા હતી અને તેની આંખો હસી રહી હતી, પણ એવા સવાલથી માને માઠું લાગ્યું.

---

*નેનકો—ઉક્રાઈનામાં "મા" અર્થનો હેતભર્યો શબ્દ.

"એ બાબત જોડે તમારે કશો જ સંબંધ નથી, ભાઈ," માએ હોઠ બીડીને ભાવશૂન્ય વિનયથી જવાબ આપ્યો.

"ગુસ્સે ન થાઓ," તેણે આખું શરીર માની તરફ નમાવીને કહ્યું. "મેં તો એટલા માટે પૂછેલું કે મને ખોળે લઈને મોટો કરનારી મારી માના કપાળે પણ એવા જ જખમની નિશાની હતી. એને એના આદમીએ જ ફટકો મારેલો. મોચી હતો. કાલબૂત ઝીંકી દીધેલું. એ ધોબણ હતી અને આદમી મોચી હતો. એણે ક્યાંકથી પકડીને ભેગો રાખી લીધેલો. પછી બહુ પસ્તાયેલી. રીઢો દારૂડિયો હતો. એણે મને ખોળે લીધો ત્યાર પછીની વાત છે. એવો મારતો કે બસ! હું તો ધાક ખાઈ જતો!"

તેની નિખાલસતા જોઈને માની ખીજ ઓસરી ગઈ. તેને બીક લાગી કે પોતે આપેલા આકરા જવાબને લીધે પાવેલ કદાચ ગુસ્સે થઈ જાય. તેણે દોષના ભાવે મોં પર મલકાટ આણતાં કહ્યું:

"હું ખરેખર ગુસ્સે નહોતી થઈ, પણ તમે સવાલ સાવ અણધાર્યો કરેલો. મને પણ મારા ધણીએ જ જખમ કરેલો, એના જીવનું ભલું થાય! તમે તાતાર છો?"

તેણે આંચકો મારીને પગ સીધા કરી લીધા, અને તેનું મોં હસું હસું થઈ રહ્યું. તેના આખા ચહેરા ઉપર મલકાટ એવો ફેલાઈ ગયો કે કાન પણ હલી ગયા. પછી તેણે ગંભીર બની જઈને કહ્યું:

"કેમ?"

"તમારી બોલવાની ઢબ રૂસી નથી લાગતી," માએ હસતાં હસતાં ખુલાસો કર્યો.

"રૂસીથી બહેતર છે," મહેમાને આનંદી ભાવે કહ્યું. "હું તો કાનેવનો ખખોલો* છું."

"અહીંયાં ક્યારથી રહો છો?"

"શહેરમાં એક વરસ રહ્યો. હવે લગભગ એક મહિનાથી કારખાનામાં છું. અહીંયાં કેટલાક માણસો બહુ સરસ છે. તમારો દીકરો અને બીજા થોડાક. એટલે લાગે છે કે હવે અહીંયાં જ રહી જઈશ," તેણે મૂછે હાથ ફેરવતાં કહ્યું.

---

* રૂસીઓ ઉક્રાઈનીઓને ચીડવવા તેમને ખોખોલ કહેતા.

માને માણસ ગમી ગયો. પોતાના દીકરા વિશે તેણે કહેલા માયાળુ શબ્દોનો કશોક બદલો વાળવાની ઇચ્છા તેના મનમાં જાગી.

"ચા પીશો ને?" માએ પૂછ્યું.

"એકલો?" તેણે ખભા ઉલાળ્યા. "થોડી વાર વાટ જોઈએ. બધા આવી જાય એટલે તમે સૌને પિવડાવજો."

તેના શબ્દો સાંભળીને માની બીક તાજી થઈ. તેને થયું: "બીજા પણ આના જેવા જ હોય તો કેવું સારું!"

વળી બહારથી પગલાં સંભળાયાં. બારણું ધડાક ખૂલી ગયું અને મા ઊભી થઈ ગઈ. પણ એક જુવાન છોકરીને રસોડામાં દાખલ થતી જોઈને તેને અચરજ થયું. બાળાનો બાંધો બેઠી દડીનો હતો. તેનો ચહેરો સાધારણ ખેડૂત જેવો હતો. તેણે ઊજળા વાળનો એક જાડો ચોટલો ગૂંથ્યો હતો.

"હું મોડી તો નથી પડી ને?" તેણે હળવા અવાજે પૂછ્યું.

"ના," ખોખોલે બારણાની બહાર નજર નાખતાં જવાબ આપ્યો. "ચાલીને આવ્યાં?"

"હાસ્તો. તમે પાવેલનાં મા છો, નહિ? કેમ છો? મારું નામ નાતાશા."

"અને અટક?"

"વાસીલ્યેવ્ના. અને તમારું નામ?"

"નીલોવ્ના. પેલાગેયા નીલોવ્ના."

"તો હવે આપણી ઓળખાણ થઈ ગઈ."

"હા." માએ બાળાની સામે જોઈને જરાક અકળાઈ જતાં મોં મલકાવ્યું.

"ટાઢ લાગી?" ખોખોલે બાળાને કોટ ઉતારવામાં મદદ કરતાં કહ્યું.

"સખત. બહાર એવો પવન ફૂંકાય છે કે બસ!"

તેનો અવાજ સાફ ને રણકતો હતો. તેનું મોં નાનકડું અને મઝાનું રતૂમડું હતું. તેની આખી કાયા ઘાટીલી હતી અને તેમાં તાજગી છલકાતી હતી. કોટ ને ટોપી ઉતારી લીધા પછી તે ટાઢમાં ફૂલી ગયેલા નાનકડા હાથ ગુલાબી ગાલ પર ઘસતી સ્ફૂર્તિથી બીજા ઓરડામાં આવી. તેના બૂટની એડીઓ ભોંયપટ ઉપર ટપ ટપ કરતી હતી.

"રબ્બરના બૂટ નથી પહેર્યા," માએ મનમાં નોંધ લીધી.

"ઉહુહુહુ..!" બાળા ધ્રૂજતી બોલી ઊઠી "ટાઢમાં ઠરીને બરફ થઈ ગઈ છું!"

"હમણાં સમોવાર પેટાવું, એક મિનિટમાં," કહેતી મા ઉતાવળી રસોડામાં ગઈ.

પોતે બાળાને જાણે જમાનાથી ઓળખતી હોય એમ તેને લાગ્યું. તેના દિલમાં બાળા પ્રત્યે મા જેવું હૂંફાળું વહાલ પેદા થયું. બીજા ઓરડામાં ચાલતી વાતચીત સાંભળતાં તેના હોઠ મલકી રહ્યા.

"તમારું મન કઈ દુનિયામાં પહોંચી ગયું છે, નાખોદકા?" બાળાએ પૂછ્યું.

"ખાસ ક્યાંય નહિ," ખોખોલે હળવે અવાજે જવાબ આપ્યો. "બાઈની આંખો મઝાની છે. મને લાગ્યું કે કદાચ મારી માની આંખો પણ એવી જ હતી. ઘણી વાર માના ખ્યાલ આવે છે. કોણ જાણે કેમ પણ લાગે છે કે એ જીવતી છે."

"પણ તમે તો કહેલું કે મરી ગઈ છે."

"ના, એ તો મને ખોળે લઈને મોટો કરનારી મા. હું તો મારી સગી માની વાત કરું છું. કદાચ કીયેવની સડકો પર ભીખ માગતી હશે અને વોદકા ઢીંચતી હશે, દારૂ ચડી જાય ત્યારે સિપાઈઓ એને તમાચા ચોડતા હશે..."

"બિચારો જુવાન," માએ નિસાસો નાખ્યો.

નાતાશા ઝડપથી, ભાવાવેગમાં, અને હળવા અવાજે કશુંક બોલી. વળી પાછો ખોખોલનો અવાજ રણકી ઊઠ્યો:

"તમે હજી નાનાં છો, જિંદગીની તડકીછાંયડી તમે હજુ જોઈ જ નથી. બચ્ચાને જનમ આપવાનું કામ મુશ્કેલ છે, પણ માણસમાં સદ્ભાવ કેળવવાનું કામ એથી ઘણું વધારે મુશ્કેલ છે."

"અરેરે!" માના દિલમાં હમદર્દી જાગી. ખોખોલને દિલાસો આપવાનું તેને મન થયું. પણ એટલામાં બારણું ધીરેથી ખૂલ્યું અને રીઢા ચોર દાનીલાનો દીકરો નિકોલાઈ વેસોવશ્ચિકોવ અંદર આવ્યો. નિકોલાઈનો અતડો સ્વભાવ આખા લત્તામાં જાણીતો હતો. તે ચિડિયલ હતો અને હંમેશાં સૌથી અળગો રહેતો. લોકો એની ઠેકડી પણ ઉડાડતા.

"શું કામ છે, નિકોલાઈ?" માએ અચરજથી પૂછ્યું.

"પાવેલ છે?" તેણે દુવાસલામની ફિકર કર્યા વગર પૂછ્યું, અને શીળીના ડાઘાવાળો મોટો ચહેરો હથેળી વડે લૂછ્યો.

"નથી."

નિકોલાઈ ઓરડામાં નજર નાખતો ત્યાં પહોંચી ગયો અને બોલ્યો:

"કેમ છો, સાથીઓ!"

"આ?" માને થયું. તેના મનમાં અણગમાના ભાવ પેદા થયા. નાતાશાને જાણે નિકોલાઇને મળીને ખુશી થઈ હોય એમ તેની જોડે હાથ મિલાવતી જોઈને તો મા વિસ્મયમાં ગરકાવ થઈ ગઈ.

નિકોલાઈ પછી બીજા બે માણસ આવ્યા, બેઉ સાવ જુવાનિયા હતા. તેમાંથી એક તો કારખાનાના જૂના કામદાર સિઝોવનો ભત્રીજો ફ્યોદોર હતો. સ્પષ્ટ રેખાઓ, વાંકડિયા વાળ, અને ઊંચું કપાળ ધરાવતા ફ્યોદોરને મા ઓળખતી હતી. બીજો જુવાન શરમાળ હતો. તેણે વાળ માથા ઉપર સીધા ઓળેલા હતા. મા તેને નહોતી ઓળખતી, પણ તેનામાં ત્રાસ ઉપજાવે એવું કશું જ નહોતું. આખરે પાવેલ પણ આવી ગયો. તેની જોડે કારખાનાના બે કામદારો હતા. મા બેઉને ઓળખતી હતી.

"સમોવાર પેટાવી દીધો છે ને? સરસ!" પાવેલ હેતાળ ભાવે બોલ્યો.

"જઈને થોડોક વોદકા લઈ આવું?" માએ પૂછ્યું. કશીક અગમ્ય બાબત બદલ અહેસાન કેવી રીતે જાહેર કરવો એ તેને સમજાતું નહોતું.

"ના, અમે દારૂ નથી પીતા," પાવેલે જવાબ આપ્યો. તેના હોઠ ઉપર માયાળુ મલકાટ હતો.

માના મનમાં ખ્યાલ આવ્યો કે દીકરાએ મારી જોડે મજાક કરવાના ઇરાદે આવા માણસોને ભેગા કરવાનું જોખમ મને વધારીને જણાવ્યું હશે.

"આ બધા માણસો છે—ગેરકાયદેસર કામ કરનારા?" તેણે દબાતે અવાજે પૂછ્યું.

"હાસ્તો વળી," પાવેલે બીજા ઓરડામાં જતાં જતાં જવાબ આપ્યો.

"તારી તો વાતો જ એવી!" મા હેતાળ અવાજે બોલી. તેના મમતાભર્યા મનમાં થયું: "હજી સાવ બાળક જ રહ્યો છે!"

૬

સમોવારમાં પાણી ઊકળવા લાગ્યું એટલે મા તેને ઓરડામાં લઈ ગઈ. સૌ મહેમાનો ટેબલ ફરતા બેઠા હતા. નાતાશા ખૂણામાં બત્તી પાસે બેઠી હતી. તેના હાથમાં ચોપડી હતી.

"લોકોની જિંદગી આટલી આકરી કેમ છે તે સમજવા માટે..." નાતાશા બોલી.

"અને લોકો પોતે જ આટલા ખરાબ કેમ છે..." ખોખોલ વચમાં બોલ્યો.

"આપણે સમજવું જોઈએ કે ઇન્સાનની જિંદગીની શરૂઆત કેવી રીતે થયેલી..."

"બરાબર છે, સમજવું જોઈએ, જરૂર સમજવું જોઈએ," મા ચા બનાવતાં બનાવતાં બોલી.

તદ્દન ચુપકી છવાઈ ગઈ.

"શું કહ્યું, મમ્મી?" પાવેલે ભવાં સંકોડીને પૂછ્યું.

"મેં?" માએ નજર ઊંચી કરી તો સૌ તેની તરફ જોઈ રહ્યાં હતાં. "અરે, હું તો મનમાં જ બોલી હતી," તેને અકળામણ થઈ. "મને તો એમ થયું કે તમારે સમજવું હોય તો કેમ કોશિશ ન કરવી."

નાતાશા હસી પડી. પાવેલના હોઠ મલકયા. ખોખોલ બોલ્યો: "ચા માટે આભાર, નેનકો."

"ચાખી તો જુઓ, પછી આભાર માનજો," માએ કહ્યું. પછી તે દીકરા સામે જોઈને બોલી: "પણ હું તમારા કામમાં આડી તો નથી આવતી ને?"

"મહેમાનોના કામમાં મેજબાન આડે આવે એમ તે કદી બનતું હશે?" નાતાશા બોલી ઊઠી. "પણ મને ઝટ ચા આપો! મારું અંગેઅંગ ટાઢથી ધ્રૂજી રહ્યું છે, અને મારા પગ તો જાણે બરફ થઈ ગયા છે." તેના અવાજમાં સાવ બાળક જેવો ભાવ હતો.

"હમણાં, હમણાં," મા ઉતાવળ કરવા લાગી.

નાતાશાએ ચા પીને ઊંડો શ્વાસ લીધો, ચોટલો ઉછાળીને ખભે નાખ્યો, અને પીળા પૂંઠાના સચિત્ર પુસ્તકમાંથી વાંચવાનું શરૂ કર્યું. મા ચા બનાવવામાં જરાય અવાજ ન થાય તેની કાળજી રાખીને ધ્યાનથી સાંભળવા લાગી. બાળાનો રણકતો અવાજ સમોવારના ચિંતનપ્રેરક ગુંજન જોડે ભળી ગયો. એક જમાનામાં ગુફાઓમાં વસતા અને પથ્થર વડે શિકાર કરતા જંગલી ઇન્સાનોની વાતો સાંકળની કડીઓની જેમ એક પછી એક વંચાતી ગઈ. વાતો જાણે પરીકથાઓ જેવી લાગતી હતી. મા દીકરા તરફ નજર ફેંકતી મનમાં તેને પૂછવાનો વિચાર કરવા લાગી કે આવી વાતો ઉપર બંધી કેમ લગાવવામાં આવતી હશે. પણ થોડી વારમાં તે વાંચન સાંભળીને થાકી ગઈ, અને દીકરાને ખબર ન પડે એમ છાની રીતે મહેમાનોને નીરખવા લાગી.

પાવેલ નાતાશાની પાસે બેઠો હતો. તે સૌથી દેખાવડો હતો. નાતાશા પુસ્તક ઉપર નમીને વાંચતી હતી અને કપાળ ઉપર ફેલાઈ જતી લટોને વારંવાર

પાછળ ધકેલતી હતી. પુસ્તક પરથી નજર ખસેડતી માથું ઉછાળીને અને હેતભરી આંખે સૌને જોતી તે ધીમા અવાજે પોતાના વિચારો વ્યક્ત કરતી. ખોખોલ ટેબલને એક છેડે પગ લંબાવીને બેઠો બેઠો મૂછે હાથ ફેરવતો હતો, અને નજર નાકના ટેરવા તરફ વાળીને ડોળા ફેરવતો પોતાની જ મૂછના છેડા જોવાની કોશિશ કરી રહ્યો હતો. વેસોવશ્ચિકોવ ખુરશીમાં લાકડાની જેમ ટટ્ટાર બેઠો હતો. તેણે હાથના પંજા ગોઠણ ઉપર દબાવી રાખ્યા હતા. તેનો શીળીના ડાઘાવાળો, ભવાં વિનાનો, અને પાતળા હોઠવાળો ચહેરો મહોરાની જેમ સાવ ભાવશૂન્ય હતો. પિત્તળના ચળકતા સમોવારમાં તેના ચહેરાનું પ્રતિબિંબ પડતું હતું. તેની નજર એ પ્રતિબિંબ ઉપર અપલક જડાઈ ગયેલી હતી. તે જાણે શ્વાસ પણ ન લેતો હોય એમ લાગતું હતું. નાનો ફ્યોદોર વાંચન સાંભળતાં સાંભળતાં જાણે પુસ્તકના શબ્દો પોતાના મનમાં ફરી વાર બોલતો હોય એમ તેના હોઠ મુદ્દલ અવાજ વગર હલતા રહેતા હતા. તેના દોસ્તે જરાક વળીને કોણીઓ ગોઠણ ઉપર ટેકવી હતી અને મોં હથેળીઓમાં ટેકવ્યું હતું. તેના હોઠ ઉપર વિચારમય મલકાટ ઝબકતો રહેતો. પાવેલની જોડે આવેલા એક આદમીને વાંકડિયા રાતા વાળ અને આનંદી લીલી આંખો હતી. તે જાણે કંઈક કહેવા માગતો હોય એવી રીતે બેચેનીમાં આમથી તેમ હલતો રહેતો હતો. ઊજળા ટૂંકા વાળવાળો બીજો આદમી માથા ઉપર હાથ ફેરવતો રહેતો અને નીચે મોંએ ભોંયપટ ઉપર તાકતો બેઠો હતો. મા તેનો ચહેરો નહોતી જોઈ શકતી. ઓરડામાં જાણે એક જાતની મઝાની વિલક્ષણ હૂંફ વસી ગઈ હતી. માને ઓરડો જાણે સાવ અજાણ્યો લાગ્યો. નાતાશા વાંચતી ગઈ, અને માને પોતાની જુવાનીની ધોંધાટભરી મહેફિલો, જુવાનોનાં વોદકાની ગંધ મારતાં મોં, અને તેમની ગલીચ ગાળો તથા ઝેરીલી મજાક મશ્કરીઓ યાદ આવ્યાં. એ બધું યાદ આવતાં તેના દિલમાં પોતાની જ ઉપર દયાની લાગણીનો થડકારો થયો.

તેને પોતાની સગાઈનો બનાવ યાદ આવ્યો. એવી જ એક મહેફિલ દરમિયાન પાવેલના બાપે તેને અંધારી પરસાળમાં પકડીને ભીંતે દબાવી દીધી હતી.

“મારી જોડે પરણશે કે નહિ?” તેણે તોછડાઈથી પૂછેલું. એ વખતે પોતાને ખૂબ ત્રાસ થયેલો અને ખરાબ લાગેલું. પણ પાવેલના બાપના હાથ છાતીએ વળગીને પીડા ઉપજાવી રહ્યા હતા, તેના ભીના ગરમ શ્વાસના ઝપાટા પોતાના ચહેરા જોડે અફળાઈ રહ્યા હતા. તેની પકડ છોડાવીને છટકી જવાની પોતે ખૂબ કોશિશ કરેલી. પણ તે ગરજી ઊઠેલો:

"ખબરદાર! ઊભી રહે! જવાબ આપીને જા! સંભળાય છે કે નહિ?"

શરમ અને નામોશીથી શ્વાસ ખોઈ બેઠેલી હાલતમાં પોતે કંઈ જ બોલી નહોતી શકી.

એટલામાં કોઈ આવી ચડેલું અને પાવેલના બાપે પકડ ઢીલી કરેલી.

"રવિવારે માગું મોકલીશ," તેણે કહેલું.

અને માગું રવિવારે પહોંચી ગયેલું.

માએ આંખો બંધ કરીને ઊંડો નિસાસો નાખ્યો...

"મારે તો જાણવું છે કે લોકોની જિંદગી કેવી હોવી જોઈએ, મને એ વાતમાં જરાય રસ નથી કે લોકોની જિંદગી કેવી હતી," વેસોવશ્ચિકોવના અવાજમાં વિરોધનો ભાવ હતો.

"બરાબર છે," રાતા માથાવાળો આદમી ઊભો થઈ ગયો.

"ના, હું સંમત નથી!" ફ્યોદોર બોલી ઊઠયો.

દલીલોમાં શબ્દોની જવાળાઓ ઝબૂકવા લાગી. માને તો સમજાયું જ નહિ કે સૌ શાને વિશે ઘાંટા પાડે છે. સૌના ચહેરા ઉત્તેજનાથી લાલ થઈ ગયા હતા, પરંતુ કોઈએ પોતાનો કાબૂ ન ગુમાવ્યો અને, માએ આખી જિંદગી સંભળ્યા હતા એવા ગલીચ શબ્દોનો ઉપયોગ કોઈએ ન કર્યો.

"છોકરીની હાજરીમાં એમ બોલતાં શરમાતા હશે," માને થયું.

નાતાશાના ચહેરા ઉપર પથરાયેલા ગંભીર ભાવ નીરખવાનું માને ગમ્યું. બધા જુવાનો જાણે નાનાં બાળકો હોય એવી રીતે નાતાશા ધ્યાનથી સૌને જોઈ રહી હતી.

"એક મિનિટ જરા સાંભળો, બિરાદરો!" તે અચાનક બોલી. સૌ બોલતા અટકી જઈને તેની સામે જોવા લાગ્યા.

"બધું જાણી લેવાનો આગ્રહ રાખનારાઓની વાત ખરી છે. આપણે આપણી અંદર તર્કની જ્યોતિ જલાવવી જોઈએ જેથી અંધારામાં સંઘર્ષ લડનારાઓ તેને જોઈ શકે. આપણી પાસે દરેક બાબતનો ખરો અને ઈમાનદાર ખુલાસો હોવો જોઈએ. આપણે આખું સત્ય અને આખું જૂઠાણું જાણી લેવું જોઈએ..."

ખોખોલ સાંભળતો ગયો અને માથું હલાવતો તેના શબ્દો જોડે તાલ મેળવતો ગયો. વેસોવશ્ચિકોવ, રાતા માથાવાળો આદમી, અને પાવેલની જોડે આવેલા કારખાનાના બે જુવાનોમાંથી એક અલગ ગ્રૂપ બનાવીને એક તરફ ઊભા હતા. કોઈ અગમ્ય કારણસર માના મનમાં તેમના પ્રત્યે અણગમો પેદા થયો.

નાતાશાએ બોલવાનું બંધ કર્યું એટલે પાવેલ ઊભો થયો.

"આપણી નેમ શું માત્ર પેટ ભરવાની જ છે?" ત્રણેયની સામે જોઈને તેણે પોતે જ હળવા અવાજે જવાબ આપ્યો: "ના. આપણા ખાંધા ઉપર સવાર થઈને બેઠેલા અને આપણી આંખે પાટા બાંધી રાખનારાઓને આપણે બતાવી આપવું જોઈએ કે આપણી નજર બધું જુએ છે. આપણે મૂઢ નથી, અને આપણે જનાવરો પણ નથી કે આપણને ફક્ત પેટ ભરવા સિવાય બીજી કશી ફિકર ન હોય. આપણે ઇન્સાનને લાયક જિંદગી જીવવા માગીએ છીએ. આપણે આપણા દુશ્મનોને બતાવી આપવું જોઈએ કે તેમણે આપણી ઉપર લાદી દીધેલી ઢસરડાની જિંદગી, આપણને બુદ્ધિપ્રભાની બાબતમાં તેમના સમોવડિયા અથવા ચડિયાતાયે બનતાં અટકાવી શકે એમ નથી!"

તેની વાત સાંભળતાં માના દિલમાં ગર્વની લાગણી પેદા થઈ. દીકરો કેટલું સરસ બોલતો હતો!

"પૂરતું ખાવાનું પામતા હોય એવા તો ઘણા માણસો છે, પરંતુ ઈમાનદાર ઇન્સાનો બહુ ઓછા હોય છે." ખોખોલ બોલ્યો. "આપણે હાલની જનાવરો જેવી જિંદગીના કળણ અને માનવીય ભાઈચારાના ભાવિ સામ્રાજ્ય વચ્ચે સેતુ બાંધવાનો છે. આપણી સમક્ષ એવું કર્તવ્ય છે, બિરાદરો!"

"લડતની વેળા પાકી ગઈ હોય તો શા માટે હાથ જોડીને બેસી રહેવું?" વેસોવશ્ચિકોવે તોછડાઈથી વિરોધ કર્યો.

મિટિંગ ખતમ થઈ ત્યારે મધરાત વીતી ગઈ હતી. વેસોવશ્ચિકોવ અને રાતા માથાવાળો આદમી સૌથી પહેલા બહાર નીકળ્યા. માને એ પણ ન ગમ્યું.

માથું નમાવીને વિદાયની રસમ પૂરી કરતી વેળા માના દિલમાં તેમના પ્રત્યે જરાય સહાનુભૂતિ નહોતી. તેને થયું: "કેટલી ઉતાવળ છે!"

"નાખોદકા, મને ઘેર મૂકી જશો?" નાતાશાએ પૂછ્યું.

"ચોક્કસ વળી," ખોખોલે જવાબ આપ્યો.

નાતાશા રસોડામાં ટાઢનાં ભારે કપડાં પહેરી રહી હતી ત્યારે માએ તેને કહ્યું: "તમારાં મોજાં સાવ પાતળાં છે, આવી ટાઢમાં ન ચાલે. તમને ગરમ મોજાં ગૂંથી આપું તો?"

"આભાર, પેલાગેયા નીલોવ્ના, પણ ગરમ મોજાં તો પગમાં કરડે," નાતાશાએ હસતાં હસતાં જવાબ આપ્યો.

"કરડે નહિ એવાં ગૂંથી આપીશ," માએ કહ્યું.

નાતાશાએ આંખો સંકોડીને તેની સામે જોયું. એકધારી મીટથી માને અકળામણ થઈ.

"મારી મૂર્ખાઈ બદલ માફ કરજો, મેં તો મનમાં આવ્યું તે બોલી નાખ્યું," તેણે ધીરેથી ઉમેર્યું.

"કેવાં મીઠાં છો!" નાતાશા પણ એવા જ હળવા અવાજે બોલી, અને તેણે લાગણીવશ થઈને માનો હાથ દબાવ્યો.

"આવજો, નેનકો," નાતાશાની પાછળ પાછળ બહાર નીકળતાં ખોખોલે માની નજરમાં નજર પરોવીને કહ્યું.

માએ દીકરા સામે જોયું. તે મોં મલકાવતો બારણે ઊભો હતો.

"મલકે છે કેમ?" તેણે જરાક અકળાઈને પૂછ્યું.

"ખાસ કંઈ નહિ. મન ખુશ છે, બસ."

"હું ભલે ઘરડી ને મૂઢ હોઉં, પણ સારું શું ને ખરાબ શું એટલું તો મનેય સમજાય છે," તેના અવાજમાં જરાક તીખાશ હતી.

"મને એ વાતની ખુશી છે. પણ હવે જઈને સૂઈ જા તો?"

"હમણાં જાઉં છું."

તે થોડી વાર કપરકાબી હઠાવીને ટેબલ સાફ કરતી રહી. તેનું દિલ ખુશ હતું — એટલું બધું ખુશ કે તેને પરસેવો વળી ગયો. બધું મઝેથી ચાલ્યું અને શાંતિથી પતી ગયું એટલે તેના મનમાં આનંદ છવાઈ ગયો હતો.

"આ સૌને બોલાવવાનો તારો ખ્યાલ મઝાનો હતો, પાશા," તેણે કહ્યું. "ખોખોલ ખૂબ સરસ આદમી છે, અને બાળા પણ — કેવી ચતુર! કોણ છે?"

"શિક્ષિકા," પાવેલે ઓરડામાં આંટા મારતાં મારતાં ટૂંકોટચ જવાબ આપ્યો.

"બહુ ગરીબ હશે. કપડાં બરાબર નહોતાં. આવી ટાઢમાં તરત શરદી થઈ જાય. એનાં માબાપ ક્યાં રહે છે?"

"મોસ્કોમાં," પાવેલે જવાબ આપ્યો. પછી માની સામે ઊભો રહીને હળવા અવાજે અને ખૂબ ગંભીર ભાવે બોલ્યો: "એનો બાપ પૈસાદાર છે. લોખંડનો વેપાર કરે છે. એની પાસે પુષ્કળ મિલકત છે. પણ દીકરીએ જિંદગીનો આ માર્ગ લીધો એટલે એણે દીકરીને ઘરમાંથી હાંકી કાઢી છે. નાતાશા સુખવૈભવમાં ઊછરી છે. એને જે જોઈએ તે બધું મળતું. પણ હવે રાતે એકલી પાંચ માઇલનો પંથ પગપાળો કાપે છે..."

સાંભળીને મા તો જાણે જમીન જોડે જડાઈ ગઈ. તે ઓરડાની વચમાં જડ જેવી ઊભી રહી ગઈ અને ભવાં ફરકાવતી દીકરાની સામે જોતી રહી. પછી તેણે હળવે અવાજે પૂછ્યું: "શહેરમાં ગઈ છે?"

"હા."

"અરે! એને બીક નથી લાગતી?"

"તેં તો જોયું કે નથી લાગતી," પાવેલ હસી પડ્યો.

"પણ અત્યારે શું કરવા ગઈ? અહીંયાં રાત રહી શકી હોત. મારા ભેગી સૂઈ જાત."

"ના, એ તો ઠીક નહોતું. સવારે એને કોઈ જોઈ જાય, અને અમારે કોઈને ખબર નથી પડવા દેવી."

મા બારીની બહાર નજર તાકીને વિચારમાં ડૂબી ગઈ.

"મને તો આમાં કશું જોખમી કે ગેરકાયદેસર નથી લાગતું, પાવેલ," તેણે ધીરેથી કહ્યું. "તું કશું ખોટું કામ તો નથી કરી રહ્યો, નહિ ને?"

તેને એ બાબતની ફિકર હતી, અને તેનું મન ખાતરી ગોતતું હતું.

પાવેલે સ્વસ્થતાથી તેની નજરમાં નજર પરોવીને મક્કમ જવાબ આપ્યો:

"ના, અમે કશું ખોટું કામ નથી કરી રહ્યાં. તે છતાં અમે સૌ કદી ને કદી જેલમાં પહોંચી જવાનાં જ છીએ. એટલું તું સમજી લે."

માના હાથ ધ્રૂજી ઊઠયા.

"પરમાત્માની દયા હોય તો એવી આફતથી કદાચ બચી જવાય," તે રૂંધાતા અવાજે બોલી.

"ના," દીકરાએ મૃદુ અવાજે જવાબ આપ્યો. "મારે તને અંધારામાં નથી રાખવી બચવાનો સવાલ જ નથી."

પછી તેણે મોં મલકાવીને કહ્યું:

"હવે જઈને સૂઈ જા. તું થાકી ગઈ છો. થોડોક આરામ કરી લે."

તે એકલી પડી એટલે બારી પાસે ઊભી રહીને બહાર જોવા લાગી. બહાર સખત ટાઢ હતી અને ધુમ્મસ ફેલાયેલું હતું. જોરથી ફૂંકાતો પવન નાનકડાં નીંદરઘેરાં મકાનોનાં છાપરાં પરથી હિમ ઉડાડી રહ્યો હતો, દીવાલોને ઝપાટા લગાવી રહ્યો હતો, રસ્તા પર ધસી જઈને હિમની નાનકડી ડમરીઓનો પીછો કરતો રોષભર્યા ફૂંફાટા મારી રહ્યો હતો.

"ઈસુ, દયા કરજે," માના હોઠ હળવેથી ફફડયા. તેના દિલમાં રુદનનો ઉછાળો આવ્યો. દીકરાએ સ્વસ્થ આત્મવિશ્વાસથી જે દુર્ભાગ્યની વાત કરી હતી તેની આશંકા તેના દિલમાં રાતે પતંગિયાના આંધળા ફફડાટની જેમ ફફડવા લાગી. તેની નજર સામે જાણે હિમનું મેદાન પથરાયેલું હતું અને તેમાં ચીંથરેહાલ સફેદ પવન તીણા ચિત્કાર કરતો સરસરાટ ધસી રહ્યો હતો. મેદાનની વચમાં

કોઈ બાળાની નાનકડી ઘેરી કાયા લથડિયાં ખાઈ રહી હતી. પવન તેના પગ ફરતો ચકરાવા લેતો તેનાં કપડાં ફાડી નાખતો હતો અને તેના મોં પર ડંખીલું હિમ ઝીંકતો હતો. બાળાના નાનકડા પગ હિમગંજમાં ખૂંપી જતા હતા અને તે મુશ્કેલીથી ડગલાં ભરી શકતી હતી. ચોમેર સખત ટાઢ હતી અને બિહામણું વાતાવરણ ફેલાયેલું હતું. શરદના પવનના ઝપાટામાં ઘાસનું એકાકી તરણું જેમ નમી પડે એવી રીતે બાળાની કાયા આગળ ફસકાઈ પડી. જમણી બાજુ કળણમાંથી વનની દીવાલ ખડી થઈ ગઈ. તેમાં પાતળાં અને પાંદડાં વગરનાં બર્ચ તથા એસ્પન ઝાડ અનાથની જેમ ફફડાટ કરી રહ્યાં હતાં. ખૂબ દૂર શહેરની બત્તીઓ ટમટમી રહી હતી.

"ભલા ભગવાન, દયા કરજે," માના હોઠ હલી ઊઠયા અને તેની કાયા કંપી ઊઠી.

૭

દિવસો તસબીના પારાની જેમ એક પછી એક સરકતા અઠવાડિયાં અને મહિનાઓમાં પલટાતા ગયા. દર શનિવારે પાવેલના દોસ્તો તેને ઘેર ભેગા થતા. પ્રત્યેક મિલન લોકોના કોઈ દૂરવર્તી લક્ષ્યની સીડીના એક વધુ પગથિયા સમું હતું. લોકો એ લાંબી સીડી ધીરે ધીરે સર કરી રહ્યા હતા.

જૂના માણસો ભેગા નવા માણસો જોડાયા. વ્લાસોવ પરિવારનો નાનકડો ઓરડો ખીચોખીચ ભરાઈ જવા લાગ્યો. નાતાશા આવે ત્યારે હંમેશાં થાકેલી અને ટાઢમાં ઠરી ગયેલી પણ અચૂક ખુશમિજાજમાં હોય. પાવેલની માએ બાળા માટે ગરમ મોજાં ગૂંથી આપ્યાં અને તેના નાનકડા પગમાં પોતાને હાથે પહેરાવી દીધાં. નાતાશા હસી પડી પણ પછી એકાએક શાંત થઈ ગઈ અને વિચારમાં ડૂબી ગઈ.

"મારી એક આયા પણ અજબ માયાળુ હતી," તેણે હળવા અવાજે કહ્યું. "પેલાગેયા નીલોવ્ના, કેવી વિચિત્ર વાત છે કે કામગાર ઇન્સાનો આકરી જિંદગી ગુજારતા અને ગેરઇનસાફીનો ભોગ બનેલા હોવા છતાં પેલા બીજા લોકો કરતાં ઘણા વધારે માયાળુ હોય છે," કહેતાં તેણે ખૂબ દૂરના — તેનાથી ખૂબ દૂરના — લોકો પ્રત્યે નિર્દેશ કર્યો.

"તમે પણ કેવાં છો!" પેલાગેયાએ કહ્યું. "માબાપથી અળગાં..." તે નિસાસો નાખીને ચુપ થઈ ગઈ, પોતાના વિચારો વ્યક્ત ન કરી શકી, પણ નાતાશાના ચહેરા ઉપર નજર નાખતાં તેના દિલમાં કોઈ અગમ્ય બાબત બદલ

અહેસાનની લાગણી છલકાઈ ઊઠી. તે બાળાની સામે ભોંયપટ ઉપર બેસી ગઈ. બાળાનું માથું આગળ નમેલું હતું અને તેના હોઠ ઉપર વિચારભર્યો મલકાટ હતો.

"માબાપથી અળગી?" તેણે માના શબ્દો દોહરાવ્યા. "એમાં અફસોસ કરવા જેવું કંઈ નથી. મારા બાપુનો સ્વભાવ કરડો છે, ભાઈનો પણ. વળી દારૂ ઢીંચે છે. મોટી બહેનને સુખ નથી. તેનો ધણી તેનાથી ઘણાં વરસે મોટો છે—પૈસાદાર બહુ છે પણ લોભિયો છે. મને તો મારી માની દયા આવે છે. બિચારી તમારા જેવી જ સીધીસાદી બાઈ છે. કદમાં સાવ નાની, ઉંદર જેવડી. અને દોડે પણ ઉંદર જેવા જ વેગે. એને સૌની બીક લાગે. ક્યારેક એને મળવાનું મન થાય છે—સખત મન થાય છે!"

"બિચારાં!" મા ગમગીન થઈને માથું હલાવતી બોલી.

બાળાએ એકદમ માથું ઊંચું કર્યું અને હાથ લાંબા કર્યા, જાણે કેમ કશુંક દૂર ધકેલી દેતી હોય.

"ના રે! ક્યારેક તો મને એટલી ખુશી થાય છે—એટલું સુખ થાય છે—કે બસ!"

તેનો ચહેરો ફિક્કો પડી ગયો અને તેની નીલી આંખો ચમકી ઊઠી. તેણે પોતાના હાથ માને ખભે મૂક્યા.

"અમારું કાર્ય કેવું મહાન છે એની તમને ખબર હોત, તમે સમજતાં હોત, તો..." તે હળવેથી બોલી. તેના શબ્દોમાં પ્રભાવ હતો.

લગભગ ઈર્ષ્યા જેવું કશુંક પેલાગેયા વ્લાસોવાના દિલને સ્પર્શી ગયું.

"હું તો હવે ઘરડી થઈ ગઈ, વળી અભણ છું...". તે ભોંયપટ પરથી ઊભી થતી અફસોસના ભાવે બોલી.

પાવેલ હવે વધારે પ્રસંગોએ, વધારે લાંબો વખત, અને વધારે જોમથી બોલતો. તે વધારે દૂબળો પણ થઈ ગયો હતો. માને લાગતું કે દીકરો નાતાશાની સામે જુએ અને તેની જોડે વાત કરે ત્યારે પાવેલની આંખોના કઠોર ભાવ કોમળ બની જાય છે, અવાજમાં કુમાશ આવી જાય છે, અને અતડાપણું ઓછું થઈ જાય છે.

"ઈશ્વર કરે ને એમ જ હોય," તે મનમાં વિચારતી અને તેના હોઠ મલકી જતા.

મિટિંગોમાં દલીલો વધારે પડતી ગરમાગરમ અને જોરદાર બની જાય ત્યારે ખોખોલ ઊભો થઈને ઘંટના લોલકની જેમ ડોલતો થોડાક સાદા માયાળુ શબ્દો બોલતો એટલે તરત જ સૌ વળી પાછા શાંત ને સ્વસ્થ બની જતા. ચિડિયલ

વેરોવશ્વિકોવ હંમેશાં બીજાઓને કંઈક કરવા ઉશ્કેરતો રહેતો. બધી દલીલો તે અને સામોઈલોવ નામે ઓળખાતો રાતા માથાવાળો આદમી શરૂ કરતા. ગોળમટોળ માથાવાળો અને હંમેશાં જાણે ખારામાં ધોયેલો હોય એવો દેખાતો ઈવાન બૂકિન એ બન્નેને ટેકો આપતો. સાદો ને સ્વચ્છ યાકોવ સોમોવ ઓછું પણ ખરા દિલે બોલતો. તે અને મોટાં ભવાંવાળો ફ્યોદોર માઝિન હંમેશાં પાવેલ અને ખોખોલનો પક્ષ લેતા.

ક્યારેક નાતાશાને બદલે નિકોલાઈ ઈવાનોવિચ નામે ચશ્માંધારી માણસ આવતો. તેને નાનકડી ઊજળી દાઢી હતી. તે કોઈ દૂરવર્તી પ્રાંતનો રહેવાસી હતો અને 'ઓ'નો ઉચ્ચાર હંમેશાં વિચિત્ર રીતે કરતો. તે બધી રીતે સાવ ન્યારો હતો. તે સાદામાં સાદી બાબતો વિશે બોલતો—ઘરના સંજોગો, બાલબચ્ચાં, વેપાર, પોલીસ, રોટી તથા માંસના ભાવ, વગેરે જેવી રોજિંદા જનજીવનની વાતો કરતો—અને જૂઠું ને ગોટાળિયું તેમ જ બેવકૂફીભર્યું ને હાસ્યાસ્પદ બધું ઉઘાડું પાડીને સાફ સમજાવી દેતો. માને લાગતું કે આ માણસ કોઈ ખૂબ દૂરવર્તી જગ્યાએથી આવેલો છે, હકીકતમાં કોઈ એવી નિરાળી દુનિયામાંથી આવેલો છે કે જ્યાં સૌ લોકો સુખી અને ઈમાનદાર જિંદગી જીવે છે. તેને માટે અહીંયાં તો બધું વિચિત્ર છે, તે આવી જિંદગીથી ટેવાઈ પણ નથી શકતો અને તેને અપનાવી પણ નથી શકતો. અહીંની જિંદગી તેને અણગમતી છે, અને એ અણગમો તેના મનમાં આ જિંદગીને પોતાની આગવી રીતે પલટાવી નાખવાની શાંત અને મક્કમ મુરાદ જગાવે છે. તેના પીળાશ પડતા ચહેરામાં આંખો ફરતી સુંદર રેખાઓ હતી. તેનો અવાજ હળવો હતો અને તેના હાથ હંમેશાં હૂંફાળા રહેતા. પેલાગેયા વ્લાસોવાને દુવાસલામ કરતી વેળા તે હંમેશાં તેની આખી હથેલી પોતાના મક્કમ પંજામાં સમાવી લેતો. માના દિલને એથી એક જાતની રાહત મળતી.

મિટિંગોમાં શહેરના બીજા માણસો પણ આવતા. ઘણી વાર એક ઊંચી પાતળી જુવાન બાઈ આવતી. તેનો ચહેરો ફિક્કાશ પડતો હતો અને તેની આંખો મોટી મોટી હતી. તેનું નામ સાશા હતું. તેની ચાલવાની અને હલનચલનની રીતમાં કશુંક પુરુષ જેવું હતું. તે પોતાનાં ભરાવદાર ઘેરાં ભવાં વારંવાર સંકોચતી રહેતી, અને બોલતી ત્યારે તેના સીધા નાકનાં પાતળાં નસકોરાં ફરકતાં રહેતાં.

તેણે જ જોરદાર તીણા અવાજે પહેલી વાર જાહેર કર્યું હતું:

"આપણે સમાજવાદીઓ છીએ."

મા તો એ શબ્દો સાંભળીને અંજાઈ ગઈ હતી અને ચુપચાપ તરુણીની સામે તાકતી રહી હતી. પેલાગેયાને કાને પડેલું કે ઝારનું ખૂન સમાજવાદીઓએ કર્યું હતું. એ બનાવ તેની જુવાનીના દિવસોમાં બન્યો હતો. એ વખતે અફવા ફેલાયેલી હતી કે ઝારે ઉમરાવોના ખેતગુલામોને આઝાદ કરી દીધા હતા એટલે ઉમરાવોએ ઝારનું ખૂન કરીને વેર વાળવાની અને એ કામ પતી ન જાય ત્યાં સુધી વાળ ન કપાવવાની પ્રતિજ્ઞા લીધી હતી. તેમને એ કારણે જ સમાજવાદીઓ ગણાવવામાં આવ્યા હતા. પેલાગેયાને સમજાયું જ નહિ કે દીકરો અને દીકરાના દોસ્તો પોતાને સમાજવાદીઓ શા માટે કહેવડાવે છે.

સૌ ચાલ્યા ગયા એટલે તે પાવેલ પાસે ગઈ.

"પાશા, તું સમાજવાદી છો?" તેણે પૂછ્યું.

"હા," તે માની સામે હંમેશની જેમ મક્કમ અને ટટ્ટાર ઊભો રહીને બોલ્યો.

"કેમ?"

"ખરેખર, પાવેલ? પણ એ લોકો તો ઝારના દુશ્મનો છે, એક ઝારનું તો ખૂન પણ કરેલું."

પાવેલ ગાલ ઉપર હથેલી ઘસતો ઓરડાને બીજે છેડે ગયો અને જરાક હસીને બોલ્યો:

"અમારે એવું કંઈ કરવાની જરૂર નથી."

પછી તે ઘણી વાર સુધી ગંભીર અને સ્વસ્થ અવાજે બોલતો માને સમજાવતો રહ્યો. તેની સામે જોતાં માને થયું.

"મારો દીકરો કશું ખોટું કામ કદી ન કરે, કરી જ ન શકે."

ત્યાર પછી એ ખોફનાક શબ્દ ફરી ફરીને બોલાતો રહ્યો અને તેની આકરી અસર ધીરે ધીરે ઘસાઈ ગઈ. મિટિંગોમાં વપરાતા બીજા કેટલાય વિચિત્ર શબ્દોની જેમ એ શબ્દ સાંભળવા પણ માના કાન ટેવાઈ ગયા. પણ તેને સાશા ન ગમતી. સાશાની હાજરીમાં તેને બેચેની અને અકળામણ થતી.

એક વાર તેણે અણગમાથી હોઠ દબાવીને ખોખોલ જોડે સાશા વિશે વાત કરી:

"સાશાનો સ્વભાવ કેવો કડક છે! સૌને હુકમ આપે છે—આ કરો ને તે કરો!"

ખોખોલ ખડખડાટ હસી પડયો.

"તમે રગ બરાબર પારખી લીધી, નેનકો!" પછી માની તરફ આંખ મિચકારીને તેણે પાવેલને કહ્યું: "કેમ, પાવેલ, સાંભળ્યું તેં?" વળી આંખોમાં ટીખળ નચાવતો તે બોલ્યો: "જોઈ લો ઉમરાવગીરી!"

"સાશા સરસ ઇન્સાન છે," પાવેલ શુષ્ક અવાજે બોલ્યો.

"એમાં ના નહિ," ખોખોલે કહ્યું. "પણ તેને એક વાત નથી સમજાતી— તેના શબ્દો હંમેશાં હોય છે 'કરવું જ પડશે', અને આપણા શબ્દો હોય છે 'કરવા માગીએ છીએ', 'કરી શકીએ'".

પછી તેઓ માને ન સમજાય એવી કોઈ બાબતની દલીલો કરવા લાગ્યા.

તેના ધ્યાનમાં આવ્યું કે પાવેલની જોડે સાશા બહુ કડક વર્તન રાખે છે, ક્યારેક તો ઘાંટા પણ પાડે છે. એવા પ્રસંગોએ પાવેલ કંઈ બોલ્યા વગર સાશાની સામે જોઈને હસી પડતો. અગાઉ નાતાશાની સામે જોતાં તેની નજરમાં જેવી કુમાશ આવી જતી એવી જ કુમાશ હવે સાશાની સામે જોતાં આવી જતી. માને એ ન ગમતું.

ક્યારેક સૌ એકાએક ખુશમિજાજમાં આવી જતા. એ જોઈને મા વિસ્મયમાં ગરકાવ થઈ જતી. તેઓ વિદેશોનાં કામદાર આંદોલનોના અહેવાલો વાંચતા હોય ત્યારે સામાન્ય રીતે એમ બનતું. સૌની આંખો ચમકી ઊઠતી, સૌનાં મનમાં કોઈ અજબ બાળસહજ ખુશીની લાગણી છવાઈ જતી, સાફ ઝળકતું હાસ્ય રણકી ઊઠતું, સૌ હેતથી એકબીજાને ખભે ટાપલી મારવા લાગતા.

"જર્મન બિરાદરો ઝિંદાબાદ!" કોઈ જાણે પોતાની જ ખુશીના નશામાં મસ્ત હોય એમ પોકાર પાડી ઊઠતું.

"ઇટાલીના કામદારો ઝિંદાબાદ!" બીજા કોઈ પ્રસંગે એવો પોકાર સંભળાતો.

તેમને ઓળખતાયે ન હોય અને તેમની ભાષા પણ ન સમજતા હોય એવા દૂર દેશોના કામદારોના જયઘોષ કરતી વેળા સૌને જાણે એવી ખાતરી રહેતી કે એ અજાણ્યા લોકો જયઘોષ સાંભળે છે અને ખુશીની કદર કરે છે.

"આપણે તેમને પત્ર લખીએ તો?" ખોખોલે કહ્યું. તેની આંખોમાં બંધુભાવ ઝળકતો હતો. "લખીને જણાવીએ કે અહીંયાં રશિયામાં પણ તમારા દોસ્તો છે જે તમારા જેવા જ વિચારોનો પ્રસાર કરે છે, જિંદગીમાં તમારા જેવું જ ધ્યેય ધરાવે છે, અને તમારી ફતેહોથી ઉમંગમાં આવી જાય છે."

સૌના ચહેરા ખુશીથી ઝગમગી ઊઠતા. તેઓ ફ્રેંચ, અંગ્રેજ, અને સ્વીડ ઇન્સાનોની વાતો પોતાના દોસ્તો તરીકે કરતા, દિલમાં વસી ગયેલા ઇન્સાનો

તરીકે કરતા, જેના પ્રત્યે પોતે આદર ધરાવતા હોય અને જેની ખુશી તથા ગમમાં પોતે ભાગીદાર હોય એવા ઇન્સાનો તરીકે કરતા.

ખીચોખીચ ભરાઈ જતા એ નાના ઓરડામાં આખા જગતના કામદારો જોડે દિલી સમભાવનો ઉદય થયો હતો. સૌ એવી લાગણી અનુભવતું. માને પણ એવી લાગણી થતી. માને તેનો અર્થ ન સમજાતો, પણ તેની તાકાત પરખાઈ ગઈ હતી—જુવાનીનું જોમ રેલાવતી, ખુશીનો કેફ ચડાવતી, આશાથી છલકાતી.

"તમે કેવા અજબ માણસો છો!" એક વાર તેણે ખોખોલને કહ્યું. "સૌ તમારા બિરાદરો છે— યહૂદીઓ, આર્મેનિયનો, ઓસ્ટ્રિયનો—સૌની ખુશી અને ગમમાં તમે ભાગીદાર બનો છો!"

"હા, નેનકો, અમે તમામની, સૌની, ખુશી અને ગમમાં ભાગીદાર બનીએ છીએ," ખોખોલ જોમથી બોલ્યો. "અમારી અંદર જાતિઓ કે રાષ્ટ્રોના ભેદ નથી. અમારે કાં તો બિરાદરો છે, અથવા દુશ્મનો છે. તમામ કામગાર ઇન્સાનો અમારા બિરાદરો છે, તમામ ધનવાનો અને તમામ સરકારો સામે અમારે દુશ્મનાવટ છે. જગતમાં એક નજર ફેરવીને જોઈએ કે અમે કામદારો કેટલા બધા છીએ અને કેવા તાકાતવાન છીએ ત્યારે દિલમાં અપાર ખુશી અને ઉમંગ ઊભરાય છે. ફ્રેંચ અને જર્મન અને ઇટાલિયન કામદારોને પણ બધું જોઈને એવી જ લાગણી થાય છે, નેનકો. અમે સૌ એક જ માતાનાં સંતાનો છીએ, અને અમારાં દિલોમાં આખી દુનિયાના કામદારોના ભાઈચારાની અજેય નિષ્ઠાનું જોમ ભરેલું છે. એ ખ્યાલ અમારાં હૈયાંને હૂંફ આપે છે. એ તો ઇનસાફના આસમાનમાં ચળકતો સૂરજ છે, અને ઇનસાફનું આસમાન એટલે કામદારનું દિલ. સમાજવાદી ભલે ગમે તે હોય અને પોતાને ગમે તે કહેવડાવતો હોય પણ તે સદાને માટે અમારો ભાવનાબંધુ છે—ગઈકાલે, આજે, અને ભવિષ્યમાં સદૈવ!"

એવી બાળક સમી નિર્દોષ પણ દૃઢ નિષ્ઠા તેમની અંદર ફરી ફરીને વ્યક્ત થવા લાગી, વધારે ને વધારે ઉદાત્ત રૂપ ધારણ કરતી ગઈ, અને ધીરે ધીરે પ્રબળ તાકાત બની ગઈ. મા એવી નિષ્ઠા જોતી ત્યારે તેને સાહજિક લાગણી થતી કે જગતમાં સૂરજ જેવી મહાન અને તેજસ્વી કોઈ તાકાતનો ખરેખર ઉદય થયો છે અને પોતે તેને નજરે જોઈ શકે છે.

તેઓ ઘણી વાર ગાનતાનમાં ગુલતાન બની જતા. આનંદી મોટા અવાજે તેઓ સૌને જાણીતાં સાદાં ગીતો ગાતા, પણ ક્યારેક નવાં ગંભીર ગીતો પણ

ગાતા, અજબ માધુર્ય નીતરતી સરસ રાગણીઓ પણ ગાતા. એવાં ગીતો તેઓ દેવળના સંગીતની જેમ હળવે અવાજે ગાતા. ગાનારાઓના ચહેરા ઝગમગી ઊઠતા અને ફિક્કા પડી જતા, રણકતા શબ્દોમાં પ્રચંડ સામર્થ્ય પ્રગટ થતું.

એક નવું ગીત સાંભળીને તો માના હૈયાના તાર ખૂબ ઝણઝણી ઊઠયા હતા. શંકા અને દુવિધાની ભુલભુલામણીમાં એકાકી ભટકતા કોઈ દુ:ખી આત્માના વેદનામય ઉદ્‌ગારોનો અવાજ તેમાં નહોતો. ગરીબીથી કચડાયેલા, બીકથી દબાયેલા, અને જોમ તથા ગૌરવ વગરના જીવોનાં રોદણાંનું પ્રતિબિંબ પણ તેમાં નહોતું. વળી અવકાશમાં આથડતી આંધળી તાકાતના શોકમય નિસાસા કે ઈષ્ટ અને અનિષ્ટ ઉપર હલ્લો કરવા એકસરખા તત્પર આંધળુકિયા સાહસના પડકારો પણ તેમાં નહોતા. એ ગીતમાં અંધ વ્યથા અને વિનાશકારી પણ ઘડતર કરવા અસમર્થ વેરની મુરાદનું ગાન નહોતું. પુરાણી ગુલામ દુનિયાનું કશું જ તેમાં નહોતું.

ગીતના આકરા શબ્દો અને કઠોર રાગ માને ન ગમ્યાં. પરંતુ શબ્દો અને રાગની પાછળ કશુંક અધિક પ્રબળ છુપાયેલું હતું. તે શબ્દો અને રાગ ઉપર છવાઈને વિચારોથી ન આવરી શકાય એવા અતિ વિરાટ કશાકની લાગણી જગાવતું હતું. એ કશુંક તેને જુવાનિયાંની આંખો તથા ચહેરાઓમાં નજરે પડતું. શબ્દો અને સંગીતની સીમાઓને તોડી નાખતી તાકાતને વશ બની જઈને તે એ ગીત બીજા કોઈ પણ ગીત કરતાં વધારે ધ્યાનથી અને વધારે ઊંડી બેચેનીથી સાંભળતી.

તેઓ એ ગીત બીજાં ગીતો પછી ગાતા, પણ તે વધારે પ્રબળ લાગતું અને શરૂ થતી વસંતના પ્રથમ દિનની હવાની જેમ લોકોનાં દિલોને આવરી લેતું.

"આ ગીત સડકો પર ગાવાની વેળા આવી ગઈ છે," વેસોવશ્ચિકોવ અતડા અવાજે કહેતો.

તેનો બાપ નવી ચોરી બદલ ફરી વાર જેલમાં પહોંચી ગયો ત્યારે તેણે બિરાદરોને કહ્યું: "હવે આપણે મારે ત્યાં ભેગાં થઈ શકીએ."

લગભગ દરરોજ સાંજે કામ પછી પાવેલનો કોઈ દોસ્ત તેની ભેગો ઘેર આવતો. તેઓ હાથમોં ધોવાનીયે પરવા કર્યા વગર ઝટ ઝટ વાંચવા બેસી જતા અને નોંધો ટપકાવી લેતા. વાળુ અને ચા પણ તેઓ પુસ્તક હાથમાં રાખીને જ પતાવી લેતા. મા માટે તેમની વાતો સમજવાનું વધારે ને વધારે મુશ્કેલ બનતું ગયું.

"આપણે અખબાર શરૂ કરવું જોઈએ," પાવેલ ઘણી વાર કહેતો.

જિંદગી વધારે વેગીલી અને ઉત્તેજિત બનતી ગઈ. એક પછી બીજા ફૂલ પર ઊડતી રહેતી મધમાખીની જેમ સૌ એક પછી બીજા પુસ્તક ઉપર વધારે ઝડપથી પહોંચી જતા.

"આપણે વિશે વાતો થઈ રહી છે," એક વાર વેસોવશ્ચિકોવે કહ્યું. "થોડા વખતમાં ગિરફતારીઓ શરૂ થઈ જશે."

"માછલી જાળમાં સપડાવા જ પેદા થતી હોય છે," ખોખોલ બોલ્યો.

માના દિલમાં ખોખોલ પ્રત્યેનો ભાવ દિવસે દિવસે વધતો જતો હતો. તે નેનકો કહીને બોલાવતો ત્યારે માને લાગતું કે પોતાને ગાલે કોઈ ધાવણું બચ્ચું સુંવાળો હાથ ફેરવી રહ્યું છે. રવિવારે પાવેલ કામમાં હોય તો ખોખોલ લાકડાં ફાડી આપતો. એક દિવસ તે ખંધે પાટિયું ઉપાડીને લાવ્યો, અને તેણે આંગણનાં કોહી ગયેલાં પગથિયાંની જગ્યાએ ઝડપથી સરસ મઝાનાં નવાં બનાવીને ગોઠવી દીધાં. પડું પડું થઈ રહેલી વાડ પણ તેણે એક વાર એવી જ રીતે આવીને સરખી કરી દીધી. તે કામ કરતો હોય ત્યારે સીટી બજાવીને કોઈ સરસ રાગણીના સૂર રેલાવતો.

એક દિવસે માએ દીકરાને કહ્યું: "આપણે ખોખોલને આપણી ભેગો રહેવા બોલાવી લઈએ. એથી તમને બેઉને સગવડ પડશે—એકબીજાને ઘેર દોડાદોડી નહિ કરવી પડે."

"તારું જ કામ વધારવાનો નૂસખો ક્યાંથી ગોતી કાઢ્યો?" પાવેલે ખભા ઉલાળીને જવાબ આપ્યો.

"આખી જિંદગી મેં નકામા ઢસરડા કર્યા છે. થોડીક મહેનત એવા ભલા આદમી ખાતર કરીશ તો કંઈ વાંધો નહિ આવે."

"તારી મરજી," દીકરો બોલ્યો. "એથી મને તો ખુશી જ થવાની."

ખોખોલ તેમની ભેગો રહેવા લાગ્યો.

૮

વસતિને છેડે આવેલું નાનકડું ઘર લોકોનું ધ્યાન ખેંચવા લાગ્યું. કેટલાય પંચાતિયા માણસોની નજરો ઘરની દીવાલોને જાણે વીંધી નાખવા લાગી. અફવાની કાબરચીતરી પાંખો તેની ઉપર જોર જોરથી ફફડવા લાગી. ઢોળાવની કોર પર આવેલા ઘરની અંદર છુપાઈને બેઠેલા રહસ્યમય કશાકને બિવડાવીને

બહાર કાઢવાની લોકો કોશિશ કરવા લાગ્યા. કોઈ કોઈ તો રાતે બારી વાટે અંદર નજર નાખતું અને બારીનો કાચ ખખડાવતુંયે ખરું, પણ તરત જ ગભરાઈને ભાગી જતું.

એક દિવસ પેલાગેયાને રસ્તામાં પીઠાનો માલિક બેગુનત્સોવ ભેટી ગયો. તે સદ્ભાવી વૃદ્ધ આદમી હતો, હંમેશાં જાંબલી રંગના જાડા રુવાંટીદાર કપડાનું જાકીટ પહેરતો, અને રાતી ગરદનની લબડતી ચામડી ફરતો રેશમનો કાળો રૂમાલ બાંધતો. ચળકતા તીણા નાક ઉપર તે કાચબાની ઢાલનાં ચશ્માં પહેરતો એટલે લોકોએ તેનું નામ "હાડકાંની આંખ" પાડ્યું હતું.

તેણે શ્વાસ ખાધા વગર અને જવાબની વાટ જોયા વગર માની ઉપર જાણે સવાલો ને વાતોનો ધોધમાર વરસાદ વરસાવી દીધો.

"કેમ છો, પેલાગેયા નીલોવ્ના? દીકરો મઝામાં છે ને? પરણવાનો વિચાર કરે છે કે નહિ? મારા ખ્યાલમાં ઉંમર તો બરાબર પરણવાની થઈ ગઈ છે. દીકરા જેટલા વહેલા પરણી જાય એટલી વહેલી માબાપને નિરાંત. કુટુંબ હોય તો આદમીનાં તનમન મઝાનાં રહે — તેલમાં અથાણાની જેમ. તમારી જગ્યાએ હું હોત તો એને ઝટ પરણાવી દેત. જમાનો જ એવો છે — માણસના વર્તનની પાકી તકેદારી રાખે. લોકો મરજી પડે એમ કરવા લાગ્યા છે. ખ્યાલોમાં ને કામકાજમાં વધારે પડતી છૂટછાટ લેવાય છે. દેવળમાંયે નથી જતા ને જાહેર જગ્યાઓમાંયે નથી જતા. છાનાછપના અંધારા ખૂણામાં પહોંચી જાય છે અને ખાનગી વાતો બબડ્યા કરે છે. તમે જ કહો ને, એવાં છાનગપતિયાંની શી જરૂર છે? લોકોથી મોં શા સારુ છુપાવવાં પડે? માણસને એવી તે શી વાત કહેવાની હોય કે જાહેરમાં — સમજો કે પીઠામાં — ન કહી શકાય? ખાનગી વાતો? તેને માટે તો ફક્ત એક જ જગ્યા છે — દેવળ. ખૂણામાં સંતાઈને ખાનગી વાતો બબડવાનું તો જેનાં મન ગોટાળે ચડી ગયાં હોય એવા માણસો જ કરે. તબિયત જાળવજો, પેલાગેયા નીલોવ્ના! આવજો!"

તે માથેથી ટોપી ઉતારીને વિદાય લેતો ચાલતો થઈ ગયો. મા બિચારી ગૂંચવણમાં પડી ગઈ.

પછી એક વાર માને પાડોશણ મારિયા કોરસુનોવા બજારમાં મળી ગઈ. લુહારની વિધવા મારિયા કારખાનાને દરવાજે ખાવાનું વેચીને ગુજારો કરતી હતી. માને જોતાં જ તેણે કહ્યું:

"દીકરાની ઉપર બરાબર નજર રાખજે, પેલાગેયા!"

"કેમ વળી? શી વાત છે?" માએ પૂછ્યું.

"અફવાઓ ચાલે છે," મારિયા જાણે છાની વાત કરતી હોય એમ બોલી. "વસમી અફવાઓ, માડી. સાંભળ્યું છે કે પાવેલ તો છૂપો પંથ ચાલુ કરવાનો છે, આપસમાં ચાબખા ફટકારનારાઓનો હતો ને એવો, પછી એકબીજાને ચાબખા મારશે..."

"આ વળી શો બકવાદ, મારિયા!"

"આગ વગર ધૂંવાડો હોય જ નહિ," ફેરિયણ બોલી.

માએ દીકરાને બધી વાત કરી, પણ તેણે તો ફક્ત ખભા ઉલાળ્યા અને ખોખોલ પોતાની રીતે હળવું ઘેરું હસ્યો.

"વસતિની છોકરીઓ પણ નારાજ છે," મા બોલી. "તમે મઝાના જુવાનો છો, મહેનતુ છો, દારૂ પીતા નથી. કોઈ પણ છોકરી તમારા જેવો ધણી મળતાં પોતાને ભાગ્યશાળી ગણે, પણ તમે તો છોકરીઓની સામુંયે નથી જોતા. વાતો થાય છે કે શહેરની વંઠેલ છોકરીઓ તમને મળવા આવે છે..."

"બસ હવે, મા, રહેવા દે!" પાવેલ ઘૃણાથી મોઢું બગાડીને બોલ્યો.

"ઉકરડામાં બધુંય ગંધાય," ખોખોલ નિસાસો નાખીને બોલ્યો. "ગધેડીઓને જરાક સમજાવજો કે ઘર માંડવું એટલે શું, નેનકો. પછી તેઓ જિંદગી બરબાદ કરવા બહુ ઉતાવળી નહિ થાય."

"ભલા ભગવાન!" મા બોલી. "સૌ બરાબર જાણે છે ને સમજેય છે. પણ બીજું કરેય શું?"

"સમજવા લાગશે ત્યારે બીજું કરવાનું ઘણું મળી રહેશે," પાવેલ બોલ્યો.

માએ તેના મક્કમ ચહેરા ઉપર નજર નાખી.

"તો શીખવો ને! ચબરાક છોકરીઓને અહીંયાં બોલાવો."

"મુશ્કેલ છે," પાવેલ શુષ્ક ભાવે બોલ્યો.

"અખતરો કરીએ તો?" ખોખોલે પૂછ્યું.

પાવેલ થોડી વાર ચુપ રહીને બોલ્યો:

"જોડીઓ રચાઈ જશે, કેટલાંક પરણી જશે, અને વાત પૂરી થઈ જશે."

મા વિચારમાં ડૂબી ગઈ. પાવેલની તપસ્વી જેવી રુક્ષતા જોઈને તેને ફિકર થતી હતી. તેને ખબર હતી કે ખોખોલ જેવા ઉંમરમાં મોટા બિરાદરો પણ પાવેલની સલાહ માને છે, પરંતુ તેને લાગતું કે પાવેલની રુક્ષતાને લીધે સૌ તેનાથી ડરે છે, તે કોઈને વહાલો નથી.

એક વાર રાતે મા પથારીમાં પડી પડી સૂવાની કોશિશ કરી રહી હતી અને દીકરો તથા ખોખોલ હજુ વાંચી રહ્યા હતા ત્યારે પાતળા પાર્ટિશનની પાર બેઉની વચ્ચે હળવે અવાજે થતી વાતચીત તેને કાને પડી.

"મને નાતાશા બહુ ગમે છે," અચાનક ખોખોલ બોલી ઊઠયો.

"ખબર છે," થોડી વાર ચુપ રહીને પાવેલે કહ્યું.

અવાજ ઉપરથી માને લાગ્યું કે ખોખોલ ધીરેથી ઊભો થઈ ગયો છે અને ઉઘાડે પગે ઓરડામાં આંટા મારે છે. તે હળવે હળવે જાણે એકલતાના ભાવે સીટી વગાડવા લાગ્યો. પછી સીટી બંધ કરીને ફરી ધીમા અવાજે બોલ્યો:

"ખબર નથી એના ધ્યાનમાં આવ્યું હશે કે નહિ!"

પાવેલ કંઈ ન બોલ્યો.

"તને શું લાગે છે?" ખોખોલે લગભગ હોઠ જ ફફડાવીને પૂછ્યું.

"આવી ગયું છે," પાવેલે જવાબ આપ્યો. "એટલે જ અહીં આવવાનું એણે બંધ કરી દીધું છે."

ઓરડામાં આંટા મારતા ખોખોલના પગ જાણે ભારે થઈ ગયા. તેની હળવી સીટી વળી પાછી ગુંજી ઊઠી.

"એને વાત કરું તો?" તેણે પૂછ્યું.

"શી વાત?"

"એને કહું કે હું એને..." ખોખોલ ધીમા અવાજે બોલવા લાગ્યો.

"શા માટે?" પાવેલ વચમાં જ બોલી ઊઠયો.

માને લાગ્યું કે ખોખોલ ઊભો રહી ગયો છે અને તેનું મોં મલકી ઊઠયું છે.

"મને લાગે છે કે કોઈ છોકરીને ચાહતા હોઈએ તો એને કહી દેવું જોઈએ. નહિતર પરિણામ મીંડું આવે."

પાવેલે ચોપડી ધડાક બંધ કરી દીધી.

"તારે કેવું પરિણામ આણવું છે?" તેણે પૂછ્યું.

બેઉ ઘણી વાર સુધી ચુપ રહ્યા.

પછી ખોખોલે પૂછ્યું: "કેમ કંઈ કહેતો નથી?"

"તારા ઈરાદાનો તને સાફ ખ્યાલ હોવો જોઈએ, આન્દ્રેઈ," પાવેલ ધીરે ધીરે બોલ્યો. "ધાર કે એ પણ તને ચાહે છે—મને શંકા છે પણ ધારી લઈએ—અને તમે બન્ને પરણી જાઓ. અજબ જોડી બને! એ બુદ્ધિજીવી અને તું કામદાર. બચ્ચાં પેદા થશે અને તારે ગુજારો કરવા રાતદિવસ ઢસરડા કરવા પડશે. રોટી ખરીદવા, બચ્ચાંને ઉછેરવા, અને ભાડું ભરવા માટે જિંદગી જાણે ચક્કી બની જશે. અને આપણા ધ્યેયને એટલી ખોટ પડશે કે તમે બેઉ તેને તજી દેશો."

થોડી વાર ચુપકી છવાઈ ગઈ. પછી ફરી પાવેલ બોલ્યો, પણ તેના અવાજમાં અગાઉ જેટલી રુક્ષતા નહોતી.

"આન્દ્રેઇ, આ બધું ભૂલી જા. એની જિંદગી મુશ્કેલ ન બનાવ..."

નીરવતા. ઘડિયાળનું લોલક સાફ ટક ટક કરતું સેકંડો ગણી રહ્યું હતું.

"મારું અરધું હૈયું પ્રેમ કરે છે, અને અરધું હૈયું ધિક્કાર કરે છે. એને કંઈ હૈયું કહેવાય?" ખોખોલ બોલ્યો.

ચોપડીનું પાનું પલટાયું. પાવેલે પાછું વાંચવાનું શરૂ કરી દીધું હશે. મા આંખો બંધ કરીને પડી રહી. તેને તો શ્વાસ લેતાં પણ બીક લાગતી હતી. તેને ખોખોલની દયા આવી, પણ દીકરાની દયા એથીયે વધારે આવી.

"બિચારો પાશા!" તેને થયું.

"તો તારો ખ્યાલ છે કે મારે એને કંઈ ન કહેવું, એમ ને?" ખોખોલ અચાનક બોલી ઊઠયો.

"હા," પાવેલે શાંત ભાવે જવાબ આપ્યો.

"તો નહિ કહું," ખોખોલ બોલ્યો. થોડી પળો પછી હળવા અને ગમગીન અવાજે તેણે કહ્યું: "પાવેલ, તારી જિંદગીમાં પણ આવું બનશે ત્યારે તારી હાલત મુશ્કેલ બની જશે..."

"મારી હાલત તો મુશ્કેલ છે જ..."

પવન ઘરની દીવાલોને ઝપાટા લગાવતો રહ્યો, ઘડિયાળનું લોલક વીતતા વખતની ગણતરી કરતું રહ્યું.

"આ કંઈ મજાક નથી," ખોખોલ ધીરે ધીરે બોલ્યો.

મા તકિયામાં મોં દબાવીને ચુપચાપ રડવા લાગી.

સવારે તેને લાગ્યું કે આન્દ્રેઇ નાનો અને વધારે વહાલો લાગે એવો બની ગયો છે. દીકરો નિત્યની જેમ જ અક્કડ અને પાતળો અને ચુપ હતો. તે ખોખોલને હંમેશાં આન્દ્રેઇ ઓનીસિમોવિચ કહીને જ બોલાવતી. પણ આજે તેનાથી અજાણ્યે જ હેતાળ નામ બોલાઈ ગયું. તેણે કહ્યું:

"આન્દ્રેઇ, તમારા બૂટ ફાટી ગયા છે. જલદી ઠીક કરાવી લો, નહિતર ક્યાંક શરદી થઈ જશે."

"આવતા પગારે નવા બૂટ લેવાનો છું," તેણે હસીને જવાબ આપ્યો. પછી લાંબો હાથ માના ખભા ફરતો વીંટાળીને તે બોલ્યો: "કદાચ તમે જ છો મારી સગી મા! પણ હું બહુ કદરૂપો છું એટલે તમારે કબૂલ નથી કરવું, ખરું ને?"

માએ કશો જવાબ ન આપતાં તેનો હાથ પંપાળ્યો. તેને વાત્સલ્યથી છલકાતા ઘણા શબ્દો કહેવાનું મન થયું, પરંતુ તેના હૈયામાં અનુકંપાનો ભાર હતો એટલે હોઠેથી શબ્દો નીકળ્યા જ નહિ.

૯

વસતિના લોકો ચોપાનિયાં વહેંચનારા સમાજવાદીઓ વિશે વાતો કરવા લાગ્યા. ચોપાનિયાં નીલી રોશનાઈથી લખેલાં હતાં અને તેમાં કારખાનાના વહીવટની ટીકા કરવામાં આવી હતી, પિટર્સબર્ગ તથા દક્ષિણ રશિયાની હડતાલોનું વર્ણન કરવામાં આવ્યું હતું, અને કામદારોને પોતાનાં હિતોની રક્ષા કાજે એકતા સાધવાની હાકલ કરવામાં આવી હતી.

કારખાનામાં સારા પૈસા કમાતા આધેડ માણસો ભયંકર ગુસ્સે થઈ ગયા.

"ઉત્પાતિયાઓ!" તેઓ બોલી ઊઠયા. "આવાં કામાં કરનારાઓનાં તો માથાં જ ફોડી નાખવાં જોઈએ!"

તેમણે ચોપાનિયાં ઉપરીઓને પહોંચાડી દીધાં.

જુવાન કામદારો ચોપાનિયાં ઉત્સાહથી વાંચવા લાગ્યા.

"છે તો ખરી વાતો!" તેઓ આપસમાં કહેવા લાગ્યા.

રોજની કાળી મહેનતથી પિસાઈ ગયેલા મોટા ભાગના કામદારો ઉદાસીન ભાવે બોલ્યા:

"કંઈ વળવાનું નથી. અશક્ય છે."

પણ ચોપાનિયાંએ ચેતન પેદા કરી દીધું. એક વાર આખું અઠવાડિયું એકેય નવું ચોપાનિયું ન આવ્યું ત્યારે કામદારો માંહોમાંહે વાતો કરવા લાગ્યા:

"લાગે છે કે બંધ થઈ ગયાં."

પરંતુ પછીના સોમવારે નવાં ચોપાનિયાં બહાર પડયાં અને કામદારો વળી પાછા માંહોમાંહે ઘુસપુસ વાતો કરવા લાગ્યા.

કારખાનામાં અને પીઠામાં સાવ અજાણ્યા માણસો દેખાવા લાગ્યા. તેઓ આમતેમ નજર ફેરવતા, ખણખોતર કરતા, અને સવાલો પૂછતા. તેમની વધારે પડતી સાવચેતીને લીધે અથવા દરેકના કામની પંચાત કરવાની રીતને લીધે, સૌનાં મનમાં એકદમ સંદેહ પેદા થઈ જતો.

માને સમજાઈ ગયું કે આ બધી ધમાલ દીકરાની કામગીરીનું પરિણામ છે. તે જોતી કે લોકો દીકરાની તરફ ખેંચાઈ રહ્યા છે. એથી તેને ગર્વની લાગણી થતી, પણ સાથે સાથે દીકરાની સલામતી અંગે ફિકર પણ થતી.

એક વાર સાંજે મારિયા કોરસુનોવાએ વ્લાસોવ પરિવારની બારી ખખડાવી. માએ બારી ખોલી કે તરત જ મારિયા છાની વાત કરતી હોય તેમ પણ મોટા અવાજે બોલી:

"ધ્યાન રાખજે, પેલાગેયા! ભેદ ફૂટી ગયો છે. આજે રાતે તારા ને માઝિનના ને વેસોવશ્ચિકોવના ઘરની ઝડતી લેવાશે..."

પછી મારિયાના જાડા હોઠ એકદમ બિડાઈ ગયા, તેણે મોટા નાક વડે શ્વાસ ખેંચ્યા, અને રસ્તામાં કોઈથી સાવચેતી રાખતી હોય એમ આંખો મટમટાવીને આમતેમ જોયું.

"અને મને તો જાણે કશી ખબર જ નથી, મેં તને કંઈ કહ્યું જ નથી, અને આજે હું તને મળી જ નથી, સમજી ને?"

તે ચાલતી થઈ ગઈ.

મા બારી બંધ કરીને ધીરે ધીરે ખુરશીમાં બેસી ગઈ. પણ દીકરાની ઉપર ઝૂમી રહેલા જોખમનો ખ્યાલ આવતાં તે એકદમ ઊભી થઈ ગઈ. ઝડપથી કપડાં પહેરીને અને માથે શાલ લપેટીને તે ઉતાવળી ફ્યોદોર માઝિનને ઘેર પહોંચી ગઈ. ફ્યોદોર માંદો હતો એટલે કારખાને નહોતો ગયો. મા પહોંચી ત્યારે તે બારી પાસે બેઠો બેઠો વાંચતો હતો. તેના જમણા હાથનો અંગૂઠો સૂજી ગયો હતો અને તે દુખતા હાથને પંપાળી રહ્યો હતો. ખબર સાંભળીને તે ફિક્કો પડી ગયો અને ઊભો થઈ ગયો.

"આફત..." તે બબડયો.

"શું કરીશું?" પેલાગેયાએ ધ્રૂજતા હાથે કપાળનો પરસેવો લૂછ્યો.

"ઊભા રહો, ગભરાઓ નહિ," સાજો હાથ વાંકડિયા વાળ ઉપર ફેરવતો ફ્યોદોર બોલ્યો.

"ગભરાઈ તો તમેય ગયા છો!" મા બોલી ઊઠી.

"હું?" ક્ષોભથી તેનો ચહેરો લાલ થઈ ગયો અને તે લૂખું હસતો બોલ્યો. "હા... કેવી આફત... પાવેલને કહેવડાવવું પડશે. હમણાં કોઈને મોકલું છું. પણ તમે ઘેર જાઓ. બહુ ફિકર કરતાં નહિ. એ લોકો કંઈ મારવાના થોડા જ છે?"

મા ઘેર ગઈ અને તેણે બધાં પુસ્તકો ભેગાં કરીને હાથમાં ઉપાડી લીધાં. પછી ઓરડામાં આંટા મારતી મારતી તે સગડીમાં, સગડીની નીચે, અને પાણીના પીપડામાંયે નજર નાખવા લાગી. તેને હતું કે પાવેલ કારખાનેથી એકદમ ઘેર દોડી આવશે, પણ એમ ન બન્યું. આખરે થાકીને તે રસોડામાં બાંકડા ઉપર બેસી ગઈ. બધાં પુસ્તકો તેના ખોળામાં હતાં. તેને હલતાં પણ બીક લાગતી હતી. પાવેલ અને ખોખોલ આવ્યા ત્યાં સુધી તે એમ ને એમ બેઠી રહી.

"ખબર સાંભળી ને?" તે બેઠી બેઠી જ બોલી ઊઠી.

"હા," પાવેલ હસીને બોલ્યો. "તને બીક લાગે છે?"

"બેહદ..."

"બીવાની જરૂર નથી," ખોખોલ બોલ્યો. "એથી કંઈ ન વળે."

"સમોવાર પણ નથી પેટાવ્યો લાગતો," પાવેલ બોલ્યો.

"આને લીધે," મા વાંકના ભાવે બોલી અને પુસ્તકો તરફ આંગળી ચીંધતી ઊભી થઈ.

પાવેલ અને ખોખોલ ખડખડાટ હસી પડયા. એથી માને રાહત લાગી. પાવેલ થોડાંક પુસ્તકો નોખાં પાડીને સંતાડી દેવા બહાર લઈ ગયો.

"નેનકો, બીવાની તો જાણે વાત જ નથી," ખોખોલ સમોવાર પેટાવતો બોલ્યો. "ભારે અફસોસની વાત છે કે લોકો આવી બેવકૂફીમાં વખત વેડફે છે. વળી મોટા માણસો, નખશિખ હથિયાર સજેલા, આવીને અહીંયાં બધું ઊંધુંચત્તું કરી નાખશે—ખાટલા નીચે જોશે ને સગડી નીચે ફંફોળશે, ભંડકિયામાં ઊતરશે ને માળિયે ચડશે. બિચારાને મોઢે ઝાળાં ચોંટી જશે એટલે તેઓ નફરતથી ધુરકાટ કરશે. તેઓ બબડાટ કરશે અને શરમાઈ જશે એટલે ખૂબ આકરા ને ખૂબ ગુસ્સે હોવાનો ઢોંગ કરશે. તેઓ જાણે છે કે પોતાનું કામ કેવું જંગલી છે. એક વાર તેઓ મારી બધી ચીજો ફેંદતા ફેંદતા એટલા બધા અકળાઈ ગયા કે બધું પડતું મૂકીને રવાના થઈ ગયા. બીજી વાર મને ભેગો લઈ ગયા અને લગભગ ચાર મહિના જેલમાં ગોંધી રાખ્યો. જેલમાં કંઈ કરવાનું તો હોય જ નહિ—બેસી રહેવું ને વાટ જોવી. પછી સમન્સ આવે, સિપાઈઓ રસ્તે ચલાવતા લઈ જાય અને કોઈ મોટો હાકેમ સવાલો પૂછે. એ મોટા હાકેમોમાં જરાય અક્કલ ન બળી હોય—નકામો બકવાદ કર્યા કરે અને પછી સિપાઈઓને હુકમ આપે કે આને પાછો જેલમાં લઈ જાઓ. એવી રીતે આમથી તેમ દોડાવ્યા કરે—આખર એ લોકોનેય પગારના બદલામાં કંઈક તો કરવું જ પડે ને! અને વહેલા કે મોડા છોડી જ મૂકે—બસ એટલું જ!"

"તમારી તો હંમેશાં વાતો જ એવી, આન્દ્રેઈ!" મા બોલી.

ગોઠણભેર થઈને સમોવારમાં ફૂંક મારતા ખોખોલે રાતું મોં ઊંચું કરીને મૂછો સરખી કરતાં પૂછ્યું:

"કેવી?"

"જાણે તમને કોઈએ કદી હેરાન જ ન કર્યા હોય એવી..."

"હેરાનગતિનો ભોગ ન બન્યો હોય એવો કોઈ ઇન્સાન આ દુનિયામાં હશે ખરો?" ખોખોલ ઊભો થઈ ગયો અને માથું હલાવતો હસીને બોલ્યો.

"એ લોકોએ મને એટલો બધો હેરાન કર્યો છે કે હવે મને કંઈ લાગતું જ નથી. લોકો છે જ એવા—એટલે પછી થાય પણ શું? એની બહુ ફિકર કરીએ તો કામમાં દખલ પડે, અને એવું બધું મનમાં ઘોળ્યા કરીએ તો નકામો વખત બગડે. જિંદગી છે જ એવી! પહેલાં હું બહુ ગુસ્સે થઈ જતો, પણ પછી મને સમજાઈ ગયું કે એનો કશો અર્થ નથી. દરેકને બીક હોય છે કે પોતાને પાડોશી ઢીબી નાખવાનો છે, એટલે દરેક પહેલો મુક્કો પોતે જ લગાવવાની કોશિશ કરે છે. નેનકો, જિંદગીનું એવું જ છે, સમજ્યાં ને!"

તેની વાણી એકધારી વહેતી ગઈ અને માની તલાશીની બીક ખતમ થઈ ગઈ. ખોખોલની મોટી મોટી આંખો હસી રહી. માએ જોયું કે તે કઢંગો લાગતો હોવા છતાં ખૂબ ચપળ છે.

માએ નિસાસો નાખ્યો.

"ઈશ્વર તને સુખી કરે, આન્દ્રેઈ," તે ખરા દિલથી બોલી.

ખોખોલ ડગલાં ભરતો સમોવાર પાસે જઈને પાછો તેની સામે બેસી ગયો.

"થોડુંક સુખ મળી જાય તો હું ના નહિ પાડું, પણ સુખની ભીખ માગવા કદી નહિ જાઉં," તે હળવે અવાજે બોલ્યો.

પાવેલ પાછો આવ્યો.

"હવે એ લોકોના હાથમાં આવે જ નહિ," તે ખાતરીથી રણકતા અવાજે બોલતો હાથ ધોવા લાગ્યો. પછી હાથ લૂછતાં લૂછતાં તે મા તરફ ફર્યો.

"તારી બીક ધ્યાનમાં આવી જશે તો એ લોકોને થશે કે ઘરમાં કંઈક હશે એટલે જ તું થથરી ઊઠી છે. તને તો ખબર છે કે અમે કશું ખોટું કામ નથી કરતા. ઇનસાફ અમારે પક્ષે છે અને તેને ખાતર અમે આખી જિંદગી કામ કરતા રહીશું. અમારો ગુનો ફક્ત એટલો જ છે. તો પછી ગભરાવું શું કરવા?"

"હું સાવ સ્વસ્થ રહીશ, પાશા," માએ વચન આપ્યું. પણ બીજી જ પળે તે કંગાલ ભાવે બોલી ઊઠી: "ઝટ આવીને કરવું હોય તે કરી લે એટલે બસ!"

એ રાતે કોઈ ન આવ્યું. સવારે છોકરા ટોળમાં કંઈ બોલે તે પહેલાં મા પોતે જ હસીને બોલી:

"હું તો આફત આવે તે પહેલાં જ ગભરાઈ ગઈ!"

૧૦

એ રાતના ગભરાટ પછી લગભગ એક મહિને ઝડતી આવી. વેસોવશ્ચિકોવ મળવા આવ્યો હતો અને ત્રણેય બેઠા બેઠા પોતાના અખબાર અંગે વાતચીત કરી રહ્યા હતા. મોડી રાતનો વખત હતો, લગભગ મધરાત થઈ ગઈ હતી. મા સૂવા ચાલી ગઈ હતી અને ઘેરાતી નીંદરમાં તેમના ધીમા ચિંતાતુર અવાજ સાંભળતી હતી. પછી આન્દ્રેઈ દબાતે પગલે રસોડામાંથી બહાર ગયો અને તેણે બારણું બંધ કર્યું. અચાનક પ્યાલો પડી જવાનો અવાજ સંભળાયો, બારણું ખૂલી ગયું, અને આન્દ્રેઈ પાછો રસોડામાં દાખલ થઈને મોટેથી હોઠ ફફડાવતો બોલી ઊઠયો:

"એડીઓ ખખડી રહી છે!"

મા પથારીમાંથી સફાળી ઊભી થઈ ગઈ અને કપડાં લેવા નીચે વળી. તેના હાથ ધ્રૂજી રહ્યા હતા. એટલામાં પાવેલ બારણે આવીને શાંત અવાજે બોલ્યો:

"પાછી સૂઈ જા, તું માંદી છે."

બહારથી કશોક અવાજ સંભળાયો. પાવેલે જઈને બારણું ખોલી નાખ્યું અને સવાલ કર્યો:

"કોણ છે?"

તરત જ એક ઊંચો આદમી નજરે પડયો. તેની પાછળ બીજો આદમી દેખાયો. બેઉ યુનિફોર્મમાં હતા. બે સિપાઈઓ પાવેલને ધક્કો મારતા તેની બન્ને તરફ ગોઠવાઈ ગયા.

"તમે અમારી વાટ તો નહોતા જ જોતા ને?" તીણા અવાજમાં ઉપહાસ ભરેલો હતો.

બોલનારો માણસ લાંબો ને પાતળો અફસર હતો. તેને આછી કાળી મૂછો હતી. ફેદ્યાકિન નામનો એક સ્થાનિક પોલીસ માની પથારી પાસે ગયો.

"આ એની મા છે, નામદાર," તેણે એક હાથે ટોપી ઊંચી કરીને અને બીજે હાથ મા તરફ લંબાવીને કહ્યું. પછી પાવેલ તરફ આંગળી ચીંધીને તેણે ઉમેર્યું: "અને આ એ પોતે."

અફસરે આંખો સંકોડીને પૂછ્યું:

"પાવેલ વ્લાસોવ?"

પાવેલે માથું હલાવીને હા પાડી.

"મારે તારા ઘરની ઝડતી લેવાની છે," અફસરે મૂછો ફરકાવતાં કહ્યું. "ડોશી, ઊભી થઈ જા! ત્યાં કોણ છે?" બારણા વાટે બીજા ઓરડામાં નજર નાખતો અફસર ત્યાં ગયો.

"તમારાં નામ?" તેનો અવાજ સંભળાયો.

"બે સાક્ષીઓ અંદર આવ્યા. એક હતો જૂનો ફાઉન્ડ્રી કામદાર ત્વેર્યાકોવ, અને બીજો તેના ઘરમાં ઓરડો ભાડે રાખીને રહેતો ભારે કદનો અને ઘેરો વાન ધરાવતો સ્ટોકર રીબિન.

"કેમ છે, નીલોવ્ના!" તે તોછડા ઘોઘરા અવાજે બોલ્યો.

મા કપડાં પહેરતી પહેરતી હિંમત જાળવી રાખવા મનમાં બોલવા લાગી:

"આ તે કેવો જુલમ! અરધી રાતે ઘરમાં ઘૂસી ગયા! સૌ ઊંઘમાં પડયા હોય એવે ટાણે જ આવવાનું સૂઝયું!.."

ઓરડો ખીચોખીચ ભરાઈ ગયો હતો અને કોણ જાણે કેમ બૂટપોલિશની આકરી ગંધ ફેલાઈ ગઈ હતી. બે સિપાઈ અને સ્થાનિક પોલીસનો ઉપરી રીસકિન જોરથી પગ પછાડતા પુસ્તકો ઘોડા ઉપરથી ઉતારીને અફસરની સામે ટેબલ ઉપર ખડકવા લાગ્યા. બીજા બે જણે ભીંતે મુઠ્ઠીઓ મારીને પોલાણની તપાસ કરી જોઈ, ખુરશીઓ નીચે નજર નાખી, અને તેમાંથી એક તો મોટી સગડી ઉપર પણ ચડી ગયો. ખોખોલ અને વેસોવશ્ચિકોવ એક ખૂણામાં જોડાજોડ ઊભા હતા. નિકોલાઇના શીળીના ડાઘાવાળા ચહેરા ઉપર રાતાં ચાંદાં ઊપસી આવ્યાં. તેની નાનકડી રાખોડી આંખો અફસર ઉપર જડાયેલી હતી. ખોખોલ મૂછો ફરકાવતો ઊભો રહ્યો. મા ઓરડામાં દાખલ થઈ એટલે તેને હિંમત બંધાવવા તેણે જરાક હસીને માથું હલાવ્યું.

મા બીકની ઉપર કાબૂ રાખવાના ઇરાદે હંમેશની જેમ શરીર સંકોડીને ચાલવાને બદલે છાતી ટટ્ટાર રાખીને સીધી આગળ આવી. એથી તેના દેખાવમાં રમૂજી દમામ વરતાતો હતો. તે પગ પછાડતી ચાલતી હતી પણ તેનાં ભવાં ફરકી રહ્યાં હતાં...

અફસર પોતાના ધોળા હાથની પાતળી આંગળીઓ વડે એક પછી એક પુસ્તક ઉપાડીને પાનાં ફેરવી જોતો ઉસ્તાદીથી બાજુ પર ફેંકતો ગયો. કેટલાંક પુસ્તકો નીચે પડી ગયાં. કોઈ બોલતું નહોતું. પરસેવો ટપકાવતા સિપાઈઓ ભારે શ્વાસ ખેંચતા હતા, એડીઓ ખખડાવતા હતા, અને ક્યારેક ક્યારેક પૂછતા હતા:

"અહીંયાં જોઈ લીધું?"

મા પાવેલની પાસે તેની જેમ જ અદબ વાળીને ઊભી હતી. તેની નજર અફસર ઉપર મંડાયેલી હતી. તેના પગ ઢીલા પડી ગયા હતા અને તેની આંખોમાં જાણે સૂકાં પડ બાઝી ગયાં હતાં.

"ચોપડીઓ નીચે ફેંક્યા વગર નથી ચાલતું?" એકાએક નિકોલાઇનો તીખો અવાજ ચુપકીને ચીરતો સંભળાયો.

મા ચોંકી ગઈ. ત્વેર્યાકોવને જાણે કોઈએ હડસેલો માર્યો હોય એમ તેનું માથું આંચકો ખાઈ ગયું. રીબિને ઘુરકાટ કર્યો અને નિકોલાઇની ઉપર એકધારી નજર માંડી.

અફસરે આંખો સંકોડીને નિકોલાઇના શીળીના ડાઘાવાળા નિશ્ચલ ચહેરા ઉપર સરકતી નજર ફેરવી લીધી અને પુસ્તકોનાં પાનાં વધારે વેગે ફેરવવાનું શરૂ કર્યું. ક્યારેક તે પોતાની મોટી રાખોડી આંખો ખૂબ પહોળી કરી દેતો, જાણે કેમ તે અસહ્ય પીડાથી રિબાતો હોય અને લાચારીથી ચીસ પાડવાની અણી પર હોય.

"એય સિપાઈ, પુસ્તકો નીચેથી ઉપાડી લે!.." વેસોવશ્ચિકોવ ફરી બોલ્યો.

બધા સિપાઈઓ માથાં ફેરવીને પહેલાં નિકોલાઇની અને પછી અફસરની સામે જોવા લાગ્યા. અફસરે માથું ઊંચું કરીને નિકોલાઈની પહોળી કાયા ઉપર દાહક નજર નાખી.

"હં... ઉપાડી લો!" તે નાકમાંથી અવાજ કાઢતો બોલ્યો.

એક સિપાઈ નીચો વળીને વેરવિખેર પુસ્તકો ભેગાં કરવા લાગ્યો...

"નિકોલાઇ જીભડો ઝાલી રાખે તો સારું," માએ ધીમા અવાજે પાવેલને કહ્યું.

પાવેલે ખભા ઉલાળ્યા. ખોખોલે માથું નીચે નમાવી દીધું.

"આ બાઇબલ કોણ વાંચે છે?"

"હું," પાવેલે કહ્યું.

"આ બધાં પુસ્તકો કોનાં છે?"

"મારાં," વળી પાવેલે જવાબ આપ્યો.

"વારુ," અફસર ખુરશીમાં પીઠ ટેકવીને આરામથી બેસતો બોલ્યો. તેણે પાતળા હાથની આંગળીઓના ટચાકા ફોડયા, પગ ટેબલ નીચે લંબાવ્યા, મૂછે હાથ ફેરવ્યો, અને નિકોલાઇને પુછ્યું:

"આન્દ્રેઈ નાખોદકા તું કે?"

"હા," નિકોલાઇ એક કદમ આગળ આવતો બોલ્યો. ખોખોલે તેને ખભો પકડીને પાછળ ધકેલી દીધો.

"ના, આન્દ્રેઈ તો હું છું..." તેણે કહ્યું.

અફસરે હાથ ઊંચો કરીને વેસોવશ્ચિકોવની સામે આંગળી હલાવતાં કહ્યું:

"તને સીધો કરવો પડશે!"

પછી તે કાગળો તપાસવા લાગ્યો.

બહાર ફેલાયેલી ચાંદની બારીમાંથી નજરે પડતી હતી—ટાઢીબોળ ને ઉદાસીન. કોઈ રાહદારીના પગ નીચે ચંપાતા હિમનો કચર કચર અવાજ સંભળાતો હતો.

"નાખોદકા, તું રાજકીય ગુના બદલ જેલમાં જઈ આવ્યો છે, ખરું ને?" અફસરે પૂછ્યું.

"હા. એક વાર રોસ્તોવમાં ને બીજી વાર સારાતોવમાં. પરંતુ ત્યાં સિપાઈઓના વર્તનમાં થોડીક સભ્યતા હતી..."

અફસરે જમણી આંખ બંધ કરીને તેની ઉપર આંગળીઓ ઘસી. પછી તે નાનકડા દાંત દેખાડતો બોલ્યો:

"નાખોદકા, તમને ખબર છે કે કારખાનામાં જાહેરાતો ફેલાવતા લફંગાઓ કોણ છે?"

ખોખોલ હોઠ મલકાવતો પગની આંગળીઓના ટેકે ઊંચો થયો અને જવાબ આપવા જતો હતો એટલામાં નિકોલાઇનો અવાજ વળી રણકી ઊઠયો:

"લફંગા તો અમને અહીંયાં પહેલી જ વાર જોવા મળ્યા!.."

ચુપકી છવાઈ ગઈ. એક પળ કોઈ કંઈ જ ન બોલ્યું.

માના ચહેરા ઉપર જખમની નિશાની ધોળી પડી ગઈ અને તેનું જમણું ભવું ઊંચું થઈ ગયું. રીબિનની કાળી દાઢી વિચિત્ર રીતે ફરકવા લાગી. તે દાઢીમાં આંગળીઓ ફેરવવા લાગ્યો અને તેની નજર નીચે નમી ગઈ.

"કાળમુખાને બહાર લઈ જાઓ!" અફસર બરાડી ઊઠયો.

બે સિપાઈઓ નિકોલાઇના હાથ પકડીને તેને તોછડાઈથી ધક્કા મારતા રસોડામાં લઈ ગયા. ત્યાં નિકોલાઇએ જમીન પર પગ જમાવીને સિપાઈઓને થંભાવી દીધા અને કહ્યું:

"ઊભા રહો! કોટ પહેરી લઉં."

પોલીસનો ઉપરી વાડામાંથી પાછો આવ્યો.

"ત્યાં કંઈ નથી. અમે બધે તપાસ કરી લીધી."

"ન જ હોય ને!" અફસર હાંસીના ભાવે બોલ્યો. "આપણને અનુભવી આદમીની જોડે કામ પડ્યું છે..."

માને તેનો કમજોર બટકણો અવાજ સાંભળતાં અને તેના પીળા ચહેરા સામે દહેશતભરી નજરી જોતાં સમજાઈ ગયું કે તે સાધારણ લોકો પ્રત્યે કોઈ મોટા હાકેમ જેવી ઘૃણા ધરાવતો બેરહમ દુશ્મન છે. માને એવા માણસો ભાગ્યે જ જોવા મળતા અને તેમની હયાતીને તે લગભગ ભૂલી જ ગઈ હતી.

"તો ચોપાનિયાંથી ગભરાઈ જનારા માણસો આવા હોય છે," તેને થયું.

"નાખોદકા નામ ધરાવતા જારજ આદમી આન્દ્રેઈ ઓનીસિમોવિચ, તમને ગિરફતાર કરવામાં આવે છે."

"કારણ?" ખોખોલે સ્વસ્થ અવાજે પૂછ્યું.

"પછી જણાવવામાં આવશે," અફસરે મધઝરતા ખારથી કહ્યું. "તું ભણેલી છે?" તેણે પેલાગેયાને પૂછ્યું.

"ના," પાવેલે જવાબ આપ્યો.

"તને કોઈ નથી પૂછતું," અફસરે ખિજાઈને કહ્યું. "જવાબ દે, ડોશી!"

માના દિલમાં એ આદમી પ્રત્યે ધિક્કારની લાગણી છવાઈ ગઈ. તે જાણે બરફના પાણીમાં પડી ગઈ હોય એમ તેનું આખું શરીર અચાનક ધ્રૂજવા લાગ્યું. તેણે કાયા ટટ્ટાર કરી. તેના જખમની નિશાની ભૂરી પડી ગઈ અને તેનાં ભવાં ખોફનાક બની ગયાં.

"ઘાંટા પાડવાની જરૂર નથી," તે હાથ લાંબો કરતી બોલી. "તમે હજી જુવાન છો, આફત કેવી હોય એની તમને ખબર જ નથી..."

"મમ્મી, શાંતિ રાખ," પાવેલ તેને અટકાવતો બોલ્યો.

"ઊભો રહે, પાવેલ," તે બોલી ઊઠી, અને ટેબલ પાસે ધસી જઈને તેણે સવાલ કર્યો: "આ લોકોને શું કરવા પકડો છો?"

"એની સાથે તમારે કંઈ સંબંધ નથી! ચુપ રહો!" અફસર ઊભો થતો બરાડ્યો. "ગિરફતાર વેસોવશ્ચિકોવને લઈ આવો!"

પછી તેણે એક કાગળ સાવ નાક પાસે રાખીને વાંચવાનું શરૂ કર્યું.

વેસોવશ્ચિકોવને અંદર લાવવામાં આવ્યો.

અફસરે વાંચવાનું વચ્ચેથી અટકાવીને ઘાંટો પાડ્યો: "ટોપી ઉતાર!"

રીબિને મા પાસે જઈને તેને ખભા વડે જરાક હડસેલતાં ધીમેથી કહ્યું: "શાંતિ રાખ, મા..."

"મારા હાથ પકડી રાખ્યા છે તો ટોપી કેવી રીતે ઉતારું?" નિકોલાઈએ મોટેથી સવાલ કર્યો. કારવાઈની નોંધનું વાંચન તેના અવાજમાં ડૂબી ગયું

અફસરે કાગળ ટેબલ પર ફેંકતાં ઘાંટો પાડ્યો: "સહી કરો!"

મા સહીઓ થતી જોઈ રહી. તેનો રોષ ઢીલો પડ્યો. તેના દિલમાં હતાશા છવાઈ ગઈ, અને તેની આંખોમાં દુ:ખ તથા લાચારીનાં આંસુ ઊભરાયાં. શાદી પછીનાં વીશ વરસો દરમિયાન તેણે એવાં આંસુ ઘણી વાર સાર્યાં હતાં, પણ તેનો ઊનો ડંખ તે થોડા વખતથી લગભગ ભૂલી ગઈ હતી. અફસર તેની સામે જોઈને ઘૃણાથી ડાચું બગાડતો બોલ્યો:

"આંસુ પાડવાનું બંધ કરો, બાઈ, નહિતર ભવિષ્ય માટે કંઈ નહિ બચે!"

તેના દિલમાં વળી પાછું રોષનું મોજું ફરી વળ્યું અને તે બોલી ઊઠી:

"માનાં આંસુ કદી ખૂટે નહિ! તમારે મા હોય તો એને ખબર હશે!"

અફસરે કાગળો ભેગા કરીને ચળકતા તાળાવાળા નવા પોર્ટફોલિયોમાં ઉતાવળે ભરી દીધા.

"કૂચ!" તેણે હુકમ આપ્યો.

"આવજે, આન્દ્રેઈ! આવજે, નિકોલાઇ!" હાથ મિલાવતા પાવેલના અવાજમાં સ્વસ્થ હૂંફનો રણકાર હતો.

"તમે કદાચ થોડા વખતમાં જ ફરી મળશો," અફસરે લૂખું હસતાં કહ્યું.

વેસોવશ્ચિકોવનો શ્વાસ ભારે થઈ ગયો હતો. તેની જાડી ગરદનમાં નસો ફૂલી ગઈ હતી. તેની આંખોમાં રોષના અંગારા ચળકી રહ્યા હતા. ખોખોલે હોઠ મલકાવીને માથું હલાવ્યું અને માના કાનમાં કંઈક કહ્યું. મા ક્રોસનો સંકેત કરતી બોલી:

"ઉપરવાળો જુએ છે કે ખરું કોણ છે..."

સરકારી માણસો આખરે આંગણમાં ભેગા થઈને એડીઓ ખખડાવતા ચાલ્યા ગયા. રીબિન સૌથી છેલ્લે ગયો. જતાં પહેલાં તે વિચારમાં ડૂબી જઈને પાવેલને થોડી વાર એકીટસે જોતો રહ્યો.

"ઠીક ત્યારે, આવજો," કહેતો તે દાઢીમાં ઉધરસ ખાતો બહાર નીકળી ગયો.

પાવેલ બેઉ હાથ પીઠ પાછળ ભીડીને, ભોંયપટ પર વિખરાયેલાં પુસ્તકો તથા કપડાં બચાવતો, ઓરડામાં આંટા મારવા લાગ્યો.

"જોયું ને? આવું કરે છે." તે ગમગીન ભાવે બોલ્યો.

મા ઓરડાની ખેદાનમેદાન હાલત ચકળવકળ આંખે જોતી રહી.

"નિકોલાઇએ આટલી બધી તોછડાઈ કેમ કરી હશે?.." તેણે દિલગીરીના ભાવે પૂછ્યું.

"લાગે છે કે ધાક ખાઈ ગયો હતો એટલે," પાવેલે જવાબ આપ્યો.

"આવ્યા, પકડી લીધા, અને લઈ ગયા — બસ એમ જ!" મા હાથમાં હાથ દબાવતી બબડી.

દીકરાને ગિરફતાર નહોતો કરવામાં આવ્યો એટલે તેના દિલમાં જરાક શાંતિ હતી. પરંતુ પોતે જોયેલા બનાવની અસંગતિથી તેનું મન વ્યાકૂળ બની ગયું હતું.

"પીળિયાએ હાંસી ઉડાવી અને દહેશતમાં નાખી દેવાની કોશિશ કરી..."

"ઠીક, મમ્મી, ચાલ આ બધું સરખું કરી દઈએ," પાવેલ અચાનક નિર્ધારના ભાવે બોલ્યો.

તેણે માને મમ્મી કહીને બોલાવી અને તેના અવાજમાં પણ નિકટતાનો ભાવ હતો. માએ તેની પાસે જઈને તેના ચહેરા ઉપર નજર નાખી.

"તારું મન દુભાયું છે?" તેણે હળવે અવાજે પૂછ્યું.

"હા, મારું મન દુ:ખી છે. બીજાની ભેગો મને પણ લઈ ગયા હોત તો સારું હતું..."

માને લાગ્યું કે તેની આંખોમાં ઝળઝળિયાં બાઝી ગયાં છે.

"વખતની જ વાત છે, તને પણ લઈ જશે," તે નિસાસો નાખતી બોલી. તેને હતું કે એથી દીકરાને રાહત લાગશે.

"ખબર છે," પાવેલે જવાબ આપ્યો.

મા થોડીક વાર ચુપ રહીને ગમગીન અવાજે બોલી:

"તારું દિલ કેવું કઠણ છે, પાવેલ! ક્યારેક તો મને દિલાસો આપ! આમેય એવું બોલતાં મારું કાળજું કપાઈ ગયું હતું, અને તેં જખમ ઉપર મીઠું ભભરાવ્યું!"

પાવેલ નજર ઊંચી કરતો મા પાસે ગયો અને હળવા અવાજે બોલ્યો:

"મા, મને તો એવું કંઈ આવડતું જ નથી. તારે ટેવાઈ જવું પડશે."

માએ નિસાસો નાખ્યો, અને થોડી વાર ચુપ રહીને અવાજ ગળગળો ન બની જાય તેની તકેદારી રાખતાં પૂછ્યું:

"એ લોકો કેદીઓની ઉપર જુલમ કરતા હશે? સખત માર મારીને હાડકાં ભાંગી નાખતા હશે? મને એવો ખ્યાલ આવે છે ત્યારે... હૈયું વલોવાઈ જાય છે..."

"એ લોકો આત્માને કચડી નાખે છે... તેમના ગંદા હાથ આત્માની ઉપર તૂટી પડે ત્યારે ઘણી વધારે વેદના થાય છે..."

૧૧

બીજે દિવસે ખબર પડી કે બૂકિન, સામોઈલોવ, સોમોવ, અને બીજા પાંચ માણસોને પણ ગિરફતાર કરી લેવામાં આવ્યા હતા. સાંજે ફ્યોદોર માઝિન મળવા આવ્યો. તેના ઘરમાં પણ ઝડતી લેવામાં આવી હતી. તે ખુશમિજાજમાં હતો અને પોતે જાણે પરાક્રમ કર્યું હોય એવી લાગણી તેના મનમાં છવાયેલી હતી.

"ફ્યોદોર, તને બીક લાગેલી?" માએ પૂછ્યું.

તેનો ચહેરો ફિક્કો પડી ગયો, નસો ઊપસી આવી, અને નસકોરાં ફરકી ઊઠયાં.

"મને બીક હતી કે અફસર જરૂર ફટકારશે. જાડિયો હતો, કાળી દાઢી અને વાળથી ભરેલી આંગળીઓ, જાણે આંધળો હોય એમ નાક ઉપર કાળાં ચશ્માં. બરાડા પાડતો હતો અને પગ પછાડતો હતો. 'જેલ ભેગો કરી દઈશ!' તેણે ધમકી આપી. મને કોઈએ કદી માર્યો નથી, મા કે બાપુએ પણ નહિ. હું એકનો એક દીકરો હતો એટલે બેઉ મને ખૂબ વહાલ કરતાં."

તેણે થોડી વાર આંખો મીચી દીધી અને હોઠ દબાવ્યા, બન્ને હાથ ઝડપથી માથા ઉપર ફેરવીને વાળ પાછળ ધકેલી દીધા. પછી લાલચોળ આંખો વડે પાવેલની સામે જોતો તે બોલ્યો:

"કોઈ મને મારવાની હિંમત ક્યારેય કરશે તો હું તેની ઉપર કટારની જેમ તૂટી પડીશ, દાંત વડે પીંખી નાખીશ, પછી ભલે મને ત્યાં ને ત્યાં મારી નાખે!"

"તું તો સાવ દૂબળો પાતળો છે, તારામાં એટલું જોર જ ક્યાં છે!" મા બોલી.

"તોયે બરાબર લડવાનો," ફ્યોદોર દબાયેલા અવાજે બોલ્યો.

તે ગયો એટલે માએ પાવેલને કહ્યું:

"સૌથી પહેલો આ જ હિંમત હારી જવાનો..."

પાવેલ કંઈ ન બોલ્યો.

થોડી વાર પછી રસોડાનું બારણું ધીરેથી ખૂલ્યું અને રીબિન અંદર આવ્યો.

"કેમ છો?" તે લૂખું હસતાં બોલ્યો. "પાછો હું. કાલે એ લોકો મને લઈ આવ્યા હતા, આજે મારી મેળે આવ્યો છું." તેણે પાવેલ જોડે ભાવથી હાથ મિલાવ્યા અને પેલાગેયાને ખભે હાથ મૂકતાં કહ્યું:

"થોડીક ચા મળશે?"

પાવેલ તેનો મોટો ઘેરો ચહેરો, કાળી ભરપૂર દાઢી, અને ઘેરી આંખો ચુપચાપ નીરખતો રહ્યો. તેની એકધારી નજરમાં કશોક મર્મ હતો. મા સમોવાર પેટાવવા રસોડામાં ગઈ. રીબિન બેસી ગયો અને કોણીઓ ટેબલ ઉપર ટેકવીને પાવેલની સામે જોવા લાગ્યો.

પછી જાણે અધવચ્ચે અટકી ગયેલી વાત પાછી શરૂ કરતો હોય એવી રીતે બોલવાનું તેણે શરૂ કર્યું: "મારે જે કહેવું છે તે હું ખુલ્લે દિલે કહીશ. હું થોડા વખતથી તારી ઉપર નજર રાખતો રહ્યો છું. સાવ નજીક તો રહું છું. મારા ધ્યાનમાં આવી ગયું કે તારે ત્યાં ઘણા માણસો આવે છે પણ તેઓ દારૂ નથી પીતા અને ટંટાફિસાદ પણ નથી કરતા. આ થઈ પહેલી વાત. સરખી રીતે વર્તે એવા માણસો ચોક્કસ ધ્યાનમાં આવી જ જાય. મનમાં થાય જ કે આમ કેમ? હુંયે લોકોને આંખમાં કણાની જેમ ખૂંચું છું — સૌથી અળગો રહું છું એટલે."

તેનો અવાજ ભારે હતો પણ વાણી સહેલાઈથી વહેતી હતી. તેણે ઘેરો હાથ દાઢી ઉપર ફેરવ્યો અને પાવેલના ચહેરા ઉપર ઊંડી નજર માંડી.

"લોકો તારે વિશે વાતો કરવા લાગ્યા છે. દાખલા તરીકે મારો મકાનમાલિક. તને પાખંડી કહીને ભાંડે છે કારણ કે તું દેવળે નથી જતો. હુંયે નથી જતો. વળી ચોપાનિયાં. તારું કામ ને?"

"હા," પાવેલે જવાબ આપ્યો.

"શું બોલે છે એનું ભાન છે ને?" મા રસોડામાંથી ડોકું કાઢતી ગભરાટમાં બોલી ઊઠી. "તારું એકલાનું થોડું જ છે!"

પાવેલ હસી પડયો. રીબિન પણ હસ્યો.

"વારુ," તે બોલ્યો.

મા મોં ચડાવીને ચાલી ગઈ. તેના શબ્દો અવગણવામાં આવ્યા એથી તેનું મન જરાક દુભાઈ ગયું.

"ચોપાનિયાંનો ખ્યાલ તો જાણે મઝાનો છે. એથી લોકોમાં ખળભળાટ જાગે. બધાં મળીને ઓગણીસ હતાં, ખરું ને?"

"હા," પાવેલે જવાબ આપ્યો.

"તો તો મેં બધાંય વાંચ્યાં છે. એમાં કેટલીક વાતો સાફ નથી, અને કેટલીક બિનજરૂરી છે, પણ ઘણું કહેવાનું હોય ત્યારે બેચાર શબ્દો વધારાના આવી જ જાય."

રીબિન હસ્યો. તેના મજબૂત સફેદ દાંત નજરે પડયા.

"પછી—ઝડતી. મારું મન સૌથી વધારે તો એ વખતે જિતાઈ ગયું. તું ને ખોખોલ ને નિકોલાઈ—તમે સૌએ..."

જાણે માફક શબ્દો ગોતતો હોય એમ તે બારીની બહાર તાકવા અને ટેબલ ઉપર આંગળીઓ ટપટપાવવા લાગ્યો.

"તમારું ધોરણ સાફ જાહેર કરી દીધું—'તમે તમારું કામ કરો, નામદાર, અને અમે અમારું કામ ચાલુ રાખીશું.' ખોખોલ પણ મઝાનો આદમી છે. ક્યારેક એને કારખાનામાં વાતો કરતો સાંભળીને મને થતું: 'આની હિંમત તોડી તૂટે એવી નથી. એક મોત સિવાય બીજું કંઈ કારગત ન જ થાય. પોલાદી ઘડતર છે.' મારી ઉપર વિશ્વાસ બેસે છે, પાવેલ?"

"હા," પાવેલે માથું હલાવતાં જવાબ આપ્યો.

"સારી વાત! મારી સામું જો—મને ચાળીસ વરસ થઈ ગયાં છે—તારાથી બમણી ઉંમર થઈ છે અને વીશ ગણું જોયુંજાણ્યું છે. ત્રણ વરસ લશ્કરમાં હતો. બે વાર પરણ્યો—પહેલી મરી ગઈ ને બીજીને મેં કાઢી મૂકી. કોકેસસમાં રહી આવ્યો છું ને દુખોબોર્ત્સી*ને જોયા છે. એ લોકોને તો જિંદગીનો મુકાબલો કરતાં જ નથી આવડતું, ભાઈ!"

મા તેના એકધારા બોલ ધ્યાનથી સાંભળતી રહી. આવા આધેડ આદમીને પોતાના દીકરા પાસે દિલ ખોલતો જોઈને તેને ખુશી થઈ. પણ તેને પાવેલનું વર્તન સાવ લૂખું લાગ્યું, એટલે તેણે મહેમાનદારી વડે ખોટ પૂરી દેવાની કોશિશ કરી.

"કંઈક ખાશો, મિખાઈલ ઈવાનોવિચ?" તેણે પૂછ્યું.

"ના, મા, વાળુ કરીને આવ્યો છું. તો પાવેલ, તને લાગે છે કે જિંદગીમાં કંઈક કસર છે, ખરું ને?"

પાવેલ ઊભો થઈને ઓરડામાં આંટા મારવા લાગ્યો. તેના હાથ પીઠ પાછળ હતા.

"જિંદગી ખરી દિશામાં જઈ રહી છે," તેણે જવાબ આપ્યો. "એટલે જ તમે મારી જોડે દિલ ખોલીને વાત કરવા આવ્યા ને? ધીરે ધીરે કામગાર લોકો એક થતા જાય છે, અને આખરે એવો વખત પણ આવશે કે જ્યારે તમામ લોકો એક થઈ જશે. આપણી જિંદગી આકરી છે અને તેમાં ગેરઇનસાફી છે, પણ તે આપણી આંખો ખોલાવીને તેનો કારમો ભેદ છતો કરી રહી છે અને તેનો વેગ ઝડપી બનાવવાની રીત ઇન્સાનને બતાવી રહી છે."

---

*એક ધાર્મિક સંપ્રદાય.

"ખરી વાત!" રીબિન વચ્ચે બોલી ઊઠયો. "ઇન્સાનને પલટાવી નાખવો જોઈએ. અને માણુસ મેલો થઈને ગંધાવા લાગે તો એને ઘસીને નવડાવીએ તથા સાફ કપડાં પહેરાવીએ એટલે એ પાછો ઠીક થઈ જાય. પણ માણુસનું મન સાફ કેવી રીતે કરવું? સવાલ તો એ છે!"

પાવેલે ઉત્સાહથી કારખાનાની અને માલિકોની અને પરદેશોમાં કામદારો પોતાના અધિકારો ખાતર કેવી રીતે લડે છે તેની વાતો કરી. રીબિન પાવેલના એકધારા વાણીપ્રવાહમાં જાણે વિરામ ચિહ્નો મૂકતો હોય એમ ક્યારેક ટેબલ પર મુક્કી લગાવતો અને બોલી ઊઠતો:

"બરાબર!"

એક વાર તે હસી પડયો અને શાંત ભાવે બોલ્યો:

"તું હજી નાનો છો! લોકોને બરાબર જાણતો નથી!"

"નાના કે મોટાની વાત આપણે રહેવા દઈએ," પાવેલ રીબિનની સામે ઊભો રહી ગયો અને ગંભીર ભાવે બોલ્યો. "જોવાનું તો એ છે કે કોના વિચારો ખરા છે."

"તો તને લાગે છે કે પરમેશ્વરની વાતો કરીને આપણને બેવકૂફ બનાવવામાં આવે છે, ખરું ને? મનેય લાગે છે કે આપણા ધરમમાં કંઈ માલ નથી."

એ વખતે મા વચ્ચે બોલી ઊઠી. ઈશ્વર વિશે અને ઈશ્વરમાં પોતાની પ્યારી પવિત્ર શ્રદ્ધા જોડે સંકળાયેલી બાબતો વિશે દીકરો કંઈ કહેતો ત્યારે તે દીકરાનું ધ્યાન ખેંચવાની કોશિશ કરતી અને નાસ્તિકતાના આકરા શબ્દો બોલીને પોતાનું દિલ ન દુભાવવાની મૂંગી આજીજી કરતી. પરંતુ દીકરાની નાસ્તિકતાની પાછળ તેને નિષ્ઠાનો અણસારો વરતાયો. અને એથી તેના દિલને રાહત લાગી.

"એના વિચારો કેવી રીતે સમજવા?" તેના મનમાં સવાલ ઘોળાતો રહેતો.

તેને હતું કે દીકરાના શબ્દો સાંભળીને આ આધેડ આદમીને પણ પોતાના જેટલું જ માઠું લાગશે. પણ રીબિને શાંત ભાવે પાવેલને એવો સવાલ પૂછ્યો ત્યારે તેનાથી રહેવાયું નહિ.

"ઈશ્વરની વાત કરો ત્યારે સંભાળીને બોલજો!" તેણે ઊંડો શ્વાસ લીધો અને વધારે ઉત્તેજિત થઈને કહ્યું: "તમારે માનવું હોય એમ માનો, પણ મારો પરમાત્મા છીનવી લેશો તો મને ઘરડી ડોશીને દુ:ખના વખતે બીજો કોઈ આશરો નહિ રહે!"

તેની આંખોમાં આંસુ છલકાઈ ગયાં, અને વાસણ માંજતાં માંજતાં તેની આંગળીઓ ધ્રૂજી ઊઠી.

"મમ્મી, તું અમારી વાત સમજી નથી," પાવેલ હળવા અને વહાલભર્યા અવાજે બોલ્યો.

"માફ કર, મા," રીબિન ઊંડા ધીમા અવાજે બોલ્યો. પછી તેણે લૂખું હસીને પાવેલની સામે જોતાં ઉમેર્યું: "હું ભૂલી ગયો કે આ ઉંમરે તારાથી આવી વાતો સહન નહિ થાય."

"હું તારા મનના માયાળુ ને દયાળુ ઈશ્વરની વાત નહોતો કરતો," પાવેલ આગળ બોલ્યો, "પણ પાદરીઓ જેનો ડંડાની જેમ ઉપયોગ કરીને આપણને ડરાવે છે તેની, તેઓ જેનું નામ લઈને બધા લોકોને થોડાક માણસોની મેલી મુરાદની તાબેદારીમાં ધકેલી દેવાની કોશિશ કરે છે એ ઈશ્વરની વાત કરતો હતો..."

"બરાબર!" રીબિન ટેબલ ઉપર મુઠ્ઠી લગાવતો બોલી ઊઠયો. "એ લોકોએ આપણાં માથાં ઉપર ખોટો ઈશ્વર ઠોકી બેસાડયો છે! તેઓ જે કંઈ હાથમાં આવે તે ઉપાડીને આપણી સામે લડે છે! મા, જરાક વિચાર કરી જો: ઈશ્વરે માણસને પોતાના જેવો બનાવ્યો—એટલે એમ કે માણસ ઈશ્વર જેવો હોય તો ઈશ્વર માણસ જેવો હોય. પણ આપણે તો ઈશ્વર જેવા હોવાને બદલે જંગલી જનાવરો જેવા છીએ. દેવળો આપણી સામે ચાડિયો ધરે છે... ઈશ્વરને બદલાવી નાખવો પડશે, મા, એને પણ સાફ કરવો પડશે! એ લોકોએ ઈશ્વરને જૂઠાણાં અને બદનામીના વાઘા પહેરાવી દીધા છે, આપણ સૌના આત્માને ખતમ કરી નાખવાના ઇરાદે ઈશ્વરની સૂરત ચૂંથી નાખી છે..."

તે ધીમે અવાજે બોલ્યો હતો પણ તેનો દરેક શબ્દ માના દિલમાં સખત ફટકા જેવો હતો. અને તેનો કાળી દાઢીવાળો મોટો ડાઘુ જેવો ચહેરો જોઈને માને બીક લાગી. તેની આંખોનો ઘેરો ચળકાટ મા સહન ન કરી શકી અને તેના દિલમાં બીકની પીડા થવા લાગી.

"હું ચાલી જાઉં છું," તે માથું ધુણાવતી બોલી. "આવી વાતો સાંભળવાની મારામાં હામ નથી."

તે ઝડપથી ડગલાં ભરતી રસોડામાં ચાલી ગઈ, અને રીબિન આગળ બોલ્યો:

"જોયું ને, પાવેલ? તમામ બાબતોનું મધ્યબિંદુ માથું નહિ પણ હૈયું છે. માનવીની હસ્તીમાં તેનું સ્થાન અનેરું છે, ત્યાં બીજું કશું ઊગતું જ નથી..."

"માત્ર બુદ્ધિનો ઉપયોગ જ ઇન્સાનને આઝાદ કરી શકે," પાવેલે દૃઢતાથી કહ્યું.

"તેને તાકાત બુદ્ધિ નથી આપતી," રીબિન મોટે અવાજે દલીલ કરતો પોતાની વાતને વળગી રહ્યો. "તેને તાકાત તો હૈયું આપે છે, માથું નહિ!"

મા કપડાં બદલાવીને પથારીમાં પડી. તેણે રોજની પ્રાર્થના પણ ન કરી. તેની કાયા ટાઢથી ધ્રૂજતી હતી અને તેનું મન દુ:ખી હતું. તેને રીબિન શાણો આદમી લાગ્યો હતો. શરૂઆતમાં તેની છાપ બહુ સારી પડી હતી. પણ હવે તેના પ્રત્યે માના દિલમાં અણગમો પેદા થઈ ગયો.

તેનો અવાજ સાંભળતાં માને થયું: "પાખંડી! બળવાખોર! અહીંયાં આવ્યો જ શું કરવા?"

પણ રીબિન તો શાંત આત્મવિશ્વાસના ભાવે બોલતો રહ્યો.

"પુનિત સ્થળને ખાલી ન રખાય. માનવીના હૈયામાં ઈશ્વર સૌથી કોમળ સ્થાને વસેલો હોય છે. તેને કાપી નાખો એટલે મોટો જબ્બર જખમ થઈ જાય. નવો ધર્મ ઘડી કાઢવો પડશે, પાવેલ, ઇન્સાનનો દોસ્ત બની રહે એવો ઈશ્વર ઘડી કાઢવો પડશે, એમાં છૂટકો નથી!"

"ઈસુ ખ્રિસ્ત હતો, એવો ઈશ્વર!" પાવેલ બોલી ઊઠયો.

"ખ્રિસ્ત કમજોર હતો. તેણે કહેલું: 'પ્યાલો મારી કનેથી ગુજરવા દો!' અને તેણે સીઝરને માન્યતા આપેલી. પોતે સર્જેલા જીવોની ઉપર માનવીની સત્તા ઈશ્વર કેવી રીતે માન્ય કરી શકે? ઈશ્વર પોતે જ સર્વશક્તિમાન હોય છે! તે પોતાના આત્માના ભાગલા ન પાડી શકે કે આ મારો ભાગ અને આ માનવીનો ભાગ... વળી તેણે વેપારને તેમ જ લગ્નપ્રથાને માન્યતા આપેલી. અને અંજીરવૃક્ષની ઉપર કદુવા વરસાવવામાં તેણે ભૂલ કરેલી—ફળ ન આવે એટલે કંઈ વૃક્ષની ઉપર દોષ ઢોળી શકાય? ભલાઈ ન ખીલવવા બદલ માનવીના આત્મા ઉપર પણ દોષ ન જ ઢોળી શકાય. મારા આત્મામાં બૂરાઈ શું મેં જ રોપી હોય?"

ઓરડામાં બે અવાજો એકબીજાની સામે ટકરાતા રહ્યા અને જોમદાર રસાકસી જામી ગઈ. પાવેલ આમથી તેમ આંટા મારી રહ્યો હતો અને તેના પગ નીચે દબાતાં ભોંયપટનાં પાટિયાં કડકડ અવાજ કરી રહ્યાં હતાં. પાવેલ બોલતો ત્યારે બીજા બધા અવાજો તેના રણકારમાં ડૂબી જતા, પણ રીબિન શાંત ઊંડા અવાજે બોલતો ત્યારે માને લોલક હલવાના અને ઘરની દીવાલો પર ઝપાટા લગાવતા હિમના અવાજ સંભળાતા.

"હું મારા જ શબ્દોમાં કહું—ભઠ્ઠીમજૂરના શબ્દોમાં કહું: ઈશ્વર તો જાણે જ્યોતિ જેવો છે અને હૈયામાં વસે છે. કહેવાય છે કે 'આરંભમાં શબ્દ હતો અને શબ્દ ઈશ્વર હતો.' શબ્દ એટલે ભાવના."

"ના, બુદ્ધિ," પાવેલે દૃઢતાથી કહ્યું.

"ઠીક. તો પછી ઈશ્વર હૈયામાં છે અને બુદ્ધિમાં છે. દેવળમાં તો નથી જ. દેવળ તો ઈશ્વરની કબર છે."

માને નીંદર આવી ગઈ. તેને ખબરેય ન પડી કે રીબિન ક્યારે ગયો.

ત્યાર પછી રીબિન વારંવાર આવતો રહ્યો. તે આવે ત્યારે પાવેલના બિરાદરો બેઠા હોય તો રીબિન એક ખૂણામાં બેસીને ચુપચાપ સાંભળતો રહેતો અને ક્યારેક ક્યારેક બોલી ઊઠતો: "બરાબર!"

એક દિવસ તે પોતાની ઘેરી નજર આખી મંડળી ઉપર ફેરવતો ગમગીન અવાજે બોલ્યો:

"હાલત કેવી છે તેની વાત કરો, કેવી બનશે તેની નહિ. કોને ખબર છે કેવી બનશે? લોકોને આઝાદી મળી જાય ત્યારે તેઓ પોતે જ સૌથી સારો માર્ગ પસંદ કરી લેશે. લોકોની ઈચ્છા વગર જ તેમનાં માથાંમાં ઘણું ઘણું ઠાંસી દેવામાં આવ્યું છે. હવે તેમને પોતાની અક્કલનો ઉપયોગ કરવાની તક આપો. સંભવ છે કે તેઓ કદાચ બધું જ—સમગ્ર જિંદગી અને જ્ઞાનવિજ્ઞાન—નકારી કાઢે. સંભવ છે કે તેમાં તેમને દેવળના ઈશ્વર જેવો દુશ્મન જ નજરે પડે. પુસ્તકો લોકોના હાથમાં મૂકી દો—તેઓ પોતે જ બધા જવાબ ખોળી કાઢશે. મારો તો એવો જ મત છે!"

પાવેલ અને રીબિન એકલા હોય ત્યારે અંતહીન ચર્ચાઓમાં ડૂબી જતા પણ ક્યારેય તપી ન ઊઠતા. મા દરેક શબ્દ આતુરતાથી સાંભળતી અને તેમની વાતો સમજવાની કોશિશ કરતી. ક્યારેક તેને લાગતું કે પહોળા ખભા અને કાળી દાઢીવાળો આદમી તેમ જ પોતાનો જોરાવર ઊંચો દીકરો આંધળા બની ગયા છે. તેઓ પહેલાં એક દિશામાં અને પછી બીજી દિશામાં માર્ગ ઢૂંઢતા જતા, એક જગ્યાએથી બીજી જગ્યાએ ખસતા, મજબૂત પણ નજર વિહોણી આંગળીઓમાં ચીજો પકડીને નીચે પાડી દેતા અને પગ નીચે કચરી નાખતા. તેઓ ચીજો સાથે અથડાઈ જતા, તેને પારખી લેતા, અને નિષ્ઠા કે આશા તજ્યા વગર ફગાવી દેતા...

નિખાલસતા અને હિંમતને લીધે ખોફનાક લાગતા તેમના શબ્દો ધ્યાનથી સાંભળવાનું મા ધીરે ધીરે શીખતી ગઈ. પરંતુ હવે એ શબ્દો અગાઉની જેમ

તેને આઘાત નહોતા પહોંચાડતા. તેણે શબ્દોનો મુકાબલો કરતાં શીખી લીધું હતું. તેને ક્યારેક ક્યારેક લાગતું કે ઈશ્વરને નકારી કાઢતા શબ્દોની પાછળ ઈશ્વરમાં ઊંડી શ્રદ્ધા છુપાઈને પડેલી છે. એવું લાગે ત્યારે તેના હોઠ ઉપર બધું માફ કરી દેતો મલકાટ ઝબકી જતો. તેને રીબિન હજી બહુ ગમતો નહોતો, પણ તેના પ્રત્યે અગાઉ જેવી સખત અણગમાની લાગણી હવે તેના દિલમાં નહોતી પેદા થતી.

તે દર અઠવાડિયે પુસ્તકો અને સાફ કપડાં ખોખોલને જેલમાં પહોંચાડતી. એક વાર તેને મુલાકાતની છૂટ આપવામાં આવી.

"જરાય બદલાયો નથી," મળીને પાછી આવી ત્યારે તેણે કહ્યું. તેના અવાજમાં વાત્સલ્ય છલકાતું હતું. "સૌની તરફ ખૂબ સદ્ભાવ રાખે છે, અને બધા એની જોડે ટોળટપ્પા કરતા હોય છે. એનું મન દુ:ખી છે, બહુ જ દુ:ખી છે, પણ કોઈને ખબર પડવા દેતો નથી..."

"એમ જ હોવું જોઈએ," રીબિન બોલ્યો. "વેદના તો ખાલ છે અને આપણે સૌ તેમાં સમાયેલાં છીએ. આપણને એવું આવરણ ફાવી ગયું છે. એમાં ગર્વ કરવા જેવું કશું નથી. સૌની આંખે કંઈ પાટા નથી બાંધી દેવામાં આવતા. કોઈ કોઈ તો પોતે જ આંખો બંધ કરી લે છે! આપણે જ મૂઢ હોઈએ તો મોં મલકાવીને બેસી રહેવું, બીજું શું!.."

૧૨

વ્લાસોવ પરિવારના નાનકડા ભૂખરા ઘર અંગેનું કુતૂહલ લોકોમાં દિવસે દિવસે વધતું ગયું. તેમાં સંદેહ અને અણજાણ દ્વેષની છાયા હતી. પણ તેની સાથે સાથે વિશ્વાસભરી જિજ્ઞાસા પણ પેદા થઈ હતી. ક્યારેક કોઈ અજાણ્ય માણસ તેને ઘેર આવીને ચોમેર છાની નજર ફેરવતો કહેતો:

"ભાઈ, તું તો પુસ્તકો વાંચે છે અને કાનૂન જાણે છે, જરા આટલું સમજાવ ને..."

પછી અરજદાર પોલીસ અથવા કારખાનાના વહીવટે કરેલા કોઈ ગેરઈનસાફની કથની સુણાવતો. અટપટા મામલાઓમાં પાવેલ શહેરના ઓળખીતા વકીલના નામે ચિઠ્ઠી લખી આપતો, પણ બને ત્યારે પોતે જ સમજાવતો.

સાદી અને હિંમતભરી રીતે બોલતા, દરેક બાબતમાં આંખો ઉઘાડી અને કાન સાવચેત રાખતા, દૃઢતાથી દરેક મતભેદને તળિયે પહોંચી જતા, અને

હંમેશાં તેમ જ દરેક ઠેકાણે તમામ લોકોને સાંકળી લેતા સામાન્ય તાર ગોતી કાઢતા ગંભીર જુવાન પ્રત્યે લોકો ધીરે ધીરે આદર ધરાવવા લાગ્યા.

"કાદવના કોપેક"ના કિસ્સા પછી તો પાવેલનો મોભો ખૂબ વધી ગયો.

કાદવકીચડથી લદબદ જમીનનો મોટો વિસ્તાર લગભગ આખા કારખાના ફરતું ભેજનું કુંડાળું રચતો પથરાયેલો હતો. તેમાં ફર અને બર્ચવૃક્ષોનાં ઝુંડ ઊગી નીકળ્યાં હતાં. ઉનાળામાં તેમાંથી ઘાડી પીળી વરાળના ગોટા પેદા થતા. એથી મચ્છરો ઊડીને વસતિમાં પહોંચી જતા અને લોકોને તાવમાં પટકી દેતા. એ બધી જમીન કારખાનાની હતી. નવા ડાયરેક્ટરે જમીનમાંથી પાણી ખેંચી લઈને તેને સૂકી બનાવી દેવાનું અને તેમાંથી પીટ કાઢીને વધારે નફો કમાવાનું નક્કી કર્યું. આ બધી કામગીરી કામદારોની જિંદગી સુધારવા માટે કરવામાં આવે છે એવું બહાનું કાઢીને તેણે ખર્ચના બદલામાં કામદારોના પગારના દરેક રૂબલમાંથી એક એક કોપેક કાપી લેવાનો ફેંસલો જાહેર કર્યો.

કામદારો ખીજે ભરાઈ ગયા. તેમણે ખાસ વાંધો તો એ બાબત સામે ઉઠાવ્યો કે કોપેકની કપાતની જાહેરાતમાં બિનકામદાર નોકરોને સામેલ નહોતા કરવામાં આવ્યા.

ડાયરેક્ટરે ફેંસલાની જાહેરાત કરી એ શનિવારે પાવેલ માંદગીને લીધે કામ પર નહોતો ગયો એટલે તેને કશી ખબર નહોતી. બીજે દિવસે ઇજ્જતદાર ઘરડો ફાઉન્ડ્રી કામદાર સિઝોવ અને બબડાટિયો મિકેનિક માખોતિન તેને મળવા આવ્યા. બેઉ જણે ડાયરેક્ટરના ફેંસલાની વાત તેને જણાવી.

"અમે જૂના કામદારોએ ભેગા થઈને આપસમાં વાતચીત કરી," સિઝોવ ગંભીર ભાવે બોલ્યો. "બિરાદરોએ અમને તારી પાસે મોકલ્યા છે. ડાયરેક્ટર મચ્છરોનો મુકાબલો અમારા કોપેક કાપીને કરી શકે એવો કોઈ કાનૂન છે?"

"યાદ છે?" માખોતિન બોલ્યો. તેની સાંકડી આંખો ચમકારા મારી રહી હતી. "ચાર વરસ પહેલાં મખ્ખીચૂસોએ હમામ બાંધવાની વાતો ઘડી કાઢીને અમારા પૈસા લઈ લીધેલા — ત્રણ હજાર ને આઠસો રૂબલ! એ પૈસા ક્યાં ગયા? હમામ કેવું ને વાત કેવી!"

પાવેલે સમજાવ્યું કે કોપેકની કપાત તદ્દન ગેરઇનસાફી છે, અને જમીનમાંથી પાણી ખેંચી લેવાય તો એથી કારખાનાને જ વધારે નફો થાય. વિચારમાં ડૂબી ગયેલા બેઉ કામદાર ચાલ્યા ગયા. મા બારણું વાસીને પાછી આવી અને જરાક હસતી બોલી: "હવે તો ઘરડા માણસો પણ તારી સલાહ લેવા આવે છે!"

પાવેલ કશો જવાબ આપ્યા વગર બેસીને લખવા લાગ્યો. થોડી વાર પછી તેણે કહ્યું:

"મા, એક કામ છે. આ ચિઠ્ઠી શહેરમાં પહોંચાડી આવ."

"જોખમી છે?" માએ પૂછ્યું.

"હા. તારે અમારું અખબાર છપાય છે ત્યાં જવાનું છે. આ કાદવના કોપેકની વાત આવતા અંકમાં ગમે તે ભોગે છપાવી જ જોઈએ."

"સારું, પહોંચાડી દઈશ."

દીકરાએ માને પહેલી જ વાર કામ સોંપ્યું હતું. તેણે તદ્દન સાફ દિલે વાત કરી એટલે મા ખુશ થઈ ગઈ.

"હું સમજું છું, પાશા," કપડાં પહેરતાં પહેરતાં તે બોલી. "આ તો નરી લૂંટ છે! માણસનું નામ શું કહ્યું—યેગોર ઈવાનોવિચ?"

તે સાંજે મોડી પાછી ફરી ત્યારે થાકેલી પણ ખુશ હતી.

"ત્યાં સાશાને મળેલી. તને સલામ કહેવડાવ્યા છે," તેણે દીકરાને કહ્યું. "યેગોર ઈવાનોવિચ સીધાસાદા ને ખૂબ આનંદી માણસ છે. એવી રમૂજી રીતે વાત કરે છે!"

"એ લોકો તને ગમ્યા એટલે મને ખુશી થઈ," પાવેલ ભાવથી બોલ્યો.

"સીધાસાદા ઈન્સાનો છે, પાશા. ડોળદમામ વગરના માણસોને મળીએ ત્યારે બહુ સારું લાગે. અને સૌ તારું બહુ માન રાખે છે."

પાવેલ સોમવારે પણ કામે ન ગયો. તેની તબિયત હજી સાવ ઠીક નહોતી થઈ. બપોરની રજામાં ફ્યોદોર માઝિન દોડતો આવ્યો. તેને શ્વાસ ચડી ગયો હતો. તે ખુશ અને ઉત્તેજિત હતો.

"ચાલો!" તે બોલી ઊઠયો. "આખા કારખાનામાં ખળભળાટ મચી ગયો છે. તમને બોલાવવા આવ્યો છું. સિઝોવ અને માખોતિને કહ્યું કે તમે વાત બીજા કોઈ કરતાં બહેતર સમજાવી શકશો. ખરી ધમાલ મચી ગઈ છે!"

પાવેલ કશું બોલ્યા વગર કપડાં પહેરવા લાગ્યો.

"બાઈઓ પણ ભેગી સામેલ થઈ ગઈ છે અને અવાજ ઉઠાવી રહી છે."

"હુંયે આવું છું," મા બોલી. "શું કરવા ધાર્યું છે? હુંયે આવું છું!"

"ચાલ," પાવેલે કહ્યું.

તેઓ ચુપચાપ ઝડપથી ચાલતાં રસ્તો કાપવા લાગ્યાં. મા ઉત્તેજિત દશામાં શ્વાસ પણ માંડ માંડ લઈ શકતી હતી. તેને લાગતું હતું કે કોઈ ભારે મહત્ત્વનો બનાવ બનવાનો છે. કારખાનાને દરવાજે બાઈઓનું ટોળું ખીજે ભરાઈને

દેકારા કરી રહ્યું હતું. ત્રણેય કારખાનાના ચોગાનમાં દાખલ થયા ત્યારે ત્યાં ભેગી થઈ ગયેલી કોપાયમાન મેદની ઉશ્કેરાટમાં હાકોટા પાડી રહી હતી. માએ જોયું કે સૌની નજર ફાઉન્ડ્રીની દીવાલ તરફ મંડાયેલી છે. ત્યાં સિઝોવ, માખોતિન, વ્યાલોવ, અને બીજા પાંચ કે છ મોભાદાર કામદારો ઈંટની દીવાલ પાસે જૂના લોખંડના ખડકલા ઉપર ઊભા હતા.

"વ્લાસોવ આવે છે!" કોઈએ ઘાંટો પાડયો.

"વ્લાસોવ? અહીંયાં લઈ આવો!.."

"શાંતિ!" કેટલાય અવાજ ગરજી ઊઠયા.

ક્યાંક નજીકથી રીબિનનો સ્વસ્થ અવાજ સંભળાયો.

"આપણી લડત કોપેકની નહિ પણ ઇનસાફની છે! આપણને આપણો કોપેક બહુ વહાલો નથી—એ કંઈ બીજાના કોપેક કરતાં વધારે ગોળ નથી, પણ આપણો કોપેક આપણને વધારે મુશ્કેલીથી મળે છે—તેમાં ડાયરેકટરના રૂબલ કરતાં વધારે માનવલોહી ભરેલું હોય છે! મૂલ્ય કોપેકનું નહિ પણ લોહીનું છે, ઇનસાફનું છે."

"બરાબર, રીબિન!"

"ખરી વાત, સ્ટોકર!"

"વ્લાસોવ! વ્લાસોવ!"

પોકારો ભેગા મળીને ગર્જના બની ગયા, અને મશીનોની ધણધણાટી તથા વરાળના ફૂંફાટા તથા તારનું ગુંજન, બધું તેમાં ડૂબી ગયું. લોકો હાથ હલાવતા અને ડંખીલા શબ્દો વડે એકબીજાને ઉશ્કેરતા બધી દિશાએથી દોડતા આવવા લાગ્યા. થાકેલી છાતીઓની અંદર સદા અંગારાની જેમ બળતો રહેતો અસંતોષ ચેતનમય બનીને બહાર નીકળી પડવા લાગ્યો, તે ફતેહના મદમાં ઊડતો ઊંચા આકાશે પહોંચી ગયો, અને પોતાની ઘેરી પાંખો વધારે ને વધારે પહોળી ફેલાવતો તથા લોકોની ઉપર પોતાની પકડ વધારે મક્કમ બનાવીને તેમને એકબીજાની સામે ટકરાવતો વેરભરી જ્વાળામાં પલટાઈ ગયો. મેદનીની ઉપર ધૂળ અને મેશની ડમરીઓ ઊડીને ફેલાઈ જવા લાગી, પરસેવા ટપકાવતા ચહેરાઓમાં ઉશ્કેરાટ ચમકારા મારવા લાગ્યો, ગાલો ઉપર કાળાં આંસુના ડાઘા પડી ગયા, મેલી સૂરતોમાં આંખો અને દાંતના ઝબકારા થવા લાગ્યા.

પાવેલ લોખંડના ખડકલા ઉપર સિઝોવ અને માખોતિનની પાસે પહોંચી ગયો.

"બિરાદરો!" તેણે હાકલ કરી.

માએ જોયું કે તેનો ચહેરો ખૂબ ફિક્કો પડી ગયો છે અને હોઠ ધ્રૂજી રહ્યા છે. તે અનાયાસે આગળ ધપવા લાગી, ટોળામાં ધક્કા મારતી માર્ગ કરવા લાગી.

લોકો ચિડાઈને ઘાંટા પાડવા લાગ્યા: "ધક્કા નહિ!"

બદલામાં તેને પણ ધક્કા ખાવા પડયા, પણ તે અટકી નહિ. દીકરાની પડખે ઊભા રહેવાની અદમ્ય ઝંખનાથી પ્રેરાતી તે ખભા અને કોણીઓ વડે માર્ગ કરતી ધીરે ધીરે આગળ વધતી ગઈ.

પાવેલ જેને ઊંડા મહત્ત્વથી છલકાતો શબ્દ ગણતો હતો એ શબ્દ બોલતાં તેના ગળામાં ખુશીની કંપારીઓ પેદા થઈ ગઈ. તેના મનમાં આ લોકોને પોતાનું દિલ—ઈનસાફનાં સ્વપ્નોથી જવાળામય બની ગયેલું દિલ—સમર્પણ કરી દેવાની ઉત્કટ ઝંખના જાગી.

"બિરાદરો!" જાણે શબ્દના પ્રત્યેક અક્ષરમાંથી તાકાત અને ભાવાવેશ તારવતાં તેણે ફરી હાકલ કરી. "આપણે દેવળો અને કારખાનાં બાંધનારા, જંજીરો ઘડનારા, અને દોલત પેદા કરનારા ઈન્સાનો છીએ. આપણે એવું ચેતનમય પરિબળ છીએ કે જે પારણાથી લઈને કબર સુધી સૌનાં પેટ ભરે છે અને સૌને જીવતાં રાખે છે."

"ખરી વાત!" રીબિન બોલી ઊઠયો.

"હંમેશાં અને દરેક ઠેકાણે આપણે જ કામમાં સૌથી પહેલા અને જિંદગીમાં સૌથી છેલ્લા રહીએ છીએ. આપણી પરવા કોઈ કરે છે? આપણે માટે કોઈએ જરા સરખુંયે કદી કર્યું છે? આપણને કોઈ ઈન્સાનો ગણે છે? ના."

"ના!" મેદનીમાં પડઘો પડયો.

પાવેલની વાણી એક વાર શરૂ થઈ ગયા પછી શાંત ભાવે સરળ વહેવા લાગી. મેદનીમાં લોકો ધીરે ધીરે એકબીજાની નજીક આવતા ગયા અને એકરૂપ થઈને હજાર માથાંવાળી કોઈ પ્રચંડ કાયાની અગણિત તલ્લીન આંખો વડે તેની સામે જોવા લાગ્યા, તેનો એક એક શબ્દ જાણે આતુરતાથી પી જવા લાગ્યા.

"આપણે જ્યાં સુધી નહિ સમજીએ કે આપણે સૌ બિરાદરો છીએ, આપણા અધિકારો ખાતર લડવાની એકસરખી તમન્નાથી સંકળાયેલા દોસ્તોનો કબીલો છીએ, ત્યાં સુધી આપણી જિંદગીમાં કશો સુધારો આપણે હાંસલ નહિ કરી શકીએ."

"મુદ્દાની વાત કર!" માની પાસે ઊભેલો કોઈ આદમી તોછડાઈથી બોલી ઊઠયો.

"વચમાં બડબડ નહિ કર!" બે બાજુએથી જુદા જુદા અવાજ સંભળાયા.

મેલા ચહેરાઓમાં ચિડિયલ સંદેહની લાગણીથી ભવાં સંકોચાઈ ગયાં, પણ વિચારમાં ડૂબી ગયેલી ઘણી આંખો પાવેલના ચહેરાનું બારીક નિરીક્ષણ કરવા લાગી.

"સમાજવાદી છે, પણ મૂરખ નથી!" કોઈ બોલ્યું.

"બહુ બહાદુરી બતાવે છે, નહિ?" એક કામદાર માને હળવેથી કોણી મારતો બોલ્યો. તેને એક જ આંખ હતી.

"બિરાદરો, સમજી લેવાની વેળા પાકી ગઇ છે કે આપણને ખુદ આપણા સિવાય બીજું કોઈ મદદ કરવાનું નથી. સૌ એકને મદદ કરે અને એક સૌને મદદ કરે—દુશ્મનોને હરાવવા હોય તો આપણે એવો મુદ્રાલેખ અપનાવવો પડશે."

"વાત ખરી છે, દોસ્તો!" માખોતિન હવામાં મુક્કો વીંઝતો પોકારી ઊઠયો.

"ડાયરેકટરને બોલાવો!" પાવેલ બોલ્યો.

મેદનીને જાણે એકાએક પવનનો ઝપાટો લાગ્યો હોય એમ તે ખળભળી ઊઠી. એકીસાથે સંખ્યાબંધ પોકારો સંભળાયા:

"ડાયરેકટરને બોલાવો!"

"એને બોલાવવા પ્રતિનિધિમંડળ મોકલો!"

મા વધારે આગળ ધપી અને એકીટસે દીકરાની સામે જોવા લાગી. તેનો ચહેરો ગર્વની લાગણીથી ઝગમગી રહ્યો હતો. પોતાનો પાવેલ વૃદ્ધ ઇજ્જતદાર કામદારોની વચ્ચે ઊભો હતો અને સૌ તેની વાત સાંભળતા તથા માની લેતા હતા. મા ખુશ હતી કારણ કે દીકરો બીજાઓની જેમ તપી નહોતો જતો અને ગાળો નહોતો બકતો.

જાણે ટિનના છાપરા ઉપર કરા પડતા હોય એવી રીતે ગાળો, બરાડા, અને ડંખીલા શબ્દોનો ઘોંઘાટ ચોમેર ફેલાઈ ગયો. પાવેલ મેદની ઉપર નજર માંડીને મોટી મોટી આંખો વડે જાણે કશુંક ખોળી રહ્યો હતો.

"પ્રતિનિધિઓ!"

"સિઝોવ!"

"વ્લાસોવ!"

"રીબિન! એના દાંત બહુ તીણા છે!"

એકાએક મેદનીમાં ચુપકી છવાઈ ગઈ અને દબાયેલા ઉદ્‌ગારો સંભળાવા લાગ્યા.

"પોતાની મેળે જ આવી રહ્યો છે!.."

"ડાયરેક્ટર!.."

અણીદાર દાઢી અને લાંબા ચહેરાવાળા એક ઊંચા આદમીને મેદનીએ માર્ગ કરી આપ્યો.

તેણે પોતાનો હાથ કોઈને અડે નહિ એવી રીતે જરાક હલાવીને કામદારોને હઠી જવા ઈશારો કરતાં કહ્યું: "માર્ગ કરો!" તેણે આંખો સંકોડીને ઈન્સાનોના હાકેમની અનુભવી નજર કામદારોના ચહેરાઓ ઉપર ફેરવી. લોકો ટોપીઓ ઉતારીને માથાં નમાવવા લાગ્યા, પણ તેણે જવાબમાં કંઈ જ કર્યા વગર આગળ વધવાનું ચાલુ રાખ્યું. તેનાં ડગલાં તેની પાછળ લોકોની અંદર ચુપકી અને ગૂંચવણ ફેલાવતાં ગયાં. લોકો અકળામણથી લૂખું હસતા હતા, અને તોફાન કરતી વેળા પકડાઈ ગયેલાં બાળકોની લાગણી જેવો પસ્તાવો દબાયેલા ઉદ્ગારોમાં જાહેર કરતા હતા.

તે માના ચહેરા ઉપર કડક નજર ફેરવતો આગળ વધ્યો અને લોખંડના ખડકલા પાસે ઊભો રહી ગયો. કોઈએ તેને મદદ કરવાના ઈરાદે હાથ લંબાવ્યો, પણ તેણે તેની અવગણના કરી. તે જોરથી ઠેકડો મારીને ઉપર ચડી ગયો અને પાવેલ તથા સિઝોવની સામે ઊભો રહ્યો.

"બધા આમ ભેગા શા માટે થઈ ગયા છે? કામ કેમ બંધ કરી દીધું છે?"

થોડીક પળો ચુપકી છવાઈ ગઈ. લોકોનાં માથાં અનાજનાં કણસલાંની જેમ ડોલવા લાગ્યાં. સિઝોવે ટોપી હલાવી, ખભા ઉલાળ્યા, અને માથું નમાવી દીધું.

"જવાબ આપો!" ડાયરેક્ટરે બરાડો પાડયો.

પાવેલ આગળ આવ્યો અને સિઝોવ તથા રીબિન તરફ આંગળી ચીંધીને મોટેથી બોલ્યો:

"અમારા બિરાદરોએ અમને ત્રણને એવી માગણી કરવાનું કામ સોંપ્યું છે કે પગારમાંથી કોપેક કાપવાનો હુકમ તમે રદ કરી નાખો."

"કેમ?" ડાયરેક્ટરે પાવેલની સામે જોયા વગર જ પૂછ્યું.

"કારણ કે એવી કપાત અમને ગેરવાજબી લાગે છે," પાવેલ મોટેથી બોલ્યો.

"તમને શું એમ લાગે છે કે જમીનમાંથી પાણી ખેંચી કાઢવાના મારા ઈરાદાની પાછળ કામદારોની જિંદગી સુધારવાની નહિ પણ તેમનું શોષણ કરવાની નેમ છુપાયેલી છે? વાત એમ જ છે, ખરું ને?"

"હા," પાવેલે જવાબ આપ્યો.

"તમે પણ એમ જ માનો છો?" ડાયરેક્ટરે રીબિન તરફ ફરીને પૂછ્યું.

"અમે સૌ એમ જ માનીએ છીએ."

"અને તમે, ભલા આદમી?" તે સિઝોવ તરફ ફર્યો.

"હું પણ. અમારા કોપેક અમે જ રાખવા માગીએ છીએ."

સિઝોવે ફરી માથું નમાવી દીધું અને તે જાણે વાંક કર્યો હોય એવી રીતે હસ્યો.

ડાયરેક્ટરે મેદની ઉપર ધીરે ધીરે નજર ફેરવી અને ખભા ઉલાળ્યા. પછી તેણે પાવેલ તરફ ફરીને તેની ઉપર એકધારી નજર માંડી.

"તમે જરાક બુદ્ધિશાળી માણસ લાગો છો. શક્ય છે ખરું કે આવા પગલાના ફાયદા તમને પણ ન સમજાતા હોય?"

"જમીનમાંથી પાણી ખેંચી કાઢવાનું કામ કારખાનાને ખરચે કરવામાં આવે તો ફાયદાનો કોઈને ઇનકાર નથી," પાવેલ સૌ સાંભળે એવા અવાજે બોલ્યો.

"કારખાનું કંઈ ધર્માદાની સંસ્થા નથી," ડાયરેક્ટર શુષ્ક અવાજે બોલ્યો. "હું હુકમ કરું છું કે સૌ પોતપોતાને કામે વળગી જાઓ!"

તે સાવચેતીથી કદમ માંડતો અને કોઈની સામે જોયા વગર લોખંડના ખડકલા ઉપરથી નીચે ઊતરવા લાગ્યો.

મેદનીમાંથી અસંતોષનો ગણગણાટ સંભળાયો.

"શું છે?" ડાયરેક્ટર ઊભો રહી ગયો અને તેણે સવાલ કર્યો.

ચુપકીને ચીરતો અવાજ દૂરથી સંભળાયો:

"તું જ જઈને કામ કર!.."

"પંદર મિનિટની અંદર કામ ચાલુ નહિ થઈ જાય તો સૌનો દંડ કરવામાં આવશે," ડાયરેક્ટર તોછડાઈથી ભાર મૂકીને બોલ્યો.

તે ફરી વાર મેદનીમાંથી માર્ગ કરતો જવા લાગ્યો, પણ તેને એક એક ડગલે બેસૂરો ગોકીરો થવા લાગ્યો. તે જેમ જેમ દૂર જતો ગયો તેમ તેમ દેકારો વધતો ગયો.

"એની જોડે વાત કર!"

"જોઈ લો ઇનસાફ! કેવી જિંદગી છે!"

કામદારો પાવેલ તરફ ફરીને ઘાંટા પાડવા લાગ્યા.

"હવે શું કરવાનું છે, કાનૂનખાં?"

"તેં ભાષણ તો કરી નાખ્યું, અને બડો સા'બ આવ્યોયે ખરો, પણ આખરમાં મોટું મીંડું!"

"તો વ્લાસોવ, હવે શું?"

દેકારો વધારે જોર પકડવા લાગ્યો એટલે પાવેલ બોલ્યો:

"બિરાદરો, મારો મત તો એવો છે કે કોપેકની કપાત રદ કરવાની ખાતરી ન મળે ત્યાં સુધી કામ બંધ કરી દેવું..."

ચારે તરફથી ઉશ્કેરાટભર્યા અવાજો થવા લાગ્યા.

"અમને ગધેડા સમજે છે કે શું?"

"હડતાલ!"

"થોડાક કોપેકને ખાતર?"

"કેમ? હડતાલ કેમ નહિ?"

"સૌને પાણીચું મળશે!.."

"તો પછી એનું કામ કોણ કરશે?"

"કામ કરનારા તો મળી રહેશે!"

"હડતાલતોડુ?"

૧૩

પાવેલ નીચે ઊતરીને મા પાસે ઊભો રહ્યો.

ટોળું ઉશ્કેરાઈ ગયું હતું. સૌ દલીલો કરતા હતા અને જોરથી ઘાંટા પાડતા હતા.

"હડતાલ તો નહિ જ કરે," રીબિન પાવેલની પાસે આવીને બોલ્યો. "લોભિયા તો છે પણ ભેગા બાયલાયે છે! તને ત્રણસોથી વધારે માણસોનો ટેકો નહિ મળે. ખાતરનો ઢગલો બહુ મોટો છે, એક જ પંજેટીએ ખસેડવો મુશ્કેલ..."

પાવેલ કંઈ ન બોલ્યો. મેદનીનો પ્રચંડ ઘેરો ચહેરો તેની સામે ડોલી રહ્યો હતો અને તકાદાની નજરે તેને નીરખી રહ્યો હતો. તેના દિલમાં ફિકરનો ફફડાટ થયો. તેને લાગ્યું કે પોતાના શબ્દો જાણે સૂકી ધરતી ઉપર પડતા વરસાદનાં એકલ ટીપાંની જેમ કોઈ નિશાની બાકી રાખ્યા વગર ખોવાઈ ગયા છે.

તે થાક અને હતાશા લઈને ઘેર પાછો ફર્યો. મા અને સિઝોવ તેની પાછળ પાછળ ચાલી રહ્યાં હતાં. રીબિન તેની જોડે ચાલતો ચાલતો તેના કાનમાં ગણગણી રહ્યો હતો.

"તું બોલે છે તો સરસ, પણ તારા શબ્દો હૈયામાં ઊંડા નથી ઊતરી જતા. વાત એમ છે! તારે એ લોકોનાં દિલો જોડે વાત કરવી પડશે — બરાબર હૈયાંમાં

ચિનગારી ફેંકવી પડશે. લોકોને દલીલો વડે ખાતરી ન કરાવી શકાય. જોડો પગમાં બેસે જ નહિ — નાનો પડે, સાંકડો પડે!"

"આપણે ઘરડા માણસોએ હવે કબરનો રસ્તો લેવો જોઈએ, પેલાગેયા!" સિઝોવ કહી રહ્યો હતો. "સાવ નવી જાતના લોકો મોટા થઈ રહ્યા છે. આપણે કેવી જિંદગી ગુજારી છે! બાખોડિયાં ભરીને અને બહેતર માણસોની સામે નમી પડતાં માથાં જમીન જોડે અથડાવતા રહીને. પણ હવે — ખબર નથી પડતી, કદાચ લોકોને અક્કલ આવી છે, કદાચ તેઓ બદતર ભૂલો કરી રહ્યા છે, પણ એક વાત તો સાફ છે કે તેઓ આપણા જેવા નથી. જુવાનોને જુઓ તો જાણે ડાયરેકટરના સમોવડિયા હોય એવી રીતે તેની જોડે વાત કરે છે... વારુ, પાવેલ મિખાઈલોવિચ, હું પછી મળી જઈશ. તું લોકોની તરફેણમાં ખડો થઈ જાય છે એ તો બહુ સારું, ભાઈ! ઈશ્વર તને મદદ કરે! તને કદાચ હજી કોઈ ઉપાય જડી આવશે. ઈશ્વર તારું ભલું કરે!"

તે ચાલ્યો ગયો.

"થઈ જાઓ કબર ભેગા!" રીબિન બબડયો. "એના જેવા તો માણસ પણ ન ગણાય — જાણે લાપી સમજો — ફક્ત તિરાડો ભરવાના જ કામમાં આવે. પાવેલ, તારા ધ્યાનમાં આવેલું ખરું કે તને પ્રતિનિધિ બનાવવા સૌથી વધારે ઘાંટા કોણે પાડેલા? તું સમાજવાદી છે અને ધાંધલ પેદા કરે છે એવી અફવાઓ ફેલાવનારાઓએ. એવા માણસોએ જ! એવા લોકોને મનમાં એમ છે કે તને પાણીચું મળશે, તું એને જ લાયક છે!"

"એ લોકોના ખ્યાલ મુજબ તો તેમણે વાજબી જ કર્યું કહેવાય," પાવેલ બોલ્યો.

"અને પોતાના બિરાદરોને પીંખી નાખતા વરુઓ પણ વાજબી જ કરતા હશે, ખરું ને?.."

રીબિનના ચહેરા ઉપર જાણે ઘેરાં વાદળો છવાઈ ગયાં હતાં અને તેના અવાજમાં બેચેની હતી.

"લોકો લૂખા શબ્દો નહિ સાંભળે — જુલમ સહેવા પડશે, શબ્દોને લોહીમાં ઝબોળવા પડશે..."

પાવેલ આખો દિવસ થાકેલી હાલતમાં રખડતો રહ્યો. તે ગમગીન હતો અને તેના દિલમાં વિચિત્ર બેચેની હતી. તેની આંખો અંગારા જેવી બની ગઈ હતી, અને જાણે કશુંક ખોળતી હોય એવી લાગતી હતી. માના ધ્યાનમાં એ બધું આવી ગયું. તેણે ફિકરના ભાવે પૂછયું:

"શું થયું છે, પાશા?"

"માથું દુખે છે," પાવેલે જવાબ આપ્યો.

"તો સૂઈ જા, હું ડૉક્ટરને બોલાવી લાવું..."

"ના, રહેવા દે," પાવેલ એકદમ બોલી ઊઠયો.

પછી તેણે હળવા અવાજે કહ્યું: "હું હજી જુવાન છું, કાચો છું, મુશ્કેલી એ જ છે! એ લોકોને મારી ઉપર વિશ્વાસ ન બેઠો, મારી હાકલ તેમણે ઝીલી ન લીધી, એટલે મને વાત કહેતાં ન આવડયું... મને તો મારી જાત ઉપર જ કંટાળો આવે છે અને ધૃણા થાય છે."

માએ તેના હતાશ ચહેરા ઉપર નજર માંડીને દિલાસો આપવાની કોશિશ કરી.

"જરાક ધીરજ રાખ," તે ધીમેથી બોલી. "એ લોકો જે આજે ન સમજ્યા તે કાલે સમજશે..."

"સમજવું જ જોઈએ," પાવેલ બોલી ઊઠયો.

"તારી વાત ખરી છે, એટલી સમજણ તો મનેય પડે છે..."

પાવેલ તેની પાસે ગયો.

"મા, તું અજબ છે!" કહેતો તે બીજી તરફ ફરી ગયો. મા તેના સ્વસ્થ શબ્દોથી જાણે દાઝી ગઈ હોય એમ ચોંકી ગઈ. પછી જાણે તેના વહાલને અંતરમાં સંઘરી દેતી હોય એવી રીતે છાતીએ હાથ દબાવતી જતી રહી.

એ જ રાતે મા નીંદરમાં પડી ગઈ હતી અને પાવેલ પથારીમાં પડયો પડયો વાંચી રહ્યો હતો ત્યારે સિપાઈઓ આવી પહોંચ્યા અને તપી જઈને આખું ઘર ફેંદી નાખવા લાગ્યા. તેમણે માળિયું પણ ખેદાનમેદાન કરી નાખ્યું અને વાડો પણ ખૂંદી નાખ્યો. પીળિયા અફસરે અગાઉ જેવું જ વર્તન કર્યું— અપમાન કરતા વાંકા બોલ અને હૈયું વીંધી નાખે એવી ડંખીલી હાંસી. મા દીકરાના ચહેરા ઉપર નજર માંડીને મૂંગી મૂંગી એક ખૂણામાં બેઠી રહી. પાવેલે પોતાની લાગણીઓ છતી ન કરવાની કોશિશ કરી, પણ અફસર હસતો ત્યારે પાવેલની આંગળીઓ ફરકવા લાગતી. માને ખબર હતી કે સિપાઈ ઠેકડી કરે ત્યારે ચુપ રહેવા માટે દીકરાને મન ઉપર સખત કાબૂ રાખવો પડે છે. આ વખતે માને પહેલી વાર જેટલી બીક ન લાગી. તેના દિલમાં મધરાતના સરકારી મુલાકાતીઓ પ્રત્યેનો ધિક્કાર ખૂબ વધી ગયો હતો, અને ધિક્કારે બીકને ખતમ કરી નાખી હતી.

"મને પકડી જવાના," પાવેલે ગુપચુપ માને કહ્યું.

"ખબર છે," મા માથું નીચું કરીને હળવેથી બોલી.

તેને સમજાઈ ગયું કે પાવેલે સવારે કામદારોને કહેલા શબ્દો બદલ તેને જેલમાં ગોંધી દેવામાં આવશે. પણ તેની વાતને સૌએ ટેકો આપેલો, એટલે કામદારો ચોક્કસ તેના બચાવમાં આગળ આવવાના જ. તેને ઝાઝા દિવસ જેલમાં નહિ રાખી શકાય...

તેને દીકરાની કાયા ફરતે હાથ વીંટાળીને રડવાનું મન થયું, પણ અફસર તેની બાજુમાં જ ઊભો હતો અને આંખો સંકોડીને તેને જોઈ રહ્યો હતો. તેના હોઠ અને મૂછો ફરકી રહ્યાં હતાં. પેલાગેયાને લાગ્યું કે પોતાનાં આંસુ, ફરિયાદો, અને કાલાવાલાની જ વાટ આ માણસ જોઈ રહ્યો છે. તેણે હૈયે હામ ધરીને દીકરાનો હાથ પોતાના હાથમાં લીધો, અને શ્વાસ રોકીને ધીમા તથા મૃદુ અવાજે કહ્યું:

"આવજે, પાશા! બધું લઈ લીધું છે ને?"

"હા. હિંમત હારતી નહિ!"

"ઈશ્વર તારી રક્ષા કરશે..."

પાવેલને લઈ જવામાં આવ્યો ત્યાર પછી મા બાંકડા ઉપર ફસકાઈ પડી અને આંખો મીચીને હળવે હળવે ઊંહકારા ભરવા લાગી. વરસો પહેલાં તેનો ધણી બાંકડા ઉપર જેવી રીતે બેસતો એમ દીવાલે પીઠ ટેકવીને તે બેઠી હતી. તેના હૈયામાં વેદના ભરેલી હતી અને તેના મનમાં લાચારીની પીડા થઈ રહી હતી. તેણે માથું ભીંતે ટેકવ્યું અને તેના ગળામાંથી લાંબો ધીમો એકધારો વિલાપ વહેવા લાગ્યો. તેના દુભાયેલા દિલની સમગ્ર પીડા એ વિલાપમાં સમાયેલી હતી. તેના મનની નજર સામે પાતળી મૂછો અને ખુશીના ચમકારા મારતી સંકોડેલી આંખોવાળા પીળા ચહેરાનું ભૂત નાચી રહ્યું હતું. તેની છાતીમાં જાણે કડવાશનું અને ઇનસાફ ખાતર લડતા દીકરાઓથી માતાઓને વિખૂટી પાડી દેનારા માણસો પ્રત્યેના ધિક્કારનું વાદળ જામી ગયું.

સખત ટાઢ હતી અને બારીના કાચ ઉપર વરસાદ ઝપાટા લગાવી રહ્યો હતો. તેને લાગ્યું કે રાતના અંધારામાં લાંબા હાથવાળી અને આંખો વગરના રાતા ચહેરાવાળી વેરી આકૃતિઓ સંત્રીઓની જેમ ઘર ફરતે પહેરો ભરી રહી છે અને તેમની એડીઓ આછો ખખડાટ કરી રહી છે.

"મને પણ ભેગી લઈ ગયા હોત તો સારું હતું!" તેને થયું.

સવારે લોકોને કામે બોલાવતી સીટી વાગી. આજે તેનો અવાજ ધીમો, ઘોઘરો, અને જાણે અચકાતો હોય એવો હતો. બારણું ખૂલી ગયું અને રીબિન અંદર આવ્યો.

"પકડી ગયા ને?" તેણે દાઢી ઉપરથી વરસાદનું પાણી લૂછતાં સવાલ કર્યો.

"હા, કાળમુખા પકડી ગયા," મા નિસાસો નાખતી બોલી.

"એ તો થવાનું જ હતું," તે લૂખું હસતો બોલ્યો. "મારે ત્યાં પણ ઝડતી લઈ ગયા. બધું બરાબર તપાસી જોયું. ગાળો બહુ બક્યા, પણ નુકસાન ઓછું જ થયું છે. તો પાવેલને પકડી ગયા, ખરું! ડાયરેક્ટર આંખનો ઈશારો કરે, અફસર માથું હલાવે, અને એક વધુ આદમી જેલમાં ધકેલાઈ જાય! ગજબના મળતિયા છે. એક લોકોના હાથપગ બાંધી રાખે અને બીજો તેમનું લોહી ચૂસી લે..."

"તમારે પાવેલની તરફેણમાં ખડા થઈ જવું જોઈએ!" મા ઊભી થતી બોલી ઊઠી. "એણે જે કંઈ કર્યું તે સૌને ખાતર જ કરેલું!"

"કોણે ખડા થઈ જવું જોઈએ?"

"સૌએ વળી!"

"તને એમ લાગે છે, નહિ? પણ એવું કંઈ બનવાનું નથી."

તે હસતો બહાર નીકળી ગયો. તેના હૈયું ભાંગી નાખતા શબ્દો સાંભળીને મા બેહદ દુ:ખી થઈ ગઈ.

"એને મારશે તો... એની ઉપર જુલમ કરશે તો..."

તેની નજર સામે મારપીટનો ભોગ બનેલા દીકરાની જખમી અને લોહી નીગળતી કાયા દેખાવા લાગી. તેના દિલમાં સખત બીકનો આંચકો લાગ્યો. તેની આંખોમાં દુખાવો ઊપડયો.

એ દિવસે તેણે ચૂલો ન સળગાવ્યો, ખાવાનું ન બનાવ્યું, ચા પણ ન પીધી. છેક મોડી સાંજે તેણે રોટીનો એક ટુકડો ખાધો. રાતે પથારીમાં પડી ત્યારે તેને લાગ્યું કે જિંદગી આટલી ખાલી અને એકાકી અગાઉ ક્યારેય નહોતી બની. છેલ્લાં થોડાં વરસો દરમિયાન તેની જિંદગીમાં મઝાના અને મહત્ત્વના કશાકની અપેક્ષા સતત કાયમ રહી હતી. તે પોતાની આસપાસ જુવાન લોકોની આનંદી અને ધમાલભરી પ્રવૃત્તિ નીરખતી રહી હતી, અને એવી મઝાની પણ જોખમી જિંદગી માટે જવાબદાર પોતાના દીકરાનો ગંભીર ચહેરો હંમેશાં તેની નજર સામે જ રહ્યો હતો. હવે દીકરો નહોતો એટલે જાણે બધું જ ખોવાઈ ગયું હતું.

૧૪

બીજા દિવસ અને બીજી રાતની પળો એક એક કરીને ધીમા વેગે વીતી. માને આખી રાત નીંદર ન આવી. ત્યાર પછીનો દિવસ તો જાણે થંભી ગયો હોય એમ એથીયે ધીરે વીતતો માંડ માંડ પૂરો થયો. તેને અપેક્ષા હતી કે કોઈ

આવશે, પણ કોઈ ન આવ્યું. સાંજ પડી. રાતનાં અંધારા ફેલાઈ ગયાં. ટાઢો વરસાદ નિસાસા નાખતો વરસતો હતો. ફોરાં દીવાલો ઉપર અફળાતાં હતાં. પવન સુસવાટા કરતો ધુમાડિયા વાટે અંદર ફૂંકાઈ આવતો હતો. ભોંયપટની નીચે કશોક સંચાર થઈ રહ્યો હતો. છાપરેથી ટપકતા પાણીના કંટાળાજનક અવાજની જોડે ઘડિયાળનો ટકટક અવાજ અજબ રીતે ભળી જતો હતો. આખું ઘર જાણે હળવે હળવે કંપી રહ્યું હોય એમ લાગતું હતું. ગમગીનીના પાશમાં બધું જાણે નિર્જીવ અને નિરર્થક લાગતું હતું...

કોઈએ બારી ખખડાવી. થોડી વારે ફરી ખખડાવી. મા એવા ખખડાટથી ટેવાઈ ગઈ હતી. એથી તેને બીક ન લાગતી પણ આ વખતે તો ખખડાટ સાંભળીને તેના દિલમાં ખુશીની લહેર પેદા થઈ ગઈ. અસ્પષ્ટ આશાઓના જોરે તે એકદમ ઊભી થઈ ગઈ અને તેણે ખભે શાલ લપેટીને બારણું ખોલ્યું...

સામોઇલોવ દાખલ થયો અને તેની પાછળ પાછળ એક બીજો માણસ અંદર આવ્યો. બીજા આદમીનો ચહેરો લગભગ ઢંકાયેલો હતો. તેણે ઓવરકોટનો કૉલર ઊંચો ચડાવી દીધો હતો અને ટોપી લગભગ ભવાં સુધી નીચે દબાવી દીધી હતી.

"તમારી નીંદર બગાડી, નહિ?" સામોઇલોવ કશા વધારે દુવાસલામ કર્યા વગર ફક્ત એટલું જ બોલ્યો. તેના રોજિંદા વર્તનની સરખામણીમાં આજે તેનો અવાજ ચિંતા અને ગમગીનીથી ભરેલો હતો.

"નીંદર આવી જ નહોતી," માએ જવાબ આપ્યો અને તે બેઉને આશાભરી નજરે જોતી ઊભી રહી.

સામોઇલોવના સાથીએ કર્કશ અવાજે શ્વાસ લેતાં માથેથી ટોપી ઉતારી અને ઠૂંઠિયા જેવો હાથ આગળ ધર્યો.

"કેમ છો, મા! મને ભૂલી ગયાં કે શું?" જાણે કોઈ જૂનો દોસ્ત હોય એવી રીતે તેણે સવાલ કર્યો.

"અરે, તમે? યેગોર ઈવાનોવિચ?" મા ખુશ થઈને બોલી ઊઠી.

"પોતે જ!" કહેતાં તેણે ફકીર જેવા લાંબા વાળથી ભરેલું મોટું માથું નમાવ્યું. તેનો ચહેરો મલકી રહ્યો હતો અને તેની હેતથી છલકાતી નાનકડી રાખોડી આંખો મા ઉપર મંડાયેલી હતી. તે જાણે સાવ સમોવાર જેવો લાગતો હતો—ગોળમટોળ, ઠીંગણો, જાડી ગરદન, અને ટૂંકા હાથ. તેનો ચહેરો ઝગમગી રહ્યો હતો અને તેનો શ્વાસ જોરથી ચાલી રહ્યો હતો, જાણે કેમ છાતીમાં ઊંડે ઊંડે કશુંક ખખડી રહ્યું હોય અને સુસવાટા બોલાવી રહ્યું હોય.

"બાજુના ઓરડામાં બેસો, હું કપડાં બદલાવીને હમણાં આવું છું," મા બોલી.

"અમારે તમને કંઈક પૂછવાનું છે," સામોઇલોવ ભવાં નીચેથી માની ઉપર નજર માંડતો ચિંતાતુર અવાજે બોલ્યો.

યેગોર ઈવાનોવિચ બીજા ઓરડામાં જઈને ત્યાંથી બોલ્યો.

"નિકોલાઇ ઈવાનોવિચને તો તમે ઓળખો છે, મા. એ આજે સવારે જેલમાંથી છૂટી ગયા..."

"મને તો ખબર જ નહોતી કે એ જેલમાં હતા," મા વચ્ચે બોલી ઊઠી.

"બે મહિના ને અગિયાર દિવસ. ત્યાં ખોખોલને મળેલા. ખોખોલે તમને વંદન કહેવડાવ્યા છે. પાવેલે પણ, અને કહેવડાવ્યું છે કે જરાય ફિકર કરશો નહિ કારણ કે આ પંથમાં ક્યારેક ક્યારેક છુટ્ટી જેલમાં ગાળવાની મોજની ખાતરી તો ચોક્કસ મળે જ મળે—આપણા વિચારવંત હાકેમો એટલી ખાતરી તો બેશક આપે જ છે. હવે કામની વાત કરું, મા. તમને ખબર છે કે ગઈકાલે કેટલા માણસો ગિરફતાર થઈ ગયા છે?"

"અરે, બીજું કોઈ પણ પકડાયું છે—પાવેલ ઉપરાંત?" માએ આશ્ચર્યના ભાવે સવાલ કર્યો.

"એનો નંબર તો ઓગણપચાસમો હતો," યેગોર ઈવાનોવિચે શાંત અવાજે કહ્યું. "અને કારખાનાના વહીવટદારો હજી બીજા ડઝન જેટલા માણસોને પકડાવી દેશે, આ જુવાનને પણ જેલ ભેગો કરાવી દેશે..."

"હા, મને પણ," સામોઇલોવ ગમગીન ભાવે બોલ્યો.

કોણ જાણે કેમ પણ પેલાગેયાને શ્વાસ લેવામાં રાહત મળતી લાગી. તેના મનમાં ખ્યાલ ઝબકી ગયો કે પાવેલ જેલમાં સાવ એકલો તો નથી જ.

તે કપડાં બદલાવીને મહેમાનો પાસે આવી. તેના ચહેરા ઉપર આનંદી મલકાટ છવાયેલો હતો.

"આટલા બધા માણસોને પકડયા છે એટલે ઝાઝા દિવસ નહિ રાખે..."

"ખરી વાત!" યેગોર ઈવાનોવિચ બોલ્યો. "અને આપણે એ લોકોની બાજી જ બગાડી નાખીએ તો પછી હરામખોરોને પીછેહઠ કર્યા વગર છૂટકો જ ન રહે. વાત આમ છે—આપણે કારખાનામાં ચોપાનિયાં વહેંચવાનું બંધ કરી દઈએ તો પોલીસ એ હકીકતનો ઉપયોગ પાવેલની વિરુદ્ધ કરે અને બિરાદરોને કેદમાં જ ગોંધી રાખે."

"કેવી રીતે?" મા ગભરાટમાં પડી જઈને બોલી ઊઠી.

"સાદી વાત છે," યેગોર ઇવાનોવિચ શાંત અવાજે બોલ્યો. "ક્યારેક તો પોલીસ પણ અક્કલ વાપરવાની કોશિશ કરે છે. વિચાર કરી જુઓ—પાવેલ છૂટો હતો ત્યારે છાપાં ને ચોપાનિયાં વહેંચાતાં હતાં, અને પાવેલ પકડાઈ ગયો એટલે છાપાં ને ચોપાનિયાં વહેંચાતાં બંધ થઈ ગયાં. એક ને એક એટલે બે—પાવેલ જ છાપાં ને ચોપાનિયાં વહેંચવાની કામગીરી સંભાળતો હોવો જોઈએ, ખરું કે નહિ? પછી તો એ લોકો દરેકે દરેકને હોઈયાં કરી જાય. અને પોલીસને તો આખા ને આખા માણસો હોઈયાં કરી જવાનું મળે એટલે મઝા જ પડી જાય, ખાલી હાડકાં સિવાય બીજું કંઈ બાકી રહેવા જ ન દે!"

"સમજી," મા ઉદાસ થઈ ગઈ. "પણ આપણાથી શું થાય?"

"લગભગ બધાને એ લોકોએ પકડી લીધા છે, કાળમુખા ક્યાંના!" રસોડામાંથી સામોઇલોવનો અવાજ સંભળાયો. "હવે આપણે ગમે તેમ કરીને કામ ચાલુ રાખવું જ જોઈએ—ધ્યેયને ખાતર તો ખરું જ, પણ ભેગું આપણા સાથીઓને બચાવવા ખાતર પણ."

"અને કામ કરનારું કોઈ નથી," યેગોર લૂખું હસતો બોલ્યો. "સરસ મઝાનાં છાપાંચોપાનિયાં તો પુષ્કળ પડ્યાં છે, મારી જ કામગીરી. પણ એ બધું કારખાનામાં પહોંચાડવાનો સવાલ હજી એવો ને એવો ખડો છે."

"હવે તો દરવાજે દરેક જણની ઝડતી લેવાય છે," સામોઇલોવ બોલ્યો.

માને લાગ્યું કે પોતાની પાસેથી કશીક અપેક્ષા રાખવામાં આવી છે.

"તો પછી કામ કેવી રીતે થાય?" તેણે એકદમ સવાલ કર્યો.

સામોઇલોવ બારણે આવ્યો.

"પેલાગેયા નીલોવ્ના, તમે ફેરિયણ કોરસુનોવાને ઓળખો છો ને?.."

"હા, ઓળખું છું, બોલો..."

"એને વાત કરો. એ કદાચ બધું અંદર પહોંચાડવા તૈયાર થઈ જાય?"

માએ હાથ હલાવીને ખ્યાલને સાવ નકારી કાઢ્યો.

"ના, એ તો જબરી વાતોડિયણ છે! તરત જ સૌને ખબર પડી જશે કે મારી પાસેથી જ લઈ ગઈ છે, બધું આ ઘરમાંથી જ આવ્યું છે. ના, એ રસ્તો ખોટો!" પછી જાણે અચાનક ખ્યાલ આવ્યો હોય એમ મા બોલી ઊઠી: "મને જ આપો! હું પહોંચાડી દઈશ. કંઈક રસ્તો ગોતી કાઢીશ. મારિયાને કહીશ કે મને કામે રાખે. મારેય હવે તો પેટિયું રળવાનું જ છે ને! હું કારખાનામાં ખાવાનું વેચીશ, ગમે તેમ કરીને કામ પાર પાડીશ."

તેણે બેઉ હાથ છાતીએ દબાવીને તત્કાળ ખાતરી આપી કે હું કામ બરાબર કરી દઈશ અને કોઈનું ધ્યાન નહિ ખેંચાવા દઉં. છેલ્લે તેણે ભાવાવેશમાં ઉમેર્યું:

"એ લોકોને ખબર પડવા દો કે પાવેલના હાથ કેદખાનાની બહાર પણ પહોંચી જાય છે! એટલું સમજી લેવા દો એ લોકોને!"

ત્રણેય ખુશ થઈ ગયાં.

"સરસ, મા! તમને તો ખબર પણ નહિ હોય કે કેટલી અદ્‌ભુત વાત છે! કમાલ!" યેગોર હોઠ મલકાવતો અને હાથ ઉપર હાથ ફેરવતો બોલી ઊઠયો.

"આ કામ પાર પડી જાય તો પછી હું જાણે પથારીમાં સૂવા જતો હોઉં એટલો નચિંત રહીને જેલમાં ચાલ્યો જઈશ," સામોઇલોવ પણ હાથ ઉપર હાથ ફેરવતો બોલ્યો.

"તમે આખા જગતમાં સૌથી અદ્‌ભુત છો, મા!" યેગોરનો કંઠ ભરાઈ ગયો હતો.

માના હોઠ મલકી રહ્યા હતા. તેને સાફ સમજાઈ ગયું હતું કે ચોપાનિયાં કારખાનામાં વહેંચાતાં રહે તો તેનો દોષ પોતાના દીકરાની ઉપર કોઈ ન જ ઢોળી શકે. તેને લાગ્યું કે પોતે કામ બરાબર પાડી શકશે. તેનું આખું અંગ ખુશીથી ફરકવા લાગ્યું.

"જેલમાં પાવેલની મુલાકાતે જાઓ ત્યારે એને કહેજો કે એને મા બહુ મઝાની મળી છે," યેગોર બોલ્યો.

"પણ તે પહેલાં તો હું જ પાવેલને મળવાનો," સામોઇલોવ હસી પડયો.

"એને કહેજો કે જે કંઈ કરવું પડશે તે બધું જ હું કરીશ—એટલું એને કહી દેજો..."

"અને સામોઇલોવને જેલમાં ન મોકલે તો?" યેગોરે પૂછયું.

"તો લાચારી, બીજું શું!" મા બોલી.

બેઉ આદમી ખડખડાટ હસી પડયા. મા પણ શરમાતી શરમાતી હસવા લાગી. તેના મોં પર ટીખળના ભાવ હતા.

"પોતાની પરેશાનીઓ આડી આવે ત્યારે પારકી મુસીબતો કળવી મુશ્કેલ બની જાય," તે નજર નીચે નમાવીને બોલી.

"એ તો સ્વાભાવિક છે," યેગોર બોલ્યો. "અને પાવેલને કારણે બહુ ઉદાસ ને ગમગીન રહેશો નહિ. એ તો જેલમાંથી બહેતર હાલતમાં પાછો આવશે. કેદખાનામાં માણસને આરામ અને અભ્યાસ કરવાનો અવસર મળે, અને અમારા જેવા માણસોને છૂટા હોઈએ ત્યારે બેમાંથી એકેયનો વખત ન જ મળે. હું ત્રણ વાર જેલમાં જઈ આવ્યો છું. ત્યાં મોજ માણી છે એમ તો ન જ કહી શકાય, પણ ત્રણેય વાર દિલ અને દિમાગને ફાયદો જરૂર થયો છે."

"તમને શ્વાસ લેવામાં તકલીફ પડે છે," માએ તેના સરળ ચહેરા ઉપર ભાવભરી નજર માંડીને કહ્યું.

"એનું ખાસ કારણ છે," યેગોર આંગળી ઊંચી કરતો બોલ્યો. "વારુ, તો બધું નક્કી, ખરું ને, મા? અમે તમને ચોપાનિયાં કાલે પહોંચાડી દઈશું, અને યુગોનાં અંધારાંને ચીરી નાખતું ચક્ર વળી પાછું વેગે ફરવા લાગશે. વાણીસ્વાતંત્ર્ય ઝિંદાબાદ અને માના દિલને સલામ! આવજો! વિદાય!"

"આવજો!" સામોઈલોવ મા જોડે હાથ મિલાવતો બોલ્યો. "મારી માને આવું કામ કરવાનું કહેવાની હિંમત મને કદી ન થઈ હોત."

"ક્યારેક તો બધી મા સમજવા લાગશે," મા તેના દિલમાં ખુશી રેડવાના ઈરાદે બોલી.

બેઉ જણ ગયા એટલે મા બારાણું બંધ કરીને ઓરડાની વચમાં ઘૂંટણિયે પડીને પ્રાર્થના કરવા લાગી. તેની પ્રાર્થના વરસાદના અવાજ સાથે ભળી ગઈ. તેમાં કોઈ શબ્દો નહોતા, તેમાં તો પાવેલ મારફત તેની જિંદગીમાં વણાઈ ગયેલા માણસો અંગેની ઊંડી ચિંતા જ માત્ર હતી. એ સૌ જાણે તેની અને દેવમૂર્તિઓની વચ્ચે હરીફરી રહ્યા હતા—એ બધા સીધાસાદા ઇન્સાનો પરસ્પર ગાઢ રૂપે સંકળાયેલા હોવા છતાં તેમાંનો પ્રત્યેક એકાકી હતો.

મા સવારમાં વહેલી ઊઠીને મારિયા કોરસુનોવાને મળવા ગઈ.

રોજની જેમ જ મેલીઘેલી ને ગોકીરો કરતી ફેરિયણે તેને આવકારીને હમદર્દી બતાવી.

"સાવ નિરાશ થઈ ગઈ છો?" તેણે ચીકણા હાથે માનો ખભો થાબડતાં કહ્યું. "ભાંગી પડતી નહિ! પકડીને લઈ ગયા, એમ ને? ભલે લઈ ગયા, એમાં શરમાવા જેવું કંઈ જ નથી! અગાઉ તો ચોરી કરે એને જ જેલની સજા થતી પણ હવે તો સાચને પડખે ઊભા થાય એનેય જેલ ભેગા કરી દે છે. કદાચ પાવેલે કહેવાની વાત સરખી રીતે નહિ કીધી હોય, પણ એણે જે કંઈ કર્યું એ તો સૌને ખાતર કર્યું છે, એમાં ના પડાય એમ નથી. એટલે તું બહુ ફિકર કરતી નહિ. ભલે કોઈ કબૂલ ન કરે, પણ ખરુંખોટું તો બધાય સમજે જ. હું તને મળવા આવવાની હતી, પણ વખત જ ક્યાં મળે છે! આખો દિવસ રાંધવાના ને ફેરીના ઢસરડા કરતી રહું છું, પણ તોયે હું તો ભિખારણ જેવી જ મરવાની! તારી નજરે જોઈ લેજે! મને તો ઇશ્કી ભાયડા ભરખી જાય છે—કાળમુખા! રેઢા રોટલાની ઉપર તૂટી પડતાં જીવડાંની જેમ કોઈ એક કોર બટકું

ભરે તો કોઈ બીજી કોર બટકું ભરે. હું માંડ માંડ દોકડા બચાવીને દસ રૂબલ ભેગા કરું કે તરત જ કોઈ હરામજાદો આવી પહોંચે ને હડપ કરી જાય. બાયડીનો અવતાર જ એવો, જિંદગી આખી રોતા જ રહેવાનું! મને તો થાય છે કે દુનિયામાં કોઈને ઓરત ન બનવું પડે! એકલા રહેવું—શું કરવા? ભાયડો લાવો—તો તો જાણે મોત જ આવ્યું!"

"હું તો એમ કહેવા આવી છું કે મને તારા ભેગી કામે રાખી લે," માએ તેનો બબડાટ અધવચ્ચે અટકાવીને કહ્યું.

"શું કહ્યું?" મારિયા બોલી. માએ આખી વાત સમજાવીને કહી. મારિયાએ તરત વાત માની લીધી.

"ચોક્કસ વળી," તેણે કહ્યું. "યાદ છે, તું મને મારા આદમીથી કેવી રીતે બચાવતી? હવે હું તને ભૂખથી બચાવીશ. તને તો બધાએ મદદ કરવી જ જોઈએ, કારણ કે તારો દીકરો સૌના ભલા ખાતર જેલમાં ગયો છે. મઝાનો જુવાન છે. બધાય એમ જ કહે છે. સૌનાં દિલોમાં તેને માટે હમદર્દી છે. મારી વાત યાદ રાખજે—આ બધી પકડાપકડીથી માલિકોને કંઈ જ ફાયદો નહિ થાય. કારખાનાની હાલત જોઈ લે ને બાઈ, સાવ વણસી ગઈ છે. માલિકોને એમ હતું કે એક માણસના પગ બાંધી લઈશું એટલે તે દોડતો અટકી જશે. પણ થાય છે એવું કે દસવીશને પકડી લે કે તરત જ આખા સો જણ તેમની સામા ધસી જાય છે!"

એ વાતચીતના પરિણામે મા બીજે દિવસે બપોરે બે ટોપલા ખાવાનું લઈને કારખાનામાં પહોંચી ગઈ અને મારિયા ફેરી કરવા બજારમાં ગઈ.

૧૫

નવી ફેરિયણ તરત જ કામદારોની નજરમાં આવી ગઈ.

"કામે વળગી ગયાં ને, પેલાગેયા?" જાણે બહાલી આપતા હોય એમ માથું હલાવતા કામદારો પૂછવા લાગ્યા.

કેટલાકે ખાતરીના ભાવે કહ્યું કે પાવેલ થોડા વખતમાં જ છૂટી જશે, કેટલાકે હમદર્દીનાં વેણ બોલીને દિલાસો આપ્યો, તો કેટલાકે ખીજે ભરાઈને ડાયરેક્ટર તથા પોલીસને આકરી ગાળો ભાંડી. માના દિલમાં તેના પડઘા ઊઠયા. મનમાં એક જાતનો ખુશાલ સંતોષ માણનારા માણસો પણ તેમાં હતા. ટાઈમકીપર ઇસાઇ ગોર્બોવે તો દાંત પીસીને બબડાટ પણ કર્યો:

"હું ગવર્નર હોત તો મેં તારા દીકરાને ફાંસીએ લટકાવી દીધો હોત! લોકોને અવળે રસ્તે ચડાવી દેનારો આદમી એને જ લાયક ગણાય!"

એવી મેલી ધમકી સાંભળીને માને તો જાણે અંગેઅંગમાં કંપારી ફેલાઈ ગઈ. તેણે ઈસાઈને કશો જવાબ ન આપ્યો, કેવળ તેના નાના ડાઘાદાર ચહેરા સામે જોઈને નજર ઢાળી દેતાં નિસાસો નાખ્યો.

કારખાનામાં બધે અશાંતિ ફેલાયેલી હતી. કામદારો નાનકડાં જૂથોમાં ભેગા થઈને માંહોમાંહે ગુસપુસ કરી રહ્યા હતા. ફિકરમંદ ફોરમેનો બધે ડોકિયાં કરતા આંટા મારી રહ્યા હતા. ક્યારેક ક્યારેક ગાળો અને ઠેકડીભરી હસાહસના અવાજ કાને પડતા હતા.

બે પોલીસ સામોઈલોવને લઈ જતા પસાર થયા. સામોઈલોવ એક હાથ ખીસામાં રાખીને બીજા હાથે તેના બદામી વાળ સરખા કરતો જઈ રહ્યો હતો.

લગભગ એકસો જેટલા કામદારો પોલીસની ઉપર ગાળો ને ઠેકડીનો વરસાદ વરસાવતા તેમની પાછળ પાછળ જઈ રહ્યા હતા.

"ફરવા ચાલ્યો, સામોઈલોવ?" કોઈએ ઘાંટો પાડ્યો.

"અરે, આજકાલ તો આ લોકો આપણને બહુ માનથી રાખે છે, ફરવા જઈએ ત્યારે ભેગા અંગરક્ષકો આપે છે," બીજું કોઈ બોલી ઊઠ્યું.

પછી એક આકરી ગાળ કાને પડી.

"લાગે છે કે હવે ચોરોને પકડવામાં માલ નથી રહ્યો, એટલે આ લોકો ઈમાનદાર માણસોને પકડવા લાગ્યા છે!" કોઈ ઊંચા ને એક જ આંખવાળા કામદારનો ઘાંટો સંભળાયો.

"આવાં કામાં કરવાં જ હોય તો રાતે કરવા જેટલી અક્કલ વાપરતાં શું થાય છે? ધોળે દહાડે પકડી જાય છે, હરામજાદા ક્યાંના!" ટોળામાંથી કોઈનો વાજ આવ્યો.

પોલીસો ભવાં ચડાવીને ઝડપથી ચાલવા લાગ્યા. તેમણે જાણે કશું જોતા જ ન હોય અને હાંસી સાંભળતા જ ન હોય એવો ડોળ કર્યો. એક મોટું પતરું ઉપાડીને આવતા ત્રણ કામદારો તેમની પાસે ધસી ગયા અને ઘાંટા પાડતા બોલી ઊઠ્યા:

"રસ્તો કરો, માછીમારો!"

સામોઈલોવ મા પાસેથી નીકળ્યો એટલે માથું હલાવીને અને હોઠ મલકાવીને બોલ્યો:

"હું તો ચાલ્યો!"

માએ મૂંગે મોંએ માથું નમાવી દીધું. ઈમાનદાર ગંભીર જુવાન માણસોને હસતે મોંએ જેલમાં જતા જોઈને તે ગદગદ થઈ ગઈ. તેનું દિલ માની મમતા અને અનુકંપાની લાગણીથી છલકાઈ ગયું.

માએ કારખાનેથી પાછી ફરીને બાકીનો દિવસ મારિયા જોડે ગાળ્યો — તેને કામમાં મદદ કરી અને તેનો લવારો સાંભળ્યો. છેક મોડી સાંજે તે પોતાના ઠંડાગાર, ખાલી, અને ભેંકાર ઘરમાં પાછી ફરી. કેટલીય વાર સુધી તે શૂન્ય મને ઓરડામાં આંટા મારતી રહી. તેનું મન બેચેન હતું અને તેને સમજાતું જ નહોતું કે શું કરવું. લગભગ રાત પડવા આવી તોપણ યેગોર ઇવાનોવિચ છાપાંચોપાનિયાં લઈને પહોંચ્યો નહિ એટલે તેને ફિકર થવા લાગી.

બહાર શરદની હિમવર્ષા ચાલી રહી હતી. ભારે રાખોડી હિમકણ હળવેથી બારીના કાચ પર ચોંટી જતા હતા, અને ઓગળવા લાગે ત્યારે પાણીની લકીરો રચતા નીરવતાથી નીચે સરકી પડતા હતા. તેના મનમાં દીકરાના વિચારો ઊભરાયા...

કોઈએ હળવેથી બારણું ખખડાવ્યું. માએ એકદમ જઈને આંકડી ખોલી નાખી. સાશા અંદર આવી. માએ તેને ઘણા વખતથી નહોતી જોઈ. માને પહેલી નજરે સાશાની કાયા જાણે અજબ રીતે ફૂલી ગયેલી લાગી.

"આવો," માએ આવકાર આપ્યો. રાતમાં થોડીક વાર તો કોઈનો સાથ મળશે એવા ખ્યાલે તેને ખુશી થઈ. "ઘણા વખતથી દેખાયાં જ નહોતાં, ક્યાંય બહાર ગયેલાં કે?"

"ના, હું તો જેલમાં હતી," સાશા હસીને બોલી. "નિકોલાઇ ઇવાનોવિચની જોડે. એ તમને યાદ છે?"

"હાસ્તો, કેમ નહિ?" મા બોલી ઊઠી. "ગઈકાલે યેગોર ઇવાનોવિચે કહ્યું કે એ છૂટી ગયા છે. પણ તમારે વિશે તો મને ખબર જ નહોતી. કોઈએ વાત જ નહોતી કરી કે તમે પણ જેલમાં હતાં..."

"એવી વાત ક્યાંથી નીકળે? વારુ, યેગોર ઇવાનોવિચ આવે તે પહેલાં હું કપડાં બદલાવી લઉં," તેણે આમતેમ નજર ફેરવતાં કહ્યું.

"તમે સાવ ભીંજાઈ ગયાં છો."

"હું છાપાં ચોપાનિયાં લાવી છું..."

"લાવો ને, ક્યાં છે?" માના અવાજમાં આતુરતાનો રણકાર હતો.

સાશાએ કોટનાં બટન ખોલીને બદન હલાવ્યું કે તરત જ જાણે ઝાડ

ઉપરથી પાંદડાં ખરતાં હોય એમ ફફડાટ કરતાં કાગળિયાંનો ઢગલો થઈ ગયો. મા હસી પડી અને ચોપાનિયાં ભેગાં કરવા લાગી.

"હમણાં તમને જોયાં ત્યારે મને થયેલું કે તમે આટલાં બધાં જાડાં કેવી રીતે થઈ ગયાં હશો— પછી ખ્યાલ આવ્યો કે કદાચ પરણી ગયાં હશો અને મા બનવાની તૈયારી કરતાં હશો. અરે, કેટલાં બધાં ચોપાનિયાં લાવ્યાં છો? ચાલતાં તો નથી આવ્યાં ને?"

"હા, ચાલતી જ આવી છું," વળી પાછી ઊંચી ને પાતળી દેખાતી સાશા બોલી. માની નજરમાં આવી ગયું કે તેનો ચહેરો સુકાઈ ગયો હતો, એ કારણે તેની મોટી મોટી આંખો વધારે મોટી લાગતી હતી, અને આંખોની નીચે કાળા ખાડા પડી ગયા હતા.

"જેલમાંથી છૂટીને આરામ કરવાને બદલે તરત જ આવી મહેનત કેમ કરો છો?" મા નિસાસો નાખતી અને માથું હલાવતી બોલી.

"આ કામ તો કરવાનું જ છે," ટાઢથી ધ્રૂજતી બાળા બોલી. "પાવેલ મિખાઈલોવિચની વાત કરો ને—ગિરફ્તાર થયા ત્યારે બહુ બેચેન તો નહોતા થઈ ગયા ને?"

સાશાએ સવાલ પૂછતી વેળા માની સામે ન જોયું. એ તો માથું નમાવીને ધ્રૂજતી આંગળીઓ વડે વાળ સરખા કરી રહી હતી.

"ખાસ નહિ," માએ જવાબ આપ્યો. "એવો કાચી માટીનો નથી."

"એમનું શરીર તો સારું છે ને?" બાળાએ હળવે અવાજે પૂછ્યું.

"આખી જિંદગીમાં ક્યારેય માંદો તો પડયો જ નથી," મા બોલી. "પણ તમે ટાઢમાં થથરી રહ્યાં છો. હું હમણાં ચા બનાવી લાવું છું, ભેગો થોડોક મુરબ્બો પણ લેજો."

"સરસ. પણ તમને બહુ તકલીફ પડશે—અને વળી આટલી મોડી રાતે. ચાલો, હું જ ચા બનાવી લાવું છું."

"ના, આટલાં થાકી ગયાં છો ને પાછી ચા બનાવવી છે?" માના અવાજમાં ઠપકાની છાયા હતી. તેણે સમોવાર પેટાવ્યો. સાશા પણ રસોડામાં ગઈ અને ભીંતને અઢેલીને બાંકડા ઉપર બેસી ગઈ. તેણે બેઉ હાથ માથા પાછળ ગોઠવી દીધા.

"જેલમાં તો કાયા સાવ ઘસાઈ જાય," તે બોલી. "સાવ નકામા બેસી રહેવાની જાલીમ હાલત! એથી બદતર બીજું કંઈ નહિ હોય! બહાર આટલું બધું કામ હોય ત્યારે પાંજરામાં પુરાયેલા જનાવરની જેમ જેલમાં ગોંધાઈ રહેવાનું!

"આ બધું વેઠો છો એનો બદલો તમને કોણ આપવાનું છે?" મા બોલી. પછી તેણે નિસાસો નાખતાં પોતે જ જવાબ આપ્યો: "પરમાત્મા સિવાય બીજું કોઈ નહિ! પણ તમે તો એનામાં માનતાં જ નહિ હો, ખરું ને?"

"ના," બાળાએ માથું હલાવીને ટૂંકો જવાબ આપ્યો.

"એમ બને જ કેવી રીતે?" મા ભાવાવેગમાં બોલી ઊઠી. પછી તે કોલસાવાળા હાથ લૂછતી ઊંડી શ્રદ્ધાથી બોલી: "તમારી પોતાની નિષ્ઠા પણ તમને સમજાતી જ નથી. તમે ઈશ્વરમાં ન માનતા હો તો આવી જિંદગી ગુજારી જ કેવી રીતે શકો?"

એકાએક બહાર કોઈએ પગ પછાડયો અને હળવો બબડાટ કાને પડયો. મા ચોંકી ગઈ અને બાળા એકદમ ઊભી થઈ ગઈ.

"ઊભાં રહો, બારણું ખોલતાં નહિ," તેણે કહ્યું. "પોલીસ હોય તો તમને જાણે ખબર જ નથી કે હું કોણ છું. મેં અંધારામાં ઘર ગોતવામાં ભૂલ કરી અને હું બારણા પાસે બેભાન થઈને ઢળી પડી. તમે મારાં કપડાં બદલાવ્યાં તો અંદરથી ચોપાનિયાં નીકળ્યાં. સમજ્યાં ને?"

"મીઠી દીકરી... એમ શું કરવા કહું?" મા બોલી. તેના હૈયામાં મમતા છલકાઈ ગઈ.

"ઊભાં રહો," બારણે કાન માંડતી સાશા બોલી. "કદાચ યેગોર હોય."

યેગોર જ હતો, સાવ ભીંજાઈ ગયેલો અને થાકથી હાંફતો.

"વાહ, સમોવાર પેટાવી દીધો છે ને! મા, સમોવાર જેવી મઝા બીજી કોઈ નહિ! સાશા, તમે પણ પહોંચી ગયાં ને?"

ભારે ઓવરકોટ ધીરે ધીરે ઉતારતાં તેણે વાત કરવાનું અણથંભ ચાલુ રાખ્યું. તેના શ્વાસનો કર્કશ અવાજ આખા રસોડામાં ફેલાઈ ગયો.

"મા, આ ફૂટડી બાઈ સત્તાધારીઓને જરાય નથી ગમતી. જેલરે એનું અપમાન કર્યું એટલે એણે માફી ન માગવામાં આવે ત્યાં સુધી ભૂખ હડતાલ જાહેર કરી દીધી. પૂરા આઠ દહાડા કશું જ ન ખાધું, એટલે જીવ તો જાણે જાતો જાતો રહી ગયો. આ જુઓ, કેવી મારી ફાંદ મઝાની છે? બીજા કોઈની જોઈ છે આવી?"

તે પોતાના હાસ્યાસ્પદ ગોળમટોળ પેટ ઉપર હાથ ફેરવતો બીજા ઓરડામાં ગયો. તેણે બારણું અંદરથી વાસ્યું ત્યારે પણ તેની વાતોનો ધોધ તો ચાલુ જ રહ્યો હતો.

"તમે ખરેખર આઠ દહાડા કશું જ ન ખાધેલું?" માએ વિસ્મયના ભાવે પૂછ્યું.

"એને મોઢે માફી મગાવવા મારે કંઈક તો કરવું જ પડે એમ હતું," સાશાએ જવાબ આપ્યો. તેની કાયા હજી ટાઢથી ધ્રૂજી રહી હતી. બાળાની સ્વસ્થતા અને કઠોરતામાં માને તિરસ્કારની છાયા વરતાઈ.

"કેવી અજબ છોકરી છે!" તેને થયું. પછી તેણે પૂછ્યું: "અને જીવ ગયો હોત તો?"

"તો લાચારી," બાળા હળવે અવાજે બોલી. "પણ એણે આખરે માફી માગી. કોઈને આપણી ભલાઈનો ખોટો લાભ ન જ ઉઠાવવા દેવાય."

"હં..." મા ધીરેથી બોલી. "પુરુષો એમ જ કરે છે, આખી જિંદગી સ્ત્રીઓની લાચારીનો ફાયદો ઉઠાવતા રહે છે."

"લો, મેં ભાર તો ઉતારી નાખ્યો," યેગોર બારણું ઉઘાડતો બોલ્યો. "સમોવાર તૈયાર? લાવો, અંદર લઈ જાઉં."

તેણે સમોવાર ઉપાડીને બીજા ઓરડામાં જતાં બોલવાનું ચાલુ જ રાખ્યું: "મારા બાપુ આખા દિવસમાં ઓછામાં ઓછા વીસ ગ્લાસ ચા તો પીતા જ પીતા, અને એટલે જ તોંતેર વરસની પાકટ ઉંમર સુધી સુખશાંતિથી મઝાના સાજાસમા જીવ્યા. વજન પણ પૂરા એકસો ને ત્રીસ કિલો હતું. વોસ્ક્રેસેન્સ્ક ગામમાં પાદરી હતા..."

"ફાધર ઈવાન તમારા બાપુ થાય?" મા અચરજથી બોલી ઊઠી.

"હાસ્તો, પણ મારા બાપુને તમે ક્યાંથી ઓળખો?"

"હુંયે વોસ્ક્રેસેન્સ્કની છું."

"મારા વતનના ગામનાં! તમારા બાપુનું નામ શું?"

"સેરેગિન, તમારા પાડોશી!"

"તમે લંગડા નિલનાં દીકરી? એમને તો બહુ ઓળખું... કોણ જાણે કેટલી વાર મારા કાન મરડ્યા હશે!"

બેઉ એકબીજાની સામે જોતાં, હસતાં, અને એક પછી એક સવાલ પૂછતાં ઊભાં રહ્યાં. ચા બનાવવામાં પડેલી સાશાનું મોં મલકી રહ્યું હતું. ભૂતકાળમાં સરકી ગયેલું માનું મન ગ્લાસનો ખખડાટ સાંભળીને ચાલુ જિંદગીમાં પાછું ફર્યું.

"માફ કરજો, હું તો જાણે આ બધું ભૂલી જ ગયેલી! વતનનું કોઈ માણસ મળી જાય ત્યારે કેટલું ગમે! ખરું ને?"

"માફી તો મારે માગવી જોઈએ... તમને પૂછ્યા વગર જ આ બધું મેં

હસ્તક લઈ લીધું... પણ અગિયાર વાગી ગયા છે ને મારે હજી લાંબો પંથ કાપવાનો છે."

"ક્યાં જવું છે? શહેરમાં? અત્યારે?" માએ અચરજમાં ગરકાવ થઈને સવાલો કર્યા.

"હા."

"પણ શું કરવા? અંધારું, વરસાદ, અને પાછાં તમે થાકેલાં છો! અહીંયાં જ સૂઈ જાઓ. યેગોર ઈવાનોવિચ રસોડામાં સૂઈ જશે અને આપણે બન્ને આ ઓરડામાં."

"ના, જવું જ પડે એમ છે," બાળાએ સીધો સાફ જવાબ આપ્યો.

"કમનસીબે એને જવું જ પડશે. અહીંયા લોકો એને ઓળખે છે. કાલે રસ્તામાં કોઈ જોઈ જાય તે ઠીક નહિ."

"પણ આમ તે કંઈ જવાય? સાવ એકલાં?"

"સાવ એકલાં," યેગોરે જરાક હસીને કહ્યું.

સાશાએ ગ્લાસમાં ચા રેડી અને જવની રોટીના ટુકડા ઉપર મીઠું ભભરાવ્યું. પછી વિચારભરી નજરે માને જોતી તે ખાવા લાગી.

"તમે ને નાતાશા આવું બધું કેવી રીતે કરી શકો છો? મારાથી ન થાય... મને તો બીક લાગે," પેલાગેયા બોલી.

"આનેય બીક તો લાગે જ છે, લાગે છે ને, સાશા?" યેગોર બોલ્યો.

"હાસ્તો, બીક તો લાગે જ વળી," સાશાએ જવાબ આપ્યો.

મા વારાફરતી તેની અને યેગોરની સામે જોતી રહી.

"તમારા લોકોનાં મન કેવાં કઠણ છે!"

સાશાએ ચા પૂરી કરી. પછી તે ચુપચાપ યેગોરની જોડે હાથ મિલાવીને રસોડામાં ગઈ. મા પણ તેની પાછળ પાછળ ગઈ.

"પાવેલ મિખાઈલોવિચને મળો તો કહેજો કે મેં એમને યાદ કર્યા હતા, ભૂલતાં નહિ," સાશાએ કહ્યું.

બારણું ખોલવા જતાં અચાનક પાછળ ફરીને તેણે પૂછ્યું: "મા, એક બચી ભરી લઉં?"

મા ચુપચાપ તેને ભેટી પડી અને વહાલથી બચીઓ ભરવા લાગી.

"બહુ ગમ્યું," કહેતી બાળા માથું હલાવીને વિદાય લેતી બહાર નીકળી ગઈ.

મા ઓરડામાં પાછી ફરીને ચિંતાતુર નજરે બારીની બહાર જોવા લાગી. અંધારામાં ભીના હિમકણ વરસી રહ્યા હતા.

"પ્રોઝોરોવ પરિવાર યાદ છે?" યેગોરે પૂછ્યું. તે પગ પહોળા ફેલાવીને બેઠો બેઠો ચાને જોરથી ફૂંક મારી રહ્યો હતો. તેના રતુમડા ચહેરા ઉપર આછી ભીનાશ વરતાતી હતી અને સંતોષના ભાવ છવાયેલા હતા.

"હા, યાદ છે," વિચારમાં ડૂબી ગયેલી મા ટેબલ પાસે આવતાં આવતાં બોલી. તેણે બેસી જઈને ગમગીન નજરે યેગોરની સામે જોયું.

"અરેરે! બીચારી સાશા! શહેર સુધી કેવી રીતે જશે?"

"ચોક્કસ થાકી જવાની," યેગોર બોલ્યો. "જેલમાં દૂબળી પડી ગઈ છે. પહેલાં એની કાયામાં વધારે જોર હતું. વળી સુખસગવડમાં જ મોટી થઈ છે. ફેફસાંનો રોગ તો લાગુ પડી ગયો છે."

"પણ એ છે કોણ?" માએ હળવા અવાજે પૂછ્યું.

"ગામના કોઈ અમીરની દીકરી છે. એના પોતાના કહેવા મુજબ બાપ સાવ ડુક્કર જેવો છે. મા, તમને ખબર છે કે બેય લગન કરવાનાં હતાં?"

"કોણ બેય?"

"સાશા ને પાવેલ. પણ કશો મેળ ખાતો નથી. પાવેલ છૂટો હોય ત્યારે સાશા જેલમાં હોય, અને સાશા છૂટી હોય ત્યારે પાવેલ જેલમાં હોય."

"મને ખબર નહોતી. પાવેલ પોતાની વાત ક્યારેય કરતો જ નથી," મા થોડીક વાર ચુપ રહીને પછી બોલી.

માના દિલમાં બાળા પ્રત્યેની હમદર્દી એકાએક વધી ગઈ અને તેણે અનાયાસે જ મહેમાન તરફ ફરીને મનની ખીજ તેની ઉપર ઉતારી.

"તમે એને ઘેર મૂકવા કેમ ન ગયા?"

"મારાથી જવાય એમ નહોતું," તેણે સીધો ને સાફ જવાબ આપ્યો. "મારે અહીંયાં ઘણાં કામ કરવાનાં છે. સવારમાં વહેલો ઊઠીને નીકળી જઈશ. એક પછી એક કેટલીય જગ્યાએ જવું પડશે. મને શ્વાસની તકલીફ છે અને એવી હાલતમાં આટલો રખડપાટ સહેલો તો ન જ ગણાય."

"મઝાની બાળા છે," મા બોલી. યેગોરે કરેલી વાત હજુ તેના મનમાં ઘોળાઈ રહી હતી. એવી વાતની ખબર તેને દીકરાને બદલે અજાણ્યા આદમી પાસેથી પડી એ કારણે તેનું મન દુભાયું હતું. તેનાં ભવાં સંકોચાઈ ગયાં હતાં અને તે દાંત વડે હોઠ કરડી રહી હતી.

"હા, છે તો મઝાની," યેગોર હકારમાં માથું હલાવતો બોલ્યો. "એની હાલત જોઈને અફસોસ તમારું હૈયું કોરી ખાતો હોય એમ લાગે છે. પણ એવો સંતાપ નકામો છે. અમારા જેવા બળવાખોરોની હાલત જોઈને સંતાપ કર્યા

કરશો તો તમારું હૈયું ભાંગી પડશે. ખરું પૂછો તો અમારામાંથી કોઈની જિંદગી આસાન નથી. મારો એક સાથી હમણાં જ હદપારીથી પાછો આવ્યો છે. એ નીઝની-નોવગોરદ પહોંચ્યો ત્યારે એનાં બાળબચ્ચાં સ્મોલેન્સ્કમાં એની વાટ જોઈ રહ્યાં હતાં. ત્યાંથી નીકળીને સ્મોલેન્સ્ક ગયો એટલી વારમાં એના કુટુંબને મોસ્કોની જેલમાં ગોંધી દેવામાં આવ્યું હતું. હવે સાઈબિરિયા જવાનો વારો એની વહુનો છે. મારે પણ વહુ હતી—અદ્ભુત બાઈ! પાંચ વરસ એવી જિંદગી વેઠીને એ કબર ભેગી થઈ ગઈ."

તેણે બાકીની ચા એક જ ઘૂંટડે ગળા હેઠી ઉતારી દઈને કથની આગળ ચલાવી. તેણે જેલમાં ને હદપારીમાં ગાળેલાં વરસોની વાત કરી, અનેકાનેક વિપદાઓની વાત કરી, જેલમાં ખાધેલા મારની ને સાઈબિરિયામાં વેઠેલા ભૂખમરાની વાત કરી. હાડમારી અને કનડગતથી ભરેલી જિંદગીની કથની તે શાંત અને સરળ રીતે કહેતો ગયો અને મા હેરત પામતી તેને નીરખતી રહી.

"પણ હવે કામની વાત કરીએ."

તેના અવાજમાં ફેર પડી ગયો અને તેનો ચહેરો વધારે ગંભીર બની ગયો. તેણે છાપાંચોપાનિયાં કારખાનામાં પહોંચાડવા અંગે કેટલાય સવાલ પૂછયા. વિગતોની તેની જાણકારી જોઈને મા અચંબામાં ગરકાવ થઈ ગઈ.

એ બાબત પતી ગઈ એટલે બેઉ વળી પાછાં વતનના ગામની વાતોએ ચડયાં. યેગોરના અવાજમાં ટોળટપ્પાની છાયા હતી, પણ ભૂતકાળમાં ભમતી માના અવાજમાં ચિંતનનો ભાર હતો. કોણ જાણે કેમ પણ અતીતના એ દિવસો તેને નાનકડાં ફર, સફેદ બર્ચ, અને કંપતાં એસ્પન વૃક્ષોથી ભરેલા કાદવિયા જંગલ જેવા લાગ્યા. બર્ચનાં ઝાડ ધીરે ધીરે ઊગે અને એવી ગંધારી જમીનમાં પાંચ વરસની અંદર ખવાઈને પડી જાય, કોહવા લાગે. નજર સામે એવો દેખાવ જોઈને તેનું દિલ દયાની ઊંડી લાગણીથી ભરાઈ ગયું. ફરી તેની નજર સામે એક તરુણ બાળાનું ચિત્ર રચાઈ ગયું. તેના સ્પષ્ટ રેખાઓ ધરાવતા ચહેરા ઉપર અડગતાનો ભાવ છવાયેલો હતો. એકાકી ને થાકેલી બાળા ભીના હિમકણોની વર્ષામાં પંથ કાપી રહી હતી... અને માનો દીકરો જેલમાં હતો. તેને કદાચ નીંદર હજી નહિ આવી હોય, તે પથારીમાં પડયો પડયો વિચારોમાં ડૂબી ગયો હશે... પરંતુ એ વિચારો મા અંગેના નહિ હોય. હવે દીકરાને બીજું કોઈ અધિક વહાલું છે... વેદનાકારી વિચારો બહુવિધ ઘેરાં વાદળોની જેમ આવતા ગયા અને તેના દિલમાં અંધકાર ફેલાવતા ગયા...

"મા, તમે થાકી ગયાં છો, હવે સૂઈ જઈએ," યેગોર હસીને બોલ્યો.

મા રાત પૂરતી વિદાય લઈને હળવેથી રસોડામાં ચાલી ગઈ. તેના દિલમાં કારમી કટુતા ભરાઈ ગઈ હતી.

સવારે નાસ્તો કરતાં કરતાં યેગોરે પૂછ્યું:

"તમે પકડાઈ જાઓ અને તમને સવાલ કરવામાં આવે કે આ બળવાખોર ચોપાનિયાં ક્યાંથી લાવ્યાં છો, તો શું કહેશો?"

"કહીશ કે એ બાબત જોડે તમારે કંઈ જ સંબંધ નથી," માએ જવાબ આપ્યો.

"પણ તમારી વાત માનશે નહિ," યેગોરે વાંધો ઉઠાવ્યો. "એ લોકોને તો પાકી ખાતરી છે કે આ બાબત તેમના જ કામની છે. તમને લાંબા વખત સુધી સતત સવાલ પૂછતા રહેશે."

"પણ હું નહિ જ કહું."

"તમને જેલમાં પૂરી દેશે."

"ભલે પૂરી દેતા. ઈશ્વરની દયા કે હું એને લાયક તો છું!" મા નિસાસો નાખતી બોલી. "મારી કોને જરૂર છે? કોઈને નહિ. અને મને નથી લાગતું કે મારી ઉપર જુલમ કરે. સાંભળ્યું છે કે..."

"હં..." માની ઉપર એકાગ્ર નજર માંડીને યેગોર બોલ્યો. "ના, તમારી ઉપર જુલમ તો નહિ જ કરે. પણ સજ્જન માણસો બચીને રહે તો સારું."

"તમે ઊઠીને આવી વાત કરો છો!" માના મલકાટમાં વ્યંગની છાયા હતી.

યેગોર કશો જવાબ આપ્યા વગર ખંડમાં આંટા મારવા લાગ્યો. પછી તે માની પાસે જઈને બોલ્યો: "વિકટ હાલત છે, મા. હું સમજું છું કે તમારે માટે કેવી વિકટ હાલત છે."

"સૌને માટે વિકટ હાલત છે," મા હાથ હલાવીને બોલી. "બધું સમજતા હોય એ લોકોને હાલત કદાચ ઓછી વિકટ લાગે. પણ થોડું થોડું કરીને હુંયે સમજવા લાગી છું કે સજ્જન માણસો શાની કોશિશો કરી રહ્યા છે."

"એટલું સમજતાં હો તો સૌને તમારી જરૂર છે, મા, સૌને!" યેગોરના અવાજમાં ભાવ ઊભરાતો હતો.

માએ તેની સામે જોઈને હોઠ મલકાવ્યા.

તે બપોરે કારખાનામાં જવા તૈયાર થઈ ગઈ. તેણે ચોપાનિયાં એટલી સિફતથી છુપાવી દીધાં હતાં કે યેગોરે તલાશી પછી સંતોષના ભાવે જીભનો ડચકારો બોલાવ્યો.

"બીયરનો પહેલો ગ્લાસ પીને તમામ સજ્જન જર્મનો વખાણ કરતા બોલે એમ કહેવું જ પડે કે 'ઝેર ગુત!' ચોપાનિયાંથી જરાય ફેર નથી પડયો, મા. તમે તો પહેલાંની જેમ જ ભલાં, આધેડ, ઊંચાં, અને જરાક જાડાં બાઈ જેવાં દેખાઓ છો. અગણિત દેવો તમારા વિનમ્ર આરંભને યશ અપાવો!"

મા અરધા કલાકમાં કારખાનાને દરવાજે પહોંચી ગઈ. ટોપલાઓના ભારથી તેની કાયા વળી ગઈ હતી પણ તે સાવ શાંત ને સ્વસ્થ હતી. બે ચોકીદારો ચોગાનમાં દાખલ થતા દરેક માણસને શરીરે હાથ ફેરવીને તલાશી લેતા હતા. બદલામાં કામદારો ગાળો ભાંડતા હતા અને ઠેકડી ઉડાડતા હતા. બાજુમાં એક પોલીસ ઊભો હતો અને તેની જોડાજોડ ખડા બીજા એક આદમીના પગ લાંબા હતા, મોઢું રાતું હતું, અને આંખો ચકરવકર ફરતી રહેતી હતી. માએ ટોપલા ભરાવેલી કાવડ એક ખાંધોલેથી બીજે ખાંધોલે ફેરવી, અને ભવાં નીચેથી લાંબા પગવાળા આદમી ઉપર નજર નાખી. તેને સમજાઈ ગયું હતું કે એ માણસ બાતમીદાર છે.

"અરે શયતાનો, અમારાં માથાંની ઝડતી લો, ખીસાં ફંફોળવાથી કંઈ નહિ વળે," વાંકડિયા વાળવાળા ને ઊંચા એક કામદારે પોતાનાં કપડાંની તલાશી લેતા ચોકીદારોને સંભળાવ્યું.

"તમારાં માથાંમાં ટોલા સિવાય બીજું કંઈ ન મળે," એક ચોકીદારે જવાબ આપ્યો.

"તો કાઢો ટોલા બેઠા બેઠા, અને આવી તલાશી રહેવા દો," કામદારે વળતું પરખાવ્યું.

બાતમીદાર ઝડપી નજરે કામદારને જોઈ લેતો ધૃણાના ભાવે થૂંક્યો.

"અરે, મને તો જવા દો," મા બોલી. "જોતા નથી કે ભારથી મારી કમ્મર વળી ગઈ છે!"

"જા, ઝટ કર," ચોકીદાર ખિજાતો બોલ્યો," તારેય થોડુંક તો ભસવું જ પડે, ખરું ને!"

માએ પોતાની જગ્યાએ પહોંચીને ટોપલા જમીન પર ગોઠવ્યા અને કપાળેથી પરસેવો લૂછીને આસપાસ નજર ફેરવી.

મિકેનિકનું કામ કરતા બે ગુસેવ ભાઈઓ તેની પાસે ગયા.

"પિરોગી છે?" મોટા ભાઈ વસીલીએ ભવાં સંકોચતાં પૂછ્યું.

"કાલે લાવીશ," માએ જવાબ આપ્યો.

સવાલ ને જવાબ સંકેતના હતા. બેઉ ભાઈઓના ચહેરા ચમકી ઊઠયા.

"કેવી પ્યારી માવડી મારી!" ઇવાન બોલી ઊઠયો.

વસીલી ગોઠણભેર બેસી જઈને ટોપલા ઉપર નમ્યો. બરાબર એ જ ઘડીએ ચોપાનિયાંનું એક પેકેટ તેના કોટ આડું અંદરનાં કપડાં નીચે પહોંચી ગયું.

"ઈવાન, આજે ખાવા ઘેર નથી જવું, મા કનેથી લઈ લેશું, એને ધંધો ચલાવવામાં મદદ તો કરવી જ પડે," તેણે ઘાંટો પાડીને ભાઈને કહ્યું, અને એટલું બોલતાં બોલતાંમાં એક બીજું પેકેટ લઈને સિફતથી છુપાવી દીધું.

"બેશક વળી," કહેતો ઇવાન હસી પડયો.

માએ સાવચેતીથી આસપાસ નજર ફેરવી.

"સૂપ લ્યો! ગરમાગરમ ખાવાનું લ્યો!" માએ ફેરીના સાદ શરૂ કરી દીધા.

તેણે ચોપાનિયાંનાં પેકેટ એક એક કરીને છાની રીતે ગુસેવ ભાઈઓને સરકાવી દીધાં. દરેક પેકેટ સરકાવતી વેળા અફસરનું પીળિયું ડાચું સળગતી દીવાસળીની જેમ તેની નજર સામે તરવરી ઊઠતું, અને તે હરખાઈને મનમાં કહેતી: "લે, મારા બાપ! લેતો જા! હજી લે!"

કામદારો કટોરા લઈને સૂપ ને ખાવાનું ખરીદવા આવતા ગયા. કોઈ માણસ નજીક આવે એટલે ઇવાન ગુસેવ જોરથી હસતો અને મા તરત જ સ્વસ્થતાથી ચોપાનિયાં સરકાવવાનું પડતું મૂકી દઈને ખાવાનું વેચવા ઉપર ધ્યાન લગાવી દેતી.

"તમે તો ઉસ્તાદ છો, પેલાગેયા નીલોવ્ના!" ભાઈઓ હસીને બોલ્યા.

"માથે આવી પડે એટલે બધુંય આવડી જાય," પાસે ઊભેલો એક સ્ટોકર ગમગીન ભાવે બોલ્યો. "એના રોટીના રળનારને હરામજાદાઓ પકડી ગયા! લાવો, ત્રણ કોપેકનું ખાવાનું આપો. ફિકર કરતાં નહિ, મા, ગમે તેમ પણ બધું બરાબર થઈ રહેશે!"

"મીઠાં વેણ બદલ તમારું અહેસાન, ભાઈ!" મા હસીને બોલી.

"દિલસોજીનાં બે વેણ બોલવામાં પૈસા ક્યાં દેવા પડે છે!" કહેતો તે ચાલ્યો ગયો.

"ગરમ સૂપ લ્યો! ગરમાગરમ ખાવાનું લ્યો!" પેલાગેયાનો અવાજ વળી ગુંજી ઊઠયો.

તેના મનમાં વિચારો ઊભરાતા હતા કે ચોપાનિયાં પહોંચાડવાના પહેલા અનુભવની વાત દીકરાને કેવી રીતે કહી સંભળાવવી. વળી તેના માનસપટમાં અફસરનો ગૂંચવણમાં પડેલો ને ખીજે ભરાયેલો પીળો ચહેરો ચકરાવા લઈ રહ્યો

હતો. અકળામણને લીધે તેની કાળી મૂછો ફરકી રહી હતી અને વાળી દીધેલા હોઠ વચ્ચે ધોળા દાંત ચળકારા મારી રહ્યા હતા. માના દિલમાં ખુશી જાણે પંખીની જેમ મીઠો કલરવ કરવા લાગી. ખાવાનું વેચતાં વેચતાં તે ગેલમાં ભવાં ત્રાંસાં કરીને મનમાં બોલવા લાગી: "લે, લેતો જા!"

૧૬

સાંજે મા બેઠી બેઠી ચા પી રહી હતી એટલામાં બહાર ઘોડાની જેમ કાદવ ખૂંદતું કોઈ આવી રહ્યું હોય એમ લાગ્યું અને તરત જ જાણીતો અવાજ કાને પડ્યો. તે એકદમ ઊભી થઈ ગઈ અને દોડતી રસોડામાં થઈને બારણે પહોંચી ગઈ. આંગણમાંથી ઝડપી પગલાં સંભળાયાં. તેની નજર સામે જાણે ઘોર અંધારું ફેલાઈ ગયું. બારણું પગ વડે હડસેલીને ખોલી નાખતી તે બારસાખને અઢેલીને ઊભી રહી ગઈ.

"કેમ છે, નેનકો!" જાણીતો રણકાર સંભળાયો અને પાતળા લાંબા હાથ તેને ખભે વીંટાઈ ગયા.

આન્દ્રેઈને જોતાં તેના દિલમાં પહેલાં તો જાણે નિરાશાનો ધક્કો લાગ્યો અને પછી તરત જ ખુશીનો ઉછાળો આવ્યો. બેય લાગણીઓ ભેગી મળીને જાણે હૈયાને આવરી લેતો ભાવાવેગનો પ્રચંડ વંટોળ બની ગઈ. હૂંફાળા વાત્સલ્યના વંટોળના પાશમાં તે જાણે ઊંચે ઊડી, અને પાછી નીચે ઊતરી ત્યારે તેણે માથું આન્દ્રેઈને ખભે ઢાળી દીધું. આન્દ્રેઈએ કંપતા હાથે તેને છાતી સરસી દબાવી. તે રડતી રહી અને આન્દ્રેઈ તેને માથે હાથ ફેરવતો ફેરવતો માને મીઠા સંગીત જેવા લાગતા અવાજે કહેવા લાગ્યો:

"નેનકો, રડો નહિ. હૈયે ભાર ન લાદો. એ થોડા વખતમાં જ છૂટી જશે. એ લોકોને એની વિરુદ્ધ કોઈ જાતની સાબિતી નહિ મળે, તમામ સાથીઓ હોઠ સીવીને બેઠા છે..."

પછી આન્દ્રેઈ માના ખભા ફરતો હાથ વીંટાળીને તેને બીજા ઓરડામાં લઈ ગયો. મા તેને વળગીને આંખોનાં આંસુ ખિસકોલી જેવા વેગે લૂછતી તેનો દરેક શબ્દ આતુર હૈયે સાંભળતી રહી.

"પાવેલે વંદન કહેવડાવ્યા છે. જેલમાં હોઈ શકે એટલો તંદુરસ્ત અને ખુશ છે. ત્યાં બહુ ભીડ થઈ ગઈ છે. શહેરમાંથી તેમ જ અહીંથી મળીને એકસોથી વધારે માણસોને પકડી લીધા છે અને એક એક કોટડીમાં ત્રણ ત્રણ ને

ચાર ચાર આદમી પૂરી દીધા છે. જેલના ઉપરીઓ ભલા માણસો છે. શયતાન પોલીસોએ તેમની ઉપર લાદેલા કામથી બિચારા થાકી ગયા છે. બહુ સખતી નથી કરતા. હંમેશાં કહેતા રહે છે કે 'ભાઈઓ, શાંતિ રાખજો, અમને પરેશાનીમાં ન મૂકી દેતા.' જિંદગી મઝેથી ચાલે છે. સાથીઓ ભેગા મળીને વાતચીત કરે છે, એકબીજાને ચોપડીઓ વાંચવા આપે છે, અને ખાવાનું ભાગે વહેંચીને ખાય છે. જેલ મઝાની છે — જૂની ને ગંદી તો ખરી, પણ બહુ આકરી નહિ. ગુનેગાર કેદીઓ પણ મઝાના માણસો છે અને અમને ખૂબ મદદ કરે છે. બૂકિન અને હું અને બીજા ચાર જણ છૂટી ગયા છીએ. પાવેલનો વારો પણ જલદી જ આવશે. વેસોવશ્ચિકોવ સૌથી છેલ્લે છૂટશે. એ ખૂબ ગાળો ભાંડે છે, એટલે એ લોકોને એની ઉપર બહુ ખાર છે. પોલીસો તો એને જોતાં જ ઊકળી ઊઠે છે. કાં તો એની ઉપર અદાલતી કામ ચલાવીને એને સજા ફટકારવામાં આવશે અથવા ઢીબી નાખશે. પાવેલ એને રોજ સમજાવે છે કે ગાળો ભાંડવી રહેવા દે, ગાળોથી એ લોકો જરાય સુધરવાના નથી. પણ એ તો માનતો જ નથી, ઘાંટા પાડયા કરે છે કે 'બદમાશોને હું ગૂમડાનું ભીંગડું ઉખેડી નખાય એમ ધરતી ઉપરથી ઉખેડીને ખતમ કરી નાખીશ!' પાવેલનું વર્તન બરાબર છે. મક્કમ ને સ્વસ્થ. મને ખાતરી છે કે એ જલદી છૂટી જશે."

માના દિલને રાહત મળી. વાત્સલ્યના ભાવે મલકી ઊઠેલા તેના હોઠેથી શબ્દો સરી પડયા: "જલદી... મને ખાતરી છે કે જલદી છૂટી જશે."

"એટલે બધું ઠીક જ છે. હવે મને એક ગ્લાસ ચા આપો અને તમારી વાત કરો," આન્દ્રેઈએ માની સામે જોતાં કહ્યું.

માના કોમળ ને ભાવમય ચહેરા ઉપર ખુશીનો મલકાટ છવાઈ ગયો હતો. આંખોમાં પથરાયેલા ગમગીનીના ઓળા વહાલનાં કિરણો ફેલાતાં ઓસરી રહ્યા હતા.

"તમે મને બહુ જ ગમો છો, આન્દ્રેઈ," દાઢીનાં ઘેરાં ગૂંચળાંને લીધે રમૂજી લાગતો તેનો સુકાઈ ગયેલો ચહેરો નીરખતાં નીરખતાં મા નિસાસો નાખીને બોલી.

"મને તો થોડુંક વહાલ મળે તો હું ખુશ ખુશ થઈ જાઉં," આન્દ્રેઈ ખુરશીમાં કાયા ડોલાવતો બોલ્યો. "મને ખબર છે કે હું તમને ગમું છું. તમારું દિલ તો એટલું મોટું છે કે તમને સૌ વહાલાં જ લાગે."

"પણ તમે તો મને ખાસ ગમો છો," માએ વાત પકડી રાખી. "તમારે મા હોત તો આવા મઝાના દીકરા બદલ સૌને તેની અદેખાઈ આવત."

ખોખોલે માથું હલાવ્યું અને બેઉ હાથ જોરથી માથા ઉપર ધર્યા.

"મારી મા ક્યાંક ને ક્યાંક છે તો ખરી જ," તે ધીમા અવાજે બોલ્યો.

"તમને ખબર છે, આજે મેં કેવું કામ કર્યું?" મા બોલી ઊઠી અને પોતે કારખાનામાં ચોપાનિયાં કેવી રીતે પહોંચાડેલાં તેની વાત ઉત્સાહથી કરવા લાગી. જોશમાં ને જોશમાં તેણે વાત થોડીક વધારીને કહી સંભળાવી.

આન્દ્રેઈ પહેલાં તો આભો બનીને જોતો જ રહ્યો અને પછી ખડખડાટ હસી પડયો.

"અરે વાહ!" તે ખુશીથી બોલી ઊઠયો. "આ કંઈ જેવીતેવી વાત નથી! આ તો ખરી મદદ કહેવાય! પાવેલ કેટલો રાજી થઈ જશે! કમાલ, નેનકો! પાવેલ અને બીજા સૌ બેહદ ખુશ થઈ જશે!"

તેનું આખું બદન ડોલી ઊઠયું. તેણે આંગળીઓના ટચાકડા ફોડયા. ખુશીના ઉન્માદમાં તે સીટી બજાવવા લાગ્યો. તેના ઝળકી ઉઠેલા ચહેરામાંથી જાણે ખુશીનાં મોજાં ફેલાતાં હતાં અને માના દિલમાં ઊંડા પ્રબળ પડઘા જગાવતાં હતાં.

"મીઠા મારા આન્દ્રેઈ!" મા બોલી. તેના હૈયાના બંધ તૂટી ગયા અને નિર્મળ આનંદના શબ્દોનો ઊછળતો ચળકતો પ્રવાહ ધોધમાર વહેવા લાગ્યો: "મારી જિંદગીનો વિચાર કરું છું ત્યારે—હે ઈશ્વર! હું શાને માટે જિંદગી જીવી? ઢસરડા, માર, ધણી સિવાય બીજા કોઈને કદી મળવાનું નહિ, બીક સિવાય બીજું કશું કદી જાણ્યું નહિ! પાવેલ મોટો કેવી રીતે થયો તેની પણ મને ક્યારેય ખબર ન રહી... અને ધણી જીવતો હતો ત્યાં સુધી તો મને ખબર જ નહોતી કે દીકરો મને વહાલો છે કે નહિ... મને તો બસ એક જ વાતના ખ્યાલ આવતા, મારા મનમાં ફક્ત એક જ વાતની ફિકર ઘોળાતી રહેતી—જંગલી ધણીના પેટમાં ખાવાનું ઠાંસવું, એની મરજી પૂરી કરવામાં વાર ન લગાડવી, જેથી ખિજાય નહિ ને મને મારે નહિ, ક્યારેક એક વાર તો મારી દયા ખાય! પણ મને યાદ નથી કે એણે એકેય વાર મારી દયા ખાધી હોય. જાણે ઘરવાળીને નહિ પણ તમામ વેરીઓને મારતો હોય એવી રીતે મને ઢીબતો. વીશ વરસ સુધી મેં એવી જિંદગી વેઠી છે. લગન પહેલાંની જિંદગી તો હું જાણે સાવ ભૂલી જ ગઈ છું. યાદ કરવાની કોશિશ કરું છું તો બધું જાણે સાવ ખાલી ખાલી લાગે છે. યેગોર ઈવાનોવિચ આવ્યા'તા, અમે બેય એક જ શહેરનાં. એમણે વતનના શહેરની ઘણી વાતો કરી, પણ હું શાની વાત કરું? મને ઘર યાદ છે ને લોકો યાદ છે, પણ મને મુદ્દલ યાદ નથી કે લોકો કેવી જિંદગી જીવતા હતા, કેવી વાતચીત કરતા હતા, આગળ જતાં એમનું શું થયું—મને

કશું જ યાદ નથી. એક વાર આગ લાગેલી... ના... બે વાર... જાણે કેમ મને મારી મારીને બધું ભુલાવી દેવામાં આવ્યું છે, મારા મનને અંધારી ખીણમાં ધકેલી દઈને આંધળું ને બહેરું બનાવી દેવામાં આવ્યું છે."

પાણીમાંથી બહાર ખેંચી લેવામાં આવેલી માછલીની જેમ તે શ્વાસ ખાવા લાગી.

પછી તે જરાક આગળ નમીને ધીમા અવાજે ફરી બોલવા લાગી:

"મારો ધણી મરી ગયો એટલે મેં મન દીકરા તરફ વાળ્યું. પણ એ તો પોતાના કામમાં મશગૂલ રહેતો હતો. મારી હાલત કપરી બની ગઈ. દીકરા અંગે મારું દિલ કાયમ ફફડતું રહેતું. એને કંઈક થાય તો પછી મારાથી જિવાય જ કેવી રીતે? અરેરે, મારે હૈડે તે કેટકેટલી કાળી બળતરા વેઠી છે! એને કંઈક થાય એ બીકે મારી તો છાતી જાણે ફાટી જતી."

થોડી વાર થંભીને તે માથું ધુણાવતી વળી બોલવા લાગી. તેના શબ્દોમાં ઊંડો મર્મ ભર્યો હતો: "ના, અમારું બાઈઓનું હેત નિર્મળ નથી હોતું. અમને તો અમારે પોતાને ખાતર જરૂરી હોય એ જ વહાલું લાગે. પણ હું તમને તમારી મા ખાતર ઝૂરતા જોઉં છું ત્યારે — તમારે એની જોડે શો સંબંધ રહ્યો છે? અને આટલા બધા બીજા માણસો પારકાંને ખાતર મુસીબતો વેઠી રહ્યા છે... જેલ ભોગવે છે ને સાઈબિરિયાની જિંદગી વેઠે છે... મોતના ખપ્પરમાં હોમાઈ જાય છે... જુવાન છોકરીઓ અંધારી રાતે કાદવકીચડમાં અને વરસતા હિમ કે વરસાદમાં એકલી આઠ માઈલનો મારગ કાપતી શહેરમાંથી અમારે ઘેર આવે છે! તેઓ આ બધું શા કારણે કરે છે? કેમ કરે છે? કારણ કે તેમનો પ્યાર મહાન છે, નિર્મળ છે. વળી તેમને નિષ્ઠા છે — ઊંડી નિષ્ઠા, આન્દ્રેઈ. અને હું — મારાથી એવું હેત ન થાય! મને તો મારું પોતાનું હોય, નિકટનું હોય, એ જ વહાલું લાગે."

"ના, તમારા દિલમાં પણ એવો જ પ્યાર છે," ખોખોલ બીજી તરફ ફરીને આદત મુજબ માથું, ગાલ, તથા આંખો જોરથી ઘસતો બોલ્યો. "નિકટનું તો સૌને વહાલું લાગે જ, પણ હૈયું મોટું હોય તો દૂરનું પણ નિકટનું બની જાય. તમારા દિલમાં માની ઊંડી મમતા ભરેલી છે એટલે તમે ઘણું ઘણું કરી શકો."

"પરમાત્મા મને બળ આપે," તેના હોઠ ફફડયા. "મને લાગે છે કે જિંદગી જીવવાની ખરી રીત આ જ છે. હવે મને તમે વહાલા લાગો છો, આન્દ્રેઈ, કદાચ પાશાથી પણ વધારે. એ તો બધું મનમાં ને મનમાં જ રાખે છે. જુઓ

તો ખરા, એને સાશા જોડે પરણવું છે પણ મને, સગી માને, એણે કદી એક શબ્દ પણ નથી કહ્યો."

"ના, એ વાત ખરી નથી," ખોખોલે વાંધો ઉઠાવ્યો. "મને પાકી ખબર છે કે એમ નથી. બેઉ એકબીજાને ચાહે છે—એટલું ખરું. પણ લગન કદી નહિ કરે. સાશાનું મન તો છે, પણ પાવેલ તૈયાર નથી."

"એમ..." મા વિચારમાં ડૂબી જતી બોલી. તેની ગમગીન આંખો ખોખોલના ચહેરા ઉપર મંડાઈ ગઈ. "તો વાત એમ છે—લોકો પોતાના જ સુખને નકારી કાઢે છે..."

"પાવેલ તો અનોખો આદમી છે," ખોખોલના ધીમા અવાજમાં ભાવ ભર્યો હતો. "એનું મનોબળ પોલાદી છે."

"અને અત્યારે જેલમાં બેઠો છે," મા હજી વિચારમાં ડૂબેલી હતી. "દહેશત ખાઈ જવાય એવી હકીકત છે... પણ ના, બહુ એવી તો નથી. જિંદગી નિરાળી છે, અને મારી બીક સાવ જુદી છે. હવે તો મને સૌની ફિકર થાય છે. અને મારું હૈયું નિરાળું છે કારણ કે મારા મને મારા દિલની આંખો ઉઘાડી નાખી છે, તે બહાર નજર નાખીને ગમગીન બની જાય છે એ ખરું, પણ રાજીયે થાય છે. ઘણી બાબતો મને નથી સમજાતી, અને તમે ઈશ્વરમાં નથી માનતા એ મને અકારું લાગે છે. પણ એમાં મારાથી શું થાય? હું તો જોઉં છું કે તમે સૌ ખરેખર મઝાના ઈન્સાનો છો. તમે લોકોને ખાતર મુસીબતો વેઠો છો, તમે સચ્ચાઈને ખાતર મુશ્કેલ જિંદગી અપનાવી છે. અને તમારી સચ્ચાઈ મને હવે સમજાય છે—દુનિયામાં અમીરો હશે ત્યાં સુધી સાધારણ માણસોને કશું જ નહિ મળે—ખુશી નહિ, ઈનસાફ નહિ, કશું જ નહિ! હવે તમારા સૌના સહવાસમાં આવી છું એટલે ક્યારેક રાતે મને ભૂતકાળના વિચારો આવે છે, બૂટની એડી તળે કચડાઈ ગયેલી મારી જુવાનીના અને મુક્કાથી ચગદાઈ ગયેલા મારા દિલના વિચારો આવે છે. મને મારી પોતાની દયા આવે છે અને મનમાં કટુતા ભરાઈ જાય છે. પણ હવે જિંદગી આસાન બનતી લાગે છે. ધીરે ધીરે હું મને પોતાને વધારે ને વધારે સમજતી જાઉં છું."

ખોખોલ ઊભો થઈ ગયો—ઊંચો, પાતળો, વિચારમાં ડૂબેલો—અને અવાજ ન થાય એવી રીતે ઓરડામાં આંટા મારવા લાગ્યો.

"તમે વાતને કેવી સરસ રીતે કહી દીધી—ખૂબ સરસ! કેર્ચનો એક યુવાન યહૂદી કાવ્યો લખતો—એણે આ શબ્દો લખેલા:

'હણાયા જે નિર્દોષ તે સૌને, સત્ય સજીવન કરશે.'

"કેર્ચમાં પોલીસે એનેય મારી નાખ્યો, પણ એ વાત બહુ મહત્ત્વની નથી. અસલ વાત તો એ છે કે એ સચ્ચાઈને સમજ્યો હતો અને તેનાં બીજ એણે લોકજીવનમાં વાવ્યાં હતાં. તમે પણ એવાં જ એક 'નિર્દોષ' છો..."

"પણ હવે તો મનેય જીભ આવી છે," માએ ફરી કહેવાનું શરૂ કર્યું. "હું બોલું છું ને મારા પોતાના બોલ ધ્યાનથી સાંભળું છું. પણ કાનમાં ગુંજતાં એ વેણ મારાથી માન્યાં નથી મનાતાં. આખી જિંદગી મને તો બસ એક જ વાતની ફિકર રહી છે—ઊગેલો દિવસ પૂરો કેવી રીતે કરવો, જિંદગીને ગુપચુપ કેવી રીતે વિતાવી દેવી, જેથી મને કોઈ અડે નહિ. પણ હવે મારા મનમાં બીજા લોકોના વિચારો ઊભરાય છે. તમારું ધ્યેય મને કદાચ બરાબર નહિ સમજાતું હોય, પણ તમે સૌ મને વહાલાં લાગો છો, તમને જોઈને મારે હૈયે લાગણીના ઓઘ ઊછળવા લાગે છે, મારું દિલ તમારું સુખ વાંછે છે, ખાસ કરીને તમારું, આન્દ્રેઈ."

ખોખોલ માની નજીક ગયો.

"મીઠાં માવડી," તેના હોઠ ફફડ્યા. તેણે માનો હાથ પોતાના પંજામાં લઈને જોરથી દબાવ્યો, અને પછી તે એકદમ બીજી તરફ ફરી ગયો. લાગણીના ઉછાળાથી થાકી ગયેલી મા ધીરે ધીરે અને ચુપચાપ ગ્લાસ ધોવા લાગી અને દિલમાં જાગેલા સ્વસ્થ આનંદના વિચારો કરવા લાગી.

ઓરડામાં આંટા મારતો ખોખોલ બોલ્યો: "મા, વેસોવશ્ચિકોવનેય ક્યારેક થોડુંક હેત દેખાડજો. એનો નકામો દારૂડિયો બુઢ્ઢો બાપ જેલમાં છે. ક્યારેક નિકોલાઈની નજર બારીમાંથી એની ઉપર પડી જાય કે તરત જ નિકોલાઈ ગાળો ભાંડવા લાગે છે. એ ઠીક તો ન જ કહેવાય. નિકોલાઈ સ્વભાવે માયાળુ છે. એને કૂતરા, ઉંદર, અને જાતજાતનાં બધાં જનાવરો ખૂબ ગમે છે, પણ ઈન્સાનો તરફ એને ધિક્કાર છે. જુઓ તો ખરાં, માણસની હાલત કેવી થઈ જાય છે!"

"એની મા ગઈ... અને બાપ ચોર ને દારૂડિયો..." મા વિચારમાં પડી જતી બોલી.

આન્દ્રેઈ પથારીમાં સૂઈ ગયો એટલે માએ તેના ભલા માટે છાની રીતે ઈશ્વરને પ્રાર્થના કરી. અરધો કલાક વીતી ગયા પછી તેણે હળવે અવાજે પૂછ્યું:

"નીંદર આવી ગઈ, આન્દ્રેઈ?"

"ના, કેમ?"

"સૂઈ જાઓ, આરામ કરી લો."

"હા, નેનકો, હમણાં સૂઈ જાઉં છું," ખોખોલ અહેસાનના ભાવે બોલ્યો.

બીજે દિવસે પેલાગેયા કારખાનાને દરવાજે પહોંચી ત્યારે ચોકીદારોએ તેને અટકાવી, ટોપલા નીચે ઉતારવાનું ફરમાન કર્યું, અને પાકી ઝડતી લીધી.

"ખાવાનું બધુંય ઠરી જશે," માએ વાંધો ઉઠાવ્યો. ચોકીદારો તોછડાઈથી તેનાં કપડાં તપાસવા લાગ્યા.

"ચુપ રહે!" એક ચોકીદાર બોલ્યો.

બીજો ચોકીદાર માને ખભે જરાક ધક્કો મારતો બોલ્યો: "મેં કહ્યું ને, વંડી ઉપરથી અંદર ફેંકે છે."

આખરે તે કારખાનાની અંદર પહોંચી એટલે સૌથી પહેલો ઘરડો સિઝોવ તેની પાસે આવીને આસપાસ નજર નાખતો હળવે અવાજે બોલ્યો:

"વાત સાંભળી?"

"શું?"

"અરે, ચોપાનિયાં વળી પાછાં આવી ગયાં છે. રોટી ઉપર ભભરાવેલા મીઠાની જેમ બધે ફેલાઈ ગયેલાં છે. જોઈ લીધી ઝડતી ને ધરપકડ! મારા ભત્રીજાને જેલ ભેગો કરી દીધો, શું કામ? તારા દીકરાનેય પકડી ગયા, પણ હવે સૌને ખબર પડી ગઈ કે ચોપાનિયાંનું કામ કોઈ બીજાનું જ હતું."

તે દાઢીએ હાથ ફેરવતો જતાં જતાં બોલ્યો:

"મારે ત્યાં આવજે ને! ઘરમાં સાવ એકલું એકલું લાગતું હશે."

માએ તેનો આભાર માન્યો અને ફેરીના સાદ શરૂ કરી દીધા. કારખાનાની અસાધારણ ધમાલ તેના ધ્યાનમાં આવી ગઈ. બધે ઉત્તેજના ફેલાયેલી હતી. કામદારો ટોળે વળતા અને પછી વીખરાઈ જઈને એક વિભાગમાંથી બીજા વિભાગમાં દોડી જતા. ધુમાડિયા વાતાવરણમાં તેને બહાદુરી ને હિંમતની છાયા વરતાઈ. ક્યારેક ક્યારેક વ્યંગનાં વેણ અને પ્રોત્સાહનના ઉદ્‌ગારો કાને પડતા હતા. પુરાણા કામદારો છાનાછપના હસી લેતા હતા. ઉપરી સાહેબો ફિકરભરી સૂરત લઈને આમતેમ આંટા મારી રહ્યા હતા. પોલીસો દોડાદોડી કરી રહ્યા હતા. ટોળે વળેલા કામદારોને પોલીસ નજરે પડે કે તરત જ તેઓ વીખરાઈ જતા અથવા ચુપ થઈ જતા, અને નજર ખિજાયેલા વ્યાકુળ ચહેરાઓ ઉપર ઠેરવી દેતા.

બધા કામદારો સ્વચ્છ દેખાતા હતા. માની નજર ઊંચા બાંધાના મોટા ગૂસેવ બંધુ ઉપર પડી. તેનો ભાઈ હસતો હસતો તેની પાછળ પાછળ જઈ રહ્યો હતો.

સુથારી વિભાગનો ફોરમૅન વાવીલોવ અને ટાઈમકીપર ઈસાઈ ધીરે ધીરે ચાલતા પાસેથી નીકળ્યા. ટચૂકડા ઠિંગુજી ટાઈમકીપરનું માથું ફોરમૅનના બિહામણા ડાચાને નજરમાં રાખવા તેની તરફ વળેલું અને ઊંચું મંડાયેલું હતું. તે લગાતાર બોલી રહ્યો હતો અને તેની પાંખી દાઢી આંચકા ખાતી હતી.

"ઈવાન ઈવાનોવિચ, એ લોકો તો આને જાણે ટીખળ ગણે છે, જાણે મોજ ઉડાવે છે, પણ આપણા માનવંતા ડાયરેકટરે કહેલું તેમ આમાં તો આખા રાજ્યની પાયમાલી છે. આમાં ખાલી નીંદણ કાઢવાથી કંઈ નહિ વળે, જોરથી હળ ચલાવવું પડશે..."

વાવીલોવ પીઠ પાછળ રાખેલ બેઉ હાથની આંગળીઓ સખત ભીડીને ચાલતો રહ્યો.

"મરજી પડે એમ છાપજે, હરામજાદા, પણ મારે વિશે એક શબ્દેય છાપવાની હિંમત કરતો નહિ," તે બરાડયો.

વસીલી ગૂસેવ મા પાસે આવ્યો અને આંખો સંકોડીને હળવેથી બોલ્યો:

"તારું ખાવાનું મઝેદાર છે, મારે ફરી ખાવું છે. બરાબર અમને ફાવે એવું! સાબાશ, માડી!"

માએ હેતથી માથું હલાવ્યું. આખી મજૂર વસતિમાં સૌથી વધારે મસ્તીખોર ગણાતા એ જુવાને તેની જોડે આદરના ભાવે વાત કરી એ તેને ગમ્યું. કારખાનામાં ફેલાઈ ગયેલી ઉત્તેજના જોઈને પણ તેને ખુશી થઈ. તેના મનમાં થયું કે "મેં ચોપાનિયાં પહોંચાડયાં એટલે જ..."

ત્રણ અણઘડ કામદારો આવીને થોડાક અંતરે ઊભા રહી ગયા.

"ક્યાંય ન મળ્યું," તેમાંથી એક હળવે અવાજે અફસોસના ભાવે બોલ્યો.

"એમાં શું લખ્યું છે તે જાણવું છે. મને વાંચતાં તો નથી આવડતું, પણ લાગે છે કે ચોટ બરાબરની પડી છે," બીજો કામદાર બોલ્યો.

"ચાલો, બોઈલર વિભાગમાં જઈએ," ત્રીજાએ આસપાસ નજર ફેરવતાં કહ્યું.

ગૂસેવે માની તરફ જોઈને મિચકારો કર્યો.

"જોયું ને?" તે બોલ્યો.

પેલાગેયા ઘેર પાછી ફરી ત્યારે તેને હૈયે જુસ્સો છલકાતો હતો.

"લોકોને વાંચતાં નથી આવડતું તેનો અફસોસ થાય છે," તેણે આન્દ્રેઈને કહ્યું. "હું નાની હતી ત્યારે મને વાંચતાં આવડતું, પણ હવે ભૂલી ગઈ છું."

"તો ફરી શીખો ને!" ખોખોલ બોલ્યો.

"આ ઉંમરે? સૌ હાંસી જ ઉડાવે ને!"

પણ આન્દ્રે ઈએ ઘોડા ઉપરથી એક ચોપડી લઈને પૂંઠા ઉપરના એક અક્ષર તરફ આંગળી ચીંધી.

"આ કયો અક્ષર છે?" તેણે પૂછ્યું.

"ર," માએ હસીને જવાબ આપ્યો.

"અને આ?"

"અ."

માને જરાક અકળામણ ને શરમ થઈ. તેને લાગ્યું કે આન્દ્રે ઈની આંખોમાં છાની હાંસી ભરેલી છે, એટલે તેણે નજર આડી ફેરવી લીધી. પણ આન્દ્રે ઈનો અવાજ હળવો ને મૃદુ હતો અને તેનો ચહેરો ગંભીર હતો.

"આન્દ્રે ઈ, તમારો ઈરાદો મને ખરેખર વાંચતાં શીખવવાનો છે?" મા અનાયાસે વ્યંગના ભાવે જરાક હસીને બોલી.

"કેમ નહિ? તમે એક વાર શીખેલાં છો એટલે જલદી આવડી જશે. અને કોશિશ કરવામાં તો કંઈ નુકસાન છે જ નહિ, ખરું ને?" આન્દ્રે ઈ બોલ્યો.

"પણ કહેવાય છે ને કે 'સંતની મૂર્તિ ઉપર મીટ માંડીને બેસી રહેવાથી સંત ન બની જવાય.'"

"અરે, કહેતીઓ તો ઘણીબધી છે," ખોખોલ માથું ધુણાવતો બોલ્યો. "દાખલા તરીકે 'જાણકારી જેટલી ઓછી એટલી નીંદર વધારે ગાઢ.' ખરું કે નહિ? પણ એવા વિચારો તો માત્ર પેટ જ કરે, મનની ઉપર એવી કહેતીઓની ધૂંસરી લાદીને તેને વધારે સહેલાઈથી હાંકવાની કોશિશ કરે. આ કયો અક્ષર છે?"

"લ," મા બોલી.

"સરસ. અને આ?"

ભુલાઈ ગયેલા અક્ષરોને યાદ કરવા માએ ભવાં સંકોડીને એકધારી નજર ઠેરવી. તે બીજું બધું વિસારીને તેમાં જ તલ્લીન થઈ ગઈ. પણ થોડી વારમાં આંખો થાકી ગઈ. તેના ગાલ ઉપર પહેલાં થાકનાં અને પછી હતાશાનાં આંસુ વહેવા લાગ્યાં.

"વાંચતાં શીખવું છે!" તે રડતલ અવાજે બોલી. "ચાળીસ વરસની ઉંમરે કક્કો શીખવા બેઠી છું!"

"રડો નહિ," ખોખોલ દિલસોજીના ભાવે બોલ્યો. "મનગમતી જિંદગી પસંદ કરી લેવાનું તમારા હાથમાં નહોતું, પણ તમે કેવી અધમ જિંદગી ગુજારી

છે એ તો તમે સમજી લીધું છે. હજારો ઈન્સાનો ધારે તો બહેતર જિંદગી જીવી શકે એમ છે, પણ તેઓ જનાવરો જેવી જિંદગી ગુજારતા રહે છે, અને વધારામાં પાછા માને છે કે પોતાની જિંદગી મઝાની છે. આજે માણસ મહેનત કરે છે ને પેટ ભરે છે, વળી કાલે પણ મહેનત કરે છે ને પેટ ભરે છે, આખી જિંદગી દરરોજ એમ જ ચાલે છે—મહેનત કરો ને પેટ ભરો. એવી જિંદગી તે વળી મઝાની કેવી? વચમાં વચમાં તે બચ્ચાં પેદા કરતો જાય છે. બચ્ચાં બહુ ઝાઝું ખાવાનું માગતાં ન થાય ત્યાં સુધી તેને રમૂજ પડે છે. પણ પછી તેને ખીજ ચડે છે અને તે બચ્ચાંને ધમકાવવા લાગે છે: "જલદી મોટાં થાઓ, વાંદરાં ક્યાંના! ખાવું હોય તો કામ કરો!" તેની મંછા બચ્ચાંને પાળેલાં જનાવરો બનાવી દેવાની હોય છે, પણ બચ્ચાં તો પોતાનાં જ પેટ ભરવા કામે લાગી જાય છે—અને એમ જિંદગીના રગશિયા ગાડાનાં પૈડાં ફરી ફરીને આગળ ધકેલાતાં જાય છે. માનવીના મનને આઝાદ કરવામાં જિંદગી લગાવી દેનારા માણસો જ ઈન્સાનના નામને લાયક ગણાય. અને તમે હવે તમારી શક્તિ મુજબ એ જ કામ કરી રહ્યાં છો."

"હું?" મા હોઠ ફફડાવતી વાતને નકારી કાઢવાના ભાવે બોલી ઊઠી. "આમાં વળી હું ક્યાંથી આવી?"

"હાસ્તો, તમે કેમ નહિ? આપણે સૌ વરસાદ જેવાં છીએ. વરસાદનો દરેક છાંટો બિયાંને પોષણ આપે છે. અને તમે વાંચતાં શીખી જશો ત્યારે..."

તેણે હસીને વાત અધવચ્ચે રહેવા દીધી, અને પછી તે ઊભો થઈને ઓરડામાં આંટા મારવા લાગ્યો.

"તમારે શીખવું જ પડશે. પાવેલ થોડા દિવસમાં જ છૂટીને પાછો આવશે—કેટલો ખુશ થઈ જાય!"

"આન્દ્રેઈ, જુવાનીમાં બધું સહેલું લાગે," મા બોલી. "પણ ઉંમર થાય ત્યારે—ચિંતાઓ ઘણી, કાયા કમજોર, અને બુદ્ધિ તો જાણે હોય જ નહિ..."

૧૮

સાંજે ખોખોલ બહાર ગયો ત્યારે મા બત્તી સળગાવીને મોજું ગૂંથવા બેઠી. પણ થોડી વારમાં દુવિધાના ભાવે ઊભી થઈને ઓરડામાં આંટા મારવા લાગી, રસોડામાં ગઈ, અને બારણું વાસી આવી. તેનાં ભવાં ફરકી રહ્યાં હતાં. તેણે બારીઓ આડા પડદા ખેંચી લીધા, અને પછી ઘોડા ઉપરથી એક ચોપડી લઈને

તે ટેબલ પાસે બેસી ગઈ. કોઈ જોઈ ન જાય તેની પૂરી તકેદારી રાખી હોવા છતાં, ચોપડી ઉપર વળીને હોઠ હલાવવાનું શરૂ કરતાં પહેલાં સાવચેતીની એક નજર આસપાસ ફેરવી લીધા વગર તેનાથી રહેવાયું નહિ. બહારથી કશો પણ અવાજ સંભળાતાં તે ચોંકી જતી અને ચોપડી ઉપર હાથ ફેલાવી દઈને કાન સરવા કરી દેતી. પછી આંખો પલકાવતી વળી મનમાં ગણગણવા લાગતી.

"લખોટાનો, 'લ', બકરીનો 'બ'..."

કોઈએ બારણું ખખડાવ્યું. મા સફાળી ઊભી થઈ ગઈ અને તેણે ચોપડી એકદમ પાછી ઘોડે મૂકી દીધી.

"કોણ છે?" તેના અવાજમાં ગભરાટનો ભાવ હતો.

"હું..."

રીબિન દાઢી ઉપર હાથ ફેરવતો અંદર આવ્યો.

"અગાઉ તો ક્યારેય 'કોણ છે'નો સવાલ નહોતો પુછાતો," તે બોલ્યો. "ઘરમાં બીજું કોઈ નથી? મને એમ કે ખોખોલ હશે. આજે જોયેલો. જેલની જિંદગીની કોઈ માઠી અસર નથી પડી લાગતી."

તે બેસી ગયો અને માની તરફ ફરીને બોલ્યો:

"બેસ, વાતો કરીએ."

તેણે માની સામે મર્મભરી ભેદી નજરે જોયું. એથી માના મનમાં અગમ્ય ચિંતાઓ ઊભરાવા લાગી.

"દરેક ચીજના પૈસા લાગે છે," રીબિને ભારે અવાજે બોલવાનું શરૂ કર્યું. "જનમ થાય ત્યારે પૈસા ખરચવા પડે, મોત થાય ત્યારેય પાછા પૈસા ખરચવા પડે. ચોપડીઓ અને ચોપાનિયાંના પણ પૈસા લાગે. ચોપડીઓના પૈસા ક્યાંથી આવે છે એની ખબર છે?"

"ના, મને ખબર નથી," મા હળવા અવાજે બોલી. પણ તેને કશીક વિપદાનો અણસારો આવી ગયો.

"મનેય ખબર નથી. હવે બીજો સવાલ—ચોપડીઓ લખે છે કોણ?"

"ભણેલા ગણેલા માણસો..."

"ભદ્રલોકો," રીબિન વચ્ચે બોલી ઊઠયો. તેના દાઢીવાળા ચહેરા ઉપર ઘેરા ભાવ છવાઈ ગયા. "એટલે એમ કે ભદ્રલોકો ચોપડીઓ લખીને વહેતી મૂકે. પણ ચોપડીઓમાં લખાણ તો એ લોકોની જ સામે હોય. હવે મને જરાક સમજણ પાડ કે એ લોકો પોતાના જ પૈસા ખરચીને સાધારણ માણસોને પોતાની જ સામે શું કરવા ઉશ્કેરતા હશે, હેં?"

ગભરાટમાં માનો શ્વાસ અદ્ધર ચડી ગયો અને આંખો ચકળવકળ થઈ ગઈ.

"તું શું ધારે છે?"

"જોયું ને!" રીબિન રીંછની જેમ ફરતો બોલ્યો. "મારી પણ એવી જ હાલત થઈ ગયેલી—એવો ખ્યાલ આવ્યો કે તરત જ મારા તો જાણે હાથપગ ટાઢા પડી ગયા."

"પછી કંઈ ખબર પડી?"

"ચાલાકી, બીજું શું?" રીબિન બોલ્યો. "મને લાગે છે કે આપણને બેવકૂફ બનાવવામાં આવે છે. સાબિતી કંઈ નથી, પણ આમાં દગો જરૂર છે. છે જ વળી! એ બધા ભદ્ર ગણાતા લોકો લુચ્ચા હોય છે. મને તો ખરી વાત જોઈએ. અને હવે ખરી વાત સમજાઈ ગઈ છે એટલે તેમના સંગાથમાં હું નથી જ રહેવાનો. એ લોકો તો પોતાને ફાયદો લાગે ત્યારે મને હડસેલીને પછાડી જ નાખે, અને પછી જાણે પુલ પાર કરતા હોય એમ મારી ઉપર ચાલતા પોતાનો મારગ કરે..."

એનાં વેણ માને હૈયે જાણે જળોની જેમ બાઝી ગયા.

"અરે ભગવાન!" તેનું દિલ કકળી ઊઠ્યું. "પાશા નહિ સમજતો હોય? અને બીજા સૌ પણ..."

તેની નજર સામે યેગોર, નિકોલાઇ ઇવાનોવિચ, અને સાશાના ગંભીર ઈમાનદાર ચહેરા તરવરી ઊઠ્યા. તેની નાડીના ધબકારા વધી ગયા.

"ના, ના," તે માથું ધુણાવતી બોલી ઊઠી. "હું ન માનું! એ લોકોનાં દિલ સાફ છે."

"કોનાં?" રીબિને વિચારમાં પડી જઈને પૂછ્યું.

"સૌનાં. હું જેટલાંને મળી છું એમાંથી દરેકે દરેકનું દિલ સાફ છે."

"પણ નજર એટલેથી જ અટકાવી ન દેવાય, મા, એથી આગળ જોવું પડશે," રીબિન માથું નમાવી દેતો બોલ્યો. "આપણી ભેગા ભળી ગયા છે એ લોકો પોતે જ કદાચ કંઈ ન જાણતા હોય. એ લોકોને નિષ્ઠા છે—અને એ તો સારી વાત ગણાય. પણ તેમની પાછળ કદાચ બીજા માણસો છુપાઈને ખડા હોય—માત્ર પોતાના જ ફાયદાની ફિકર કરતા લોકો ખડા હોય. કોઈ પણ માણસ ખુદ પોતાની જ સામે મુદ્દલ સ્વાર્થ વગર તો ન જ જાય." પછી ખેડૂતની ગણતરીપૂર્વકની ખાતરીથી તેણે ઉમેર્યુ: "ભદ્રલોકના હાથે કોઈનું ભલું કદી ન જ થાય."

"હવે શું કરવા ધાર્યું છે?" માએ પૂછ્યું. તેના મનમાં ફરી સંદેહ જાગ્યો હતો.

"મેં?" રીબિને તેની સામે જોયું અને જરાક થંભીને કહ્યું: "ભદ્રલોકથી અળગા રહેવું, મારો તો એવો જ ખ્યાલ છે."

તે વળી પાછો ચુપ થઈ ગયો. તેના મોં પર ગમગીની છવાયેલી હતી.

"મારે તો સાથીઓ ભેગા ભળીને કામ કરવું હતું. એવા કામની મને ફાવટ છે. લોકોની જોડે કેવી રીતે વાત કરવી એ મને આવડે છે. પણ હવે તો હું જતો રહીશ. મારો વિશ્વાસ ઊઠી ગયો છે, એટલે જતો રહું એ જ ઠીક."

તેનું માથું નીચે નમી ગયું અને તે વિચારમાં ડૂબી ગયો.

"હું એકલો જ ગામડાંમાં ફરીશ અને લોકોને સમજાવીશ. હિલચાલનું કામ લોકોએ પોતે જ હાથમાં લઈ લેવું પડશે. એક વાર બધું સમજાઈ જાય એટલે તેઓ જરૂર ઉપાય ગોતી કાઢશે. તેમને ફક્ત પોતાની જ તાકાત ઉપર ઉમેદ બાંધવાની છે અને પોતાની જ બુદ્ધિથી કામ કરવાનું છે."

માને બિચારા આદમીની દયા આવી અને તેની સલામતી અંગે મનમાં બીક પેદા થઈ. અગાઉ અણગમતો માણસ હવે કોણ જાણે કેમ નિકટના દોસ્ત જેવો બની ગયો.

"તને પકડી લેશે..." મા હળવે અવાજે બોલી.

રીબિને તેની સામે જોયું.

"હા, પકડી લેશે, પણ પાછો છોડી મૂકશે, અને હું વળી નવેસરથી કામ ચાલુ કરી દઈશ."

"ખેડૂતો જ તને પકડીને પોલીસને હવાલે કરી દેશે, તું જેલમાં ગોંધાઈ જઈશ."

"કંઈ વાંધો નહિ. હું સજા પૂરી કરીને પાછો છૂટી જઈશ અને વળી કામ શરૂ કરી દઈશ. ખેડૂતોનું તો એમ કે તેઓ એક વાર કે બે વાર પોલીસને હવાલે કરી દેશે, પણ આખરે સાન ઠેકાણે આવશે એટલે મને પકડાવવાને બદલે મારી વાત સાંભળવા લાગશે. હું તો કહીશ કે 'મારી વાત ન માનવી હોય તો માનતા નહિ, પણ સાંભળો તો ખરા!' એક વાર વાત સાંભળે એટલે પછી માનવાના જ."

તે ધીમે ધીમે દરેક શબ્દ તોળી તોળીને બોલ્યો.

"મેં હમણાં હમણાં વગર વિચાર્યે ઘણુંબધું માની લીધું છે. હવે જરાક સમજણ પડવા લાગી છે."

"ખતમ થઈ જવાનો, મિખાઇલો ઇવાનોવિચ," મા ગમગીન ભાવે માથું હલાવતી બોલી.

રીબિને પોતાની ઘેરી ને ઊંડી આંખો મા ઉપર ઠેરવી. તેની નજરમાં કુતૂહલ અને અપેક્ષાના ભાવ ભરેલા હતા. તેની જોરાવર કાયા આગળ નમી ગઈ. તેના હાથ ખુરશી પકડીને જાણે જડાઈ ગયા. કાળી દાઢીના માળખામાં તેના ચહેરાનો ઘેરો વાન જાણે ફિક્કો પડી ગયો.

"ઈસુ ખ્રિસ્તે બીજની બાબતમાં શું કહેલું તે યાદ છે? જમીનમાં વવાઈને ખતમ થઈ જાય તો જ નવજીવન પામીને ફરી ઊગે. પણ હું એમ ઝટ મોતના હાથમાં સપડાઉં એવો નથી, ભારે ચાલાક છું."

તે ખુરશીમાં જરાક હલીને સ્વસ્થતાથી ધીરે ધીરે ઉભો થયો.

"થોડીક વાર પીઠામાં જઈને કામદારો ભેગો બેસી આવું. ખોખોલ તો આવે એમ લાગતું નથી. પાછું એનું એ જ કામ, ખરું ને?"

"હા," મા હસીને બોલી.

"ઠીક... કહેજે કે હું મળવા આવ્યો'તો."

બેઉ ધીરે ધીરે જોડાજોડ ચાલતા અને એકબીજાની સામે જોયા વગર વાતો કરતા રસોડામાં ગયાં.

"વારુ ત્યારે, આવજે!"

"આવજે! કારખાનામાં નોટિસ ક્યારે આપવાનો?"

"આપી દીધી."

"અને રવાના ક્યારે થવાનો?"

"કાલે સવારમાં વહેલો. આવજે!"

રીબિન અનિચ્છાએ અને કઢંગી રીતે નીચો નમીને બારણામાંથી બહાર નીકળ્યો અને આંગણ પાર કરતો જવા લાગ્યો. મા થોડી વાર તેનાં ભારે પગલાં સાંભળતી ઊભી રહી. તેના મનમાં વળી પાછી શંકાઓ સળવળાટ કરવા લાગી. પછી તે ધીરે ધીરે ઘરમાં ગઈ અને બીજા ઓરડામાં જઈને તેણે બારીનો પડદો ખસેડ્યો. બહાર અંધારું ફેલાઈ ગયું હતું.

"મારી જિંદગી તો રાતની!" તેને થયું.

ઊંચા ને કદાવર સ્વમાની ખેડૂત અંગે તેના દિલમાં દિલગીરીની લાગણી પેદા થઈ.

આન્દ્રેઈ પાછો આવ્યો ત્યારે ખુશમિજાજમાં હતો.

માએ તેને રીબિનની વાત કરી.

"ભલે ગામડાંમાં ફરીને ઇનસાફના પોકારો પાડે ને લોકોમાં હિલચાલ પેદા કરે," આન્દ્રેઈ બોલ્યો. "એને માટે આપણી ભેગું કામ કરવું મુશ્કેલ છે. એના માથામાં ખેડૂતોના ખ્યાલો ભરેલા છે, એમાં આપણા વિચારો માટે જગ્યા જ નથી."

"એણે ભદ્રલોકની વાત કરી. એની વાતમાં કંઈક વજૂદ તો છે જ. એ લોકો તમને ક્યાંક બેવકૂફ ન બનાવે!" મા સાવચેતીથી પોતાનો સંદેહ બતાવતી બોલી.

"ખીજ ચડે છે, ખરું ને?" ખોખોલ હસતો હસતો બોલ્યો. "અરે નેનકો, પૈસા! આપણી પાસે પૈસા હોત તો! આપણું કામ હજી બીજાને ખરચે જ ચાલે છે. નિકોલાઈ ઇવાનોવિચને પંચોતેર રૂબલ મળે છે, તેમાંથી પચાસ રૂબલ તે આપણા કામમાં આપી દે છે. બીજાઓનું પણ એવું જ છે. ક્યારેક યુનિવર્સિટીના ભૂખે મરતા વિદ્યાર્થીઓ એક એક કોપેક ભેગો કરીને ફાળો મોકલે છે. ભદ્રસમાજમાંયે જતજાતના માણસો હોય છે. કેટલાક અળગા રહે, કેટલાક દગાખોરી કરે, અને ઉત્તમ કોટિના હોય તે આપણને સાથ આપે."

તેણે પંજામાં પંજો દબાવીને ખાતરીના ભાવે વાત આગળ ચલાવી.

"આપણી આખરી ફતેહને હજી વાર છે, બહુ વાર છે, પણ તોયે મે-દિનનો પ્રસંગ આપણે નાને પાયે ઊજવવાનાં છીએ, શાનદાર રીતે!"

રીબિનની વાતોથી માના દિલમાં પેદા થયેલો સંદેહ આન્દ્રેઈના જુસ્સાથી શમી ગયો. ખોખોલ ભોંયપટ ઉપર નજર ઠેરવીને વાળમાં આંગળીઓ ફેરવતો આંટા મારવા લાગ્યો.

"ક્યારેક હૈયામાં એટલો બધો જુસ્સો છલકાઈ જાય કે માંડ માંડ સહેવાય. ગમે ત્યાં જાઓ, દરેક ઇન્સાન બિરાદર લાગે. દરેકના દિલમાં એની એ જ આગ સળગતી હોય. સૌ મઝાના, ભલા, અને આનંદી હોય. એકબીજાની લાગણીને સમજવા વાતચીત ન કરવી પડે. સૌ મળીને એક પ્રચંડ સમૂહગાનના સૂર રેલાવે, તેમાં દરેક હૈયું પોતાનું આગવું ગીત ગાતું હોય. બધાં ગીત જાણે અલગ અલગ વહેણોની જેમ નદીમાં ઠલવાતાં હોય, અને મુક્ત વહેતી એ વિશાળ સરિતા જાણે નવા જીવનના આનંદી સાગરમાં સમાઈ જતી હોય."

તેના વિચારોમાં ખલેલ અથવા તેની વાણીમાં અંતરાય પાડવાની બીકે માએ જરાય હલચલ ન કરી. તે ખોખોલની વાત હંમેશાં બીજા કોઈની વાત કરતાં વધારે ધ્યાનથી સાંભળતી. ખોખોલ બીજા કોઈ કરતાં વધારે સાદી વાણીમાં બોલતો અને તેનાં વેણુ સીધાં હૈયામાં ઊંડાં ઊતરી જતાં. પાવેલ ભવિષ્યની વાત

કદી ન કરતો. પણ ખોખોલનો એક અંશ તો સદા જાણે ભવિષ્યમાં જ રાચતો રહેતો. તે બોલતો ત્યારે જાણે પૃથ્વીની તમામ પ્રજાઓના આગામી મહાન પર્વનો સંકેત કરતો. અને માની નજરમાં તો ભાવિની એ દૃષ્ટિ જ જીવનમાં મર્મ રેડતી અને પોતાના દીકરાના તથા તેના સૌ સાથીઓના કાર્યમાં અર્થ ભરી દેતી.

"પછી અચાનક પાછા હોશમાં આવી જવાય," ખોખોલ માથું હલાવતો બોલ્યો, "અને આસપાસ નજર ફેરવીએ તો બધું ઠંડુંગાર ને ગંધારું લાગે, સૌ ખીજે બળતાં ને થાકેલાં લાગે..."

તેના અવાજમાં ગમગીની હતી. "લોકોમાં વિશ્વાસ ન મૂકવો જોઈએ. હું જાણું છું કે એવા વલણથી હૈયું કકળી ઊઠે, પણ લોકોથી ડરવું જોઈએ, અરે, લોકોને ધિક્કારવા પણ જોઈએ. ઇન્સાનના વ્યક્તિત્વને બે પાસાં હોય છે. આપણી ઈચ્છા તો આખા ઇન્સાનને પ્યાર વડે આવરી લેવાની હોય, પણ એ શક્ય જ ક્યાં છે? આપણી ઉપર જંગલી જનાવરની જેમ ધસી આવતા, આપણા સચેતન આત્માને જોઈ જ ન શકતા, અથવા આપણી માનવીય સૂરતને ચગદી નાખતા માણસને આપણે માફ કેવી રીતે કરી શકીએ? એવાં ગોઝારાં કામની માફી ન જ આપી શકાય. એમાં આપણે પોતે કારણભૂત નથી. આપણે પોતે તો કદાચ બધું જ વેઠી લઈએ. પરંતુ એથી એવાં કામની જાણે બહાલી સૂચિત થાય, અને એ કેવી રીતે ચલાવી લેવાય! આપણે એ લોકોને બીજા લોકોની ઉપર મારપીટ વરસાવવા માટે આપણી પીઠ પૂરી ન જ પાડી શકીએ." તેની આંખોમાં જાણે ભારેલો અગ્નિ ધૂંધવાઈ રહ્યો હતો, તેના નીચે નમેલા માથામાં મક્કમપણું વરતાતું હતું, અને તે વધારે દૃઢતાથી બોલી રહ્યો હતો. "કોઈ પણ ગેરઇનસાફ ભલે મને પોતાને અસર ન કરતો હોય તોપણ મારાથી સહન ન જ કરી શકાય. આ દુનિયામાં હું એકલો જ નથી વસતો. આજે કોઈ મને ઈજા કરે તે હું સાંખી લઉં, બાબત ધ્યાનમાં લેવા જેવી ન હોય તો તેને હસી પણ કાઢું, પરંતુ મારી ઉપર તાકાત અજમાવી ચૂકેલો એ માણસ કાલે કદાચ બીજા કોઈને ધમકાવે. આપણે બધાને એકસરખી નજરે ન જ જોઈ શકીએ, આપણે માણસોને અલગ અલગ તારવવા જ પડે—આ માણસ મારા જેવા પ્રકારનો છે અને આ નથી. દિલને ખાસ રાહત આપે એવી વાત નથી, ખરું ને? પણ ખરી વાત છે."

કોણ જાણે કેમ પણ માને સાશાનો ખ્યાલ આવ્યો, અને પછી અફસરનો.

"ચાળ્યા વગરના લોટની રોટી તે વળી કેવીક બને!" તે નિસાસો નાખતી બોલી.

"મુશ્કેલી તો એ જ છે ને!" ખોખોલ બોલી ઊઠયો.

"ખરી વાત," મા બોલી. તેના માનસપટમાં પોતાના ધણીની આકૃતિ ઊપસી આવી—શેવાળથી છવાયેલી શિલા જેવી ભારે અને ખેદજનક. તેનું મન કલ્પનામાં સરી પડયું કે ખોખોલ અને નાતાશા તથા પાવેલ અને સાશા પરણે તો તેમની જિંદગી કેવી હોય.

"પણ એમ શા માટે?" ખોખોલ સવાલ કરતો જોશમાં આવી ગયો. "વાત તો એકને એક બે જેટલી સાદી છે. કારણ એટલું જ કે સૌ લોકો એક જ સપાટીએ નથી હોતા. આપણે સૌને એક સપાટી પર લાવી દઈએ. બુદ્ધિએ વિચારી કાઢેલું અને હાથ વડે બનેલું બધું આપણે વિભાજિત કરી નાખીએ. આપણે લોકોને ભય અને ઈર્ષ્યાના ગુલામો ન રહેવા દઈએ, લોભ અને મૂઢતાના કેદીઓ ન રહેવા દઈએ..."

એ પ્રસંગ પછી તેઓ ઘણી વાર આવી ચર્ચાઓ કરતાં.

ખોખોલને પાછું કારખાનામાં કામ મળી ગયું. તે આખો પગાર માને આપી દેતો. મા તેનો પગાર પણ પાવેલના પગાર જેટલી જ સરળતાથી લઈ લેતી.

આન્દ્રેઈ ક્યારેક આંખો નચાવતો માને કહેતો: "નેનકો, થોડુંક વાંચન કરો તો?"

મા હસી પડતી પણ મક્કમપણે ઇનકાર કરી દેતી. તેની આંખના ચમકારા જોઈને માનું મન દુભાતું.

"તને વાત જ ઠેકડી કરવા જેવી લાગતી હોય તો પછી શું કરવા એવી પંચાતમાં પડવું?" તે મનમાં વિચારતી.

પણ મા હવે વધારે ને વધારે વાર આન્દ્રેઈને કોઈ ને કોઈ શબ્દનો અર્થ પૂછતી, અને એવે વખતે નજર બીજી બાજુ ફેરવી લઈને અવાજમાં જાણે ઉદાસીનતાનો ભાવ ભરી દેતી. આન્દ્રેઈને ખ્યાલ આવી ગયો હતો કે મા છાની રીતે અભ્યાસ કરે છે, એટલે તેના રહસ્યની કદર કરીને હવે તેને વાંચવાનું આન્દ્રેઈ ન કહેતો.

"આન્દ્રેઈ, મારી આંખો નબળી પડી ગઈ છે, મને ચશ્માંની જરૂર છે," એક દિવસ માએ તેને કહ્યું.

"અરે, એનો ઉપાય તો તરત જ થાય એમ છે," તેણે જવાબ આપ્યો. "રવિવારે હું તમને શહેરમાં ડૉક્ટર પાસે લઈ જઈશ, અને આપણે ચશ્માં બનાવડાવી લઈશું."

મા પાવેલને મળવાની પરવાનગી માટે ત્રણ વાર ગઈ, અને ત્રણેય વાર લશ્કરી પોલીસના જનરલે નમ્રતાથી ઈન્કાર કરી દીધો. ઘરડા જનરલના વાળ ધોળા અને ગાલ જાંબલી રંગના હતા. તેને મોટું નાક હતું.

"એક અઠવાડિયા પછી, તે પહેલાં નહિ બને, માડી, એક અઠવાડિયા પછી જોઈશું. અત્યારે તો અશક્ય જ છે."

જનરલ જાડિયો ને ગોળમટોળ હતો. તેને જોઈને માને કેટલાય દિવસનું વાસી ને ફૂગાઈ ગયેલું જરદાલુ યાદ આવી જતું. તે હંમેશાં પીળી સળી વડે તીણા નાનકડા ધોળા દાંત ખોતરતો રહેતો હતો. તેની ટચૂકડી લીલી હસતી આંખોમાં સદા ભલાઈ વરતાતી, અને તેના અવાજમાં હંમેશાં વિનય તથા સમભાવનો રણકાર સંભળાતો.

"બહુ વિનયી છે," માએ ખોખોલને કહ્યું. "હંમેશાં હસીને જ વાત કરે છે."

"એમાં શંકા કરવાનો સવાલ જ નથી," ખોખોલે જવાબ આપ્યો. "એ લોકો બધા બહુ મઝાના માણસો છે — હસીને જ વાત કરે અને બહુ વિનય બતાવે. એ લોકોને ફરમાન મળે — 'આ માણસ ભારે ચતુર અને ઈમાનદાર છે, પણ જરાક જોખમી છે. વાંધો ન હોય તો એને ફાંસીએ લટકાવી દો.' એટલે એ લોકો હસીને એ માણસને ફાંસીએ લટકાવી દે, અને ત્યાર પછી પણ હસતા જ રહે."

"આપણે ત્યાં ઝડતી લેવા આવેલો આદમી તો સાવ જુદી જાતનો હતો," મા બોલી. "એક નજર નાખતાં જ ખબર પડી જાય કે આદમી નહિ પણ કૂતરો છે."

"એમાંથી કોઈ ઈન્સાન નથી — તેઓ તો લોકોનું ચેતન હરી લેવા માટે વાપરવાના હથોડા છે, આપણા જેવા લોકોને છેદી નાખવાનાં હથિયારો છે, જેથી આપણને આસાનીથી કાબૂમાં રાખી શકાય. ખુદ તેઓ પણ પહેલેથી જ માલિકોને સગવડ પડે એવા ઘાટમાં ઢાળી દીધેલા હોય છે. એ લોકો તો ફરમાન મળે કે તરત જ અમલ કરે — ન કદી વિચાર કરે કે ન સવાલ પૂછે."

આખરે માને મુલાકાતની પરવાનગી મળી ગઈ. રવિવારના દિવસે તે જેલની ઑફિસમાં પહોંચીને એક ખૂણામાં ગુપચુપ બેસી ગઈ. નાનકડા, ગંદા, નીચી છતવાળા ઓરડામાં કેદીઓની મુલાકાતે આવેલા બીજા ઘણા માણસો પણ

હતા. એ લોકો અગાઉ પણ આવતા રહ્યા હોય એમ લાગતું હતું કારણ કે તેઓ એકબીજાને ઓળખતા હતા અને હળવે અવાજે કરોળિયાની જાળ જેવી ચીકણી વાતચીતના તાણાવાણા ગૂંથી રહ્યા હતા.

"વાત સાંભળી કે?" એક ચરબીદાર ચહેરાવાળી જાડી ઓરત બોલી. તેના ખોળામાં સફરથેલો પડયો હતો. "આજે સવારની પ્રાર્થનાના વખતે દેવળના નોકરે ભક્તિગાન કરનારા એક છોકરાનો કાન તોડી નાખ્યો."

"ભક્તિગાન કરનારા બધા છોકરા મવાલીઓ છે," એક આધેડ સજ્જન બોલ્યો. તેણે નિવૃત્ત અફસરનો યુનિફોર્મ પહેર્યો હતો.

ટૂંકા પગ, લાંબા હાથ, અને અણીદાર હડપચીવાળો એક ટાલિયો આદમી ઑફિસમાં બેચેનીથી આંટા મારતો તરડાતા અવાજે આવેશમાં બોલી રહ્યો હતો:

"ભાવ વધતા જાય છે અને એથી લોકોનો મિજાજ બગડતો જાય છે. હલકી જાતનું માંસ અઠ્ઠાવીસ કોપેકનું કિલોગ્રામ મળે છે, અને રોટીના વળી પાછા અઢી કોપેક થઈ ગયા છે..."

ક્યારેક કેદીઓ આવતા. રાખોડી યુનિફોર્મ અને ચામડાના ભારે બૂટના લેબાસમાં બધા એકસરખા લાગતા. ઓરડાના ઝાંખા અજવાળામાં તેમની આંખો પલકવા લાગતી. એકને પગે જંજીરો હતી.

જેલના વાતાવરણમાં અજબ શાંતિ હતી અને બધું કામ બેહદ સરળતાથી ચાલતું હતું. બધા માણસો હાલતથી ટેવાઈ ગયેલા અને તેને વશ થઈ ગયેલા લાગતા હતા. કેટલાક ધીરજથી સજા ભોગવી રહ્યા હતા, કેટલાક ઢીલા ઢીલા પહેરેગીરી કરી રહ્યા હતા, અને બાકીના કંટાળાજનક નિયમિતપણે કેદીઓની મુલાકાતે આવતા રહેતા. માનું હૈયું અધીરાઈથી ફફડી રહ્યું હતું. તે અજાયબીના ભાવે આસપાસ બધું જોતી રહી અને પૂરા વાતાવરણની ગમગીન સરળતા જોઈને અચરજમાં ગરકાવ થઈ ગઈ.

તેની બાજુમાં નાનકડા કદની ઘરડી બાઈ બેઠી હતી. બાઈના ચહેરામાં કરચલીઓ પડી ગઈ હતી પણ તેની આંખોમાં તારુણ્યની છાયા નજરે પડતી હતી. તે પોતાની સુકાઈ ગયેલી ગરદન આમતેમ ફેરવતી લોકોની વાતો સાંભળી રહી હતી અને સૌને અજબ ચપળ નજરે નીરખી રહી હતી.

"તમારું કોણ છે જેલમાં?" પેલાગેયાએ હળવે અવાજે પૂછ્યું.

"મારો દીકરો, કોલેજમાં ભણતો હતો," ઘરડી બાઈએ મોટે અવાજે કહ્યું. "અને તમારું?"

"મારોયે દીકરો જ છે, કામદાર."

"શું નામ?"

"વ્લાસોવ."

"સાંભળ્યું નથી. કેટલા વખતથી છે?"

"લગભગ સાત અઠવાડિયાંથી."

"અરે, મારા દીકરાને તો દસ મહિના થવા આવ્યા." ઘરડી બાઈ બોલી. તેના અવાજમાં ગર્વનો રણકાર હતો.

"હા, હા, ધીરજ જેવું તો કશું રહ્યું જ નથી," ટાલિયો ડોસો બડબડવા લાગ્યો, "દરેકનો પિત્તો ઊકળી જાય છે, બધાય બરાડા પાડે છે, અને ભાવ વધતા જાય છે. ભેગી માણસની કિંમત ઘટતી જાય છે. પણ એની સામે કોઈનો અવાજ સંભળાતો જ નથી."

"ખરી વાત," અફસર બોલ્યો. "હવે તો હદ થઈ ગઈ છે! કોઈ જોરદાર અવાજે ચુપ રહેવાનો હુકમ કરે તો સારું. એની જ જરૂર છે, જોરદાર અવાજ..."

સૌ બોલવા લાગ્યા અને વાતચીત ખૂબ જોમદાર બની ગઈ. દરેકને જિંદગી અંગે પોતાનો મત જાહેર કરવાની ઉતાવળ હતી, પણ બધા હળવા અવાજે બોલતા હતા અને તેમની વાતો માને ગળે નહોતી ઊતરતી. ઘેર જુદી જ જાતની વાતો થતી—વધારે સાફ ને સરળ, વળી વધારે મોટા અવાજે પણ ખરી.

રાતી ચોરસ દાઢીવાળા એક જાડિયા વૉર્ડરે આવીને માનું નામ પોકાર્યું, તેને પગથી માથા સુધી નીરખી લીધી, અને પાછા વળીને લંગડાતી ચાલે ચાલતાં કહ્યું:

"મારી પાછળ પાછળ આવ."

ચાલતાં ચાલતાં માના મનમાં વૉર્ડરને હડસેલો મારીને તેનો વેગ વધારવાની જોરદાર ઇચ્છા જાગી.

એક નાનકડી કોટડીમાં પાવેલ હાથ લંબાવીને હસતો ઊભો હતો. માએ દીકરાનો હાથ પકડી લીધો. તેનું મોં જરાક મલક્યું અને તેની આંખો ઝડપથી પલકવા લાગી.

"કેમ છે... કેમ છે..." તેના હોઠેથી માંડ માંડ એટલા બોલ નીકળ્યા.

"મા, શાંત થઈ જા," પાવેલ માનો હાથ પોતાના પંજામાં દબાવતો બોલ્યો.

"ના, ના, ઠીક જ છું," મા બોલી.

"આખર તો મા છે," વૉર્ડર નિસાસો નાખીને બોલ્યો. "પણ તમે બેઉ

એકબીજાથી થોડાંક અળગાં ઊભાં રહો એટલે વચમાં જરાક જગ્યા રહે," તેણે મોટું બગાસું ખાતાં ઉમેર્યું.

પાવેલે માની તબિયતના અને ઘરની હાલતના ખબર પૂછ્યા. માને બીજા સવાલોની ધારણા હતી અને તેણે દીકરાની આંખોમાં બારીક નજર પરોવી, પણ બધી મહેનત નકામી ગઈ. પાવેલ તો અગાઉ જેવો જ ધીરગંભીર હતો, પણ જરાક ફિક્કો પડી ગયો હતો અને તેની આંખો જાણે વધારે મોટી થઈ ગઈ હતી.

"સાશાએ કહેવડાવ્યું છે કે તને યાદ કરતી હતી," મા બોલી.

પાવેલનાં પોપચાં ફરકી ઊઠયાં, મોં પર મૃદુ ભાવ છવાઈ ગયા, અને તેણે હોઠ મલકાવ્યા. માના દિલમાં જાણે પીડાનો આકરો સણકો થયો.

"શું લાગે છે, તને જલદી છોડી મૂકશે?" તેણે પૂછ્યું. તેનું દિલ દુભાયું હતું અને તેના મનમાં ખીજ ભરાઈ ગઈ હતી. "તને પકડયો જ શું કરવા હશે? ચોપાનિયાં તો વળી પાછાં કારખાનામાં પહોંચી ગયાં છે."

પાવેલની આંખો ચમકી ઊઠી.

"ખરેખર?" તેણે એકદમ સવાલ કર્યો.

"આવી વાતો કરવાની મનાઈ છે," વૉર્ડરના અવાજમાં ઊંઘનો ભાર હતો. "ખાલી કુટુંબને લગતી જ વાત કરવાની છૂટ છે."

"તે આ શું કુટુંબને લગતી વાત નથી?" મા વાંધો ઉઠાવતી બોલી.

"એ હું ન જાણું, પણ મનાઈ છે એટલું કહી દઉં છું," વૉર્ડર ઉદાસીન ભાવે બોલ્યો.

"વારુ, ઘરની જ વાત કર," પાવેલ બોલ્યો. "તું શું કરે છે?"

"અરે, હું તો પેલું બધું કારખાને પહોંચાડું છું," માની આંખોમાં ટીખળનો ચમકારો ચમકી ગયો. જરાક થંભીને તેણે હસતાં હસતાં આગળ કહ્યું: "જો ને, કોબીજનો સૂપ ને રાબડી ને મારિયાએ રાંધેલું ખાવાનું ને... ને... એવું બધું જ બધું."

પાવેલ સમજી ગયો. તેણે વાળમાં આંગળીઓ ફેરવતાં ફેરવતાં હસવું ખાળીને ચાળો કર્યો.

"કંઈક ને કંઈક કરતી રહે છે એ તો બહુ મઝાનું, એકલું ન લાગે," તેના અવાજમાં ભારોભાર હેત છલકાતું હતું. દીકરાનો એવો વહાલભર્યો અવાજ માએ અગાઉ કદી નહોતો સાંભળ્યો.

"ચોપાનિયાં વળી પાછાં કારખાનામાં પહોંચી ગયાં એટલે એ લોકોએ મારી પણ ઝડતી લીધી," મા બોલી. તેના અવાજમાં જરાક શેખીનો રણકો હતો.

"વળી પાછી એવી જ વાતો," વૉર્ડર નારાજીના ભાવે બોલી ઊઠયો. "કીધું તો ખરું કે મનાઈ છે! માણસને જેલમાં એટલા સારુ બંધ કરી દેવામાં આવે કે એને બહારની હાલતની ખબર ન પડે. અને તમે બે તો બસ મંડયાં જ છો! હવે તો સમજો કે શાની શાની મનાઈ છે!"

"બસ, મા," પાવેલ બોલ્યો, "માત્વેઇ ઇવાનોવિચ મઝાના આદમી છે, અને એમને ગુસ્સે કરવામાં કશો ફાયદો નથી. અમારી તો દોસ્તી છે. આજે તો અકસ્માત જ મુલાકાત વખતે એ હાજર છે. બાકી હંમેશાં તો નાયબ જેલર જ ઊભો રહે છે."

"બસ, વખત થઈ ગયો," વૉર્ડર ઘડિયાળ ઉપર નજર નાખતો બોલ્યો.

"આવજે, મમ્મી," પાવેલ બોલ્યો. "ફિકર કરતી નહિ. હવે હું જલદી જ છૂટી જવાનો."

તેણે માને વહાલથી ભેટીને બચીઓ ભરી. મા લાગણીવશ થઈ ગઈ. તેની આંખોમાંથી ખુશીનાં આંસુ ખરી પડયાં.

"ચાલ હવે, છેવટે ગયા વગર તો છૂટકો જ નથી." વૉર્ડર બડબડ કરતો તેને પરસાળમાં થઈને લઈ જવા લાગ્યો. "રડ નહિ, તારા દીકરાને છોડી મૂકશે, બધાયને છોડી મૂકશે. અહીં તો એટલી બધી ભીડ થઈ ગઈ છે કે બસ!"

માએ ઘેર જઈને ખોખોલને આખી વાત માંડીને કહી સંભળાવી. તેના હોઠ પર ઝળકતો મલકાટ હતો અને તેનાં ભવાં ફરકી રહ્યાં હતાં.

"ચાલાકીથી એને જણાવી દીધું. અને એય બરાબર સમજી ગયો. સમજી જ ગયો હશે," તે નિસાસો નાખતી આગળ બોલી, "નહિતર એણે એટલું બધું વહાલ ન બતાવ્યું હોત. એમ તો કદી નથી કરતો."

"તમે પણ ખરાં રમૂજી છો," ખોખોલ હસી પડયો. "લોકોને આ જોઈએ ને તે જોઈએ, પણ માને તો બસ વહાલ જ જોઈએ."

"પણ આન્દ્રેઈ, એ લોકો તો... જોવા જેવા છે!" મા અચાનક ઉત્તેજિત થઈને બોલી ઊઠી. "એવા ટેવાઈ ગયા છે કે બસ! છોકરાંને પકડીને જેલમાં ગોંધી દીધાં છે, પણ એ લોકો તો જાણે કંઈ બન્યું જ ન હોય એમ વર્તે છે! ત્યાં જઈને બેઠા બેઠા વાટ જોતા ગામગપાટા હાંકયે રાખે છે. ભણેલા ગણેલા માણસો એવી રીતે સાવ ટેવાઈ જાય તો પછી અમારા જેવા અણસમજુ લોકોની વાત જ શી કરવી?"

"એમ જ હોય," ખોખોલના જવાબમાં તેનો લાક્ષણિક વ્યંગ સમાયેલો હતો. "આપણા કરતાં એ લોકોની બાબતમાં કાનૂન નરમ બની જાય, વળી

કાનૂન આપણા કરતાં એ લોકોને વધારે ફાયદો કરે. એટલે ક્યારેક તેમની ઉપર કાનૂનનો ડંડો પડે ત્યારે તેઓ જરાક મોઢું બગાડે, બહુ નહિ. બીજા કોઈના ડંડા કરતાં પોતાના જ ડંડાનો ફટકો ક્યારેક ખાઈ લેવાનું આસાન હોય છે..."

૨૦

રાત પડી ગઈ હતી. મા ટેબલ પાસે બેઠી બેઠી મોજું ગૂંથી રહી હતી. ખોખોલ તેને પ્રાચીન રોમના ગુલામોના બળવા વિશે વાંચી સંભળાવતો હતો. અચાનક બારણું જોરથી ખખડયું. ખોખોલે જઈને બારણું ખોલ્યું એટલે વેસોવશ્ચિકોવ હાથમાં પોટલું લઈને અંદર દાખલ થયો. તેણે ટોપી માથા ઉપર પાછળ ધકેલી દીધી હતી અને તેના પગ ગોઠણ સુધી કાદવથી ખરડાયેલા હતા.

"અહીંથી નીકળ્યો ને ઘરમાં અજવાળું જોયું એટલે થયું કે લાવ સલામ કરતો જાઉં. જેલમાંથી સીધો જ આવું છું," તે વિચિત્ર અવાજે બોલ્યો. તેણે પેલાગેયાનો હાથ પોતાના હાથમાં લઈને ઉમંગથી હલાવ્યો. "પાવેલે વંદન કહેવડાવ્યા છે," તેણે કહ્યું.

બેચેનીથી બેસી જઈને તેણે ઓરડામાં ગમગીન શંકાશીલ નજર ફેરવી.

માને વેસોવશ્ચિકોવ જરાય નહોતો ગમતો. તેનું ટકો કરેલું ચોરસ માથું અને ટચૂકડી આંખો જોઈને માને જાણે બીક લાગતી. પણ આજે તેને નીરખતાં માને ખુશીની લાગણી થઈ અને તેણે હસીને હેતથી વાત કરી.

"કેટલો સુકાઈ ગયો છે! આન્દ્રેઈ, એને માટે થોડીક ચા બનાવીએ."

"સમોવાર પેટાવું છું," ખોખોલ રસોડામાંથી બોલ્યો.

"તો પાવેલ કેમ છે? બીજું કોણ છૂટયું છે, કે તું એકલો જ?"

નિકોલાઈએ માથું નીચે નમાવી દીધું.

"પાવેલ ધીરજથી વાટ જોતો બેઠો છે. હમણાં તો મને એકલાને જ છોડયો છે." તેણે આંખો ઊંચી કરીને માની સામે જોયું અને દાંત પીસીને ધીરે ધીરે કહ્યું: "મેં એ લોકોને સંભળાવી દીધું કે 'હું હવે ધરાઈ ગયો છું, મને છોડી મૂકો! નહિ છોડો તો હું કોઈનું ખૂન કરી નાખીશ, અને મારોયે જીવ કાઢી નાખીશ!' એટલે મને છોડી મૂક્યો."

"એ... એમ!" બોલતી મા છળીને પાછળ હઠી ગઈ. નિકોલાઈની સંકોડાયેલી આંખોની તીણી નજર સામે તેની નજર અનાયાસે ઢળી ગઈ.

"ફ્યોદોર માઝિન કેમ છે?" ખોખોલે રસોડામાંથી ઘાંટો પાડયો. "હજી કાવ્યો લખે છે?"

"હા. મને તો એ માણસ સમજાતો જ નથી," નિકોલાઇ માથું ધુણાવતો બોલ્યો. "પોતાને શું સમજતો હશે, ગાતું પંખી? પાંજરામાં પૂરી દો તોયે ગાતું જ રહે. પણ એક વાત હું સમજું છું—મારે ઘેર નથી જવું."

"તારા ઘરમાં જાવા જેવું છેય શું?" મા વિચારમાં પડી જઈને બોલી. "ખાલી ઘર, સગડીમાં કોલસા નહિ, બધું જ ઠંડુંગાર..."

તે કશું બોલ્યા વગર માની સામે નજર નાખતો રહ્યો. આખરે તેણે ખીસામાંથી સિગારેટનું પેકેટ કાઢીને એક સિગારેટ સળગાવી, અને ચિડિયલ કૂતરાની જેમ રોતલ ઘુરકાટ કર્યો.

"ખરી વાત, બધું જ ઠંડુંગાર..." ફેલાઈને ઓસરી જતા ધુમાડાને નીરખતો તે બોલ્યો. "ભોંયપટ ઉપર ઠરી ગયેલા વંદા, અને ઠરી ગયેલા ઉંદરડા પણ ખરા. પેલાગેયા નીલોવ્ના, મને અહીં રાત રહેવા દેશો?" તેણે માની સામે જોયા વગર ઘોઘરા અવાજે સવાલ કર્યો.

"હાસ્તો, ચોક્કસ," માએ ઝટ જવાબ દીધો. કોણ જાણે કેમ પણ નિકોલાઇની હાજરીમાં તે બેચેન થઈ જતી.

"આજકાલ તો છોકરાંને પોતાનાં માબાપ બદલ શરમાવું પડે છે."

"શું કહ્યું?" મા ચોંકી જઈને બોલી.

તેણે માની સામે નજર નાખીને આંખો બંધ કરી દીધી. શીળીના ડાઘાવાળા તેના ચહેરા ઉપર જાણે અંધાપાની છાયા દેખાતી હતી.

"કહું છું કે આજકાલ તો છોકરાંને પોતાનાં માબાપ બદલ શરમાવું પડે છે," તે નિસાસો નાખીને ફરી બોલ્યો. "પાવેલને તમારે કારણે કદી નથી શરમાવું પડતું. પણ મને તો મારા બાપને લીધે બહુ જ શરમ આવે છે. એના ઘરમાં હું કદી પગ નથી મૂકવાનો. મારે બાપ છે જ નહિ. અને ઘર પણ નથી. પોલીસના જાપતામાં રહેવાનું ન હોત તો હું સાઈબિરિયા ચાલ્યો જાત, હદપારી ભોગવતા માણસોને છૂટા કરી દેત, એ લોકોને ભાગી જવામાં મદદ કરત..."

માનું લાગણીશીલ હૈયું નિકોલાઇની પીડા કળી ગયું પણ તેને હમદર્દીની લાગણી ન થઈ.

"તને એમ લાગતું હોય તો તો જવું જ બહેતર," મા બોલી. તેને બીક હતી કે ચુપ રહેવાથી નિકોલાઇને કદાચ માઠું લાગે.

આન્દ્રેઇ રસોડામાંથી ઓરડામાં આવ્યો.

"શું કહ્યું, મા?" તેણે હસીને પૂછ્યું.

"કંઈક ખાવાનું લઈ આવું," મા ઊભી થતી બોલી.

નિકોલાઇ ખોખોલની ઉપર નજર ઠેરવીને થોડી વાર તેને જોતો રહ્યો અને પછી અણધાર્યો બોલી ઊઠયો: "કેટલાક માણસોને તો મારી જ નાખવા જોઈએ!"

"અરે! પણ કેમ!" ખોખોલે પૂછ્યું.

"એટલે બલા ટળે ને!"

ઊંચો ને પાતળો ખોખોલ ઓરડાની વચ્ચોવચ પગની એડીના આધારે ડોલતો નિકોલાઇની ઉપર નજર માંડીને ઊભો રહ્યો. નિકોલાઇ જડ જેવો ખુરશીમાં બેઠો હતો અને તેના માથા ફરતે સિગારેટના ધુમાડાના ગોટા ફેલાયેલા હતા. તેના ચહેરામાં લાલ ચાઠાં ઊપસી આવ્યાં.

"પેલા ઈસાઇ ગોર્બોવનું તો માથું જ વાઢી નાખવાનો છું, જોજે તો ખરો!"

"કેમ?"

"જાસૂસ ને ચાડિયો છે. મારા બાપની જિંદગી એણે જ બરબાદ કરી નાખી, એને ખાંધિયો બનાવી દીધો," વેસોવશ્ચિકોવ આન્દ્રેઈની સામે જોતો બોલ્યો. તેની નજરમાં ગમગીન ખારની લાગણી ભરેલી હતી.

"તો વાત એમ છે!" ખોખોલ અચરજના ભાવે બોલ્યો. "પણ એમાં તારો વાંક કાઢનારા તો મૂરખા જ હોય."

"મૂરખા ને ચતુર—બધાય સરખા જ," નિકોલાઇ હઠીલાઈથી વાતને વળગી રહ્યો. "તારો ને પાવેલનો જ દાખલો લઈએ. તમે બેઉ ચતુર છો, પણ તમારી નજરમાં ફ્યોદોર માઝિન કે સામોઇલોવ અને હું સરખા છીએ ખરા? અથવા તમે એકબીજાને જેવા ગણો છો એવો જ મને ગણો છો ખરા? ખોટું બોલતો નહિ. અને બોલીશ તો હું કંઈ માનવાનો નથી. તમે બધાય મને અળગો તારવી દો છો, મને મારો ખૂણો બતાવી દો છો..."

"તને મનની બીમારી વળગી ગઈ છે, નિકોલાઇ," ખોખોલ તેની બાજુમાં બેસી જતો નરમાશથી હળવા અવાજે બોલ્યો.

"ખરી વાત, પણ એવી બીમારી તો તમનેય લાગી ગયેલી છે. ફેર એટલો જ છે કે તમારી બીમારીને તમે મારી બીમારી કરતાં ઊંચી જાતની ગણો છો. હું તો ફક્ત એટલું જ કહીશ કે આપણે સૌ એકબીજાને કૂતરાની ઓલાદ જેવા ગણીએ દીએ. ખરી વાત છે કે નહિ? જવાબ દે,"

તેણે આન્દ્રેઈના ચહેરા ઉપર તીણી નજર ઠેરવીને દાંત પીસ્યા. તેની ચાઠાંદાર સૂરતના ભાવ તો ન બદલાયા પણ તેના હોઠ ફરકવા લાગ્યા.

"હું તને કશું જ નથી કહેતો," ખોખોલે વેસોવશ્ચિકોવની ખારીલી નજર જોડે નજર મિલાવીને ગમગીન ભાવે હસતાં જવાબ વાળ્યો. "મને ખબર છે કે જેના દિલના જખમોમાંથી લોહી ટપકતું હોય એવા ઇન્સાનને દલીલોથી પીડા જ થાય. એટલું તો હું સમજું છું, ભાઈ!"

"મારી જોડે દલીલો ન થાય, મને તો દલીલ કરતાં આવડતું જ નથી," નિકોલાઈ નજર નીચે ઢાળી દેતો ગણગણ્યો.

"હું તો માનું છું કે આપણામાંથી દરેકે કાંટાળો મારગ કાપ્યો છે અને તારી જેમ જ કાળી ઘડીએ દિલમાં પીડાના સણકા વેઠયા છે," ખોખોલ આગળ બોલ્યો.

"તું મને કશું જ કહી શકે એમ એમ નથી," વેસોવશ્ચિકોવ ધીરે ધીરે બોલ્યો. "મારું હૈયું વરુની જેમ રાગડા તાણતું કલ્પાંત કરી રહ્યું છે."

"અને મારે તને કંઈ કહેવુંયે નથી. મને ખબર છે. કે આવી હાલત વીતી જવાની, ભલે સાવ ખતમ કદાચ ન થઈ જાય, પણ વીતી જરૂર જવાની."

તેણે નિકોલાઈને ખભે હાથ ફેરવતાં જરાક હસીને આગળ કહ્યું:

"આ તો બચ્ચાંનો રોગ છે—ઓરી જેવો. આપણને સૌને ક્યારે ને ક્યારે તો લાગવાનો જ. કાઠી મજબૂત હોય એને ઓછી તકલીફ થાય અને નબળી કાયા હોય એને બહુ હેરાન થવું પડે. આપણે આપણી જાતને ઓળખવા લાગીએ, જીવનને આપણે હજુ પૂરેપૂરું સમજ્યા ન હોઈએ અને તેમાં આપણું સ્થાન આપણે હજુ બરાબર પારખી ન લીધું હોય, એવી જ ઘડીએ એનો હુમલો થાય. એવે વખતે આપણને એમ લાગે કે આખા જગતમાં આપણે જ એક સૌથી સારું સફરજન છીએ અને બીજા બધા આપણને બટકાં ભરવા માગે છે. પણ થોડા વખત પછી આપણને સમજાઈ જાય કે બીજા માણસોની છાતીમાં સમાયેલું દિલ આપણા દિલથી બદતર તો નથી જ. પછી બધું આસાન બની જાય. ત્યારે આપણને શરમ આવે કે વ્યાપક ઘંટારવમાં જેનો રણકો ભાગ્યે જ સંભળાય એવી ટચૂકડી નજીવી ઘંટડી લઈને આપણે મિનારાની છેક ટોચે પહોંચી ગયેલા. એની ભેગું આપણને એ પણ સમજાઈ જાય કે અનેક ઘંટોના નાદમાં આપણી અટૂલી ઘંટડીનો રણકો ભલે તેલમાં ડૂબી જતી માખીની જેમ ડૂબી જતો હોય તોપણ એ હળવો રણકો સામાન્ય ઘંટારવમાં થોડોક ઉમેરો તો કરે જ છે. મારી વાત સમજાય છે?"

"કદાચ સમજાતી હોય, પણ હું… હું કશું જ માનવાનો નથી!" નિકોલાઇ માથું ધુણાવતો બોલ્યો.

ખોખોલ હસી પડતો ઊભો થઈ ગયો અને જોરથી અવાજ કરતો આંટા મારવા લાગ્યો.

"હુંયે નહોતો માનતો, સમજ્યો ને? ખચ્ચર ક્યાંનો!"

"ખચ્ચર કેમ?" ખોખોલની સામે જોઈને ગમગીન ભાવે હસતાં નિકોલાઇએ સવાલ કર્યો.

"કેમ કે તું એવો જ લાગે છે."

અચાનક નિકોલાઇ મોં પહોળું કરીને ખડખડાટ હસી પડયો.

"આ વળી શું?" ખોખોલ ઊભો રહી ગયો અને તેણે અચરજ પામીને પૂછ્યું.

"મારા મનમાં જરાક ખ્યાલ આવી ગયો કે તારી લાગણી દુભાવનારો માણસ કેટલો મોટો મૂરખ હોય," નિકોલાઇ બોલ્યો.

"મારી લાગણી કોઈ શું કરવા દુભાવે?" ખોખોલે ખભા ઉલાળ્યા.

"કોને ખબર," વેસોવશ્ચિકોવ ખુશમિજાજમાં મોં મલકાવતો બોલ્યો. "મારો આશય તો ફક્ત એટલું જ કહેવાનો હતો કે માણસના મનની હાલત ખરેખર બેહદ ખરાબ હોય તો જ તારી લાગણી દુભાવવા જેવું કામ કરી બેસે."

"કોણ જાણે ક્યાંથી તારા મનમાં આવું ભૂત ભરાઈ ગયું છે!" ખોખોલ હસતો હસતો બોલ્યો.

"આન્દ્રેઇ!" માએ રસોડામાંથી સાદ પાડયો.

આન્દ્રેઇ રસોડામાં ચાલ્યો ગયો.

ઓરડામાં એકલા પડેલા વેસોવશ્ચિકોવે આસપાસ નજર ફેરવી અને ખરબચડા લાંબા બૂટમાંથી પગને બહાર કાઢીને તે કાળજીથી તપાસવા અને જાડી પેશી દબાવી જોવા લાગ્યો. પછી તેણે હાથ ઊંચો કરીને જાડા પંજા ઉપર તેમ જ પીળા વાળથી ભરેલી ઠૂંઠિયાં જેવી આંગળીઓ ઉપર બારીક નજર ફેરવી. આખરે તે ધૃણાના ભાવે હાથ હલાવતો ઊભો થઈ ગયો.

આન્દ્રેઇ સમોવાર લઈને પાછો આવ્યો ત્યારે નિકોલાઇ આયના પાસે ઊભો હતો.

"મારું આ ડાચું મેં કેટલાય વખત પછી આયનામાં જોયું," તે લૂખું હસતો બોલ્યો. "ખરું ડાચું છે!"

"તને શી પરવા?" આન્દ્રેઇએ કુતૂહલના ભાવે તેની સામે જોતાં પૂછ્યું.

"સાશાએ કહેલું કે ચહેરામાં દિલનું પ્રતિબિંબ જોવા મળે."

"બકવાદ!" ખોખોલ બોલી ઊઠયો. "એનું નાક તો જાણે માછલાં પકડવાના કાંટા જેવું છે અને ગાલનાં હાડકાં જાણે છરીનાં પાનાં જેવાં છે, પણ એનું દિલ સિતારા જેવું છે."

નિકોલાઈએ તેની સામે નજર નાખીને મોં મલકાવ્યું.

સૌ ચા પીવા બેસી ગયાં.

નિકોલાઈ એક મોટો બટાકો લઈને અને રોટી ઉપર મીઠું ભભરાવીને આખલાની જેમ ધીરે ધીરે એકધારા વેગે ચાવવા લાગ્યો.

"અહીંયાં હાલત કેવી છે?" તેણે ભરેલા મોંએ પૂછ્યું.

આન્દ્રેઈએ ખુશાલ ભાવે તેને આખી વાત જણાવી કે કારખાનામાં પ્રચારનું કામ કેવી રીતે ચાલે છે. સાંભળીને નિકોલાઈ વળી પાછો ગમગીન બની ગયો.

"બહુ વાર લાગી રહી છે, કામનો વેગ બેહદ વધારવો પડશે."

તેની ઉપર નજર નાખતાં માના દિલમાં અણગમાની લાગણી સળવળવા લાગી.

"જિંદગી કંઈ ઘોડો નથી કે ચાબુક ફટકારીને દોડાવી શકાય," આન્દ્રેઈ બોલ્યો.

નિકોલાઈએ હઠીલાઈથી માથું ધુણાવ્યું.

"બેહદ વાર લાગે છે. મારાથી આમ વાટ જોઈને બેસી નહિ રહેવાય. શું કરું?"

ખોખોલના ચહેરા ઉપર નજર માંડીને જવાબની અપેક્ષામાં તેણે લાચારીનો ભાવ જાહેર કર્યો.

"આપણે સૌએ અભ્યાસ કરવાનો છે અને બીજાઓને શીખવવાનું છે, એ જ કામ કરવાનું છે," આન્દ્રેઈ માથું નીચે નમાવતો બોલ્યો.

"અને લડત ક્યારે શરૂ કરવાની?" વેસોવશ્ચિકોવે પૂછ્યું.

"એની ખબર નથી, પણ એટલી ખબર તો ચોક્કસ છે જ કે તે પહેલાં એ લોકો કેટલીય વાર આપણાં હાડકાં ખોખરાં કરી નાખવાના," ખોખોલે હસીને જવાબ આપ્યો. "મને તો એટલી સમજણ પડે છે કે આપણે પહેલાં હાથને નહિ પણ મનને હથિયાર સજાવવાનાં છે."

નિકોલાઈ વળી ખાવા લાગ્યો. મા તેના પહોળા ચહેરા ઉપર છાની નજરો નાખતી તેના ચોખંડા ભારે બદન તરફનો પોતાનો અણગમો ઓસારી દે એવું કશુંક જાણે ગોતતી રહી.

નિકોલાઈની ટચૂકડી આંખોની ડંખીલી નજર સાથે નજર મળી જતાં માનાં ભવાં ફરકવા લાગ્યાં. આન્દ્રેઈ બેચેન હતો. તે અચાનક હસી પડીને બોલવા લાગતો અને પછી અણધાર્યો જ બોલવાનું બંધ કરીને સીટી વગાડવા લાગતો.

માને તેની બેચેનીના કારણની જાણે ખબર હોય એમ લાગતું હતું. નિકોલાઈ બેઠો બેઠો મનમાં બળતો ખોખોલની દરેક વાતના ટૂંકાટચ ને તોછડા જવાબ અનિચ્છાએ આપતો હતો.

મા અને આન્દ્રેઈને નાનકડો ઓરડો જાણે ભીંસવા અને બેચેન બનાવી દેવા લાગ્યો. મહેમાનની ઉપર બેઉ જણ વારાફરતી છાની નજર નાખી લેતાં હતાં.

આખરે નિકોલાઈ ઊભો થઈ ગયો અને બોલ્યો: "મારે હવે સૂઈ જવું છે. જેલમાં પડયો પડયો હું તો જાણે લગભગ પાગલ થઈ ગયો હતો, પછી અચાનક જ મને છોડી મૂક્યો એટલે હું રવાના થઈ ગયો. હવે થાકી ગયો છું."

તે કઢંગાં પગલાં માંડતો રસોડામાં ચાલ્યો ગયો અને થોડીક વાર હલચલ કરીને પછી તદ્દન શાંત થઈ ગયો. માએ કાન સરવા કર્યા પણ કશો અવાજ ન સંભળાયો.

"એના મનમાં ભયંકર ખ્યાલો ઊભરાય છે," મા હોઠ ફફડાવતી બોલી.

"હાલત મુશ્કેલ છે, પણ વીતી જશે," ખોખોલ માથું હલાવતો બોલ્યો. "એક જમાનામાં મારીયે એવી જ હાલત થઈ હતી. દિલમાં જ્યોતિ નિર્મળ જલવા લાગે ત્યાર પહેલાં પુષ્કળ મેશ પેદા થાય જ. નેનકો, તમે જઈને સૂઈ જાઓ, હું તો થોડી વાર વાંચીને પછી સૂઈશ."

મા ખૂણામાં સુતરાઉ પડદા પાછળ ગોઠવેલા ખાટલામાં સૂવા ચાલી ગઈ. તેના નિસાસા અને પ્રાર્થનાના અવાજો આન્દ્રેઈને કેટલીય વાર સુધી સંભળાતા રહ્યા. તે બેઠો બેઠો ઝડપથી ચોપડી વાંચતો પાનાં ફેરવતો ગયો, કપાળે હાથ દબાવતો રહ્યો, લાંબી આંગળીઓ મૂછો પર ફેરવતો રહ્યો, અને પગ આઘાપાછા કરતો રહ્યો. ઘડિયાળ ટકટક કરતું રહ્યું, વૃક્ષોમાં પવન નિસાસા નાખતો રહ્યો.

"અરે ભગવાન!" માનો હળવો અવાજ કાને પડયો. "જગતમાં આટલા બધા લોકો છે અને તમામને માથે દુ:ખના ડુંગરા લદાયેલા છે. સુખી ઇન્સાનો ક્યાં હશે?"

"નેનકો, જગતમાં સુખી માણસો પણ છે ખરા!" આન્દ્રેઈ બોલ્યો. "અને થોડા વખતમાં તેમની સંખ્યા ખૂબ વધી જશે, ખૂબાખૂબ વધી જશે!"

૨૧

જિંદગીનું વહેણ વેગે વહેતું રહ્યું. ઘટનાસભર દિવસો એક પછી એક વીતતા ગયા. દરેક દિવસે કશુંક નવું બનતું, પણ હવે માને એથી ગભરાટ ન થતો. તેને ઘેર વધારે ને વધારે વાર અજાણ્યા માણસો આવવા લાગ્યા. તેઓ આન્દ્રેઈની જોડે ધીમા આતુર અવાજે વાતચીત કરતા, પછી ઓવરકોટના કોલર ઊંચા ચડાવીને અને ટોપી કપાળે આંખો સુધી દબાવીને નીરવ પગલે અંધારામાં ઓસરી જતા. દરેક મુલાકાતીના મનમાં ધૂંધવાતી ઉત્તેજનાનો અણસારો માને આવી જતો. એમ લાગતું કે દરેક જણ ગાવા ને હસવા તલસે છે પણ વખત નથી, બેહદ ઉતાવળ છે. કેટલાકનાં મોં પર વ્યંગભર્યા ને ગંભીર ભાવ પથરાયેલા રહેતા, કેટલાક આનંદી ને તારુણ્યમય સ્ફૂર્તિથી તરવરતા દેખાતા, તો વળી કેટલાક સૌમ્ય ને વિચારમય નજરે પડતા. માને સૌમાં આત્મવિશ્વાસ અને ખંત દેખાતાં, અને દરેકનું વ્યક્તિત્વ તદ્દન આગવું લાગતું હોવા છતાં સૌના ચહેરા જાણે પરસ્પર ભળી જઈને એમ્માઉસના માર્ગે જતા ઈસુ ખ્રિસ્તના ચહેરા જેવું રૂપ ધારણ કરી લેતા લાગતા — પાતળા ચહેરા ઉપર સૌમ્ય નિર્ધારના ભાવ અને નિર્મળ ઘેરી આંખોમાંથી રેલાતી એકીસાથે મૃદુ તેમ જ કડક નજર.

મા મુલાકાતીઓની સંખ્યા ગણતી રહેતી અને મનની દુનિયામાં એ સૌને એકઠા કરીને પાવેલને દુશ્મનની નજરથી છુપાવી રાખે એવા જમાવની કલ્પના કરતી રહેતી.

એક દિવસે વાંકડિયા વાળવાળી એક ચપળ બાળા શહેરમાંથી આન્દ્રેઈ માટે પેકેટ લઈને આવી. તે પાછી જતી હતી ત્યારે એકદમ મા તરફ ફરીને આનંદી આંખો ચમકાવતી બોલી:

"આવજો, કોમરેડ!"

"આવજો!" મા હસવું ખાળતી બોલી.

બાળાને વિદાય કરીને મા બારી પાસે ગઈ અને વસંતના ફૂલ જેવી તાજગીભરી તથા પતંગિયા જેવી ચપળ એ કોમરેડને નાનકડાં વેગીલાં ડગલાં ભરતી નીરખતી રહી. તેના હોઠ મલકી ઊઠ્યા.

"કોમરેડ!" બાળા દેખાતી બંધ થઈ એટલે મા ગણગણી. "કેવી મઝાની છે! ઈશ્વર દયા કરે ને તને જિંદગીના માર્ગે કોઈ ખરો કોમરેડ મળી જાય!"

શહેરમાંથી આવતા એ લોકોમાં માને બાળક સમું કશુંક ભાસતું અને તેથી દિલમાં જાગતી મમતા તેના મોં પર મલકાટ ફેલાવી દેતી. પરંતુ તેમની નિષ્ઠા

માના હૈયાને સ્પર્શી જતી અને તેને સાનંદાશ્ચર્યમાં ગરકાવ કરી દેતી. તેમની નેકદિલી માને વધારે ને વધારે સ્પષ્ટ રૂપે વરતાતી જતી હતી. ઇનસાફની ફતેહનાં સ્વપ્નાં જોઈને માના દિલને હૂંફ અને દિલાસો મળતાં, પરંતુ તેમને વાતો કરતા સાંભળીને માથી કોણ જાણે કેમ નિસાસા નખાઈ જતા. તેમની સાદી રીતભાત અને પોતાનાં સુખસગવડ અંગે તદ્દન બેપરવાઈની સરસ ભાવના માના હૈયાને વિશેષ રૂપે સ્પર્શી જતી.

જીવન વિશે તેમની વાતોમાંથી ઘણુંબધું તો મા સમજવા લાગી હતી. તેને લાગતું કે એ ઈન્સાનોએ માનવીના દુ:ખનું ખરું કારણ શોધી કાઢયું છે. તેમના મોટા ભાગના વિચારો માએ અપનાવી લીધા હતા. પરંતુ દિલના ઊંડાણમાં મા નહોતી માની શકતી કે એ લોકો જિંદગીને નવો ઘાટ આપી શકશે અથવા તેમણે પેટાવેલી આગ ફરતે કામગાર લોકોની જમાવટ તેઓ કરી શકશે. દરેક જણને પોતાનું પેટ આજે જ ભરવાની તાલાવેલી હતી. તેને કાલ સુધી મુલતવી રાખવા કોઈ તૈયાર નહોતું.

લાંબા અને દુર્ગમ માર્ગે કદમ માંડવા બહુ ઓછા માણસો તત્પર થતા, સફરને અંતે સાંપડવાના માનવીય ભાઈચારાના સામ્રાજયનું અદ્‌ભુત દૃશ્ય બહુ થોડા ઇન્સાનોને દેખાતું. એટલે જ એ બધા ઈન્સાનોના દાઢીવાળા અને ઘણી ઘણી વાર થાકથી સાવ કરમાઈ ગયેલા પીઢ ચહેરા છતાં, માને સૌ જાણે બાળકો જેવા જ લાગતા.

"બીચારાં બાળુડાં!" મા માથું હલાવતી મનમાં બોલતી.

પરંતુ તેઓ સૌ ઈમાનદાર, ગંભીર, અને સાર્થક જિંદગી જીવી રહ્યા હતા. તેઓ નેક કામ કરવાના મનસૂબા ધરાવતા હતા અને પોતાનું જ્ઞાન બીજાઓને આપવાની મહેનતમાં મુદ્દલ કચાશ નહોતા રહેવા દેતા. તેને સમજાઈ ગયું કે એવી જિંદગી તેમાં સમાયેલા જોખમ છતાં કેવી પ્યારી લાગે જ, અને તેણે નિસાસો નાખીને પોતાની પુરાણી જિંદગીની અંધારઘેરી સાંકડી પટ્ટી ઉપર મનની આંખો વડે નજર ફેરવી. તેના મનમાં થોડી થોડી કરીને શાંત સભાનતા આવતી ગઈ કે પોતે પણ આ નવી જિંદગીમાં મહત્વ ધરાવે છે. અગાઉ તેને કદી નહોતું લાગતું કે કોઈને તેની જરાય જરૂર હોય, પણ હવે તેને સાફ જણાતું હતું કે ઘણા માણસો તેની જરૂર અનુભવી રહ્યા છે. એવી લાગણી નવી અને ખુશનુમા હતી, એથી તે પોતાનું માથું ટટ્ટાર રાખી શકતી હતી.

તે ચોપાનિયાં નિયમિત કારખાનાંમાં પહોંચાડતી અને એ કામને પોતાની ફરજ ગણતી. પોલીસો તેના આંટાફેરાથી ટેવાઈ ગયા હતા અને તેની બાબતમાં

ભાગ્યે જ કશી તકેદારી રાખતા. કેટલીય વાર તેની ઝડતી લેવામાં આવી, પરંતુ હંમેશાં ચોપાનિયાં કારખાનાંમાં પહોંચી જાય ત્યાર પછીના દિવસે જ ઝડતી લેવાતી. તેની પાસે ચોપાનિયાં ન હોય ત્યારે ચોકીદારોનાં મનમાં શંકા ઉપજાવવાની ફાવટ તેને આવી ગઈ હતી. તેઓ તેને રોકીને પાકી તલાશી લેતા અને તે કનડગતનો ભોગ બનતી હોવાનો ઢોંગ કરીને દલીલો કરવા લાગતી. તેમને શરમાતા કરી દઈને પોતાની ચતુરાઈ બદલ મનમાં ગર્વ અનુભવતી તે ચાલી જતી. એવા ટીખળમાં તેને ગમ્મત પડતી.

વેસોવશ્ચિકોવને કારખાનામાં ફરી કામ ન મળ્યું. તે લાકડાની લાટીમાં નોકરીએ રહી ગયો અને ડીમચાં, પાટિયાં, તથા બળતણ પહોંચાડવાનું કામ કરવા લાગ્યો. મા તેને લગભગ દરરોજ માલ પહોંચાડવા જતો જોતી. પહેલાં કાળા સુકલકડી ઘોડાની જોડી નજરે પડતી. ભાર ખેંચવાની કોશિશ કરતા ઘોડાઓના પગ ધ્રૂજતા હોય, માથાં થાકથી નીચે નમી ગયાં હોય, અને નિસ્તેજ વેદનાગ્રસ્ત આંખોનાં પોપચાં ઉઘાડબંધ થતાં હોય. તેઓની પાછળ પાછળ લાંબું ભીનું ડીમચું ઘસડાતું હોય અથવા પાટિયાંનો ખડકલો શોર મચાવતો ખેંચાતો હોય. ઘોડાની બાજુમાં નિકોલાઈ હાથમાં લગામ ઢીલી પકડીને ચાલતો હોય.

પગમાં ભારે બૂટ પહેરીને અને ટોપી માથા ઉપર પાછળ દબાવીને ચાલતો મેલોઘેલો ચીંથરેહાલ આદમી જમીનમાંથી ખેંચી કાઢેલા થડિયા જેવો જાડો ને કઢંગો દેખાતો. તે પણ નીચે માથે નજર જમીન ઉપર માંડીને ચાલતો. તેના ઘોડાઓ સામેથી આવતાં ગાડાં કે માણસોની જોડે આંધળાની જેમ ભટકાઈ જતા. આકરા બરાડા અને ખીજની ગાળોનો વંટોળ નિકોલાઈની ઉપર મધમાખીઓના ઝુંડની જેમ ત્રાટકતો. પણ તે ન તો જવાબ દેતો કે ન માથું ઊંચું કરતો, માત્ર તીણી સીટી વગાડીને બબડતો ઘોડાઓને કહેતો: "હેંડો! હેંડો!"

આન્દ્રેઈ કોઈ વિદેશી અખબારનો નવો અંક કે નવું ચોપાનિયું વાંચવા સાથીઓને ભેગા કરે ત્યારે નિકોલાઈ આવીને ખૂણામાં બેસી જતો અને એક કે બે કલાક ધ્યાનથી સાંભળતો. વાંચન પછી જુવાનિયાં ગરમાગરમ ચર્ચાઓમાં ડૂબી જતાં પણ વેસોવશ્ચિકોવ તેમાં કદી ભાગ ન લેતો. તે બેઠો રહેતો અને સૌ ચાલ્યાં જાય પછી આન્દ્રેઈ જોડે એકલો વાત કરતો.

"સૌથી વધારે વાંક કોનો?" તે ઉદાસ ભાવે પૂછતો.

"ગુનેગાર તો પહેલવહેલો 'આ મારું છે!' એમ કહેનારો માણસ જ ગણાય. પણ એ માણસ તો કેટલાય હજાર વરસો અગાઉ મરી ગયેલો, એટલે

તેની ઉપર ખોજે ભરાવાનો કશો અર્થ નથી," ખોખોલે ટોળમાં જવાબ આપ્યો પણ તેની આંખોમાં બેચેની હતી.

"અમીરોનું શું? અને તેમને ટેકો આપનારાઓનું શું?"

ખોખોલ જીવન અને લોકો અંગેની પોતાની જાણકારી સાદી રીતે જણાવવા માટે માથાના વાળમાં અને મૂછો પર હાથ ફેરવતો શબ્દો પસંદ કરવા લાગ્યો. તેના ખ્યાલ મુજબ તો વાંક બધા લોકોનો હતો, પણ નિકોલાઈને એથી સંતોષ ન થતો. તે પોતાના જાડા હોઠ દબાવીને માથું ધુણાવતો અને ઈનકાર બબડવા લાગતો. આખરે તે ગમગીની અને અસંતોષના ભાવ મનમાં લઈને રજા લેતો.

એક દિવસે તેણે કહ્યું: "અમુક ખાસ લોકો જ ગુનેગાર હોવા જોઈએ, અને એવા લોકો અહીંયાં જ મોજૂદ છે. ખેતરમાંથી નીંદણ જેવી રીતે વીણી વીણીને ખોદી કાઢવામાં આવે એવી જ રીતે આપણે જરાય રહેમ બતાવ્યા વગર આપણી આખી જિંદગીને ખોદી નાખવી પડશે!"

"ટાઈમકીપર ઈસાઈએ તમારા લોકોની બાબતમાં એમ જ કહેલું," માને યાદ આવતાં તે બોલી.

"ઈસાઈએ?" વેસોવશ્ચિકોવે જરાક થંભીને પૂછ્યું.

"હા. કાળમુખો આદમી છે. બધે માથું મારતો ને જાતજાતના સવાલો પૂછતો રહે છે. હવે તો આ તરફ આવીને બારીમાંથી ડોકિયાં કરવા લાગ્યો છે."

"બારીમાંથી ડોકિયાં કરવા લાગ્યો છે?" નિકોલાઈ માના જ શબ્દો ફરી બોલ્યો.

મા ખાટલામાં સૂતી સૂતી બોલી રહી હતી એટલે તે નિકોલાઈનો ચહેરો ન જોઈ શકી. પણ ખોખોલના ઉતાવળા બોલ સાંભળીને તેને એવી વાત કરવાની પોતાની ભૂલ સમજાઈ ગઈ. ખોખોલે કહ્યું: "એની પાસે નકામો બરબાદ કરવાનો વખત હોય તો ભલે આવીને ડોકિયાં કરતો રહેતો."

"ના, ઊભો રહે," નિકોલાઈ બોલી ઊઠયો. "એ તો ગુનેગાર લોકોમાંનો જ એક છે."

"એનો શો ગુનો વળી?" ખોખોલ એકદમ બોલ્યો. "મૂરખ છે એ જ ને?"

વેસોવશ્ચિકોવ કંઈ જ બોલ્યા વગર બહાર ચાલ્યો ગયો.

ખોખોલ થાકના ભારે ધીરે ધીરે ઓરડામાં આંટા મારવા લાગ્યો. તેના પાતળા પગ સરસર અવાજ કરી રહ્યા હતા. પેલાગેયાને ખલેલ ન પડે એટલા

માટે તેણે હંમેશની જેમ બૂટ કાઢી નાખ્યા હતા. પણ માને નીંદર હજી નહોતી આવી.

"મને એની ફિકર થાય છે," નિકોલાઇ ગયો એટલે તે ચિંતાતુર અવાજે બોલી.

"હં..." ખોખોલ અવાજ લંબાવતો બોલ્યો. "એના મનના ખ્યાલો સજ્જડ જામી ગયેલા છે. નેનકો, એની હાજરીમાં ફરી વાર ઈસાઇનું નામ ન લેશો. ઈસાઇ તો ખરેખર બાતમીદાર છે."

"એમાં કશી નવાઈ નથી," માએ જવાબ આપ્યો. "એનો ધરમનો બાપ પોલીસ હતો."

"નિકોલાઇ ક્યારેક એનાં હાડકાં ભાંગી નાખવાનો," ખોખોલ આગળ બોલ્યો. તેના અવાજમાં બેચેની હતી. "જોયું ને, સત્તાધારી સજ્જનોએ સાધારણ માણસોનાં દિલોમાં કેવી લાગણી પેદા કરી છે! નિકોલાઇ જેવા માણસોને સમજાઈ જાય કે પોતાને ગેરઈનસાફ થયો છે અને તેમની ધીરજ ખૂટી જાય ત્યારે શું થવાનું? જમીન અને આસમાન લોહીથી તરબોળ બની જશે."

"કાળજું કંપી જાય એવી વાત છે, આન્દ્રેઈ!" મા હળવે અવાજે બોલી.

"માખી ગળીએ નહિ તો ઊલટી ન થાય," આન્દ્રેઈ એક મિનિટ થોભીને બોલ્યો. "પરંતુ માલિકોએ સાધારણ લોકોનાં આંસુના જે મહાસાગરો ભરી દીધા છે તેની અંદર જ માલિકોના લોહીનું દરેકે દરેક ટીપું ભળીને એકરૂપ થઈ જશે." પછી જરાક હળવું હસીને તેણે ઉમેર્યું: "વાત ગમે એવી તો નથી, પણ ખરી છે."

૨૨

એક વાર રવિવારે મા બજારેથી પાછી ફરી અને બારણું ઉઘાડતાં જ ખુશીના આવેગમાં જાણે ઉંબરા સાથે જડાઈ ગઈ—અંદરના ઓરડામાંથી પાવેલનો જોમદાર અવાજ સંભળાઈ રહ્યો હતો.

"મા આવી ગયાં!" ખોખોલ બોલી ઊઠયો.

પાવેલ એકદમ મા તરફ ફર્યો અને તેનો ચહેરો ચમકી ઊઠયો. એથી માના દિલમાં જાણે આશા આકાંક્ષાઓ ઝગમગી ઊઠી.

"આવી ગયો, બેટા!" મા તોતડાતી જીભે બોલતી બેસી ગઈ. પાવેલના અણધાર્યા આગમનથી તેના દિલમાં લાગણીનાં મોજાં ઊછળવા લાગ્યાં હતાં.

પાવેલે પોતાનો નિસ્તેજ ચહેરો માની ઉપર નમાવ્યો. તેના હોઠ કંપી રહ્યા હતા અને તેની આંખોને ખૂણે અશ્રુબિંદુઓ ચમકી રહ્યાં હતાં. એક પળ તે કશું ન બોલ્યો, મા પણ ચુપચાપ તેને નીરખતી રહી.

ખોખોલ બેઉને એકલાં મૂકીને હળવેથી સીટી વગાડતો આંગણમાં ચાલ્યો ગયો.

"આભાર, મા!" પાવેલ ધ્રૂજતી આંગળીઓ વડે માનો હાથ દબાવતો મૃદુ અવાજે બોલ્યો. "કેવું ભારે અહેસાન તારું, મારી જનેતા!"

દીકરાના મોં પર એવા ભાવ જોઈને અને અવાજમાં એવી મૃદુતા સાંભળીને ખુશીનો જુવાળ અનુભવતી મા હૈયાના નિરંકુશ ધબકારાને કાબૂમાં આણીને સ્વસ્થ બનવાની કોશિશ કરવા લાગી.

"ઈશ્વર તને સુખી રાખે! પણ શાનું અહેસાન?" મા બોલી.

"અમારા મહાન કાર્યમાં તારી મદદનું અહેસાન, મા! આભાર, ખૂબ આભાર!" પાવેલ ફરી બોલ્યો. "ઇન્સાન એમ કહી શકે કે પોતાનો આત્મા અને પોતાની માનો આત્મા એકરૂપ છે—એવા સુખની ઘડી વિરલ હોય છે."

મા ચુપચાપ ઊભી રહીને દીકરાનાં વેણનું અમૃત પીતી રહી, સામે ઊભેલા આવા મઝાના ને આવા પ્યારા દીકરાનું ગૌરવ મનમાં અનુભવતી રહી.

"મા, મને સમજાય છે કે તારે માટે એ કામ કેટલું દુષ્કર બન્યું હશે, એમાંથી કેટલું બધું તને અણગમતું લાગ્યું હશે. મને તો એમ હતું કે તું અમને કદી અપનાવી નહિ શકે, અમારા વિચારો કદી તારા વિચારો નહિ બને, તું તો આખી જિંદગી તેં સહન કર્યું છે એમ ચુપચાપ સહન કરતી જ રહેશે. એવી હાલત મારે માટે બેહદ કઠિન હતી..."

"મને આન્દ્રેઈએ ઘણું ઘણું સમજવામાં મદદ કરી," મા બોલી.

"એણે મને વાત કરી," પાવેલ હસીને બોલ્યો.

"યેગોરે પણ મદદ કરેલી. અમે બેઉ એક જ શહેરનાં છીએ. આન્દ્રેઈની મુરાદ તો મને વાંચતાં પણ શીખવવાની હતી."

"પણ તને શરમ આવતી એટલે તેં છાની રીતે શીખવાનું શરૂ કરી દીધું, ખરું ને?"

"તો એને ખ્યાલ આવી ગયેલો!" મા અચરજના ભાવે બોલી. હૈયામાં ઊછળતાં ખુશીનાં મોજાંને લીધે તે બેચેન બની ગઈ. "એને અંદર બોલાવી લઈએ. એ તો આપણને એકલાં મળવા દેવા જાણી જોઈને બહાર ચાલ્યો ગયો છે. એને બિચારાને મા નથી."

"આન્દ્રેઈ!" પાવેલે આંગણનું બારણું ખોલતાં સાદ પાડ્યો. "ક્યાં ગયો?"

"આ રહ્યો, અહીંયા. થોડાંક લાકડાં ફાડીને હમણાં આવું છું."

"જરા આવ તો, હમણાં જ!"

આન્દ્રેઈ તરત જ ન આવ્યો, અને આવ્યો ત્યારે પણ એકદમ ઘરના કામકાજની વાત કરવા લાગ્યો.

"નિકોલાઈને થોડાંક લાકડાં પહોંચાડવાનું કહેવું પડશે. હવે ખાસ બચ્યાં નથી. નેનકો, તમારા પાવેલની કાયા તો જુઓ જરાક! સરકાર બળવાખોરોને સજા કરવાને બદલે જાણે ખવડાવી પિવડાવીને તાજામાજા બનાવતી હોય એમ લાગે છે!"

મા હસી પડી. તેને હજી ખુશાલીનો કેફ ચડેલો હતો. તેના હૈયામાં મીઠી મમતાના જોરદાર ધબકારા થઈ રહ્યા હતા. પરંતુ શિષ્ટતા અને ઔચિત્ય જાળવવાની ભાવનાને લીધે તે દીકરાને હંમેશની જેમ સ્વસ્થ જોવા આતુર બની ગઈ. જીવન જાણે અદ્‌ભુત બની ગયું હતું, અને મા પોતાની જિંદગીના એ પ્રથમ પરમ સુખને એ ઘડી જેટલા જ પ્રબળ અને ચેતનમય રૂપમાં સદાકાળ હૈયે સંઘરી રાખવા માગતી હતી. તેને બીક લાગી કે આ સુખમાં ક્યાંક ઓટ ન આવી જાય, એટલે તે સુખની ઘડીને જાણે બાંધી રાખવા આતુર બની ગઈ, પંખીઓના શોખીન આદમીને અણધાર્યું જ કોઈ વિરલ પંખી સાંપડી જતાં તેને ઝટ પાંજરામાં પૂરી દેવા એ જેવી રીતે તલપાપડ બની જાય એવી જ રીતે માનું દિલ પોતાના સુખને પાંજરામાં પૂરી દેવા ઝંખી રહ્યું.

"ચાલો જમી લઈએ. તેં ખાધું તો નહિ હોય, ખરું ને, પાશા?" ભાવાવેગમાં આમતેમ હલચલ કરતી મા બોલી.

"ના. કાલે જેલરે ખબર આપી કે મને આજે છોડી મૂકવાના છે. ત્યાર પછી ખાવા પીવાનું કશું મારે ગળે ઊતર્યું જ નહિ."

"જેલમાંથી બહાર નીકળ્યા પછી સૌપ્રથમ મને સિઝોવ મળી ગયા," પાવેલ આગળ બોલ્યો. "મને જોતાં જ તે રસ્તો પાર કરીને મારી પાસે આવ્યા અને ખબરઅંતર પૂછવા લાગ્યા. મેં એમને કહ્યું કે સાવચેતી રાખજો, આજકાલ હું જોખમી માણસ છું, મારી ઉપર પોલીસનો જાપતો છે. એમણે કહ્યું કે પરવા નહિ, અને પછી મને એમના ભત્રીજા વિશે સવાલો કરવા લાગ્યા. પૂછ્યું કે જેલમાં ફ્યોદોરનું વર્તન બરાબર છે કે નહિ. મેં જવાબમાં સામો સવાલ કર્યો કે જેલમાં વળી બરાબર વર્તન કેવું હોય? એમણે કહ્યું કે પોતાના સાથીઓની

વિરુદ્ધ ચાડિયાગીરી ન કરતો હોય તો બસ. મેં વાત કરી કે ફ્યોદોર તો મઝાનો ઈમાનદાર ને હોશિયાર આદમી છે ત્યારે એમણે દાઢી ઉપર હાથ ફેરવતાં ગર્વના ભાવે કહ્યું: "અમારા સિઝોવ પરિવારમાં હલકટ આદમી કોઈ નથી."

"બુઢ્ઢા બાબાને ભેજું તો છે," ખોખોલ બોલ્યો. "મારે એમની જોડે ઘણી વાતો થઈ. મઝાના આદમી છે. ફ્યોદોરને છોડશે?"

"મને તો લાગે છે કે બધાને છોડી મૂકશે. કેદીઓની વિરુદ્ધ ઈસાઇની વાતો સિવાય તો બીજું કશું જ નથી, અને એની વાતોમાં તે શું હોય!"

મા દીકરા ઉપરથી નજર હઠાવ્યા વગર આમતેમ આંટાફેરા કરી રહી હતી. આન્દ્રેઈ બેઉ હાથ પીઠ પાછળ એકબીજામાં પરોવીને બારી પાસે ઊભો ઊભો પાવેલની વાત સાંભળતો હતો. પાવેલ ભોંયપટ ઉપર આંટા મારી રહ્યો હતો. તેણે દાઢી રાખી હતી અને ગાલ ઉપર રચાઈ ગયેલાં ઘેરા વાળનાં નાનકડાં વાંકડિયાં ગોળ ગોળ ગૂંચળાં તેના ચહેરાના ઘેરા વાનને કુમાશ બક્ષતાં હતાં.

"ચાલો, બેસી જાઓ," મા જમવાનું લાવીને બોલી.

જમતાં જમતાં આન્દ્રેઈએ પાવેલને રીબિનની વાત કરી.

"હું ઘેર હોત તો એને જવા ન દેત," પાવેલ વાત સાંભળીને દિલગીરીના ભાવે બોલ્યો. "એ ગયો તે શું લઈને? ગોટાળે ચડી ગયેલું ભેજું અને પુષ્કળ કડવાશ."

"એ તો ઠીક, પણ માણસ ચાળીસ વરસનો થઈ ગયો હોય અને એણે મોટા ભાગની જિંદગી દિમાગની અંદર રીંછ જોડે કુસ્તી લડવામાં ગાળી હોય તો એને પલટાવવાનું કામ તો મુશ્કેલ જ ગણાય," ખોખોલે હસીને કહ્યું.

પછી એવી દલીલો શરૂ થઈ ગઈ કે જેમાંના મોટા ભાગના શબ્દો માને સમજાય એવા નહોતા. ખાવાનું પતી ગયું, પણ બેઉ જણ મોટા મોટા ભારેખમ શબ્દો એકબીજાની સામે ફંગોળતા જ રહ્યા. તેઓ ક્યારેક ક્યારેક સાદી ભાષામાં પણ બોલતા.

"આપણે આગેકૂચ ચાલુ રાખવાની છે, એક કદમ પણ પાછળ હઠવાનું નથી," પાવેલ મક્કમ અવાજે બોલ્યો.

"અને આપણને દુશ્મન ગણતા કરોડો લોકોની સામે અથડાઈ પડવું, ખરું ને?"

દલીલો સાંભળતાં માને લાગ્યું કે પાવેલને કિસાનોની મુદ્દલ પરવા નહોતી પણ ખોખોલ તેમની તરફેણ કરતો હતો અને સાબિત કરવાની કોશિશ કરતો હતો કે ખેડૂતોને પણ ખરો માર્ગ બતાવવાનું આવશ્યક છે. તેને આન્દ્રેઈની

વાત વધારે સમજાતી અને ખરી લાગતી, પણ પાવેલની સામે આન્દ્રેઈની દરેક દલીલ સાંભળીને તે ઉત્તેજિત તથા સાવચેત બની જતી અને ખોખોલે દીકરાને દુભવ્યો ન હોય તેની ખાતરી મેળવવા અદ્ધર શ્વાસે દીકરાના જવાબની વાટ જોવા લાગતી. પણ તેઓ તો માઠું લગાડયા વગર એકબીજાની સામે ઘાંટા પાડીને દલીલો કરતા રહ્યા.

"ખરેખર એમ છે, પાવેલ?" મા ક્યારેક દીકરાને પૂછી લેતી.

"હા, મા," પાવેલ હસીને જવાબ આપતો.

"સજ્જનો," ખોખોલ અવાજમાં બંધુભાવી વ્યંગ ભરીને બોલ્યો, "આપે લહેજતદાર ભોજન તો આરોગી લીધું, પણ ચાવ્યું બરાબર નથી. કશુંક ગળે અટકી ગયું છે, એટલે બે ઘૂંટડા પી લો તો સારું!"

"બહુ રમૂજ પડે છે, નહિ?" પાવેલ બોલ્યો.

"જાણે મૈયતની મિજબાની!"

મા માથું હલાવતી હળવે હળવે હસવા લાગી...

૨૩

વસંત આવી, હિમના થર ઓગળી ગયા, કાદવકીચડના ગંજ ઉઘાડા થવા લાગ્યા. દિવસે દિવસે કીચડ વધતો ગયો અને આખો વિસ્તાર કાદવિયો ને ગંદો દેખાવા લાગ્યો. દિવસે છાપરાં ઉપરથી પાણી ટપકતું રહેતું, અને ઘરોની ભીંતોમાંથી પરસેવાની જેમ ભેજ ફૂટી નીકળતો હતો. રાતે જળબિંદુઓ જામીને બરફ બની જતાં અને એ ધવલ તુષારકણિકાઓ ચમકતી રહેતી. આસમાનમાંથી રેલાતા સૂર્યપ્રકાશનો સમય લંબાતો જતો હતો, અને ભેજદાર જમીન તરફ વહેતાં ઝરણાંનો ખળખળ ધ્વનિ સ્પષ્ટ સંભળાતો હતો.

મે-દિન ઊજવવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ.

તેનું મહત્ત્વ સમજાવતાં ચોપાનિયાં આખા કારખાનામાં અને વાસમાં વહેંચવામાં આવ્યાં. પ્રચારની અસરથી મુક્ત તરુણો પણ ચોપાનિયાં વાંચીને કહેવા લાગ્યા કે "મે-દિનની તૈયારીઓ તો કરવી જ પડશે."

"વેળા ક્યારની પાકી ગઈ છે!" વેસોવશ્ચિકોવે ગમગીન સ્મિત કરતાં કહ્યું, "સંતાકૂકડીની રમત બહુ રમી લીધી!"

ફ્યોદોર માઝિન ખૂબ જુસ્સામાં હતો. તે ઘણો સુકાઈ ગયો હતો અને તેની વાણી તથા હલનચલનમાં પાંજરામાં પુરાયેલા પંખી જેવી બેચેનીની

ધ્રૂજારી વરતાતી હતી. ઓછાબોલો અને નાની ઉંમરે વધારે પડતો ગંભીર બની ગયેલો યાકોવ સોમોવ હંમેશાં ફ્યોદોરના સંગાથમાં નજરે પડતો. યાકોવને શહેરમાં કામ મળી ગયું હતું. જેલની જિંદગી દરમિયાન સામોઇલોવના વાળનો બદામી રંગ ઘેરો બની ગયો હતો. તેણે અને વસીલી ગૂસેવ, બૂકિન, દ્રાગુનોવ, તેમ જ બીજા થોડાક માણસોએ હથિયારબંધ દેખાવ કરવાની માગણી ભારપૂર્વક રજૂ કરી પરંતુ પાવેલ, ખોખોલ, સોમોવ, અને બીજા કેટલાક માણસોએ તેનો વિરોધ કર્યો.

હંમેશની જેમ જ થાકેલા, શ્વાસની તકલીફ વેઠતા, અને પરસેવો ટપકાવતા યેગોરે તેમની દલીલોને મજાકમાં પલટાવી નાખી.

"બિરાદરો, વર્તમાન સામાજિક પદ્ધતિને પલટાવી નાખવાની આપણી જહેમતો ખરેખર ઉમદા છે, પરંતુ ઝડપી સફળતા હાંસલ કરવા માટે મારી સારુ બૂટની નવી જોડી ખરીદવાનું તદ્દન આવશ્યક છે," કહેતાં તેણે પોતાના ભીના ને ફાટેલા બૂટ તરફ આંગળી ચીંધી. "મારા ગમબૂટની હાલત પણ હવે તો મરામત સામે બળવો પોકારે છે અને મારા પગ દરરોજ ભીંજાઈ જાય છે. આપણે પુરાણા સમાજને જાહેર અને અડગ રીતે તિલાંજલિ ન આપી દઈએ ત્યાં સુધી ધરતીના પેટાળમાં સમાઈ જવા હું બિલકુલ તૈયાર નથી, એટલે હથિયારબંધ દેખાવ કરવાના બિરાદર સામોઇલોવના સૂચનને હું નકારી કાઢું છું, તેને બદલે મારું સૂચન પેશ કરું છું કે મને તત્કાળ બૂટની નવી જોડી અપાવવામાં આવે. મને પાકી ખાતરી છે કે સમાજવાદની ફતેહને ઝડપી બનાવવામાં એવું કામ ભારે જોરદાર મારામારીના કદમ કરતાંયે વધારે મોટી ભૂમિકા ભજવશે."

એવી જ દમામદાર વાણીમાં તેણે કામદારોને જણાવ્યું કે બીજા દેશોના લોકો જિંદગી આસાન બનાવવા સારુ કેવી રીતે સંઘર્ષ લડી રહ્યા છે. માને તેનાં ભાષણો સાંભળવાનું ગમતું, એથી તેના મનમાં અજબ છાપ પડતી. તેને લાગતું કે જનતા જોડે વારંવાર દગાખોરી અને નિર્દય વર્તન કરનારા તેના બેહદ ખારીલા દુશ્મનો તો જાડિયા ને રાતાં ડાચાંવાળા બેઈમાન, લાલચુ, ખંધા, અને ક્રૂર ઠીંગણા માણસો હોય છે. જ્યારે ખુદ તેમની ઉપર જ દેશના રાજાની ખફગી ઊતરે ત્યારે તેઓ જનતાને રાજાની વિરુદ્ધ ઉશ્કેરે, અને લોકો રાજાની સત્તા ઉથલાવી પાડે ત્યારે એ ઠીંગણા આદમીઓ છળકપટથી સત્તા કબજે કરી લે અને લોકોને પાછા ઝૂંપડાંની અંદર ધકેલી દે, અથવા લોકો સામનો કરે તો હજારો માણસોને મોતના ખપ્પરમાં હોમી દે.

યેગોરનાં ભાષણોથી પોતાની કલ્પનામાં રચાઈ જતું ચિત્ર માએ એક વાર હિંમત કરીને તેને વર્ણવી બતાવ્યું.

"યેગોર ઇવાનોવિચ, મારી ધારણા ખરી છે કે ખોટી?" તેણે સંકોચ અનુભવતાં હસીને પૂછ્યું.

યેગોર ખડખડાટ હસી પડયો, તેના ડોળા હલવા લાગ્યા, અને તે શ્વાસ લેવાની કોશિશ કરતો છાતીએ હાથ ફેરવવા લાગ્યો.

"બરાબર એમ જ થાય છે, મા! તમે તો ઇતિહાસનો મર્મ પકડી પાડયો! ભૂમિકામાં ક્યાંક થોડીક સાજસજાવટ અને ક્યાંક થોડુંક નકશીકામ છે ખરું, પણ હકીકતો બધી બરાબર પોતપોતાની જગ્યાએ જ છે! એવા જાડિયા ઠીંગણા માણસો જ એક નંબરના પાપિયા હોય છે, જનતાને ભોગે જીવતાં બેહદ ઝેરી પરજીવી જીવડાં હોય છે. ફ્રેંચ ભાષામાં એવા માણસોને 'બુઝ્ર્વા' કહે છે, યાદ રાખવા જેવો શબ્દ છે, મા! તેઓ આપણા ભોગે જીવે છે, જીવે છે ને શોષણ કરે છે..."

"એટલે અમીરો, ખરું ને?" માએ પૂછ્યું.

"હા, અમીરો. અને અમીરી જ એ લોકોની કમનસીબી છે. નાનકડા બચ્ચાના ખોરાકમાં ત્રાંબું મિલાવતા રહીએ તો એનાં હાડકાં વધતાં અટકી જાય અને બાળક વામણું રહી જાય, અને માણસને સોનાનું ઝેર આપવા માંડીએ તો એનો આત્મા ગૂંગળાઈ જાય — પાંચ કોપેકમાં મળતા રબ્બરના દડા જેવો ટચૂકડો ને બેરંગ ને ચેતનહીન રહી જાય."

એક વાર યેગોરની વાત નીકળતાં પાવેલ બોલ્યો: "આન્દ્રેઇ, ખરું પૂછો તો સૌથી વધારે મજાક મશ્કરી કરનારા માણસોનાં હૈયાંમાં સૌથી વધારે પીડા ભરેલી હોય."

ખોખોલે જવાબ આપતાં પહેલાં જરાક થંભીને આંખો સંકોડી.

"તારી વાત ખરી હોય તો આખું રશિયા હસી હસીને મરી જ જાય."

નાતાશા આવી. તે પણ બીજા શહેરમાં જેલ ભોગવીને આવી હતી. જેલના અનુભવથી તેનામાં કશો ફેર પડયો હોય એમ નહોતું લાગતું. માના ધ્યાનમાં આવી ગયું કે નાતાશાની હાજરીમાં ખોખોલ રંગમાં આવી જાય છે, ટોળટપ્પા કરવા લાગે છે અને સૌની રમૂજ ઉડાડતો રહે છે, પણ નાતાશા ચાલી જાય પછી શોકમય સૂરે સીટી વગાડવા અને નિરાશ મોંએ ઓરડામાં આંટા મારવા લાગે છે.

સાશા ઘણી વાર ડોકિયું કરી જતી. હંમેશાં તેનાં ભવાં સંકોચાયેલાં હોય

અને તે ભારે ઉતાવળમાં હોય. કોણ જાણે કેમ પણ તે દિવસે દિવસે વધારે ચિડકણી ને અતડી બનતી જતી હતી.

એક વાર પાવેલ તેને વળાવવા બહાર ગયો ત્યારે બારણું વાસવાનું ભૂલી ગયો, એટલે બેઉની ઉતાવળી વાતચીત માને કાને પડી ગઈ.

"ઝંડો તો તમારા હાથમાં જ રાખવાના છો, ખરું ને?" બાળાએ ધીમા અવાજે પૂછ્યું.

"હા."

"ફેંસલો આખરી છે?"

"હા. એ તો મારો હક ને ગૌરવ છે."

"એટલે પાછા જેલમાં?"

પાવેલે જવાબ ન આપ્યો.

"તમે ઝંડો..." બાળા બોલતી અધવચ્ચે અટકી ગઈ.

"શું?"

"બીજા કોઈને લેવા દો તો?"

"ના," પાવેલ મક્કમ અવાજે બોલ્યો.

"વિચાર કરી જુઓ. તમારી અસર ખૂબ છે. સૌને તમે ગમો છો. તમે ને આન્દ્રેઈ સૌથી મોખરે છો. જરાક વિચાર કરો કે તમે અહીંયાં કેટલી બધી સરસ કામગીરી કરી શકો એમ છો! પણ ઝંડો હાથમાં રાખશો તો તમને હદપાર કરી દેશે, ખૂબ દૂર મોકલી દેશે, અને વળી બહુ લાંબા વખત માટે."

માને બાળાના અવાજમાં આશંકા અને તલસાટની પરિચિત લાગણીઓ પરખાઈ ગઈ. સાશાના બોલ સાંભળતાં તેને જાણે હૈયા ઉપર બરફના પાણીનાં ટીપાં પડતાં હોય એમ લાગ્યું.

"મેં ફેંસલો કરી લીધો છે," પાવેલ બોલ્યો, "તેને કોઈ પણ કારણસર બદલવા હું તૈયાર નથી."

"હું કહું તોયે નહિ?"

એકાએક પાવેલનો અવાજ વેગીલો ને તોછડો બની ગયો.

"તમારાથી એમ કહેવાય જ નહિ! એવું કહેનારા તમે કોણ? કદી ન જ કહેવાય!"

"હું આખર તો ઇન્સાન છું," બાળા ધીમા અવાજે બોલી.

"ખરેખર સરસ ઇન્સાન છો," પાવેલ એટલા જ ધીમા અવાજે બોલ્યો, પણ તેનો કંઠ જાણે રૂંધાતો હોય એમ લાગતું હતું. "મને ખૂબ વહાલાં ઇન્સાન છો. એટલે જ... એટલે જ... તમારાથી એમ ન કહેવાય."

"આવજો!" બાળા બોલી.

એડીનો વેગીલો ટપટપાટ સંભળાતાં મા સમજી ગઈ કે બાળા ઝડપથી ચાલી ગઈ છે, લગભગ દોડતી રવાના થઈ ગઈ છે. પાવેલ આંગણમાં તેની પાછળ પાછળ ગયો.

માનું દિલ બીકથી જાણે સંકોચાઈ ગયું. બેઉ જણની વાતચીત તેને પૂરી નહોતી સમજાઈ, પણ એટલો અણસારો તો આવી ગયો હતો કે કોઈ ભારે આફત આવવાની છે.

"પાવેલે શું કરવા ધાર્યું હશે?" તેના મનમાં સવાલ ઊઠયો.

પાવેલ પાછો આવ્યો ત્યારે આન્દ્રેઈ ભેગો હતો.

"ઈસાઈ! ઈસાઈ! એનું તે કરવું શું હવે?" ખોખોલ માથું હલાવતો બોલ્યો.

"એને ચેતવણી આપવી પડશે કે કાળાં કામાં બંધ કરી દે," પાવેલ ભવાં સંકોડતો બોલ્યો.

"પાવેલ, તું શું કરવાનો છે?" માએ માથું નીચે ઢાળીને સવાલ કર્યો.

"ક્યારે? હમણાં?"

"ના, મેની પહેલી તારીખે."

"મે-દિને?" પાવેલ અવાજ ધીમો કરતો બોલ્યો. "હું હાથમાં ઝંડો લઈને કતારને મોખરે ચાલવાનો છું. કદાચ પાછો જેલ ભેગો કરી દેશે."

માની આંખોમાં બળતરા ઊપડી અને તેનું ગળું જાણે સુકાઈ ગયું. પાવેલ માના હાથ ઉપર હાથ ફેરવતો બોલ્યો:

"મા, એમ કરવું જ પડશે, સમજવાની કોશિશ કર!"

"હું તો કશું નથી બોલી," માએ ધીરે ધીરે માથું ઊંચું કરતાં જવાબ આપ્યો, પણ દીકરાની આંખોમાં મક્કમ નિર્ધારનો ચમકારો જોઈને તેણે માથું ફરી પાછું નીચે ઢાળી દીધું.

પાવેલે નિસાસો નાખીને માનો હાથ છોડી દીધો.

"તને તો દુ:ખને બદલે ખુશી થવી જોઈએ," તેણે ઠપકાના ભાવે કહ્યું. "બેટાઓ મોતને ભેટવા જાય ત્યારે હસતે મોંએ વિદાય આપે એવી માતાઓ ક્યારે થશે?

"વાહ!" ખોખોલના હોઠ ફફડયા. "પધાર્યા મોટા સંત, વાણી ઉપદેશની વેરતા..."

"હું તો કશું નથી બોલી, બોલી છું?" માએ ફરી વાર કહ્યું. "હું તારા માર્ગમાં આડી નહિ આવું. પણ મને દુઃખ તો લાગે જ છે. આખર તારી મા છું ને..."

પાવેલ માથી અળગો ખસી ગયો. તેના આગલા શબ્દો માને કારમા ડંખ જેવા લાગ્યા.

"માણસની જિંદગીમાં દખલ કરે એવું વહાલ પણ હોય છે."

"પાશા, વધુ ન બોલ," કહેતાં માનું અંગેઅંગ કંપી ઊઠ્યું. તેને બીક લાગી કે દીકરો દિલ વધારે દુભાવે એવું કશુંક બોલી નાખશે. "હું સમજું છું... તારાથી એમ કર્યા વગર નહિ રહેવાય... તારા સાથીઓ ખાતર..."

"ના, તેમને ખાતર નહિ, મારે પોતાને ખાતર," પાવેલે સુધારો કર્યો.

આન્દ્રેઈ બારણે ઊભો હતો. નીચા બારણામાં ઊભા રહેતાં તેના ગોઠણ અજબ રીતે વળી ગયા હતા, એક ખભો બારસાખને ટેકે ગોઠવેલો હતો, અને માથું તથા બીજો ખભો આગળ ધસી આવેલાં હતાં.

"હવે વધારે ડહાપણ ડહોળવું રહેવા દો તો સારું, સજ્જન," તેણે પોતાની મોટી મોટી આંખો પાવેલના ચહેરા ઉપર ઠેરવીને કહ્યું. તે જાણે ખડકની તિરાડમાં ઊભેલા કાકીડા જેવો દેખાતો હતો.

મા રડું રડું થઈ ગઈ હતી.

"અરે, હું તો ભૂલી જ ગઈ..." કહેતી તે ઉતાવળી બહાર ચાલી ગઈ. તે દીકરાની સામે રડવા નહોતી માગતી. બહાર નીકળતાં જ એક ખૂણામાં ભરાઈને મૂંગાં ડૂસકાં ભરવાં લાગી. આંખોમાંથી વહેતાં આંસુ ભેગું જાણે હૈયાનું લોહી વહી રહ્યું હોય એમ એ રુદન તેનું ચેતન હરી લેતું હતું.

અંદર હળવા અવાજે ચાલતી દલીલો અધખુલ્લા બારણા વાટેથી તેને કાને પડી.

"આ શું માંડ્યું છે? માનું દિલ દુભાવવામાં તને મઝા પડે છે કે શું?" ખોખોલે સવાલ કર્યો.

"તને આમ કહેવાનો મુદ્દલ અધિકાર નથી!" પાવેલ બોલી ઊઠ્યો.

"તું ગધેડાઈ કરે અને હું મૂંગો મૂંગો જોયા કરું તો તો ખરો દોસ્ત ગણાઉં! આવું બધું બોલવાની શી જરૂર હતી? કંઈ સમજણ છે કે નહિ?"

"મક્કમ રહેવું જ પડે, 'હા' કે 'ના' કહેવાની બીક રાખવાથી કામ ન ચાલે."

"માને?"

"કોઈને પણ. મારા પગે વળગીને મને જકડી રાખે એવા વહાલ કે દોસ્તીની મને જરૂર નથી..."

"ખરો બહાદુર! જઈને નાક લૂછી આવ! આ બધું સાશાને કહેજે, કહેવાનું તો એને છે."

"કહી દીધું છે."

"અરે ના, નથી કીધું! એની જોડે તો બહુ નરમાશથી ને વહાલથી વાત કરેલી. મેં વાતચીત સાંભળી નહોતી પણ તોયે મને ખાતરી છે. અને અહીંયાં માની સામે મોટો બહાદુર બની ગયો! પણ તારી બહાદુરીની તો દમડી જેટલીયે કિંમત નથી, બરાબર સમજી લે!"

પેલાગેયાએ ઝટ ઝટ આંસુ લૂછી નાખ્યાં. ખોખોલ ક્યાંક બહુ આકરાં વેણ બોલી નાખે એવી બીકે તે એકદમ બારણું ખોલતી રસોડામાં દાખલ થઈ.

"ઠરી જ ગઈ, કેવી સખત ટાઢ!" તે જોરથી બોલી. તેના અવાજમાં ભય અને વેદનાની ધ્રુજારી હતી. "આ તે કેવી વસંત!"

તે ચીજોને અકારણ એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવાતી જાણે ઓરડાની વાતચીતના અવાજને આવરી લેવા માગતી હોય એમ ખખડાટ કરવા લાગી અને વધારે મોટેથી બોલી:

"બધુંય પલટાઈ ગયું છે, લોકોનાં માથાં વધારે ગરમ થઈ ગયાં છે ને ટાઢ વધી ગઈ છે. અગાઉ તો આ દિવસોમાં ગરમી થઈ જતી, આસમાન સાફ રહેતું ને સૂરજ નીકળતો..."

ઓરડાની વાતચીત બંધ થઈ ગઈ. મા રસોડાની વચ્ચોવચ કાન માંડીને ઊભી રહી.

"સંભળાય છે?" ખોખોલ હળવા અવાજે બોલ્યો. "જરાક તો સમજ, મૂરખ ક્યાંનો! એનામાં તારા કરતાં વધારે હિંમત છે!"

"ચા બનાવું?" માએ કંપતા અવાજે પૂછ્યું. જાણે ધ્રુજારીનો ખુલાસો કરતી હોય એમ તે આગળ બોલી: "અરે, હું તો ટાઢમાં સાવ ઠરી જ ગઈ!"

પાવેલ ધીમાં ડગલાં ભરતો માની પાસે ગયો. તેનું માથું નમેલું હતું અને તેના મલકાટમાં વાંકનો ભાવ ભારોભાર ભરેલો હતો.

"મા, માફ કરી દે, હું તો હજી નાનો છું, અને મૂરખ."

"રહેવા દે, બેટા!" મા બોલી ઊઠી. તેના અવાજમાં વેદના છલકાતી હતી. તેણે દીકરાનું માથું છાતી સરસું ચાંપી દીધું. "કંઈ બોલતો નહિ! ઈશ્વર તારી ઉપર દયા કરે—તારી જિંદગી તારી પોતાની છે, તને મરજી પડે એમ

કર! પણ મારું દિલ ન દુભાવ! માનું દિલ તે કંઈ વહાલ કર્યા વગર રહેતું હશે? માને તો વહાલ થાય જ. મને તો તમે સૌ વહાલાં છો. અને તમે છોયે એવાં કે વહાલાં લાગો જ. હું તમને વહાલ ન કરું તો બીજું કોણ કરવાનું છે? તમે ચાલ્યાં જશો ને તમારે પગલે પગલે બીજા આવશે—બધું છોડી દઈને. પાશા! બેટા!"

તેની છાતીમાં હેતનો પ્રચંડ જુવાળ ઉછાળા મારવા લાગ્યો. તેના હૈયામાં વેદનાકારી ખુશીનો તરવરાટ પેદા થયો. એવો ભાવ વ્યક્ત કરવા તેને શબ્દો ન મળ્યા. તેણે અસ્ફુટ વ્યથાની હાલતમાં ઊંડી તીવ્ર વેદનાથી ચળકતી આંખો દીકરાની ઉપર માંડી.

"મા, માફ કરી દે, હવે મને બધું સમજાય છે, કદી નહિ ભૂલું, વચન આપું છું..." શરમ અને ખુશીના મિશ્રિત ભાવે તે બીજી તરફ ફરી ગયો.

મા તેને મૂકીને બીજા ઓરડાના બારણા પાસે ગઈ.

"આન્દ્રેઈ, એને વઢતા નહિ, તમે તો મોટા છો," તે નરમાશભરી આજીજીના ભાવે બોલી.

"અરે, વઢીશ તો ખરો જ, અને ભેગો ઢીબીને એની સાન ઠેકાણે લાવીશ!" આન્દ્રેઈ માની તરફ ફર્યા વગર જ બોલી ઊઠયો.

માએ નજીક જઈને તેનો હાથ પોતાના હાથમાં લીધો.

"તમે તો કેવા ભલા ઇન્સાન..."

આન્દ્રેઈ એકદમ ફરી જઈને સડસડાટ રસોડામાં ગયો. તેણે હાથ પીઠ પાછળ રાખેલા હતા અને તેનું માથું હલ્લો કરતા આખલાની જેમ નમેલું હતું. માને ભયંકર ઉપહાસથી રણકતો તેનો અવાજ સંભળાયો.

"પાવેલ, તારું માથું ફોડી નાખું તે પહેલાં રવાના થઈ જા! નેનકો, ખરું માની લેતાં નહિ, હું તો મજાક કરું છું. લો, સમોવાર પેટાવી આપું, પણ કોલસાયે કેવા છે— એકદમ ભીના!"

પછી તે ચુપ થઈ ગયો. મા રસોડામાં ગઈ ત્યારે તે સમોવારમાં ફૂંક મારી રહ્યો હતો.

"ગભરાતાં નહિ, હું એને હાથેય અડાડવાનો નથી!" તે માથું ઊંચું કર્યા વગર જ બોલ્યો. "મારું મન તો બાફેલા સાકરિયા જેવું નરમ છે! વળી મને—બરાબર સાંભળી લેજે, ઓ શૂરા!—વળી મને એ ખરેખર બહુ વહાલો છે. પણ એનું જાકીટ મને નથી ગમતું. નવું જાકીટ છે, અને એને લાગે છે કે બહુ રૂપાળું છે, એટલે ફાંદ કાઢીને ફરતો રહે છે અને દરેકની જોડે ભટકાતો બણગાં

ફૂંકે છે કે 'જોયું મારું નવું જાકીટ, કેવું મઝાનું છે!' નવું જાકીટ ભલે પહેરતો, પણ બધાયની જોડે ભટકાવાની શી જરૂર છે? આમેય લોકોથી છટકવાનું ભારે મુશ્કેલ બની ગયું છે!"

"આ પંચાત હવે ક્યાં સુધી ચાલુ રાખવી છે?" પાવેલ લૂખું હસતો બોલ્યો. "તેં એક વાર મને ધધડાવી તો નાખ્યો, હવે હિસાબ પતી ગયો કહેવાય."

ખોખોલે સમોવારની બેઉ બાજુએ પગ લંબાવીને ભોંયપટ પરથી પાવેલની ઉપર નજર નાખી. મા તેના માથા ઉપર હેતભરી નજર માંડીને બારણામાં ઊભી હતી. ખોખોલે હાથને ટેકે કાયા વાળીને મા અને દીકરાની ઉપર નજર ફેરવી. તેની આંખોમાં એકાએક ઝળઝળિયાં આવી ગયાં.

"મઝાનાં છો, મા ને દીકરો," તે આંખો પલકાવતો બોલ્યો.

પાવેલે નીચે નમીને ખોખોલનો હાથ પકડી લીધો.

"ખેંચતો નહિ," ખોખોલ બોલ્યો. "ખેંચીશ તો હું પડી જવાનો."

"અચકાઓ છો શાના?" મા બોલી. "ભેટી લો એકબીજાને, બરાબર જોરથી, અને બચીઓ ભરો!"

"તૈયાર?" પાવેલે ખોખોલને સવાલ કર્યો.

"આવી જા," ખોખોલ ઊભો થતો બોલ્યો.

બેઉ એકબીજાને ખૂબ હેતથી ભેટી પડયા. બે કાયાઓ અને એક આત્મા મિત્રતાની જ્યોતિમાં ઝળહળી ઊઠયાં. માના ગાલ ઉપર આંસુની ધારાઓ વહેવા લાગી, પણ એ આંસુ તો ખુશીનાં હતાં.

"બાઈમાણસને રોવાનું બહુ ગમે," તે આંસુ લૂછતી શરમ નેવે મૂકીને બોલી. "સુખમાંયે રોવે ને દુ:ખમાંયે રોવે."

ખોખોલે પાવેલને હળવે હાથે અળગો કર્યો.

"બસ," તે પણ આંખો લૂછતો બોલ્યો. "આસમાનમાં બહુ ઊડી લીધું, હવે પાછાં જમીન પર આવી જઈએ! આ તે કેવા રેઢિયાળ કોલસા છે! એટલા જોરથી ફૂંક મારવી પડે છે કે મારી આંખોમાં તો રાખના ગંજ ખડકાઈ ગયા!"

"આવા આંસુમાં શરમાવા જેવું કંઈ જ નથી," પાવેલ બારી પાસે બેસી જતો કોમળ અવાજે બોલ્યો.

મા જઈને તેની પાસે બેસી ગઈ. તેના દિલમાં જાણે નવી હિંમત ભરાઈ ગઈ હતી. એટલે તે મનમાં ગમગીની હોવા છતાં શાંત અને સંતોષી લાગતી હતી.

"નેનકો, હું ચા લઈ આવું છું," ખોખોલ ઓરડામાંથી બહાર જતો બોલ્યો. "તમારું હૈયું તો જાણે સાવ નિચોવાઈ ગયું છે, થોડીક વાર આરામ કરી લો."

માદીકરાને તેનો રણકતો અવાજ સંભળાયો:

"હમણાં જિંદગીનો સરસ લહાવો માણી લીધો, હેતની મઝાની હૂંફાળી ઘડીઓ માણી લીધી!"

"હા," પાવેલ માની સામે જોતો બોલ્યો.

"અને એથી જાણે બધું જ બદલાઈ ગયું છે," મા બોલી. "આપણું દુ:ખ પણ ન્યારું છે અને આપણી ખુશી પણ ન્યારી છે."

"એમ જ હોવું જોઈએ, નેનકો," ખોખોલે કહ્યું, "કારણ કે એક નવું દિલ જન્મી રહ્યું છે, એક નવા હૈયામાં ચેતનનો સંચાર થઈ રહ્યો છે. માનવી આગેકૂચ કરી રહ્યો છે, કદમ માંડતો માંડતો જગતમાં બુદ્ધિનો પ્રકાશ ફેલાવતો જાય છે અને હાકલ કરતો જાય છે: 'તમામ દેશોના લોકો, એક પરિવારના રૂપમાં એક થઈ જાઓ!' એની હાકલના જવાબમાં બધાં નિર્મળ હૈયાં ભેગાં મળીને રૂપાના દાંટ જેવું પ્રબળ ને રણકતું એક જ હૃદય બની જાય છે."

માએ હોઠને કંપતા અટકાવવા સખત ભીડી દીધા અને આંસુ ખાળવા આંખો બંધ કરી દીધી.

પાવેલ જાણે બોલવા જતો હોય એમ હાથ ઊંચો કરવા લાગ્યો પણ માએ તેને નજીક ખેંચી લીધો.

"વચમાં બોલતો નહિ," તેણે હોઠ ફફડાવતાં કહ્યું.

ખોખોલ આવીને બારણે ઊભો રહ્યો. "લોકોને હજી ઘણી વિપદાઓ વેઠવી પડશે, પુષ્કળ લોહી વહેવડાવવું પડશે, પરંતુ મારા દિલમાં ને દિમાગમાં સંઘરાઈને જે પડ્યું છે તેને માટે તો મારાં તમામ સંકટો અને મારું બધું જ લોહી સાવ નજીવું મૂલ્ય ગણાય. હું તો અગણિત કિરણો વેરતા સિતારા જેટલો તાલેવંત છું. મારામાં બધું વેઠવાની ને બધું જીરવી લેવાની તાકાત છે કારણ કે મારા દિલની પ્રચંડ ખુશીને કોઈ સંજોગ અથવા કોઈ ઇન્સાન કદી છીનવી લઈ શકે એમ નથી. અને એ ખુશી જ મારી તાકાત છે!"

ત્રણેય જણ ચા પીતાં પીતાં મધરાત સુધી બેઠાં રહ્યા અને આત્મીયતાના ભાવે જિંદગીની, લોકોની, તથા ભાવિની વાતો કરતાં રહ્યાં.

માને કોઈ ખ્યાલ સાફ સમજાઈ જતો ત્યારે તે નિસાસો નાખતી અને જાણે એ ખ્યાલને ટેકો પૂરો પાડવા માટે અતીતને ફંફોળીને કોઈ કડવી ને અણગમતી યાદની શિલા ગોતી કાઢતી.

તેના મનની બીકો વાતચીતના હૂંફાળા વહેણમાં જાણે ઓગળી ગઈ. લાંબા વખત પહેલાં પિતાએ કડક અવાજે કહેલાં વેણ સાંભળીને તેને જેવી લાગણી થયેલી એવી જ લાગણી અત્યારે થઈ. પિતાએ કહેલું:

"મોઢું બગાડવામાં જરાય માલ નથી! કોઈ ગધેડો તને પરણવા તૈયાર થઈ ગયો છે તો એકદમ તક ઝડપીને પરણી જા! બધી મરઘીઓ કોઈ ને કોઈ કૂકડાનું ઘર માંડે જ, તમામને બચ્ચાં થાય જ, અને બચ્ચાં કઠણાઈ સિવાય બીજું કંઈ જ ભેગું ન લાવે! તું કાંઈ નવી નવાઈની છોકરી નથી."

ત્યાર પછી તેને અંધારા વેરાન વગડામાં થઈને જતી વાંકીચૂકી કેડીએ નછૂટકે કદમ માંડવાં પડયાં હતાં. એકમાત્ર એ જ માર્ગે જવાની લાચાર દશામાંથી તેને જાણે એક જાતની શાતા મળી હતી. અત્યારે પણ એવી જ હાલત હતી. પરંતુ ધસી આવતી નવી ગમગીની પારખી જતાં તે મનમાં ને મનમાં કોઈ અજાણ્યા માણસને જાણે તુચ્છકારથી કહેવા લાગી:

"લે, લેતો જા!"

એથી તેના કકળતા હૈયાને ટાઢક વળી અને તેનું દિલ જાણે ખેંચાતા દોરાની જેમ કંપતું ગુંજવા લાગ્યું.

પરંતુ તેના મનમાં ઊંડે ઊંડે આછી આશા સળવળતી જ રહી કે મારું બધું તો નહિ જ ઝૂંટવી લેવામાં આવે, સર્વસ્વ તો નહિ જ છીનવી લેવામાં આવે! કશુંક તો ચોક્કસ બાકી રહેશે જ!

૨૪

એક દિવસે સવારે પાવેલ અને આન્દ્રેઈ કામે રવાના થઈ ગયા ત્યારે કોરસુનોવાએ બારી ખખડાવી.

"ઈસાઈનું ખૂન થઈ ગયું!" તે બોલી ઊઠી. "ચાલ, આપણે જોવા જઈએ!"

મા ચોંકી ગઈ. તેના મનમાં ખૂનીનું નામ જાણે વીજળીની જેમ ઝબકી ગયું.

"ખૂન કોણે કર્યું?" તેણે ખભે શાલ લપેટતાં સવાલ કર્યો.

"કેવી વાત કરે છે?" જાણે કેમ કોઈ ખૂન કરીને મડદા પાસે બેસી રહેતું હોય! એ તો કામ પતાવીને છૂ થઈ ગયો."

રસ્તે જતાં કોરસુનોવા બોલી: "હવે ખૂનીની ગોતાગોત થશે અને નવી ઝડતીઓ લેવાશે. સારું છે કે તારા બેઉ જુવાન રાતે ઘરમાં જ હતા. એની તો હું જ સાક્ષી છું. હું મધરાત પછી ઘેર આવેલી અને મેં તારી બારીમાં ડોકિયું કરી લીધેલું. તમે ત્રણેય ટેબલ ફરતે બેઠાં બેઠાં વાતોમાં મશગૂલ હતાં..."

"અરે ભગવાન! પણ મારિયા, કોઈ એવી શંકાયે કેવી રીતે કરી શકે?" મા દહેશત ખાતી બોલી ઊઠી.

"હા, પણ ઇસાઇનું ખૂન કોણ કરે? બેયના મળતિયા કોઈ માણસે જ કર્યું હોય. બધાયને ખબર છે કે ઇસાઇ એ લોકોની સામે જાસૂસી કરતો હતો," કોરસુનોવા ખાતરીના ભાવે બોલી.

મા ઊભી રહી ગઈ. તેનો શ્વાસ જાણે રૂંધાવા લાગ્યો. તેણે છાતીએ હાથ દબાવ્યો.

"શું થયું? ગભરાતી નહિ, ઇસાઇ તો એવા જ લાગનો હતો! ઝટ કર, નહિતર મોડું થઈ જશે, ક્યાંક મડદું હઠાવી લેશે!.."

માના મનમાં ઊભરાતી વેસોવશ્ચિકોવ અંગેની શંકાઓ જાણે તેને ભારે હાથે રોકી રહી હતી.

"એણે તો હદ કરી નાખી," તેને થયું.

કારખાનાની નજીક બળી ગયેલા એક મકાન પાસે લોકોનું ટોળું મધમાખીઓના ઝુંડની જેમ ગણગણતું બળેલાં લાંકડાં ખૂંદતું રાખના ગોટા ઉડાડી રહ્યું હતું. તેમાં ઘણી બાઈઓ અને એથીયે વધારે છોકરાં તેમ જ દુકાનદારો, પીઠાના નોકરો, પોલીસો, સૌ સામેલ હતાં. ઊંચો ઘરડો લશ્કરી પોલીસ પેતલિન પણ નજરે પડતો હતો. તેની ધોળી દાઢી ફરફરી રહી હતી અને તેની છાતીએ કેટલાય ચાંદ લટકાવેલા હતા.

ઇસાઇ બળેલી વળીના ટેકે અરધો બેઠેલો ને અરધો સૂતેલો જમીન ઉપર પડ્યો હતો. તેનું ઉઘાડું માથું જમણા ખભા ઉપર નમેલું હતું. તેનો જમણો હાથ પાટલૂનના ખીસામાં હતો અને ડાબા હાથની આંગળીઓ ઢીલી માટીમાં ખૂંતી ગયેલી હતી.

માએ તેના ચહેરા ઉપર નજર નાખી. ઇસાઇની એક ચેતનહીન આંખ લંબાયેલા પગ વચ્ચે પડેલી ટોપીને તાકી રહી હતી. તેનું મોં જાણે અચંબાથી અરધું ઊઘડી ગયેલું હતું, અને તેની બદામી દાઢી ત્રાંસી થઈ ગઈ હતી.

અણીદાર માથું અને સુકાઈ ગયેલા ડાઘાદાર ચહેરાવાળી તેની પાતળી કાયા મોતથી સંકોડાઈ જઈને હંમેશ કરતાં પણ નાની લાગતી હતી. માએ ઈશ્વરને યાદ કરીને નિસાસો નાખ્યો. ઈસાઈ જીવતો હતો ત્યારે તેને જોઈને માના મનમાં ઘૃણા પેદા થતી, પરંતુ અત્યારે માને દયા આવી.

"લોહી નથી," કોઈ દબાયેલા અવાજે બોલ્યું. "હાથ વડે જ ખતમ કરી નાખ્યો હશે..."

"સારું થયું, કાળમુખાનું ડાચું બંધ થઈ ગયું, ગંધારો ચાડિયો!" બીજું કોઈ ખારીલા અવાજે બોલ્યું.

લશ્કરી પોલીસ એકદમ સાવધાન થઈ ગયો અને ધક્કા મારીને બાઈઓ વચ્ચેથી માર્ગ કરતો અવાજની દિશામાં જવા લાગ્યો.

"કોણ બોલ્યું?" તેના અવાજમાં ધમકી સાફ વરતાતી હતી.

લોકોએ તેને માર્ગ કરી આપ્યો. કેટલાક માણસો ઉતાવળા રવાના થઈ ગયા. એક માણસ ઝેરીલા ભાવે હસ્યો.

મા ઘેર ચાલી ગઈ.

"કોઈને ઈસાઈની દયા નથી આવતી," તેને થયું.

તેના માનસપટમાં તેને નિકોલાઈની પહોળી કાયા દેખાઈ. નિકોલાઈ આકરી ઠંડી નજરે તેને જોઈ રહ્યો હતો અને જાણે હમણાં જ ઈજા થઈ હોય એમ જમણો હાથ હલાવી રહ્યો હતો...

પાવેલ અને આન્દ્રેઈ ઘેર આવ્યા કે તરત જ માએ ખૂન વિશે સવાલ કર્યો.

"કોઈની ગિરફ્તારી થઈ?"

"સાંભળ્યું તો નથી," ખોખોલે જવાબ આપ્યો.

મા સમજી ગઈ કે બેઉનાં મન ખિન્ન છે.

"કોઈએ નિકોલાઈનું નામ નથી લીધું?" મા ધીમા અવાજે બોલી.

"ના," પાવેલે કડક નજરે માની સામે જોતાં ગંભીર અવાજે કહ્યું. "મને નથી લાગતું કે કોઈને એની ઉપર શંકા જાય. એ તો અહીંથી દૂર ચાલ્યો ગયો છે. ગઈકાલે બપોરે નદીએ ગયેલો અને હજી પાછો નથી આવ્યો. મેં એને વિશે પૂછપરછ કરેલી..."

"ઈશ્વર દયા કરે!" મા નિસાસો નાખતી રાહતના ભાવે બોલી. "ઈશ્વર દયા કરે!"

ખોખોલે તેની સામે જોઈને માથું નમાવી દીધું.

"બાબત શી છે એની જાણે ખબર જ ન પડતી હોય એવો દેખાતો એ ત્યાં પડ્યો છે," માના મનમાં વિચારો ઊઠ્યા. "કોઈને એની દયા નથી આવતી, કોઈ એને વિશે એક પણ સારું વેણ નથી બોલતું. જાણે નજરેય ન પડે એવો ટચૂકડો, કશાકમાંથી કાપી નાખેલો કકડો પડ્યો હોય એવી રીતે પડ્યો છે ત્યાં..."

પાવેલ જમતાં જમતાં અચાનક ચમચો પડતો મૂકતો બોલી ઊઠ્યો:

"મને તો સમજાતું જ નથી!"

"શું?" ખોખોલે સવાલ કર્યો.

"આપણે જીવતાં પશુને ખોરાક ખાતર કતલ કરી નાખીએ, જોકે એ પણ કંઈ સારું તો ન જ કહેવાય. કોઈ જંગલી જનાવર જોખમી બની જાય તો આપણે તેને ખતમ કરી નાખીએ. કોઈ માણસ વિકરાળ જનાવર જેવો બનીને ઇન્સાનોને હણવા લાગે તો હું પોતે એને મારી નાખું. પણ આવા કંગાલ પામરને મારી નાખવો — એવું કામ કોઈના હાથે થાય જ કેવી રીતે?.."

ખોખોલે ખભા ઉલાળ્યા.

"આ માણસ જંગલી જનાવર જેવો જ હતો," તેણે કહ્યું. "આપણે તો આપણા લોહીનું એક જ ટીપું ચૂસનારા મચ્છરને પણ મસળી નાખીએ છીએ."

"ખરી વાત. પણ મારી વાતનો આશય એવો નથી... આ તો ઘૃણા ઊપજે એવું કામ છે."

"શું થાય!" ખોખોલ ફરી ખભા ઉલાળતો બોલ્યો.

"એવા આદમીનું ખૂન તું કરી શકે?" થોડી વાર ચુપ રહીને પાવેલે પૂછ્યું.

ખોખોલે પોતાની મોટી મોટી આંખો તેની ઉપર ઠેરવી, અને પછી ઝડપી નજરે માની સામે જોઈ લીધું.

"મારા સાથીઓને ખાતર અને આપણા ધ્યેયને ખાતર હું કંઈ પણ કરી શકું," તેણે મક્કમ અવાજે કહ્યું. "જરૂર પડે તો સગા દીકરાને પણ ખતમ કરી નાખું..."

"આન્દ્રેઇ!" મા આભી બની જઈને હળવેથી બોલી.

"છૂટકો જ નહિ, મા, જિંદગીનું એવું જ છે," ખોખોલ હસીને બોલ્યો.

"ખરી વાત," પાવેલે કહ્યું, "જિંદગીનું એવું જ છે."

એકાએક આન્દ્રેઈ ઊભો થઈ ગયો. કોઈ આંતરિક કૌવતે જાણે તેને ખળભળાવી દીધો હોય એમ તે ખૂબ ઉત્તેજિત થઈ ગયો.

"આમાં આપણે શું કરી શકીએ?" તે હાથ હલાવતો બોલી ઊઠયો. "અત્યારે આપણે એવી હાલતમાં આવી પડયા છીએ કે પરાણે લોકોને ધિક્કારવા પડે છે, જેથી ભવિષ્યમાં આપણે તમામ લોકોને હેતભરી નજરે નીરખી શકીએ. પ્રગતિના માર્ગમાં આડા આવનારા કોઈ પણ માણસને, પોતાના માનમોભા તથા સલામતીને ખાતર પૈસા લઈને ઇન્સાનોને વેચી દેનારા કોઈ પણ માણસને, આજે આપણે ખતમ કરી નાખવો જ પડે. કોઈ દગલબાજ આદમી ઈમાનદાર લોકોનો માર્ગ રોકીને દગો કરવાનો લાગ જોતો ઊભો રહે અને હું એને ખતમ ન કરી નાખું તો હું પોતે જ દગલબાજ ગણાઉં. કોઈ કહેશે કે મને એવો અધિકાર જ નથી. પરંતુ પેલા માલિકોને તેમનાં સુખસગવડ અને સલામતીના જતન સારુ લશ્કરો ને જલ્લાદો, વેશ્યાવાડા ને કારાગારો, તેમ જ હદપારીના વિસ્તારો રાખવાનો અને બીજાં કાળાં કરતૂતો કરવાનો શો અધિકાર છે? એ લોકોનો ડંડો મારે ક્યારેક નછૂટકે મારા હાથમાં ઉપાડી લેવો પડે તો એમાં મારો શો વાંક? હું તો મુદ્દલ અચકાયા વગર ઉપાડી જ લઉં. એ લોકો આપણા સેંકડો માણસોને ખતમ કરી નાખે છે, એટલે મને પૂરો હક છે કે તેઓમાંથી એકના માથા ઉપર, મારી તરફ બીજા કોઈ કરતાં વધારે નજીક આવનારા અને મારા ધ્યેયને બીજા કોઈ કરતાં વધારે હાનિ કરનારા આદમીના માથા ઉપર, હું ડંડો ઝીંકી દઉં. જિંદગી એવી છે. પણ હું આવી જિંદગીની વિરુદ્ધ છું, હું નથી ઇચ્છતો કે જિંદગી આવી રહે. હું સમજું છું કે એવા માણસોનું લોહી વહેવડાવવાથી કશું નહિ વળે, એ તો વાંઝિયું લોહી છે... જ્યારે ધરતી ઉપર આપણું લોહી ધોધમાર વરસાદની જેમ છંટાઈ જશે ત્યારે જ સત્યના ફણગા ફૂટશે. એવા માણસોનું લોહી તો તરત જ સુકાઈ જાય છે. આ હું બરાબર સમજું છું. પણ આ પાપને હું મારે માથે ઓઢી લઉં છું — જરૂર પડે તો હત્યા કરતાં હું મુદ્દલ નહિ અચકાઉં. પણ હું તો મારી પોતાની જ વાત કરું છું. મારું પાપ મારી ભેગું કબરમાં દફન થઈ જશે. ભાવિ ઉપર તેના ડાઘની નિશાની નહિ રહે. મારા સિવાય બીજા કોઈને, બીજી એક પણ જિંદગીને, એ કલંક નહિ અડકે!"

તે ઓરડામાં આંટા મારતો મારતો જાણે શરીરે વળગેલું કશુંક વાઢી નાખીને જુદા થતો હોય એવી રીતે હાથ હલાવતો રહ્યો. મા ગમગીની અને ફિકરના ભાવે તેને જોતી રહી. તેને લાગ્યું કે આન્દ્રેઈના દિલમાં કશુંક એકાએક બટકી

ગયું છે અને તે ભારે પીડા વેઠી રહ્યો છે. ખૂનના કાળા જોખમી ખ્યાલો તેના મનમાંથી ઓસરી ગયા. ખૂન વેસોવશ્ચિકીવે ન કર્યું હોય તો પાવેલના બીજા કોઈ સાથીએ ચોક્કસ ન જ કર્યું હોય. પાવેલ માથું નીચે ઢાળીને બેઠો બેઠો ખોખોલની જોમદાર વાણી સાંભળતો રહ્યો.

"આગેકૂચ ચાલુ રાખવી હોય તો ક્યારેક ખુદ પોતાની જ વિરુદ્ધ આચરણ કરવું પડે છે. સર્વસ્વ સમર્પણ કરી દેવાની તત્પરતા હોવી જ જોઈએ, આખેઆખું હૈયું કુરબાન કરી દેવાની હિંમત હોવી જ જોઈએ, ધ્યેયને ખાતર જિંદગીનું બલિદાન આપી દેવાનું તો સહેલું છે—એથી વધારે કુરબાની કરવી પડે, પોતાની જિંદગીથી પણ વધારે પ્યારું કશુંક કુરબાન કરી દેવું પડે. આપણે જે સત્યને ખાતર લડીએ છીએ, જે સત્ય આપણને આખા જગતમાં સૌથી વધારે પ્યારું છે, એ સત્ય એવી કુરબાનીથી જ વધારે પ્રબળ બને છે!.."

તે ઓરડાની વચ્ચોવચ ઊભો રહી ગયો—નિસ્તેજ ચહેરો, અધબીડી આંખો, પવિત્ર પ્રતિજ્ઞા લેતો હોય એવી રીતે ઊંચો કરેલો એક હાથ!

"હું જાણું છું કે એક વખત એવો આવશે જયારે લોકો ખુદ પોતાનું રૂપ જોઈને અજાયબી અનુભવશે, દરેક ઇન્સાન જાણે અન્યને માટે સિતારા સમો બની જશે. ત્યારે જગતમાં કેવળ આઝાદ ઇન્સાનો વસતા હશે અને દરેકના હૈયામાં આઝાદીની મહાનતા વ્યાપેલી હશે. સૌનાં દિલ ખુલ્લાં હશે અને ઈર્ષા તથા દ્વેષથી મુક્ત હશે. ત્યારે જીવન પરિવર્તન પામ્યું હશે અને માનવીની અદ્‌ભુત સેવા બજાવતું હશે, માનવી ઉન્નત અને ઉમદા બની ગયો હશે કારણ કે આઝાદ ઇન્સાનો માટે બધું જ સાધ્ય બની જાય. ત્યારે લોકો સત્ય અને આઝાદીની જિંદગી માણતા હશે તથા સૌંદર્યને ખાતર જીવંત રહેતા હશે, અને જેનાં દિલ જગતને પ્યારથી આલિંગવાની શક્તિ ધરાવતાં હોય એવા ઇન્સાનોને ઉત્તમ ગણવામાં આવતા હશે કારણ કે એવા માનવીઓ જ સૌથી વધારે સ્વાધીન હોય, તેમની હસ્તીમાં જ અધિકતમ સૌંદર્ય કેંદ્રિત હોય. એવા લોકો, નવી જિંદગીના ઇન્સાનો, મહાન હશે!.."

તે થોડી વાર થંભી ગયો, અને પછી કાયા ટટ્ટાર કરીને અંતરના ઊંડાણમાંથી આવતા અવાજે બોલ્યો:

"અને એવી જિંદગી ખાતર હું કંઈ પણ કરવા તૈયાર છું..."

તેના ચહેરાની રેખાઓ જાણે ખેંચાઈ ગઈ અને મોટાં મોટાં આંસુ તેના ગાલ ઉપર થઈને નીચે ટપકવા લાગ્યાં.

પાવેલનું મોં ધોળું પૂણી જેવું થઈ ગયું. તેણે માથું ઊંચું કરીને ફાટેલે ડોળે આન્દ્રેઈની સામે જોયું. માના મનમાં કાળા અનિષ્ટની આશંકા પેદા થઈને સળવળવા લાગતાં તે ચોંકીને ઊભી થઈ ગઈ.

"શું થયું, આન્દ્રેઈ?" પાવેલે ધીમે અવાજે પૂછ્યું.

ખોખોલે માથું હલાવ્યું અને કાયા ટટ્ટાર કરીને સીધી નજર માની ઉપર નાખી.

"મેં આખો બનાવ નજરે જોયો છે, મને બધી ખબર છે..."

માએ દોડીને તેના હાથ પકડી લીધા. આન્દ્રેઈએ જમણો હાથ છોડાવવાની કોશિશ કરી પણ મા વળગી રહી.

"બેટા! પારેવડા મારા!.." માના હોઠ ફફડયા.

"ઊભાં રહો," ખોખોલ ઘોઘરા અવાજે બબડયો. "હમણાં આખી વાત કહું છું..."

"ના, ના, રહેવા દે," આંસુનાં પડળની આરપાર તેની ઉપર નજર ઠેરવીને મા બોલી. "આન્દ્રેઈ, રહેવા દે!"

પાવેલ ધીરે ધીરે નજીક આવ્યો. તેનો ચહેરો ફિક્કો પડી ગયો હતો અને તેની આંખોમાં પણ ઝળઝળિયાં બાઝી ગયાં હતાં.

"માને એમ છે કે કદાચ તેં જ કર્યું હશે..." તે ફિક્કું હસતાં બોલ્યો.

"ના, ના, મને જરાય એમ નથી. હું એમ માનતી જ નથી! નજરે જોઉં તોયે ન માનું!"

"ઊભાં રહો!" ખોખોલ ડોક વાળીને હાથ છોડાવવાની કોશિશ કરતો બોલ્યો. "મેં તો નથી કર્યું, પણ હું અટકાવી શક્યો હોત..."

"ચુપ, આન્દ્રેઈ!" પાવેલ બોલી ઊઠયો.

તેણે દોસ્તનો હાથ પોતાના એક હાથમાં લીધો, અને જાણે ખોખોલની ધ્રૂજતી ઊંચી કાયાને શાંત કરવા મથતો હોય એમ બીજો હાથ તેને ખભે મૂક્યો.

"પાવેલ, તને તો ખબર છે, હું જરાય નહોતો ઇચ્છતો કે આવું બને," આન્દ્રેઈ તૂટક તૂટક બોલ્યો. "વાત આમ બનેલી—તું મને ખૂણે દ્રાગુનોવ ભેગો મૂકીને ગયો પછી ઇસાઇ આવ્યો અને હાંસીભરી નજરે અમને જોતો ઊભો રહ્યો... દ્રાગુનોવે કહ્યું: 'જોયો આને? આખી રાત મારો પીછો કરતો રહ્યો છે. હું એને ખોખરો કરી નાખવાનો છું.' એટલું કહીને દ્રાગુનોવ ચાલ્યો ગયો—મને એમ કે ઘેર ગયો હશે... પછી ઇસાઇ મારી પાસે આવ્યો."

ખોખોલે ઊંડો શ્વાસ લીધો. "એણે મારું સખત અપમાન કર્યું, આજ લગી કોઈએ મારું એવું અપમાન નથી કર્યું, કૂતરો ક્યાંનો!"

મા ચુપચાપ તેને ટેબલ પાસે દોરી ગઈ અને ત્યાં બેસાડીને તેની અડોઅડ બેસી ગઈ. પાવેલ ખિન્ન ભાવે દાઢીના વાળ ખેંચતો ઊભો રહ્યો.

"એણે મને કહ્યું કે આપણાં સૌનાં નામ પોલીસની યાદીમાં નોંધાઈ ગયાં છે અને મે-દિનની ઉજવણી પહેલાં આપણને સૌને ગિરફતાર કરી લેવાના છે. હું કશું બોલ્યા વગર ફક્ત હસતો રહ્યો, પણ મારું દિલ તો અંદરથી ઊકળી રહ્યું હતું. એણે મને કહ્યું કે તું તો સમજદાર આદમી છો, અફસોસની વાત છે કે તેં આવો રસ્તો લીધો છે, બહેતર છે કે..."

તેણે થંભી જઈને ડાબા હાથ વડે મોં લૂછ્યું. તેની આંખોમાં સૂકો ચળકાટ નજરે પડતો હતો.

"હું સમજું છું," પાવેલ બોલ્યો.

"બહેતર છે કે સરકારની સેવા કર — એણે મને કહ્યું."

ખોખોલે હવામાં મુક્કો વીંઝ્યો. "સરકાર — દોજખમાં જાય, નાલાયક!" તે દાંત પીસીને બોલ્યો. "એના કરતાં તો મને તમાચો ચોડી દીધો હોત તોયે વાંધો નહોતો. હું આસાનીથી સહી લેત. એનેય આકરું ન પડયું હોત. પણ એનું ગંધારું થૂંક મારા દિલમાં થૂંક્યો એ તો મારાથી સહન ન થયું!"

આન્દ્રેઈએ આંચકો મારીને પોતાનો હાથ પાવેલના હાથમાંથી છોડાવી લીધો અને હળવા અવાજે નફરતના ભાવે વાત આગળ ચલાવી: "હું એના ગાલ ઉપર લપડાક લગાવીને ચાલતો થઈ ગયો. મારી પાછળ મને દ્રાગુનોવનો ધીમો અવાજ સંભળાયો — 'આખર બેટમજી હાથમાં આવ્યો ખરો!' એ ખૂણે વાટ જોઈને ઊભો રહ્યો હશે..."

ખોખોલ થોડી વાર ચુપ રહ્યો. "મેં પાછળ જોયું જ નહિ, જોકે મને લાગેલું ખરું કે ફટકાનો અવાજ થયો છે... હું તો જાણે પગ તળે સાધારણ જીવડું કચરાઈ ગયું હોય એમ માનીને મારે રસ્તે આગળ ચાલ્યો. કારખાનામાં માણસો ઘાંટા પાડતા આવ્યા કે 'ઈસાઈનું ખૂન થઈ ગયું! ઈસાઈનું ખૂન થઈ ગયું!' મને તો વાત માન્યામાં જ ન આવી. પણ મારા હાથમાં દુખાવો ઊપડયો અને મારાથી કામ નહોતું થઈ શકતું. પીડા તો નહોતી થતી પણ જાણે હાથ બહેર મારી ગયો હોય એમ લાગતું હતું..."

તેણે એક છાની નજર હાથ ઉપર નાખી લીધી. "લાગે છે કે હાથ ઉપરનો આ ગંદો ડાઘ હું જિંદગીમાં ક્યારેય ધોઈ નહિ શકું..."

"મોટી વાત તો એ છે કે તારું દિલ સાફ છે," મા કોમળ અવાજે બોલી.

"આમાં હું મને દોષિત નથી ગણતો, મુદ્દલ નહિ જ!" ખોખોલ મક્કમ અવાજે બોલ્યો. "ફક્ત એટલું જ કે ઘૃણા ઊપજે છે. હું આમાં સંડોવાયો જ ન હોત તો સારું હતું."

"તારી વાત સમજાતી નથી," પાવેલ ખભા ઉચકાવતો બોલ્યો. "તેં ખૂન કર્યું જ નથી, પણ કર્યું હોત તોયે..."

"સાંભળ, ભાઈ, આપણને ખબર હોય કે ખૂન થઈ રહ્યું છે અને આપણે અટકાવીએ નહિ તો..."

"મને તારી વાત મુદ્દલ નથી સમજાતી," પાવેલ ફરી બોલ્યો. પછી થોડી વાર ચુપ રહીને તેણે કહ્યું: "એટલે જાણે અર્થ તો કદાચ સમજાય છે પણ એથી દિલમાં કશી લાગણી પેદા નથી થતી..."

કારખાનાની સીટી વાગી. ખોખોલ સીટીના રણકારમાં કામે હાજર થઈ જવાનું ફરમાન સાંભળતો રહ્યો અને પછી માથું પાછળ ફંગોળીને બોલ્યો:

"હું કામે નથી જવાનો."

"હુંયે નહિ જાઉં," પાવેલે કહ્યું.

"હું તો હમામમાં જાઉં છું," ખોખોલ લૂખું હસતો બોલ્યો અને કપડાં ભેગાં કરવા લાગ્યો. તે ઘરમાંથી બહાર નીકળ્યો ત્યારે ખિન્ન હતો.

મા હમદર્દીભરી નજરે તેને જતો જોઈ રહી.

"તું ભલે તારે માનવું હોય એમ માનતો, પાવેલ," મા બોલી, "પણ મને તો ખબર છે કે માણસનું ખૂન કરવું એટલે પાપ કરવું. હું કોઈને ગુનેગાર નથી ગણતી. મને તો ઈસાઈ બદલ અફસોસ થાય છે, બિચારો સાવ પામર હતો. આજે એને જોયો ત્યારે મને યાદ આવ્યું કે એણે તને ફાંસીએ લટકાવવાની ધમકી આપેલી. પણ એથી મારા મનમાં ધિક્કારની લાગણી પેદા ન થઈ, અને એ મરી ગયો એટલે મને ખુશી પણ નથી થઈ. મને તો ફક્ત અફસોસ થયેલો, પણ હવે તો અફસોસની લાગણીયે નથી થતી..."

તે ચુપ થઈને વિચારમાં ડૂબી ગઈ અને થોડી વાર પછી અચરજના ભાવે હસતી બોલી ઊઠી:

"અરે ભગવાન! પાશા, તે સાંભળ્યું હું શું બોલી તે?.."

પણ પાવેલે સાંભળ્યું નહિ હોય કારણ કે તે આંખો નીચી ઢાળીને ઓરડામાં આંટા મારતો ગમગીન ભાવે બોલ્યો: "આવી છે જિંદગી! જોયું ને, લોકોને એકબીજાની સામે કેવા અથડાવી દેવામાં આવે છે! ઈરાદો ન હોય છતાં આપણે

કોઈને ફટકો લગાવી દઈએ. અને ફટકો કોને લગાવીએ? આપણા કરતાં જરાય વધારે અધિકારો ન ધરાવતા કોઈ પામર માનવ જીવડાને. આ કિસ્સામાં તો એ માણસ આપણા કરતાંયે વધારે કમનસીબ હતો કારણ કે બેવકૂફ હતો. પોલીસ, લશ્કરી અફસરો, અને જાસૂસો—બધા આપણા દુશ્મનો છે. પણ એ બધા આપણા જેવા જ ઇન્સાનો છે, તેમનું લોહી પણ આપણી જેમ જ ચૂસવામાં આવે છે, અને તેમને પણ આપણી જેમ જ હલકા ગણવામાં આવે છે. તેઓ અને આપણે—સૌ એકસરખાં જ છીએ. પણ માલિકોએ લોકોને એકબીજાની સામે ખડા કરી દીધા છે, ખોટા ભ્રમ અને ભય પેદા કરીને આંધળા બનાવી દીધા છે, લોકોના હાથપગ જકડી લીધા છે. માલિકો લોકોને નિચોવી નાખે છે, લોકોનું લોહી ચૂસી લે છે, લોકોને માંહોમાંહે લડાવે છે અને કચડી નખાવે છે. માલિકોએ લોકોને બંદૂકો, ડંડા, અને પથ્થરોમાં પલટાવી નાખ્યા છે, અને તેઓ જાહેર કરે છે: 'આ છે રાજ્ય'."

પાવેલ માની પાસે ગયો અને બોલ્યો:

"મા, આ તો ભયંકર ગુનો છે. લાખો ઇન્સાનોની ખારીલી કતલ! માનવ આત્માઓની હત્યા! તને સમજાય છે? આત્માઓના હત્યારા! વળી તેઓ અને આપણી વચ્ચેનો તફાવત તને સમજાય છે? આપણે કોઈ આદમીને ફટકો લગાવીએ ત્યારે આપણા એવા કૃત્યને એ લોકો ઘૃણાજનક, શરમજનક, અને વેદનાકારક ગણે—મોટે ભાગે તો ઘૃણાજનક ગણે. પણ તેઓ પોતે હજારો ઇન્સાનોને નચિંત ભાવે અને નિર્દયતાથી હણી નાખે છે, જરાય ખટકા વગર બલકે સાવ ટાઢે દિલે હણી નાખે છે. અને લોકોને મોતના ખપ્પરમાં હોમી દેવાનું તેમનું એકમાત્ર કારણ પોતાની સોનારૂપાની ને શેરની દોલતનું જતન કરવાનું છે, આપણને ગુલામીમાં જકડી રાખવામાં તેમને મદદરૂપ બનતી બધી કંગાલ ચીજોનું જતન કરવાનું છે. જરા વિચાર તો કર—એ લોકો ઇન્સાનોની હત્યા કરે છે અને માનવ આત્માઓને પીંખી નાખે છે તે પોતાની જિંદગીના જતન સારુ નહિ પણ પોતાની માલમિલકતના જતન સારુ! ઇન્સાનની ભીતરની નહિ પણ બહારની ચીજો સારુ!"

તેણે નીચે નમીને માના હાથ પોતાના હાથમાં લઈને દબાવ્યા.

"એ બધું કેટલું અધમ અને શરમજનક છે એ જો તને સમજાઈ જાય તો અમે જેને ખાતર લડીએ છીએ એ સત્ય પણ તને સમજાઈ જશે. તને ખબર પડી જશે કે એ સત્ય કેટલું ઉમદા અને મહાન છે!.."

મા ઊભી થઈ ગઈ. તેના મનમાં પ્રબળ ઝંખના જાગી કે પોતાના દિલમાં

સળગતી આગ દીકરાના દિલની આગ જોડે ભળી જઈને મહાન જ્વાળા બની જાય.

"બેટા, ધીરજ રાખ," તે મુશ્કેલીથી અવાજ કાઢતી બોલી, "ધીરજ રાખ, મને ધીરે ધીરે બધું સમજાઈ જશે..."

૨૫

કોઈ જોરથી અવાજ કરતું આંગણમાં દાખલ થયું. મા અને દીકરો અચરજના ભાવે એકબીજાની સામે જોવા લાગ્યાં.

બારણું ધીરેથી ઊઘડ્યું અને રીબિન અંદર આવ્યો.

"એ તો હું, રખડતો રામ, ખાવાનું કામ, ને પંચાત ગામની!" તે માથું ઊંચું કરીને હસતો હસતો બોલ્યો.

તેના પગમાં કાથીનાં પગરખાં હતાં, માથે ચીંથરેહાલ ટોપી હતી, અને ઘેટાની ખાલના કોટ ઉપર ડામરના ડાઘા હતા. કાળા દસ્તાનાની જોડી પટ્ટે ખોસેલી હતી.

"તબિયત તો ઠીક છે ને? પાવેલ, તું છૂટી ગયો, એમ ને? સરસ, પેલાગેયા નીલોવ્ના, કેમ ચાલે છે?" તેણે ખુશાલ ભાવે મોં મલકાવ્યું એટલે તેના સફેદ દાંત નજરે પડ્યા. તેના અવાજમાં વધારે નરમાશ વરતાતી હતી અને મોં પર દાઢીનો ફેલાવો ખૂબ વધી ગયો હતો.

તેને જોઈને ખુશ થઈ ગયેલી માએ તેનો પહોળો પંજો હાથમાં લઈને તેને આવકાર્યો. હાથમાં કાળા ડાઘા નજરે પડતા હતા. ડામરની મઝાની કડક વાસ ઊંડા શ્વાસમાં ભરી લેતી મા બોલી:

"આવ, તું આવ્યો તે બહુ ગમ્યું!.."

"પાકા ખેડૂત બની ગયા છો!" પાવેલ રીબિનની ઉપર નજર ફેરવતો હસીને બોલ્યો.

"હા, વળી પાછો ગામડિયો બની ગયો છું," રીબિન કોટટોપી ધીરે ધીરે ઉતારતો બોલ્યો. "તમે વધારે ને વધારે સુધરેલાં બનતાં જાઓ છો ને હું એથી ઊલટી તરફ જઈ રહ્યો છું."

ઓરડામાં આંટા મારીને બધી ચીજને બારીક નજરે નીરખતાં નીરખતાં તેણે પોતાનું ભભકદાર જાકીટ ઉતાર્યું.

"ચોપડીઓ સિવાય બીજું કંઈ નવું નથી લાગતું. વારુ, હવે ખબર સંભળાવો, કામ કેવુંક ચાલે છે?"

તે પગ ખૂબ પહોળા ફેલાવીને બેસી ગયો અને ગોઠણ ઉપર હાથ મૂકીને તથા ઘેરી આંખો પાવેલના ચહેરા ઉપર ઠેરવીને મોં મલકાવતો જવાબની વાટ જોવા લાગ્યો.

"કામ તો બરાબર ચાલે છે, આગળ વધી રહ્યા છીએ," પાવેલે કહ્યું.

"જમીન ખેડીએ છીએ, બિયાં વાવીએ છીએ, પાકને ખીલતો નીરખીએ છીએ, દારૂ ગાળી લઈએ છીએ, અને સૂતા સૂતા વરસ વિતાવી દઈએ છીએ— એવી રીતે, ખરું ને?" રીબિન ટોળ કરતો બોલ્યો.

"તમારું કેમ ચાલે છે, મિખાઇલો ઇવાનોવિચ?" પાવેલે તેની સામે બેસી જતાં સવાલ કર્યો.

"ઠીક જ છે. યેગિલદેયેવોમાં રહું છું—નામ સાંભળ્યું છે ક્યારેય? યેગિલદેયેવો. મઝાનું ગામ છે. વરસમાં બે વાર મેળો ભરાય છે. બે હજારની ઉપર વસતિ છે. લોકો ગરીબ છે. પોતાની જમીનવાળા ઓછા—જમીન સાંથે લઈને ખેતી કરે. વળી જમીનમાં કસ પણ ઓછો. હું ગામના જ એક લોહીચૂસ જાલિમને ત્યાં નોકરી કરું છું. એવા જાલિમો ત્યાં બેસુમાર છે—મડદા ઉપર જીવડાં ભેગાં થઈ જાય એટલા બધા. કોલસા બાળીને ડામર બનાવવાનું કામ કરું છું. અહીંયાં કમાતો એનાથી ચોથા ભાગના પૈસા મળે છે અને કામ બમણું કરવું પડે છે. ખેર. એ જાલિમને ત્યાં અમે સાત જણ કામ કરીએ છીએ. મારા સિવાય બાકીના સૌ ગામના જ જુવાનો છે અને બધાયને લખતાં વાંચતાં આવડે છે. એમાંથી એક—યેફીમ—તો એટલો ગરમ મિજાજનો છે કે બસ!"

"હિલચાલનું કામ કેવી રીતે કરો છો? ચર્ચાઓ વગેરે કરો છો?" પાવેલે ઉત્સુકતાથી સવાલ કર્યો.

"હું કાંઈ હોઠ સીવીને તો નથી જ બેસી રહેતો! અહીંનાં ચોપાનિયાં તો હું ભેગાં જ લઈ ગયેલો—બધાં મળીને ચોંત્રીસ છે. પણ મોટે ભાગે તો બાઇબલનો જ ઉપયોગ કરું છું. બાઇબલમાં પુષ્કળ મસાલો પડ્યો છે. મોટું પુસ્તક, વળી સત્તાવાર, અને ધરમના મોવડીઓએ બહાલ કરેલું. એમાં નિષ્ઠા રાખવા જેવું છે!"

તેણે હસીને પાવેલ સામે મિચકારો કર્યો.

"પણ એટલું પૂરતું નથી. હું તો તારી પાસે ચોપડીઓ લેવા આવ્યો છું. અમે બે જણ છીએ—યેફીમને ભેગો લાવ્યો છું. ડામરનું ગાડું લઈને આવતા

હતા તે રસ્તે જરાક આડો ફાંટો લઈને અહીં આવ્યા. પેલો યેફીમ આવે તે પહેલાં મને ચોપડીઓ આપી દે. એને ઝાઝી ખબર ન પડે તો સારું..."

રીબિનને નીરખતી માને લાગ્યું કે તેનાં કપડાંમાં ફેર પડી ગયો હોવા ઉપરાંત બીજો પણ ઘણો ફેર પડી ગયો છે. તેના વર્તનમાં અતડાપણું ઓછું થઈ ગયું છે, તેની નજરમાં વધારે ખંધાઈ આવી ગઈ છે, અને તેની આંખોમાં નિખાલસતા અગાઉ કરતાં ઓછી થઈ ગઈ છે.

"મા, ચોપડીઓ લાવી આપ ને! એ લોકોને ખબર છે કે કઈ ચોપડીઓ આપવી. કહેજે કે ગામડે મોકલવાની છે," પાવેલે કહ્યું.

"ઠીક, લઈ આવું છું. આ સમોવારમાં પાણી ઊકળી જાય એટલે જાઉં."

"નીલોવ્ના, તેં પણ આ કામ શરૂ કરી દીધું?" રીબિન હસીને બોલ્યો. "મઝાની વાત. ત્યાં ઘણાબધા માણસો ચોપડીઓ માગતા રહે છે. ગામના માસ્તરને લીધે — કહેવાય છે કે આદમી મઝાનો છે, જોકે મૂળ તો પાદરીઓમાંનો જ. લગભગ સાત કિલોમીટર દૂરના ગામમાં પણ એક બાઈ ભણાવે છે. પણ બેમાંથી કોઈ ગેરકાયદેસર ચોપડીઓનો ઉપયોગ નથી કરતું. નોકરી ખોવાની બીક. પણ મને તો ગેરકાયદેસર ચોપડીઓ જોઈએ — જરાક જોમ ને જુસ્સો ભરેલી હોય એવી. મેં વંચાવા વહેતી મૂકેલી ચોપડીઓ પોલીસ કે પાદરીના હાથમાં પડી જાય તો શંકા એ બેયની ઉપર જ પડવાની — બીજા કોની ઉપર પડે? અને તે દરમિયાન હું છાનોમાનો લપાઈને વાટ જોતો રહીશ કે શું થાય છે."

તેણે પોતાની ચાલાકીથી બહુ ખુશ થઈને મોં મલકાવ્યું.

"વાહ! દેખાય છે તો રીંછ જેવો પણ ખંધાઈ શિયાળની છે!.." માને થયું.

"ગેરકાયદેસર ચોપડીઓ વહેંચવાની શંકા શિક્ષક અને શિક્ષિકાની ઉપર પડે તો તેમને ગિરફ્તાર કરીને જેલ ભેગાં કરી દેવામાં આવે, ખરું ને?" પાવેલે પૂછ્યું.

"ચોક્કસ વળી, પણ એથી શું?" રીબિન બોલ્યો.

"પણ કસૂરવાર તો તમે ગણાઓ, એ લોકો નહિ. જેલમાં તો તમારે જ જવું જોઈએ..."

"તુંયે ખરો છે!" રીબિન ગોઠણ થપથપાવતો હસી પડયો. "મારી ઉપર કોઈને શંકા નહિ આવે! ગામડિયા ખેડૂતો એવાં કામ કદી ન કરે. ચોપડીઓનું કામ સુધરેલા સંસ્કારી માણસોનું — તેઓ જ જવાબદાર ગણાય..."

માને લાગ્યું કે પાવેલ રીબિનને સમજવામાં ભૂલ કરે છે. પાવેલની સંકોડાયેલી આંખો જોઈને તેને સમજાઈ ગયું કે દીકરાને ખીજ ચડી છે.

"મિખાઈલો ઈવાનોવિચનો ઈરાદો એવો છે કે કામ પોતે કરે પણ દોષ બીજાની ઉપર ઢોળાઈ જાય," તેણે અચકાતાં અચકાતાં ખુલાસો કર્યો.

"બરાબર, હાલ પૂરતો એવો જ ઈરાદો છે," રીબિન દાઢીએ હાથ ફેરવતો બોલ્યો.

"મા, સાંભળ, અમારામાંથી કોઈ એક માણસ—ધારી લે કે આન્દ્રેઈ—કશીક કામગીરી કરે અને પછી મારી પાછળ છુપાઈને દોષ મારી ઉપર ઢોળાઈ જવા દે, અને મને જેલ ભેગો કરી દેવામાં આવે, તો તને કેવું લાગે?" પાવેલનો અવાજ શુષ્ક બની ગયો હતો.

મા જરાક ચોંકી ગઈ અને આભી બની જઈને દીકરાની સામે જોવા લાગી.

"પોતાના સાથી જોડે એવી ચાલબાજી કોઈ કેવી રીતે કરી શકે?" તે માથું હલાવતી બોલી.

"હં... તારો મતલબ હું સમજી ગયો, પાવેલ," રીબિન બોલ્યો.

તેણે માની સામે જોઈને ડહાપણિયો મિચકારો કરતાં કહ્યું:

"મા, બાબત પેચીલી છે."

પછી પાવેલ તરફ ફરીને તેણે શિખામણિયા અવાજે કહ્યું:

"ભાઈ, તું તો બાળક જેવી વાત કરે છે. છાનું ગેરકાયદેસર કામ કરતા હોઈએ ત્યારે ઈમાનદારીનું પૂંછડું ન પકડી રખાય. જરાક વિચાર કરી જો—સૌથી પહેલાં તો જેની પાસેથી ચોપડી પકડાય એને જ જેલ ભેગો કરી દેવામાં આવે, શિક્ષકોને નહિ. પહેલી વાત તો એ થઈ. બીજી વાત—શિક્ષકો ભલે કાયદેસર ચોપડીઓનો જ ઉપયોગ કરતા હોય, પણ શીખવે તો એનું એ જ. માત્ર શબ્દોમાં ફેર હોય—શબ્દોમાં સચ્ચાઈ ઓછી હોય. ટૂંકમાં—એ લોકોની નેમ પણ મારા જેવી જ છે. ફેર માત્ર એટલો જ છે કે તેઓ નાની નાની કેડીઓને આડરસ્તે થઈને આગળ જાય છે અને હું સીધે સરિયામ રસ્તે આગેકૂચ કરું છું. માલિકોની નજરમાં તો બેઉ કસૂરવાર ગણાય, ખરું કે નહિ? ત્રીજી વાત—મને એ લોકોની જરાય પડી નથી, ભાઈ! પાયદળ કદી હયદળ જોડે દોસ્તી કરવા ન જાય. આવી ચાલબાજી હું કોઈ ગામડિયા ખેડૂત જોડે ક્યારેય ન જ કરું. પણ એ લોકો—એક પાદરીનો બેટો છે ને બીજી તવંગર જમીનદારની બેટી છે—તેમને લોકોમાં ઉશ્કેરણી ફેલાવવાનું શું કારણ હોય? મારા જેવો ગામડિયો એ લોકોનાં મનની વાત પારખી ન શકે. મને ખબર છે કે હું શું કરવા માગું છું, પણ એ લોકોની મુરાદ હું જરાય કળી શકતો નથી. ભદ્ર લોકો હજાર હજાર વરસોથી પોતાનું કામ કરતા રહ્યા છે—ખેડૂતની ચામડી

ઉતરડી નાખતા રહ્યા છે. અને હવે તેઓ એકાએક જાગી જઈને ખેડૂતની આંખોના પાટા ખુદ પોતાના હાથે છોડી રહ્યા છે! હું કાંઈ પરીકથાઓને માની લઉં એવો આદમી નથી, અને આ તો જાણે બરાબર પરીકથા જેવી જ વાત છે. મારી અને ભદ્રોની વચ્ચે ભારે મોટું અંતર છે. શિયાળામાં ક્યારેક ખેતરોમાં થઈને જતા હોઈએ ત્યારે અચાનક જ આગળ ખૂબ દૂર કશોક ઝબકારો વરતાય. તરત જ મનમાં સવાલ થાય—શું હશે? વરુ કે લોંકડી કે ખાલી કૂતરો જ? પણ કહેવું મુશ્કેલ—વચ્ચે અંતર ભારે મોટું."

માએ પાવેલની ઉપર નજર નાખી. તેનું મોં સાવ ફિક્કું પડી ગયું હતું

દાઢીમાં આંગળીઓ ફેરવતા અને આત્મસંતોષના ભાવે પાવેલને નીરખતા રીબિનની આંખોમાં ઘેરો ચળકાટ વરતાતો હતો.

"સારી રીતભાતની પંચાતનો મને વખત જ નથી," તેણે વાત આગળ ચલાવી. "જિંદગી કપરી છે. કૂતરાંનું ટોળું ઘેટાંના ટોળાથી ન્યારું હોય છે—દરેક કૂતરું પોતાની આગવી રીતે ભસતું હોય છે..."

"સાધારણ લોકો માટે જિંદગી કુરબાન કરી દેનારા ભદ્ર માણસો પણ હોય છે," મા પરિચિત ચહેરા યાદ કરતી બોલી. "તેઓ આખી જિંદગી જેલમાં સબડતા રહે છે..."

"એવા માણસોની વાત જ જુદી છે," રીબિને જવાબ આપ્યો. "ગામડિયા ખેડૂતો પૈસાદાર થઈ જાય એટલે ભદ્ર બની જાય, અને ભદ્રો ગરીબ થઈ જાય એટલે ગામડિયા ખેડૂતો જેવા બની જાય. તેં મને આ બધું કેવી રીતે સમજાવેલું તે યાદ છે, પાવેલ? માણસ જેવી જિંદગી જીવતો હોય તેના આધારે જ એના વિચારો ઘડાય. મુદ્દાની વાત એ જ છે. કામદાર 'હા' કહેશે ત્યારે માલિક 'ના' જ કહેવાનો, અને કામદાર 'ના' કહેશે ત્યારે માલિક 'હા' જ કહેવાનો. એ લોકોનો સ્વભાવ જ એવો! ખેડૂત અને જમીનદાર વચ્ચે પણ એવો જ તફાવત હોય છે. ખેડૂતને પેટ ભરીને ખાવાનું મળી જતું હોય તો જમીનદારના પેટમાં દુખાવો ઊપડે. બેશક, દરેક વર્ગની અંદર કૂતરાની ઔલાદ જેવા માણસો પણ હોય જ છે, હું તમામ ખેડૂતોની વકીલાત નથી કરતો..."

તે ઊભો થઈ ગયો. તેની કાયા ઊંચી ને કદાવર હતી. તેણે અવાજ કર્યા બાદ મોંમાં દાંત પીસી દીધા હોય એમ તેની દાઢી ફરકી રહી હતી.

"પાંચ પાંચ વરસ સુધી હું એક પછી એક કારખાનામાં કામ કરતો રહ્યો—ગામ કેવું હોય એ તો સાવ ભૂલી જ ગયેલો," તેણે અવાજ થોડોક નરમ

કરીને ફરી બોલવાનું શરૂ કર્યું: "આખરે ફરી પાછો ગામમાં પહોંચ્યો ત્યારે મને પાકું સમજાઈ ગયું કે એવી જિંદગી મારાથી હવે જિવાય એમ નથી! સમજ્યો? ના, જિવાય એમ જ નથી. અહીંયાં રહેતા હોઈએ ત્યારે ત્યાં ચાલતા ગેરઇનસાફ જરાય સમજાય જ નહિ. ત્યાં તો ભૂખ લોકોને જાણે પડછાયાની જેમ વળગી રહેતી હોય છે, અને ખોરાકની મુદ્દલ આશા નથી હોતી—મુદ્દલ નહિ. ભૂખ માણસના આત્માને ભરખી જાય છે અને માનવ ચહેરાને હજમ કરી જાય છે. ત્યાં માણસો જીવતા નથી, કંગાલિયતની ખીણમાં સબડતા રહે છે. સરકારી અફસરો તેમની ઉપર ગીધડાંની જેમ ચકરાવા લેતા ધ્યાન રાખે છે કે કોઈ કશુંયે વધારાનું લઈ લેવાની કોશિશ ન કરે. કોઈ પણ ખેડૂતની પાસે કશુંયે નજરે પડી જાય તો તરત જ ઝૂંટવી લે અને પાછા ઉપરથી લમણે મુક્કા લગાવે..."

રીબિન આસપાસ નજર ફેરવીને ટેબલ ઉપર પાવેલની તરફ નમ્યો.

"એવી જિંદગીમાં પાછા જતાં મને તો જાણે ઊબકા આવી ગયા. થયું કે અહીંયાં કોઈ હિસાબે નહિ રહેવાય. પણ પછી મનમાં ખ્યાલ આવ્યા: 'ના, રહેવું તો પડશે જ! આ લોકોને ભલે રોટી ન આપી શકું, પણ થોડીક હિલચાલ તો ચોક્કસ પેદા કરી જ શકું!' એટલે હું રોકાઈ ગયો. મારા દિલમાં ડંખના સણકા થઈ રહ્યા હતા. ડંખ હજી છે, છાતીને વીંધીને ખૂંતેલી કટાર જેવો!"

તે ધીરે ધીરે પાવેલની પાસે ગયો અને તેને ખભે હાથ મૂકીને ઊભો રહ્યો. તેને કપાળે પરસેવાનાં ટીપાં બાઝી ગયાં હતાં અને તેનો હાથ ધ્રૂજી રહ્યો હતો.

"તારી મદદની જરૂર છે. ચોપડીઓ આપ, એવી કે વાંચી લીધા પછી માણસને કોઈ રીતે ચેન જ ન પડે. અમારે ત્યાંના લોકોની ખોપરીઓમાં અણિયાળા કાંટાદાર શેળા ઘુસાડી દેવા છે! ચોપડીઓ લખનારા માણસોને કહેવડાવી દે કે ગામડાં સારુ પણ લખવા માંડે. એવું લખે કે દરેક અક્ષર જાણે ભડકા જેવો બની જાય, ધ્યેયને ખાતર લોકો મોતને ભેટવા તૈયાર થઈ જાય!"

તે હાથ ઊંચો કરીને એક એક શબ્દ અલગ અલગ અને સાફ બોલવા લાગ્યો:

"મોત જ મોતની ઉપર ફતેહ કરી લેશે! એટલે એમ કે લોકોને સજીવન કરવા મોતને ભેટવું! જગતભરમાં કરોડો લોકોને સજીવન કરવા આપણા જેવા હજારો ઇન્સાનો જિંદગી કુરબાન કરી દે! જનતા સજીવન થતી હોય તો મોતને ભેટવું સહેલું છે! લોકો ઊઠીને ખડા થઈ જાય!"

મા સમોવાર લઈ આવી અને તેણે રીબિનની ઉપર એક ત્રાંસી નજર નાખી. તેને લાગ્યું કે રીબિનના શબ્દોના ભાર અને જોર તળે પોતે જાણે કચડાઈ રહી

છે. રીબિનમાં એવું કશુંક હતું જે તેને તેના ધણીની યાદ અપાવતું હતું. તેનો ધણી પણ એવી જ રીતે દાંત પીસતો અને બાંયો વાળીને ઉપર ચડાવી દેતો. તેના મનમાં પણ એવો જ અધીરો રોષ પ્રજ્વળતો રહેતો. તેના રોષમાં અધીરાઈ હતી પણ તે અસ્ફુટ હતો, પરંતુ આ માણસ તો પોતાની લાગણીઓને વ્યક્ત કરતો હતો, અને એ કારણે ઓછો ખોફનાક લાગતો હતો.

"આ કામ તો કરવું જ પડે એમ છે," પાવેલ માથું હલાવતો બોલ્યો. "અમને હકીકતો પૂરી પાડો તો અમે તમારી સારુ અખબાર છાપીએ."

માએ દીકરાની સામે જોઈને મોં મલકાવ્યું અને માથું હલાવ્યું. પછી કશું બોલ્યા વગર તે બહારનાં કપડાં પહેરીને રવાના થઈ ગઈ.

"સરસ. અમે બધી સામગ્રી પૂરી પાડીશું. લખાણ એવું સાદું રાખજો કે ગાય પણ સમજે!" રીબિન બોલી ઊઠયો.

રસોડાનું બારણું ઊઘડયું અને કોઈ અંદર દાખલ થયું.

"યેફીમ છે," રીબિન રસોડામાં નજર નાખતો બોલ્યો. "અહીં આવ, યેફીમ! પાવેલને મળ! મેં તને એની વાત તો કરી જ છે."

આવીને પાવેલની સામે ઊભો રહી ગયેલો જુવાન ઊંચા કદનો હતો, તેના વાળ ઊજળા હતા, ચહેરો પહોળો હતો, તેણે ઘેટાની ખાલનો કોટ પહેર્યો હતો અને ટોપી હાથમાં પકડી રાખી હતી. તે ઢળેલાં ભવાં નીચેથી પાવેલની ઉપર નજર નાખી રહ્યો હતો. તે ખૂબ જોરાવર હોય એમ લાગતું હતું.

"કેમ છો!" તે ઘોઘરા અવાજે બોલ્યો અને હાથ મિલાવી લીધા પછી પોતાના સીધા વાળમાં આંગળીઓ ફેરવવા લાગ્યો. ઓરડામાં બધે નજર ફેરવતાં ચોપડીઓ તેના ધ્યાનમાં આવી ગઈ, અને તે ધીરે ધીરે એ તરફ ખસવા લાગ્યો.

"જોઈ લીધી!" રીબિન પાવેલની સામે જોઈને મિચકારો કરતો બોલ્યો. યેફીમે તેમની તરફ નજર નાખી, અને પછી ચોપડીઓ જોવાનું શરૂ કરી દીધું.

"કેટલી બધી ચોપડીઓ!" તે અચરજના ભાવે બોલી ઊઠયો. "અને તમને તો વાંચવાનો વખત જ કદાચ નહિ મળતો હોય. પણ ગામડામાં વાંચવાનો વખત બહુ મળે..."

"પણ મન ઓછું થાય?" પાવેલે સવાલ કર્યો.

"અરે ના, મન પણ બહુ થાય," જુવાન હડપચી પર હાથ ફેરવતો બોલ્યો. "લોકો હવે ભેજાનો ઉપયોગ કરવા લાગ્યા છે. 'ભૂસ્તરશાસ્ત્ર.' એ શું?"

પાવેલે સમજાવ્યું.

"અમારે એની જરૂર નથી," જુવાન પુસ્તક પાછું ઘોડામાં ગોઠવતો બોલ્યો.

"ગામના ખેડૂતને એ વાતની પરવા નથી હોતી કે પૃથ્વી ક્યાંથી આવી અને કેવી રીતે બની," રીબિન મોટો નિસાસો નાખતો બોલ્યો. "એને તો ફક્ત એટલું જાણવાની તાલાવેલી હોય છે કે ધરતીના ભાગલા કેવી રીતે પાડવામાં આવ્યા, તેની નજર સામે જમીનદારો કેવી રીતે જમીન ઉપર કબજો કરી બેઠા. પૃથ્વી ગતિમાન હોય કે સ્થિર ખડી હોય એથી શો ફેર પડવાનો હતો? પૃથ્વીને ટાંગી દો કે ખીલો જડી દો — ખેડૂતને એની કશી પરવા ન હોય, એને તો બસ એટલી જ ફિકર હોય કે જમીન એનું પેટ ભરે!.."

'ગુલામીનો ઈતિહાસ,' યેફીમે ચોપડીનું નામ વાંચ્યું. "આ અમારે વિશે છે?"

"ના, પણ આ ચોપડીમાં એક પ્રકરણ રશિયાની ખેતગુલામી વિશે છે," પાવેલે તેને એક બીજી ચોપડી આપતાં કહ્યું. યેફીમે ચોપડી હાથમાં લઈને આમતેમ ફેરવી જોઈ.

"એ તો વીતેલા જમાનાની વાત થઈ," તેણે ઉદાસીન ભાવે કહ્યું અને ચોપડી પાછી મૂકી દીધી.

"તમને ફાળવણીમાં જમીન મળી છે?" પાવેલે પૂછ્યું.

"હા, મળી છે. મારી અને મારા બે ભાઈઓની મળીને લગભગ દસ એકર જમીન છે. સાવ રેતાળ. વાસણ માંજવા સારુ મઝાની, પણ ખેતી સારુ નકામી..."

તે થોડી વાર થંભીને ફરી બોલ્યો: "પણ મેં જમીન છોડી દીધી છે. શા કામની? પેટ તો ભરે નહિ, ફક્ત બાંધી રાખે. હું તો ચાર વરસથી ખેતમજૂરી કરું છું. ચોમાસા પછી લશ્કરમાં જવાનું છે. મિખાઈલોકાકાનું કહેવું છે કે ન જાવું, આજકાલ સિપાહીઓને હાથે બીજા લોકોને મારી નખાવવામાં આવે છે. પણ મને લાગે છે કે હું તો જવાનો. સ્તેપાન રાઝિન અને પુગાચોવના જમાનામાં પણ સિપાહીઓ લોકોને મારી નાખતા. હવે એવી હાલત ખતમ કરી નાખવાનો વખત પાકી ગયો છે. તમે શું ધારો છો?" તેણે પાવેલની સામે જોઈને સવાલ કર્યો.

"હાસ્તો, વખત તો પાકી ગયો છે," પાવેલે હસીને જવાબ આપ્યો. "પણ કામ સહેલું નથી. સિપાહીઓને શું કહેવું અને કેવી રીતે કહેવું તે આવડવું જોઈએ..."

"શીખી લઈશું," યેફીમ બોલ્યો.

"અફસરોને ખબર પડી જાય તો તમને ગોળીએ વીંધી નાખે," પાવેલે કુતૂહલભરી નજરે યેફીમની સામે જોતાં કહ્યું.

"એ લોકોની પાસેથી બહુ દયાની આશા તો ન જ રખાય," જુવાન શાંત ભાવે સહમત થઈને વળી ચોપડીઓ જોવા લાગ્યો.

"યેફીમ, ચા પી લે, આપણે હવે જલદી નીકળવાનું છે," રીબિને કહ્યું.

"હમણાં," યેફીમે જવાબ આપ્યો અને નવો સવાલ પૂછ્યો: "ક્રાંતિ એટલે શું બળવો?"

આન્દ્રેઈ દાખલ થયો, હમામમાં ગરમ પાણીએ નાહીને આવેલો એટલે તેનો ચહેરો રાતો થઈ ગયો હતો અને કપાળે પરસેવો વળી ગયો હતો. તેના મોં પર ગમગીની છવાયેલી હતી. તે કશું બોલ્યા વગર યેફીમ જોડે હાથ મિલાવીને રીબિનની પાસે બેસી જતો લૂખું હસ્યો.

"આમ નાખુશ નાખુશ કેમ લાગે છે?" રીબિને તેના ગોઠણ ઉપર હળવી થપાટ મારતાં પૂછ્યું.

"ખાસ કંઈ નથી," ખોખોલે જવાબ આપ્યો.

"આ ભાઈ પણ કામદાર છે?" યેફીમે આન્દ્રેઈની તરફ સંકેત કરતાં સવાલ કર્યો.

"હા, છું. કેમ?" આન્દ્રેઈ બોલ્યો.

"એણે કારખાનાના કામદારો અગાઉ ક્યારેય નથી જોયા," રીબિને ખુલાસો કર્યો. "એને કામદારો બીજા લોકોથી ન્યારા લાગે છે..."

"અમારામાં ન્યારું શું લાગે છે?" પાવેલે પૂછ્યું.

"તમારાં હાડકાં ચપટાં છે," યેફીમે આન્દ્રેઈને બારીક નજરે નીરખીને કહ્યું. "ખેડૂતનાં હાડકાં ધાર વગરનાં ગોળ ગોળ હોય..."

"ખેડૂત તો મક્કમ પગે ખડો રહે," રીબિને ઉમેર્યું. "એને પગ હેઠે જમીનનો ટેકો લાગે, પછી જમીન ભલે એની ન હોય. એને જમીનની ઓથ લાગે. પણ કારખાનાનો કામદાર તો પંખી જેવો હોય—વતનની ધરતી નહિ, ઘર નહિ. આજે અહીંયાં તો કાલે બીજે. એને તો ઓરત પણ એક જગ્યાએ બાંધી ન રાખી શકે. કંઈક વાંધો ઊભો થાય કે તરત જ એ તો ઓરતને પડતી મૂકીને ચાલતો થઈ જાય, કશાક બહેતરની તલાશમાં રવાના થઈ જાય. પણ ખેડૂત તો પોતાની જિંદગીને વળગી રહીને હાલત બહેતર બનાવવા માગે છે. લો, મા આવી ગઈ!"

"મને કોઈ ચોપડી આપશો?" યેફીમે પાવેલની પાસે જઈને પૂછ્યું.

"જરૂર આપીશ," પાવેલ બોલ્યો.

જુવાનની આંખો ઉત્સુકતાથી ચળકી ઊઠી.

"પાછી પહોંચાડી દઈશ," તેણે પાવેલને ખાતરી આપી. "અમારે ત્યાંથી માણસો ડામર લઈને આવતા રહે છે. તેઓ લઈ આવશે."

"હવે નીકળીએ, મોડું થાય છે," રીબિન બોલ્યો. તેણે કોટ પહેરી લીધો હતો અને તે પટ્ટો કસી રહ્યો હતો.

"મઝા પડી જશે!" હાથમાં ચોપડી પકડીને ખુશીના ભાવે હસતો યેફીમ બોલ્યો.

"કેવા લાગ્યા?.." બેઉ જણ ગયા એટલે પાવેલ આન્દ્રેઈની તરફ ફરીને બોલ્યો. તેના અવાજમાં ઉત્તેજના હતી.

"જાણે તોફાનનાં વાદળાં," ખોખોલ ધીરે ધીરે બોલ્યો.

"મિખાઈલો?" મા બોલી. "એ તો જાણે કારખાનામાં કદી કામ જ ન કર્યું હોય એવો લાગતો હતો. ખરો ગામડિયો ખેડૂત! વળી કેવો ખોફનાક!"

"અફસોસની વાત છે કે એ લોકો આવ્યા ત્યારે તું નહોતો," પાવેલે ખોખોલને કહ્યું. ખોખોલ ટેબલ પાસે બેસીને ભવાં સંકોચતો ચાના ગ્લાસને તાકી રહ્યો હતો. "તું હંમેશાં ઇન્સાનના દિલની વાત કરે છે, આ બેનાં દિલમાં તારે ડોકિયું કરવા જેવું હતું. રીબિને તો મારો શ્વાસ જ અદ્ધર ચડાવી દીધો! હું એની જોડે દલીલ પણ ન કરી શક્યો. એને માણસમાં તો જરાય વિશ્વાસ જ નથી, અને એની નજરમાં માનવીનું કશું મૂલ્ય જ નથી. માની વાત ખરી છે — એનામાં કશુંક ખોફનાક જરૂર છે..."

"મનેય એમ જ લાગેલું," ખોખોલ ખિન્ન ભાવે બોલ્યો. "લોકોનાં મનમાં ઝેર ભરી દેવામાં આવ્યું છે. જનતા ઊઠીને ખડી થશે ત્યારે બધું ખેદાનમેદાન કરી નાખશે. લોકોને ખાલી જમીન જોઈએ છે, જમીન ખાલી નહિ હોય તો તેઓ ખાલી કરી નાખશે. બધું તોડી ફોડીને ફગાવી દેશે."

તે ધીરે ધીરે બોલતો હતો, અને સાફ દેખાઈ આવતું હતું કે તેના મનમાં બીજા જ વિચારો ઘોળાઈ રહ્યા છે. માએ હાથ લાંબો કરીને તેને હળવેથી સ્પર્શ કર્યો.

"આન્દ્રેઈ, હવે મનને પાછું કાબૂમાં કરી લે!" તે બોલી.

"જરાક થોભી જાઓ, નેનકો," તેણે શાંત હેતભર્યા અવાજે કહ્યું.

પછી અચાનક ઉત્તેજિત થઈ જઈને ટેબલ ઉપર મુક્કો લગાવતો બોલી

ઊઠયો: "ખરેખર, પાવેલ! ખેડૂત એક વાર ઊઠીને ખડો થઈ જશે એટલે જમીનને પોતાના ઉપયોગ માટે સાફ કરી નાખશે! મરકીના રોગચાળા પછી કરવામાં આવે એમ બધું જલાવી દેશે અને પોતે વેઠેલી પીડાની તમામ નિશાનીઓ ખતમ કરી નાખશે..."

"અને પછી તે આપણો માર્ગ રોકીને ખડો રહેશે," પાવેલ ધીમા અવાજે બોલ્યો.

"એને એમ કરતો અટકાવવાનું કામ આપણું છે. એને કાબૂમાં રાખવાની જવાબદારી આપણી છે. બીજા કોઈ કરતાં આપણે જ એની વધારે નજીક છીએ. એ જરૂર આપણી ઉપર વિશ્વાસ રાખશે અને આપણી વાત માનશે."

"રીબિને આપણને ગામડાંના લોકો સારુ અખબાર છાપવાનું સૂચન કર્યું છે," પાવેલે કહ્યું.

"બરાબર મુદ્દાની વાત!"

"અફસોસની વાત છે કે મેં એની જોડે દલીલો ન કરી," પાવેલ જરાક હસીને બોલ્યો.

"હજી મોકા મળશે," ખોખોલ વાળમાં આંગળીઓ ફેરવતો શાંત અવાજે બોલ્યો. "વાંસળી વગાડતા રહીએ તો જે લોકોના પગ જમીન ઉપર જડાઈ ગયેલા નથી તેઓ આપણી ધૂનના આધારે નાચવા લાગશે. રીબિનની વાત ખરી છે કે આપણા પગ નીચે જમીનનો આધાર નથી, અને હોવો પણ ન જ જોઈએ, કારણ કે આપણે તો ધરતીને ધણધણાવી નાખવાની છે. એક વાર જમીનને હલમલાવી નાખીશું એટલે લોકોનાં બંધન ઢીલાં પડી જશે, અને બીજી વાર— લોકો છૂટા થઈ જશે."

"આન્દ્રેઈ, તારી નજરમાં તો બધું સાવ સહેલું ને સાદું છે," મા હસીને બોલી.

"હા, છે જ," ખોખોલે કહ્યું, "ખુદ જિંદગી જેટલું જ સાદું."

થોડી વાર પછી તેણે કહ્યું: "હું જરા ફરવા જાઉં છું..."

"હમણાં તો નાહીને આવ્યો! બહાર પવન છે, શરદી થઈ જશે," માએ તેને વાર્યો.

"મને તાજી હવાની જરૂર છે," તેણે જવાબ આપ્યો.

"શરદીની બીક તો છે, ભાઈ," પાવેલ હેતથી બોલ્યો. "એના કરતાં થોડીક વાર સૂઈ જા તો સારું."

"ના, ફરી આવું."

તે કોટટોપી પહેરીને વધારે કશું બોલ્યા વગર બહાર નીકળી ગયો...

"બિચારાને હૈયે ચેન નથી," મા નિસાસો નાખતી બોલી.

"આ બનાવ પછી તારું એના ઉપરનું વહાલ બહુ વધી ગયું લાગે છે," પાવેલ બોલ્યો, "ખુશીની વાત છે."

માએ અચરજના ભાવે તેની સામે જોયું.

"ખરેખર? મારા તો ધ્યાનમાં જ નહોતું આવ્યું. એટલો વહાલો લાગે છે કે કહી જ ન શકું!"

"તારું હૈયું બહુ જ માયાળુ છે, મા," પાવેલ કોમળ અવાજે બોલ્યો.

"તને ને તારા દોસ્તોને જરા સરખીયે મદદ કરી શકું તો કેટલું સુખ થાય! કેવી રીતે મદદ કરવી એટલું સમજાતું હોત તો કેવું સારું!"

"ધીરે ધીરે સમજાઈ જશે..."

"મારે તો બહુ ફિકર કેમ ન કરવી એ શીખવાનું છે," તે જરાક હસીને બોલી.

"મમ્મી, હવે આ વાત બંધ કરીએ. પણ આટલું યાદ રાખજે—હું તારો ખૂબ ખૂબ અહેસાનમંદ છું!"

મા રસોડામાં ચાલી ગઈ. તે નહોતી ઇચ્છતી કે દીકરો તેનાં આંસુ જોઈ જાય.

ખોખોલ પાછો આવ્યો ત્યારે ખૂબ મોડું થઈ ગયું હતું. તે સીધો સૂવા ચાલ્યો ગયો.

"નહિ નહિ તોયે દસ કિલોમીટર ચાલ્યો હોઈશ," તેણે કહ્યું.

"મન હળવું થયું?.." પાવેલે પૂછ્યું.

"જવા દે એ વાત, મારે સૂઈ જવું છે."

પછી તે ચુપ થઈ ગયો અને જાણે ચેતનહીન હોય એવી રીતે પડયો રહ્યો.

થોડી વારમાં વેસોવશ્ચિકોવ આવ્યો—કાયમ જેવો જ ચીંથરેહાલ, મેલોઘેલો, અને નાખુશ.

"ઈસાઈના ખૂનીની ખબર પડી?" તેણે કઢંગી ચાલે આંટા મારતાં મારતાં પાવેલને પૂછ્યું.

"ના," પાવેલે તોછડો જવાબ આપ્યો.

"એને મળી ગયો એનો કાકો—ટાઢે કોઠે કાંટો કાઢી નાખ્યો! હું પોતે પણ કૂતરાને ખતમ કરી નાખવા તૈયાર થઈ ગયો હતો. અફસોસની વાત છે કે મેં ખૂન ન કર્યું—એ તો બરાબર મારું જ કામ હતું!"

"આવી વાતો ન કર, નિકોલાઇ," પાવેલ બોલ્યો. તેના અવાજમાં દોસ્તીનો ભાવ હતો.

"આ તે કેવી વાત!" મા હેતભર્યા અવાજે બોલી ઊઠી. "દિલ તો તારું જાણે ઘેટાનું હોય એવું છે, અને ગરજે છે સિંહની જેમ! શું કરવા?"

નિકોલાઇ આવ્યો તેથી માને ખુશી થઈ હતી. આજે તો તેનો ચાઠાંદાર ચહેરો પણ માને દેખાવડો લાગતો હતો.

"મને તો બસ એવાં કામ કરતાં જ આવડે," નિકોલાઇ ખભા ઉચકાવતો બોલ્યો. "મારા મનમાં ખ્યાલ ઘોળાયા જ કરે છે કે હું શું શું કરી શકું. કશું જ નહિ. લોકો જોડે વાતો કરવી પડે, અને એ તો મને આવડતું જ નથી. હું જોઉં છું કે હાલત કેવી છે, લોકોને કેવા ગેરઇનસાફ થાય છે, પણ એ બધું હું શબ્દોમાં કહી નથી શકતો. હું તો જાણે મૂંગા પશુ જેવો છું."

તે પાવેલની પાસે ગયો અને માથું નીચું ઢાળીને ટેબલ ઉપર આંગળીઓ દબાવતો તેના કાયમ જેવા નહિ પણ બાળક જેવા ઢીલા અવાજે બોલ્યો:

"દોસ્તો, મને કોઈ મુશ્કેલ કામ આપો. મારાથી આવી જિંદગી નથી જીરવાતી. તમે સૌ પોતપોતાના કામમાં મશગૂલ રહો છો, કામ વધતું જાય છે, પણ હું તો જાણે એનાથી સાવ અળગો જ રહી જાઉં છું, ડીમચાં ને પાટિયાં પહોંચાડતો રહું છું. મારી જિંદગીનો કોઈ હેતુ જ નથી. મને કોઈ મુશ્કેલ કામ આપો."

પાવેલે તેનો હાથ પકડીને તેને નજીક ખેંચી લીધો.

"જરૂર આપીશું," તેણે કહ્યું.

પાર્ટિશન પાછળથી ખોખોલનો અવાજ સંભળાયો.

"હું તને બીબાં ગોઠવવાનું કામ શીખવીશ, નિકોલાઇ. ગમશે?"

નિકોલાઇ અંદર ગયો.

"તું મને એવું કામ શીખવશે તો હું મારી કટાર તને આપી દઈશ!.."

"ભાડમાં જાય તારી કટાર!" ખોખોલ ઘાંટો પાડતો ખડખડાટ હસી પડયો.

"કટાર મઝાની છે," નિકોલાઈએ વાત પકડી રાખી.

પાવેલ પણ હસવા લાગ્યો.

"મારી ઠેકડી ઉડાડો છો?" નિકોલાઇ ઓરડાની વચમાં ઊભો રહી જઈને બોલ્યો.

"હાસ્તો," ખોખોલ ઠેકડો મારીને ખાટલેથી ઊતરતો બોલ્યો. "ચાલો બહાર ફરવા જઈએ, ચાંદની રાત છે. મઝા પડશે. જઈશું?"

"જઈએ," પાવેલ બોલ્યો.

"હુંયે આવું છું," નિકોલાઇએ કહ્યું. "ખોખોલ, તું હસે છે ત્યારે મઝા પડે છે..."

"અને તું ભેટ આપવાની વાત કરે છે ત્યારે મનેય મઝા પડે છે," ખોખોલ હોઠ મલકાવતો બોલ્યો.

તે બહારનાં કપડાં પહેરવા રસોડામાં ગયો ત્યારે માએ તેને કહ્યું:

"ગરમ કપડાં પહેરી લે!.."

ત્રણેય જણ તૈયાર થઈને બહાર નીકળી ગયા. મા બારીએ ઊભી રહીને થોડી વાર તેમને જોતી રહી, અને પછી દેવમૂર્તિ તરફ ફરીને ગણગણી:

"પરમાત્મા, એમનું ભલું કરજે, મદદ કરજે!.."

૨૬

દિવસ એટલા વેગે વીતી જતો કે આગામી મે-દિન અંગે વિચાર કરવાનો માને વખત જ ન મળતો. પરંતુ દિવસના ધમાલિયા કામકાજ પછી થાકીને રાતે પથારીમાં પડે ત્યારે તેના દિલમાં હળવી પીડા ઊપડતી.

"મે-દિન ઝટ આવી જાય તો સારું..." તેને થતું.

પરોઢ થતાં જ સીટી વાગતી. પાવેલ અને આન્દ્રેઈ ઉતાવળા નાસ્તો કરીને બહાર નીકળી જતા. ઘરમાં એકલી રહી જતી મા અનેક જાતનાં કામકાજમાં ગુંથાઈ જતી. આખો દિવસ તે પાંજરામાં પુરાયેલી ખિસકોલીની જેમ દોડાદોડ કરતી રહેતી—ખાવાનું બનાવતી, પોસ્ટર સારુ લાહી અને જાંબલી રોશનાઈ બનાવતી, ભેદી રીતે આવી પહોંચતા અજાણ્યા માણસો જોડે વાત કરતી. એવા માણસો પાવેલ સારુ સંદેશા આપીને પાછા એવી જ ભેદી રીતે રવાના થઈ જતા અને પોતાની ઉત્તેજનાની અસર માના મન ઉપર છોડી જતા.

મે-દિનની ઉજવણીમાં ભાગ લેવાની કામદારોને અપીલ કરતાં પોસ્ટરો લગભગ રોજ રાતે ભીંતો ને વંડીઓ ઉપર તેમ જ પોલીસથાણાનાં બારણાં ઉપર પણ ચોંટાડી દેવામાં આવતાં, અને કારખાનામાં રોજ ચોપાનિયાં વહેંચવામાં આવતાં. દરરોજ સવારે પોલીસના માણસો મજૂર વસતિમાં રખડીને ગાળો ભાંડતા ભાંડતા પોસ્ટરો ઉખેડી નાખતા. પણ જમવાના વખતે નવાં ચોપાનિયાં પવનમાં ઊડતાં રાહદારીઓના પગ પાસે પડતાં. શહેરમાંથી મોકલવામાં આવેલા છૂપી પોલીસના માણસો શેરીઓને નાકે ઊભા રહેતા અને ખાવાની રજા દરમિયાન કારખાનામાંથી જતા આવતા ખુશાલ કામદારોના ચહેરા બારીક નજરે જોતા

રહેતા. હાલતને પહોંચી વળવાની પોલીસની નાકામયાબી જોઈને સૌને મઝા પડતી. આધેડ કામદારો પણ હોઠ મલકાવી લેતા અને માંહોમાંહે ગુસપુસ કરતા:

"કેવા માખીઓ મારે છે!"

દરેક ઠેકાણે કામદારો ટોળે વળીને અપીલ અંગે ગરમાગરમ દલીલો કરતા નજરે પડતા. એ વસંતના દિવસોમાં સારી પેઠે ઉત્તેજના ફેલાઈ ગઈ અને સૌને જિંદગીમાં વધારે રોનક વરતાવા લાગી કારણ કે કશુંક નવું બની રહ્યું હતું. કેટલાક માણસો બેહદ ખીજે ભરાઈ ગયા હતા અને બળવાખોરોને ખૂબ ગાળો ભાંડતા હતા. બીજા કેટલાકનાં મનમાં ઝાંખી આશા અને ચિંતાની લાગણી પેદા થઈ ગઈ હતી. અને કેટલાક એ કારણે ઊંડી ખુશી અનુભવતા હતા કે લોકોની અંદર સળવળાટ તેમણે પોતે જ પેદા કર્યો હતો. એવા માણસોની સંખ્યા નાની હતી.

પાવેલ અને આન્દ્રેઈને સૂવાનો વખત લગભગ મળતો જ નહિ. તેઓ ફિક્કા ચહેરા, ઘોઘરાં ગળાં, અને થાકેલાં બદન લઈને છેક પરોઢિયે ઘેર પાછા ફરતા. માને ખબર હતી કે તેઓ રાતે ઝાડીઓમાં મિટિંગો ભરવા જતા. માને એ પણ ખબર હતી કે ઘોડેસવાર પોલીસો મજૂર વસતિની આસપાસના વિસ્તારમાં રાતે પહેરા ભરે છે, દરેક ઠેકાણે ગોઠવાઈ ગયેલા છૂપી પોલીસના માણસો કામદારોને રોકીને ઝડતી લે છે, લોકોનાં ટોળાં નજરે પડે તો વિખેરી નાખે છે, અને ક્યારેક ગિરફતારીઓ પણ કરે છે. મા સમજી ગઈ હતી કે પાવેલ અને આન્દ્રેઈની ઉપર ગિરફતારીનું જોખમ સતત તોળાઈ રહ્યું છે, અને તેના મનમાં લગભગ થઈ આવતું કે ગિરફતાર થઈ જાય તો સારું. તેને ખ્યાલ આવતા કે બેય જુવાનો માટે એ જ બહેતર છે.

કોઈ વિચિત્ર કારણસર ટાઈમકીપરના ખૂનની વાત ઉપર પડદો ઢાંકી દેવામાં આવ્યો હતો. પોલીસે બે દિવસ તપાસ ચાલુ રાખી, પણ દસબાર માણસોને સવાલ-જવાબ કરીને પછી કેસ પડતો મૂકી દેવામાં આવ્યો હતો.

એક દિવસે મારિયા કોરસુનોવાએ પોતાનો મત માને જણાવ્યો. તેના સંબંધો સૌની જોડે સારા હતા એવી જ રીતે પોલીસની જોડે પણ સારા હતા, અને તેનો મત નિ:શંક પોલીસનો જ મત હતો.

"ખૂની ક્યાંથી હાથમાં આવે!" તેણે કહ્યું. "એ દિવસે સવારે ઓછામાં ઓછા એકસો માણસોએ ઈસાઈને જોયો હશે, અને એમાંથી નેવું માણસોને ઈસાઈનો કાંટો કાઢી નાખવામાં ભારે ખુશી થઈ હોત. એ તો સાત સાત વરસથી લોકોને એમ કરવા લલચાવતો હતો..."

ખોખોલમાં પડી ગયેલો ફેર ધ્યાનમાં આવી જતો હતો. તેનો ચહેરો સુકાઈને પાતળો પડી ગયો હતો અને પોપચાં સૂજી ગયાં હોવાથી મોટી મોટી આંખો જાણે અરધી બિડાયેલી લાગતી હતી. તેનાં નસકોરાંથી મોંના ખૂણાઓ સુધી આછી રેખાઓ નજરે પડતી હતી. તે સાધારણ બાબતો અંગે બહુ ઓછી વાત કરતો, પરંતુ વધારે ને વધારે પ્રસંગોએ તે ભાવાવેગની કોઈ અજબ દુનિયામાં સરી પડતો. એવે વખતે ઇનસાફ અને આઝાદીના વિજયના ભાવિ જીવનનું વર્ણન તેને મુખેથી સાંભળનારાઓ રોમાંચ અનુભવતા.

થોડા વખતમાં ઈસાઈના ખૂનની વાતો પણ બંધ થઈ ગઈ.

"એ લોકોની નજરમાં ઇન્સાનોની મુદ્દલ કિંમત નથી, આપણી સામે કૂતરાની જેમ ઉપયોગમાં લેવાતા માણસની પણ મુદ્દલ કિંમત નથી," આન્દ્રેઈ કટાણું હસતો બોલ્યો. "એ લોકોને પોતાના ખાંધિયા ગુમાવી દેવાનો જરાય અફસોસ નથી, ફક્ત પૈસા ગુમાવી દેવાનો જ અફસોસ હોય છે!"

"બસ, આન્દ્રેઈ, આવી વાતો બહુ થઈ ગઈ!" પાવેલ મક્કમ અવાજે બોલ્યો.

"સડેલું માળખું જરાક અડતાં જ ભાંગીને ભૂકો થઈ ગયું, બસ," મા બોલી.

"ખરી વાત, પણ એથી મનને બહુ રાહત નથી મળતી," ખોખોલે ગમગીન ભાવે જવાબ આપ્યો.

તે ઘણી વાર એમ કહેતો, પણ તેના હોઠેથી બોલાતા એ શબ્દો અર્થનો વિસ્તાર પામીને દાહક તથા કટુ સામાન્યીકરણનું રૂપ ધારણ કરી લેતા...

લાંબા વખતથી વાટ જોવાતો દિવસ—મે-દિન—આખરે આવી ગયો.

સીટી હંમેશ જેટલું જ તાકીદનું ફરમાન કરતી ગુંજી ઊઠી. મટકુંયે માર્યા વગર આખી રાત જાગતી પડી રહેલી માએ બિછાનેથી ઊઠીને સમોવાર પેટાવ્યો. તેણે સમોવાર પાછલી સાંજે જ તૈયાર કરી રાખ્યો હતો. તે રોજની જેમ જુવાનોના ઓરડાનું બારણું ખખડાવવા જતી હતી, પણ પછી એમ કરવાને બદલે બારી પાસે બેસી ગઈ, અને જાણે દાંતમાં દુખાવો થતો હોય એમ તેણે એક હાથ લમણે ટેકવી દીધો.

ઝાંખા ભૂરા આકાશમાં ગુલાબી અને સફેદ વાદળાંનું ઝૂમખું, જાણે મોટા પંખીઓનું ઝુંડ કારખાનાની વરાળના ફૂંફાટાથી ગભરાઈને ઊડી જતું હોય એવી રીતે સરકી રહ્યું હતું. મા જાણે સ્વપ્નમાં સરી પડી હોય એવી રીતે વાદળાં નીરખતી રહી, આખી રાતના ઉજાગરાને લીધે તેનું માથું ભારે થઈ ગયું હતું

અને આંખો સુકાઈને સૂજી ગઈ હતી. તેના દિલમાં અજબ પ્રકારની શાંતિ છવાયેલી હતી. હૈયું એકધારું ધબકી રહ્યું હતું અને મનમાં સાદા વિચારો ઘોળાઈ રહ્યા હતા: "સમોવાર વહેલો પેટાવી દીધો, બધુંય પાણી ઊકળીને ઊડી જશે... બેય બીચારા ખૂબ થાકેલા છે, આજે ભલે વધારે સૂતા રહેતા..."

ઊગતા પ્રભાતનાં રમતિયાળ કિરણો બારીમાં નાચી રહ્યાં હતાં. તેણે હાથ લંબાવીને તડકામાં રાખ્યો અને કિરણોની ઉષ્માનો અનુભવ થતાં તે બીજો હાથ તેની ઉપર ફેરવવા લાગી. તે વિચારમાં ડૂબી ગયેલી હતી અને તેના હોઠ મલકી રહ્યા હતા. આખરે તેણે ઊઠીને સમોવારમાંથી કોલસાનું ભૂંગળું કાઢી લીધું. પછી હાથમોં ધોઈને તે પ્રાર્થના કરવા બેઠી અને ઊંડી નિષ્ઠાથી વારંવાર હાથ ઊંચા કરીને તથા હોઠ ફફડાવીને ઈશ્વરને આરાધવા લાગી. તેના ચહેરા ઉપર આભા ફેલાઈ ગઈ અને જમણું ભવું ફરકવા લાગ્યું...

બીજી સીટી બહુ જોરથી ન વાગી. તેમાં તકાદો પણ ઓછો લાગતો હતો. ઘેરા ઘોઘરા અવાજમાં જરાક કંપ વરતાતો હતો. માને લાગ્યું કે સીટી રોજ કરતાં વધારે વાર વાગતી રહી છે.

બીજા ઓરડામાંથી ખોખોલનો ઊંડો સાફ અવાજ સંભળાયો:

"પાવેલ! સાંભળે છે ને?"

કોઈના ઉઘાડા પગ ભોંયપટ ઉપર પડયા, અને બેમાંથી એક જણે મોટું બગાસું ખાધું.

"સમોવારમાં પાણી તૈયાર છે," મા બોલી ઊઠી.

"હમણાં ઊઠીએ છીએ," પાવેલે આનંદી ભાવે જવાબ આપ્યો.

"સૂરજ ઊગી ગયો છે અને આકાશમાં વાદળાં છે," ખોખોલ બોલ્યો. 'આજે તો વાદળાં ન હોત તો સારું હતું!"

તે રસોડામાં દાખલ થયો. સૂઈને ઊઠેલો એટલે મોંમાથું અસ્તવ્યસ્ત હતાં, પણ ખુશમિજાજમાં હતો.

"કેમ છે, નેનકો! નીંદર કેવી આવેલી?"

મા તેની પાસે ગઈ અને ધીમા અવાજે બોલી: "આન્દ્રેઈ, સરઘસમાં તું એની ભેગો જ રહેજે!"

"ચોક્કસ," ખોખોલે પણ હળવા અવાજે જવાબ આપ્યો. "નેનકો, ખાતરી રાખજે, અમે બેય ભેગા રહીએ ત્યાં સુધી જોડાજોડ કૂચ કરીશું!"

"શું ગુસપુસ ચાલે છે?" પાવેલે સવાલ કર્યો.

"ખાસ કંઈ નહિ, પાશા."

“માએ મને મોં સરખી રીતે ધોઈ લેવાની શિખામણ આપી. આજે તો છોકરીઓ મને ડોળા ફાડી ફાડીને બસ જોતી જ રહેવાની છે!” ખોખોલ જવાબ આપીને હાથમોં ધોવા ચાલ્યો ગયો.

“ઊઠ, જાગ! ભૂખ્યા બંદી, હવે ખેંચ તું લાલ હથિયાર...” પાવેલ ધીમા અવાજે ગીત ગણગણવા લાગ્યો.

સૂરજ ઉપર ચડતો ગયો તેમ તેમ હવામાન સુધરતું ગયું. પવનમાં દૂર ઊડી જતાં વાદળાં થોડી વારમાં અદૃશ્ય થઈ ગયાં. ટેબલ પર નાસ્તો ગોઠવતી મા માથું હલાવતી વિચાર કરતી હતી કે બધું કેવું અજબ છે—અત્યારે સવારે સૌ હસીએ છીએ ને ટોળટપ્પા કરીએ છીએ, કોઈને ખબર નથી કે દિવસ દરમિયાન શું થવાનું છે. કોણ જાણે કેમ પણ તેના મનમાં શાંતિ હતી અને દિલમાં લગભગ ઉમંગ જેવી લાગણી હતી.

તેમણે વખત પસાર કરવા નાસ્તો નિરાંતે ધીરે ધીરે કર્યો. પાવેલે રોજની ટેવ મુજબ ચાના ગ્લાસમાં ખાંડ ધીરે ધીરે હલાવી અને રોટીના મનપસંદ પોપડીદાર કકડા ઉપર મીઠું એકસરખું ભભરાવ્યું. ખોખોલ ટેબલ નીચે પગ વારે વારે હલાવતો હતો. તેને પગ સરખી રીતે ગોઠવવામાં હંમેશાં મુશ્કેલી પડતી. ચા ઉપરથી પરાવર્તિત થઈને ભીંતે અને છતમાં નાચતા રહેતા એક સૂર્યકિરણને તે નીરખી રહ્યો હતો.

“હું દસ વરસનો હતો ત્યારે એક વાર મને મન થયું કે સૂરજને ગ્લાસમાં પકડી લઉં,” તે બોલ્યો. “એટલે ગ્લાસ લઈને હું છાનોમાનો અગાસી ઉપર તડકામાં પહોંચી ગયો. પણ ગ્લાસ ફૂટી ગયો! હાથમાં કાચ વાગ્યો ને ઉપરથી માર પડયો! મેથીપાક ખાઈને હું વાડામાં ગયો. ત્યાં એક ખાબોચિયામાં સૂરજનું પ્રતિબિંબ પડતું હતું. હું તરત જ પૂરું જોર લગાવીને સૂરજને પગ નીચે કચરી નાખવા લાગ્યો. કપડાં સાવ ભીંજાઈ ગયાં અને ફરી વાર માર પડયો... એટલે મેં વેર લેવા સૂરજની સામે જીભ કાઢીને ચાળો કર્યો અને બરાડો પાડયો—‘લાલ મોંવાળા શયતાન! ભલે માર પડયો! મને એની પરવા નથી!’ કોણ જાણે કેમ પણ એથી મને રાહત લાગી.”

“પણ તેં એને લાલ મોંવાળો કેમ કહ્યો?” પાવેલે હસતાં હસતાં પૂછ્યું.

“અમારા ઘરની સામે એક કદાવર લુહાર રહેતો હતો. એનો ચહેરોયે રાતો ને દાઢીયે રાતી. ખુશમિજાજ ભલો આદમી હતો, અને એને જોતાં મને સૂરજ યાદ આવતો...”

આખરે મા અધીરી થઈને બોલી: “આજના સરઘસની વાત કેમ નથી કરતા?”

"એક વાર નક્કી થઈ ગયું પછી એની વાત કરીએ તો ગોટાળા થઈ જાય," ખોખોલ નરમાશથી બોલ્યો. "નેનકો, થવાનું હોય ને અમે બધા ગિરફ્તાર થઈ જઈએ તો નિકોલાઇ ઇવાનોવિચ આવીને તમને કહેશે કે શું કરવું."

"સારું," મા નિસાસો નાખતી બોલી.

"ફરવા જઈએ તો કેમ?" પાવેલ સપનામાં બોલતો હોય એવી રીતે બોલ્યો.

"હમણાં ઘરમાં જ રહીએ તો સારું," આન્દ્રેઈએ જવાબ આપ્યો. "વખત આવતાં પહેલાં જ પોલીસને શું કરવા લલચાવવા? આમેય આપણને બરાબર ઓળખે તો છે જ."

ફ્યોદોર માઝિન હાંફતો ઘરમાં દાખલ થયો. તેનો ચહેરો ઝળકી રહ્યો હતો, ગાલ લાલ થઈ ગયા હતા. તેની ખુશાલ ઉત્તેજનાથી સૌનો વાટ જોવાનો ભાર જાણે એકાએક ઊતરી ગયો.

"શરૂઆત થઈ ગઈ!" તેણે કહ્યું. "લોકો સળવળી રહ્યા છે, નિર્ધાર ટપકતા ચહેરા લઈને બહાર નીકળી રહ્યા છે. વેસોવશ્ચિકોવ ને વાસ્યા ગૂસેવ ને સામોઈલોવ કારખાનાને દરવાજે ભાષણ કરી રહ્યા છે. ઘણાબધા કામદારો દરવાજેથી પાછા વળી ગયા છે. ચાલો! હવે વાર કરવા જેવું નથી! દસ તો વાગી ગયા છે!.."

"ચાલો," પાવેલ મક્કમ અવાજે બોલ્યો.

"જોજો તો ખરા, બપોર પછી આખું કારખાનું ખાલી થઈ જશે!" કહેતો ફ્યોદોર પાછો રવાના થઈ ગયો.

"પવનમાં મીણબત્તી બળે એવી રીતે એના મનમાં જુસ્સાની આગ જલી રહી છે," મા બોલી. પછી તે ઊઠીને કપડાં બદલવા રસોડામાં ગઈ.

"નેનકો, તમે ક્યાંની તૈયારી કરો છો?"

"તમારા ભેગી," તેણે જવાબ આપ્યો.

આન્દ્રેઈએ મૂછે હાથ ફેરવતાં પાવેલની સામે જોયું. પાવેલ વાળમાં આંગળીઓ ફેરવતો માની પાસે ગયો.

"મા, તને રોકવા હું એક વેણ પણ નહિ બોલું, અને તારે મને કંઈ ન કહેવું — કબૂલ?"

"કબૂલ, કબૂલ! ઈશ્વર તમને મદદ કરે!" તે ગણગણી.

૨૭

બહાર નીકળતાં જ હવામાં અપેક્ષાભર્યા ઉત્તેજિત અવાજોનો ગુંજારવ સાંભળીને, અને મકાનોને બારીબારણે ટોળે વળીને કુતૂહલભરી નજરે પાવેલ તથા આન્દ્રેઈને નીરખતા લોકોને જોઈને, માની નજરની સામે જાણે લીલા ને રાખોડી રંગોનું ધુંધળું મિશ્રણ તરવા લાગ્યું.

લોકો દુવાસલામ કરી રહ્યા હતા, અને આજે તેમના શબ્દોમાં ખાસ મર્મ ભરેલો હતો. શાંત અવાજે થતી વાતચીતના તૂટક તૂટક હિસ્સા તેને કાને પડયા:

"લો, આગેવાનો નીકળ્યા!.."

"આપણને ખબર જ નથી કે આગેવાનો કોણ છે..."

"હું કંઈ મેલી મુરાદે નથી કહેતો..."

એક જગ્યાએ આંગણામાંથી કોઈએ ખીજભર્યો ઘાંટો પાડયો:

"પાલીસ પકડી લેશે એટલે ઠેકાણે પડી જશે!.."

"એક વાર તો પકડી જોયા છે!"

રસ્તે એક ઘરની બારીમાંથી કોઈ બાઈનો વિલાપિયો અવાજ સંભળાયો:

"સમજી વિચારીને ડગલું માંડો! ખ્યાલ તો રાખો કે ઘરમાં બૈરીછોકરાં છે!"

તેઓ પગ વગરના ઝોસિમોવના ઘર આગળથી નીકળ્યા. તેને કામ દરમિયાન અકસ્માત થયેલો એટલે કારખાના તરફથી માસિક પેન્શન મળતું હતું.

તેણે બારીમાંથી ડોકું બહાર કાઢીને ઘાંટો પાડયો: "પાવેલ! તારી ગરદન મરડી નાખશે, લફંગા! તારો તો બરાબર લાયક અંજામ આવશે!"

મા એકદમ ઊભી રહી ગઈ અને તેની કાયા કંપી ઊઠી. તેના દિલમાં જાણે કોપનો આકરો ડંખ લાગી ગયો. તેણે માથું ઊંચું કરીને અપંગના ફૂલી ગયેલા ચહેરા ઉપર નજર નાખી. ઝોસિમોવે ગાળ બકીને ડોકું અંદર ખેંચી લીધું. મા ઝડપથી ડગલાં ભરતી દીકરાની નજીક પહોંચી ગઈ અને પાછળ ન રહી જવાની કોશિશ કરતી ઉતાવળી ચાલવા લાગી.

પાવેલ અને આન્દ્રેઈ જાણે કશું ધ્યાનમાં જ ન લેતા હોય અને દેકોરો સાંભળતા જ ન હોય એવી રીતે જઈ રહ્યા હતા. તેઓ શાંતિથી સ્વસ્થ ડગલાં ભરતા ચાલી રહ્યા હતા. વચમાં એક ઠેકાણે મિરોનોવે તેમને વાત કરવા રોક્યા. તે આધેડ ઉંમરનો વિવેકી આદમી હતો અને શાંત પ્રમાણિક જિંદગી ગુજારતો હતો. સૌ તેના પ્રત્યે આદર ધરાવતા હતા.

"તમે પણ આજે કામે નથી ગયા ને?" પાવેલે પૂછ્યું.

"વહુને સુવાવડ નજીક આવી છે. વળી આવા દિવસે તો મન બેચેન થઈ જાય," તેણે કહ્યું અને સાથીઓની ઉપર એકધારી નજર માંડીને ધીમા અવાજે પૂછ્યું:

"સાંભળ્યું છે કે આજે તમે લોકો ડાયરેક્ટરને ધાંધલની મઝા ચખાડવાના છો, બારીઓ તૂટવાની છે ને એવું બધું, ખરી વાત?"

"અમે કંઈ દારૂ નથી પીધો!" પાવેલ બાલી ઊઠયો.

"અમારો ઈરાદો તો ફક્ત રસ્તે કૂચ કરવાનો અને થાડાંક ગીતો ગાવાનો છે," ખોખોલે કહ્યું. "અમારાં ગીત સાંભળજો, અમાં અમારા ધ્યેયના નાદ ગુંજી ઊઠશે."

"તમારું સૌનું ધ્યેય તો હું બરાબર જાણું છું," મિરોનોવ વિચારમાં પડી જઈને બોલ્યો. "તમારાં છાપાંચોપાનિયાં હું વાંચું છું. અરે, પેલાગેયા નીલોવ્ના!" તે બાલી ઊઠો. બુદ્ધિપ્રભાથી ઝળકતી તેની આંખો મલકી ઊઠી. "તું પણ બળવામાં ભળી ગઈ છે?"

"થયું કે મરતાં પહેલાં એક વાર ઈનસાફની તરફેણમાં કદમ ઉઠાવી લઉં!"

"વાહ!" મિરોનોવ બોલ્યો. "સાંભળેલું તે ખરું જ લાગે છે કે કારખાનામાં ચોપાનિયાં પહોંચાડવાનું કામ તારું છે."

"ક્યાંથી સાંભળેલું?" પાવેલે સવાલ કર્યો.

"અરે વાતો થાય છે! વારુ, આવજો! મક્કમ રહેજો!"

માના ચહેરા ઉપર શાંત મલકાટ ફેલાઈ ગયો. પોતાને વિશે આવી વાતો થાય છે એ જાણીને તેનું મન ખુશ થઈ ગયું.

"મા, તુંયે જેલમાં જવાની," પાવેલ હસીને બોલ્યો.

સૂરજ આકાશમાં ઊંચે ચડતો ગયો અને વસંતના દિવસની જોમબક્ષ તાજગીમાં ઉષ્મા રેડતો રહ્યો. વાદળોનો વેગ ધીમો પડી ગયો અને તેઓના પડછાયા વધારે ઝાંખા તથા પારદર્શક બનતા ગયા. રસ્તા ઉપરથી તથા મકાનોનાં છાપરાં ઉપરથી ધીરે ધીરે સરકતા અને લોકોને આવરી લેતા વાદળછાંયા જાણે ઘરો ઉપર જામેલી ધૂળ અને મેલ સાફ કરી નાખતા હતા અને માણસોના ચહેરાઓ ઉપરથી કંટાળો ધોઈ નાખતા હતા. આખું વાતાવરણ આનંદદાયક લાગતું હતું. અવાજો વધતા ગયા અને દૂરથી સંભળાતો મશીનોનો ધમધમાટ તેમાં ડૂબી ગયો.

બારીઓ અને આંગણાંમાંથી ક્યારેક ઊડતાં ને ક્યારેક ધીરે ધીરે સરકતાં આવતાં વેણ ફરી માને કાને પડવા લાગ્યાં—તેમાં ઝેરીલાં ને ફિકર ઉપજાવતાં

વેણ પણ હતાં તેમ જ ચિંતનમય ને ઉલ્લાસમય વેણ પણ હતાં. પણ હવે માના મનમાં વિરોધ કરવાની, સમજાવવાની, અહેસાન જાહેર કરવાની ઉત્સુકતા જાગી હતી—એ દિવસની અજબ રૂપે બહુવિધ જિંદગીમાં સક્રિય ભાગ લેવાની ઉત્કંઠા જાગી હતી.

એક સાંકડી ગલીમાં લગભગ સો માણસો ભેગા થઈ ગયા હતા અને ટોળાની વચ્ચેથી વેસોવશ્ચિકોવનો અવાજ સંભળાઈ રહ્યો હતો.

"એ લોકો જાણે કેરીના રસ ચૂસી લેતા હોય એવી રીતે આપણું લોહી ચૂસી લે છે." તેના કઢંગા બોલ લોકોનાં માથાં ઉપર ટકરાઈ રહ્યા હતા.

"ખરી વાત છે!" ટોળામાંથી અવાજો સંભળાયા.

"બિચારો કોશિશ કરી રહ્યો છે," ખોખોલ બોલ્યો. "જઈને મદદ કરું..."

પાવેલ રોકવા જાય તે પહેલાં તો આન્દ્રેઈની ઊંચી ચપળ કાયા ઝડપથી ટોળામાં ઘૂસીને અદૃશ્ય થઈ ગઈ.

"સાથીઓ!" તેનો રણકતો અવાજ કાને પડયો. "કહેવાય છે કે જગતમાં જાતજાતના લોકો વસે છે—યહૂદીઓ ને જર્મનો, અંગ્રેજો ને તાતારો, વગેરે. પણ હું નથી માનતો. દુનિયામાં તો ફક્ત બે જ જાતના લોકો વસે છે, પરસ્પર વિરોધી બે જાતના લોકો વસે છે—અમીરો અને ગરીબો. લોકોના પહેરવેશ જુદા જુદા હોય છે અને તેઓ જુદી જુદી ભાષાઓ બોલે છે, પણ અમીર ફ્રેંચ, જર્મન, અને અંગ્રેજ માણસોનું કામગાર લોકો જોડેનું વર્તન જોઈએ છીએ ત્યારે સાફ સમજાઈ જાય છે કે આપણ કામદારો માટે તો એ બધા બદમાશો છે, હાડકાં ખોખરાં કરી નાખવાને લાયક છે!"

મેદનીમાં કોઈ હસી પડયું.

"અને બીજી તરફ, ધ્યાનથી નજર ફેરવતાં આપણને જણાય છે કે ફ્રેંચ કે તાતાર કે તુર્કી કામદારો આપણ રશિયન કામદારોની જેમ જ કૂતરાં જેવી જિંદગી ગુજારી રહ્યા છે!"

નવા નવા માણસો ગલીમાં વળીને મેદનીમાં સામેલ થતા ગયા. તેઓ પગની આંગળીઓને ટેકે ઊંચા થઈને ડોક લંબાવતા ચુપચાપ સાંભળવા લાગી જતા.

આન્દ્રેઈ વધારે મોટા અવાજે બોલવા લાગ્યો.

"પરદેશોમાં કામદારો આ સાદી હકીકત ક્યારના સમજી ગયા છે, અને આજે મે-દિનના પ્રસંગે..."

"પોલીસ!" કોઈએ બૂમ પાડી.

ચાર ઘોડેસવાર પોલીસો સીધા ગલીમાં ધસી આવ્યા અને લોકોને ચાબુક ફટકારતા બરાડા પાડવા લાગ્યા:

"રસ્તે પડો! વિખેરાઈ જાઓ!"

લોકો ભવાં ચડાવતા અનિચ્છાએ પાછળ હઠવા લાગ્યા. કેટલાક માણસો વંડીઓ ઉપર ચડી ગયા.

"ઘોડે ચડીને આવ્યાં છે તો ડુક્કર, પણ બહાદુરીનો ફાંકો એવો છે કે બસ!" કોઈ ઘાંટો પાડીને તોછડાઈથી બોલ્યું.

ખોખોલ ગલીની વચ્ચોવચ હતો ત્યાં જ એકલો ઊભો રહ્યો. બે ઘોડા માથાં ઉછાળતા તેની તરફ ધસી ગયા. તે એક તરફ ખસી ગયો. બરાબર એ જ ઘડીએ મા તેનો હાથ પકડીને તેને પોતાની પાછળ પાછળ ખેંચી જવા લાગી અને ફરિયાદના અવાજે બોલી:

"તેં તો પાવેલની જોડે રહેવાની ખાતરી આપેલી, અને અહીંયાં એકલો જ આફત માથે લેવા બેઠો છે!"

"ભૂલ થઈ ગઈ, મા," ખોખોલ હસીને બોલ્યો.

પેલાગેયાને કાયામાં ઊંડે ઊંડેથી એક જાતની પીડાકારી અમંગળ શિથિલતા ફેલાઈ જતી લાગી અને તેની આંખે અંધારાં આવી ગયાં. તેના દિલમાં જાણે ખુશી અને ગમગીનીનાં મોજાં અજબ રીતે વારાફરતી ઉછાળા રહ્યાં હતાં. તે બપોરની રજાની સીટીની વાટ આતુરતાથી જોવા લાગી.

તેઓ ચોકના દેવળમાં પહોંચ્યાં. લગભગ પાંચસો જેટલાં ઘોંઘાટિયાં જુવાન માણસો ને બાળકો દેવળના ચોગાનમાં ભેગાં થઈ ગયાં હતાં. ટોળું આગળ પાછળ ધસારા કરી રહ્યું હતું. લોકો ઊંચા થઈને દૂર નજર નાખવાની કોશિશ કરી રહ્યા હતા અને જાણે અધીરાઈથી કશાકની વાટ જોઈ રહ્યા હતા. વાતાવરણમાં ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. કેટલાકને શું કરવું તેની સમજણ જ ન પડતી હોય એમ લાગતું હતું, અને કેટલાકે મોં પર બહાદુરીનો ભાવ ધારણ કરી લીધો હતો. બાઈઓ પોતાના આદમીઓને હળવા અવાજે વારી રહી હતી પણ પુરુષો ખિજાઈને બીજી તરફ ફરી જતા હતા. ક્યારેક ક્યારેક ધીમા અવાજે બોલાતી ગાળો સંભળાતી હતી. પચરંગી ટોળામાં ધૂંધવાતા રોષનો આછો ધણધણાટ થઈ રહ્યો હતો.

"મિતેન્કા!" કોઈ બાઈનો કંપતો અવાજ કાને પડ્યો. "તારો પોતાનો તો ખ્યાલ કર!.."

"બસ હવે, રહેવા દે!" જવાબ સંભળાયો.

સિઝોવનો પ્રભાવક અવાજ સ્વસ્થ અને પ્રતીતિજનક લાગતો હતો:

"આપણાથી જુવાનોને આફતમાં એકલા ન જ છોડી દેવાય. તેમની સમજણ ને હિંમત આપણા કરતાં વધારે છે. ભેજવાળી જમીન અંગેના કોપેકની બાબતમાં લડવા કોણ ખડું થયેલું? એ લોકો જ. આપણે એ વાત કદી ન ભૂલવી જોઈએ. તેમને જેલ ભેગા કરી દેવામાં આવેલા અને ફાયદો આપણને સૌને થયેલો..."

સીટી વાગી અને લોકોના અવાજો તેની ચીસના કાળા ધસારામાં ડૂબી ગયા. ટોળામાં જાણે ધ્રુજારી ફેલાઈ ગઈ. બેઠેલા માણસો ઊભા થઈ ગયા. લોકો થોડીવાર સાવ ચુપ અને જાણે સાવધાન બની ગયા. કેટલાકના ચહેરા ફિક્કા પડી ગયા.

"સાથીઓ!" પાવેલનો પ્રબળ રણકતો અવાજ સંભળાયો. માની આંખોમાં ગરમ આંસુ છલકાઈ આવ્યાં. તેને કાયામાં નવી તાકાતનું મોજું ફરી વળતું લાગ્યું. તે ઝડપથી ખસીને દીકરાની પાસે ઊભી રહી ગઈ. લોહચુંબકથી લોખંડના કકડા ખેંચાઈ જાય એવી રીતે પાવેલની આસપાસ લોકોનું ઝૂમખું રચાઈ ગયું હતું.

માએ દીકરાના ચહેરા ઉપર નજર નાખી તો કેવળ ગર્વીલી, બહાદુર, સળગતી આંખો દેખાઈ...

"સાથીઓ! અમે નક્કી કર્યું છે કે આજે અમારે વિશે ખુલ્લી જાહેરાત કરી દેવી અને અમારો ઝંડો લહેરાવવો—ઇનસાફ, સચ્ચાઈ, અને આઝાદીનો ઝંડો લહેરાવવો!"

લાંબો સફેદ ધ્વજદંડ હવામાં ઝબક્યો, પછી મેદનીમાં નમીને તેના ભાગલા પાડી નાખતો માનવ મહેરામણમાં સમાઈ ગયો, અને એક પળ પછી કોઈ વિશાળ લાલ પંખી જેવો કામદાર વર્ગનો ઝંડો આતુર નજરોની સામે ઊંચો થવા લાગ્યો.

પાવેલે હાથ ઊંચો કર્યો, અને ઝંડો ડોલી ઊઠયો. તરત જ ધ્વજદંડના લીસા સફેદ લાકડા ઉપર ડઝનબંધ હાથ મંડાઈ ગયા. તેમાં એક હાથ માનો હતો.

"કામદાર વર્ગ ઝિંદાબાદ!" પાવેલે સૂત્ર પોકાર્યું.

જવાબમાં સેંકડો અવાજો ગરજી ઊઠયા:

"સામાજિક-લોકશાહીવાદી કામદાર પાર્ટી ઝિંદાબાદ! આપણી પાર્ટી ઝિંદાબાદ! સાથીઓ, આપણી ભાવનાની જનક પાર્ટી ઝિંદાબાદ!"

મેદનીમાં જોમનો જુવાળ ફેલાઈ ગયો. ઝંડાનું મહત્ત્વ સમજનારા માણસો આગળ આવવા લાગ્યા. માઝિન, સામોઇલોવ, અને ગૂસેવ બંધુઓ પાવેલની પાસે પહોંચી ગયા. નિકોલાઈ માથું નીચે નમાવીને મેદનીમાં માર્ગ કરતો આગળ ધસવા લાગ્યો. માને લાગ્યું કે ઝળકતી આંખોવાળા બીજા ઘણાય અજાણ્યા જુવાનોનો ધસારો પોતાને આઘી ધકેલી રહ્યો છે...

"જગતના કામદારો ઝિંદાબાદ!" પાવેલે પોકાર કર્યો.

તેના જવાબમાં હજાર હજાર ગળાંમાંથી હૈયું નચાવી દેતા ખુશી અને કૌવતના ઘોઘ જેવો પડઘો પડયો.

માએ એક તરફ નિકોલાઈનો અને બીજી તરફ બીજા કોઈનો હાથ પકડી લીધો. તેને હૈયે રુદન ભરાઈ ગયું હતું પણ આંખોમાંથી આંસુ નહોતાં ટપકતાં. તેના પગ ધ્રૂજી રહ્યા હતા. તે કંપતા હોઠે બોલી:

"વહાલુડાં! પ્યારાં બચ્ચાં!.."

નિકોલાઈના ચાઠાંદાર ચહેરા ઉપર મલકાટ વ્યાપી ગયો. ઝંડા ઉપર નજર ઠેરવીને કંઈક ગણગણતાં તેણે હાથ એ તરફ લંબાવ્યો. પછી એકાએક હાથ માના ખભા ફરતા વીંટાળીને તેણે હસતાં હસતાં બચી ભરી લીધી.

"સાથીઓ!" ટોળાના ગણગણાટને ચીરતો ખોખોલનો ઘેરો રણકતો અવાજ સંભળાયો. "આજે આપણે એક નવા પંથની જેહાદ શરૂ કરી છે—એ પંથ પ્રકાશ અને બુદ્ધિનો છે, કલ્યાણ અને સત્યનો છે. આપણું લક્ષ્ય ખૂબ દૂર છે, પણ કાંટાના તાજ તો આ ઘડીએ અહીંયાં જ મોજૂદ છે. જેને સત્યમાં નિષ્ઠા ન હોય, સત્યને ખાતર જિંદગી કુરબાન કરવાની હિંમત ન હોય, પોતાની તાકાત અંગે શંકા હોય, અને સંકટની બીક લાગતી હોય એવા માણસો ભલે આપણાથી અળગા થઈ જાય! આપણને તો વિજયમાં શ્રદ્ધા ધરાવનારા ઈન્સાનોની જ જરૂર છે. જે લોકોને આપણું લક્ષ્ય મંજૂર ન હોય તેઓ આપણી ભેગા કૂચ ન કરે કારણ કે તેમને આમાં વિપદા સિવાય બીજું કશું જ નહિ મળે! સાથીઓ, કતારોમાં ગોઠવાઈ જાઓ! આઝાદ ઈન્સાનોનો તહેવાર ઝિંદાબાદ! મે-દિન ઝિંદાબાદ!"

મેદની વધતી ગઈ. પાવેલ ઝંડો લઈને આગળ ચાલ્યો. ઝંડો હવામાં ફરફરવા લાગ્યો અને ચોમેર ઉલ્લાસ વેરતા તેજસ્વી સૂર્યના પ્રકાશમાં ઝગમગી ઊઠયો.

ફ્યોદોર માઝિને ગાન શરૂ કરી દીધું:

"સૈકાઓ કેરાં બંધન..."

કોડીબંધ ગળાંમાંથી હળવા પણ સામર્થ્ય ભરેલા અવાજનું મોજું તેમાં ભળી ગયું:

"તોડી નાખ, બની એકસંગ!.."

મા માઝિનની પાછળ પાછળ ચાલી રહી હતી. તેના હોઠ ઉપર ઝળકતો મલકાટ હતો અને તેની નજર ફ્યોદોરના માથા ઉપરથી પસાર થતી ઝંડા અને દીકરા ઉપર મંડાયેલી હતી. તેની આસપાસ બધે આનંદી ચહેરાઓમાં બહુરંગી આંખો ઝગમગી રહી હતી, અને મોખરે પાવેલ તથા આન્દ્રેઈ કદમ ઉઠાવી રહ્યા હતા. મા બેઉને ગાતા સાંભળી રહી હતી. આન્દ્રેઈના રણકતા કંઠમાં પાવેલનો ઘેરો ઊંડો સૂર ભળી જતો હતો:

"ઊઠ, જાગ! ભૂખ્યા બંદી,
હવે ખેંચ તું લાલ હથિયાર!.."

લોકો દોડતા લાલ ઝંડા પાસે પહોંચી રહ્યા હતા. તેઓ દોડતા દોડતા પોકારો કરી રહ્યા હતા પણ તેમનો અવાજ ગીતના સૂરમાં ડૂબી જતો હતો. ઘરમાં હળવા અવાજે ગવાતું ગીત અહીંયાં રસ્તા ઉપર નિરંકુશ રણકી રહ્યું હતું અને તેમાં પ્રચંડ કૌવત વરતાતું હતું. ગીતના રણકારમાં અડગ હિંમત સમાયેલી હતી. તેમાં લોકોને ભાવિનો લાંબો પંથ અપનાવવાની હાકલ હતી અને સાથે સાથે એ પંથની કારમી મુશ્કેલીઓની નિખાલસ ચેતવણી પણ હતી. તેની એકધારી જ્વાળા સમગ્ર કાલગ્રસ્ત મેલના કાળા થરોને તેમ જ પરંપરાગત માન્યતાઓના કચરાને જલાવી નાખતી હતી અને નૂતનની બીકને રાખમાં પલટાવી નાખતી હતી...

માને એક ભયભીત પણ ખુશાલ ચહેરો બાજુમાં નજરે પડયો અને ભેગો રડમસ અવાજ સંભળાયો:

"મીત્યા! ક્યાં જાય છે?"

"જવા દો!" મા ચાલતી ચાલતી જ બોલી. "ફિકર કરવી મૂકી દો! પહેલાં મનેય બહુ બીક લાગતી. મારો દીકરો મોખરે છે—ઝંડો હાથમાં લઈને ચાલે છે તે."

"અરે મૂરખાઓ! ક્યાં જઈ રહ્યા છો? સામે સિપાહીઓ ખડા છે!"

બાજુમાં ચાલતી ઊંચી ને સુકલકડી બાઈએ પોતાના દૂબળા હાથમાં માનો હાથ પકડી લીધો.

"કેવું મઝાનું ગાય છે વહાલુડાં! અને ભેગો મારો મીત્યાય ગાય છે!.."

"ગભરાશો નહિ," માએ હિંમત આપી. "આ તો પુનિત ધ્યેય છે... જરાક વિચાર કરો — પરમાત્માને નામે લોકોએ જાન કુરબાન ન કરી દીધા હોત તો ઈસુ થયા જ ન હોત!"

એવો ખ્યાલ એકાએક તેના મનમાં ઝબકી ગયો અને તેમાં સમાયેલ સાદી ને સ્પષ્ટ સચ્ચાઈ તેના સમગ્ર તનમનમાં વ્યાપી ગઈ. તેણે બાઈની સામે જોયું. બાઈએ તેનો હાથ હજી પકડી રાખેલો હતો.

"લોકોએ પરમાત્માને નામે જાન કુરબાન ન કરી દીધા હોત તો ઈસુ ખ્રિસ્ત કદી થયા જ ન હોત," તેણે અજાયબીના ભાવે મોં મલકાવતાં ફરી એની એ જ વાત કહી.

સિઝોવ તેની પાસે આવ્યો.

"આજે તો ખુલ્લેઆમ કૂચ થઈ રહી છે, જોયું ને?" તે ટોપી હાથમાં લઈને ગીતના સૂરની જોડે જોડે હલાવતો બોલ્યો. "ગીત ગવાય છે, અને કેવું ગીત, મા!"

"ઝાર માગે સિપાહીઓ, એને જંગ લડવા,
દેવા પડે લાલ પ્યારા, અકાળે ભોગ ધરવા..."

"બિલકુલ ડરતા નથી," સિઝોવ બોલ્યો. "મારો દીકરો તો કબરમાં પડયો છે..."

માનું હૈયું એટલા જોરથી ધબકવા લાગ્યું કે તેને પાછળ રહી જવું પડયું. તે એકદમ હડસેલાતી એક વંડી નજીક પહોંચી ગઈ. મેદની વિશાળ મોજાંની જેમ ઉછાળા મારતી તેની પાસેથી પસાર થતી રહી. લોકોની સંખ્યા ભારે મોટી હતી અને એથી માના મનમાં ખુશી હિલોળા લઈ રહી હતી.

"ઊઠ, જાગ! ભૂખ્યા બંદી!.."

ગીત જાણે કોઈ મોટા ભૂંગળામાંથી હવામાં રેલાતું લોકોને જગાવી રહ્યું હતું, કેટલાકના મનમાં લડવાની તત્પરતા પેદા કરતું હતું અને કેટલાકનાં દિલોમાં પ્રબળ કુતૂહલની લાગણી જગાવતું હતું. તેના સૂર સાંભળીને લોકોને ખુશીની, કશાક નૂતનની, અનુભૂતિ થતી હતી. ક્યાંક તે આછી આશાઓ જગાવતું હતું તો ક્યાંક બંધ તોડી નાખીને સદીઓના રોષનો ધોધ વહેતો કરી દેતું હતું. દરેકની નજર હવામાં લહેરાતા લાલ ઝંડા ઉપર મંડાયેલી હતી.

"ગજબની કૂચ છે! વાહ, બહાદુરો!" કોઈ ખુશીના આવેગમાં પોકારી ઊઠ્યું.

અને આદમીના દિલમાં છલકાતી પ્રબળ લાગણી સાધારણ શબ્દોમાં વ્યક્ત થઈ શકે એમ નહોતી એટલે તેણે આકરી ગાળનો આશરો લીધો. પરંતુ જેવી રીતે સાપના માથા ઉપર સૂરજનું કિરણ પડતાં તે ફૂંફાડો મારે એવી રીતે ખાર—ગુલામનો કાળો આંધળો ખાર—ઝેરીલાં વેણમાં ઠલવાઈ રહ્યો હતો.

"પાખંડીઓ!" એક માણસ બારીમાં ઊભો ઊભો મુક્કી હલાવતો ભસ્યો.

"શહેનશાહની સરકાર સામે! નામદાર ઝારની સામે! બળવો!" બીજી બારીમાંથી ધુરકાટ સંભળાયો.

આગળ ધસતાં નરનારીઓના ફિકરમંદ ચહેરા તેની નજર સામે ઝબકતા રહ્યા. ગીતના સૂરથી નિરંતર ખેંચાતી મેદની જ્વાળામુખીના લાવાની જેમ અણથંભ ધસી રહી હતી. ગીતના રણકારનું સામર્થ્ય જાણે આપોઆપ માર્ગને સાફ કરી દેતું હતું. સુદૂર લાલ ઝંડાની ઉપર નજર માંડતાં માના માનસપટમાં દીકરાનું વદન તરવરી ઊઠ્યું—ઘેરાં ભવાં, આંખોમાં ઝળકતી નિષ્ઠાની આભા.

સરઘસનો છેડો આવ્યો. છેવાડાના લોકો નિરાંતે ધીરે ધીરે ચાલતા હતા અને જાણે અંજામની ખબર હોય એવી રીતે પ્રેક્ષકોની ભાવશૂન્ય ઉદાસીન નજર આસપાસ ફેરવતા હતા. તેઓ હળવે અવાજે ખાતરીના ભાવે વાતો કરતા હતા.

"એક ટુકડી નિશાળ પાસે અને બીજી કારખાના પાસે ગોઠવાઈ ગઈ છે..."

"ગવર્નર આવ્યા છે..."

"ખરેખર?"

"નજરે જોઈને આવ્યો છું. હમણાં જ પહોંચ્યા છે."

"એ લોકોને બરાબર દહેશત લાગી ગઈ છે—જુઓ તો ખરા, સિપાહીઓ ને પાછો ગવર્નર!" બોલનારે ખુશીનો ભાવ જાહેર કરવા એક ગાળ વહેતી મૂકી.

"કેવાં વહાલુડાં છે!" માને થયું.

પરંતુ કાને પડતા શબ્દો તેને લાગણી વગરના અને ચેતનહીન લાગ્યા. એ લોકોથી અળગી થઈ જવા તે વેગીલાં ડગલાં ભરવા લાગી, અને ધીરે ધીરે નિરાંતે ચાલતા માણસોને પાછળ મૂકીને સહેલાઈથી આગળ નીકળી ગઈ.

સરઘસનો મોખરાનો ભાગ જાણે અચાનક કશા અવરોધ સામે અફળાઈ ગયો હોય એમ લાગ્યું અને મેદની ભયનો ચિત્કાર કરતી પાછળ હઠી ગઈ. ગીતના સૂર પણ પળવાર ધ્રૂજી ગયા, પણ તરત જ ફરી વાર વધારે જોરથી ને વધારે વેગથી રણકી ઊઠ્યા. વળી ગીત શમી જવા લાગ્યું. એક પછી એક

અવાજ બંધ પડતો ગયો. અગાઉ જેવા જ રણકતા સૂરે ગીત પાછું ચાલુ કરવાની કોશિશ કરતા છૂટાછવાયા અવાજ કાને પડતા હતા:

"ઊઠ, જાગ! ભૂખ્યા બંદી,
હવે ખેંચ તું લાલ હથિયાર..."

પરંતુ એવા પ્રયાસોમાં સર્વસામાન્ય નિર્ધાર હવે નહોતો વરતાતો, સંગીન નિષ્ઠા હવે નહોતી કળાતી. અવાજોમાં ગભરાટની છાયા સાફ જણાતી હતી.

માને મોખરાની હરોળો નહોતી દેખાતી અને શું થયું છે તેની ખબર નહોતી એટલે તે ધક્કા મારીને માર્ગ કરતી આગળ જવા લાગી. આગળ ધપતી મા પાછળ હઠતા માણસો જોડે અથડાતી હતી. કેટલાકનાં માથાં ઢળી ગયાં હતાં અને ભવાં સંકોડાઈ ગયાં હતાં, કેટલાક અકળામણનો ભાવ છુપાવવા હસી રહ્યા હતા, તો કેટલાક વ્યંગમાં સીટી વગાડી રહ્યા હતા. મા એ સૌના ચહેરા બારીક નજરે અવલોકી રહી હતી—તેની આંખોમાં સવાલ, વિનવણી, આજીજીના ભાવ છલકાઈ રહ્યા હતા...

"સાથીઓ!" પાવેલનો અવાજ સંભળાયો. "સિપાહીઓ આપણા જેવા જ માણસો છે. તેઓ આપણને ઈજા નહિ કરે. શા માટે કરે? સૌએ જાણવી જોઈએ એવી સચ્ચાઈ આપણે જાહેર કરીએ છીએ એ કારણે? એ સચ્ચાઈ તો તેમને પણ સાંભળવાની જ છે. આજે તેઓ નથી સમજતા, પણ એક વખત એવો ચોક્કસ આવશે જ કે જ્યારે તેઓ ખૂન અને લૂંટફાટનો વાવટો પડતો મૂકીને આઝાદીના ઝંડા હેઠળ આપણી હરોળોમાં જોડાઈ જશે. આપણે આપણી આગેકૂચ ચાલુ જ રાખવી જોઈએ, જેથી તેઓ એ સચ્ચાઈ વહેલા સમજી જાય. આગે બઢો, સાથીઓ! આગે બઢો!"

પાવેલનો અવાજ મક્કમ હતો. તેના શબ્દોનો જોમદાર ને સાફ રણકાર વાતાવરણમાં ગુંજી રહ્યો. પણ મેદની વિખેરાઈ રહી હતી. માણસો એક એક કરીને હરોળોમાંથી અળગા થતા ગયા અને મકાનોમાં ઘૂસી જવા અથવા વંડીઓને ટેકે ઊભા રહી જવા લાગ્યા. સરઘસનો આગળનો ભાગ હવે સાવ પાંખો થઈ ગયો હતો. મોખરે પાવેલ ઊભો હતો. તેના માથા ઉપર કામદારોનો તેજસ્વી લાલ ઝંડો લહેરાઈ રહ્યો હતો. સરઘસ જાણે પાંખો ફેલાવીને ઊડી જવાની તૈયારીમાં ફફડાટ કરતા કોઈ કાળા પંખી જેવું લાગતું હતું, અને પાવેલ જાણે એ પંખીની ચાંચ જેવો લાગતો હતો...

રસ્તાને નાકે માને એકસરખા બેસૂરત માણસોની રાખોડી દીવાલ ચોકનો માર્ગ રોકીને ખડી નજરે પડી. દરેક આદમીને ખભે બેરહમ બેયોનેટ ચળકી રહી હતી. એ અવાક સ્થિર દીવાલમાંથી ફૂંકાતો ટાઢો શ્વાસ જાણે કામદારોને આવરી લેતો હતો અને માના દિલને ઠારી દેતો હતો.

તે ટોળામાં માર્ગ કરતી આગળ ધપવા લાગી. તેને ઝંડા નજીક પહોંચી જવું હતું. ત્યાં તેના ઓળખીતા તેમ જ અજાણ્યા માણસો ખડા હતા, અને તેના દોસ્તો અજાણ્યા માણસો પાસેથી જાણે સમર્થન માગી રહ્યા હતા. તેની કાયા એક ઊંચા આદમી જોડે ભીંસાઈ. એ આદમીનો ચહેરો દાઢી કરેલો સાફ હતો અને તેને એક જ આંખ હતી. માની સામે જોવા તેને લગભગ અરધા ફરી જવું પડયું.

"કેમ ધક્કા મારે છે? કોણ છે તું?" તેણે પૂછયું.

"પાવેલ વ્લાસોવની મા," તે બોલી. તેને ખબર હતી કે પોતાના પગ ધ્રૂજી રહ્યા છે, અને નીચલા હોઠને ફરકતો પોતે રોકી શકતી નથી.

"ઓહો!" એક આંખવાળો આદમી બોલ્યો.

"સાથીઓ!" પાવેલનો અવાજ સંભળાયો. "આપણે આખી જિંદગી આગેકૂચ ચાલુ રાખવાની છે. આપણે માટે બીજી કોઈ દિશા ખુલ્લી નથી!"

લોકો શાંત થઈ ગયા. સૌનાં મનમાં અપેક્ષા હતી. ઝંડો ઊંચો થયો, પળવાર ડગમગ્યો, પછી તરત જ લોકોનાં માથાંની ઉપર ગગનમાં લહેરાવા લાગ્યો. ઝંડો લઈને આગેવાનો સિપાહીઓની રાખોડી દીવાલ તરફ આગેકદમ કરી રહ્યા હતા. માની કાયા કંપી ઊઠી. તેણે આંખો બંધ કરી દીધી. તેનો શ્વાસ અદ્ધર ચડી ગયો. ચાર આદમી—પાવેલ, આન્દ્રેઈ, સામોઈલોવ, અને માઝિન—ટોળાથી અળગા પડીને આગળ ધપી રહ્યા હતા.

હવામાં ફ્યોદોર માઝિનનો સાફ અવાજ રણકી ઊઠયો:

"થયા શહીદ, ઉમદા તમ બલિદાન..."

ધીમા અવાજોમાં ઊંડા નિસાસા જેવો પડઘો પડયો:

"કુરબાનીના આ જંગમાં..."

ચારેય જણ સૂરની જોડે કદમ મિલાવતા આગળ વધ્યા.

ફરી ફ્યોદોરનો અવાજ ચળકતી રિબનની જેમ લહેરાઈ ગયો, રણકારમાં અડગ નિર્ધાર જાહેર થતો હતો.

"ધરી દીધું ભોગમાં તમામ..."

અને તેના સાથીઓ ગીતમાં જોડાયા:

"આઝાદીના આ જંગમાં..."

"વાહ!" કોઈ હાંસી કરતું બોલ્યું. "કેવા મરસિયા ઉપાડયા છે! કૂતરાના પેટના!.."

"કોણ બબડયું? લગાવો બદમાશને!" કોઈએ ખીજ ઠાલવી.

માએ છાતીએ હાથ દબાવીને આસપાસ નજર ફેરવી. આખો રસ્તો ભરીને ઊભેલું ટોળું ઝંડો લઈને જતા ચાર જણને નીરખતું દુવિધામાં પડી ગયું હતું. કેટલાક માણસો ઝંડાની પાછળ પાછળ ચાલ્યા, પણ દરેક ડગલે એકબે આદમી અળગા થઈ જતા હતા, જાણે કેમ જમીન તેમના પગને દઝાડી દેતી હોય.

"થઈ જશે નાબૂદ જોરજુલમ..."

ફ્યોદોરનો ભાવિની આગાહી કરતો અવાજ ગુંજી ઊઠયો, અને જવાબમાં પ્રબળ અવાજો પાકી ચેતવણી દેતા રણકી ઊઠયા:

"જ્યારે જનતા જાગીને પડકારશે..."

પરંતુ વ્યાકુળ અવાજે થતી ગુસપુસ વાતચીત ગાનમાં ભળી જતી હતી:

"હમણાં હુકમ છૂટવાનો છે..."

અને એ જ ઘડીએ આગળના ભાગમાંથી હુકમનો કડક અવાજ કાને પડયો:

"હથિયાર તૈયાર!"

આગળ વધતા ઝંડાને જાણે ખંધા પોલાદી મલકાટ વડે આવકારતી હોય એમ બેયોનેટો લહેરાતી કતારમાં ચારેય જણની સામે મંડાઈ ગઈ.

"આગે બઢો!"

"આવી રહ્યા છે!" એક આંખવાળો આદમી હાથ ખીસામાં ખોંસતો અને બાજુએ ખસી જતો બોલ્યો.

મા એકધારી અપલક નજરે જોતી રહી. રાખોડી જુવાળ જેવી સિપાહીઓની કતાર રસ્તાની પૂરી પહોળાઈને આવરી લેતી ભાવશૂન્ય અડગતાથી આગળ ધસી. સિપાહીઓએ આગળ ધરી રાખેલી બેયોનેટો રૂપેરી ચળકારા મારી રહી હતી. મા વેગીલાં કદમ માંડતી દીકરાની નજીક પહોંચી. આન્દ્રેઈએ પાવેલની રખેવાળી કરવા આગળ વધીને પોતાની ઊંચી કાયા તેની આડે ગોઠવી દીધી હતી.

"પાછો કતારમાં ખડો થઈ જા, કોમરેડ!" પાવેલ કડક અવાજે બોલી ઊઠયો.

આન્દ્રેઈ માથું પાછળ ફંગોળીને ગાઈ રહ્યો હતો. તેના હાથ પીઠ પાછળ હતા. પાવેલે તેને હડસેલીને આઘો ખસેડી દીધો અને ફરી વાર જોરથી કહ્યું:

"કતારમાં ચાલ્યો જા! તને આગળ જવાનો અધિકાર નથી! ઝંડો જ મોખરે રહેશે!"

"વિખેરાઈ જાઓ!" ઠીંગણા અફસરે તલવાર હલાવતાં તીણા અવાજે હુકમ કર્યો. તે ગોઠણ વાળ્યા વગર સીધા પગ ઉપાડીને આગેકૂચ કરી રહ્યો હતો અને તેના બૂટનાં તળિયાં જમીન ઉપર જોરથી અફળાતાં હતાં. માની નજર તેના ચળકતા બૂટ ઉપર પડી.

તેની જોડે જરાક પાછળ એક ઊંચો આદમી ચાલી રહ્યો હતો. તેના વાળ ટૂંકા હતા અને ધોળી મૂછો ભરાવદાર હતી. તેના લાંબા કાળા ઓવરકોટમાં રાતું અસ્તર હતું અને તેના પાટલૂનના પહોળા પાયચા ઉપર પીળી પટ્ટી સીવેલી હતી. ખોખોલની જેમ તેણે પણ હાથ પીઠ પાછળ રાખ્યા હતા. તેણે ગૂંછળિયાળાં ભવાં ઊંચાં કરીને નજર પાવેલની ઉપર ઠેરવી હતી.

સામે દેખાતું બધું માની નજર નહોતી આવરી શકતી. તેની છાતીમાં રૂંધાતી કારમી ચીસ જાણે દરેક શ્વાસ જોડે બહાર ધસી આવવા મથતી હતી, પણ તેણે છાતીએ હાથ દબાવીને તેને ખાળી રાખી. લોકોના ધક્કા લાગતાં તેની કાયા લથડિયાં ખાઈ જતી હતી, પણ તે કશું જ વિચાર્યા વિના લગભગ બેહોશ હાલતમાં આગળ ધસી રહી હતી. તેને લાગ્યું કે ટાઢું મોજું જેમ જેમ લોકોની સામે આગળ આવતું જાય છે તેમ તેમ પાછળ ટોળું પાંખું થતું જાય છે.

લાલ ઝંડો લહેરાવતા માણસો અને રાખોડી આદમીઓની સજ્જડ કતાર વચ્ચેનું અંતર ઓછું થતું ગયું એટલે મા સિપાહીઓની સામૂહિક સૂરત વધારે સાફ રૂપમાં જોઈ શકી. રસ્તાની પૂરી પહોળાઈને આવરી લેતી ગંદી પીળી કતારના આકારમાં ઢાળવામાં આવેલી એ વિકૃત સૂરતમાં પચરંગી આંખોનાં

ટપકાં વેરવિખેર ટમટમી રહ્યાં હતાં. તેના આગળના ભાગમાં પોલાદની ચળકતી નિષ્ઠુર અણીઓ મેદનીના માણસોની છાતીઓ સામે તકાયેલી હતી, અને એ પોલાદ કોઈનેય અડયા વગર એક એક માણસને અળગો કરી દેતું ટોળાને વિખેરી રહ્યું હતું.

માને પાછળ થતી નાસભાગનો અને ગભરાટના દેકારાનો અવાજ સંભળાયો:

"વીખરાઈ જાઓ, ભાઈઓ!"

"વ્લાસોવ, ભાગી જા!"

"પાવેલ, પાછો વળી જા!"

વેસોવશ્ચિકોવ ગભરાટમાં બોલી ઊઠયો: "ઝંડો મૂકી દે, પાવેલ! લાવ, છુપાવી દઉં."

તેણે ધ્વજદંડ પકડી લીધો. ઝંડો પાછળ ઝૂકી ગયો.

"છોડી દે!" પાવેલ તડૂકી ઊઠયો.

નિકોલાઈએ હાથ જાણે દાઝી ગયો હોય એવી રીતે પાછો ખેંચી લીધો. ગીત શમી ગયું. લોકો થંભી ગયા અને પાવેલને ઘેરીને ઊભા રહ્યા. તેના ફરતી જાણે ઈન્સાનોની મજબૂત દીવાલ રચાઈ ગઈ. પરંતુ તેણે આગેકૂચ ચાલુ રાખી. અચાનક જાણે આસમાનમાંથી ઊતરી આવી હોય એવી અણધારી નીરવતાનું અદૃશ્ય વાદળું સૌની ઉપર છવાઈ ગયું.

ઝંડાને ઘેરીને લગભગ વીશ જેટલા માણસો ખડા હતા, વધારે નહિ, પણ એ સૌ મક્કમ હતા. માનું મન તેમને અંગે ચિંતાતુર બની ગયું, અને તેમને કશુંક કહેવાની અસ્પષ્ટ ઝંખના તેના દિલમાં પેદા થઈ...

"લેફ્ટેનન્ટ, એના હાથમાંથી આ ઝૂંટવી લો!" ઊંચો ઘરડો આદમી ઝંડા તરફ આંગળી ચીંધીને બોલ્યો.

ઠીંગણો અફસર પાવેલ પાસે ધસી ગયો અને ઝંડો પકડીને ચીસ પાડતો બોલ્યો:

"છોડી દે!"

પાવેલે કડક અવાજે કહ્યું: "હાથ હઠાવી લે!"

ઝંડો ડાબી ને જમણી બાજુ ઝૂકતો હવામાં ડોલવા લાગ્યો અને પછી પાછો સીધો થઈ ગયો. ઠીંગણો અફસર પાછળ હડસેલાઈને ભોંય ભેગો થઈ ગયો. નિકોલાઈ મુક્કો હલાવતો મા પાસે થઈને સડસડાટ પસાર થઈ ગયો.

"ગિરફતાર કરી લો!" ઘરડા માણસે પગ પછાડતાં બરાડો પાડયો.

કેટલાય સિપાહીઓ આગળ ધસી આવ્યા. એકની બંદૂક વીંઝાતી દેખાઈ.

ઝંડો ધ્રૂજી ગયો, આગળ ઝૂકતો નીચે પડી ગયો, અને સિપાહીઓના રાખોડી સમુદાયમાં અદૃશ્ય થઈ ગયો.

"અરેરે!" કોઈ કકળી ઊઠ્યું.

માએ ઘવાયેલા જનાવરની જેમ ચિત્કાર કર્યો. તેના જવાબમાં સિપાહીઓ વચ્ચેથી પાવેલનો સાફ અવાજ સંભળાયો:

"વિદાય, મા! આવજે, માડી..."

માના મનમાં બે ખ્યાલ ઝબકી ગયા: "જીવતો છે! મને યાદ કરી!"

"આવજો, નેનકો!"

તેમને એક નજરે જોઈ લેવા મા પગની આંગળીઓને ટેકે ઊંચી થઈ. તેને સિપાહીઓનાં માથાંની વચ્ચે આન્દ્રેઈનો હસતો ને વિદાય માગતો ગોળ ચહેરો નજરે પડયો.

"બાળ મારાં... આન્દ્રેઈ! પાશા!.." તે વિલાપતી બોલી ઊઠી.

"વિદાય, સાથીઓ!" તેમણે સિપાહીઓની વચ્ચેથી સાદ પાડયો.

જવાબમાં છૂટાછવાયા અનેકાનેક અવાજોનો પડઘો પડયો. બારીઓમાંથી, ઉપરથી, છાપરાં પરથી, બધેથી વિદાયના સાદ સંભળાવા લાગ્યા.

૨૯

કોઈએ તેને છાતીમાં ધક્કો માર્યો. તેને ઠીંગણા અફસરના તંગ રાતા ચહેરાનો ઝાંખો ભાસ થયો. તેને લાગ્યું કે અફસર સામે ઊભો છે.

"રસ્તે પડી જા, ડોકરી!" અફસર બરાડયો.

માએ તેની ઉપર નજર ફેરવી. ભાંગી ગયેલા ધ્વજદંડના બે કકડા અફસરના પગ પાસે પડયા હતા. એક ટુકડાને છેડે લાલ કાપડનો લીરો હજી વળગેલો હતો. માએ એ ટુકડો હાથમાં ઉપાડી લીધો. અફસરે તે ઝૂંટવી લેતાં માને ધક્કો મારીને એક તરફ કરી દીધી.

"કહ્યું ને, રસ્તે પડી જા!" તે પગ પછાડતો ફરી બરાડયો.

સિપાહીઓના કુંડાળા વચ્ચેથી ગીત રણકી ઊઠ્યું:

"ઊઠ, જાગ! ભૂખ્યા બંદી..."

માની આંખે અંધારાં આવી ગયાં. તેને બધું ફરતું ને તરતું ને ધ્રૂજતું નજરે પડવા લાગ્યું. હવામાં જાણે તારનાં દોરડાંના ગુંજારવ જેવો બિહામણો અવાજ ભરાઈ ગયો. અફસર ગીતના અવાજ તરફ ધસી ગયો.

"ગાવાનું બંધ કરો!" તેણે ભયંકર ગુસ્સામાં બરાડો પાડયો. "સાર્જન્ટ-મેજર ક્રાઈનોવ..."

અફસરે ધ્વજદંડનો કાપડવાળો ટુકડો જ્યાં પડતો મૂકયો હતો ત્યાં ડગમગતી ચાલે પહોંચીને માએ તેને ફરી હાથમાં ઉપાડી લીધો.

"ડાચાં બંધ કરાવી દો!.."

ગીત જાણે ચાલુ રહેવાની જહેમતમાં ધ્રૂજી ઊઠતું, તૂટક થઈ જતું, શમી ગયું. કોઈએ માનો ખભો પકડીને તેને ઊલટી તરફ ફેરવી અને ધક્કો મારીને ચાલતી કરી દીધી.

"જા હવે, ચાલતી થઈ જા..."

"રસ્તો સાફ કરો!" અફસરે ઘાંટો પાડયો.

માને થોડેક દૂર બીજું ટોળું દેખાયું. લોકો દેકારા કરતા, ગાળો ભાંડતા, અને સીટીઓ વગાડતા પાછળ હઠી રહ્યા હતા અને ઘરોનાં આંગણાંમાં ઘૂસતા અદૃશ્ય થઈ જતા હતા.

"ચાલવા માંડ, ચુડેલ ક્યાંની!" એક જુવાન સિપાહી સાવ માના કાનમાં બરાડો પાડતો તેને ફૂટપાથ ઉપર ધકેલવા લાગ્યો.

માની શક્તિ સાવ ઓસરી ગઈ હતી. તે ધ્વજદંડના ટુકડાને ટેકે ધીરે ધીરે ચાલવા લાગી. પડી જવાની બીકે તે બીજા હાથે દીવાલો અને વંડીઓનો ટેકો લેતી હતી. લોકો તેનાથી આઘા હઠી જતા હતા અને તેની આગળ ને જોડે ચાલતા સિપાહીઓ બરાડા પાડી રહ્યા હતા:

"પગ ઉપાડ! જલદી રસ્તો માપ!"

સિપાહીઓ આગળ નીકળી ગયા. મા ઊભી રહી ગઈ અને આસપાસ નજર ફેરવવા લાગી. રસ્તાને નાકે વધુ સિપાહીઓ ચોકનો માર્ગ રોકીને ખડા હતા. ચોક સાવ ખાલી હતો. તેની આગળ ચાલતા રાખોડી આકારો લોકોને પાછળ હઠાવી રહ્યા હતા...

તેને પાછળ ફરી જઈને ઊલટી દિશામાં જવાનું બહુ મન થતું હતું, પણ તે આગળ ચાલતી રહી અને થોડેક દૂર એક ગલીમાં વળી ગઈ. ગલી સાવ ખાલી લાગતી હતી.

તે વળી ઊભી રહી ગઈ, અને તેણે ઊંડો નિસાસો નાખીને કાન સરવા કર્યા. આગળ ક્યાંકથી ટોળાનો ગણગણાટ સંભળાઈ રહ્યો હતો.

તૂટેલા ધ્વજદંડના ટેકે ધીરાં ડગલાં ભરતી તે વળી આગળ ચાલી. તેને આખે શરીરે પરસેવો વળી રહ્યો હતો, તેનાં ભવાં ફરકી રહ્યાં હતાં, હોઠ

ધ્રૂજી રહ્યા હતા, અને હાથ હલી રહ્યો હતો, જાણે કેમ મનમાં તણખાની જેમ ઝબકી જતા અસંબદ્ધ શબ્દોને વ્યક્ત કરવા મથતો હોય. મનમાં ઝબકતા એ તણખા જાણે વધતા જઈને શબ્દોને બોલી નાખવાની, મોટેથી ઉચ્ચારવાની, ઉત્કટ ઝંખનાની જ્વાળા બની જતા હતા. ગલીમાં અણધાર્યો ડાબી તરફ વળાંક આવ્યો અને ત્યાં માને લોકોનું મોટું ટોળું નજરે પડયું.

"બેયોનેટોની કતાર સામે કોઈ ખાલી રમૂજ ખાતર તો ન જ ખડા થઈ જાય, ભાઈઓ!" કોઈ પ્રબળ અવાજે મોટેથી બોલ્યું.

"આવું કદી જોવા મળ્યું છે અગાઉ? બેયોનેટો સામે ધસી આવતી હતી પણ બધાય એકદમ અણનમ હતા! પહાડ જેવા અડગ, અને બીકનું તો નામ જ નહિ!.."

"જોયો ને પાવેલ વ્લાસોવને!.."

"અને ખોખોલ?"

"હાથ પીઠ પાછળ અને હોઠ મલકતા ને મલકતા! નીડર ઇન્સાન!.."

"દોસ્તો!" મા ટોળાની અંદર ઘૂસતી બોલી ઊઠી. સૌએ તેને આદરથી માર્ગ કરી આપ્યો. કોઈ હસી પડતું બોલ્યું:

"અરે, ઝંડો! હાથમાં તો ઝંડો છે!"

"ચુપ!" કોઈનો કડક અવાજ સંભળાયો.

મા હાથ લાંબા કરતી બોલી:

"સાંભળો—ભગવાન ખાતર સાંભળો! ભલા ભાઈઓ, પ્યારા ઈન્સાનો, આ જે કંઈ બની ગયું છે એથી જરાય ગભરાશો નહિ. આપણાં જ બાળકો, આપણા જ લોહીમાંથી પેદા થયેલાં આપણાં સંતાનો, સૌને ઇનસાફ અપાવવા મેદાને પડયાં છે! તમારા સુખની શોધમાં, તમારાં ભાવિ બાળકોના સુખની શોધમાં, તેમણે આ જેહાદ શરૂ કરી છે. તેમને જુદી જાતની જિંદગી જોઈએ છે—સચ્ચાઈ અને ઈનસાફની જિંદગી જોઈએ છે. તેઓ કલ્યાણ વાંછે છે—તમામ લોકોનું!"

લાગણીઓના ઉછાળાથી તેનું હૈયું જાણે ફાટી રહ્યું હતું અને તેનું ગળું શોષાઈને તપી રહ્યું હતું. તેના અંતરના ઊંડાણમાં મહાન નવા શબ્દોનો ઉગમ થઈ રહ્યો હતો, સૌને આવરી લેતા પ્યારના શબ્દો ફૂટી રહ્યા હતા. એ શબ્દો જાણે તેની જીભને ડામીને અધિક વેગીલી અને અધિક પ્રબળ વાણી વહેવડાવી રહ્યા હતા.

તેણે જોયું કે સૌ ચુપ થઈને ધ્યાનથી સાંભળી રહ્યા છે અને વિચારમાં પડી ગયા છે. હવે સાફ વરતાઈ ગયેલી તેની ઝંખના જોર પકડવા લાગી. પાવેલ

અને આન્દ્રેઈને પગલે પગલે, સિપાહીઓના હાથમાં પડવા દીધેલા અને કિસ્મતના આધારે રેઢા મૂકી દીધેલા સૌને પગલે પગલે, આગળ ધપવાની એ લોકોને હાકલ કરવા તેનું મન તલસી રહ્યું હતું:

આસપાસ ઊભેલા માણસોના ગમગીન એકાગ્ર ચહેરાઓની ઉપર નજર ફેરવીને મા ફરી બોલવા લાગી. તેના નરમ અવાજમાં જોમ ભરેલું હતું:

"આપણાં સંતાનો ખુશીની તલાશમાં જગતના મેદાનમાં કૂદી પડયા છે. તેમણે એ કદમ આપણ સૌને ખાતર અને ઈસુના સત્યને ખાતર ઉઠાવ્યું છે. નઠારા લોકો, લબાડ અને લાલચુ લોકો, આપણને જકડી રાખવા, આપણાં મોંમાં ડૂચા મારવા, આપણને કચડી નાખવા જે સાધનોનો ઉપયોગ કરે છે તેની સામે લડવા માટે તેઓ બહાર પડયાં છે. પ્યારા ઈન્સાનો, આપણા જુવાન બેટાઓએ આપણે ખાતર, આખી દુનિયાને ખાતર, તમામ દેશોના કામગાર લોકોને ખાતર બંડ પોકાર્યું છે. તેમને રેઢા ન મૂકી દો, પીઠ ફેરવીને ચાલતા ન થઈ જાઓ, તમારાં સંતાનોને એકલવાયાં ન છોડી દો! તમારો પોતાનો વિચાર કરો. સચ્ચાઈ જાહેર કરીને તેને ખાતર વિપદા ભોગવતાં તમારાં સંતાનોનાં દિલોમાં નિષ્ઠા રાખો!"

તેનો અવાજ તૂટક થઈ ગયો, તેની કાયા લથડી ગઈ, અને તે લગભગ બેભાન થઈ ગઈ. કોઈએ તેને પકડીને ટેકો આપ્યો.

"એનાં વેણમાં ખુદાની સચ્ચાઈ છે!" કોઈ ઉત્તેજિત અવાજે બોલી ઊઠયું. "ખુદાની સચ્ચાઈ છે, ભલા માણસો! બરાબર સાંભળી લો!"

"જુઓ તો ખરા, પોતે કેટલું દુ:ખ વેઠી રહી છે!" કોઈએ હમદર્દી બતાવતાં કહ્યું.

"અરે, પોતે દુ:ખ નથી વેઠી રહી, પણ આપણને ગધેડાઓને ચાબખા લગાવી રહી છે!" કોઈએ તેને વળતો જવાબ દીધો.

"ખુદાના બંદાઓ!" એક બાઈ તીણા ધ્રૂજતા અવાજે બોલી ઊઠી. "મારો મીત્યા — બીચારો સીધો આદમી છે! એણે શું ખોટું કર્યું છે? એ તો ફક્ત પોતાના સાથીઓ ભેગો રહ્યો, પ્યારા સાથીઓને વળગી રહ્યો. આની વાત સાવ સાચી છે — આપણાં બાળકોને આમ સાવ એકલાં છોડીને આપણાથી કેવી રીતે ખસી જવાય? એમણે ખોટું કામ શું કર્યું છે?"

એવા શબ્દો સાંભળીને માની કાયામાં જાણે ધ્રૂજારી ફેલાઈ ગઈ અને તેનું હૈયું મૂંગું રુદન કરવા લાગ્યું.

"હવે ઘેર જા, નીલોવ્ના! મા, ઘેર જા! આજે તેં બહુ વેઠયું છે!" સિઝોવ બોલ્યો.

તેનો ચહેરો ફિક્કો હતો અને તેની દાઢીના વાળ વેરવિખેર હતા. તેણે એકાએક ટટ્ટાર થઈને આસપાસ કડક નજર ફેરવી.

"તમને સૌને ખબર છે કે મારો દીકરો માત્વેઇ કારખાનામાં મોતના ખપ્પરમાં હોમાઈ ગયો હતો," તે ભાવવાહી અવાજે બોલ્યો. "પણ માત્વેઇ જીવતો હોત તો મેં આજે એને આ બીજા જુવાનોની પાછળ પાછળ ચોક્કસ મોકલ્યો જ હોત. મેં એને કહ્યું હોત કે 'માત્વેઇ, તું પણ જા. એ જ એકમાત્ર ખરો માર્ગ છે, એકમાત્ર ઈમાનદારીનો માર્ગ છે!'"

એટલું બોલીને તે ચુપ થઈ ગયો. બીજા સૌ પણ ચુપ હતા, જેની હવે કશી બીક ન રહી હોય એવા કશાક નૂતન અને પ્રચંડના પ્રભાવમાં જાણે આવી ગયા હોય એમ અવાક હતા. સિઝોવે મુઠ્ઠી વાળેલો હાથ હવામાં ઊંચે હલાવ્યો.

"હું ઘરડો આદમી તમારી જોડે વાત કરી રહ્યો છું," તેણે કહ્યું. "તમે સૌ મને ઓળખો છો. હું ત્રેપન વરસથી આ ધરતી પર જીવી રહ્યો છું અને ઓગણચાળીસ વરસથી અહીંયાં કામ કરું છું. આજે એ લોકોએ મારા ભત્રીજાને ફરી વાર ગિરફતાર કરી લીધો — મઝાનો હોશિયાર જુવાન છે. એ પણ પાવેલની ભેગો મોખરે કૂચ કરી રહ્યો હતો, બરાબર ઝંડાની જોડાજોડ..."

તેણે હાથ હલાવ્યો, અને તેનું થોડુંક ચેતન જાણે હરાઈ ગયું હોય એમ લાગ્યું. "આ બાઈની વાત સાચી છે," તે માનો હાથ પોતાના હાથમાં લેતો બોલ્યો. "આપણાં સંતાનો ઈમાનદારીની હેતુભરી જિંદગી જીવવા માગે છે. અને આપણે એમને એકલાં રેઢાં મૂકીને ખસી ગયાં છીએ! ચાલ, નીલોવ્ના..."

"ભલા ઇન્સાનો," મા રાતીચોળ આંખોએ આસપાસ જોતી બોલી. "જિંદગી તો આપણાં બાળકો માટે છે, ધરતી એમને માટે જ છે!.."

"ચાલ, નીલોવ્ના! લે, આ લાકડી હાથમાં રાખ," સિઝોવે કહ્યું, અને તૂટેલો ધ્વજદંડ જમીન પરથી લઈને માના હાથમાં આપ્યો.

લોકો હમદર્દીનાં વેણ બોલતા ઉદાસ અને આદરભરી નજરે માને જતી જોઈ રહ્યા. સિઝોવ કશું બોલ્યા વગર માર્ગ કરવા લાગ્યો, અને માણસો પણ ચુપચાપ બાજુએ ખસી જવા લાગ્યા. કોઈ અગમ્ય શક્તિથી ખેંચાતા સૌ માની પાછળ પાછળ ચાલવા લાગ્યા, અને ચાલતા ચાલતા ધીમા અવાજે ગુસપુસ વાતો કરવા લાગ્યા.

માના ઘરનો દરવાજો આવ્યો એટલે તે ફરી જઈને લાકડીના ટેકે સૌની સામે નમી.

"અહેસાન તમારું," તે હળવા અવાજે બોલી.

અને ખ્યાલ યાદ આવી જતાં—જાણે તેના અંતરના ઊંડાણમાં ઉગમ પામેલો નવો ખ્યાલ યાદ આવી જતાં—તેણે ઉમેર્યું:

"પરમાત્માના નામે લોકોએ જાન કુરબાન ન કરી દીધા હોત તો ઈસુ થયા જ ન હોત..."

ટોળાના માણસો અવાક બનીને તેની સામે તાકી રહ્યા.

તે ફરી વાર સૌની સામે નમી અને પછી ઘરમાં ચાલી ગઈ. સિઝોવ માથું નીચે નમાવીને તેની પાછળ પાછળ અંદર ગયો.

લોકો દરવાજા પાસે વાતો કરતા થોડીક વાર ઊભા રહ્યા.

પછી સૌ ધીરે ધીરે ચાલ્યા ગયા.

ખંડ ૨

૧

બાકીના દિવસ દરમિયાન માના મનમાં યાદોનું ધુમ્મસ છવાયેલું રહ્યું. તેની કાયા અને મન તદ્દન થાકી ગયેલાં હતાં. તેની નજર સામે ઠીંગણા અફસરની રાખોડી આકૃતિ, પાવેલનું ઝળકતું અણનમ વદન, અને આન્દ્રેઈનાં હસતાં લોચન તરવરતાં રહ્યાં. તે ઓરડામાં આંટા મારતી, બારી પાસે બેસીને રસ્તા ઉપર નજર ફેરવતી, ફરી ઊભી થઈને ભવાં સંકોડતી આંટા મારવા લાગતી, જરા સરખો અવાજ કાને પડતાં ચોંકી જતી, આસપાસ જોવા લાગતી, અને જાણે નિરર્થક કશુંક ખોળતી રહેતી. તેણે પાણી પીધું પણ એથી ન તો તરસ મટી કે ન દિલની કારમી પીડા અને તલસાટ શમ્યાં. દિવસ જાણે બે ભાગમાં વહેંચાઈ ગયો હતો — પહેલો ભાગ સહેતુક હતો પરંતુ બીજા ભાગમાંથી હેતુ તદ્દન શોષાઈ ગયો હતો. તેની સમક્ષ પથરાયેલી હતાશાભરી શૂન્યતા જાણે તેના મનમાં સવાલ પેદા કરી રહી હતી:

"હવે શું કરું?"

કોરસુનોવા તેને મળવા આવી અને તેણે હાથ હલાવીને ઘાંટા પાડયા, તે રડી અને આવેશમાં સરી પડી, તેણે પગ પછાડયા, ધમકીઓ ને વચનો ને દરખાસ્તોના લવારા કર્યા. પરંતુ માના મન ઉપર કશાની મુદ્દલ અસર ન પડી.

"અરે, લોકો ખળભળી ઊઠયા છે! કારખાનાના તમામ કામદારો ખડા થઈ ગયા છે, તમામ!" મારિયાનો કર્કશ અવાજ માના કાનમાં રેડાયો.

"હા, ખરી વાત," મા શાંત ભાવે માથું હલાવતી બોલી, પણ તેની નજર સામે તો વીતેલો વખત તરવરી રહ્યો હતો, પાવેલ અને આન્દ્રેઈની જોડે અદૃશ્ય થઈ ગયેલું બધું તરવરી રહ્યું હતું. તે રડી પણ ન શકી — તેનું દિલ જાણે સંકોચાઈ ગયું હતું, સુકાઈ ગયું હતું. તેના હોઠ પણ સુકાઈ ગયા હતા અને મોંમાં ભીનાશ તદ્દન ખતમ થઈ ગઈ હતી. તેના હાથ ધ્રૂજી રહ્યા હતા અને પીઠે ટાઢની આછી કંપારીઓ થતી રહેતી હતી.

સાંજે લશ્કરી પોલીસ ઝડતી લેવા આવ્યા. માને અચંબો પણ ન થયો અને બીક પણ ન લાગી. પોલીસ ઘોંઘાટ કરતા દાખલ થયા. તેઓ હરખઘેલા ને ખુશમિજાજી હતા. પીળા ડાચાવાળો અફસર મોં મલકાવીને દાંત દેખાડતો બોલ્યો:

"કેમ છો? આપણે ત્રીજી વાર મળીએ છીએ, ખરું ને?"

માએ સૂકી જીભ હોઠ ઉપર ફેરવી. અફસર કેટલીય વાર સુધી બોલતો રહ્યો. તે શિખામણ આપવાની કોશિશ કરતો રહ્યો. મા સમજી ગઈ કે તેને વાતો

કરવાનું બહુ ગમે છે, તેના શબ્દોથી માને ચીડ ન ચડી. માને તો શબ્દો જાણે સંભળાયા જ નહોતા. પણ જયારે અફસરે કહ્યું કે 'બાઈ, વાંક તારો જ છે. તું મા છે. પણ તેં તારા દીકરાના મનમાં પરવરદિગાર અને ઝાર તરફ બરાબર આદરની લાગણી ન કેળવી,' ત્યારે તેણે રૂંધાયેલા અવાજે જવાબ દીધો:

"આપણાં સંતાનો આપણો ન્યાય કરશે. તેઓ મુશ્કેલ પંથે જઈ રહ્યાં હતાં ત્યારે તેમને એકલા અટૂલા છોડી દેવા બદલ તેઓ બરાબર ન્યાય તોળશે."

"શું કહ્યું?' અફસર તડૂકી ઊઠયો. "મોટેથી બોલ!"

"મેં કહ્યું કે આપણાં સંતાનો આપણો ન્યાય કરશે," માએ નિસાસો નાખીને જવાબ આપ્યો.

તે ખિજાઈને કશુંક બબડયો પણ તેના શબ્દો માએ સાંભળ્યા જ નહિ.

ઝડતી દરમિયાન સાક્ષી તરીકે મારિયા કોરસુનોવાને બોલાવવામાં આવી. તે પેલાગેયાની સામે જોયા વગર તેની બાજુમાં ઊભી રહી ગઈ. અફસર તેને સવાલ પૂછે ત્યારે તે ખૂબ નમી જઈને એકનો એક જવાબ આપતી:

"મને ખબર નથી, નામદાર. હું તો અભણ બાઈ છું ને ફેરી કરીને રોટલો કમાઈ લઉં છું. મારામાં અક્કલ જ ક્યાં છે! હું તો કંઈ જ નથી જાણતી..."

"ઠીક, ચુપ મર!" અફસર મૂછે હાથ ફેરવતો હુકમ કરતો. મારિયા ફરી નમી પડતી, પણ તે બીજી તરફ ફરે ત્યારે પાછળ અંગૂઠો બતાવતી ધીમા અવાજે માને કહેતી:

"એને તો અંગૂઠો જ દેવાય ને!"

તેને માની ઝડતી લેવાનો હુકમ કરવામાં આવ્યો ત્યારે તે આંખો પલકાવવા લાગી અને પછી અફસરની ઉપર નજર તાકીને બોલી:

"પણ મને તો આવડે જ નહિ, નામદાર!" તેના અવાજમાં ગભરાટ વરતાતો હતો.

અફસરે પગ પછાડીને બરાડો પાડયો. મારિયાએ નજર નીચે ઢાળી દીધી.

"છૂટકો નથી, પેલાગેયા નીલોવ્ના, બટન ખોલવા માંડ," તેણે માને કહ્યું.

માનાં કપડાં ઉપર હાથ ફેરવતાં તેનો ચહેરો લાલપીળો થઈ ગયો.

"નાલાયક! કૂતરા ક્યાંના!" તેના હોઠ ફફડયા.

"શું બોલી?" ખૂણામાં ઝડતી ચાલતી હતી ત્યાં નજર નાખતો અફસર તડૂક્યો.

"અમારી બાઈઓની વાત, નામદાર," મારિયા ધાક ખાઈને બબડી.

આખરે અફસરે માને કાગળો ઉપર દસકત કરવાનો હુકમ આપ્યો. લખવા બિનટેવાયેલા હાથે માએ મોટા મોટા અક્ષરો માંડયા :

"પેલાગેયા નીલોવ્ના, કામદારની વિધવા."

"આ શું લખી નાખ્યું? શું કરવા લખ્યું?" અફસરે મોઢું બગાડીને ઘાંટો પાડયો અને પછી તે લૂખું હસતો બબડયો: "જંગલી!.."

પોલીસ ચાલ્યા ગયા. મા છાતીએ હાથ ભીડીને બારીએ ઊભી રહી. તે અપલક શૂન્ય નજરે બહાર તાકી રહી હતી. તેનાં ભવાં ચડેલાં હતાં, હોઠ સખત બીડેલા હતા, જડબાં એટલા જોરથી ભીડેલાં હતાં કે થોડી વારમાં તેને પીડા થવા લાગી. બત્તીમાં ઘાસલેટ ખતમ થઈ ગયું, વાટ તડતડ કરવા લાગી, જ્યોતિ બુઝાવા લાગી. તે બત્તી ઓલવી નાખીને અંધારામાં ઊભી રહી. હૈયામાં ભરેલી વેદનાને લીધે તે શ્વાસ પણ માંડ માંડ લઈ શકતી હતી. તે ઊભી ઊભી થાકી ગઈ અને તેની આંખોમાં બળતરા થવા લાગી. તેને બારી નજીક મારિયાનો પગરવ કાને પડયો અને નશામાં ચકચૂર અવાજ સંભળાયો :

"પેલાગેયા! સૂઈ ગઈ? બિચારી! કેવાં વીતક પડયાં છે માથે! સૂઈ જા!"

મા કપડાં બદલાવ્યા વગર જ બિછાનામાં પડી અને જાણે ઊંડા જળમાં ડૂબી ગઈ હોય એમ તરત જ ઘેરી નીંદરમાં પડી ગઈ.

તેણે સપનામાં જોયું કે પોતે ભીનાશભૂમિની પાર રેતાળ પીળી ટેકરી પાસે થઈને શહેર તરફ જઈ રહી છે. કામદારો રેતીનાં તગારાં ભરીને લઈ જાય છે, પાવેલ ભેખડની કોર પર ઊભો ઊભો આન્દ્રેઈના સ્વસ્થ રણકતા અવાજે ગીત ગાઈ રહ્યો છે :

"ઊઠ, જાગ! ભૂખ્યા બંદી..."

તે ભવાં ઉપર હાથ માંડીને દીકરાને જોતી જોતી ટેકરી પાસેથી પસાર થઈ ગઈ. નીલા આસમાનની પૃષ્ઠભૂમિમાં પાવેલની ઘાટીલી કાયાની રેખાઓ સાફ તરી આવતી હતી. માને દીકરાની પાસે જવામાં શરમ આવી કારણ કે તે ભારેવગી હતી અને વળી કેડમાં એક બીજું બચ્ચું તેડેલું હતું. તે ચાલતી ચાલતી એક મેદાનમાં પહોંચી. ત્યાં બાળકો દડે રમતાં હતાં. બાળકો ઘણાં હતાં અને દડો રાતા રંગનો હતો. કેડમાં તેડેલું બચ્ચું હાથ લાંબો કરીને દડો માગતું રડવા લાગ્યું. બચ્ચાને થાનેલે વળગાડીને તે પાછી વળી ગઈ, પણ હવે તો ટેકરી ઉપર સિપાહીઓ તેની સામે બેયોનેટો તાકીને ઊભા હતા. તે ઝડપથી દોડતી મેદાનની વચ્ચોવચ આવેલા દેવળમાં પહોંચી ગઈ. અમાપ ઊંચાઈ ધરાવતું ધવલરંગી દિવ્ય દેવળ જાણે વાદળોનું બનેલું લાગતું હતું. કોઈનું દફન ચાલી

રહ્યું હતું. કફનપેટી મોટી કાળી અને સખત બીડેલી હતી. સફેદ ઝભ્ભાધારી બે પાદરીઓ દેવળમાં આંટા મારતા ગાઈ રહ્યા હતા.

"થયા સજીવન ઈસુ ખ્રિસ્ત..."

એક પાદરીએ ધૂપદાની હલાવતાં તેની સામે નમીને હોઠ મલકાવ્યા. સામોઈલોવની જેમ તેના વાળ બદામી હતા અને ચહેરો ખુશાલ હતો. ગુંબજનાં બાકોરાંમાંથી સૂર્યનાં કિરણો લહેરાતા રૂમાલોની જેમ અંદર ફેલાઈ રહ્યાં હતાં.

બન્ને તરફ ઝરૂખામાં ભક્તિગાન ચાલી રહ્યું હતું:

"થયા સજીવન ઈસુ ખ્રિસ્ત..."

બીજો પાદરી અચાનક જ દેવળની વચ્ચોવચ અટકી ગયો અને બરાડો પાડી ઊઠયો: "ગિરફતાર કરી લો!" તેનો સફેદ ઝભ્ભો અદૃશ્ય થઈ ગયો અને તેના ઉપલા હોઠે ધોળી અક્કડ મૂછો દેખાઈ. બધા નાસભાગ કરવા લાગ્યા. બીજો પાદરી પણ ભાગી ગયો. તેણે ધૂપદાની ફગાવી દીધી અને ખોખોલની જેમ બન્ને હાથ માથે બેઉ બાજુએ દબાવ્યા. માએ બચ્ચાને દોડતા માણસોના પગ અગળ મૂકી દીધું, પણ તેઓ બચ્ચાની નવસ્ત્રી કાયા ઉપર ભયભીત નજર નાખતા બાજુએ તરી ગયા. મા ઘૂંટણિયે પડીને તેમને આજીજી કરવા લાગી:

"બચ્ચાને અટૂલું છોડીને ભાગી ન જાઓ! ભેગું લઈ જાઓ!.."

ખોખોલનો અવાજ રણકી ઊઠયો:

"થયા સજીવન ઈસુ ખ્રિસ્ત..." તેના હોઠ મલકી રહ્યા હતા અને તેના હાથ પીઠ પાછળ હતા.

માએ નીચે નમીને બચ્ચાને તેડી લીધું અને પાટિયાં ભરેલા એક ગાડા ઉપર મૂક્યું. નિકોલાઇ ગાડાની જોડાજોડ ધીરે ધીરે ચાલી રહ્યો હતો અને હસી રહ્યો હતો.

"તો આખર મને થોડુંક મુશ્કેલ કામ સોંપ્યું ખરું!" તે બોલ્યો.

રસ્તા ગંદા હતા. માણસો ઘરોની બારીઓમાંથી ડોકાઈને ઘાંટા પાડી રહ્યા હતા, સીટી વગાડી રહ્યા હતા, અને હાથ હલાવી રહ્યા હતા. હવામાન સાફ હતું. તેજસ્વી સૂર્ય પ્રકાશી રહ્યો હતો. છાંયો ક્યાંય દેખાતો નહોતો.

"ગીત ગાઓ, નેનકો!" ખોખોલ બોલી ઊઠયો. "જિંદગી એવી જ છે!"

ખોખોલ પોતે પણ ગાવા લાગ્યો. બીજા બધા અવાજો તેના ગાનમાં ડૂબી ગયા. તે ચાલવા લાગ્યો અને મા તેની પાછળ પાછળ ચાલી. અચાનક તે ઠેસ ખાઈને ઊંડા ખાડામાં ગબડી પડી. ખાડાને જાણે તળિયું જ નહોતું. ઊંડાણની શૂન્યતા જાણે તેની સામે ચિત્કાર કરી રહી હતી...

તે પરસેવામાં રેબઝેબ હાલતમાં જાગી ગઈ. તેને લાગ્યું કે કોઈ ખરબચડો ભારે પંજો તેના હૈયાને પકડમાં લઈને ધીરે ધીરે નિચોવી રહ્યું હતું. કારખાનાની સીટી કામદારોને તાકીદે હાજર થઈ જવાનું ફરમાન કરી રહી હતી. બીજી સીટી હતી. ઓરડામાં પુસ્તકો વેરણછેરણ પડયાં હતાં. બધું ઊંધુંચત્તું થઈ ગયેલું હતું. ભોંયપટ ઉપર કાદવિયા જોડાની છાપ ઠેર ઠેર પડેલી હતી.

મા ઊઠીને હાથમોં ધોયા વગર કે પ્રાર્થના કર્યા વગર જ બધું સરખું ગોઠવવા લાગી. રસોડામાં તેની નજર તૂટેલા ધ્વજદંડ ઉપર પડી. એક છેડે લાલ કાપડનો લીરો હજી વળગેલો હતો. તે ધ્વજદંડ ઉપાડીને સગડીની નીચે ભરાવી દેવા જતી હતી એટલામાં કશોક ખ્યાલ આવતાં તેણે લાલ કપડું કાળજીથી નોખું કરી લીધું અને ગડી વાળીને ખીસામાં મૂકી દીધું. લાકડીને ગોઠણ આડી દબાવીને તોડી નાખી અને બેઉ કકડા ચૂલા પાસે ફગાવી દીધા. બારીઓના કાચ અને ભોંયપટ ઠંડા પાણી વડે ધોયા, સમોવાર પેટાવ્યો, અને કપડાં બદલી લીધાં. પછી તે રસોડાની બારી પાસે બેઠી. ફરી તેના મનમાં એનો એ જ સવાલ ઘોળાવા લાગ્યો:

"હવે શું કરું?"

અચાનક તેને ખ્યાલ આવ્યો કે પ્રાર્થના કરવાનું તો રહી જ ગયું. તે ઊઠીને મૂર્તિઓ પાસે ગઈ અને ત્યાં થોડીક વાર ઊભી રહીને પાછી બેસી ગઈ. તેના અંતરમાં કેવળ શૂન્યતા હતી.

અજબ શાંતિ છવાયેલી હતી, જાણે કેમ ગઈ કાલે રસ્તા ઉપર જોર જોરથી ઘાંટા પાડનારા માણસો પોતપોતાનાં ઘરોમાં ભરાઈ જઈને અસાધારણ ઘટનાઓ અંગે વિચારમાં પડી ગયા હોય.

એકાએક તેની નજર સામે જુવાનીના દિવસોના એક પ્રસંગનું ચિત્ર તરવરી ઊઠયું. ઝાઉસાઈલોવ પરિવારની હવેલીના પુરાણા ઉદ્યાનમાં એક તળાવ હતું અને તેમાં કમળનાં ફૂલ ખીલેલાં હતાં. શરદનો ઘેરો દિવસ હતો. તે તળાવને કાંઠે ચાલતી જઈ રહી હતી એટલામાં તેની નજર તળાવમાં વચ્ચોવચ ખડી એક હોડી ઉપર પડી. તળાવ અંધારિયું લાગતું હતું. નિશ્ચલ શ્યામલ જળમાં કરમાયેલાં કમલપર્ણોની નિરાશાજનક ભાત રચાયેલી હતી અને હોડી જાણે તેની ઉપર ચોંટાડી દીધેલી હોય એમ લાગતું હતું. બેરંગ પાણીમાં ચેતનહીન પર્ણોની વચ્ચે ઇન્સાન કે હલેસાં વગર ખડી એ ગતિહીન એકાકી હોડીનું દૃશ્ય જાણે કોઈ અગમ્ય પીડાએ પેદા કરેલી કારમી ગમગીનીનો ખ્યાલ આપતું હતું. તે ઘણી વાર સુધી કાંઠે ઊભી ઊભી વિચાર કરતી રહેલી કે હોડીને પાણીમાં કોણે અને શા કારણે ધકેલી દીધી હશે. તેને રાતે ખબર પડેલી કે ઝાઉસાઈલોવ

પરિવારના એક નોકરની વહુએ — વેગીલી ચાલ અને બેકાબૂ કાળાં જુલફાં ધરાવતી નાનકડા કદની બાઈએ — તળાવમાં પડીને આપઘાત કર્યો હતો.

તેણે ભવાં ઉપર હાથ ફેરવ્યો. વીતેલા દિવસના અનુભવોના વિચારો તેના મનમાં જાણે અચકાતા અચકાતા ઘોળાવા લાગ્યા. તે કેટલીય વાર સુધી ઠંડી ચાના ગ્લાસને તાકતી વિચારોના પાશમાં જકડાયેલી બેઠી રહી. પોતાના બધા સવાલોના જવાબ આપી શકે એવા કોઈ સાદા ને શાણા આદમીને મળવાની અને તેની જોડે વાતચીત કરવાની ઝંખના તેના દિલમાં પ્રબળ બનતી ગઈ.

જાણે કેમ તેના હૈયાનો પોકાર સાંભળીને જ આવી પહોંચ્યો હોય એમ બપોર પછી નિકોલાઈ ઇવાનોવિચ તેને મળવા આવ્યો. તેમ છતાં જાણે તેને જોઈને અચાનક ગભરાઈ ગઈ હોય એવી રીતે મા તેની દુવાસલામનો જવાબ પણ આપ્યા વગર ધીમા અવાજે બોલી ઊઠી:

"કેમ આવ્યા? આ તો સાવ લાપરવાઈ કહેવાય! અહીંયાં જોઈ જશે તો તરત જ ગિરફતાર કરી લેશે!.."

નિકોલાઈ ઇવાનોવિચે માનો હાથ જોરથી દબાવ્યો, ચશ્માં કપાળ ઉપર ચડાવી દીધાં, અને નીચા વળીને ઝડપથી કહ્યું:

"પાવેલ ને આન્દ્રેઈની જોડે મારે નક્કી થયેલું કે એ બન્ને ગિરફતાર થઈ જાય તો બીજે દિવસે મારે તમને શહેરમાં લઈ જવાં," તેના અવાજમાં નરમાશ અને મા અંગેની ઊંડી ચિંતા વરતાતી હતી. "ઝડતી લેવા આવેલા કે?"

"હા. બધું ખેદાનમેદાન કરી નાખેલું. એ લોકોને નથી શરમ કે નથી લાગણી," મા બોલી.

"એને વળી શરમ કેવી!" નિકોલાઈ ખભા ઉચકાવતો બોલ્યો. પછી તે માને સમજાવવા લાગ્યો કે શહેરમાં જઈને રહેવાનું કેમ જરૂરી છે.

તેનો હેતભર્યો ને ચિંતાતુર અવાજ સાંભળતી માના હોઠ ઉપર આછો મલકાટ ફરકી ગયો. માને તેની દલીલો તો ન સમજાઈ, પણ તેની વાતો સાંભળીને મનમાં વિશ્વાસ અને સ્નેહની લાગણી ઊપજતી જોઈને અચરજ થયું.

"પાશાની મરજી એવી હોય અને મારે લીધે તમને ઝાઝી તકલીફ ન પડે તો ભલે..." તેણે કહ્યું.

"એની ફિકર કરશો નહિ," તે વચમાં જ બોલી ઊઠયો. "હું તો એકલો રહું છું. ક્યારેક ક્યારેક બહેન થોડો વખત રહેવા આવે છે."

"પણ મારાથી તમારે ખરચે તો ન જ રહેવાય..."

"કામ કરવાનું મન હોય તો મળી રહેશે," તેણે કહ્યું.

"ખરેખર?" માએ પૂછ્યું.

"મારું તો એકલા માણસનું ઘર, એટલે કામકાજ ઓછું હોય..."

"મારા મનમાં એનો ખ્યાલ નહોતો—ઘરકામનો ખ્યાલ નહોતો," તે હળવા અવાજે બોલી.

નિકોલાઇ ઈવાનોવિચ તેની વાત સમજ્યો નહિ એથી તેને માઠું લાગ્યું અને તેનાથી નિસાસો નખાઈ ગયો. પરંતુ નિકોલાઇ ઈવાનોવિચ કમજોર આંખોવાળા આદમીની ઢબે મોં મલકાવીને બોલ્યો:

"ગામડાંના લોકો સારુ છાપું કાઢવાની માગણી કરતા હતા એ ખેડૂતોનું સરનામું તમે પાવેલ પાસેથી લઈ આવો તો..."

"અરે, એમને તો હું ઓળખું છું!" મા ખુશ થઈને બોલી ઊઠી. "હું એમને ગોતી કાઢીશ અને તમે જે કહેશો તે બધું કરીશ! ગેરકાયદેસર છાપાં ચોપાનિયાં હું વહેંચું છું એવી શંકા કોઈને આવશે જ નહિ. પરમાત્માની દયા છે! કારખાનામાં ચોપાનિયાં મેં જ પહોંચાડેલાં, ખરું કે નહિ?"

ખભે ખડિયો ને હાથમાં લાકડી લઈને નીકળી પડવાની અને વનવગડા ખૂંદવાની તથા ગામડે ગામડે રખડવાની તીવ્ર ઉત્કંઠા તેના મનમાં જાગી.

"એ કામ મને કરવા દો!" તેણે આજીજી કરતાં કહ્યું. "તમે જોજો તો ખરા, હું બધે પહોંચી જઈશ! તમામ પ્રાંતોની સડકો ઉપર હું ભમીશ! ઉનાળો હોય કે શિયાળો, ભમતા પ્રવાસીની જેમ રખડતી રહીશ—પછી ભલે રખડતી રખડતી જ કબર ભેગી થઈ જાઉં! એવું નસીબ કંઈ માઠું થોડું જ ગણાય!"

કલ્પનામાં પોતાને ઘરબાર વગરની ભટકતી અને ગામના ઝૂંપડાની બારીએ ઈસુના નામે ભીખ માગતી જોઈને તેનું મન ગમગીન બની ગયું.

નિકોલાઇ તેનો હાથ પોતાના એક હાથમાં લઈને તેની ઉપર બીજા હાથની હૂંફાળી હથેલી ફેરવવા લાગ્યો અને ઘડિયાળ ઉપર નજર નાખીને બોલ્યો:

"આ બધી વાતો પછી કરીશું."

"આપણાં સંતાનો, આપણાં દિલોને સૌથી પ્યારા ઇન્સાનો, પોતાના જાન અને મુક્ત જીવનનાં બલિદાન દેતાં હોય, પોતાની મુદ્દલ પરવા કર્યા વગર મોતને ભેટી જતાં હોય, ત્યારે મારું કર્તવ્ય શું? મારા જેવી માએ શું કરવું જોઈએ?" તેના અવાજમાં ભાવાવેશ હતો.

નિકોલાઇનો ચહેરો ફિક્કો પડી ગયો.

"આવા શબ્દો તો હું પહેલી જ વાર સાંભળી રહ્યો છું," તે હેતાળ અને એકાગ્ર નજરે માની સામે જોતો બોલ્યો.

"મારા મનમાં છે એ બધું ક્યાં કહી શકું છું!" તે ગમગીનીથી માથું હલાવતી અને વ્યર્થતાના ભાવે હાથ હલાવતી બોલી. "મારી કાયામાં ધબકતા માના હૈયાની લાગણી વ્યક્ત કરવાના શબ્દો મારી પાસે હોત તો..."

તેના હૈયામાં ઉદય પામીને પ્રકોપનાં વેણનો ધોધ વહેવડાવી દેનારી કોઈ પ્રચંડ શક્તિએ જાણે તેને ઊભી કરી દીધી.

"...અનેકની આંખોમાં—અધમમાં અધમ અને અત્યંત નિર્લજ્જની આંખોમાં પણ—આંસુ છલકાઈ ગયાં હોત!"

નિકોલાઈ પણ ઊભો થઈ ગયો અને તેણે ફરી વાર ઘડિયાળ ઉપર નજર નાખી.

"તો નક્કી છે ને? તમે શહેરમાં આવીને રહેશો ને?"

માએ કશું બોલ્યા વગર માથું હલાવીને હા પાડી.

"ક્યારે? જલદી કરજો," નિકોલાઈએ કહ્યું, અને પછી નરમાશથી ઉમેર્યું: "તમે આવશો નહિ ત્યાં સુધી મને ફિકર રહેશે."

માએ અચરજથી તેની સામે જોયું. આ માણસને મારી જોડે શો સંબંધ? સામે ઊભો છે—માથું એક તરફ ઢળેલું, શરમાઈને હસતો, કાયા વળી ગયેલી, નજર કમજોર, સાદો કાળો કોટ. તેના દેખાવથી તેનો સ્વભાવ સાવ નિરાળો હતો...

"તમારી પાસે પૈસા છે?" તેણે નજર નીચે ઢાળીને માને પૂછ્યું.

"ના."

તેણે તરત જ ખીસામાંથી પાકીટ કાઢીને ખોલ્યું અને પૈસા માની સામે ધર્યા.

"લો, લઈ લો..." તે વિનવતો હોય એમ બોલ્યો.

માનું મોં અનાયાસે મલકી ગયું.

"તમારી તો વાત જ ન્યારી છે," તે માથું હલાવતી બોલી. "પૈસાનુંયે જાણે કશું મૂલ્ય નથી. લોકો તો પૈસાને ખાતર પોતાના અંતરાત્માનેય વેચી નાખતા હોય છે, પણ તમે—તમારી નજરમાં તો પૈસા એટલે જાણે કંઈ જ નહિ! કોઈને જરૂર પડે તો આપી દેવા માટે જ ભેગા રાખતા લાગો છો..."

નિકોલાઈના હોઠ જરાક મલકી ગયા.

"પૈસા એટલે જાણે મોટી બલા—લેતાંય અકળામણ થાય ને દેતાંય અકળામણ થાય..."

તેણે માનો હાથ પકડીને જોરથી દબાવ્યો.

"બને એટલાં જલદી નીકળી આવજો," તેણે ફરી વાર કહ્યું.

પછી હંમેશની જેમ શાંતિથી રવાના થઈ ગયો.

તેને બારણા સુધી વળાવવા જતાં માના મનમાં થયું:

"કેવો ભલો આદમી — પણ એણે મારી દયા ન ખાધી..."

મા નક્કી ન કરી શકી કે એથી પોતાને નારાજગી થઈ છે યા ખાલી અચંબો જ થયો છે.

૨

ત્યાર પછી ચોથે દિવસે મા બે સંદૂક ગાડામાં લાદીને નિકોલાઇને ઘેર જવા નીકળી ગઈ. ગાડું વસતિ મૂકીને સીમમાં પહોંચ્યું ત્યારે તેણે પાછળ ફરીને જોયું. તેને એકદમ ખ્યાલ આવ્યો કે જ્યાં પોતે જિંદગીનો અંધારઘેરો ને વિકટ હિસ્સો ગુજાર્યો હતો અને પછી નિરાળી જિંદગીમાં — નવી ખુશીઓ તથા ગમગીનીઓથી ભરેલી અને વેગે વીતી જતા દિવસોની જિંદગીમાં — કદમ માંડયાં હતાં એ જગ્યા પોતે સદાને માટે તજી રહી છે.

આસમાનને ચીરતાં ધુમાડિયાંવાળું કારખાનું મેશથી કાળી પડી ગયેલી ધરતી ઉપર ઘેરા લાલ રંગના કોઈ વિરાટ કરોળિયાની જેમ ખડું હતું. નજીકમાં કામદારોનાં બેઠા ઘાટનાં ઘરોનું ઝુંડ હતું. કાદવિયા દલદલની બરાબર કોર ઉપર જ ભેગાં વળગીને પડેલાં એ વામણાં ભૂખરાં મકાનો નાનકડી ગંધારી બારીઓ વાટે એકબીજાને તાકતાં રહેતાં હતાં. કારખાના જેવા જ ઘેરા લાલ રંગનું ઊંચું દેવળ મકાનોની જોડે ખડું હતું પણ તેનો મિનારો કારખાનાના ધુમાડિયાથી નીચો હતો.

માને શ્વાસ રૂંધાતો લાગ્યો. તેણે નિસાસો નાખીને ગળે રૂમાલની ગાંઠ ઢીલી કરી.

"હેંડ હવે!" ગાડાવાળો બબડયો. તેણે લગામનો છેડો ટાયડાને ફટકાર્યો. અકળ ઉંમરના ઠીંગણા ગાડાવાળાના પગ કમાનની જેમ વળી ગયેલા હતા, તેને માથે અને દાઢીમૂછે પાંખા વાળ હતા, અને તેની આંખો બેનૂર હતી. ગાડાની જોડાજોડ ચાલતાં ચાલતાં તેની કાયા આમથી તેમ ડોલી રહી હતી, અને સાફ લાગતું હતું કે ડાબે વળવું યા જમણે વળવું તેની નજરમાં એકસરખી બાબત હતી.

"હેંડ, હેંડ!" ફરી બેરંગ અવાજે બબડતાં તેણે વાંકો ટાંટિયો ઊંચો કરીને રમૂજી રીતે ટાયડાને લાત મારી. તેના પગમાં કાદવથી ખરડાયેલા ભારે બૂટ હતા. માએ આસપાસ નજર કરી. તેના શૂન્ય દિલની જેમ ચોમેર જમીન વેરાન પડી હતી...

તડકામાં તપી ગયેલી રેતીના જાડા થરમાં પગ ઘસડતા ટાયડાનું માથું એકધારું ઊંચુંનીચું થઈ રહ્યું હતું. રેતીનો સરર... સરર... અવાજ અને ખખડી ગયેલા ગાડાનો કિચૂડ કિચૂડ અવાજ ગાડાની પાછળ ધૂળની ડમરી ભેગો ભળી જતો હતો...

નિકોલાઇ ઇવાનોવિચ શહેરને છેડે લગભગ ઉજ્જડ શેરીમાં રહેતો હતો. બે માળની જરીપુરાણી પડુંપડું ઇમારતને અડીને બાંધવામાં આવેલા લીલા રંગના નાનકડા મકાનમાં તેનો ફ્લેટ હતો. આગળના ભાગમાં નાનકડો બગીચો હતો અને તરેહવાર વૃક્ષવેલાઓની ડાળીઓ જાણે ત્રણેય ઓરડાની બારીઓમાં ડોકિયાં કરતી રહેતી. અંદર બધું સાફ ને સુઘડ હતું. ભોંયપટ ઉપર પડછાયાની ભાતો કંપતી રહેતી. ભીંતોને અડીને પુસ્તકોના ઘોડા ગોઠવેલા હતા, અને તેની ઉપર ગંભીર મુખમુદ્રા ધરાવતા માણસોની છબીઓ ટાંગેલી હતી.

"જુઓ, અહીંયાં તમને ફાવશે ને?" કહેતો નિકોલાઇ માને એક નાનકડા ઓરડામાં લઈ ગયો. તેની એક બારી બગીચામાં અને બીજી વાડામાં પડતી હતી. વાડામાં ઘાસ ઊગેલું હતું. એ ઓરડામાં પણ ભીંતોને અડીને પુસ્તકોના ઘોડા ગોઠવેલા હતા.

"હું તો રસોડામાં જ રહેવાનું રાખું તો ઠીક," મા બોલી. "રસોડું ચોખ્ખું ને મઝાનું છે..."

માની વાત સાંભળીને નિકોલાઇ તો જાણે ગભરાઈ જ ગયો. રસોડામાં રહેવાનો ખ્યાલ છોડી દેવા માને સમજાવવાની તેની કઢંગી કોશિશો આખરે સફળ થઈ ગઈ કે તરત જ તેના મોં પર ખુશીના ભાવ ઝળકી ઊઠયા.

ત્રણેય ઓરડામાં જાણે ખાસ પ્રકારની હવા હતી અને શ્વાસ લેવાનું સરળ તેમ જ ખુશનુમા લાગતું હતું. પરંતુ મોટેથી બોલતાં મન અચકાઈ જતું હતું— દીવાલોએ ઊંચે ટાંગેલી છબીઓમાંથી એકાગ્ર નજરે નીચે નીરખી રહેલા માનવીઓને ખલેલ પહોંચાડવાની બીક લાગતી.

"રોપાઓને પાણીની જરૂર છે," બારીની પાળ પર ગોઠવેલાં કુંડાંમાંની માટીને અડી જોતી મા બોલી.

"ખરી વાત છે," કુંડાંના માલિકના અવાજમાં દોષનો ભાવ હતો. "મને રોપા બહુ ગમે છે પણ સરખી કાળજી રાખવાનો વખત નથી મળતો..."

માના ધ્યાનમાં આવી ગયું કે નિકોલાઇને આવા મઝાના ફ્લેટમાં પણ જાણે ફ્લેટ બીજા કોઈનો હોય એમ અકળામણ થાય છે. ઓરડામાં ગોઠવેલી જુદી જુદી વસ્તુઓને જોવા માટે તે મોં સાવ નજીક લઈ જતો, અને જ્યારે

કોઈ ચીજ તરફ ધ્યાન ખેંચાય ત્યારે જમણા હાથની પાતળી આંગળીઓ વડે ચશ્માં કપાળ ઉપર ચડાવી દઈને એ ચીજને કુતૂહલભરી નજરે નીરખવા લાગતો. ક્યારેક તે કોઈ ચીજને હાથમાં ઉપાડીને ચહેરાની સાવ નજીક લઈ જતો અને જાણે આંખો વડે સ્પર્શવા માગતો હોય એવી રીતે નીરખતો. માની જેમ તે પણ જાણે પહેલી જ વાર ફ્લેટમાં દાખલ થયો હોય અને સાવ નવી તથા અજાણી ચીજો જોઈ રહ્યો હોય એમ લાગતું હતું. એથી માના મનમાં એકદમ નિરાંત વળી ગઈ. તે નિકોલાઇની પાછળ પાછળ ફ્લેટમાં ફરતી ચીજવસ્તુઓની ગોઠવણી ધ્યાનમાં લેતી ગઈ અને તેની રોજિંદી જિંદગી વિશે સવાલો પૂછતી ગઈ. તેના જવાબમાં દોષનો ભાવ વરતાતો હતો, કામ જેવી રીતે થવું જોઈએ એવી રીતે ન કરી શકવાની સભાનતા અને લાચારી વરતાતી હતી.

માએ કુંડાંમાં પાણી રેડયું અને પિયાનો ઉપર વેરવિખેર પડેલાં સંગીતલેખનનાં પૃષ્ઠો સરખી રીતે ગોઠવીને મૂક્યાં. સમોવાર ઉપર નજર પડતાં તે બોલી ઊઠી:

"આને પૉલીશની જરૂર છે."

નિકોલાઇએ ઝાંખી ધાતુ ઉપર આંગળીઓ ફેરવી, અને તે સમોવારને નાક પાસે ધરીને નિરીક્ષણ કરવા લાગ્યો. મા હસી પડી.

રાતે બિછાનામાં પડીને દિવસની ઘટનાઓનો વિચાર કરતાં કરતાં તેણે માથું ઊંચું કરીને આસપાસ નજર ફેરવી. કશું જાણે તેના માન્યામાં જ નહોતું આવતું. તે બીજા કોઈના ઘરમાં પહેલી જ વાર રાત ગાળી રહી હતી, પરંતુ તે છતાં તેના મનમાં બેચેની જરાય નહોતી. તેના દિલમાં નિકોલાઇ પ્રત્યે લાગણી પેદા થઈ, તેનું મન ખુશ થાય એવું બધું કરવાની અને તેના જીવનમાં સુખ તથા હૂંફ સીંચે એવું હેત દાખવવાની ઉત્કંઠા જાગી. તેની અકળામણ, તેની રમૂજી અનઆવડત, સામાન્ય પ્રકારના માણસોથી સાવ નિરાળો તેનો સ્વભાવ, અને તેનાં નિર્મળ નેત્રોમાં ઝળકતા શાણપણના તેમ જ ભેગા બાળક સમા ભાવ—એ બધું માના હૈયાને સ્પર્શી ગયું હતું. પછી તેના મનમાં દીકરાનો ખ્યાલ આવ્યો અને મે-દિનની ઘટનાઓ ફરી તેની નજર સામે તરવરી ઊઠી—પરંતુ હવે તેમાં નવા ધ્વનિઓ સમાઈ ગયા હતા, નવો અર્થ ભરાઈ ગયો હતો. એ દિવસ જેવી રીતે વિશિષ્ટ હતો એવી જ રીતે એ દિવસની વેદના પણ વિશિષ્ટ હતી. એ વેદના મુક્કાના જોરદાર ફટકાની જેમ માણસને બેહોશ બનાવીને ભોંય ભેગો કરી દે એવી નહોતી. એ તો હૈયામાં શૂળની જેમ વારે વારે ભોંકાઈને ધીરે ધીરે પ્રકોપ પેદા કરનારી વેદના હતી, વાંકા પગને સીધા ટટ્ટાર કરી દેનારી વેદના હતી.

"આપણાં સંતાનો મેદાને પડયાં છે," શહેરની રાતના અપરિચિત અવાજો સાંભળતાં સાંભળતાં તે વિચાર કરવા લાગી. દૂર દૂરથી આવતા થાકેલા ને ઓસરતા એ અવાજો બગીચાનાં પાંદડાંને હલાવતા હતા અને ઉઘાડી બારી વાટે ઓરડામાં દાખલ થઈને ધીરે ધીરે લુપ્ત થઈ જતા હતા.

બીજે દિવસે વહેલી સવારે ઊઠીને તેણે સમોવારને પૉલિશ કર્યું, ચા સારુ પાણી ગરમ કર્યું, અવાજ કર્યા વગર ટેબલ ઉપર નાસ્તો ગોઠવી દીધો, અને પછી તે રસોડામાં બેઠી બેઠી નિકોલાઈ ઊઠે તેની વાટ જોવા લાગી. આખરે નિકોલાઈએ ખોંખારો ખાતાં ખાતાં બારણું ઉઘાડયું. તેના એક હાથમાં ચશ્માં હતાં અને બીજા હાથમાં શર્ટનો કોલર હતો. રાતે નીંદર સરખી આવેલી કે નહિ એવા તેના સવાલનો જવાબ આપીને મા સમોવાર બીજા ઓરડામાં લઈ ગઈ અને નિકોલાઈ હાથમોં ધોવા લાગ્યો. તેણે ભોંયપટ ઉપર પાણી ઢોળ્યું. તેના હાથમાંથી સાબુ ને ટૂથબ્રશ નીચે પડી ગયાં. પોતાની કઢંગી રીતો અંગે બબડાટ કરતાં તેણે હાથમોં ધોવાનું કામ જેતતેમ કરીને પતાવ્યું.

નાસ્તો કરતાં કરતાં તેણે કહ્યું:

"જિલ્લા પરિષદમાં મારું કામ મનમાં ગ્લાનિ ઉપજાવે એવું છે—આપણાં કિસાનોને કેવી રીતે પાયમાલ બનાવી દેવામાં આવે છે તેનું નિરીક્ષણ કરવાનું..."

તેના મોં પર સ્મિત ફરકી ગયું પણ તેમાં દોષનો ભાવ સાફ વરતાતો હતો.

"અપૂરતું પોષણ કિસાનોની જિંદગી અકાળે ખતમ કરી નાખે છે. તેમનાં બાળકો નબળાં પેદા થાય છે અને ચોમાસામાં મરતી માખીઓની જેમ મરી જાય છે. આ બધું અમે જાણીએ છીએ અને તેનું કારણ પણ જાણીએ છીએ. એ પ્રક્રિયાનું નિરીક્ષણ કરવા માટે અમને પગાર પણ આપવામાં આવે છે—પરંતુ વાત બસ એટલે સુધી જ પહોંચે છે, એથી વધારે કશું નથી કરવામાં આવતું."

"તમે અભ્યાસ કરો છો?" માએ પૂછ્યું.

"ના, હું શિક્ષક છું. મારા બાપુ વ્યાતકામાં કારખાનાના મૅનેજર છે, પણ હું શિક્ષક બન્યો. ગામડામાં હું ખેડૂતોને ચોપડીઓ વાંચવા આપતો અને એ કારણે મને જેલમાં ધકેલી દેવામાં આવ્યો. સજા પૂરી કરીને હું પુસ્તકોની દુકાનમાં કામે રહ્યો, પણ મારી જ લાપરવાઈના પરિણામે ફરી પાછો જેલમાં પહોંચી ગયો. પછી મને હદપાર કરીને આર્ખાંગેલ્સ્ક મોકલી દેવામાં આવ્યો. ત્યાં પણ મારી ઉપર ગવર્નરની ખફગી ઊતરી અને મને ધોળા સમુદ્રને કિનારે એક નાનકડા ગામડામાં મોકલી દેવામાં આવ્યો. મેં પાંચ વરસ ત્યાં ગાળ્યાં."

ઓરડો સૂર્યનાં કિરણોથી ઝગમગી ઊઠયો હતો અને નિકોલાઇની વાણીનો પ્રવાહ સરળતાથી એકધારો વહી રહ્યો હતો. મા આવી ઘણી કથનીઓ સાંભળી ચૂકી હતી પરંતુ તેને કદી ન સમજાતું કે કથની કહી સંભળાવનારા માણસો જાણે કોઈ અનિવાર્ય ઘટનાની વાત કરતા હોય એમ હંમેશાં સ્વસ્થ કેવી રીતે રહી શકતા હશે.

"મારી બહેન આજે આવવાની છે," નિકોલાઇએ કહ્યું.

"પરણેલી છે?"

"ના, વિધવા છે. તેના પતિને હદપાર કરીને સાઇબિરિયા મોકલી દેવામાં આવેલા પણ ત્યાંથી છટકી ગયા. બે વરસ પહેલાં ક્ષયના રોગથી યુરોપમાં ગુજરી ગયા..."

"તમારાથી નાની છે?"

"ના, છ વર્ષ મોટી. મારી ઉપર એનું બહુ મોટું અહેસાન છે. પિયાનો સરસ વગાડે છે. આ એનો જ છે. અહીંયાં બીજી ઘણી ચીજો પણ એની જ છે. પુસ્તકો મારાં છે..."

"ક્યાં રહે છે?"

"બધે જ," તેણે હસીને જવાબ આપ્યો. "જ્યાં ક્યાંય હિંમતવાન માણસની જરૂર પડે ત્યાં એ હાજર જ હોય."

"એ પણ આપણું... આ કામ કરે છે?"

"હાસ્તો, બહુ કરે છે!" તેણે કહ્યું.

થોડી વાર પછી તે ચાલ્યો ગયો, અને મા "આ કામ"ના અને દરરોજ સ્વસ્થતાથી તથા ખંતથી તેમાં લાગી જતા માણસોના વિચારોમાં ડૂબી ગઈ. જેવી રીતે માણસને રાતે પહાડ સામે જોતાં લાગે કે પોતે વામણો છે, એવી જ રીતે માને એવા લોકોની સરખામણીમાં પોતે વામણી હોવાની લાગણી થઈ.

લગભગ બપોરના વખતે એક ઊંચી સુડોળ મહિલાએ ઘંટડી વગાડી. તેણે કાળો ડ્રેસ પહેર્યો હતો. માએ બારણું ખોલ્યું કે તરત જ મહિલાએ નાનકડી પીળી સૂટકેસ નીચે મૂકીને માનો હાથ પકડી લીધો.

"તમે પાવેલ મિખાઇલોવિચનાં મા, ખરું ને?"

"હા," તેનાં કિંમતી કપડાં જોઈને અકળામણ અનુભવતી મા બોલી.

"મેં ધારેલાં એવાં જ છો. ભાઈએ લખેલું કે તમે અહીંયાં રહેવા આવવાનાં છો," મહિલા આયના સામે ઊભી રહીને ટોપી ઉતારતી બોલી. "હું ને પાવેલ મિખાઇલોવિચ ઘણા વખતથી મિત્રો છીએ. એમણે મને તમારે વિશે વાત કરેલી."

તેનો અવાજ ઘોઘરો હતો અને તે ધીરે ધીરે બોલતી હતી, પરંતુ તેના હલનચલનમાં સ્ફૂર્તિ અને શક્તિ વરતાતાં હતાં. તેની મોટી મોટી રાખોડી આંખોમાં તારુણ્ય ઝળકી રહ્યું હતું, પરંતુ લમણે અંકાઈ ગયેલી બારીક રેખાઓ અને મઝાના નાજુક કાનની ઉપર ચળકતી ધોળી લટો જાણે તેની ઉંમરની ચાડી ખાતી હતી.

"ભૂખ લાગી છે!" તેણે એલાન કર્યું. "કોફી પીવાનું મન થાય છે."

"હમણાં બનાવું," મા બોલી. "તમે શું કહ્યું, પાવેલે તમને મારે અંગે વાત કરેલી?" તેણે કબાટમાંથી કોફીનો સેટ કાઢતાં પૂછ્યું.

"કેટલીય વાર," મહિલા ચામડાના નાનકડા કેઈસમાંથી સિગારેટ કાઢીને સળગાવતી ઓરડામાં આંટા મારવા લાગી. "તમને એની બહુ ફિકર થાય છે, ખરું ને?"

કોફી બનાવવા પેટાવેલા સ્પિરિટના સ્ટવની નાનકડી નીલી જ્યોતિ નીરખતી માના હોઠ મલકી ગયા. બાઈની હાજરીમાં તેને થયેલી અકળામણ જાણે ખુશીની લાગણીમાં ઓગળી ગઈ.

"તો આને મારી વાત કરેલી, કેવો પ્યારો બેટો!" તેને થયું. પછી તે ધીરે ધીરે બોલી: "હા, ફિકર તો થાય છે. આ બધું વેઠવું આસાન નથી. પણ આવું અગાઉ બન્યું હોત તો મને વધારે મુશ્કેલ લાગ્યું હોત. હવે એટલી તો નિરાંત છે કે પાવેલ એકલો નથી..."

માએ બાઈની સામે જોઈને તેનું નામ પૂછ્યું.

"સોફ્યા," જવાબ મળ્યો.

માએ તેને ધ્યાનથી નીરખી. બાઈમાં કશુંક પ્રબળ વરતાતું હતું, અપાર હિંમત અને વેગનો ભાસ થતો હતો.

"સૌથી મહત્ત્વની વાત તો એ છે કે તેમને ઝાઝો વખત જેલમાં ન ગોંધાઈ રહેવું પડે," સોફ્યા કોફી પીતી પીતી બાબતને સાફ સમજતી હોય એવી રીતે બોલી. "મુકદ્દમો ઝટ પતાવી નાખે તો સારું! હદપાર કરીને મોકલી આપે કે તરત જ પાવેલ મિખાઈલોવિચ માટે છટકી જવાની વ્યવસ્થા કરી લઈશું. એમની અહીંયાં જરૂર છે."

માએ દવિધાની નજરે સોફ્યાની સામે જોયું. સોફ્યા સિગારેટ નાખી દેવા જાણે કશીક ચીજ ખોળી રહી હતી. આખરે તેણે સિગારેટ કુંડાની માટીમાં બુઝાવી નાખી.

"રોપાને નુકસાન થશે," માથી અનાયાસ બોલાઈ ગયું.

"માફ કરી દો," સોફ્યા બોલી. "નિકોલાઈ પણ હંમેશાં એમ જ કહે છે," તેણે સિગારેટનું ઠૂંઠું કુંડામાંથી લઈને બારીની બહાર ફેંકી દીધું.

માને અકળામણ થઈ. તે કસૂરની નજરે સોફ્યાની સામે જોતી બોલી:

"માફ તો તમે કરો. મને ખ્યાલ જ નહોતો કે શું બોલું છું. મારાથી તમને શીખ કેવી રીતે દેવાય?"

"હું ગંદકી ફેલાવું તો મને શીખ કેમ ન દેવાય?" સોફ્યા ખભા ઉચકાવતી બોલી. "કોફી થઈ ગઈ? આભાર. પણ એક જ કપ કેમ? તમે નથી પીવાનાં?"

તેણે સહસા માને ખભે હાથ વીંટાળીને તેને પોતાની નજીક ખેંચી લીધી અને તેની આંખોમાં નજર પરોવીને પૂછ્યું:

"શરમ આવે છે?"

માએ હસીને જવાબ આપ્યો:

"સિગારેટની બાબતમાં છબરડો વાળ્યો પછી શરમ ન આવે તો બીજું શું થાય!"

પછી તેણે વિસ્મયની લાગણી છુપાવવાની કોશિશ કર્યા વગર જ ઉમેર્યું:

"પણ તમે તો જોઈ લીધું કે હું અહીંયાં હજુ ગઈકાલે જ આવી હોવા છતાં આ ઘર મને મારું પોતાનું જ હોય એવું લાગે છે—જરાય સંકોચ નથી લાગતો, મનમાં આવે એ બોલી નાખું છું..."

"એમ જ હોવું જોઈએ," સોફ્યા બોલી ઊઠી.

મારું મગજ જાણે ઘૂમરીઓ ખાતું રહે છે, મારું વર્તન મને પોતાને જ નથી સમજાતું," મા ફરી બોલવા લાગી. "એક જમાનામાં તો હું માણસને બરાબર ઓળખી ન લઉં ત્યાં સુધી હૈયું ખોલીને વાત કદી ન કરતી. પણ હવે તો મારું હૈયું જાણે કાયમ ખુલ્લું જ રહે છે, અને અગાઉ કદી સપનામાંયે ન કરી શકી હોત એવી વાતો કરું છું..."

સોફ્યાએ બીજી સિગારેટ સળગાવી અને કોમળ આભા ઝળકાવતી રાખોડી આંખો માના ચહેરા ઉપર માંડી.

"તમે હમણાં કહ્યું કે પાવેલ માટે છટકી જવાની વ્યવસ્થા કરી લેશો. પણ પછી એ જિંદગી કેવી રીતે ગુજારશે— ભાગેલો કેદી?" માએ મૂંઝવતો સવાલ પૂછીને હૈયાનો ભાર હળવો કર્યો.

"એમાં કશી મુશ્કેલી નહિ પડે," સોફ્યાએ ખાલી કપમાં ફરી કોફી રેડતાં જવાબ આપ્યો. "એ પણ બીજા ડઝનબંધ ભાગેલા કેદીઓની જેમ

જ રહેશે ને કામ કરશે. હું હમણાં જ એવા એકને મળીને અને એને માટે રહેવાની ગોઠવણ કરીને આવી છું. એની પણ અહીંયાં ખૂબ જરૂર છે. એને પાંચ વર્ષની સજા થયેલી, પણ એણે ફક્ત સાડા ત્રણ મહિના હદપારીમાં ગાળ્યા..."

મા થોડી વાર તેની સામે જોતી રહીને પછી હસી.

"લાગે છે કે આ મે-દિને મને કંઈક કરી નાખ્યું છે," તે માથું હલાવતી હળવા અવાજે બોલી. "કોણ જાણે કેમ પણ મને મનમાં અકળામણ થતી રહે છે—જાણે એકીવેળાએ બે જુદે જુદે રસ્તે જઈ રહી હોઉં એવું લાગે છે. ક્યારેક બધું સમજાતું હોય એવી અને ક્યારેક મનમાં ધુમ્મસ ભરાઈ ગયું હોય એવી લાગણી થાય છે. તમારો જ દાખલો આપું—તમે અમીર મહિલા છો પણ તે છતાં આ કામ કરો છો... મારા પાવેલને તમે ઓળખો છો અને એનું સારું બોલો છો... તમારું અહેસાન..."

"અરે, અહેસાન તો તમારું!" સોફ્યા હસતી હસતી બોલી.

"મારું? કેમ? આ બધું મેં એને નથી શીખવ્યું," માએ નિસાસો નાખતાં કહ્યું.

સોફ્યાએ સિગારેટ રકાબીમાં બુઝાવી નાખી અને જોરથી માથું હલાવ્યું. સોનેરી કેશકલાપ છેક કમ્મર સુધી ફેલાઈ ગયો.

"હવે આ બધો સાજશણગાર કાઢી નાખું," તે ઊભી થઈને ઓરડાની બહાર જતી બોલી.

૩

નિકોલાઈ સાંજે પાછો આવ્યો. સૌ વાળુ કરવા બેઠાં અને સોફ્યાએ હસતાં હસતાં પોતાના અનુભવોનું વર્ણન કર્યું—હદપારીથી ભાગીને આવેલા આદમીને કેવી રીતે મળીને છૂપી જગ્યાએ ગોઠવી દીધો, જાસૂસોની કેવી બીક લાગી, દરેકની ઉપર કેવી જાસૂસીની શંકા જતી, ભાગેલા કેદીનું વર્તન કેવું રમૂજી હતું, વગેરે. માને તેના અવાજમાં લગભગ શેખી જેવું કશુંક લાગ્યું—જાણે કોઈ કામદાર પોતે સરસ રીતે પાર પાડેલા મુશ્કેલ કામની વાત કરતો હોય.

તેણે રાખોડી રંગનો ઢીલો ડ્રેસ પહેર્યો હતો. એથી તે વધારે ઊંચી દેખાતી હતી, તેની આંખો અધિક ઘેરી લાગતી હતી, અને તેનું હલનચલન વધારે સ્વસ્થ લાગતું હતું.

"તારે માટે બીજું કામ તૈયાર છે, સોફ્યા," વાળુ પછી નિકોલાઈએ કહ્યું. "મેં તને વાત તો કરેલી કે અમે કિસાનો માટે અખબાર છાપવાનું નક્કી કર્યું હતું. પણ વહેંચણીની વ્યવસ્થા જેની સાથે કરવાની હતી એ માણસ જોડેનો સંપર્ક આ બધી ગિરફતારીઓ દરમિયાન તૂટી ગયો છે. એને ગોતી કાઢવામાં હવે તો માત્ર પેલાગેયા નીલોવ્ના જ મદદ કરી શકે એમ છે. તારે એમની જોડે ગામડે જવાનું છે અને આ કામ બને એટલું જલદી પતાવવાનું છે."

"વારુ," સોફ્યાએ સિગારેટ પીતાં કહ્યું. "જઈશું ને, પેલાગેયા નીલોવ્ના?"

"હાસ્તો, ચોક્કસ વળી..."

"કેટલું દૂર છે?"

"લગભગ એંશી કિલોમીટર."

"ઠીક. હવે પિયાનો વગાડું. થોડુંક સંગીત થાય તો વાંધો નથી ને, પેલાગેયા નીલોવ્ના?"

"મારી ફિકર કરશો નહિ—હું જાણે હોઉં જ નહિ એવી રીતે મરજી પડે એમ કરો," મા સોફાને ખૂણે દબાતી બોલી. ભાઈબહેને જાણે તેની ઉપર ખાસ ધ્યાન ન આપતાં હોય એવો દેખાવ કર્યો પણ કુનેહથી તેને વાતચીતમાં ખેંચવાનું ચાલુ રાખ્યું.

"સાંભળ, નિકોલાઈ, ગ્રીગની રચના છે. હું ભેગી લઈ આવી છું... બારીઓ બંધ કરી દે."

તેણે સંગીતલેખન સામે ગોઠવીને ડાબા હાથે હળવેથી પિયાનો વગાડવાનું શરૂ કર્યું. તાર ઝણઝણી ઊઠયા, ઘેરો ઊંડો સૂર ગુંજી રહ્યો, અને એક બીજો સૂર હળવા નિ:શ્વાસની જેમ શરૂ થતો તેમાં ભળી ગયો. તેના જમણા હાથની આંગળીઓ ફરવા લાગી અને ઘેરા ઊંડા રણકારની જોડે રણઝણતી મોહક સૂરાવલિ ચોંકીને ઊડી જતાં પંખીઓની જેમ સરસરાટ વહેવા લાગી.

શરૂઆતમાં મા સંગીતની કશી અસર ન અનુભવી શકી. રેલાતા સૂર તેને મન તો અવાજોના અંધેર સમા હતા. અટપટી સંગીતરચનાનું માધુર્ય તેના કાન ન પારખી શક્યા. તે જાણે સ્વપ્નમાં સરી પડી હોય એમ નિકોલાઈને નીરખતી રહી. તે પગ વાળીને સોફાને બીજે ખૂણે બેઠો હતો અને સોનેરી કેશકલાપથી શોભતું સોફ્યાનું ગંભીર મુખારવિંદ નિહાળી રહ્યો હતો. સૂર્યનાં કિરણો સોફ્યાના માથા ઉપર અને ખભા ઉપર ગેલ કરતાં કરતાં નીચે સરકીને પિયાનો ઉપર ફરતી તેની આંગળીઓને હેતથી પંપાળી રહ્યાં હતાં. સંગીત જામતું

ગયું અને આખા ઓરડામાં ફેલાઈ ગયેલું મધુર ગુંજન માથી અજાણ્યું જ તેના હૃદયને સ્પર્શી જવા લાગ્યું.

કોણ જાણે કેમ પણ અતીતની અંધારઘેરી ગર્તામાંથી ઉપર તરી આવતી ઊંડી વેદના માના દિલમાં ભરાઈ ગઈ, લાંબા વખતથી ભુલાઈ ગયેલો આઘાત કઠોર ને સ્પષ્ટ રૂપમાં ફરી તાજો થઈ ગયો.

એક વાર તેનો ધણી નશામાં ચકચૂર થઈને મોડી રાતે ઘેર પાછો ફર્યો. તેણે કાંડું પકડીને તેને બિછાનામાંથી બહાર ખેંચી કાઢી, હડસેલીને ભોંયપટ ઉપર પછાડી નાખી, અને પડખામાં લાતો ઝીંકી દીધી.

"ઘરની બહાર નીકળ, સૂવર! તને જોતાં જ ચીતરી ચડે છે!" તે બરાડયો.

ધડાધડ પડતી લાતોથી બચવા તેણે બે વરસના દીકરાને હાથમાં લઈ લીધો અને ઘૂંટણિયે પડીને સામે ધરી રાખ્યો. ઉષ્માભર્યું નગ્ન બાળક ધાક ખાઈ ગયું અને તેના હાથમાં કલ્પાંત કરતું તરફડિયાં મારવા લાગ્યું.

"બહાર નીકળ!" મિખાઈલ ફરી વાર ગરજી ઊઠયો.

તે એકદમ ઊભી થઈ જતી રસોડામાં દોડી ગઈ અને ખભે ગરમ સ્વેટર નાખતી, બાળકને શાલમાં લપેટતી, ચુપચાપ, કશી રડાકૂટ કે ફરિયાદ વગર, ઉઘાડે પગે, ખાલી રાતનાં કપડાં પહેરેલી હાલતમાં, ઘરમાંથી બહાર નીકળી ગઈ. મે મહિનો ચાલતો હતો અને બહાર સખત ટાઢ હતી. રસ્તાની ઠંડી ધૂળ તેના પગને તળિયે વળગી જતી હતી અને આંગળીઓની વચ્ચે ઘૂસી જતી હતી. હાથમાં બાળક કલ્પાંત કરી રહ્યું હતું અને તરફડિયાં મારી રહ્યું હતું. તેણે બચ્ચાને સ્વેટરની નીચે છાતી સરસું દબાવી દીધું અને તે બીકની મારી રસ્તા ઉપર દોડવા લાગી. બચ્ચાને છાનું રાખવા તે દોડતી દોડતી આ... આ... આ...નો આલાપ કરવા લાગી.

પરોઢ થયું. અરધી નગ્ન દશામાં તેને કોઈ જોઈ જશે એવી બીક અને શરમ તેના મનમાં ઘોળાઈ રહી હતી, એટલે તે કાદવિયા દલદલ નજીક જઈને ઝાડીમાં બેઠી. તે કેટલીય વાર સુધી ત્યાં બેઠી બેઠી ફાટેલે ડોળે અંધારામાં તાકતી રહી અને ઝોલાં ખાતા બાળકને શાંત રાખવા તેમ જ પોતાના દિલની વેદનાને હળવી કરવા એકધારો નીરસ આલાપ કરતી રહી:

"આ... આ... આ..."

અચાનક એક કાળું પંખી હળવેથી પાંખો ફફડાવીને ઊડતું તેના માથા ઉપરથી પસાર થઈ ગયું. એથી તે ચોંકી ગઈ અને જાણે જાગી ગઈ હોય એમ ઊભી થઈ ગઈ. ટાઢમાં ધ્રૂજતી તે ઘર તરફ ચાલવા લાગી — રોજના ત્રાસ ને મારપીટ ને અપમાન તરફ પાછી કદમ માંડવા લાગી...

અંતિમ સૂર ગુંજી રહ્યો હતો. સંગીત ઠંડો ઉદાસીન નિ:શ્વાસ નાખતું શમી ગયું.

સોફ્યાએ ભાઈની તરફ ફરીને શાંત અવાજે પૂછ્યું:

"ગમ્યું?"

"બેહદ," નિકોલાઇ જાણે નીંદરમાંથી જાગતો હોય એવી રીતે બોલ્યો, "બેહદ..."

પુરાણી યાદોના પડઘા માના દિલમાં હજુ ધ્રૂજતા રણકાર કરી રહ્યા હતા, પરંતુ તેના સભાન ચિત્તને ખૂણે એક ખ્યાલ આકાર લઈ રહ્યો હતો:

"મિત્રોની જેમ ભેગા રહીને શાંત જીવન ગુજારનારા માણસો પણ દુનિયામાં છે ખરા. તેઓ લડાઈઝઘડા નથી કરતા, દારૂ નથી ઢીંચતા, રોટીના એક એક ટુકડા ખાતર ટંટા નથી કરતા, પેલી અંધારઘેરી જિંદગીથી સાવ નિરાળી જિંદગી તેઓ જીવે છે..."

સોફ્યાએ સિગારેટ સળગાવી. તે સિગારેટ બહુ જ પીતી, લગભગ અણથંભ.

"કોસ્ત્યાને બહુ ગમતું," તે બોલી. તેણે સિગારેટનો ઊંડો કશ ખેંચ્યો અને પિયાનો તરફ ફરીને હળવો ગમગીન સૂર છેડયો. "એની સારુ વગાડવામાં મને કેટલી બધી ખુશી થતી! એનું હૈયું કેટલું ઊર્મિશીલ હતું! એમાં હર બાબતના પડઘા પડતા, હૈયું જાણે ઊર્મિઓથી છલકાઈ જતું!.."

"એના વરની વાત કરતી લાગે છે—અને આટલા બધા ભાવથી!.." માને થયું.

"એણે મને કેટલું બધું સુખ આપેલું!" સોફ્યા પિયાનોના આછા સૂર છેડતી વળી હળવેથી બોલી. "એને બરાબર ખ્યાલ હતો કે જિંદગી કેવી રીતે જિવાય..."

"ખરેખર," નિકોલાઇ દાઢીએ હાથ ફેરવતો બોલ્યો. "એનું હૈયું ગાન કરતું રહેતું..."

તાજી સળગાવેલી સિગારેટ ફેંકી દેતી સોફ્યા મા તરફ ફરી.

"પિયાનો વગાડીને ઘોંઘાટ કરું છું એથી તમને કંટાળો તો નથી આવતો ને?" તેણે પૂછ્યું.

"મારી ફિકર કરશો નહિ. હું તો કંઈ સમજતી નથી. બેઠી બેઠી સાંભળું છું ને મારા જ ખ્યાલોમાં ડૂબી જાઉં છું."

"ના, તમે જરૂર સમજી શકશો," સોફ્યા બોલી. "કોઈ પણ સ્ત્રી સંગીતને

સમજ્યા વગર રહે જ નહિ, ખાસ કરીને દિલમાં ગમગીની ભરેલી હોય ત્યારે તો નહિ જ..."

તેણે જોરથી આંગળીઓ ફેરવી, અને જાણે કોઈને ભયંકર આઘાતના સમાચાર મળ્યા હોય એવી રીતે પિયાનો ચિત્કાર કરી ઊઠયો. આઘાત કારમો હોવો જોઈએ — તો જ આવો ભયાનક ચિત્કાર થાય. પ્રતિભાવમાં ભયભીત કુમળા સૂર રણઝણી ઊઠયા અને વેગે વહી ગયા. ફરી વાર કારમો પ્રકોપભર્યો ચિત્કાર થયો અને બીજા બધા સૂર તેમાં ડૂબી ગયા. તેમાં કોઈ કારમી આફતના ભણકારા હતા, પણ એથી દયાની લાગણીને બદલે પ્રકોપની જ્વાળા પેદા થતી હતી. પછી પ્રબળ રણકતા સૂરમાં સાદી ને મનહર રાગણી બજવા લાગી — મનાવતી ને આહ્લાદક.

માના હૈયામાં આ લોકોને માયાળુ વેણ કહેવાની ઉત્કંઠા જાગી. તેના દિલમાં સંગીત છવાઈ ગયું હતું. આ ભાઈબહેન સારુ પોતે જરૂર કંઈક કરી શકે એવી ખાતરી મનમાં લાગતાં તેનું મોં મલકી ગયું.

તે આસપાસ નજર ફેરવતી વિચારવા લાગી — "હમણાં જ કંઈક ન કરી શકું? શું કરું?" તે શાંત ભાવે ઊઠીને રસોડામાં ગઈ અને સમોવાર પેટાવવા લાગી.

પરંતુ તેમની સારુ કંઈક કરવાનો તલસાટ એથી શમ્યો નહિ. જાણે કેમ તેમને અને ભેગો પોતાના દિલને પણ શબ્દો વડે દિલાસો આપતી હોય એમ તે ચા રેડતાં રેડતાં સંકોચના ભાવે હસીને બોલી:

"અમે અંધારઘેરી જિંદગીના લોકો — અમારાં દિલોમાંયે તમામ લાગણીઓ થતી હોય છે, પણ એની વાત કરવાનું અમારે માટે મુશ્કેલ બની જાય છે. અમને શરમ આવે છે કારણ કે અમે સમજવા છતાં કશું કહી શકતાં નથી. અને શરમને લીધે અમને ઘણી વાર અમારા ખ્યાલો અંગે ખીજ ચડે છે. જિંદગી અમને ચોતરફથી પીટતી ને ડંખતી રહે છે. અમે રાહત તરસતાં રહીએ છીએ, પણ અમારા વિચારો અમને જંપ નથી લેવા દેતા."

માના શબ્દો સાંભળતાં સાંભળતાં નિકોલાઇ ચશ્માં લૂછવા લાગ્યો. સોફ્યાની આંખો પહોળી થઈ ગઈ અને તે સિગારેટ પીવાનું ભૂલી ગઈ. સિગારેટ એમ ને એમ લગભગ બુઝાઈ ગઈ. તે હજુ પિયાનો પાસે, લગભગ અરધી ભાઈની તરફ ફરીને, બેઠી હતી અને ક્યારેક ક્યારેક જમણા હાથની આંગળીઓ હળવેથી પિયાનો ઉપર ફેરવી લેતી હતી. પિયાનોના ધીમા રેલાતા સૂર માના દિલની લાગણીને વ્યક્ત કરતી સાદી હૃદયસ્પર્શી વાણીની જોડે ભળી જતા હતા.

"હવે હું મારી બાબતમાં અને બધા લોકોની બાબતમાં કંઈક કહી શકું એમ છું, કારણ કે હું સમજવા લાગી છું અને સરખામણી કરી શકું છું. અગાઉ સરખામણી કરવા માટે કશું હતું જ નહિ—અમારી જિંદગીમાં સૌ એકસરખી રીતે જીવે છે. પણ હવે હું જોઉં છું કે બીજા લોકો કેવી રીતે જીવે છે અને યાદ કરું છું કે મારી જિંદગી કેવી હતી—કપરી, કારમી!"

તેનો અવાજ ધીમો થઈ ગયો.

"હું કદાચ સરખી રીતે નથી કહી શકતી, અને કદાચ કહેવાનો કશો અર્થ જ નથી કારણ કે આમાં તમારે માટે તો કશું નવું નથી..."

તેનો અવાજ ગળગળો થઈ ગયો પણ તેમની સામે જોતાં તેની આંખો જાણે મલકી રહી હતી.

"હું મારું દિલ તમારી સામે ખોલી નાખવા માગું છું. મારા હૈયામાં ઉછાળા લેતી તમારા ભલાની, તમારા સુખચેનની, તમામ શુભ કામનાઓ તમે જાણી લો એવી મારી મંછા છે."

"એ તો અમે જાણીએ જ છીએ," નિકોલાઈ ધીમા અવાજે બોલ્યો.

તેનો તલસાટ શમતો ન હોય એમ લાગતું હતું. તેને નવી અને મહત્ત્વની લાગતી બાબતો વિશે તે બોલતી રહી. તેણે પોતાની કપરી જિંદગીની અને મૂંગે મોંએ વેઠેલી વિપદાઓની વાત કરી. તેના અવાજમાં ડંખ નહોતો પણ ફરકતા હોઠમાં વ્યંગની છાયા હતી. તેની અગાઉની જિંદગીના કપરા દિવસોની કહાણી તેની વાણીમાં વહેતી ગઈ. તેણે પતિના હાથે ખાધેલા મારના પ્રસંગો યાદ કર્યા, અને એવી મારપીટનાં નજીવાં કારણો બદલ તેમ જ મારપીટ અટકાવવાની પોતાની અશક્તિ બદલ વિસ્મયની લાગણી વ્યક્ત કરી.

ભાઈબહેન અબોલ રહીને તેની કથની સાંભળતાં રહ્યાં. કેવળ જનાવર ગણાતા રહેલા અને એવી હાલત ખુદ વિના વિરોધે સ્વીકારી લેનારા ઇન્સાનની જિંદગીની કહાણીમાં સમાયેલો ઊંડો મર્મ તેમનાં મનમાં અંકિત થઈ ગયો. તેમને લાગ્યું કે તેની મારફત હજારો ઇન્સાનો બોલી રહ્યા છે. તેણે વેઠેલી વિપદાઓ સાદી ને સાધારણ હતી—પૃથ્વીના પટ ઉપર વસતા લોકોની વિશાળ બહુસંખ્યાની જિંદગી જેવી જ સાદી ને સાધારણ હતી. એટલે તેની કથની જાણે પ્રતીકનું મહત્ત્વ ધારણ કરી લેતી હતી. નિકોલાઈએ કોણીઓ ટેબલ ઉપર ગોઠવીને મોં હાથ ઉપર ટેકવ્યું, અને તે આંખો સંકોડીને ચશ્માંની આરપાર માને નીરખતો રહ્યો. સોફ્યા ખુરશીમાં પીઠ ટેકવીને બેઠી બેઠી ક્યારેક ધ્રૂજી ઊઠતી તો ક્યારેક માથું ધુણાવતી સાંભળતી રહી. તેનો ચહેરો જાણે પાતળો ને ફિક્કો પડી રહ્યો હતો, અને તેનું સિગારેટ પીવાનું બંધ થઈ ગયું હતું.

"એક વાર હું મારી જાતને કમનસીબ ગણવા લાગી હતી," સોફ્યા નજર નીચી ઢાળીને શાંત અવાજે બોલી. "મને જાણે સનેપાત થઈ ગયો હોય એમ લાગતું હતું. એ વખતે હું એક નાનકડા પ્રાંતિક શહેરમાં હદપારીની સજા ભોગવી રહી હતી. ત્યાં કરવાનું કશું હતું જ નહિ, અને મારા મનમાં મારી પોતાની હાલત સિવાય બીજા કશા વિચારો આવતા જ નહોતા. વખત ગાળવા હું મારાં દુર્ભાગ્યોને ફરી ફરીને યાદ કરતી રહેતી: પ્યારા બાપુજી સાથે ઝઘડો કર્યો, મને નિશાળમાંથી કાઢી મૂકવામાં આવી અને શરમજનક ઉદાહરણ તરીકે રજૂ કરવામાં આવી, હું પકડાઈને જેલમાં ગોંધાઈ ગઈ, એક ગાઢ મિત્રે દગાખોરી કરી, મારા પતિ ગિરફતાર થઈ ગયા, હું ફરી વાર જેલમાં ગઈ અને હદપાર થઈ ગઈ, પછી મારા પતિનું મૃત્યુ થયું. મને લાગતું હતું કે આખી દુનિયામાં મારા જેટલું દુ:ખી બીજું કોઈ નહિ હોય. પરંતુ મારી બધી જ વિપદાઓ, એથી દસ ગણી વિપદાઓ, તમારી જિંદગીના એક જ મહિનાની તુલનામાં ઓછી જ ગણાય, પેલાગેયા નીલોવ્ના. તમારી જિંદગીમાં તો વર્ષો પર્યંત ચાલતી રહેલી હરરોજની યાતના હતી. એવી યાતના સહન કરવાની શક્તિ લોકોને ક્યાંથી મળતી હશે?"

"ટેવાઈ જાય," મા નિસાસો નાખીને બોલી.

"હું માનું છું કે મને જિંદગીની સારી એવી સમજણ છે," નિકોલાઇ વિચારમાં ડૂબી જઈને બોલ્યો. "તે છતાં જ્યારે જ્યારે મને આવો સીધો અનુભવ — પુસ્તકોમાં વર્ણવેલી વાતો નહિ અને મારા મનમાં પડેલી આડીઅવળી છાપો નહિ — જાણવા મળે ત્યારે જિંદગી ભયાનક લાગે છે. અને નજીવી બાબતો જ ભયાનક હોય છે — બિનમહત્ત્વની લાગતી ઘડીઓ જ એક એક કરીને વર્ષો બની જાય છે..."

તેઓ વાતો કરતાં બેઠાં રહ્યાં, અંધારઘેરી જિંદગીના તમામ પાસાંઓના ઉલ્લેખો કરતાં રહ્યાં. મા જાણે યાદોમાં ખોવાઈ ગઈ. ઝાંખા અતીતમાંથી તેણે પોતાની જુવાનીને ભરખી જનારી ભયાનક દશાની તમામ રોજિંદી વિપદાઓ તારવી તારવીને કહી બતાવી.

"અરે, હું વાતો કરતી થાકતી જ નથી અને તમારે સૂવાનો વખત થઈ ગયો," મા અંતમાં બોલી ઊઠી. "કહેવાનું તો એટલું બધું છે કે ક્યારેય ખૂટે જ નહિ..."

ભાઈ અને બહેને કશું બોલ્યા વગર માની વિદાય લીધી. નિકોલાઇ હંમેશ કરતાં વધારે નમ્યો, અને તેણે માનો હાથ વિશેષ હેતથી દબાવ્યો. સોફ્યા તેને તેના ખંડ સુધી વળાવવા ગઈ.

"જલદી સૂઈ જજો! સરખો આરામ કરી લેજો!" તે જતાં જતાં બોલી. તેના અવાજમાં ભાવ છલકાતો હતો. તેણે પોતાની રાખોડી આંખો હેતથી માના ચહેરા ઉપર માંડી...

પેલાગેયા સોફ્યાનો હાથ પોતાના બેઉ હાથમાં લઈને બોલી: "આભાર!.."

૪

થોડાક દિવસો પછી મા અને સોફ્યા શહેરની ગરીબ બાઈઓના લેબાસમાં નિકોલાઈ પાસે ગયાં. તેમણે જરેલાં સુતરાઉ કપડાં અને ઉપર સ્વેટર પહેર્યાં હતાં, પીઠે સફરથેલા બાંધી લીધા હતા, અને હાથમાં લાકડી રાખી હતી. એવા પોશાકમાં સોફ્યાની ઊંચાઈ જાણે ઓછી થઈ ગઈ હોય એમ લાગતું હતું, અને તેનો ફિક્કો ચહેરો હંમેશ કરતાં વધારે ગંભીર હતો.

વિદાય વેળાએ નિકોલાઈએ બહેનનો હાથ જોરથી દબાવ્યો. તેમના સંબંધોની સ્વસ્થ સાદાઈ જોઈને મા ફરી પ્રભાવિત થઈ ગઈ. તેઓ એકબીજાને ચૂમીઓ ન લેતાં કે વહાલનાં વેણ કહેવા ન લાગતાં, પરંતુ પરસ્પર ઊંડી કાળજીની લાગણી ધરાવતાં હતાં. માની જિંદગી જ્યાં ગુજરી હતી ત્યાં લોકો આમ તો ચૂમીઓ લેતા રહેતા અને પ્યારના બોલ રટતા રહેતા, પણ વાત વાતમાં ભૂખ્યાં કૂતરાંની જેમ એકબીજાને વડચકાં ભરવા લાગતા.

બન્ને સ્ત્રીઓ શહેરના રસ્તાઓ પર ચુપચાપ કદમ માંડતી સીમમાં પહોંચી ગઈ અને પુરાણા વૃક્ષોની હારમાળાઓ વચ્ચે પહોળી ખાબડખૂબડ સડક પર ચાલવા લાગી.

"તમારાથી ચલાશે? થાકી નહિ જાઓ?" માએ સોફ્યાને પૂછ્યું.

"તમને લાગે છે કે હું બહુ ચાલતી નહિ હોઉં, ખરું ને? પણ હું તો ચાલવા ટેવાયેલી છું."

સોફ્યા જાણે બચપણનાં ટીખળો યાદ કરતી હોય એવી રીતે ઉમંગથી પોતાની ક્રાંતિકારી પ્રવૃત્તિઓની વાત કરવા લાગી. તે જુદે જુદે નામે બનાવટી કાગળિયાંના આધારે રહી ચૂકી હતી. તેણે જાસૂસોથી બચી રહેવા વેશપલટા કર્યા હતા, ગેરકાયદેસર સાહિત્યનાં બંડલો એક જગ્યાએથી બીજી જગ્યાઓએ પહોંચાડયાં હતાં, હદપારી ભોગવતા સાથીઓ માટે છટકવાની વ્યવસ્થા કરી હતી, એવા સાથીઓને વિદેશોનાં શહેરોમાં પહોંચાડયા હતા. એક વાર તેણે પોતાના જ ફ્લેટમાં ગુપ્ત છાપખાનું ગોઠવવા દીધું હતું, અને પોલીસને પત્તો

લાગી જતાં થયેલી ઝડતી વખતે તે વેશપલટો કરીને કામવાળીના લેબાસમાં પોલીસની નજર સામે દરવાજેથી છટકી ગઈ હતી. શિયાળાનો દિવસ હતો, સખત ટાઢ હતી, પણ માત્ર પાતળો પોશાક પહેરીને અને માથે સુતરાઉ રૂમાલ બાંધીને, જાણે ઘાસલેટ ખરીદવા જતી હોય એમ હાથમાં ડબલું લઈને, તે શહેરને એક છેડેથી ચાલતી બીજે છેડે પહોંચી ગઈ હતી. વળી એક વાર તે અજાણ્યા શહેરમાં મિત્રોને મળવા ગયેલી અને દાદરો ચડી રહી હતી એટલામાં ખબર પડી કે મિત્રોના ફ્લેટમાં તો ઝડતી ચાલી રહી છે. પાછા વળવાનો તો સવાલ જ નહોતો, એમાં જોખમ હતું. એટલે તેણે હિંમત કરીને નીચેના માળાના ફ્લેટની ઘંટડી દબાવી, અને બિસ્તર-પેટી લઈને એ બીચારા અજાણ્યા લોકોના ઘરમાં ધામા નાખ્યા.

"તમને ઠીક લાગે તો મને પોલીસને હવાલે કરી દો, પણ મને નથી લાગતું કે તમે એમ કરો," તેણે સાફ દિલે આખી વાત તેમને સમજાવીને કહેલું.

એ લોકોને દહેશત લાગી ગઈ અને આખી રાત નીંદર ન આવી. પોલીસ ગમે ત્યારે બારણું ખખડાવે એવી બીક હતી, પણ તે છતાં તેમણે તેને પોલીસના હાથમાં સોંપી દેવાનું કદમ ન જ ઉઠાવ્યું. બીજે દિવસે કિસ્સો યાદ કરીને સૌ ખૂબ હસ્યાં.

પછી એક વાર તેણે તેનો પીછો કરવા નીકળેલા જાસૂસની જોડે રેલવેના એક જ ડબ્બામાં ને એક જ ખાનામાં ભેગી મુસાફરી કરેલી. જાસૂસે બણગાં ફૂંકેલાં કે પોતે કેવી ચાલાકીથી બંડખોર સ્ત્રીનો પીછો કરી રહ્યો છે. તેને એમ હતું કે તેના પીછાનું લક્ષ્ય બાઈ એ જ ગાડીમાં બીજા વર્ગના ડબ્બામાં છે. દરેક સ્ટેશને તે તપાસ કરવા જતો અને પાછો આવીને કહેતો:

"ક્યાંય દેખાતી નથી—સૂઈ ગઈ હશે કદાચ. એ લોકો પણ બિચારાં થાકી તો જાય જ, એમની જિંદગી અમારી જિંદગીથી જરાય ઓછી મુશ્કેલ નથી."

મા એવા કિસ્સા સાંભળીને હસતી હસતી પોતાના સંગાથી ઉપર નજર નાખતી. ઊંચી ને પાતળી સોફ્યા પોતાના ઘાટીલા પગ વડે સહેલાઈથી મક્કમ ડગલાં ભરતી ચાલી રહી હતી. સોફ્યાની ચાલવાની ને બોલવાની ઢબમાં, તેના આનંદી ને ઘેરા અવાજમાં, તેની આખી કાયામાં હિંમત અને સ્વસ્થતાનો ભાસ થતો હતો. તેના અભિગમમાં તારુણ્યની તાજગી હતી, અને તેની નજર જ્યાં ક્યાંય પડતી ત્યાં કશુંક આનંદજનક ચોક્કસ ખોળી કાઢતી.

"કેવું સુંદર વૃક્ષ!" સોફ્યા આંગળી ચીંધતી બોલી. મા ઊભી રહી ગઈ અને જોવા લાગી, પણ તેને તો એ વૃક્ષ બીજાં બધાં વૃક્ષો જેવું જ લાગ્યું.

"હા, મઝાનું ઝાડ છે," તે હસીને બોલી, અને સોફ્યાના કાન આગળનાં ધોળાં જુલફાં પવનમાં ઊડતાં નીરખી રહી.

"ચંડોળ!" સોફ્યાની રાખોડી આંખોમાં કુમળા ભાવ છલકાઈ ગયા. અને તેની આખી કાયા જાણે નિર્મળ આકાશમાં ગુંજી રહેલા અદૃશ્ય સંગીત તરફ ખેંચાઈ ગઈ. ક્યારેક તે નીચી નમીને કોઈ જંગલી ફૂલ ચૂંટી લેતી અને તેની કંપતી પાંદડીઓ ઉપર પાતળી આંગળીઓ વેગથી ફેરવતી ફેરવતી હળવા અવાજે કોઈ રાગણી ગણગણવા લાગતી.

એવું બધું જોતી અનુભવતી માના દિલમાં રાખોડી આંખોવાળી સ્ત્રી પ્રત્યે મમતા જાગી, અને તે સોફ્યાની સાવ અડોઅડ ચાલવાની કોશિશ કરવા લાગી. પરંતુ ક્યારેક સોફ્યાની વાણીમાં અતડાપણું આવી જતું અને માના મનમાં ગ્લાનિ ભરી દેતું.

"રીબિનને સોફ્યા નહિ ગમે," તેના મનમાં ચિંતાના ખ્યાલો આવતા.

પરંતુ બીજી જ પળે સોફ્યા હેતાળ ભાવે ને સાદી રીતે વાતો કરવા લાગતી અને મા હોઠ મલકાવીને તેને નીરખી રહેતી.

"તમે હજુ કેવાં તરુણ છો!" મા નિસાસો નાખીને બોલી.

"પણ મને તો બત્રીસ થઈ ગયાં!" સોફ્યા અચરજના ભાવે બોલી ઊઠી.

પેલાગેયા હસી.

"હું ઉંમરની વાત નહોતી કરતી. તમારા દેખાવ ઉપરથી તો હું તમારી ઉંમર કદાચ એથીયે વધારે ગણું. પણ તમારી વાતો સાંભળું છું ને તમારી આંખોમાં નજર નાખું છું ત્યારે મને વિસ્મય થાય છે—તમે તો હજુ સાવ તરુણ બાળા જેવાં છો. તમારી જિંદગી મુશ્કેલ ને જોખમથી ભરેલી છે, પણ તમારું દિલ સદા હસતું રહે છે."

"મને તો મારી જિંદગીમાં કશી મુશ્કેલી લાગતી જ નથી, અને મારાથી બહેતર અથવા વધારે રસપ્રદ જિંદગીની હું કલ્પના પણ નથી કરી શકતી. હવેથી હું તમને નીલોવ્ના કહીને બોલાવીશ. કોણ જાણે કેમ પણ પેલાગેયા નામ તમારી જોડે બરાબર મેળ નથી ખાતું."

"તમને ગમે તે નામે બોલાવજો," મા વિચારમાં પડી જતી બોલી, "મન થાય એ નામે બોલાવજો. તમારી સામે જોતાં ને તમારી વાતો સાંભળતાં મારા મનમાં વિચારો ઊભરાય છે. તમને માનવ હૈયાની ભીતરમાં પહોંચી જતાં

આવડે છે એ જોઈને મને ખુશી થાય છે. માણસ પોતાના અંતરની બધી વાતો જરાય બીક વગર તમને કહી દે છે, જાણે આપમરજીથી પોતાનો આત્મા જેવો હોય એવો તમારી સામે ધરી દે છે. તમારા જેવા બધા લોકોનો વિચાર કરું છું ત્યારે મને ખાતરી લાગે છે કે જિંદગીમાંથી અનિષ્ટને તમે ખતમ કરી નાખશો, મને એની ખાતરી લાગે છે."

"ચોક્કસ કરી નાખીશું, કારણ કે અમે કામગાર લોકો જોડે એકરૂપ છીએ," સોફ્યા પાકી ખાતરીના ભાવે બોલી. "તેમની અંદર પ્રચંડ શક્તિ સમાયેલી પડી છે, તેઓ ધારે તે બધું કરી શકે એમ છે! આપણે તો ફક્ત તેમને તેમના સામર્થ્ય અંગે સભાન જ કરવાના છે, જેથી તેઓ મુક્ત રૂપે વિકાસ સાધી શકે..."

તેના શબ્દોથી માના દિલમાં મિશ્રિત લાગણીઓ પેદા થઈ, કોણ જાણે કેમ પણ તેને સોફ્યાના સંબંધમાં અફસોસ થયો, જોકે તેમાં જરાય રોષ નહોતો બલકે મિત્રભાવ હતો. તેને સોફ્યાને મુખેથી બીજા શબ્દો, વધારે સાદા શબ્દો, સાંભળવાનું મન થયું.

"તમારી આ બધી જહેમતોનો બદલો તમને કોણ ક્યારે આપશે?" તેણે શાંત અને ગમગીન ભાવે પૂછ્યું.

"અમને તો બદલો મળી ચૂક્યો છે," સોફ્યાએ જવાબ આપ્યો. માને લાગ્યું કે તેના અવાજમાં ગર્વનો રણકાર છે. "અમને માફક આવે એવી જિંદગી અમે જીવીએ છીએ, આત્માના પરિપૂર્ણ પ્રાબલ્યની જિંદગી અમે જીવીએ છીએ—એથી વધારે શાની કામના રાખી શકાય?"

માએ તેની સામે જોઈને નજર નીચે ઢાળી દીધી. તેના મનમાં ફરી ખ્યાલ આવ્યો:

"રીબિનને સોફ્યા નહિ ગમે..."

તેઓ ઉતાવળ કર્યા વગર વેગથી ચાલતાં ચાલતાં મીઠી હવાના ઊંડા શ્વાસ લઈ રહ્યાં હતાં. મા કલ્પનાની દુનિયામાં જાણે જાત્રાએ જઈ રહી હતી. નાનપણના દિવસોમાં તે ચમત્કારી દેવપ્રતિમા ધરાવતા દૂરના મઠમાં તહેવારની પ્રાર્થનામાં ભાગ લેવા ગયેલી ત્યારે કેટલી બધી ખુશ થઈ ગયેલી એ તેને યાદ આવ્યું.

ક્યારેક ક્યારેક સોફ્યા હળવા મધુર અવાજે ગગનનું કે પ્રેમનું કોઈ નવું ગીત ગાવા લાગતી, અને ક્યારેક ખેતરો ને વનો ને વોલ્ગાનાં કાવ્યોનો પાઠ સંભળાવતી. મા મોં મલકાવીને સાંભળતી રહેતી અને સંગીતથી મુગ્ધ બની જઈને અનાયાસે માથું હલાવતી ગીતના લય જોડે તાલ મિલાવતી.

તે જાણે ગ્રીષ્મના દિવસોમાં સંધ્યા સમયે રમણીય બગીચાના મઝાના ખૂણામાં બેઠી હોય એમ તેના અંતર ને મનમાં હૂંફ, શાંતિ, અને વિચારોનું સામ્રાજ્ય ફેલાઈ ગયું.

૫

તેઓ ત્રીજે દિવસે ગામમાં પહોંચ્યાં. ખેતરમાં કામ કરતા એક ખેડૂતને પૂછીને માએ ડામર બનાવવાની જગ્યાનો રસ્તો જાણી લીધો. થોડી વારમાં તેઓ એક ઢોળાવે પહોંચ્યાં. વૃક્ષોનાં મૂળિયાં ઢોળાવ ઉપર ઠેર ઠેર બહાર નીકળી આવેલાં હતાં. તેની ઉપર પગથિયાંની જેમ પગ ટેકવીને તેઓ નીચે ઊતરી ગયાં. ત્યાં કોલસા તથા છોડિયાંના ઢગલ નજરે પડતા હતા અને જમીન ઉપર ડામરના થર જામેલા હતા.

"લો, પહોંચી ગયાં!" માએ બેચેનીથી આસપાસ નજર ફેરવી.

વાંસડા અને ડાળીઓ વડે ખડી કરેલી એક છાપરીની બહાર લાકડાની ઘોડીઓ ઉપર ત્રણ પાટિયાં આડાં જડીને બનાવેલું ટેબલ પડ્યું હતું. રીબિન, યેફીમ, અને બે જુવાનિયા ત્યાં બેસીને ખાવામાં મશગૂલ હતા. રીબિનનાં હાથમોં તેમ જ કપડાં ઉપર બધે ડામરના ડાઘા પડેલા હતા અને તેના શર્ટનો કોલર ખુલ્લો હતો. બન્ને સ્ત્રીઓ ઉપર સૌથી પહેલી નજર રીબિનની પડી. સામા તડકાથી આંખને બચાવવા ભવાં ઉપર હથેલી માંડીને તે બન્ને સ્ત્રીઓ નજીક આવે તેની વાટ જોવા લાગ્યો.

"કેમ છો, મિખાઈલો ભાઈ?" મા દૂરથી બોલી ઊઠી.

તે ઊભો થઈને સ્વસ્થ ડગલાં ભરતો સામો આવ્યો અને માને ઓળખી લેતાં ઊભો રહીને મોં મલકાવતો ઘેરા હાથ વડે દાઢી પસવારવા લાગ્યો.

"અમે જાત્રા કરવા નીકળ્યાં છીએ," મા આગળ ચાલતી ચાલતી બોલી. "થયું કે રસ્તામાં તમને મળી લઈએ. આ મારી બહેનપણી છે—આન્ના."

પોતાની ચતુરાઈથી ખુશ થતી માએ ત્રાંસી નજરે સોફ્યા તરફ જોયું. સોફ્યાનો ચહેરો કડક અને ગંભીર હતો.

"કેમ છો?" રીબિન મા જોડે હાથ મિલાવતો અને સોફ્યા સામે નમતો ખંધું હસીને બોલ્યો. "જૂઠું ન બોલો. આ કંઈ શહેર નથી, અહીંયાં જૂઠું બોલવાની જરૂર નથી. બધા આપણા જ માણસો છે..."

યેફીમ ટેબલ પાસે બેઠો બેઠો જાત્રાળુઓને બારીક નજરે નીરખી રહ્યો હતો. તેણે પોતાના સંગાથીઓના કાનમાં કંઈક કહ્યું. બાઈઓ નજીક આવી

એટલે તે ઊભો થઈને કશું બોલ્યા વગર તેમની સામે નમ્યો. તેના સંગાથીઓએ જાણે મહેમાનોને જોયા જ ન હોય એમ તેઓ જરાય હલચલ કર્યા વગર બેઠા રહ્યા.

"અમે તો અહીંયાં વનવાસીઓની જેમ રહીએ છીએ," રીબિન માને ખભે હળવેથી હાથ ફેરવતો બોલ્યો. "અમારી પાસે કોઈ આવતું નથી. માલિક બહાર ગયો છે, તેની વહુ હોસ્પિટલમાં છે, અને કામકાજ લગભગ મારે જ હસ્તક છે. બેસો. તમને ભૂખ લાગી હશે. યેફીમ, થોડુંક દૂધ લઈ આવ!"

યેફીમ નિરાંતે ડગલાં ભરતો છાપરીમાં ગયો. જાત્રાળુ બાઈઓ પીઠેથી સફરથેલા ઉતારવા લાગી. બે જુવાનમાંથી ઊંચો ને પાતળો આદમી ઊભો થઈને મદદ કરવા લાગ્યો. તેનો ઝીંથરિયો ને બાંઠિયો સંગાથી ટેબલ ઉપર કોણીઓ ટેકવીને બેઠો રહ્યો અને માથું ખંજવાળતો તથા ધૂન ગણગણતો વિચારભરી નજરે બાઈઓને જોતો રહ્યો.

ડામરની અને કોહતાં પાંદડાંની આકરી વાસથી બાઈઓને માથામાં ચક્કર આવવા લાગ્યાં.

"આનું નામ યાકોવ છે," રીબિન ઊંચા જુવાન તરફ આંગળી ચીંધતો બોલ્યો, "અને પેલાનું ઈગ્નાત. તારો દીકરો કેમ છે?"

"જેલમાં છે," માએ નિસાસો નાખતાં જવાબ આપ્યો.

"વળી?" રીબિન અચરજથી બોલી ઊઠયો. "એને જેલ જરૂર ગમતી હશે..."

ઈગ્નાતે ધૂન ગણગણવાનું બંધ કરી દીધું, અને યાકોવે માના હાથમાંથી લાકડી લઈ લીધી.

"બેસો," તેણે કહ્યું.

"તમે કેમ ઊભાં છો? બેસો," રીબિને સોફ્યાને કહ્યું. તે કશું બોલ્યા વગર રીબિનને બારીક નજરે નીરખતી ડીમચા ઉપર બેસી ગઈ.

"પાવેલને ક્યારે ગિરફતાર કર્યો? તારું તો નસીબ જ અવળું છે, નીલોવ્ના!" રીબિન માની સામે બેસી જઈને માથું ધુણાવતો બોલ્યો.

"ઠીક હવે, એ તો ચાલ્યા કરે," મા બોલી.

"ટેવાઈ ગઈ, ખરું ને?"

"ના, ટેવાઈ તો નથી ગઈ, પણ એનો કંઈ ઉપાય તો છે જ નહિ ને!"

"હં... ઠીક, હવે માંડીને વાત કર," રીબિન બોલ્યો.

યેફીમ લોટો ભરીને દૂધ લઈ આવ્યો. માની વાત ધ્યાનથી સાંભળતાં સાંભળતાં તેણે જરાય અવાજ કર્યા વગર ટેબલ પરથી કપ લઈને ધોઈ નાખ્યો

અને તેમાં દૂધ ભરીને સોફ્યાને આપ્યું. માએ વાત ટૂંકાણમાં પૂરી કરી ત્યારે થોડી વાર કોઈ કંઈ બોલ્યું નહિ અને એકબીજાની સામે પણ કોઈએ જોયું નહિ. ઈગ્નાત ટેબલ પાસે બેઠો બેઠો પાટિયા ઉપર નખ વડે ચીતરામણ કરી રહ્યો હતો. યેફીમ રીબિનની પાછળ તેના ખભા ઉપર કોણી ટેકવીને ઊભો હતો. યાકોવ ઝાડને અઢેલીને ઊભો હતો, તેણે અદબ વાળી હતી અને તેનું માથું ઢળેલું હતું. સોફ્યા ભવાં નીચેથી બારીક નજરે ખેડૂતોને નીરખી રહી હતી...

"હં... તો એમ વાત છે—ઉઘાડે છોગે!" રીબિન ગમગીન ભાવે ધીરે ધીરે બોલ્યો.

"અમે ક્યારેય એવી રીતે કૂચ કરવા નીકળી પડીએ તો ખેડૂતો અમને ઢીબી ઢીબીને મારી જ નાખે!" યેફીમ ગમગીન હસતો બોલ્યો.

"ચોક્કસ વળી, મારી જ નાખે," ઈગ્નાતે માથું હલાવતાં ટાપસી પૂરી. "હું તો કારખાનામા કામ કરવા ચાલ્યો જઈશ. ત્યાં વધારે સારું છે..."

"તેં કહ્યું કે પાવેલની ઉપર અદાલતમાં મુકદ્દમો ચાલશે, ખરું ને? શું સજા થશે? તને ખબર છે?" રીબિને પૂછ્યું.

"સખત જેલ અથવા કાયમની હદપારી—સાઈબિરિયામાં," મા શાંત અવાજે બોલી.

ત્રણેય જુવાનો એકીસાથે તેની તરફ ફરી ગયા.

"પાવેલ આવું કરવા તૈયાર થઈ ગયો ત્યારે એને ખબર હતી કે અંજામ કેવો આવશે?" રીબિને માથું નીચે ઢાળી દેતાં પૂછ્યું.

"હા, ખબર હતી," સોફ્યા સાફ અવાજે બોલી.

સૌ જાણે એક જ ખ્યાલથી ઠરીને જામી ગયાં હોય એવી રીતે ચુપ અને નિશ્ચલ બની ગયાં.

"હં... મને ખાતરી છે કે એને ખબર હોવી જ જોઈએ," રીબિનના અવાજમાં ગંભીરતા અને મહત્ત્વનો ભાસ થતો હતો. "એ કંઈ અંધારામાં ઠેકડો ન મારે—બહુ ગંભીર છે. સાંભળ્યું ને, જુવાનો? એને ખબર હતી કે કદાચ બેયોનેટો વડે વીંધી નાખશે અથવા સાઈબિરિયા ભેગો કરી દેશે, પણ એ તો જરાય ડગ્યો નહિ. સગી મા રસ્તો રોકીને પડી હોય તો એની ઉપર પગ મૂકીને આગળ નીકળી જાય, ખરું ને, નીલોવ્ના?"

"હા, એમ જ કરે," મા ચોંકી જતી બોલી. તેણે નિસાસો નાખીને આસપાસ નજર ફેરવી. સોફ્યા કશું બોલ્યા વગર તેનો હાથ પંપાળવા લાગી અને ભવાં સંકોડીને એકીનજરે રીબિનને તાકી રહી.

"ખરો મરદ છે!" રીબિન ઘેરી આંખો વડે સૌની ઉપર નજર ફેરવતો શાંત અવાજે બોલ્યો. છએ છ જણ વળી ચુપ થઈ ગયાં. સૂરજનાં બારીક કિરણો જાણે સોનેરી રિબનની જેમ હવામાં લટકી રહ્યાં હતાં. ક્યાંક કાગડો કા . . . કા . . . કરવા લાગ્યો. મા બેચેન બની ગઈ. તેના મનમાં મે-દિનની યાદો સળવળી રહી હતી અને દિલમાં પાવેલ તથા આન્દ્રેઈ અંગેનો તલસાટ ઉછાળા મારી રહ્યો હતો. નાનકડી જગ્યામાં ચોતરફ ડામરનાં ખાલી પીપડાં પડયાં હતાં અને પાડી નાખવામાં આવેલાં ઝાડનાં થડિયાં ઠેર ઠેર નજરે પડતાં હતાં. ખુલ્લી જગ્યાને છેડે વૃક્ષોની ઝાડી નિશ્ચલ ખડી ખડી ધરતી ઉપર હૂંફાળા ઘેરા પડછાયા પાથરી રહી હતી.

અચાનક યાકોવ ઝાડ પાસેથી ખસીને બીજી તરફ જતો માથું પાછળ ઉછાળીને મોટેથી બોલી ઊઠયો:

"મને ને યેફીમને લશ્કરમાં ફરજિયાત ભરતી કરવામાં આવશે ત્યારે એવા માણસોની સામે ખડા કરવામાં આવશે, ખરું ને?"

"બીજા કોની સામે મોકલે? એ લોકો તો આપણી ગળચી દબાવવા આપણા જ હાથનો ઉપયોગ કરે છે — આખી કરામત એવી છે!" રીબિને જવાબ આપ્યો.

"ભલે ગમે એમ કરે — હું તો સિપાહી બનવાનો જ," યેફીમ ધીમા પણ મક્કમ અવાજે બોલ્યો.

"કોણ રોકે છે તને? જલદી લશ્કર ભેગો થઈ જા!" ઇગ્નાત બોલી ઊઠયો.

"પણ મારી ઉપર ગોળી છોડે ત્યારે નિશાન માથાનું તાકજે — મને અપંગ બનાવતો નહિ, એક જ ધડાકે મારી નાખજે," તેણે લૂખું હસતાં ઉમેર્યું.

"એ તો પહેલાંયે સાંભળી ચૂક્યો છું," યેફીમ ચિડાઈને બોલ્યો.

"જરાક ધીરા પડો, જુવાનો," રીબિન હાથ ઊંચો કરતો બોલ્યો. "અહીંયાં એક બાઈ બેઠી છે," તેણે માની તરફ આંગળી ચીંધી, "એના દીકરાનું તો કદાચ આવી જ બન્યું છે . . ."

"આવું કેમ બોલે છે?" મા આંચકો ખાઈ જતી ધીમા અવાજે બોલી.

"બોલવું જ પડે એમ છે," તેણે ગંભીર અવાજે જવાબ આપ્યો. "જરૂરી છે કેમ કે તારા વાળ વિના કારણ ધોળા નથી થઈ ગયા. પણ એથી શું થયું? એ લોકો દીકરાની એવી દશા કરીને માનું જોમ ખતમ કરી શક્યા છે? નીલોવ્ના, ચોપાનિયાં લાવી છો ને?"

માએ તેની સામે જોયું.

"હા," થોડીક વાર ચુપ રહીને તે બોલી.

"બરાબર!" રીબિન ટેબલ ઉપર મુક્કો મારતો બોલ્યો. "તને જોતાં જ હું સમજી ગયેલો. નહિતર તું અહીંયાં શું કરવા આવે? દીકરાને પકડી લીધો એટલે હરોળમાં એની જગ્યા માએ લઈ લીધી!"

તેણે મુક્કો હલાવ્યો અને તેના હોઠેથી આકરી ગાળ સરી પડી.

માએ ગભરાઈ જઈને તેની સામે જોયું. તેનો ચહેરો બદલાઈ ગયો હતો — મોં સુકાઈ ગયું હતું અને દાઢીના વીખરાયેલા વાળ નીચે લમણાંનાં હાડકાં ઊપસી આવેલાં દેખાતાં હતાં. જાણે લાંબા વખતથી નીંદર મળી જ ન હોય એમ ડોળાના ભુરાશ પડતા સફેદ ભાગમાં લાલ નસો ઉપર તરી આવી હતી. તેનું નાક ચપટું અને શિકારી પંખીની ચાંચ જેવું આંકડીદાર હતું. કદી રાતા પણ હવે ડામરથી કાળા થઈ ગયેલા કોલરમાંથી હાંસડીનું હાડકું તથા છાતીએ છવાયેલા કાળા વાળ નજરે પડતા હતા. તેનો આખો દેખાવ અગાઉ કરતાં વધારે મ્લાન અને સોગિયો બની ગયો હતો. તેની સૂજેલી આંખોમાં જાણે રોષના અંગારા જલી રહ્યા હતા અને તેના ઘેરા ચહેરાને ઉજાળી રહ્યા હતા. સોફ્યા ફિક્કે ચહેરે ચુપચાપ બેઠી હતી. તે આ ખેડૂતો ઉપરથી પાતાની નજર જાણે હઠાવી જ નહોતી શકતી. ઈગ્નાત માથું હલાવતો ડોળા ફરકાવી રહ્યો હતો, અને યાકોવ છાપરી પાસે જઈને ઊભો ઊભો ખીજમાં વાંસડાની છાલ ઉખેડી રહ્યો હતો. યેફીમ માની પીઠ પાછળ ટેબલ પાસે ધીરે ધીરે આંટા મારી રહ્યો હતો. રીબિન ફરી બોલવા લાગ્યો.

"થોડાક દિવસ અગાઉ જિલ્લાના ઉપરીએ મને બોલાવીને કહ્યું: 'તેં પાદરીને શું કહેલું, લફંગા?' 'લફંગો?' હું બાલ્યો. 'હું તો કપાળેથી પરસેવો પાડીને રોટલો રળું છું, મેં કોઈનું કંઈ જ બગાડ્યું નથી.' એ તો ગરજી ઊઠ્યો અને એણે મને મોં પર મુક્કા ઝીંકી દીધા. ઉપરથી ત્રણ દિવસ જેલમાં ગોંધી રાખ્યો. મેં મનમા કહ્યું: 'સાધારણ માણસો જોડે આવી રીતે વાત કરે છે, ખરું ને? તો પછી અમે ભૂલી જઈએ એવી આશા રાખતો નહિ, કાળમુખા! હું પોતે હિસાબ નહિ પતાવું તો બીજું કોઈ તારી જોડે અથવા તારાં છોકરાં જોડે હિસાબ પતાવી લેશે — એટલું યાદ રાખજે! તમે બધાએ તમારા લોખંડી નહોર વડે લોકોની છાતીઓ ખોદી નાખીને એમાં ધિક્કાર વાવ્યો છે, એટલે હવે દયાની આશા જરાય રાખશો નહિ, શયતાનો! આટલું બરાબર સમજી લેજો!'"

તેના દિલમાં રોષના ભડકા જલી રહ્યા હતા અને તેનો ચહેરો લાલપીળો થઈ ગયો હતો. તેના અવાજમાં ક્યારેક ક્યારેક છલકી ઊઠેલા ભાવથી માના મનમાં ગભરાટ પેદા થઈ ગયો.

"અને મેં પાદરીને શું કહેલું, ખબર છે?" તે જરાક શાંત થઈને ફરી બોલ્યો. "એક વાર પાદરી ગામમાં આંટો મારી લીધા પછી બેઠો બેઠો ખેડૂતો જોડે વાતો કરી રહ્યો હતો – કહી રહ્યો હતો કે સાધારણ લોકો એટલે તો જાણે ઘેટાંનું ટોળું, એમને ભરવાડ વગર ન ચાલે. એટલે મેં મજાકમાં કહ્યું: 'લોંકડીને જનાવરોની રાણી બનાવી દો તો પીંછાં ઘણાંબધાં ઊડતાં રહે પણ પંખી ઓછાં.' એ તો ડોકું મારી તરફ કરીને ઉપદેશ દેવા લાગ્યો કે લોકોને કેમ ભાગ્યમાં લખેલી વિપદાઓ વેઠવાની જ હોય છે અને પરમાત્માને પ્રાર્થના કરવી જોઈએ કે ધીરજથી બધું સહી લેવાની શક્તિ આપે. એટલે મેં કહ્યું કે લોકો તો આમેય બહુ પ્રાર્થના કરતા જ રહે છે પણ પરમાત્માને સાંભળવાનો વખત મળતો હોય એમ નથી લાગતું. પછી એણે મને પૂછ્યું કે હું કેવી પ્રાર્થના કરું છું. એટલે મેં જવાબ દીધો: 'બધા સાધારણ ઇન્સાનોની જેમ રોજ એકસરખી પ્રાર્થના આખી જિંદગી કરતો રહ્યો છું કે હે પરમાત્મા, અમીરોની ચાકરીમાં મને પથ્થર ખાતાં ને લાકડાં ઓકતાં શીખવ!' એણે મને વાત પૂરી કરવા જ ન દીધી." અચાનક રીબિન સોફ્યા તરફ ફર્યો અને તેણે પૂછ્યું: "તમે અમીર બાનુ છો, ખરું ને?"

"હું અમીર બાનુ? કેમ?" સોફ્યાએ આશ્ચર્યથી ચોંકી જઈને એકદમ સામો સવાલ કર્યો.

"કેમ? કેમ કે તમે અમીર ઘરમાં જન્મેલાં છો, બીજું શું?" રીબિન વ્યંગના ભાવે હસીને બોલ્યો. "દરેકના નસીબની વાત છે કે જેવા જન્મે એવા હોય. તમે એમ માનો છો કે માથે બાંધેલા ખેડૂતશાઈ રૂમાલ હેઠળ અમીરોનાં પાપ છુપાવી શકશો, એમ ને? પાદરી પછેડી લપેટીને આવે તોયે અમે તરત જ ઓળખી કાઢીએ. ટેબલ ઉપર કંઈક ઢોળાયેલું છે એને તમારી કોણી અડી ગઈ કે તરત તમે કંપી ગયાં અને મોઢું બગાડ્યું. વળી તમારી પીઠ બહુ સીધી છે, કામદાર ઓરત જેવી નથી..."

માને બીક લાગી કે રીબિનની તોછડી હાંસીથી સોફ્યાને માઠું લાગી જશે એટલે તે વચમાં જ બોલી ઊઠી:

"એ મારી બહેનપણી છે, મિખાઇલો ઇવાનોવિચ, અને સરસ ઇન્સાન છે. આપણા ધ્યેયની કામગીરીમાં એ પોતાની કાયા ઘસી નાખે છે. તેં બહુ તોછડાઈથી વાત કરી..."

રીબિને નિસાસો નાખ્યો.

"કેમ, મેં કંઈ ગેરવાજબી વાત કરી છે?"

"તમે મને કંઈક કહેતા હતા ને?" સોફ્યા શુષ્ક અવાજે બોલી.

"હું? અરે, હા. થોડા વખત પહેલાં એક નવો આદમી અહીંયાં આવ્યો છે—યાકોવનો પિત્રાઈ ભાઈ. ક્ષયનો રોગી છે. એને બોલાવું? વાંધો તો નથી ને?"

"જરૂર બોલાવો," સોફ્યાએ કહ્યું.

રીબિન આંખો સંકોડીને થોડી વાર તેને જોતો રહ્યો. પછી તેણે યેફીમને કહ્યું:

"જા, જઈને કહી આવ કે રાતે અહીંયાં આવે."

યેફીમ માથે ટોપી મૂકીને કશું બોલ્યા વગર અને કોઈની સામે જોયા વગર જંગલમાં અદૃશ્ય થઈ ગયો. રીબિન માથું હલાવતો તેને જતો જોઈ રહ્યો.

"પરેશાન છે," તેણે કહ્યું. "થોડા વખતમાં જ લશ્કરમાં જવું પડશે—એને ને યાકોવને. યાકોવ સાફ વાત કરે છે—કહે છે કે મને નહિ ફાવે. યેફીમનેય નહિ જ ફાવે, પણ જવાનું મન બહુ છે. એને એમ છે કે સિપાહીઓની અંદર ચળવળ ઊભી કરી શકશે. પણ હું માનું છું કે ભીંતે માથું ભટકાવવાથી ભીંત કંઈ પડી ન જાય. આદમીના હાથમાં બંદૂક આપો એટલે એ કદમ મિલાવીને કૂચ કરવાનો જ. હા, પરેશાન છે બિચારો! અને ઈગ્નાત એને ઘોંચપરોણો કરતો જ રહે છે—નકામો!"

"નકામો જરાય નહિ," ઈગ્નાત રીબિનની સામે જોયા વગર બોલી ઊઠયો. તેના અવાજમાં ગમગીની હતી. "ત્યાં એના ભેજામાં થોડોક વખત ઝેર રેડાશે એટલે એ પણ બીજા બધાયની જેમ જ સરકારને ખાતર ગોળીબાર કરવા લાગી જશે."

"એ હું ન માનું," રીબિન વિચારમાં પડી જઈને બોલ્યો. "પણ એટલું ખરું કે ન જાય તો બહેતર. રશિયા તો મોટો દેશ છે—એને કેવી રીતે ગોતી કાઢવાના? બનાવટી પાસપોર્ટ રાખીને ગામડાં બદલાવતો રહે તો વાંધો ન આવે."

"હું એમ જ કરવાનો છું," ઈગ્નાત પોતાના બૂટ ઉપર લાકડી ફટકારતો બોલ્યો. "એક વાર એ લોકોનો સામનો કરીને લડવાનું નક્કી કરી લીધું એટલે પછી એ જ માર્ગે આગળ ધપવાનું હોય."

વાતચીત અટકી ગઈ. મધમાખીઓ ને ભમરીઓ જોરશોરથી ચકરાવા લેવા અને હવામાં ગણગણાટ ભરી દેવા લાગી. પંખીઓ કલરવ કરવા લાગ્યાં. દૂરનાં ખેતરો ઉપરથી લહેરાતો આવતો ગીતનો લલકાર કાને પડયો.

"ઠીક ત્યારે, અમારા કામની વેળા થઈ ગઈ," રીબિન થોડી વારે બોલ્યો. "તમનેય થોડોક આરામ કરવાનું મન હશે. છાપરીમાં બાંકડા છે. યાકોવ, થોડાંક સૂકાં પાંદડાં ભેગાં કરી લાવ. અને મા, ચોપાનિયાં કાઢી આ..."

મા અને સોફ્યા થેલા ખોલીને ચોપાનિયાંના થોકડા કાઢવા લાગ્યાં.

"વાહ! કેટલાં બધાં!" રીબિન નીચો વળીને થોકડા જોતો અચરજના ભાવે બોલી ઊઠયો. તેના અવાજમાં ખુશીનો રણકાર હતો. "આ કામમાં બહુ વખતથી ભળેલાં લાગો છો... શું નામ કહ્યું તમે?" તેણે સોફ્યાને પૂછ્યું.

"આન્ના ઈવાનોવ્ના," તેણે જવાબ આપ્યો. "બાર વરસથી... કેમ પૂછવું પડ્યું?"

"ખાસ કંઈ કારણ નથી. જેલમાં જઈ આવ્યાં છો?"

"હા."

"જોયું ને?" મા ઠપકાના ભાવે બોલી ઊઠી. "અને તેં તો બહુ તોછડાઈ કરી..."

"મારાં વેણ બહુ મનમાં ન આણશો," તેણે પુસ્તકોનું એક બંડલ હાથમાં લેતાં હસીને કહ્યું. "અમીરો ને ખેડૂતો એટલે જાણે ડામર ને પાણી—એમનો મેળ ખાય જ નહિ."

"પણ હું અમીર નથી, હું તો માણસ છું," સોફ્યાએ જરાક હસીને વાંધો ઉઠાવ્યો.

"કદાચ," રીબિને જવાબ આપ્યો. "કહેવાય છે કે કૂતરાં એક જમાનામાં વરુ હતાં. હું જઈને આ બધું સંતાડી દઉં."

ઈગ્નાત અને યાકોવ હાથ લંબાવતા નજીક આવ્યા.

"અમેય મદદ કરીએ," ઈગ્નાત બોલ્યો.

"ખાલી ચોપાનિયાં ને ચોપડીઓ જ છે કે?" રીબિને સોફ્યાને પૂછ્યું.

"ના, થોડાંક અખબાર પણ છે..."

"સરસ."

ત્રણેય જણ ઉતાવળા છાપરીમાં ગયા.

"ખેડૂતના દિલમાં આગ લાગી ગઈ છે," મા વિચારભરી નજરે રીબિનને જોતી શાંત અવાજે બોલી.

"ખરી વાત છે," સોફ્યાએ જવાબ આપ્યો. "મેં એના જેવો ચહેરો અગાઉ ક્યારેય નથી જોયો—જાણે શહીદનો ચહેરો! આપણે પણ અંદર જઈએ—મને તો એમને જોતા જ રહેવાનું મન થાય છે."

"એની અતડાઈથી કોચવાશો નહિ," મા કોમળ અવાજે બોલી.

સોફ્યા હસી પડી.

"નીલોવ્ના, તમે કેવાં પ્યારાં છો!"

તેઓ છાપરીમાં દાખલ થયાં કે તરત જ ઇગ્નાતે માથું ઊંચું કરીને તેમની તરફ એક ઝડપી નજર નાખી લીધી, અને પછી માથું નમાવીને ગોઠણ ઉપર ફેલાવેલું અખબાર વાંચતો વાંચતો તે પોતાના વાંકડિયા વાળમાં આંગળીઓ ફેરવવા લાગ્યો. છતની તરડમાંથી એક જગ્યાએ સૂરજનું અજવાળું પડી રહ્યું હતું ત્યાં ઊભો રહીને રીબિન હોઠ ફફડાવતો અખબાર વાંચી રહ્યો હતો. બાંકડા ઉપર ચોપાનિયાંનો ઢગલો પડયો હતો અને યાકોવ તેની સામે ગોઠણને ટેકે બેઠો હતો.

મા એક ખૂણામાં જઈને બેસી ગઈ. સોફ્યા તેની પાછળ તેને ખભે હાથ મૂકીને ઊભી રહી અને ચુપચાપ ત્રણેય આદમીઓને નીરખવા લાગી.

"આપણો ખેડૂતોનો વાંક કાઢયો છે, મિખાઇલો કાકા," યાકોવ રીબિન તરફ ફર્યા વગર જ શાંત અવાજે બોલ્યો. રીબિન તેની સામે જોઈને હસી પડયો.

"એ તો આપણે એમને બહુ વહાલા છીએ એટલે," તેણે કહ્યું.

ઇગ્નાતે ઊંડો શ્વાસ લેતાં માથું ઊંચું કર્યું.

"આમાં લખ્યું છે કે 'કિસાન હવે માણસ જેવો નથી લાગતો.' બેશક નથી જ લાગતો." જાણે તેનું મન કોચવાયું હોય એમ તેના સાદા નિખાલસ ચહેરા ઉપર ઘેરી છાયા ફરકી ગઈ. "ભલે, પણ એક વાર મારી કાયામાં દાખલ થઈને થોડીક વાર અંદર રહી જા એટલે ખબર પડી જશે કે પછી તું કેવો લાગે છે, શાણાભાઈ!"

"હું થોડીક વાર આડી પડું છું," માએ સોફ્યાને કહ્યું. "થાકી ગઈ છું, અને વળી આ ગંધથી તો મને માથામાં ચક્કર આવે છે. તમેય થોડીક વાર આરામ કરી લો ને!"

"ના, મને મન નથી."

મા બાંકડા ઉપર આડી પડી કે તરત જ તેની આંખો ઘેરાવા લાગી. સોફ્યા તેની પાસે બેસી ગઈ અને આદમીઓને નીરખતી નીરખતી મધમાખીઓ અને ભમરીઓને આઘી ઉડાડી દેવા લાગી જેથી માના આરામમાં ખલેલ ન પડે. મા અરધી બીડેલી આંખોમાંથી તેની ઉપર નજર નાખી લેતી હતી. તેની કાળજી જોઈને માના દિલમાં લાગણીઓ ઊભરાવા લાગી.

રીબિન નજીક આવ્યો.

"ઊંઘી ગઈ?" તેણે જોરથી હોઠ ફફડવીને પૂછ્યું.

"હા."

તે માના ચહેરા ઉપર નજર ઠેરવીને થોડી વાર ઊભો રહ્યો.

"મને લાગે છે કે આ કામમાં દીકરાને પગલે પગલે ચાલનારી આ પહેલી મા છે," તે નિસાસો નાખીને આખરે બોલ્યો.

"એને ખલેલ પડશે. ચાલો, આપણે બહાર જઈએ," સોફ્યાએ કહ્યું.

"કામ શરૂ કરી દેવું પડશે. તમારી જોડે વાત તો કરવી છે, પણ રાત સુધી મોકૂફ રાખવું પડશે. ચાલો, જુવાનો..."

ત્રણેય જણ સોફ્યાને છાપરીમાં એકલી મૂકીને બહાર ચાલ્યા ગયા.

"પરમાત્માની દયા કે આ લોકોની વચ્ચે દોસ્તીનો ભાવ જાગ્યો," માને થયું.

અને તે નસકોરાંમાં જંગલનાં ઝાડવાંની અને ડામરની આકરી વાસનો ભાર અનુભવતી નીંદરમાં પડી ગઈ.

૬

ડામરના કામદારો પાછા આવ્યા. કામ પૂરું થઈ ગયું એટલે તેઓ ખુશ હતા.

તેમની વાતચીતના અવાજથી મા જાગી ગઈ અને બગાસું ખાતી તથા હોઠ મલકાવતી છાપરીમાંથી બહાર આવી.

"તમે સૌ કામ કરવા ગયા અને હું અમીરજાદીની જેમ સૂતી રહી!" તે બધાની ઉપર હેતાળ નજર ફેરવતી બોલી.

"એની તને માફી," રીબિને જવાબ આપ્યો. તે વધારે સ્વસ્થ લાગતો હતો. તેનું છલકાતું જોમ જાણે થાકે હરી લીધું હતું.

"ઈગ્નાત, ચા બનાવ ને!" તેણે કહ્યું. "અમે ઘરકામના વારા બાંધી લીધા છે. આજે ઈગ્નાતનો વારો છે."

"આજે તો વારાની અદલાબદલી કરવાનું મન થાય છે," ઈગ્નાત આગ સળગાવવા સારુ ડાળખાં ને છોડિયાં ભેગાં કરતો બોલ્યો.

"મહેમાનો ભેગા બેસીને વાતો કરવાનું મન તો સૌને હોય," યેફીમ સોફ્યાની પાસે બેસી જતો બોલ્યો.

"લે, હું મદદ કરું," યાકોવ બોલ્યો. તે છાપરીમાં જઈને ડબલરોટી લઈ આવ્યો, અને તેના કકડા કાપીને તેણે ટેબલ પર મૂક્યા.

"સાંભળો!" યેફીમ બોલી ઊઠયો. "ઉધરસનો અવાજ..."

રીબિન કાન સરવા કરીને હકારમાં માથું હલાવતો બોલ્યો: "હા, એ જ છે..."

પછી સોફ્યાની તરફ ફરીને તેણે ખુલાસો કરતાં કહ્યું: "જીવતી સાબિતી આવી રહી છે. મારું ચાલે તો હું એને એક પછી એક શહેરમાં લઈ જાઉં અને બજારમાં ખડો કરી દઉં, એટલે બધા લોકો એની વાત સાંભળે. એની વાત તો એકની એક જ હોય છે, પણ સૌએ જરૂર જાણવા જેવી છે..."

અંધારું અને નીરવતા ઘેરાં બનતાં ગયાં અને લોકોના અવાજ હળવા થઈ ગયા. સોફ્યા અને મા પુરુષોને નીરખી રહ્યાં હતાં—ચારેય જણના ધીમા હલનચલનમાં જાણે મુશ્કેલી અને અજબ સાવચેતી વરતાતી હતી. અને પુરુષો પણ બેઉ બાઈઓને નીરખી રહ્યા હતા.

ઝાડીમાંથી એક માણસ લાકડીને ટેકે આવતો નજરે પડયો. તેની લાંબી કાયા વળી ગયેલી હતી. મુશ્કેલીથી લેવાતા તેના શ્વાસનો અવાજ કાને પડતો હતો.

"લો, પહોંચી ગયો," કહેતો તે જોરથી ઉધરસ ખાવા લાગ્યો.

તેના જરેલા લાંબા ઓવરકોટના છેડા છેક જમીનને અડી જતા હતા તેના સીધા પીળા વાળની લટો ચોળાઈ ગયેલી ગોળ હૅટ નીચેથી ઢીલી લટકી રહી હતી. તેના પીળા ચહેરામાં હાડકાં સાફ નજરે પડતાં હતાં, તેની દાઢી ઊજળી હતી, તેના હોઠ ઉઘાડા જ રહેતા હતા, અને કાળા ખાડાઓમાં ઊંડી ઊતરી ગયેલી તેની આંખો તાવને લીધે ચળકી રહી હતી.

"તમે પુસ્તકો લાવ્યાં છો, ખરું ને?" રીબિને તેને સોફ્યાની ઓળખાણ કરાવી એટલે તેણે પૂછ્યું.

"હા," સોફ્યા બોલી.

"આભાર—બધા લોકો વતી. તેઓ હજી સચ્ચાઈ સમજી શકતા નથી—પણ હું તો સમજું છું અને એટલે તેમના વતી તમારો આભાર માનું છું."

જાણે હવા સારુ તરસતો હોય એમ તે ટૂંકા પણ વેગીલા શ્વાસ લેવા લાગ્યો. તેનો અવાજ વારે વારે તૂટી જતો હતો અને ખાલી હાડકાં જેવી તેની આંગળીઓ છાતી ઉપર ફરતી ફરતી કોટનાં બટન બંધ કરવાની કોશિશ કરી રહી હતી.

"આટલા મોડા અહીંયાં વગડામાં રહેવું તમારે માટે ઠીક નથી, ઝાડવાંને લીધે હવા ભેજથી ભારે થઈ ગયેલી છે," સોફ્યા બોલી.

"મારે માટે તો હવે કશું જ ઠીક નથી," તેણે શ્વાસ લેતાં કહ્યું, "હવે તો બસ મોત જ ઠીક ગણાય..."

તેનો અવાજ સાંભળતાં મનમાં ગમગીની ભરાઈ જતી હતી, અને તેનો આખો દેખાવ એવી અતિશય દયા ઉપજાવતો હતો કે જેમાં દયાની વ્યર્થતાની સભાનતા પણ સમાયેલી હોય છે અને જે મનમાં વિષાદમય રોષ પેદા કરે છે. તે એક પીપડા ઉપર બેસી ગયો અને જાણે ગોઠણ ભાંગી જવાની બીક લાગતી હોય એવી રીતે વાળી લઈને કપાળેથી પરસેવો લૂછવા લાગ્યો. તેના સૂકા વાળ જાણે ચેતનહીન લટકી રહ્યા હતા.

તાપણું સળગ્યું અને ભડકો થયો. ચોમેર બધું જાણે ચમકીને કંપી ઊઠ્યું, જાણે દાઝી ગયેલા પડછાયા દોડતા જંગલમાં ભરાઈ જવા લાગ્યા. ઇગ્નાતનો ગોળ ચહેરો તાપણાની ઉપર લળી રહ્યો હતો. તેના ગાલ જાણે ફૂલી ગયેલા લાગતા હતા. ભડકો ઠરી ગયો, ધુમાડાની વાસ આવી, અને વાતાવરણમાં ધીરે ધીરે અંધકાર અને નીરવતા ભરાઈ ગયાં. સૌનાં મન બીમાર આદમીની કથની સાંભળવા આતુર બની ગયેલાં હતાં.

"ભયંકર ગુનાની જીવતી સાબિતી તરીકે હું સાધારણ લોકોને હજી ઉપયોગી થઈ શકું એમ છું... મારી સામે જુઓ... મારી ઉંમર ફક્ત અઠ્ઠાવીશ વરસની છે, પણ હું આખરી શ્વાસ લઈ રહ્યો છું! દસ વરસ પહેલાં હું પાંચ મણ વજન તો હસતો હસતો ઉપાડી લેતો હતો. મારી કાયા ખરેખર જોરાવર હતી—એવો માણસ તો ઓછામાં ઓછાં સિત્તેર વરસ જીવે. પણ હું માત્ર દસ વરસ વધારે જીવ્યો છું અને મારી જિંદગી હવે ખતમ થઈ ગઈ છે. માલિકોએ મને લૂંટી લીધો છે—મારી જિંદગીનાં ચાળીસ વરસ લૂંટી લીધાં છે!

"સાંભળી લો—એનું ગીત!" રીબિન ઘોઘરા અવાજે બોલ્યો.

તાપણામાં ફરી ભડકો થયો—અગાઉ કરતાં વધારે જોરથી ને વધારે તેજ ફેલાવતો. વળી પાછા પડછાયા જંગલમાં નાસી ગયા પરંતુ તરત પાછા આવીને તાપણા ફરતા નીરવ અને વેરીલો નાચ કરવા લાગ્યા. ભીનાં લાકડાં તડતડ કરી રહ્યાં હતાં અને સુસવાટા બોલાવી રહ્યા હતા. હૂંફાળી હવાની લહેરોમાં વૃક્ષોનાં પર્ણો ઉત્તેજનામય ગુસપુસ કરી રહ્યાં હતાં. લાલ અને પીળી આનંદી જ્વાળાઓ પરસ્પર લપેટાઈને ગેલ કરી રહી હતી અને ઊંચીનીચી થતી તણખા ઉડાડી રહી હતી. એક સળગતું પાંદડું હવામાં ઊડ્યું, અને ગગનમાં ટમટમતા તારલિયા હસતા હસતા તણખાઓને ઉપર બોલાવવા લાગ્યા.

"ના, આ ગીત મારું એકલાનું નથી. હજારો લોકો આ જ ગીત ગાતા હોય છે પરંતુ તેમને ખબર નથી હોતી કે તેમનાં દુ:ખી જીવન બીજા લોકો માટે બોધપાઠ સમાં છે. કેટલા બધા માણસો તનતોડ મહેનત કરતા કરતા અપંગ

બની જાય છે અને ભૂખે તરફડતા મોતના ખપ્પરમાં હોમાઈ જાય છે..." ઉધરસનો હુમલો આવતાં તે બેવડ વળી ગયો.

યાકોવ આસવનું માટલું, લીલી ડુંગળીની ઝુડી, અને દૂધનો લોટો ટેબલ પર ગોઠવતો બોલ્યો:

"અહીં આવ, સાવેલી, તારી લીલી થોડુંક દૂધ લઈ આવ્યો છું..."

સાવેલીએ માથું ધુણાવીને ના પાડી, પણ યાકોવ તેનો હાથ પકડીને તેને ટેબલ પાસે લઈ ગયો.

"આને અહીંયાં શા માટે બોલાવ્યો?" સોફ્યાએ રીબિનને ઠપકાભર્યા અવાજે કહ્યું. "ગમે તે ઘડીએ મરી જાય એવી હાલત છે."

"ખબર છે," રીબિન બોલ્યો. "પણ બોલી શકે છે ત્યાં સુધી ભલે બોલતો. એની જિંદગી નકામી વેડફાઈ ગઈ છે, હવે લોકોને ખાતર પણ થોડુંક દુ:ખ ભલે વેઠી લે. વાંધો નહિ આવે, ફિકર ન કરો!"

"તમને તો જાણે મઝા પડતી હોય એમ લાગે છે!" સોફ્યા બોલી ઊઠી.

"ક્રોસ ઉપર જડાઈને ઊંહકારા ભરતા ઈસુ ખ્રિસ્તના ગુણ ગાવામાં તો તમને અમીરોને મઝા પડે છે. પણ અમે તો આ માણસની જિંદગીમાંથી બોધપાઠ તારવવા માગીએ છીએ, અને તમે પણ તારવો એમ ઇચ્છીએ છીએ."

ફિકરથી માનું એક ભવું ઊંચું થઈ ગયું.

"બસ!" તેણે કહ્યું.

ટેબલ પાસે બેસી ગયેલો બીમાર આદમી ફરી બોલવા લાગ્યો.

"લોકોને તનતોડ મહેનત કરાવીને શા માટે મારી નાખવામાં આવે છે? ઇન્સાનની જિંદગી શા માટે લૂંટી લેવામાં આવે છે? અમારા માલિકે—હું નેફેદોવ કારખાનામાં કામ કરતો હતો—અમારા માલિકે એક નટીને હાથમોં ધોવા માટે સોનાના વાસણની અને જાજરૂ માટે સોનાના કમોડની ભેટ આપેલી! એ કમોડની બનાવટમાં મારું કૌવત ને મારી જિંદગી રેડાઈ ગયાં! મારી જિંદગી એમાં હોમાઈ ગઈ! એક ઇન્સાને મારા લોહી વડે પોતાની રખાતને મોજમઝા કરાવવા મારી પાસે તનતોડ કામ કરાવીને મને મારી નાખ્યો! તેણે રખાત સારુ સોનાનું કમોડ ખરીદવા મારું લોહી કિંમતમાં ચૂકવી દીધું!"

"માનવીને તો પરમાત્માનાં રૂપલક્ષણને અનુરૂપ ઘડવામાં આવ્યો છે," યેફીમ વ્યંગના ભાવે બોલ્યો. "અને જોઈ લો, એની કેવી દશા કરવામાં આવે છે!"

"હવે મૂંગા ન રહેવાય!" રીબિન ટેબલ ઉપર મુક્કો લગાવતો બોલ્યો.

"આવી દશા સાંખી ન જ લેવાય!" યાકોવે ધીમેથી સૂર પુરાવ્યો.

ઇગ્નાત લૂખું હસ્યો. માના ધ્યાનમાં આવી ગયું કે ત્રણેય જુવાનો ભૂખ્યા આત્માઓની જેમ અપાર જિજ્ઞાસાથી એકધ્યાને સાંભળે છે અને જ્યારે જ્યારે રીબિન બોલે ત્યારે બારીક નજરે તેને નીરખે છે. સાવેલીના શબ્દો સાંભળીને તેમના ચહેરાઓ ઉપર જાણે ઉપહાસના અજબ ભાવ છવાઈ ગયા હતા. તેમને બીમાર આદમીની જાણે જરાય દયા ન આવતી હોય એમ લાગતું હતું.

"આણે કહ્યું એ બધું સાચું હશે?" માએ સોફ્યા તરફ વળીને ધીમે અવાજે પૂછ્યું.

"હા, સાચું જ છે," સોફ્યાએ મોટે અવાજે જવાબ આપ્યો. "સોનાની ભેટો વિશે તો મોસ્કોના અખબારોમાં પણ આવેલું..."

"અને એવા ગુનેગારને સજા ન થઈ, મુદ્દલ નહિ," રીબિન ઘોઘરા અવાજે બોલ્યો. "પણ સજા તો થવી જ જોઈએ—એને જનતાની સામે હાજર કરીને વધેરી નાખવો જોઈએ, એના બદનના નાના નાના કકડા કરીને ગંધારું માંસ કૂતરાંને નીરી દેવું જોઈએ. અરે, લોકો ખડા થઈ જશે ત્યારે કારમી સજા કરશે! તેઓ પોતે વેઠેલા ગેરઇનસાફોને ધોઈ નાખવા લોહીની નદીઓ વહેવડાવશે! એ લોહી તેમનું પોતાનું જ હશે, તેમની જ રગોમાંથી વહેવડાવવામાં આવેલું હશે, એટલે એનું જે કરવું હોય તે કરવાનો તેમને પૂરો હક હશે!"

"ટાઢ વાય છે," બીમાર આદમી બોલ્યો.

યાકોવ તેનો હાથ પકડીને તેને તાપણા પાસે લઈ ગયો.

તાપણું મઝાનું બળતું રોશની ફેલાવી રહ્યું હતું. તેની આસપાસ નાચતા ઝાંખા પડછાયા જાણે જ્વાળાઓની આનંદી રમત નીરખી રહ્યા હોય એમ લાગતું હતું. સાવેલી એક ડીમચા ઉપર બેસીને તેના સુકલકડી પારદર્શક હાથ તાપણાની ગરમીમાં શેકવા લાગ્યો.

"એની દશા બાબતને પુસ્તકો કરતાં વધારે સાફ જાહેર કરી દે છે," રીબિને માથું હલાવીને બીમાર આદમી તરફ સંકેત કરતાં સોફ્યાને કહ્યું. "કામદાર મશીનની હડફેટમાં આવીને મરી જાય અથવા તેનો હાથ કપાઈ જાય ત્યારે એ લોકો કામદારનો જ વાંક કાઢે છે. પણ તેઓ માણસનું તમામ લોહી ચૂસી લઈને તેને કચરાની જેમ ફગાવી દે છે ત્યારે તેનો ખુલાસો કોઈ રીતે થઈ શકે એમ નથી. સીધા ખૂનની વાત મને સમજાય છે, પણ ખાલી રમૂજને ખાતર માણસને આવી રીતે રિબાવવાની વાત મને નથી સમજાતી. તેઓ લોકોને

શા માટે રિબાવે છે? અમને સૌને શા કારણે રિબાવે છે? ખાલી રમૂજને ખાતર, તેમની પોતાની મોજને ખાતર, તેઓ આ જગતમાં મોજમઝા માણી શકે એટલા માટે, માનવીનું લોહી કિંમતમાં ચૂકવીને મરજી પડે તે ખરીદવા માટે — નટી, રેસના ઘોડા, ચાંદીની છરીઓ, સોનાની થાળીઓ, પોતાનાં બાળકો સારુ મોંઘાં રમકડાં. માલિક ફરમાન કરે છે — 'કામ કરો, વધારે ને વધારે કામ કરો, એટલે મારી પાસે તમારી કાળી મહેનતના પૈસાના ગંજ ખડકાઈ જાય અને હું મારી રખાત સારુ સોનાનું પેશાબિયું ખરીદું'."

મા બેઠી બેઠી સાંભળી રહી હતી, અને પાવેલ તથા તેના સાથીઓએ અપનાવેલો પંથ જાણે ફરી વાર તેની નજર સામે રાતના અંધારામાં ઝળહળી ઊઠયો.

વાળુ પતાવીને સૌ તાપણા ફરતે બેઠાં, જ્વાળાઓ જાણે ભૂખી હોય એમ લાકડાંને ભરખી રહી હતી. તેમની પાછળ જંગલ અને આસમાન આડો અંધકારનો પડદો લટકતો હતો. બીમાર આદમી એકીટસે તાપણાને નીરખી રહ્યો હતો. તે વારે વારે ઉધરસ ખાતો હતો, અને તેની જિંદગીના અવશેષો બીમારીમાં વેડફાઈ ગયેલી કાયાથી છૂટવા જાણે મથી રહ્યા હોય એવી રીતે તે ધ્રૂજી રહ્યો હતો. જ્વાળાઓનો પ્રકાશ તેના ચહેરા ઉપર નાચી રહ્યો હતો પરંતુ એથી તેની નિર્જીવ ત્વચામાં કશું ચેતન નહોતું રેડાતું. કેવળ તેની આંખોમાં જિંદગીના બુઝાતા અંગારા ઝબકી રહ્યા હતા.

"સાવેલી, તું છાપરીમાં જઈને બેસે તો ઠીક, નહિ?" યાકોવે તેની નજીક નમીને પૂછયું.

"કેમ?" બીમાર આદમીને બોલવામાં તકલીફ પડતી હતી. "અહીંયાં જ બેસવાનું મન છે — હવે લોકો જોડે ગાળવા મારી કને ઝાઝો વખત નથી રહ્યો..."

તેણે આસપાસ નજર ફેરવી અને થોડી વાર ચુપ રહીને ફિક્કું હસતાં કહ્યું:

"તમારી જોડે બેસવું ગમે છે. તમારી સામે જોઉં છું ત્યારે મનમાં આશા બંધાય છે કે માલિકોની લાલસાના ભોગ બનીને લૂંટાઈ ગયેલા અને જિંદગી ખોઈ બેઠેલા ઇન્સાનોનું વેર તમે વાળશો."

તેને કોઈએ જવાબ ન આપ્યો. થોડી વારમાં તેને ઊંઘ આવી ગઈ અને તેનું નિશ્ચેતન માથું છાતી ઉપર ઢળી ગયું.

"અહીંયાં આવીને બેસે છે અને હંમેશાં એકની એક વાત — આ ભયંકર લૂંટની વાત — કરે છે," રીબિન તેને નીરખતો ધીમા અવાજે બોલ્યો. "એના આખા મનમાં ફક્ત એ જ એક ખ્યાલ ભરેલો છે, એની આંખોને બસ એટલું જ દેખાય છે, જાણે બીજું કશું નજરે પડતું જ નથી."

"બીજું શું દેખાય?" મા વિચારમાં પડી જતી બોલી. "હજારો ઇન્સાનો રોજ રોજ કામના ભારથી મરી જતા હોય અને તેમની કાળી મહેનતમાંથી પેદા કરેલા પૈસા માલિકો મોજમઝામાં વાપરી નાખતા હોય ત્યારે દેખવાનું બીજું છે પણ શું?"

"એની વાતો સાંભળતાં કંટાળો આવે છે," ઇગ્નાત બોલ્યો. "એની કથની એક વાર સાંભળીએ તો કદી ન ભુલાય એવી છે, પણ એ તો હંમેશાં એકની એક જ કથા માંડે છે."

"બધું એમાં જ ભરેલું છે—આખી જિંદગી," રીબિન વિષાદમય અવાજે બોલ્યો. "એટલું સમજી લેવાનું છે. મેં એની કથની અનેક વાર સાંભળી છે, પણ તે છતાં મારા મનમાં ક્યારેક ક્યારેક શંકાઓ સળવળવા લાગે છે. ક્યારેક આવતી મંગળ ઘડીઓમાં આપણાં મન માનવીની દુષ્ટતા અને મૂઢતાની વાત માની લેવાનો ઇનકાર કરે છે, અમીર અને ગરીબ સૌના પ્રત્યે ભાવ જાગે છે, થાય છે કે અમીરો પણ ખોટે રસ્તે દોરવાઈ ગયા છે! કેટલાક જરૂરતથી અને કેટલાક લાલસાથી આંધળા બની જાય છે. એવી ઘડીઓમાં વિચારો આવે છે કે લોકો તો બધા ભાઈઓ છે! પણ એવા ખ્યાલો ખંખેરી નાખવાના છે, સાફ સાફ વિચારવાનું છે, ખોટી લાગણીઓને જરાય મચક આપ્યા વગર વિચારવાનું છે!"

બીમાર આદમીનું બદન હલી ઊઠ્યું. તેણે આંખો ઉઘાડી, અને પછી તે લાંબો થઈને જમીન પર સૂઈ ગયો. યાકોવ ચુપચાપ ઊઠીને છાપરીમાં ગયો અને છાપરીમાંથી ઘેટાની ખાલ લાવીને તેણે ભાઈને ઓઢાડી. પછી તે ફરી સોફ્યાની પાસે બેસી ગયો.

તાપણાનો ટીખળી મલકાટ તેની ફરતે બેઠેલી ઘેરી આકૃતિઓને ઉજાળી રહ્યો હતો અને માણસોના ચિંતનમય અવાજો જ્વાળાઓના ધીમા તડતડાટ અને સુસવાટાઓ ભેગા ભળી જતા હતા.

સોફ્યાએ તેમને જિંદગીના હક ખાતર જગતભરની પ્રજાઓના સંઘર્ષની વાત કરી, લાંબા વખત પહેલાં થઈ ગયેલા જર્મન કિસાન વિદ્રોહોની વાત કરી, આઇરિશ પ્રજાની કંગાલ દશાનું વર્ણન કર્યું, આઝાદી ખાતર વારંવાર લડતા ફ્રેંચ કામદારોના પરાક્રમની ગાથા કહી સંભળાવી.

રાતનું મખમલ ઓઢીને પડેલા એ વનમાં, અંધારઘેરા આકાશી ગુંબજ હેઠળ વૃક્ષોથી ઘેરાયેલી એ નાનકડી ખુલ્લી જગ્યામાં, તાપણા ફરતે કુંડાળું રચતા અજાયબીમાં ગરકાવ રોષિત પડછાયાઓને, જલતી આગના આછા ઉજાસમાં, અધમ રાતામાતા માણસોની માલિકીની દુનિયાને ખળભળાવી દેનારી ઘટનાઓની

ગાથા કહી સંભળાવવામાં આવી. સત્ય અને સ્વાધીનતાના લડવૈયાઓના ઉલ્લેખ કરવામાં આવ્યા, અને જાણે જગતની પ્રજાઓ લડાઈમાં થાકેલી અને લોહીથી ખરડાયેલી એક પછી એક પસાર થઈ રહી હોય એવું ચિત્ર નજર સામે આલેખાઈ ગયું.

જાણે ઊંડા અતીતમાંથી નીકળી આવતો હોય એવો સોફ્યાનો ધીમો ને ઘોઘરો અવાજ, વિદેશોમાં લડતા પોતાના બાંધવોની સંઘર્ષગાથા અબોલ રહીને સાંભળતા એ માનવીઓનાં દિલોમાં આશાઓ જગાવતો હતો અને આત્મવિશ્વાસ પ્રેરતો હતો. બાઈના ફિક્કા નાજુક ચહેરા ઉપર નજર માંડીને બેઠેલા માણસો જગતની તમામ પ્રજાઓના પુનિત ધ્યેયની, આઝાદીના અંતહીન સંઘર્ષની, અધિક સ્પષ્ટ સમજણ પામી રહ્યા હતા. તેમને જાણવા મળ્યું કે વર્તમાનથી ઈતિહાસના અંધારઘેરા રક્તરંજિત પડદા વડે અળગા પડી જતા સુદૂર અતીતની અજાણી જાતિઓનાં અને પોતાનાં સ્વપ્નો તથા આકાંક્ષાઓ એકસમાન છે. તેમણે પોતાનાં દિલ અને મન વડે અફાટ દુનિયા જોડે સંપર્ક સાધી લીધો. એથી તેમને પૃથ્વીમાં ઇનસાફનું સામ્રાજ્ય સ્થાપવાના મક્કમ નિર્ધાર વડે એકતાબદ્ધ થયેલા અને બહેતર જિંદગી ખાતર વિપદાઓ વેઠીને તથા લોહી વહેવડાવીને એ નિર્ધારને પુનિત બનાવનારા મિત્રો સાંપડ્યા. તેમનાં મનમાં તમામ પ્રજાઓ જોડે આત્મીયતાની એક નવી લાગણી ઉત્પન્ન થઈને વૃદ્ધિ પામવા લાગી, જગતમાં એક નૂતન હૃદયનો ઉદય થયો, બધું જાણવાની અને બધું સમજવાની પ્રબળ ઝંખનાના ધબકારા કરતા હૃદયનો ઉદય થયો.

"એક દિવસ એવો ચોક્કસ આવશે જ કે જ્યારે બધા દેશોના કામદારો ખડા થઈ જઈને પોકારી ઊઠશે: 'બસ! આવી જિંદગી બહુ વેઠી લીધી!'" સોફ્યાના અવાજમાં ઊંડી શ્રદ્ધાનો રણકાર હતો. "પછી કેવળ લાલસાનું જ જોર ધરાવનારાઓની કમજોર સત્તા ભાંગી પડશે, ધરતી તેમના પગ હેઠળથી સરકી જશે, તેમની હયાતીનું ટેકણ નાબૂદ થઈ જશે."

"ખરી વાત," રીબિન માથું નીચે ઢાળીને બોલ્યો. "આપણે મુદ્દલ કચાશ રાખ્યા વગર આપણું પૂરું કૌવત અજમાવીએ તો સાધી ન શકાય એવું કશું જ નથી."

મા ભવાં ઊંચાં ચડાવીને ધ્યાનથી સાંભળી રહી હતી. તેના હોઠ ઉપર સુખદ વિસ્મયનો મલકાટ રમી રહ્યો હતો. તેણે જોયું કે સોફ્યાના સ્વભાવ જોડે મેળ ન ખાતું આકરું, ધાંધલિયું, અને ભડભડિયું બધું તેની વાણીના ઉત્સાહી એકધારા પ્રવાહમાં અદૃશ્ય થઈ ગયું હતું. તેને રાત્રિની નીરવતા, તાપણામાં જવાળાઓની

રમત, સોફ્યાનું વદન — બધું બહુ ગમી ગયું. પરંતુ તેને સૌથી વધારે તો ખેડૂતોની ગંભીર એકાગ્રતા ગમી. તેઓ ચુપચાપ બેઠા હતા અને પોતાને આખા જગત જોડે સાંકળી લેતો તાર તૂટી જવાની બીકે સોફ્યાની એકધારી વાણીમાં જરાય ખલેલ ન પડે તેની કોશિશ કરી રહ્યા હતા. થોડી થોડી વારે કોઈ એક જણ તાપણામાં નવાં લાકડાં હળવેથી મૂકતો અને તેમાંથી ઊડતા તણખા તેમ જ ધુમાડાના ગોટાથી બાઈઓને બચાવવા હવામાં હાથ હલાવતો.

એક વાર યાકોવ ઊભો થઈને શાંત અવાજે બોલ્યો: "હમણાં આવું છું."

તે દોડતો છાપરીમાં ગયો અને ધાબળીઓ લઈ આવ્યો. તેણે અને ઇગ્નાતે જરાય અવાજ કર્યા વગર ધાબળીઓ મહેમાનોને ખભે તથા ગોઠણ ઉપર ઓઢાડી દીધી. પછી સોફ્યા ફરી બોલવા લાગી. તેણે વિજયનું ચિત્ર આલેખીને શ્રોતાઓનાં મનમાં તેમની પોતાની શક્તિ અંગેની શ્રદ્ધા પ્રેરી, અતિવૈભવી માણસોના મૂર્ખાઈભર્યા તરંગો સંતોષવા માટે વ્યર્થ મહેનતમાં પોતાની જિંદગી રેડી દેનાર તમામ ઇન્સાનો જોડે તેમના ઐક્યની સભાનતા તેમની અંદર જગાવી. સોફ્યાના શબ્દોથી માને બેચેની ન થઈ, પરંતુ તેમાંથી નીતરતા બંધુભાવે તેના દિલમાં એવા માનવીઓ પ્રત્યે — પોતાની જિંદગી જોખમમાં મૂકીને પ્રેમ અને સત્ય અને પ્રમાણિક ચિંતનની ભેટો રોજિંદી મહેનતની જંજીરોમાં જકડાયેલા લોકોને પહોંચડનારા માનવીઓ પ્રત્યે — ઊંડી કૃતજ્ઞતાની લાગણી ભરી દીધી.

"હે પરમાત્મા, એમને સહાય કરજે!" તે આંખો મીચીને મનમાં બોલી.

પરોઢ થયું ત્યારે થાકેલી સોફ્યાની વાણી થંભી. પોતાની આસપાસ ઝળકતા ચિંતનમય ચહેરાઓની ઉપર તેણે હસીને નજર ફેરવી.

"હવે આપણે જવું જોઈએ," મા બોલી.

"હા," સોફ્યાએ જવાબ આપ્યો.

એક જુવાને ઊંડો નિસાસો નાખ્યો.

"અફસોસની વાત છે કે તમારે જવું પડે એમ છે," રીબિનના અવાજમાં અસાધારણ નરમાશ હતી. "તમારી વાતો સાંભળવી ગમે છે. લોકોમાં એકતાની લાગણી જગાવવી એ બહુ મોટી વાત છે. આપણને ખબર પડે કે આપણી ઝંખના એકીસાથે લાખો ઇન્સાનોની ઝંખના પણ છે ત્યારે દિલમાં ભલાઈની લાગણી પ્રબળ બને છે. અને ભલાઈ તો પ્રચંડ શક્તિ છે!"

"ભલાઈ કરો ને પૂંઠે લાતો ખાઓ!" યેફીમ ઊભો થતો સ્વસ્થ ભાવે ટોળમાં બોલ્યો. "કોઈ જોઈ જાય તે પહેલાં નીકળી જાય તો સારું, મિખાઈલો કાકા! આપણે આ ચોપાનિયાં વહેંચવાનું શરૂ કરીશું કે તરત જ સરકારી

અમલદારો એને અહીંયાં પહોંચાડનારાઓની ગોતાગોતમાં પડી જશે. એ વખતે કોઈ ને કોઈ જરૂર ભસી પડવાનું કે 'અરે, પેલી જાત્રા કરવા નીકળેલી બાઈઓ આવેલી ને?'"

"મા, તેં આટલી બધી તકલીફ લીધી એ બદલ તારું મોટું અહેસાન!" રીબિન વચ્ચે બોલી ઊઠયો. "તારી સામે જોઉં છું ને પાવેલ યાદ આવે છે. તું સરસ કામગીરી બજાવી રહી છે!"

તેના મિજાજમાં નરમાશ આવી ગઈ હતી અને તેના આખા મોં પર હેતભર્યો મલકાટ છવાયેલો હતો. હવામાં ઠંડક હતી, પણ તેણે કોટ નહોતો પહેર્યો અને શર્ટનાં બટન ખુલ્લાં હતાં એટલે છાતી નજરે પડતી હતી. તેની જોરાવર કાયા જોઈને મનમાં ખુશી અનુભવતી મા મમતાભર્યા અવાજે બોલી:

"ઉપર કંઈક પહેરી લે તો સારું, ટાઢ છે."

"પણ મારી અંદર તો આગ જલે છે," તેણે જવાબ આપ્યો.

ત્રણેય જુવાનો તાપણા પાસે ઊભા ઊભા શાંતિથી વાતો કરી રહ્યા હતા, અને બીમાર આદમી તેમના પગ નજીક ઘેટાની ખાલ ઓઢીને સૂતો હતો. આકાશમાં ઝાંખો ઉજાસ વરતાવા લાગ્યો, પડછાયા ઓગળી ગયા, અને સૂર્યોદયની પ્રતીક્ષામાં પર્ણો કંપવા લાગ્યાં.

"ઠીક ત્યારે, વિદાય," રીબિન સોફ્યા તરફ હાથ લંબાવતો બોલ્યો. "શહેરમાં તમને ક્યાં મળાય?"

"તારે પહેલાં મને મળવાનું," મા બોલી.

ત્રણેય જુવાનો ધીરે ધીરે નજીક આવ્યા અને તેમણે કઢંગા વિનયથી સોફ્યા જોડે હાથ મિલાવ્યા. સાફ વરતાતું હતું કે દરેકના મનમાં મઝાની ભાવભરી ગુપ્ત ખુશી ઊભરાતી હતી અને એવી લાગણીની નવીનતાને લીધે તેમને અકળામણ થઈ રહી હતી. તેઓ ઘડીક એક પગ અને ઘડીક બીજા પગને ટેકે ઊભા રહેતા અને ઉજાગરાથી બળતી આંખો વડે સોફ્યાને નીરખતા મલકી રહ્યા હતા.

"નીકળતાં પહેલાં થોડુંક દૂધ પીશો?" યાકોવે પૂછ્યું.

"પણ દૂધ છે ખરું?" યેફીમ બોલ્યો.

"ના, મારાથી ઢોળાઈ ગયું," ઇગ્નાત બેચેનીથી વાળ સરખા કરતો બોલ્યો.

ત્રણેય જણ હસી પડયા.

મા સમજી ગઈ કે તેઓ વાત તો દૂધની કરી રહ્યા છે પણ હકીકતમાં તેમનાં મનમાં બીજું જ કંઈક ઘોળાઈ રહ્યું છે—તેમનાં દિલોમાં ખુદ તેના

અને સોફ્યા પ્રત્યે સદ્ભાવ અને શુભ કામનાઓનાં મોજાં ઉછાળા મારી રહ્યાં છે. સોફ્યાને પણ એમ જ લાગ્યું. એથી તેના મનમાં વિહવળતા અને વિનમ્રતાની લાગણી છલકાઈ ઊઠી અને તે માત્ર આટલું જ બોલી શકી—"આભાર, સાથીઓ!"

જુવાનોને સોફ્યાના શબ્દોથી જાણે જરાક ધક્કો લાગ્યો હોય એમ તેઓ એકબીજાની સામે જોવા લાગ્યા.

બીમાર આદમીને સખત ખાંસી આવી. તાપણામાં અંગારાની ઉપર રાખ વળી ગઈ હતી.

"આવજો!" ખેડૂતો શાંત અવાજે બોલ્યા અને એ ગમગીન શબ્દોના પડઘા બાઈઓના કાનમાં પડ્યા.

ઊગતા પરોઢના આછા ઉજાસમાં બન્ને બાઈઓ જંગલની કેડીએ ધીરે ધીરે ચાલવા લાગી.

"અજબ અનુભવ હતો!" સોફ્યાની પાછળ પાછળ ચાલતી મા બોલી. "સ્વપ્ન જેવો અજબ! લોકોને સચ્ચાઈ જાણવી છે, બહેન, ખરેખર જાણવી છે. આ તો ક્રિસ્મસ કે ઈસ્ટરના તહેવારના પ્રભાતે પ્રાર્થના પહેલાં દેવળમાં જેવું હોય છે એવી વાત છે—પાદરી હજુ આવ્યો ન હોય, અંધકાર ને નીરવતા ને ભેંકાર છવાયેલાં હોય, પણ પછી ધીરે ધીરે લોકો ભેગા થતા જાય, ક્યાંક દેવમૂર્તિ સમક્ષ એક મીણબત્તી સળગે, ક્યાંક બીજી સળગે, ધીરે ધીરે અંધકારને હાંકી કાઢવામાં આવે, પરમાત્માના આવાસમાં પ્રકાશ ફેલાઈ જાય."

"ખરી વાત!" સોફ્યા બોલી ઊઠી. તેના અવાજમાં આનંદનો રણકાર હતો. "ફેર માત્ર એટલો જ કે આ બાબતમાં પરમાત્માનો આવાસ એટલે આખું જગત!"

"આખું જગત!" માએ વિચારમાં ડૂબી જઈને માથું હલાવતાં સોફ્યાના શબ્દો દોહરાવ્યા. "એવી મઝાની વાત છે કે માની મનાય નહિ... અને ત્યાં તમે બહુ સરસ બોલેલાં, બહેન, બહુ જ સરસ! મને તો બીક હતી કે તમે એ લોકોને નહિ ગમો..."

સોફ્યા થોડી વાર અબોલ રહી.

"એવા માણસો ભેગાં હોઈએ ત્યારે મનમાં સાદાઈ આવી જાય," તે આખરે શાંત અને ગમગીન અવાજે બોલી.

તેઓ રીબિનની, બીમાર આદમીની, અને જુવાનોની વાતો કરતાં પંથ કાપવા લાગ્યાં. એકધ્યાને ચુપચાપ સાંભળતા અને મનમાં અકળામણ અનુભવતા

જુવાનોએ પોતાની કૃતજ્ઞતાની લાગણી નાની નાની સેવાઓ દ્વારા સ્પષ્ટ રૂપે વ્યક્ત કરી હતી. થોડી વારમાં તેઓ ખેતરો વચ્ચે થઈને જતા માર્ગે પહોંચી ગયાં. સૂર્ય જાણે તેમને આવકારવા સામો આવતો હોય એવી રીતે ઉદય પામ્યો. તે હજુ નજરે નહોતો પડતો, પણ તેણે ગુલાબી કિરણોનો પારદર્શક પંખો ગગનમાં ફેલાવી દીધો હતો, અને ઘાસવેલાઓની ઉપર ઝાકળબિંદુઓ વસંતના આનંદી તરવરાટના બહુરંગી ઝબકારા કરી રહ્યાં હતાં. પંખીઓ જાગી ગયાં અને તેઓના આનંદી કલરવથી પ્રભાત જાણે સજીવ બની ગયું. જાડા કાગડા કા... કા... નો દેકારો કરતા ભારે પાંખો ફેલાવીને ઊડી રહ્યા હતા. પીળક પક્ષીનો ટહુકાર સંભળાયો. દૃષ્ટિ સમક્ષ ફેલાતાં અંતરોએ ટેકરીઓ પરથી રાત્રિનો અંચળો હઠાવી લઈને ઊગતા સૂર્યનું સ્વાગત કર્યું.

"ક્યારેક કોઈ માણસ બોલતો જ રહે, બોલતો જ રહે, પણ આપણને કશું ન સમજાય. પછી તેના હોઠેથી કોઈ સાદો શબ્દ સરી પડે, અને તરત જ આખી વાત આપણને પૂરેપૂરી સમજાઈ જાય," મા વિચારમગ્ન અવાજે બોલી. "પેલા બીમાર માણસની બાબતમાં પણ એમ જ બનેલું. કારખાનાંમાં અને બીજી જગ્યાઓએ કામદારોને માથે કેવી તનતોડ મહેનત લાદી દેવામાં આવે છે તેને વિશે મેં પુષ્કળ સાંભળ્યું છે અને નજરે પણ જોયું છે. પણ એનાથી ટેવાઈ જઈએ અને પછી આપણને એનો ખ્યાલ જ ન રહે. પણ એની કથની તો કારમી હતી! ઘૃણા ઉપજાવે એવી હતી! હે પરમાત્મા! ખરેખર એમ બનતું હશે કે લોકો પોતાની જિંદગી મહેનતમાં રેડી દે જેથી માલિકો પોતાને મનફાવે એવી મોજમઝા ઉડાવે? એમાં તો મુદ્દલ ઇનસાફ નથી!"

માના મનમાં એ આદમીનો કિસ્સો ઘોળાવા લાગ્યો. તેણે અગાઉ સાંભળેલા પણ ભુલાઈ ગયેલા એવા જ બીજા કિસ્સા જાણે બીમાર આદમીની કથનીના પ્રતિબિંબ રૂપે તેની નજર સામે તરવરવા લાગ્યા.

"એ લોકો અતિવૈભવથી જાણે છકી ગયા છે! હું ગામડાંના એક સરકારી અમલદારને ઓળખતી હતી. એ જ્યારે જ્યારે કોઈ ગામમાંથી નીકળે ત્યારે પોતાના ઘોડા સામે ઝૂકવાનું ફરમાન ખેડૂતોને કરતો, અને કોઈ ઇનકાર કરે તો એને ગિરફતાર કરી લેતો. શું કરવા એમ કરતો હશે? એનો તો કશો ખુલાસો મળે જ નહિ."

સોફ્યા પ્રભાત જેવું તેજસ્વી અને તાજગીભર્યું ગીત હળવે અવાજે ગાવા લાગી...

૭

માની જિંદગીનું વહેણ શાંત અને સ્વસ્થ વહેતું રહ્યું. ક્યારેક તેને પોતાની સ્વસ્થતા જોઈને વિસ્મય થતું. તેનો પુત્ર જેલમાં હતો અને તેને ખબર હતી કે પુત્રને આકરી સજા થવાની છે, પરંતુ તેમ છતાં તે જ્યારે એનો વિચાર કરતી ત્યારે તેના માનસપટમાં આન્દ્રેઈ અને ફ્યોદોર તથા બીજાઓનાં ચિત્રો અંકિત થઈ જતાં. પુત્રનો ખ્યાલ કરતી વેળા માની નજર સામે તરવરી ઊઠતી કલ્પનામૂર્તિમાં જાણે પુત્રના કિસ્મતના સઘળા સહભાગીઓનું વ્યક્તિત્વ પણ ભળી ગયેલું લાગતું. તેના મનમાં પુત્રનું એવું ચિત્ર દિન પ્રતિદિન વિકસતું જતું હતું અને અજાણતાં જ અનેક શાખાઓમાં વિસ્તરી જતા વિચારો જગાવતું હતું. ખૂણેખાંચરે પહોંચી જતાં બારીક કિરણોની જેમ એવા વિચારો દરેક ઠેકાણે પહોંચી જઈને તથા દરેક ચીજને સ્પર્શીને જાણે સમગ્ર પરિઘટનાઓને ઝગમગાવી દેવાના અને તમામ બાબતોને એક જ ભાતની અંદર સાંકળી લેવાના પ્રયાસો કરતા હતા. એથી તેનું મન કોઈ એક જ બાબત ઉપર કેંદ્રિત ન થઈ જતું, ખાસ કરીને દીકરા અંગેના તલસાટ અને ભીતિઓ ઉપર કેંદ્રિત ન થઈ જતું.

સોફ્યા થોડા વખત પછી ચાલી ગઈ અને પાંચ દિવસ બાદ ચેતનમય ખુશાલ મિજાજ લઈને પાછી આવી. પરંતુ તે માત્ર થોડાક જ કલાક રોકાઈને બે અઠવાડિયાં માટે ફરી ચાલી ગઈ. તે જાણે વિશાળ વર્તુળોના પ્રવાસોનું જીવન જીવતી હોય અને ભાઈના ઘરમાં હિંમત અને સંગીત ભરી દેવા માટે જ ક્યારેક ક્યારેક આવી જતી હોય એમ લાગતું હતું.

માને સંગીત ગમવા લાગ્યું. તે સંગીત સાંભળતી ત્યારે તેને લાગતું કે હૂંફાળાં મોજાં તેની છાતી જોડે ટકરાઈ રહ્યાં છે, હૈયાને ધોઈ રહ્યાં છે, હૈયું એકધારું ધબકી રહ્યું છે, અને જમીનમાં વાવેલાં બીજને પાણી સિંચાતાં જેમ ફણગા ફૂટી નીકળે એવી રીતે તેના મનમાં વિચારોના ફણગા ફૂટે છે, સંગીતની અસર પડતાં ફણગા વધીને છોડવા બની જાય છે અને તેમાં શબ્દોનાં મુલાયમ ને મનોહર ફૂલ ખીલી ઊઠે છે.

સોફ્યાની અસુઘડ ટેવો સહી લેવાનું માને માટે દુષ્કર બની જતું—ફ્લેટમાં તેનાં કપડાં જેમતેમ પડયાં હોય, સિગારેટો પડી હોય, અને ઠેર ઠેર રાખ વેરાયેલી નજરે પડે. વળી સોફ્યાની આવેશમય વાણી જોડે પણ માના સ્વભાવનો મેળ ન ખાતો. તેની સરખામણીમાં નિકોલાઈ હંમેશાં શાંત આત્મવિશ્વાસ અને નમ્ર ગંભીરતાથી બોલતો. માને સોફ્યા જાણે મોટાંમાં ગણાવા ઉત્સુક અને લોકોને

કુતૂહલભર્યાં રમકડાં સમજતી સગીર બાળા જેવી લાગતી. સોફ્યા હંમેશાં શ્રમની પુનિતતાની વાતો કરતી રહેતી પણ પોતાની અસુઘડ ટેવો વડે માનું કામ વધારી મૂકતી. તે ભાવવાહી વાણીમાં આઝાદીની હિમાયત કરતી રહેતી પણ મા હંમેશાં જોતી કે તે પોતાની અસહિષ્ણુતા અને અંતહીન દલીલોનો જુલમ બીજાની ઉપર લાદતી રહેતી. સોફ્યાના વ્યક્તિત્વમાં આંતરવિરોધો જાણે ઊભરાતા હતા. એ કારણે મા તેની જોડે હંમેશાં સાવચેતીભર્યું વર્તન રાખતી, અને તેને નિકોલાઈ પ્રત્યે જેવી અચળ લાગણી હતી એવી લાગણી સોફ્યા પ્રત્યે ન થતી.

નિકોલાઈ પોતાની રોજિંદી જિંદગી એકધારી ગુજારતો રહેતો, પણ બીજાઓ અંગેની ફિકર તેના મનમાં સદા ઘોળાતી જ રહેતી — તે સવારે આઠ વાગ્યે ચા પીતો અને અખબાર વાંચીને માને ખબર સંભળાવતો. તેની વાતો સાંભળતાં માને એકદમ સાફ ખ્યાલ આવી જતો કે જીવનનું તંત્ર કેવી રીતે લોકોને નિર્દયતાથી પીસીને પૈસામાં પલટાવી નાખે છે. તેને લાગતું કે નિકોલાઈ અને આન્દ્રેઈ વચ્ચે ઘણું સામ્ય છે. ખોખોલની જેમ જ તે લોકોના ઉલ્લેખો દ્વેષભાવ વગર કરતો અને જગતનાં દૂષણો માટે સૌને દોષિત ગણાવતો, પરંતુ નવા જીવનમાં તેની નિષ્ઠા આન્દ્રેઈ જેટલી જોમદાર નહોતી અને એટલી જ્વલંત પણ નહોતી. તે હંમેશાં કડક અને પ્રમાણિક ઇનસાફદારની જેમ શાંત અવાજે બોલતો, અને અત્યંત ભયંકર બાબતોની ચર્ચા કરતી વેળા પણ તેના હોઠ ઉપર દિલગીરીનું સ્વસ્થ સ્મિત રમતું રહેતું ખરું, પરંતુ તેની આંખોમાં આકરો ટાઢો ચળકાટ નજરે પડતો. એ જોઈને માને લાગતું કે આ માણસ કોઈને કશી બાબતની માફી કદી નહિ આપે — માફ કરવાનું એને માટે શક્ય જ નથી. માના દિલમાં તેના પ્રત્યે સમભાવ જાગતો, કારણ કે મા જોઈ શકતી હતી કે સખતીનું વલણ ધરાવવાનું કામ નિકોલાઈ માટે આસાન નહોતું. તેના ઉપર માની પ્રીતિ દિન પ્રતિદિન વધતી ગઈ.

તે નવ વાગ્યે કામે ચાલ્યો જતો. ત્યાર પછી મા ફ્લેટ સાફ કરતી, જમવાનું બનાવતી, હાથમોં ધોઈને સાફ કપડાં પહેરી લેતી, અને પોતાના ખંડમાં બેસીને પુસ્તકોનાં ચિત્રો જોતી. તેણે વાંચતાં શીખી લીધું હતું, પણ તેમાં એટલી બધી મહેનત પડતી કે તે થોડી વારમાં થાકી જતી અને એક શબ્દ જોડે બીજા શબ્દનો સંબંધ સમજી ન શકતી. પરંતુ ચિત્રો જોવામાં તેને બાળક જેવી મઝા પડતી. ચિત્રોમાં નજરે પડતી નવી અને અદ્ભુત દુનિયા તેની સમજણમાં ઊતરતી અને તેને લગભગ સ્પર્શગમ્ય લાગતી. વિશાળ શહેરો, સુંદર ઇમારતો, યંત્રો, વહાણો, સ્મારકો, ઇન્સાનના હાથ વડે સર્જિત અપાર

સમૃદ્ધિ, અને મનને ચકિત કરી દે એવું વૈવિધ્ય ધરાવતી નિસર્ગની અપરંપાર બક્ષીસો — એ બધું તેની નજર સામે ખડું થઈ જતું. જીવન જાણે અસીમ વિસ્તાર પામવા લાગતું, તેને એક પછી એક અજાયબીનું દર્શન કરાવતું, વિપુલ સમૃદ્ધિ તથા અખૂટ સૌંદર્યનું પ્રદર્શન કરીને તેના તરસ્યા મનને ઉત્તેજિત કરી દેતું. તેને પ્રાણીચિત્રોનો સંગ્રહ જોવાનું ખાસ ગમતું. સંગ્રહ વિદેશી ભાષામાં છપાયેલો હોવા છતાં તેમાંથી તેને પૃથ્વીની સમૃદ્ધિ, સુંદરતા, અને વિશાળતાનો સ્પષ્ટ ખ્યાલ મળી જતો.

"જગત કેટલું વિશાળ છે!" એક દિવસ તેણે નિકોલાઈને કહ્યું.

તેને જીવજંતુનાં ચિત્રો — ખાસ કરીને પતંગિયાંનાં ચિત્રો — જોવામાં ખૂબ મોજ પડતી. તે ચિત્રો જોતી જોતી મનમાં અજાયબી અનુભવતી રહેતી.

"બહુ મઝાનાં છે ને, નિકોલાઈ ઇવાનોવિચ?" તે એક દિવસ બોલી. "જગતમાં દરેક ઠેકાણે કેટલી બધી સુંદરતા ભરી પડી છે — પણ આપણાથી સાવ અજાણી, પાસે થઈને ઊડતી રહેતી પણ આપણી અદીઠી. લોકો સડસડાટ ધસતા રહે છે — કશું જાણ્યા વગર, કશું જોયા વગર — વખત જ નથી, અને ઇચ્છા પણ નથી. પૃથ્વીની સમૃદ્ધિ અને તેની અસંખ્ય અદ્‌ભુત ચીજો વિશે આપણે જાણી લઈએ તો આપણને કેટલી બધી ખુશી હાંસલ થાય! અને તમામ ચીજો બધાને માટે છે, દરેક વસ્તુ સૌને માટે છે, ખરું કે નહિ?"

"બેશક," નિકોલાઈ હસીને બોલ્યો અને તેણે બીજાં સચિત્ર પુસ્તકો લાવી આપ્યાં.

નિકોલાઈને ત્યાં ઘણી વાર સાંજે મહેમાનો ભેગા થઈ જતા. ગંભીર ને ઓછાબોલો અલેક્સેઇ વસીલ્યેવિચ દેખાવડો આદમી હતો, તેનો ચહેરો ફિક્કો હતો અને દાઢી કાળી હતી; ગોળ માથાવાળા રોમાન પેત્રોવિચના ચહેરા ઉપર ખીલ નીકળેલા હતા અને તે હંમેશાં કોઈ ને કોઈ બાબત અંગે અફસોસના ડચકારા કરતો રહેતો; ઠીંગણા પાતળા ઇવાન દાનીલોવિચને અણીદાર દાઢી હતી, તેનો ચીસ જેવો તીણો અવાજ વેગીલો ને કટાર જેવો ધારદાર હતો; અને યેગોર ખુદ પોતાની, સાથીઓની, તથા પોતાની વણસતી જતી બીમારીની હંમેશાં ઠેકડી ઉડાડતો રહેતો. દૂર દૂરનાં શહેરોથી આવેલા બીજા માણસો પણ નિકોલાઈને ઘેર આવતા. નિકોલાઈ તેમની જોડે ધીમા અવાજે લાંબી વાતચીત કરતો. વાતચીતનો વિષય હંમેશાં એકનો એક રહેતો — દુનિયાના કામગાર લોકો. તેઓ હાથ હલાવીને ઉત્તેજનાભરી દલીલો કરતા અને પુષ્કળ ચા પીતા રહેતા. ક્યારેક નિકોલાઈ બાકીના માણસોને વાતચીત કરતા મૂકીને પોતે ઘોષણાઓ ઘડી કાઢતો

અને સાથીઓને વાંચી સંભળાવતો. તેઓ તરત જ નકલ ઉતારી લેતા. મા કાચા ખરડાના ફાડી નાખેલા કકડા ભેગા કરીને બાળી નાખતી.

કામગાર લોકોની જિંદગી અને હાલત વિશે અને તેમની અંદર સત્યના વિચારો ફેલાવવાના તેમ જ તેમનાં મન જાગ્રત કરવાના ઉત્તમ તથા વધારેમાં વધારે વેગીલા ઉપાયો વિશે તેમની જોમદાર વાતો ચા રેડતાં રેડતાં સાંભળતી મા મનમાં અજાયબી અનુભવતી. તેઓ ઘણી વાર દલીલો કરતા કરતા ખિજાઈ જઈને એકબીજાની ઉપર આકરા આક્ષેપો મૂકતા, પરંતુ દલીલો ચાલુ જ રહેતી.

માને થતું કે કામદારોની જિંદગી વિશે હું આ લોકો કરતાં બહેતર જાણું છું, તેને લાગતું કે આ સૌએ હાથમાં લીધેલું કાર્ય કેવું પ્રચંડ છે એ હું વધારે સાફ સમજું છું. એથી તે એ લોકો પ્રત્યે કંઈક મોટા મનનું વલણ રાખી શકતી, પતિ-પત્નીના સંબંધમાં સમાયેલ નાટ્યતત્ત્વ મુદ્દલ સમજ્યા વગર વરવહુ બનવાની રમત રમતાં બાળકોને મોટું માણસ જેવી ગમગીન નજરે નીરખતું રહે એવી ગમગીની તે અનુભવતી. તે અનાયાસે જ તેમની વાણીને પાવેલ તથા આન્દ્રેઈની વાણી જોડે સરખાવવા લાગતી અને તેને તફાવતનો ભાસ થતો, પરંતુ એ તફાવતને તે શરૂઆતમાં સમજી ન શકતી. ક્યારેક તેને લાગતું કે મજૂર વસતિમાં ભેગા થતા માણસો કરતાં આ માણસો ઘાંટા વધારે પાડે છે.

"આ લોકોને જાણકારી વધારે છે એટલે ઘાંટા વધારે પાડે છે," તે મનમાં ને મનમાં ખુલાસો કરી લેતી.

પરંતુ ઘણી વાર તેને લાગતું કે આ લોકો જાણી જોઈને એકબીજાને ઉશ્કેરે છે અને પોતાના જોશનું પ્રદર્શન કરે છે, જાણે કેમ દરેકને પોતાના સાથીઓ સમક્ષ સાબિત કરી દેવું હોય કે તેમના કરતાં પોતે જ સત્યનો બહેતર હિમાયતી છે. એથી કેટલાકને માઠું લાગતું અને તેઓ પોતાને સત્યના બહેતર હિમાયતીઓ સાબિત કરી દેવા આકરી ને તોછડી દલીલો કરતા. માને લાગતું કે દરેક જણને બીજાઓ કરતાં વધારે ઊંચો ઠેકડો મારવાની તાલાવેલી છે. એથી તેના મનમાં બેચેની અને ગમગીની પેદા થતી.

"પાશા અને તેના સાથીઓને તો સાવ ભૂલી જ ગયા છે," તેના મનમાં વિચાર આવતો. તે સૌને આર્જવભરી નજરે નીરખવા લાગતી અને તેનાં ભવાં ફરકવા લાગતાં.

તેને દલીલો સમજાતી નહિ પરંતુ તોયે તે બધી દલીલો ખૂબ ધ્યાનથી સાંભળતી રહેતી. તે શબ્દો પાછળની લાગણી પારખી લેવાની કોશિશ કરતી અને તેને સાફ લાગતું કે મજૂર વસતિમાં થતી ચર્ચાઓમાં અચ્છાઈના ઉલ્લેખો

તેના સમગ્ર અર્થમાં અને તેને સર્વાંગી રીતે આવરી લેતા શબ્દોમાં કરવામાં આવતા, પરંતુ અહીંયાં તેને નાનકડા હિસ્સાઓમાં ખંડિત કરી નાખવામાં આવે છે. ત્યાં લાગણીઓ ઊંડી અને પ્રબળ લાગતી, પરંતુ અહીંયાં તેઓને જાણે સતેજ ચિંતન વડે વાઢી નાખવામાં આવી હોય એમ લાગતું હતું. અહીંયાં પુરાણાના ભુક્કા ઉડાવી દેવાની વાતો વધારે થતી, પરંતુ ત્યાં નૂતનનાં સ્વપ્ન વધારે વ્યક્ત થતાં. એ કારણે તેને પોતાનો દીકરો અને આન્દ્રેઈ વધારે વહાલા તેમ જ વધારે સહેલાઈથી સમજી શકાય એવા લાગતા.

તે જોતી કે કોઈ કામદાર મળવા આવે ત્યારે નિકોલાઇનું વર્તન અસાધારણ રૂપે સરળ ને મુક્ત બની જતું, તેના મોં ઉપર મીઠાશ છવાઈ જતી, અને તે હંમેશ કરતાં જુદી રીતે—કદાચ વધારે છૂટથી અને બેદરકાર રીતે—વાત કરવા લાગતો.

"આ માણસને સમજણ પડે એવી રીતે બોલવાની કોશિશ કરતો લાગે છે," માને થતું.

પણ એટલા ખુલાસાથી તેને સંતોષ ન થતો. તેના ધ્યાનમાં આવી જતું કે કામદાર પણ મનમાં અકળાઈ રહ્યો છે, ભીતર બેચેન છે, અને પોતાના જેવી સાદી કામગાર બાઈ જોડે જેવી રીતે વાત કરતો હતો એવી છૂટથી અને સહેલાઈથી નિકોલાઇ જોડે વાત નથી કરી શકતો. એક વાર નિકોલાઈ ખંડમાંથી બહાર ગયો ત્યારે તેણે એક જુવાન કામદારને પૂછ્યું:

"ગભરાય છે કેમ? તું કંઈ પરીક્ષા આપવા આવેલો નિશાળિયો નથી..."

કામદારે મોં મલકાવ્યું.

"આપણા જેવા માણસ નહિ એટલે અકળામણ તો થાય જ ને!"

ક્યારેક સાશા આવતી. તે ક્યારેય ઝાઝી વાર રોકાતી નહિ, સીધીસાદી વાત કરતી, હસતી નહિ, અને જતાં જતાં માને અચૂક કહેતી:

"પાવેલ મિખાઈલોવિચ કેમ છે?"

"પરમાત્માની દયા છે! ઠીક જ છે, મન ખુશ રાખે છે."

"કહેજો કે મેં યાદ કરેલા," કહેતી બાળા રવાના થઈ જતી.

એક વાર માએ ફરિયાદના ભાવે કહ્યું કે પાવેલને બહુ વખત જેલમાં ગોંધી રાખ્યો છે અને મુકદ્દમો ચલાવતા જ નથી. સાશા કંઈ બોલી નહિ પણ તેનાં ભવાં સંકોડાઈ ગયાં અને આંગળીઓ ફરકવા લાગી.

માને એમ કહેવાનું બહુ મન થયું કે "વહાલુડી, મને ખબર છે કે તું એને ચાહે છે," પણ તેને હિંમત ન થઈ. બાળાનો ગંભીર ચહેરો, દબાયેલા

હોઠ, અને કામ પૂરતા સૂકા બોલ કોઈ જાતના હેતાળ ભાવાવેગને અવરોધી દેતા.

"અરે, બિચારી કેટલી દુ:ખી છે!" માને થતું.

એક વાર નાતાશા આવી. માને જોઈને તે રાજી રાજી થઈ ગઈ.

માને ચૂમી લઈને તે એકાએક બોલી ઊઠી:

"મારી મા બિચારી મરી ગઈ!"

તે માથું ઉછાળીને આંખો ઉપર વેગથી આંગળીઓ ફેરવતી વળી બોલી:

"મને બહુ દુ:ખ થયું. હજી તો પચાસ વરસનીયે નહોતી. એટલી ઉંમર કંઈ બહુ ન ગણાય. પણ પાછું મનમાં એમ થાય છે કે એની જિંદગી કરતાં તો મોત જ બહેતર હતું. હંમેશાં એકલવાયી, કોઈ એને વહાલ ન કરતું, કોઈને એની જરૂર નહોતી, બાપુના બરાડાને લીધે બિચારી કાયમ ધાકમાં જ રહેતી. એને તે જિંદગી કહેવાય? બીજા લોકોને ક્યારેક જિંદગી થોડીક સુધરવાની આશા હોય, પણ મારી માને તો વધારે અપમાન સિવાય બીજું કશું જિંદગીમાં ક્યારેય મળે એમ જ નહોતું..."

"તારી વાત ખરી છે, નાતાશા," મા વિચારમાં પડી જતી બોલી. "લોકો કશું બહેતર પામવાની આશાએ જિંદગી ગુજારતા હોય છે, પણ એવી કશી આશા જ ન હોય તો એ તે કેવી જિંદગી?"

તેણે બાળાનો હાથ પંપાળતાં કહ્યું: "તો હવે તું સાવ એકલી થઈ ગઈ, ખરું ને?"

"સાવ એકલી," નાતાશા હળવેથી બોલી.

મા થોડીક વાર અબોલ રહી. પછી તેણે હસીને કહ્યું:

"ખેર! પણ સારાં માણસો બહુ ઝાઝો વખત એકલાં ન જ રહે—એમને હંમેશાં સંગાથીઓ મળી જ જાય..."

૮

નાતાશા એક કાપડમિલની નિશાળમાં ભણાવવા લાગી. મા તેને ગેરકાયદેસર પુસ્તિકાઓ, જાહેરાતો, અને છાપાં પહોંચાડતી.

માએ એવું કામ ઉપાડી લીધું. મહિનામાં કેટલીય વાર તે વેશપલટો કરીને અને ખભે થેલો લટકાવીને અથવા હાથમાં નાનકડી સંદૂક લઈને પ્રાંતમાં ઠેર ઠેર ભમતી રહેતી—ક્યારેક ખ્રિસ્તી વૈરાગણ બની હોય, ક્યારેક હાથવણાટના કાપડની ફેરી કરતી બાઈના લેબાસમાં હોય, ક્યારેક સુખી નગરનારીનો પોશાક

પહેરી લીધો હોય, તો ક્યારેક ભાવિક જાત્રાળુ બની ગઈ હોય. રેલગાડીઓમાં, વહાણોમાં, હોટેલોમાં, અને સરાઈઓમાં તે હંમેશાં એકસરખી સાદી ને સ્વસ્થ દેખાતી, અજાણ્યા માણસો જોડે પોતે જઈને વાતચીત શરૂ કરતી, અને જરાય બીક રાખ્યા વગર, જિંદગીના બહોળા અનુભવના આત્મવિશ્વાસથી, મિલનસાર વર્તન વડે પોતાની તરફ ધ્યાન ખેંચતી.

લોકો જોડે વાત કરવાનું, તેમની કથનીઓ તથા ફરિયાદો સાંભળવાનું, અને તેમની પરેશાનીઓ જાણી લેવાનું તેને ગમતું. જેના મનમાં ભારે અસંતોષ હોય, અને જેનો અસંતોષ નસીબની અવળાઈ સામે વિરોધ પોકારતો પોકારતો સાફ સાફ સવાલોના જવાબો સતત ખોળતો રહેતો હોય, એવા માણસને મળતાં તેને ખુશી થતી. માનવ જીવનનું અને રોજની રોટી માટેના બેચેન ચિંતાતુર સંઘર્ષનું અસીમ દૃશ્ય તેની નજર સામે ખુલ્લું થઈ જતું. દરેક ઠેકાણે લોકોને છેતરવાની, તેમની પાસેથી છળકપટ વડે કશુંક તફડાવી લેવાની, તેમનું લોહી ચૂસી લેવાની અને તેમને નિચોવીને નફાનો આખરી પૈસો પણ કાઢી લેવાની નિર્લજ્જ તથા આઘાતજનક ઉઘાડી કોશિશો તેને નજરે પડી. તેણે જોયું કે પૃથ્વી પર બધી ચીજોના વિપુલ ભંડારો છે, પરંતુ એવી સમૃદ્ધિની વચ્ચે સાધારણ માણસો કારમી કંગાલિયતમાં સબડે છે, અરધા ભૂખ્યા જિંદગી ગુજારે છે. શહેરોમાં દેવળોની અંદર સોનારૂપાના ગંજ ખડકાયેલા હતા, અને પરમાત્માને એ કશા જ કામના નહોતા, પરંતુ દરવાજે ટાઢમાં થરથરતા ભિખારીઓ થોડાક પૈસાની ભીખ મળી જવાની વ્યર્થ આશાએ હાથ લંબાવીને ઊભા રહેતા. તેણે આ બધું તો પહેલાં પણ જોયું હતું — દેવળોની ધનદોલત અને પાદરીઓનાં સોનાના ભરતકામથી ઝગમગતાં વસ્ત્રો, ગરીબોનાં ઝૂંપડાં અને તેમનાં શરીરો ઉપર વળગેલાં ચીંથરાં. પરંતુ ત્યારે તેની નજરમાં એવી હાલત સ્વાભાવિક હતી. હવે એ બધું તેને અસહ્ય લાગતું, ગરીબોના અપમાન સમું લાગતું. તેને ખબર હતી કે અમીરોની સરખામણીમાં ગરીબો ધર્મમાં વધારે નિષ્ઠા ધરાવે છે અને દેવળોની ધનદોલતની તેમને વધારે જરૂર છે.

તેણે ઈસુ ખ્રિસ્તનાં જે ચિત્રો જોયાં હતાં અને જે વાતો સાંભળી હતી તેના આધારે તેને ખબર હતી કે ઈસુ સાદાં કપડાં પહેરતા અને ગરીબો પ્રત્યે ભાવ રાખતા. પરંતુ દેવળોમાં ઈસુની મૂર્તિને શરમજનક રીતે સોના તથા રેશમ વડે શણગારવામાં આવતી, અને ગરીબ ઇન્સાનો સાંત્વન પામવા ઈસુની નજીક પહોંચે કે તરત જ એ રેશમ સળવળીને ચીસો પાડવા લાગી જતું. માને અનાયાસ રીબિનના શબ્દો યાદ આવી જતા:

"એ લોકોએ પરમાત્માની બાબતમાં પણ આપણને મૂરખ બનાવ્યા છે!"

સાવ અજાણતાં જ તેની પ્રાર્થનાઓ ઓછી થવા લાગી અને તેના મનમાં ઈસુ સંબંધી તેમ જ એવા માણસો સંબંધી વિચારો વધવા લાગ્યા કે જેઓ ઈસુનું નામ ક્યારેય લીધા વગર, ઈસુ વિશે જાણે જાણતા જ ન હોય એવી રીતે, માની નજરમાં જાણે ઈસુના જ બોધ મુજબ અને તેની જ રીતે જિંદગી જીવી રહ્યા હતા, પૃથ્વીને ગરીબોનું રાજ ગણતા હતા અને જગતની સમૃદ્ધિ સૌને સરખી રીતે વહેંચી દેવાની કોશિશ કરતા હતા. તેણે એ વિશે બહુ વિચાર કર્યા. તેના વિચારો વૃદ્ધિ પામતા ગયા, ઊંડાં મૂળિયાં ધારણ કરતા ગયા, અને શાખાઓ ફેલાવતા તે જે કંઈ જોતી ને સાંભળતી એ સર્વને આવરી લેતા ગયા. તેના મનમાં વૃદ્ધિ પામતા વિચારોએ પ્રાર્થના જેવી તેજસ્વિતા ધારણ કરી લીધી અને એકધારા ઝળહળાટ વડે સમગ્ર અંધારઘેરી દુનિયા ઉપર, સમગ્ર જીવન ઉપર, તમામ લોકો ઉપર પ્રકાશ પાથરી દીધો. તેના દિલમાં ઈસુ પ્રત્યે અસ્પષ્ટ કોમળ પ્રેમ — બીક અને આશાને તેમ જ ખુશી અને ગમગીનીને ગાઢ સાંકળી લેતો મિશ્રિત ભાવ — હંમેશાં રહ્યો હતો. તેને લાગ્યું કે હવે ઈસુ હૈયામાં વધારે પ્રેમ જગાવે છે, બદલાઈ ગયા છે, અધિક ઉન્નત અને સુગમ્ય બની ગયા છે, અધિક તેજસ્વી અને ખુશાલ બની ગયા છે, નમ્રતા દાખવીને એમનું — માનવીના એ મિત્રનું — નામ પણ ઉચ્ચાર્યા વગર પરંતુ એમને જ ખાતર પોતાના લોહીની નદીઓ વહેવડાવી દેનારા ઇન્સાનોના રક્તમાં સ્નાન કરીને જાણે વાસ્તવમાં સજીવન થઈ ગયા છે. દરેક પ્રવાસ પછી નિકોલાઇને ત્યાં પાછી ફરે ત્યારે તે રસ્તે નવું જોયા ને જાણ્યાની ખુશી તથા ઉત્તેજના તેમ જ કામ પાર પાડયાનો સંતોષ અનુભવતી.

"આવી રીતે સફર ખેડવાથી અને આટલું બધું જોવા જાણવાથી બહુ ફાયદો થાય છે," તેણે એક વાર સાંજે નિકોલાઇને કહ્યું. "એથી જિંદગીની સમજણ હાંસલ થાય છે. સાધારણ લોકોને છેક જિંદગીની કોર સુધી હડસેલી દેવામાં આવે છે, ધકેલી દેવામાં આવે છે. તેઓ ત્યાં અંધારામાં પડયા પડયા મનમાં સવાલ કરે છે — કેમ? અમને શા માટે ધકેલી દેવામાં આવે છે? જગતમાં આટલો બધો ખોરાક હોવા છતાં અમારે ભૂખમરો કેમ વેઠવો પડે છે? દુનિયામાં આટલું બધું જાણવાનું હોવા છતાં અમને અબુધ કેમ રાખવામાં આવે છે? અને દયાનિધિ પરમાત્મા — જેની નજરમાં નથી કોઈ ગરીબ કે નથી કોઈ અમીર, સૌ તેનાં પ્યારાં બાળકો જ છે, એવો પરમાત્મા — ક્યાં છે? લોકો પોતાની

જિંદગીનો વિચાર કરે ત્યારે જાગ્રત બને છે, તેમનાં મનમાં વિચારો જાગે છે કે આપણે કશું નહિ કરીએ તો ગેરઈનસાફ આપણને ખતમ કરી નાખશે."

લોકોની જિંદગીમાં ફેલાયેલા ગેરઈનસાફ વિશે તેમની જોડે સીધી વાતચીત કરવાનું મન તેને ઘણી ઘણી વાર થઈ આવતું. ક્યારેક એવા તલસાટને દબાવવાનું મુશ્કેલ બની જતું.

નિકોલાઈ તેને પુસ્તક ઉપર નમીને ચિત્રો નીરખતી જોતો ત્યારે હસીને દુનિયાની કોઈ અજાયબી વિશે વાત કરતો. માનવીએ હાથમાં લીધેલાં કાર્યોમાં સમાયેલી હિંમત જોઈને તે અંજાઈ જતી.

"એમ બની શકે?" તે શંકાના ભાવે સવાલ કરતી.

નિકોલાઈ પોતાની આગાહીઓમાં અપાર ને અડગ નિષ્ઠાના ભાવે ચશ્માંની આરપાર તેની સામે જોતો તેને ભવિષ્યની વાતો કહેતો.

માનવીની આકાંક્ષાઓને કશી સીમાઓ નથી અને તેની શક્તિ અખૂટ છે. પરંતુ જગતમાં જ્ઞાનવિજ્ઞાનની સમૃદ્ધિ બહુ ધીરે ધીરે સંચિત થાય છે કારણ કે સ્વતંત્ર બનવાની ઇચ્છા ધરાવનાર દરેકને જ્ઞાનસંચયને બદલે ધનસંચય કરવો પડે છે. પરંતુ લોકો જ્યારે લોભ અને વેઠને નાબૂદ કરી નાખશે ત્યારે..."

તેના શબ્દોનો અર્થ માને જવલ્લે જ સમજાતો, પરંતુ એ શબ્દો પ્રેરનારી પ્રશાંત નિષ્ઠાને તે ધીરે ધીરે સમજવા લાગી.

"જગતમાં પૂરતા સ્વતંત્ર લોકો નથી, મુશ્કેલી એ જ છે!" તેણે કહ્યું.

એ વાત તેની સમજણમાં ઊતરી. લોભ અને દ્વેષથી મુક્ત થઈ ગયેલા માણસો તેણે જોયા હતા, અને તેને ખબર હતી કે એવા લોકોની સંખ્યા વધી જાય તો જિંદગી આટલી અંધારઘેરી અને ભયંકર ન રહે પરંતુ વધારે સાદી, તેજસ્વી, અને ઉમદા બની જાય.

"માનવીને પરાણે ક્રૂર બનવું પડે છે," નિકોલાઈ ગમગીન ભાવે બોલ્યો.

માને ખોખોલના શબ્દો યાદ આવી ગયા અને તેણે હકારમાં માથું હલાવ્યું.

૯

હંમેશાં એકદમ વખતસર ઘેર પાછો ફરતો નિકોલાઈ એક દિવસ મોડો આવ્યો.

"આપણો એક સાથી આજે જેલમાંથી ભાગી ગયો, નીલોવ્ના. કોણ હશે? મેં તપાસ કરી પણ ખબર ન પડી," તે કોટ કાઢ્યા વગર બેચેનીથી હથેલીઓ ઘસતો બોલ્યો.

માની કાયા થરથરી ઊઠી.

"કદાચ પાવેલ હોય?" તે ખુરશી પર બેસી ગઈ અને હોઠ ફફડાવતી બોલી.

"શક્ય છે," તેણે ખભા ઉચકાવતાં જવાબ આપ્યો, "પણ એને છુપાઈને રહેવામાં મદદ કેવી રીતે કરવી? એને ગોતવો કેવી રીતે? ક્યાંક ભટકાઈ જાય એવી આશાએ હું રસ્તાઓ ઉપર રખડતો રહ્યો. એ તો જાણે મૂર્ખાઈ જ હતી, પણ આપણે કંઈક તો કરવું જ જોઈએ. હું ફરી બહાર જાઉં છું..."

"હુંયે બહાર નીકળું?" મા બોલી ઊઠી.

"તમે યેગોરને ત્યાં જઈને તપાસ કરી આવો, કદાચ એને કંઈક ખબર હોય!" નિકોલાઇ ઉતાવળો બહાર નીકળતો બોલ્યો.

ખભે શાલ નાખતી મા આશાભર્યે હૈયે તેની પાછળ પાછળ બહાર નીકળી ગઈ. તેની નજર સામે જાણે લાલપીળાં વર્તુળો નાચવા લાગ્યાં અને તેનું હૈયું જોરથી ધબકવા લાગ્યું. તે જાણે લગભગ દોડતી હોય એટલી ઝડપથી ચાલવા લાગી. તે માથું નમાવીને આસપાસના કશા ભાન વગર એક શક્યતાની દિશામાં જઈ રહી હતી.

"ત્યાં કદાચ મળી જાય!" મનમાં સળવળતી આશા તેને આગળ ધકેલી રહી હતી.

બહાર ગરમી હતી. તે થાકીને હાંફવા લાગી. યેગોરના ફ્લેટના દાદરા પાસે પહોંચીને તે આગળ કદમ ન માંડી શકી. તે ઊભી રહી ગઈ, અને પાછળ ફરીને જોતાં તેના મોંમાંથી હળવી ચીસ નીકળી ગઈ અને તેણે આંખો મીચી દીધી. તેને લાગ્યું કે નિકોલાઇ વેસોવશ્ચિકોવ ખીસામાં હાથ ઘાલીને મકાનને દરવાજે ઊભો છે. પરંતુ તેણે ફરી વાર નજર નાખી તો કોઈ ન દેખાયું.

"ખોટો ભ્રમ થયો હશે," તે પગથિયાં ચડતી ચડતી કાન સરવા કરીને અવાજ સાંભળવાની કોશિશ કરતી વિચારવા લાગી. પાછળ આંગણમાંથી તેને હળવાં પગલાંનો અવાજ કાને પડયો. દાદરે પડતી બારીમાંથી તેણે નીચે નજર નાખી તો નિકોલાઇ વેસોવશ્ચિકોવનો ચાઠાંદાર ચહેરો તેની સામે હસી રહ્યો હતો.

"નિકોલાઇ! નિકોલાઇ! તે દોડતી પાછી નીચે ઊતરી ગઈ. તેના દિલમાં નિરાશાની પીડા થવા લાગી.

"તું પાછી ઉપર જા!" નિકોલાઇ હાથ હલાવતો ધીમા અવાજે બોલ્યો.

તે ઝડપથી પગથિયાં ચડતી યેગોરના ફ્લેટમાં પહોંચી ગઈ. યેગોર સોફા ઉપર લાંબો થઈને પડયો હતો.

"નિકોલાઇ... ભાગી ગયો... જેલમાંથી!" તે હાંફતી હાંફતી બોલી.

"કયો નિકોલાઇ?" યેગોર તકિયા ઉપરથી માથું ઊંચું કરતો ઘોઘરા અવાજે બોલ્યો. "નિકોલાઇ તો બે છે..."

"વેસોવશ્ચિકોવ... અહીંયાં આવી રહ્યો છે!"

"સારી વાત છે!" એ જ ઘડીએ નિકોલાઇ પોતે દાખલ થયો. બારણાની આંકડી ભરાવી દઈને ટોપી કાઢી નાખતો તે મોં મલકાવતો ને વાળ ઉપર હાથ ફેરવતો ઊભો રહ્યો. યેગોર કોણીઓને ટેકે ઊંચો થયો.

"સ્વાગત!" તે માથું હલાવતો બોલ્યો.

નિકોલાઈ મોં મલકાવતો માની પાસે ગયો અને તેનો હાથ પોતાના હાથમાં લેતો બોલ્યો:

"તને જોઈ ન હોત તો પાછા જેલ ભેગા થઈ જવાનું જ બહેતર હતું. શહેરમાં તો કોઈને ઓળખતો નથી, અને મજૂર વસતિમાં પાછો ગયો હોત તો તરત જ પકડાઈ જાત. હું રસ્તે ભટકતો ભટકતો વિચાર કરતો હતો કે જેલમાંથી ભાગી જવામાં ભૂલ કરી છે. અચાનક પેલાગેયા નીલોવ્ના નજરે પડી એટલે હું પાછળ પાછળ ચાલ્યો."

"પણ તું છટક્યો કેવી રીતે?" માએ પૂછ્યું.

તે બેચેનીથી સોફાની કોર પર બેસી ગયો અને ખભા ઉચકાવતો બોલ્યો:

"મોકો મળી ગયો. હું ચોગાનમાં ફરતો હતો એટલામાં ગુનેગાર કેદીઓ સંત્રીને ખોખરા કરવા મંડયા. એ સંત્રી પહેલાં લશ્કરી પોલીસ હતો, પણ ચોરી કરતાં પકડાઈ ગયેલો એટલે એને ત્યાંથી કાઢી મૂકવામાં આવેલો. જેલમાં સૌની ઉપર જાસૂસી કરે છે, જઈને અમલદારોને બાતમી પહોંચાડે છે, અને કોઈને ચેન લેવા નથી દેતો. એટલે કેદીઓ ખિજાઈને એને મેથીપાક ચખાડવા લાગ્યા. ખરી ધાંધલ જામી ગઈ, પહેરેગીરો સીટી વગાડતા દોડાદોડી કરવા લાગ્યા. મેં આસપાસ નજર ફેરવી તો જેલનો દરવાજો ખુલ્લો હતો, ચોક અને શહેર સામે જ નજરે પડતાં હતાં. ધીરે ધીરે ડગલાં ભરતો જાણે સપનામાં ચાલતો હોઉં એવી રીતે હું બહાર નીકળી ગયો, અને રસ્તે સારી પેઠે દૂર પહોંચી ગયો ત્યારે જ મને ભાન થયું કે હું જેલની બહાર છું. મને થયું—હવે ક્યાં જાઉં? પાછળ ફરીને નજર કરી તો જેલનો દરવાજો બંધ થઈ ગયો હતો..."

"હં... તો સજ્જન, તમારે પાછા જઈને, નમ્રતાથી સાંકળ ખખડાવીને, એ લોકોને વિનંતિ કરવી જોઈતી હતી કે તમને પાછા અંદર જવા દે. તમે કહી

શક્યા હોત કે 'માફ કરો, મારી જરાક ભૂલ થઈ ગઈ...'" યેગોર બોલ્યો.

"હા," નિકોલાઇ હસી પડ્યો. "બેવકૂફીની વાત છે, પણ કોણ જાણે કેમ મને લાગતું હતું કે કોઈને કશું જણાવ્યા વગર જ એમ જતા રહેવામાં હું સાથીઓ જોડે ઠીક વર્તન નથી કરી રહ્યો, પણ હું ચાલતો રહ્યો. રસ્તે મૈયત મળ્યું. લોકો કોઈ બાળકનું મડદું દફનાવવા જઈ રહ્યા હતા. હું એમાં ભળી ગયો, અને માથું નીચે નમાવીને કોઈની સામે જોયા વગર કફનપેટીની બાજુમાં ચાલવા લાગ્યો. પછી હું કબ્રસ્તાનમાં બેઠો બેઠો હવા ખાઈ રહ્યો હતો ત્યારે મારા મનમાં અચાનક ખ્યાલ આવ્યો..."

"એક જ?" યેગોરે પૂછ્યું, અને પછી નિસાસો નાખીને ઉમેર્યું: "ખ્યાલને માથામાં બહુ ભીડ જેવું તો નહિ લાગ્યું હોય..."

વેસોવશ્ચિકોવ ખુશમિજાજમાં હસીને માથું ધુણાવતો બોલ્યો:

"અરે હવે માથું અગાઉ જેવું સાવ ખાલી નથી! પણ યેગોર ઇવાનોવિચ, તારી તબિયત હજી ખરાબ જ લાગે છે..."

"દરેક પોતાની શક્તિ મુજબ કરે!" યેગોરે ઉધરસ ખાતાં ખાતાં જવાબ આપ્યો. "પછી?"

"મ્યુઝિયમમાં ઘૂસી ગયો અને અંદર ચીજો જોતો જોતો વિચારવા લાગ્યો—હવે ક્યાં જાઉં? મને મારી જાત ઉપર ખીજ ચડતી હતી. અને ભૂખ તો સખત લાગી હતી! મ્યુઝિયમમાંથી બહાર નીકળીને રસ્તે ભટકવા લાગ્યો. મારું મન સાવ ઢીલું પડી ગયું હતું. પોલીસો દરેક માણસને બારીક નજરે જોતા હતા. મને થયું કે મારું તો ડાચું જોઈને જ પકડી લેશે અને ન્યાયાધીશની સામે ખડો કરી દેશે. એટલામાં સામેથી પેલાગેયા નીલોવ્ના આવતી નજરે પડી. હું બાજુ પર ખસી ગયો અને તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો. બસ."

"મેં તને જોયો જ નહિ," મા અપરાધીની જેમ બોલી. બારીક નજરે જોતાં માને લાગ્યું કે વેસોવશ્ચિકોવ દૂબળો પડી ગયો છે.

"સાથીઓને ફિકર થશે," વેસોવશ્ચિકોવ માથું ખજવાળતો બોલ્યો.

"તને અમલદારો અંગે અફસોસ નથી થતો? ફિકર તો એમને પણ બહુ થતી હશે," યેગોરે કહ્યું. તે મોં ઉઘાડીને જાણે હવાને ચાવતો હોય એવી રીતે હોઠ હલાવવા લાગ્યો. "પણ ટોળટપ્પા હવે રહેવા દઈએ. તું છુપાઈને રહી શકે એવી જગ્યાની વ્યવસ્થા કરવી પડશે. એ કામ છે તો મઝાનું, પણ આસાન

નથી. મારામાં ઊભા થવાની તાકાત હોત ને તો..." તે જોરથી શ્વાસ લેતો હાથ છાતી ઉપર ફેરવવા લાગ્યો.

"તારી તબિયત તો બહુ જ ખરાબ લાગે છે, યેગોર ઈવાનોવિચ," નિકોલાઇ માથું ઢાળી દેતો બોલ્યો. માએ નિસાસો નાખ્યો અને ચિંતાભરી નજર આસપાસ ફેરવી. નાનકડો ઓરડો જાણે ભરાઈ ગયેલો લાગતો હતો.

"એની ફિકર મારે જ કરવાની છે," યેગોરે જવાબ આપ્યો. "માડી, તમે પાવેલના ખબર પૂછો અને આ બધી પંચાત પડતી મૂકો!"

"પાવેલ ઠીક છે. તબિયત સારી છે. ત્યાં જાણે અમારો મુખી છે. અમલદારો જોડે અમારા વતી વાતચીત એ જ કરે છે અને સામાન્ય રીતે આગેવાની સંભાળે છે. સૌને એના તરફ ખૂબ આદર છે..."

પેલાગેયાએ વેસોવશ્ચિકોવની વાત સાંભળતાં સાંભળતાં માથું હલાવ્યું અને યેગોરના સૂજી ગયેલા ભૂરાશ પડતા ચહેરા ઉપર ત્રાંસી નજર નાખી. યેગોરનું મોં જાણે અજબ સમતલ, ગતિહીન, અને ભાવશૂન્ય લાગતું હતું. પરંતુ તેની આંખો ચેતનમય અને આનંદી હતી.

"કંઈક ખાવાનું હોય તો આપો ને! એવી સખત ભૂખ લાગી છે કે બસ!" નિકોલાઇ અચાનક બોલી ઊઠયો.

"મા, કબાટમાં થોડીક રોટી પડી છે," યેગોરે કહ્યું. "અને બહાર જઈને ડાબી બાજુનું બીજું બારણું ખખડાવો એટલે એક બાઈ ખોલશે. એને કહેજો કે ઘરમાં હોય એટલું બધુંય ખાવાનું અહીંયાં લઈ આવે."

"બધુંય કેમ? શું કરવું છે?" નિકોલાઇ બોલ્યો.

"ફિકર કરતો નહિ, બહુ ઝાઝું નહિ હોય."

માએ બહાર જઈને બારણું ખખડાવ્યું. તે વાટ જોતી ઊભી ઊભી યેગોરના વિચાર કરવા લાગી.

"બહુ નહિ જીવે..."

"કોણ છે?" અંદરથી કોઈએ પૂછ્યું.

"યેગોર ઈવાનોવિચને ત્યાંથી આવી છું," માએ શાંત અવાજે જવાબ આપ્યો. "તમને બોલાવે છે."

"હમણાં આવું છું," બાઈએ બારણું ખોલ્યા વગર કહ્યું. માએ થોડી વાર થોભીને વળી બારણું ખખડાવ્યું. ચશ્માં પહેરેલી એક ઊંચી બાઈ તરત જ બારણું ખોલીને બહાર આવી અને બાંયોની કરચલીઓ ઉતાવળે સરખી કરતી માની સામે ઊભી રહી.

"શું કામ છે?" તેણે ગંભીર અવાજે પૂછયું.

"મને યેગોર ઈવાનોવિચે મોકલી છે."

"ચાલો. લાગે છે કે તમને ઓળખું છું!" બાઈ હળવા અવાજે બોલી. "કેમ છો? અહીંયાં તો સાવ અંધારું છે..."

તેની સામે જોતાં માને યાદ આવ્યું કે તે નિકોલાઇને ઘેર કેટલીય વાર આવી ગયેલી.

"બધાં આપણાં જ માણસો છે," માને થયું.

બાઈ પેલાગેયાની પાછળ પાછળ ચાલી.

"યેગોર ઈવાનોવિચની તબિયત બહુ ખરાબ છે?" તેણે પૂછયું.

"હા, સૂતા છે. તમને કંઈક ખાવાનું ભેગું લઈ આવવાનું કહેવડાવ્યું છે."

"એની જરૂર નથી..."

બેઉ યેગોરના ઓરડામાં દાખલ થયાં એટલે મુશ્કેલીથી શ્વાસ લેવાનો કર્કશ અવાજ સંભળાયો.

"હું મારા પૂર્વજો પાસે જઈ રહ્યો છું, દોસ્ત... આહ, લ્યુદમીલા વાસીલ્યેવ્ના! આ જુવાને અમલદારોની પરવાનગી વગર જેલમાંથી બહાર નીકળી જવાની ઉદ્ધતાઈ કરી છે. પહેલાં તો એને કંઈક ખાવાનું આપો, અને પછી એને ક્યાંક છુપાવી દો."

બાઈએ હકારમાં માથું હલાવ્યું અને બીમારના ચહેરા ઉપર નજર માંડીને કડક અવાજે કહ્યું.

"યેગોર, આ લોકો આવ્યા કે તરત જ મને બોલાવવી જોઈતી હતી. અને તમે બે વાર દવા નથી લીધી. શરમ આવવી જોઈએ. મારી ભેગા આવો, કોમરેડ. યેગોરને હોસ્પિટલમાં લઈ જવા હમણાં જ માણસો આવી પહોંચશે."

"તો મને ખરેખર હોસ્પિટલમાં દાખલ કરી દેવો છે, એમ ને?"

"હા. અને હું ત્યાં તમારા ભેગી જ રહીશ."

"ત્યાં પણ? હે પ્રભુ!"

"લવારો બંધ કરો..."

બાઈએ વાત કરતાં કરતાં ધાબળો ખેંચીને યેગોરને ગળા સુધી ઓઢાડી દીધો, નિકોલાઇને બારીક નજરે નીરખી લીધો, અને બાટલીઓ ઊંચી કરીને જોઈ લીધું કે દવા કેટલી બચી છે. તે એકધારા ધીમા અવાજે બોલતી હતી અને તેનું હલનચલન મોહક હતું. તેના મુખનો વાન ફિક્કો હતો અને તેનાં ઘેરાં ભવાં નાકની દાંડી પાસે જાણે લગભગ મળી જતાં હતાં. માને તેનો ચહેરો

ન ગમ્યો, વધારે પડતો ભારેખમ લાગ્યો. બાઈની આંખોમાં મલકાટ કે ઝળકાટ જરાય નહોતો દેખાતો, અને તે સત્તાવાહી અવાજે બોલતી હતી.

"અમે જઈએ છીએ, પણ હું થોડી વારમાં પાછી આવીશ. યેગોરને આ દવા મોટો ચમચો ભરીને આપજો, અને વાત કરવા દેશો નહિ."

તે નિકોલાઇને ભેગો લઈને બહાર ચાલી ગઈ.

"બહુ મઝાની બાઈ છે," યેગોર નિસાસો નાખીને બોલ્યો. "અજબ ઓરત છે! તમને એની ભેગાં ગોઠવી દેવાં જોઈએ, મા, બિચારી બહુ થાકી જાય છે.."

"વાત નથી કરવાની! લે, આ દવા પી લે..." મા નરમાશથી બોલી.

તેણે દવા પી લીધી. પછી એક આંખ મીચીને તે બોલ્યો:

"ચુપ રહું તોયે મરી તો જવાનો જ છું."

તે એક આંખે માને નીરખતો રહ્યો અને તેના હોઠ ઉપર ધીરે ધીરે મલકાટ છવાઈ ગયો. માએ માથું નમાવી દીધું. તેના દિલમાં હમદર્દીની લાગણીનો ઉછાળો આવતાં આંખમાં આંસુ આવી ગયાં.

"કંઈ વાંધો નહિ, મા, એ તો કુદરતી બાબત છે," તેણે કહ્યું. "મોતની અનિવાર્યતા જીવવાની મોજ ભેગી સદા જોડાયેલી જ હોય છે."

માએ તેના કપાળે હાથ મૂક્યો.

"તું કોઈ રીતે મૂંગો નહિ રહે?" તે હળવા અવાજે બોલી.

યેગોર જાણે છાતીમાં ચાલતો ખડખડાટ સાંભળતો હોય એવી રીતે તેણે આંખો મીચી દીધી.

"ચુપચાપ પડયા રહેવાનો તો કંઈ અર્થ જ નથી, મા," તેણે આડોડાઈ કરતાં કહ્યું. "એમાં શો ફાયદો? મરવાની પીડા થોડીક પળો વધારે ભોગવવી પડે, અને તમારા જેવાં મઝાનાં બાઈ જોડે વાતચીત કરવાની ખુશી પણ જતી કરવી પડે. મને ખાતરી છે કે મોત પછીની બીજી દુનિયામાં આ દુનિયા જેવાં મઝાના માણસો નહિ જ હોય..."

"તું વાત કરવાનું મૂકતો નથી અને પેલાં સરસ બાનુ પાછાં આવીને મને ખખડાવી નાખશે," મા બોલી. તેના અવાજમાં ચિંતાનો ભાવ હતો.

"એ સરસ બાનુ નથી. ક્રાંતિકારી છે, કોમરેડ છે, અને મઝાની બાઈ છે. ચોક્કસ તમને ખખડાવી નાખશે. એ તો સૌને ધમકાવે છે..."

યેગોર તેને પોતાની પાડોશણની વાત કહેવા લાગ્યો. તેને બોલવામાં તકલીફ

પડતી હતી. તેની આંખો ચમકારા મારી રહી હતી. મા સમજી ગઈ કે યેગોર તેની જોડે ટીખળ કરી રહ્યો છે.

"હવે બહુ નહિ જીવે," તેના ભીના બેરંગ ચહેરા સામે જોતાં માને થયું.

લ્યુદમીલા પાછી આવી. તેણે કાળજીથી બારણું બંધ કર્યું અને માની તરફ ફરીને કહ્યું.

"તમારા ઓળખીતા ભાઈને બને એટલા જલદી કપડાં બદલીને મારે ત્યાંથી નીકળી જવાનું છે. તમે જઈને એને માટે કપડાં લઈ આવો. અહીંયાં જ લાવજો. અફસોસની વાત છે કે સોફ્યા શહેરમાં નથી—આવા કામમાં એ ઉસ્તાદ છે, માણસોને છુપાવી દેવામાં."

"કાલે આવવાનાં છે," મા ખભે શાલ લપેટતી બોલી.

જ્યારે તેને કંઈ કામ સોંપવામાં આવતું ત્યારે જવાબદારી જલદી અને સરખી રીતે પૂરી કરવા તે તલપાપડ બની જતી અને બીજો કશો વિચાર જ ન કરી શકતી.

"તમારો શો ખ્યાલ છે? એને માટે કેવાં કપડાં લાવું?" તેણે ભવાં સંકોડતાં કામને લગતો સવાલ પૂછ્યો.

"ગમે તેવાં ચાલશે. એને રાતે જવાનું છે."

"રાતે તો વધારે મુશ્કેલ—રસ્તે માણસો ઓછા હોય અને પોલીસો વધારે ધ્યાન રાખતા હોય. વળી આ ભાઈ બહુ ચતુર તો નથી જ..." યેગોર ઘોઘરું હસ્યો.

"હું હોસ્પિટલમાં તને મળવા આવી શકું?" માએ પૂછ્યું.

તેણે માથું હલાવીને હા પાડી અને ઉધરસ ખાધી.

"હોસ્પિટલમાં તમે ને હું વારાફરતી એની પાસે રહીએ તો કેમ?" લ્યુદમીલાએ ઘેરી આંખો વડે માની સામે જોઈને પૂછ્યું. "તૈયાર છો? સરસ, પણ હવે બને એટલી ઝડપથી જાઓ..."

તે માનો હાથ હેતથી પણ ફરમાનના ભાવે પકડીને તેને બારણા સુધી લઈ ગઈ.

"તમને આવી રીતે રવાના કરી દઉં છું એથી માઠું ન લગાડશો," ઓરડાની બહાર તેણે માને કહ્યું. "પણ એને વાત જરાય નથી કરવા દેવાની... મને હજી આશા છે..."

તેણે પોતાના પંજા ભીડીને એટલા જોરથી દબાવ્યા કે હાડકામાં જાણે કકડાટી બોલી ગઈ. તેણે થાકના ભારથી આંખો મીચી દીધી.

તેના એકરારથી માને અકળામણ થઈ.

"અરે, તમે તે કેવી વાત કરો છો!..." મા ગણગણી.

"બાતમીદારોની બાબતમાં બરાબર ધ્યાન રાખજો," બાઈ ધીમે અવાજે બોલી અને તેણે હાથ ઊંચા કરીને લમણે ઘસ્યા. તેના હોઠ ફરક્યા અને તેના ચહેરા ઉપર કુમાશ છવાઈ ગઈ.

"મને ખબર છે," માએ જવાબ આપ્યો. તેના અવાજમાં પોતાની સાવધાનીના ગર્વનો આછો રણકાર હતો.

તે દરવાજામાંથી બહાર નીકળીને ઊભી રહી ગઈ અને શાલ સરખી કરતાં કરતાં તેણે ઝડપથી ચોતરફ નજર ફેરવી લીધી. રસ્તે ચાલતા માણસોમાંથી છૂપી પોલીસોને પારખી કાઢવામાં તે ભાગ્યે જ ભૂલ કરતી. તેમનો વધારે પડતી બેપરવાઈનો ડોળ, તેમના હલનચલનની અસ્વાભાવિક સ્વસ્થતા, તેમની કપટી આંખોની અપરાધી સાવચેત નજરને છુપાવી ન શકતા થાક અને કંટાળાના ભાવ—એ બધું તે બહુ સારી રીતે જાણતી હતી.

એવો કોઈ માણસ નજરે ન પડયો એટલે રસ્તે ઉતાવળાં ડગલાં ભરતાં તેણે એક ઘોડાગાડી રોકી અને પોતાને બજારમાં પહોંચાડી દેવાનો હુકમ આપ્યો. નિકોલાઇ સારુ કોટ પસંદ કરતી વેળા તે ભાવની રકઝક કરવા લાગી અને કલ્પિત ધણીને ગાળો ભાંડતાં ભાંડતાં તેણે રોદણાં રોયાં કે ભયંકર દારૂડિયા ધણી સારુ મારે છાશવારે નવાં કપડાં ખરીદવાં પડે છે. તેણે ઉપજાવી કાઢેલી વાતની કશી અસર વેપારીઓ ઉપર ન થઈ, પણ તેને પોતાને મનમાં બહુ ખુશી થઈ. ઘોડાગાડીમાં બેઠાં બેઠાં તેને ખ્યાલ આવેલો કે નિકોલાઇને નવાં કપડાંની જરૂર પડશે એટલું તો પોલીસ સમજી જ જાય અને બજારમાં બાતમીદારો મોકલ્યા વગર ન જ રહે. એવી જ પાકી સાવચેતી રાખીને તે પાછી યેગોરના ફ્લેટમાં પહોંચી ગઈ. અને પછી તેણે નિકોલાઇને શહેરના છેડા સુધી પહોંચાડયો. તેઓ રસ્તાની સામસામી બાજુએ ચાલતાં હતાં. નિકોલાઈને ચાલતો નીરખવામાં માને ખુશી થઈ અને રમૂજ પણ પડી. તે માથું નીચે ઢાળીને પગ ઘસડતો ચાલી રહ્યો હતો, તેના ઓવરકોટના લાંબા છેડા બે પગ વચ્ચે ભરાઈ જતા હતા, અને તેની હૅટ વારે વારે નાક ઉપર સરકી પડતી હતી. એક વેરાન ગલીમાં સાશા વાટ જોતી ઊભી હતી. માએ માથું હલાવીને વેસોવશ્ચિકોવને સંકેત કર્યો, અને પછી તે ઘર તરફ પાછી વળી ગઈ.

"પણ પાવેલ... અને આન્દ્રેઈ... હજુ જેલમાં જ છે," તેના મનમાં ગમગીન વિચારો ઊભરાયા.

ઘેર નિકોલાઇ ખૂબ જ બેચેન હાલતમાં હતો.

"યેગોરની તબિયત બહુ ખરાબ છે!" તેણે કહ્યું. "બહુ જ ખરાબ! હોસ્પિટલમાં દાખલ કરી દીધો છે. લ્યુદમીલા આવેલી, એણે તમને બોલાવ્યાં છે..."

"હોસ્પિટલમાં?"

નિકોલાઈએ બેચેનીથી ચશ્માંને આંગળી વડે ધકેલીને સરખાં ગોઠવ્યાં અને માને કોટ પહેરવામાં મદદ કરી.

"લો, આ પેકેટ ભેગું લઈ જાઓ," તે પોતાના હૂંફાળા સૂકા હાથમાં માની આંગળીઓ દબાવતો કંપતા અવાજે બોલ્યો. "વેસોવશ્ચિકોવને પહોંચાડી દીધો?"

"હા."

"હું પછી યેગોર પાસે જઈ આવીશ."

મા તદ્દન થાકી ગઈ હતી. અને નિકોલાઇની બેચેની જોઈને તેને અમંગળના ભણકારા સંભળાયા.

"છેલ્લી ઘડીઓ લાગે છે," તેના મનમાં ચિંતા ઘોળાવા લાગી.

પરંતુ હોસ્પિટલમાં પહોંચીને ઉજાસભર્યા સ્વચ્છ નાનકડા ઓરડામાં સફેદ તકિયાના ગંજને ટેકે બેઠેલા અને ઘોઘરા અવાજે હસતા યેગોરને જોઈને તેને મનમાં રાહત થઈ. તે બારણા પાસે ઊભી રહી ગઈ અને ડોકટરને ઉદ્દેશીને બોલતા યેગોરના શબ્દો સાંભળવા લાગી.

"ઉપચાર એટલે સુધારા..."

"ટોળટપ્પા બંધ, યેગોર!" ડોકટરે ચિંતાતુર અવાજે કહ્યું.

"અને હું તો ક્રાંતિકારી, મને સુધારાની નફરત..."

ડોકટર હળવેથી યેગોરનો હાથ પાછો ચાદર ઉપર મૂકીને ઊભો થઈ ગયો અને વિચારમાં ડૂબી જઈને દાઢીએ હાથ ફેરવતો દરદીના ફૂલી ગયેલા ચહેરાને તપાસવા લાગ્યો.

મા ડોકટરને ઓળખતી હતી—તે નિકોલાઈનો ગાઢ મિત્ર હતો અને તેનું નામ ઈવાન દાનીલોવિચ હતું. તે યેગોર પાસે ગઈ અને યેગોરે તેને જીભડો કાઢીને આવકારી. ડોકટરે પાછળ ફરીને જોયું.

"અરે, નીલોવ્ના! આવો! આ શું છે તમારા હાથમાં?"

"પુસ્તકો હશે," યેગોર બોલ્યો.

"વાંચવાની મનાઈ છે," ઠીંગણા ડોકટરે કહ્યું.

"મને ગધેડો બનાવી દેવા માગે છે!" દરદીએ ફરિયાદ કરી.

તે ટૂંકા શ્વાસ લેવા લાગ્યો અને તેની છાતીમાંથી બુડબુડ ને ઘુરઘુર અવાજ થવા લાગ્યા. તેના કપાળે પરસેવાનાં નાનાં નાનાં ટીપાં બાઝી ગયાં, અને હાથ ઊંચો કરીને પરસેવો લૂછવામાં તેને ભારે તકલીફ પડી. તેના ફૂલેલા ગાલની વિચિત્ર ગતિહીનતા તેના પહોળા માયાળુ ચહેરાને જાણે અચેતન મહોરામાં પલટાવી નાખતી હતી. પરંતુ સોજામાં ઊંડી ઊતરી ગયેલી તેની આંખોમાં સાફ રહેમદિલ મલકાટ ઝળકતો હતો.

"અરે વિજ્ઞાનખાં, હું થાકી ગયો છું! જરાક વાર લાંબો થઈ જાઉં?"

"ના, બિલકુલ નહિ," ડોકટરે કડક અવાજે કહ્યું.

"ભલે, પણ તું જાય કે તરત જ હું લાંબો થઈ જવાનો!"

"નીલોવ્ના, એમ કરવા દેશો નહિ! તકિયા સરખા કરી દો, અને વાત તો મુદ્દલ કરવા જ ન દેશો, એમાં બહુ જોખમ છે..."

માએ હકારમાં માથું હલાવ્યું. ડોકટર ઝડપથી નાનાં ડગલાં ભરતો બહાર ચાલ્યો ગયો. યેગોર માથું ઉછાળીને આંખો મીચી દેતો તદ્દન સ્થિર થઈ ગયો, માત્ર તેની આંગળીઓ ફરકી રહી હતી. નાનકડા ખંડની ઠંડી સફેદ દીવાલો મનમાં ગમગીની પેદા કરતી હતી. મોટી બારીની બહાર લિંબુડીઓની ઉપલી વાંકી ડાળીઓ દેખાતી હતી, તેનાં ધૂળ છવાયેલાં ઘેરાં પાંદડામાં પીળા ડાઘા નજરે પડતા હતા—શરદની ઠંડકની અસર થવા લાગી હતી.

"મોત મને ધીરે ધીરે અને અચકાતું અચકાતું પકડમાં લઈ રહ્યું છે," યેગોર આંખો ખોલ્યા વગર જ બોલ્યો. "તેને જાણે મારી દયા આવતી હોય એમ લાગે છે—મારો સ્વભાવ તો હંમેશાં ખૂબ મિલનસાર જ રહ્યો છે ને!"

"વાત ન કર, યેગોર ઈવાનોવિચ," મા કોમળતાથી તેનો હાથ પંપાળતી આજીજીભર્યા અવાજે બોલી.

"થોડા વખતમાં મારી વાત બંધ થઈ જ જવાની છે..."

ભારે તકલીફ સહેતો તે બોલતો રહ્યો—વચમાં શ્વાસ લેતો અને કેટલીય વાર સુધી થંભી જતો.

"તમે અમારી ભેગાં છો એ તો બહુ જ મઝાની વાત છે—તમારું મોં બહુ ગમે એવું છે. ક્યારેક મને થાય છે કે... તમારે કેવી કેવી વિપદાઓ

વેઠવી પડશે. મનમાં અફસોસ થાય છે કે બીજા સૌની જેમ... તમારે પણ જેલમાં જવું પડશે... બધું વેઠવું પડશે... તમને જેલની બીક લાગે છે?"

"ના," માએ સાદો જવાબ આપ્યો.

"બેશક ન જ લાગે. પણ તોયે... જેલ તો ભયંકર છે. મારા આવા હાલ જેલને લીધે જ થયા છે... ખરું કહું તો... મને મરવાનું જરાય મન નથી..."

મા કહેવા જતી હતી કે "કદાચ બચી જશે," પણ તેનો ચહેરો જોઈને ચુપ રહી ગઈ.

"હું હજી કામ કરી શકું એમ છું... કામ ન થઈ શકે તો જીવતા રહેવાનો કશો અર્થ નથી—એમાં કશું ડહાપણ નથી..."

માએ નિસાસો નાખ્યો. તેને આન્દ્રેઈની માનીતી વાત યાદ આવી ગઈ—"વાત ખરી, પણ મનને રાહત આપે એવી નહિ." આખા દિવસની દોડધામથી તે થાકી ગઈ હતી અને તેને ભૂખ લાગી હતી. બીમાર માણસનો એકધારો ગણગણાટ ખંડમાં ભરાઈ ગયો હતો અને જાણે લીસી દીવાલો ઉપર ચડવાની કમજોર કોશિશો કરતો હતો. બારીની બહાર દેખાતી લિંબુડીઓ જાણે નીચાં વાદળાં જેવી એકદમ ઘેરી અને ગમગીન લાગતી હતી. સંધ્યાના ઓસરતા ઉજાસની ગતિશૂન્યતામાં અને રાત્રિના આગમનના સૂનકારમાં બધી વસ્તુઓ જાણે વિચિત્ર રીતે સ્થિર થઈ ગયેલી લાગતી હતી.

"મનમાં બેહદ ખરાબ લાગે છે!" યેગોર બોલી ઊઠયો અને પછી આંખો મીચીને ચુપ થઈ ગયો.

"સૂઈ જા," માએ કહ્યું, "આરામ મળશે તો કદાચ ઠીક લાગશે."

તેના શ્વાસનો અવાજ સાંભળતી અને આસપાસ નજર ફેરવતી તે થોડીક વાર ગુપચુપ બેઠી રહી. તેનું દિલ વેદનાની કારમી પકડમાં જકડાઈ ગયું હતું. બેઠાં બેઠાં તેને ઝોલું આવી ગયું.

બારણે આછો સંચાર થતાં તે સફાળી જાગી ગઈ. યેગોરની આંખો ઉઘાડી હતી.

"મને ઝોલું આવી ગયું." મા ધીમા અવાજે બોલી, "માફ કરી દે!"

"માફી તો મારે માગવાની છે," તે એવા જ ધીમા અવાજે બોલ્યો.

ઘેરી બનતી સંધ્યાનાં અંધારાં બારીમાંથી અંદર ડોકાઈ રહ્યાં હતાં. ખંડમાં ઠંડક થઈ ગઈ હતી અને બધું જાણે અજબ ઝાંખું ઝાંખું લાગતું હતું. બીમાર આદમીના મોં પર કાળી છાયા પથરાયેલી જણાતી હતી.

કપડાંનો ફરફરાટ અને લ્યુદમીલાનો અવાજ માને કાને પડયો.

"અંધારામાં બેઠાં બેઠાં ગુસપુસ કરો છો ને? સ્વિચ ક્યાં છે?"

એકાએક ખંડમાં ઝળહળતો પ્રકાશ ફેલાઈ ગયો. લ્યુદમીલાની ઊંચી ટટ્ટાર કાળી આકૃતિ ખંડની વચ્ચોવચ નજરે પડતી હતી.

યેગોરની આખી કાયા કંપી ઊઠી. તેણે હાથ ઊંચો કરીને છાતીએ દબાવ્યો.

"શું થયું?" લ્યુદમીલા બોલી ઊઠી અને દોડતી તેની પાસે પહોંચી ગઈ.

યેગોરે અપલક નજર માની ઉપર ઠેરવી દીધી. તેની આંખો હવે મોટી લાગતી હતી અને તેમાં વિચિત્ર તેજસ્વિતા હતી.

તેણે મોં પહોળું કર્યું અને માથું ઊંચું કરીને હાથ લંબાવ્યો. માએ તેનો હાથ પોતાના હાથમાં લઈ લીધો અને તેના ચહેરા સામે જોયું. તેને શ્વાસ લેવાનીયે હિંમત નહોતી પડતી. યેગોરે જોરથી આંચકી ખાઈને માથું પાછળ ફંગોળી દીધું, અને તેના મોંમાંથી ચિત્કાર સરી પડયો:

"બસ! ખતમ!.."

તેની કાયામાં જરાક થડકારો થયો, તેની ગરદન ઢીલી પડી ગઈ અને માથું ખભા ઉપર ઢળી પડયું. ખાટલા પાસે ગોઠવેલી બત્તીના લાગણીશૂન્ય પ્રકાશનું ચેતનહીન પ્રતિબિંબ તેના ફાટેલા ડોળાઓમાં પડી રહ્યું હતું.

"બાળ મારો!" માના હોઠ ફફડયા.

લ્યુદમીલા ધીરે ધીરે ચાલતી બારી પાસે જઈને બહાર જોવા લાગી.

"ગયો! જતો રહ્યો!" તે અચાનક જ ચોંકાવી દે એવા મોટા અવાજે બોલી ઊઠી. તેણે નમી જઈને બારીની પાળ ઉપર કોણીઓ ગોઠવી, પણ પછી જાણે અચાનક માથામાં ફટકો લાગ્યો હોય એમ તે ગોઠણભેર ફસકી પડી અને બેઉ હાથ મોંએ રાખીને ઊંહકારા ભરવા લાગી.

માએ યેગોરના ભારે હાથ તેની છાતી ઉપર ગોઠવી દીધા અને તેનું માથું સીધું કરીને તકિયા ઉપર ગોઠવ્યું. પછી તે આંસુ લૂછતી લ્યુદમીલાની પાસે ગઈ અને નીચે નમીને તેના ભરચક વાળ ઉપર હળવે હળવે હાથ ફેરવવા લાગી. લ્યુદમીલા ધીરે ધીરે માથું ઊંચું કરીને સૂજી ગયેલી શૂન્ય આંખો વડે માની સામે જોતી ઊભી થઈ.

"અમે હદપારીમાં ભેગાં હતાં," તે ધીમા કંપતા અવાજે બોલી. "અમે ભેગાં જ ગયેલાં અને સજા પૂરી કરેલી... ક્યારેક હાલત ભયંકર બની જતી... સહેવાય જ નહિ એવી... કેટલાય માણસો હતાશ થઈ ગયેલા..."

તે અચાનક જોરથી સૂકાં ડૂસકાં ભરવા લાગી પણ મહેનત કરીને ડૂસકાં

ખાળતી પાછી શાંત થઈ ગઈ. તે માની નજીક સરકી. તેના મોં પર છવાઈ ગયેલી ગમગીન કોમળતાને કારણે તે નાની લાગતી હતી.

"પણ એના ખુશમિજાજનું ઝરણું અખૂટ હતું," તે આંસુ વગર ડૂસકાં ભરતી ધીમા ઘોઘરા અવાજે બોલી. "એ તો હંમેશાં હસીને અને ટોળટપ્પા કરીને પોતાની વેદના છુપાવી દેતો અને કમજોર દિલોમાં કૌવત રેડતો. એ હંમેશાં નેક ને ભલું વર્તન કરતો અને કાળજી રાખતો. ત્યાં સાઈબિરિયામાં કામ વગરની જિંદગી ઘણી વાર લોકોને ભ્રષ્ટ કરી નાખે છે અને અધમ વૃત્તિઓના શિકાર બનાવી દે છે. તેનો સામનો કરતાં એને બરાબર આવડતું. તમને તો ખ્યાલ જ નહિ આવે કે એ કેવો અજબ સાથી હતો! એના અંગત જીવનમાં પારાવાર દુ:ખ ભરેલું હતું, પણ એના હોઠેથી ફરિયાદનો એક શબ્દ પણ કદી નથી નીકળ્યો! કદી નહિ! અમારી વચ્ચે દિલોજાન દોસ્તી હતી. મારી ઉપર એની ભલાઈનું અહેસાન બહુ મોટું છે. એણે એની ઝળકતી બુદ્ધિપ્રભાનો લાભ મને બહુ આપ્યો, પણ તેના બદલામાં, પોતે થાકેલો ને એકલવાયો હોવા છતાં, હેત કે અંગત ધ્યાનની જરા સરખીયે નિશાનીની અપેક્ષા એણે કદી નહોતી રાખી..."

તે યેગોરની પાસે ગઈ અને નીચે નમીને તેણે તેના હાથ ઉપર ચૂમી લીધી.

"કોમરેડ, મારા પ્યારા અચ્છા કોમરેડ, તારું અહેસાન—મારા દિલના ઊંડાણમાંથી તારું અહેસાન માનું છું," તે શાંત વેદનાભર્યા અવાજે બોલી. "વિદાય! હું આખી જિંદગી તારી જેમ જ કામ કરતી રહીશ—અણથક, અડગ નિષ્ઠાથી. વિદાય!"

તેના ડૂસકાંથી તેની આખી કાયા કંપવા લાગી. તેણે ખાટલાના છેડા પાસે બેસીને માથું યેગોરના ચરણોમાં ઢાળી દીધું. માની આંખોમાંથી અબોલ રુદનની અણખૂટ ધારાઓ વહેવા લાગી. કોણ જાણે કેમ પણ તે રડવા નહોતી માગતી, તેના મનમાં લ્યુદમીલાને ઊંડો દિલાસો દેવાની ઉત્કંઠા હતી, પ્રેમ અને શોકનાં મઝાનાં વેણ બોલવાની ઝંખના હતી. તેણે સજળ આંખો વડે યેગોરના સંકોચાઈ ગયેલા ચહેરા ઉપર નજર નાખી. તેની આંખો જાણે ઝોલું આવી ગયું હોય એમ અરધી ઉઘાડી હતી, તેના નીલા હોઠ ઉપર સ્મિતની છાયા રમતી હતી. ખંડમાં તદ્દન નીરવતા છવાયેલી હતી અને પીડાકારી પ્રકાશ પથરાયેલો હતો.

ઈવાન દાનીલોવિચ ટૂંકાં વેગીલાં ડગલાં ભરતો અંદર આવ્યો પણ ખંડની વચ્ચોવચ એકાએક અટકી ગયો. તેણે બન્ને હાથ ખીસાંમાં ભરાવીને બેચેન મોટા અવાજે પૂછ્યું:

"કેટલી વાર થઈ?"

કોઈએ જવાબ ન આપ્યો. તે કપાળ લૂછતો જરાક લથડતા પગે યેગોરની પાસે ગયો અને તેનો હાથ એક પળ દબાવીને બાજુએ ખસી ગયો.

"અણધાર્યું નથી, એના દિલની જેવી હાલત હતી એ જોતાં તો છ મહિના પહેલાં — ઓછામાં ઓછા છ મહિના પહેલાં — મોત આંબી ગયું હોત..."

અચાનક તેનો તીણો, અણછાજતો જોરદાર, અને કૃત્રિમ રીતે શાંત અવાજ જાણે ભાંગી ગયો. તે દીવાલને અઢેલીને ઊભો રહ્યો અને ખાટલા પાસે ઊભેલી બાઈઓને નીરખવા લાગ્યો. તેની આંખો અવિરત પલકી રહી હતી અને તેની દાઢી જોરથી ફરકી રહી હતી.

"વધુ એક સાથી જતો રહ્યો!" તે ધીમેથી બોલ્યો.

લ્યુદમીલા ઊભી થઈ ગઈ અને બારી ઉઘાડવા ગઈ. થોડી વારમાં સૌ બારી પાસે એકબીજાને અડીને ઊભાં ઊભાં શરદની રાત્રિનું અંધારઘેરું વદન નીરખવા લાગ્યાં. અંધકારમાં કાળી લાગતી વૃક્ષોની ઊંચી ઊંચી ડાળીઓની ઉપર ટમટમતા તારલિયા વિશ્વના અનંત અવકાશને અધિક ગહન બનાવી રહ્યા હતા...

લ્યુદમીલાએ માનો હાથ પકડી લીધો, અને કશું બોલ્યા વગર માને ખભે માથું ઢાળી દીધું. ડોકટર માથું નમાવીને ઊભો ઊભો ચશ્માં લૂછવા લાગ્યો. નીરવતાને વીંધીને આવતા શહેરની રાતની જિંદગીના થાકેલા અવાજો કાને પડી રહ્યા હતા. શીતળ સમીરની લહેરો તેમના ચહેરાઓને સ્પર્શતી હતી અને વાળની લટોને ઉડાડતી હતી. લ્યુદમીલાની આંખમાંથી એક આંસુ ખરીને ગાલ ઉપર પડ્યું. તેની કાયા થરથરી ગઈ. બહાર પરસાળમાંથી દબાયેલા ગભરાયેલા અવાજો સંભળાતા હતા — ઊંહકારા, ગુસપુસ કરતા હોઠના ફફડાટ, ધીમે પડતાં પગલાં. પરંતુ ત્રણેય જણ બારીએ અબોલ ને નિશ્ચલ ઊભાં ઊભાં રાત્રિને નીરખતાં રહ્યાં.

મૃત સાથીના બે આત્મીય મિત્રોની વચ્ચે પોતાની મોજૂદગી નકામી લાગતાં મા હળવેથી પોતાનો હાથ છોડાવીને બારણે ગઈ અને ત્યાંથી તેણે યેગોરને મસ્તક નમાવ્યું.

"જાઓ છો?" ડોકટરે તેની તરફ ફર્યા વગર જ ધીમા અવાજે પૂછ્યું.

"હા..."

બહાર નીકળતાં જ તેના મનમાં લ્યુદમીલાના વિચારો ઊભરાયા, તેણે કેવી રીતે ડૂસકાં દબાવી દીધેલાં તે યાદ આવ્યું.

"બિચારી રડી પણ નથી શકતી..." તેને થયું.

યેગોરે મરતાં પહેલાં કહેલા શબ્દો યાદ આવતાં તેણે નિસાસો નાખ્યો. રસ્તે ધીરે ધીરે ચાલતી તે યેગોરની ચમકારા મારતી આંખો, તેની ખુશમિજાજી, અને તેની રમૂજી વાતો યાદ કરતી રહી.

"સજ્જન માણસ માટે જીવવું મુશ્કેલ પણ મરવું સહેલું હોય છે, કોને ખબર મારૂં મોત કેવું આવશે..." તેના મનમાં વિચારો આવ્યા.

તેના માનસપટમાં સફેદ ઝળહળતા ખંડની બારીએ ઊભેલાં લ્યુદમીલા તથા ડોકટર અને પાછળથી તેમને ચેતનશૂન્ય નજરે તાકી રહેલી યેગોરની નિર્જીવ આંખોનું દૃશ્ય તરવરી ઊઠ્યું. સહસા તેના દિલમાં માનવજાતિ પ્રત્યે અનુકંપા છલકાઈ ઊઠી અને તેણે ઊંડો નિસાસો નાખ્યો. પછી જાણે કોઈ અજ્ઞાત આવેગથી પ્રેરાતી હોય એમ તે વેગીલાં ડગલાં ભરતી ચાલવા લાગી.

"ચાલ જીવ, ઉતાવળ કર!" અંતરના ઊંડાણમાં સળવળતી કોઈ ગમગીન પણ ચેતનમય શક્તિના દબાણને વશ થતી તે મનમાં બોલી.

૧૧

બીજે દિવસે મા સવારથી સાંજ સુધી મૈયતની તૈયારીઓમાં ડૂબેલી રહી. સાંજે તે સોફ્યા અને નિકોલાઈની જોડે બેઠી હતી અને સૌ ચા પી રહ્યાં હતાં ત્યારે સાશા આવી પહોંચી. તે અજબ આનંદી અને વાતો કરવા આતુર જણાતી હતી. તેના ગાલ લાલ થઈ ગયેલા હતા, તેની આંખોમાં ખુશી ચમકારા મારી રહી હતી, અને તેના મનમાં જાણે કોઈ સુખદ આશા રમી રહી હોય એમ લાગતું હતું. તેઓ શાંત ગમગીન ભાવે યેગોરની વાત કરી રહ્યાં હતાં. તેમાં સાશાના ખુશમિજાજે જાણે તોછડાઈથી ખલેલ પાડી દીધી. સાશાનો મનોભાવ ગમગીન વાતાવરણને અનુરૂપ ન બની શક્યો, એ તો જાણે ગાઢ અંધકારમાં અચાનક ભડકી ઊઠેલી જવાળાઓ જેવો હતો. એથી સૌનાં મન કોચવાયાં.

નિકોલાઈ વિચારમાં પડી જઈને ટેબલ ઉપર આંગળીઓ ઠપકારવા લાગ્યો.

"સાશા, આજે તમે રોજથી સાવ નિરાળાં લાગો છો," તેણે કહ્યું.

"લાગું છું ને? કદાચ એમ જ છે," સાશા ખુશાલ ભાવે જરાક હસીને બોલી.

માએ અબોલ ઠપકાની નજરે તેની સામે જોયું.

"અમે યેગોર ઈવાનોવિચની વાત કરી રહ્યાં હતાં," સોફ્યા જાણે યાદ અપાવતી હોય એમ બોલી.

"કેવો અદ્‌ભુત ઇન્સાન!" સાશા બોલી ઊઠી. "મેં એનો ચહેરો મલકાટ વગર કદી નથી જોયો, અને એની મજાક તો હંમેશાં ચાલતી જ હોય. અને કામ પણ કેવું કરતો! એ તો ક્રાંતિનો કલાકાર હતો, ક્રાંતિકારી ચિંતનનો ઉસ્તાદ હતો. જુલમ ને જૂઠાણાં ને ગેરઇનસાફનાં ચિત્રો એ હંમેશાં કેવા જોમથી અને કેટલી આસાનીથી આલેખતો!"

તેનો અવાજ સ્વસ્થ હતો અને તેના હોઠ ઉપર ચિંતનમય મલકાટ છવાયેલો હતો. પરંતુ એ મલકાટ અત્યાનંદની જ્વાળાને બુઝાવી ન શક્યો. સૌને આનંદનો અતિરેક દેખાતો હતો પણ તેનો પાર કોઈ નહોતું પામી શકતું.

તેઓ પોતાની ગમગીનીનું સ્થાન સાશાના ખુશમિજાજને આપી દેવા તૈયાર નહોતાં, એટલે તેમણે સાશાના મનમાં પણ પોતાના જેવી જ ગમગીની રેડી દેવાનો પ્રયાસ કરીને વેદના ભોગવવાના પોતાના અધિકારની જાણ્યે અજાણ્યે હિમાયત કરી.

"અને હવે એ મૃત્યુ પામ્યો છે," સોફ્યા એકધ્યાને સાશાને નીરખતી બોલી.

સાશાએ વેગીલી નજર સૌની ઉપર ફેરવી. તેની નજરમાં સવાલ હતો. તેનાં ભવાં સંકોડાઈ ગયાં. તે માથું નમાવી દેતી ચુપ થઈ ગઈ અને ધીરે ધીરે વાળમાં પિન ભરાવવા લાગી. થોડી વારની બેચેન ચુપકી પછી તેણે અચાનક ફરી નજર ઊંચી કરી.

"એ મૃત્યુ પામ્યો છે! 'મૃત્યુ'—એટલે શું? શું વિલય પામ્યું છે? યેગોર પ્રત્યેનો મારો આદર વિલય પામ્યો છે? મારો એના પ્રત્યેનો સાથી તરીકેનો પ્રેમ વિલય પામ્યો છે? કે પછી એના વિચારોની મારી સમજણ વિલય પામી છે? એણે મારા દિલમાં જગાવેલી લાગણીઓ શું અદૃશ્ય થઈ ગઈ છે? કે એની ઈમાનદારી અને હિંમત અંગેની મારી વાકેફગારી અદૃશ્ય થઈ ગઈ છે? એ બધું શું મરી પરવાર્યું છે? મારી નજરમાં તો એ કદી મરે જ નહિ. મને તો લાગે છે કે આપણે માણસ અંગે 'એ મૃત્યુ પામ્યો છે' એમ કહી દેવામાં વધારે પડતી ઉતાવળ કરીએ છીએ. 'તેના હોઠનું ચેતન હરાઈ ગયું છે પરંતુ તેના બોલ સજીવ ઇન્સાનોનાં દિલોમાં સદા જીવંત રહેશે!'"

ઉત્તેજિત અવસ્થામાં તે ટેબલ પર કોણીઓ ટેકવીને બેસી ગઈ, અને ઝળઝળિયાં ભરેલી આંખો વડે સાથીઓની સામે જોતી વધારે સ્વસ્થ તથા વિચારમય અવાજે ફરી બોલવા લાગી:

"મારી વાત કદાચ મૂર્ખાઈભરી લાગે, સાથીઓ, પણ હું તો ઈમાનદાર

ઈન્સાનોની અમરતામાં માનું છું, આ અદ્ભુત જીવન જીવવાનો આહ્લાદ મને બક્ષનારાઓની અમરતામાં માનું છું. આ જીવનની વિસ્મયકારક જટિલતા, તેની પરિઘટનાઓની વિપુલતા, અને વિચારોનો વિકાસ મને રોમાંચિત કરી દે છે. એ વિચારો મને મારા દિલ જેટલા જ પ્યારા છે. કદાચ આપણે ઊર્મિઓની બાબતમાં વધારે પડતા કૃપણ છીએ. આપણે આપણા વિચારોની દુનિયામાં જ ગોંધાયેલા રહીએ છીએ, અને એથી વ્યક્તિત્વ રૂંધાય છે. આપણે લાગણી નથી અનુભવતા, મૂલ્યાંકન કરીએ છીએ..."

"કોઈ ખુશીની વાત બની ગઈ છે કે શું?" સોફ્યાએ હસીને પૂછ્યું.

"હા," સાશા બોલી, "મને લાગે છે કે બહુ જ ખુશીની વાત. હું આખી રાત વેસોવશ્ચિકોવની જોડે વાતો કરતી રહી. મને એ ક્યારેય નહોતો ગમતો—અણઘડ ને બોઘો લાગતો—અને અગાઉ ખરેખર એવો હતો જ. એ હંમેશાં જડ જેવો અને સૌની ઉપર ભયંકર ચિડાયેલો રહેતો. એ દરેક બાબતમાં ભારે શિલાની જેમ વચ્ચોવચ જડાઈ જતો અને ઝેરીલા ભાવે તોછડાઈથી ક્હેતો રહેતો: હું! હું! હું! એનામાં ભયંકર સંકુચિત મનોદશા જેવું કશુંક હતું..."

તેણે હસીને સૌની સામે જોયું. તેની આંખોમાં ચળકાટ જણાતો હતો.

"પણ હવે તો એ કહે છે—'સાથીઓ!' અને કેવી રીતે કહે છે એ સાંભળવું જોઈએ! અવાજમાં એક જાતની એવી શરમાળ કોમળતા હોય છે કે જેનું શબ્દોમાં વર્ણન શક્ય નથી. હવે એનામાં સાદાઈ અને ખરા દિલની નિષ્ઠા આવી ગઈ છે અને એને કામ કરવાની તાલાવેલી છે. એણે પોતાના મનને બરાબર ઓળખી લીધું છે, પોતાના ગુણો અને ખામીઓને પારખી લીધાં છે. પરંતુ સૌથી મહત્ત્વની વાત તો એ છે કે એના દિલમાં સાથીદારીની અસલ ભાવના હવે જાગી છે..."

સાશાની વાત સાંભળતી માને ખુશી થઈ કે સાશા જેવી ગંભીર વ્યક્તિ પણ મૃદુ અને આનંદી બની શકે છે. પરંતુ સાથે સાથે તેના અંતરના ઊંડાણમાં ક્યાંક ઈર્ષ્યાની લાગણી સળવળતી અને સવાલ કરતી રહી:

"અને પાવેલનું શું?.."

"એ તો કેવળ સાથીઓના જ વિચારો કરતો રહે છે," સાશા આગળ બોલી. "અને જાણો છો એણે મને શું સમજાવવાની કોશિશ કરી? કે આપણે સાથીઓને જેલમાંથી ભાગી જવામાં મદદ કરવી જોઈએ. એણે કહ્યું કે એ કામ સાવ સાદી ને સહેલી રીતે થઈ શકે એમ છે..."

સોફ્યાએ માથું ઊંચું કરીને ઉત્સાહથી કહ્યું:

"ખ્યાલ તો મઝાનો છે, સાશા! તમને કેમ લાગે છે?"

માના હાથમાં ચાનો કપ ધ્રૂજી ગયો. સાશાએ ભવાં સંકોડીને મનની ઉત્તેજના છુપાવવાની કોશિશ કરી.

"એની વાત ખરી હોય તો આપણે પ્રયત્ન જરૂર કરવો જ જોઈએ — એ તો આપણી ફરજ છે!" તે જરાક થંભીને બોલી. તેના મોં પર ખુશીના ભાવ છવાયેલા હતા અને હોઠ મલકી રહ્યા હતા.

એકાએક તેના ગાલ શરમથી રાતા થઈ ગયા અને તે ચુપ થઈને બેસી ગઈ.

"વહાલુડી! મીઠડી!" માને થયું, અને તેના મોં પર સ્મિત ખીલી ઊઠ્યું. સોફ્યાના હોઠ પણ મલકી ગયા, અને નિકોલાઇ સાશાને નીરખતો જરાક હસ્યો. બાળાએ માથું ઊંચું કરીને કડક નજર સૌની ઉપર ફેરવી. તેનું મોં ફિક્કું પડી ગયું હતું, તેની આંખો ઝબકી રહી હતી, અને તેનો અવાજ સૂકો તથા કચવાયેલો હતો.

"હું સમજું છું કે તમે કેમ હસી રહ્યાં છો," તે બોલી. "તમને એમ છે કે હું કોઈ અંગત કારણસર આ કામ કરવા માગું છું."

"શું કારણ છે, સાશા?" સોફ્યા ઊભી થઈ ગઈ અને સાશાની પાસે જતાં તેણે તીખા અવાજે સવાલ કર્યો. મા સમજી ગઈ કે સાશાને માઠું લાગ્યું છે, સોફ્યાએ આવો સવાલ નહોતો કરવો જોઈતો. તેણે નિસાસો નાખ્યો અને ઠપકાભરી નજરે સોફ્યાની સામે જોયું.

"હું આ કામની જોડે કશો સંબંધ રાખવાનો ઇનકાર કરું છું," સાશા બોલી ઊઠી. "તમે આમ ધારતાં હો તો હું એમાં મુદ્દલ ભાગ નહિ લઉં..."

"ધીરાં પડો, સાશા," નિકોલાઇ શાંત અવાજે બોલ્યો.

મા તેની પાસે જઈને તેના માથા ઉપર હાથ ફેરવવા લાગી. બાળાએ તેનો હાથ પકડી લીધો અને પોતાનું લાલચોળ મોં ઊંચું કર્યું. મા જરાક હસી અને પછી તેણે નિસાસો નાખ્યો, મનના ભાવ બતાવવા તેને શબ્દો જ ન સૂઝ્યા. સોફ્યા સાશાની પાસે બેસી ગઈ અને તેના ખભા ફરતે હાથ વીંટાળતી બોલી:

"તમેય કેવાં રમૂજી છો!" તેની મલકતી આંખોમાં ટીખળ રમી રહ્યું હતું.

"હા, મેં સાવ મૂરખ જેવી વાત કરી..."

"એવો ખ્યાલ પણ તમને કેવી રીતે આવ્યો?" સોફ્યા બોલી. પણ નિકોલાઈએ વચમાં પડીને મુદ્દાસર વાત કરી.

"સાથીઓ માટે જેલમાંથી છટકી જવાનું શક્ય હોય તો આપણે એવી વ્યવસ્થા કરવી જ જોઈએ," તેણે કહ્યું. "પણ તે પહેલાં આપણે તપાસ કરી લેવી જોઈએ કે આપણા જેલવાસી સાથીઓ એને માટે તૈયાર છે કે નહિ."

સાશાએ માથું નીચે ઢાળી દીધું.

સોફ્યાએ સિગારેટ સળગાવી અને ભાઈની સામે જોતાં દીવાસળી ખૂણામાં ફેંકી.

"એમને તો ચોક્કસ વાંધો ન જ હોય," મા નિસાસો નાખતી બોલી, "પણ મારાથી તો મનાતું જ નથી કે એ શક્ય છે..."

માના મનમાં ઊંડી અપેક્ષા હતી કે એવું કામ શક્ય હોવાની ખાતરી સૌ તેને આપે, પરંતુ કોઈ એવો એક શબ્દ પણ ન બોલ્યું...

"મારે વેસોવશ્ચિકોવને મળવું પડશે," સોફ્યા બોલી.

"હું કાલે તમને જણાવીશ—ક્યાં ને ક્યારે," સાશાએ કહ્યું.

"શું કરવાનો છે?" સોફ્યાએ ખંડમાં આંટા મારતાં મારતાં પૂછ્યું.

"નવા છાપખાનામાં બીબાં ગોઠવવાનું કામ કરશે, અને ત્યાં સુધી આપણા વનપાલ સાથી ભેગો રહેશે."

સાશા વળી પાછી હંમેશ જેવી ગંભીર બની ગઈ હતી, તેનાં ભવાં સંકોચાઈ ગયાં હતાં, અને અવાજમાં અતડાપણું આવી ગયું હતું.

"કાલે પાવેલને મળવા જાઓ ત્યારે એક ચિઠ્ઠી પહોંચાડી દેજો," નિકોલાઈ મા પાસે જઈને બોલ્યો. તે કપરકાબી ધોઈ રહી હતી. "અમારે એમનો સૌનો ખ્યાલ જાણી જ લેવો જોઈએ, સમજ્યાં ને?"

"હા, સમજી," માએ ઝટ ખાતરી આપી. "ચિઠ્ઠી ચોક્કસ પહોંચાડી દઈશ..."

"હું જાઉં છું," સાશા બોલી. ચુપચાપ દરેકની જોડે જલદી જલદી હાથ મિલાવીને તે રવાના થઈ ગઈ. તેની કાયા ટટ્ટાર થઈ ગઈ હતી અને તે એકદમ મક્કમ ડગલાં ભરતી ચાલતી હતી.

તે ચાલી ગઈ એટલે સોફ્યાએ માને બેઉ ખભે હાથ મૂકીને તેને ખુરશીમાં હલબલાવી નાખી.

"નીલોવ્ના, આવી બેટી તમને વહાલી લાગે?" તેણે પૂછ્યું.

"બેઉને ફક્ત એક જ દિવસ ભેગાં જોઈ લઉં ને તો બસ, નિરાંત થાય," મા રડું રડું થઈ જતી બોલી.

"હા. માણસને ક્યારેક થોડુંક સુખ મળે તો ખોટું નહિ," નિકોલાઈ

ધીમા અવાજે બોલ્યો. "પણ થોડાક સુખથી કોઈને સંતોષ નથી થતો, અને બહુ મળી જાય તો પછી એની કશી કિંમત નથી રહેતી..."

સોફ્યા પિયાનો પાસે બેસીને ગમગીન રાગણી બજાવવા લાગી.

૧૨

બીજે દિવસે કેટલાંય માણસો હોસ્પિટલને દરવાજે ભેગાં થઈ ગયાં અને પોતાના સાથીનું મૈયત નીકળવાની વાટ જોવા લાગ્યાં. તેમની જોડે બાતમીદારો પણ ભળી ગયા હતા અને સૌની વાતચીત સાંભળતા મનમાં ચહેરા, રીતભાત, અને શબ્દો યાદ રાખી રહ્યા હતા. રસ્તાની સામી બાજુએ હથિયારબંધ પોલીસોનું એક જૂથ ખડું હતું બાતમીદારોની ઉદ્ધતાઈ અને પોલીસોના વ્યંગભર્યા મલકાટથી ટોળામાં ઉત્તેજના ફેલાઈ ગઈ હતી અને તે ગમે તે ઘડીએ પોતાની તાકાત બતાવી દેવા જાણે તત્પર થઈ ગયું હતું. કેટલાક લોકો મજાક મશ્કરી કરીને પોતાની ખીજ છુપાવવાની કોશિશ કરી રહ્યા હતા, કેટલાક જાણે અપમાનોને ધ્યાનમાં જ ન લેવા માગતા હોય એમ ગમગીન નજર જમીન ઉપર ઠેરવીને ઊભા હતા, અને કેટલાક પોતાની લાગણીઓને દબાવી ન શકવાથી સત્તાધારીઓની આકરી ટીકા કરી રહ્યા હતા અને એકમાત્ર બોલાતાં વેણનું જ હથિયાર ધરાવનારાં માણસોથી ડરતી સરકારની ઠેકડી ઉડાડી રહ્યા હતા. શરદના આછા નીલા આકાશમાંથી પ્રકાશનાં તેજસ્વી કિરણો રસ્તાની ફરસબંધી ઉપર પથરાઈ રહ્યાં હતાં. રસ્તા ઉપર પડેલાં ઢગલાબંધ પીળાં પાંદડાં પવનમાં ઊડતાં લોકોના પગમાં ભરાઈ જતાં હતાં.

મા ટોળાની વચમાં ઊભી હતી અને પરિચિત ચહેરાઓની ઉપર નજર ફેરવતી ગમગીન ભાવે વિચારી રહી હતી:

"બહુ ઝાઝા નથી, નથી જ, અને કામદારો તો લગભગ છે જ નહિ..."

દરવાજો ખૂલ્યો અને થોડાક માણસો કફનપેટીનું ઢાંકણું ઊંચકીને બહાર આવ્યા. તેની ઉપર ફૂલના ગજરા ને માળાઓ લાલ રિબન વડે બાંધેલાં હતાં. વાટ જોઈને ઊભેલા માણસોએ એકદમ ટોપીઓ માથેથી ઉતારી લીધી, જાણે કેમ કાળા પંખીઓનું ટોળું અચાનક ઊડી ગયું હોય. ભરાવદાર કાળી મૂછો અને રાતા ચહેરાવાળો એક ઊંચો પોલીસ અફસર ઝડપથી કદમ માંડતો ટોળામાં ઘૂસ્યો, અને તેની પાછળ પાછળ સિપાહીઓ તોછડાઈથી લોકોને બાજુ પર ધકેલતા અને ભારે બૂટ જોરથી જમીન પર પછાડતા અંદર ઘૂસવા લાગ્યા.

"રિબનો કાઢી નાખો!" અફસરે ઘોઘરા અવાજે હુકમ કર્યો.

લોકો તેમને ઘેરીને દબાતા ઊભા ઊભા આવેશમાં વાતો કરી રહ્યા હતા, હાથ હલાવી રહ્યા હતા, અને ધક્કાધક્કી કરી રહ્યા હતા. માની નજર સામે ધ્રૂજતા હોઠવાળા ફિક્કા ઉત્તેજિત ચહેરાઓ ઝબકી જવા લાગ્યા. એક બાઈના ગાલ ઉપર આંસુની ધારાઓ વહી રહી હતી.

"જુલમ મુર્દાબાદ!" કોઈ જુવાનનો અવાજ રણકી ઊઠયો અને તરત જ દલીલોના ઘોંઘાટમાં ડૂબી ગયો.

માના દિલમાં જાણે ડંખ લાગી ગયો. બાજુમાં ઊભેલા કંગાલ લેબાસવાળા જુવાન તરફ ફરીને તે ખીજભર્યા અવાજે બોલી:

"આ લોકો તો મરજી મુજબનું મૈયત પણ નથી કાઢવા દેતા! શરમની વાત છે!"

ટોળામાં ખારીલો ઉશ્કેરાટ વધી ગયો. લોકોનાં માથાંની ઉપર કફનપેટીનું ઢાંકણ ડોલંડોલા થઈ રહ્યું હતું. પવનમાં ઊડતી રિબનો માણસોનાં માથાંમાં ને ચહેરાઓમાં ભરાઈ જતી હતી. રેશમના ફરફરાટનો બેચેન શુષ્ક અવાજ કાને પડતો હતો.

માને ઝપાઝપી થઈ જવાની બીક લાગી. તે ઘડીએ ઘડીએ ડાબે જમણે ફરતી કહેવા લાગી:

"દોજખમાં જાય! ભલે લઈ લેતા રિબન! આપણે સહી લેવું, બીજું શું!"

કોઈનો જોરદાર કડક અવાજ ઘોંઘાટને ચીરતો રણકી ઊઠયો:

"અમારા સાથીને, તમે રિબાવી રિબાવીને મારી નાખેલા અમારા સાથીને, એના અંતિમ સ્થાને પહોંચાડવાનો અમને પૂરો અધિકાર છે..."

કોઈ તીણા ઊંચા અવાજે ગાવા લાગ્યું:

"થઈ ગયા શહીદ, ઉમદા બલિદાન..."

"રિબન કાઢી નાખો! યાકોવ્લેવ, રિબન કાપી નાખ!"

તલવાર વીંઝાવાનો ઝબકારો થયો. ધાંધલ મચી જવાના અંદેશાથી માએ આંખો મીચી દીધી. પરંતુ લોકો તો માત્ર બડબડતા અને ખિજાયેલાં વરુઓની જેમ ઘુરકાટ કરતા રહ્યા. સૌ માથાં નમાવીને મૂંગે મોંએ આગળ ચાલવા લાગ્યા. તેમનાં પગલાંનો અવાજ હવામાં ભરાઈ ગયો.

રિબનો કપાઈ ગઈ હતી અને ફૂલો ચૂંથાઈ ગયાં હતાં. કફનપેટીનું ઢાંકણ લોકોનાં માથાંની ઉપર જાણે હવામાં તરી રહ્યું હતું. તેની બાજુમાં ઘોડેસવાર પોલીસો હતા. મા ફૂટપાથ ઉપર ચાલી રહી હતી. તેને કફનપેટી દેખાતી નહોતી.

તેને ઘેરીને ચાલતા લોકોનું ટોળું ખબર જ ન પડે એવી રીતે ખૂબ વધી ગયું હતું. અને આખો રસ્તો માણસોથી ભરાઈ ગયો હતો. સરઘસને છેડે ઘોડેસવાર પોલીસોની રાખોડી આકૃતિઓ નજરે પડતી હતી, અને બન્ને બાજુએ પોલીસો તલવારની મૂઠો પર હાથ રાખીને ચાલી રહ્યા હતા. દરેક ઠેકાણે માને છૂપી પોલીસના માણસોની ચકોર આંખો નજરે પડતી હતી. તેઓ બારીક નજરે લોકોના ચહેરા નીરખી રહ્યા હતા.

"વિદાય, સાથી, વિદાય!.." બે ગમગીન કંઠ સૂર રેલાવી રહ્યા હતા.

"ગીતની જરૂર નથી!" કોઈનો ઘાંટો સંભળાયો. "અબોલ કૂચ કરો, સજ્જનો!"

એ અવાજમાં કશુંક આંજી નાખે એવું હતું. શોકમય ગીત અટકી ગયું અને વાતચીત બંધ થઈ ગઈ. કેવળ ફરસબંધી ઉપર એકધારાં પડતાં કદમોનો જ અવાજ સંભળાવા લાગ્યો. કૂચનો એ અવાજ લોકોનાં મસ્તકોથી ઊંચે ઊડીને પારદર્શક ગગનમાં પહોંચી જતો હતો અને સુદૂર કોઈ તોફાનની પહેલી ગાજવીજની જેમ હવાને ખળભળાવી દેતો હતો. જોર પકડતા ટાઢા પવનના ઝપાટાઓમાં શહેરના રસ્તાઓની ધૂળ ને કચરાપટ્ટી લોકોની સામે ઝીંકાતી હતી, વાળ ને કપડાંમાં ઘૂસી જતી હતી, આંખોમાં ભરાઈને તેઓને આંધળા બનાવી દેતી હતી, છાતીએ ટકરાતી હતી, અને પગ ફરતી ઘૂમરીઓ ખાતી હતી.

પાદરીઓ વગરની તથા અંતરને વલોવી નાખતા શોકગાન વગરની એ મૌન શવયાત્રા અને વિચારમય ચહેરાઓ તથા ખેંચાયેલાં ભવાં જોઈને માનું મન ભયભીત બની ગયું. મનમાં ધીમે ધીમે ઘોળાતા વિચારોને તેણે ગમગીન શબ્દોમાં મઢી લેવાની કોશિશ કરી:

"સચ્ચાઈની હિમાયત કરવા ખડા થઈ ગયેલા તમે બહુ ઝાઝા નથી..."

તે માથું નમાવીને ચાલી રહી હતી. તેને લાગતું હતું કે આ સૌ લોકો યેગોરને નહિ પણ બીજા કશાકને—પોતાને ખૂબ જ પ્યારા અને આવશ્યક કશાકને—દફનાવવા જઈ રહ્યા છે. તેને મનમાં એકલતા અને બેચેની લાગી. યેગોરને દફનાવવા જઈ રહેલા એ બધા લોકોની સાથે મતભેદની સળવળતી બિહામણી લાગણીએ જાણે તેના દિલ ઉપર પકડ જમાવી દીધી.

યેગોરને પરમાત્મામાં આસ્થા નહોતી," તેના મનમાં વિચાર ઊઠયો, "અને આ બધા લોકોમાંથી પણ કોઈને નથી."

તે એવા વિચારને વધારે લંબાવવા નહોતી માગતી. તેણે નિસાસો નાખીને પોતાના આત્માને મોટા ભારથી મુક્ત કરવાની કોશિશ કરી.

"હે પરમાત્મા! હે ઈસુ ખ્રિસ્ત! મારીયે આવી દશા તો નહિ થઈ જાય ને..."

સૌ કબ્રસ્તાનમાં પહોંચ્યાં અને થોડી વાર કબરો વચ્ચેની વાંકીચૂકી કેડીઓ પર ચાલતાં રહ્યાં. આખરે ખાલી જગ્યા આવી. તેમાં ક્યાંક ક્યાંક નાનકડા સફેદ ક્રોસ ખોડેલા હતા અને એક જગ્યાએ કબર ખોદી રાખેલી હતી. લોકો ખુલ્લી કબર ફરતા ટોળે વળીને ઊભા રહ્યા. કબરોની વચ્ચે સજીવ ઈન્સાનોની તંગ નીરવતા જાણે કશાક ભયંકરની આગાહી કરતી હતી, અને એથી માના હૈયાના ધબકારા જાણે થંભી ગયા. ખોડેલા ક્રોસ વચ્ચેથી ફૂંકાતો પવન સુસવાટા કરી રહ્યો હતો અને કફનપેટીના ઢાંકણ ઉપર ચૂંથાઈ ગયેલાં ફૂલોને વેરવિખેર કરી રહ્યો હતો.

પોલીસો પોતાના સરદારની ઉપર નજર ઠેરવીને તૈયાર ખડા રહી ગયા. એક ઊંચો જુવાન ટોળામાંથી જુદો તરીને કબર પાસે ઊભો રહ્યો. તેનું માથું ઉઘાડું હતું. તેનો ચહેરો ફિક્કો હતો અને ભવાં કાળાં હતાં. તેને લાંબા વાળ હતા.

"સજ્જનો..." એ જ વખતે પોલીસ અફસરે સત્તાવાહી અવાજે ઘાંટો પાડ્યો.

"સાથીઓ!" જુવાને ઊંચા સાફ અવાજે બોલવાનું શરૂ કર્યું.

"જરા થોભો!" અફસરે બરાડો પાડ્યો. "હું તમને ચેતવણી આપું છું કે ભાષણો કરવાની છૂટ નથી!"

"હું તો થોડાક જ શબ્દો બોલવાનો છું," જુવાને સ્વસ્થ અવાજે જવાબ આપ્યો. "સાથીઓ! આપણા મિત્ર અને ગુરુને કબરમાં દફનાવતી વેળા આપણે પ્રતિજ્ઞા લઈએ કે એમણે આપણને જે કંઈ શીખવ્યું છે તે આપણે કદી નહિ ભૂલીએ, અને આપણા વતનની ભૂમિનાં તમામ દૂષણોના મૂળ સમી સત્તાની —દુષ્ટ અને જુલમી સત્તાની, આપખુદશાહીની—કબર આપણામાંથી દરેકે દરેક જણ આખી જિંદગી અવિરત ખોદતો રહેશે!"

"ગિરફતાર કરી લો!" અફસરે ચીસ પાડી, પરંતુ તરત જ ગુંજી ઊઠેલા પોકારોમાં તેનો અવાજ ડૂબી ગયો:

"આપખુદશાહી મુર્દાબાદ!"

પોલીસો ટોળામાં ધક્કાધક્કી કરીને માર્ગ કરતા વક્તાની તરફ જવા લાગ્યા અને જુવાનના દોસ્તો રખેવાળોની જેમ તેને ઘેરીને ઊભા રહી ગયા.

"આઝાદી ઝિંદાબાદ!" તેણે હાથ હલાવીને પોકાર કર્યો.

મા બાજુ પર ધકેલાઈ ગઈ. તે દહેશત ખાઈને એક ક્રોસના ટેકે ઊભી રહી ગઈ, અને તેણે ફટકો પડવાની બીકે આંખો મીચી દીધી. ધાંધલ અને દેકારાથી તેના કાન જાણે બહેર મારી ગયા, તેના પગ નીચેથી ધરતી જાણે ખસી ગઈ, પવન અને બીકની મારી તે શ્વાસ પણ માંડ માંડ લઈ શકતી હતી. પોલીસની સિસોટીઓ ભયની ચેતવણીના ચિત્કાર કરવા લાગી, તોછડા બરાડાઓમાં હુકમો છોડવામાં આવ્યા, સ્ત્રીઓ બેબાકળી થઈને ચીસો પાડવા લાગી, વાડના સળિયા તૂટવા લાગ્યા, સૂકી જમીન ઉપર ભારે બૂટ જોર જોરથી પછડાવા લાગ્યા. ધાંધલ ધમાલ એટલી બધી વાર ચાલતી રહી કે આંખો મીચીને ઊભા રહેવાથી મનમાં પેદા થતા ત્રાસને મા વધારે સહી ન શકી.

તે નજર ઉપર કરીને હાથ ફેલાવતી અને ચીસ પાડતી આગળ દોડી. નજીકમાં જ કબરો વચ્ચેની નાનકડી કેડીએ પોલીસો જુવાનને ઘેરીને ઊભા હતા અને તેને છોડાવવા ધસી આવતા માણસોને મારી હઠાવવા દમનના કોરડા ફટકારી રહ્યા હતા. ટાઢી સફેદ ઉઘાડી તલવારો ક્યારેક લોકોનાં માથાંની ઉપર ઝબકતી હતી તો ક્યારેક સરસરાટ ટોળાની અંદર ઊતરી જતી હતી. લાકડીઓ અને તૂટેલી વાડના સળિયાનાં હથિયારો વીંઝાઈ રહ્યાં હતાં. દેકારા કરતું ટોળું જાણે જંગલી નાચ કરતું હોય એમ ઘૂમરીઓ ખાઈ રહ્યું હતું અને જુવાનનો ફિક્કો ચહેરો તેની ઉપર ઓજસ પાથરી રહ્યો હતો. ભાવાવેગના એવા તોફાનને ચીરતો તેનો બળકટ અવાજ રણકી ઊઠયો.

"સાથીઓ! તાકાત નકામી વેડફી ન નાખો!"

તેના શબ્દોની તરત અસર થઈ. લોકો લાકડીઓ ને સળિયાનાં હથિયારો પડતાં મૂકીને પાછા હઠવા લાગ્યા, પરંતુ મા જાણે કોઈ અદમ્ય બળથી પ્રેરાતી આગળ ધપી. ઉશ્કેરાઈ ગયેલા લોકોના ધસારાને ખાળવાની કોશિશ કરતો નિકોલાઇ તેની નજરે પડયો. નિકોલાઇની હૅટ માથા ઉપર પાછળ ધકેલાઈ ગઈ હતી.

"પાગલ થઈ ગયા છો કે શું? શાંત થઈ જાઓ!.." તે લોકોને સમજાવી રહ્યો હતો.

માને નિકોલાઇનો એક હાથ લોહીથી ખરડાયેલો લાગ્યો.

"નિકોલાઇ ઇવાનોવિચ, અહીંથી જતા રહો!" તે દોડતી તેની પાસે જઈને ચીસ પાડતી બોલી ઊઠી.

"ક્યાં જાઓ છો? ફટકો પડશે!"

માને પોતાના ખભા ઉપર કોઈનો હાથ મુકાતો હોય એમ લાગ્યું અને સોફ્યા બાજુમાં ઊભેલી નજરે પડી. તેનું માથું ઉઘાડું હતું, વાળ વિખેરાઈ

ગયેલા હતા, અને તેણે એક જુવાનનો હાથ પકડી રાખ્યો હતો. હજુ છોકરડા જેવો જ લાગતો જુવાન મોં પરથી લોહી લૂછી રહ્યો હતો.

"અરે કંઈ નથી... મને છોડી દો!.. જુવાન કંપતા હોઠે બબડી રહ્યો હતો.

"આને સંભાળો—આપણે ઘેર લઈ જાઓ. આ રૂમાલ એના મોંના જખમ ઉપર બાંધી દેજો," સોફ્યા ઝડપથી બોલી અને જુવાનનો હાથ માના હાથમાં પકડાવીને દોડતી રવાના થઈ ગઈ.

"અહીંથી જલદી નીકળી જાઓ, નહિતર ગિરફતાર થઈ જશો!" તેણે દોડતાં દોડતાં પાછળ ફરીને સાદ પાડયો.

લોકો કબ્રસ્તાનમાંથી વિખેરાઈ રહ્યા હતા અને ચારેય દિશાઓમાં ભાગી રહ્યા હતા. પોલીસો ગાળો બકતા અને તલવારો વીંઝતા ભારે પગલે કબરોની વચ્ચે ધસી રહ્યા હતા. લાંબા ઓવરકોટના છેડા તેમના પગમાં ભરાઈ જતા હતા. જુવાન તેમને વરુ જેવી નજરે તાકી રહ્યો હતો.

"ચાલો, ચાલો, જલદી જતાં રહીએ!" મા તેનું મોં રૂમાલ વડે લૂછતી હળવા તીણા અવાજે બોલી.

"મારી ફિકર ન કરો—બહુ દુખતું નથી!" જુવાન લોહી થૂંકતો બોલ્યો. "તલવારની મૂઠ મોઢા ઉપર મારી! પણ એનેય બરાબરની પડી છે! મેં લાકડી એવા જોરથી ફટકારી કે એની રાડ નીકળી ગઈ! અરે, હજી તો જોઈ લેજો!" તે લોહીથી ખરડાયેલા હાથનો મુક્કો હવામાં હલાવતો બોલ્યો. "આ તો હજી શરૂઆત છે! એક વાર અમે તમામ કામદારો ખડા થઈ જઈએ એટલે તમને રગદોળી નાખીશું, સામનો કરવાનો મોકો જ તમને નહિ મળે!"

"જલદી!" કબ્રસ્તનની વાડના એક નાનકડા ઝાંપા તરફ ઉતાવળે કદમ માંડતી મા બોલી. તેને બીક હતી કે વાડની બહાર ખુલ્લા મેદાનમાં પોલીસો તેમની વાટ જોતા લપાઈને ઊભા હશે અને અચાનક ધસી આવીને ફટકા લગાવવા માંડશે. પરંતુ ઝાંપા પાસે પહોંચીને તેણે નજર નાખી તો નીરવ અને ખાલી મેદાનમાં શરદની સંધ્યાની ઘેરી જાજમ પથરાયેલી હતી.

"લાવો, તમારા જખમ ઉપર પાટો બાંધી દઉં," તેણે જુવાનને કહ્યું.

"રહેવા દો, જરૂર નથી, મને જરાય શરમ નથી આવતી," જુવાન બોલ્યો. "આ તો ઈમાનદારીની લડાઈ હતી—એણે મને ફટકાર્યો ને મેં એને ફટકાર્યો."

માએ જખમ ઉપર ઝડપથી પાટો બાંધી દીધો. જુવાનનું લોહી જોઈને તેના હૈયામાં અનુકંપા ઊભરાઈ આવી, અને ગરમ ચીકણા લોહીને હાથ અડતાં તેને ત્રાસની કંપારી આવી ગઈ. તે ચુપચાપ જુવાનને મેદાનની આરપાર લઈ ગઈ.

"મને ક્યાં લઈ જાઓ છો, કોમરેડ?" જુવાને મોં ઉપરથી પાટો છોડી નાખતાં અકડાઈને પૂછ્યું. "તમારી મદદની જરૂર નથી, હું મારી મેળે ચાલી શકું એમ છું."

પરંતુ માના હાથમાં તેનો હાથ ધ્રૂજી રહ્યો હતો અને તેના પગ લથડી રહ્યા હતા. તે જવાબની વાટ જોયા વગર વારે વારે સવાલો પૂછી રહ્યો હતો અને તેનો અવાજ વધારે ને વધારે કમજોર બની રહ્યો હતો.

"તમે કોણ છો? હું ટિનગર છું. મારું નામ ઈવાન. યેગોર ઈવાનોવિચના અભ્યાસ મંડળમાં અમે ત્રણ હતા—એટલે ટિનગર ત્રણ પણ કુલ તો અગિયાર જણ. અમને યેગોર ઈવાનોવિચ બહુ જ ગમતા. પરમાત્મા એમના આત્માને શાંતિ આપે—મને પરમાત્મામાં આસ્થા તો નથી પણ તોયે..."

માએ રસ્તામાં ઘોડાગાડી ભાડે કરી લીધી. બેઉ અંદર બેસી ગયાં એટલે તેણે ઈવાનના મોં ઉપર રૂમાલ બાંધી દીધો અને કહ્યું: "મુદ્દલ બોલતા નહિ!"

તેણે હાથ મોં સુધી ઊંચો કર્યો પણ પછી પાછો ખોળામાં પડી જવા દીધો. પાટો છોડવાની શક્તિ તેનામાં નહોતી રહી. તે પાટા આડેથી જ બબડતો રહ્યો:

"આનું વેર વાળવાનું કદી નહિ ભૂલું, કાળમુખાઓ!.. યેગોર ઈવાનોવિચ આવ્યા ત્યાર પહેલાં એક વિદ્યાર્થી અમને શીખવતો... તિતોવિચ નામ હતું... રાજકીય અર્થશાસ્ત્ર ભણાવતો... ગિરફતાર થઈ ગયો..."

માએ હાથ ઈવાનના ખભા ફરતો વીંટાળીને તેને નજીક ખેંચી લીધો અને તેનું માથું છાતી સરસું ચાંપી દીધું. અચાનક જુવાનની કાયા ઢીલી પડી ગઈ અને તે ચુપ થઈ ગયો. મા બીકની મારી ત્રાંસી નજરે આસપાસ જોતી રહેતી હતી. તેને ડર હતો કે કોઈ ખૂણા પાછળથી પોલીસો દોડતા આવશે અને ઈવાનનું પાટો બાંધેલું માથું જોઈને તેને પકડી લેશે અને મારી નાખશે.

"પીધેલો છે?" ગાડીવાને પાછળ ફરીને સદ્‌ભાવથી મોં મલકાવતાં પૂછ્યું.

"હા... વધારે પડતો ઢીંચી લીધો છે," મા નિસાસો નાખતી બોલી.

"તમારો દીકરો છે?"

"હા, મોચીનું કામ કરે છે, અને હું રસોઈનું કામ કરું છું."

"આકરી જિંદગી!" કહેતાં ગાડીવાને પાછા ઘોડા તરફ ફરીને ચાબુકનો ફડાકો બોલાવ્યો.

"હમણાં કબ્રસ્તાનમાં ધાંધલ થયેલી એની વાત સાંભળી કે?" તેણે ધીમા અવાજે પૂછ્યું. લોકો કોઈ ચળવળિયાને દફનાવવા ગયેલા—આ મોટા માંધાતાઓની સામે થાય છે એવા કોઈ આદમીને. મૈયતમાં ગયેલા માણસો બધા એના જેવા જ હતા—જાણે દોસ્ત-બિરાદરો. એ લોકોએ દેકારો મચાવી દીધો—'લાટસાહેબો મુર્દાબાદ! ગરીબોને લૂંટનારા મુર્દાબાદ!' એટલે પોલીસોએ મારપીટ શરૂ કરી દીધી. સાંભળ્યું છે કે થોડાક માણસો તો તલવારોથી વઢાઈને મરી ગયા. પણ પોલીસોનેય બરાબરનો મેથીપાક મળી ગયો!" તે થોડીક વાર ચુપ રહ્યો અને પછી જાણે મનાતું ન હોય એવી રીતે માથું ધુણાવતો ત્રાસભર્યા અવાજે બોલ્યો: "મડદાંનેય ઢંઢોળે છે! મરી પરવારેલાંનેય ચેન નથી લેવા દેતા!"

ખરબચડી ફરસબંધી ઉપર ઊંચીનીચી થતી ગાડીમાં ઈવાનનું માથું માની છાતી જોડે હળવે હળવે ટકરાતું રહેતું હતું. ગાડીવાન પોતાની જગ્યાએ બેઠો બેઠો મોં જરાક પાછળ ફેરવીને બબડી રહ્યો હતો:

"લોકોમાં બેચેની ફેલાઈ ગઈ છે—ધાંધલ ધમાલ વધતી જાય છે. કાલે રાતે લશ્કરી પોલીસો અમારા એક પાડોશીને ત્યાં પહોંચી ગયા અને સવાર સુધી ઘરમાં તોડફોડ કરતા રહ્યા. પછી બિચારા લુહારને પકડીને ભેગો લઈ ગયા. વાતો થાય છે કે એને મધરાતે નદીએ લઈ જઈને ડુબાડી દેશે. લુહાર બિચારો મઝાનો આદમી હતો.

"એનું નામ શું હતું?" માએ પૂછ્યું.

"કોનું, લુહારનું? સાવેલી. સાવેલી યેવ્ચેન્કો. હજી તો જુવાન હતો પણ જાણકારી બહુ હતી એને. લાગે છે કે જાણકારી રાખવાની છૂટ નથી. એ અમારી પાસે આવીને કહેતો: "અરે, કેવી કંગાલ જિંદગી છે તમારી ગાડીવાનોની!' અને અમે જવાબ આપતા: 'હા, ભાઈ, કૂતરાંથીયે બદતર'."

"લો. પહોંચી ગયાં!" મા બોલી.

ગાડી ઊભી રહી ગઈ. આંચકો લાગતાં ઈવાન જાગી ગયો અને તેણે હળવો ઊંહકારો કર્યો.

"સાવ ઢગલો થઈ ગયો છે!" ગાડીવાન બોલ્યો. "કાળમુખા વોદકાનાં કામાં!"

ઈવાન જેમતેમ કરીને ગાડીમાંથી નીચે ઊતર્યો અને લથડતા પગે આંગણ તરફ ચાલતો બબડવા લાગ્યો:

"મને ઠીક છે, એકલા ચલાય એમ છે..."

૧૩

સોફ્યા ઘેર પહોંચી ગઈ હતી. તે ઉત્તેજિત અને બેચેન હતી અને તેણે સિગારેટ દાંત વચ્ચે દબાવી રાખી હતી.

જખમી જુવાનને કોચ પર સુવરાવી દેવામાં આવ્યો. સોફ્યા ઝડપથી પાટો છોડતી ફરમાનો કરવા લાગી. સિગારેટના ધુમાડાને લીધે તેણે આંખો સંકોડી લીધી.

"ઇવાન દાનીલોવિચ, જુવાન આવી ગયો! નીલોવ્ના, થાકી ગયાં છો? દહેશત લાગી ગઈ, ખરું ને? થોડીક વાર આરામ કરી લો. નિકોલાઇ, નિકોલાઇ, નીલોવ્નાને થોડીક મદિરા આપ."

કબ્રસ્તાનમાં બનેલી ઘટના જોઈને મા આઘાતથી વ્યાકુળ બની ગઈ હતી. તે શ્વાસ પણ માંડ માંડ લઈ શકતી હતી અને તેને છાતીમાં સખત પીડા થતી હોય એમ લાગતું હતું.

"મારી ફિકર ન કરો," તે ગણગણી. પરંતુ તેની હસ્તી કાળજીભર્યું ધ્યાન ઝંખી રહી હતી, માયાળુ અને દિલસોજીભર્યું ધ્યાન ઝંખી રહી હતી.

નિકોલાઇ બાજુના ખંડમાંથી આવ્યો. તેના હાથ ઉપર પાટો બાંધેલો હતો. ડોકટર ઇવાન દાનીલોવિચ પણ તેની જોડે આવ્યો. ડોકટરના વીખરાયેલા વાળ શેળાના કાંટાની જેમ ખડા હતા. તે સીધો જુવાનની પાસે ગયો અને નીચે નમીને તેને તપાસવા લાગ્યો.

"પાણી," તે બોલ્યો, "ઘણું બધું પાણી, થોડુંક રૂ, અને સાફ કપડું."

મા રસોડા તરફ વળી, પણ નિકોલાઇ તેનો હાથ પકડીને તેને ભોજનખંડમાં લઈ ગયો.

"એણે સોફ્યાને કહ્યું છે, તમને નહિ," તે મૃદુ અવાજે બોલ્યો. "બેચેન થઈ ગયાં છો, ખરું ને? મીઠાં માડી!"

તેની દિલસોજીભરી બારીક નજર સામે મા મનને કાબૂમાં ન રાખી શકી.

"ઓહ! કેવો જુલમ! વાઢી નાખ્યાં... માણસોને વાઢી નાખ્યાં..." તે ડૂસકાં ભરતી બોલી.

"મેં નજરે જોયું," નિકોલાઇ માથું હલાવતો અને તેને મદિરાનો ગ્લાસ આપતો બોલ્યો. "બેઉ તરફના માણસો ઉશ્કેરાઈને ભાન ભૂલી ગયા. પણ તલવારની સપાટ પટ્ટીના વાર કરેલા, ધારના નહિ. લાગે છે કે ફક્ત એક જ

માણસને સખત ઈજા થઈ છે. હું ત્યાં જ હતો અને મેં એ માણસને ધાંધલમાંથી બહાર ખેંચી લીધો."

નિકોલાઈના કોમળ અવાજથી અને ખંડના ઉજાસ તથા હૂંફથી માના દિલને થોડુંક સાંત્વન મળ્યું. તેણે અહેસાનની નજરે નિકોલાઈની સામે જોયું.

"તમને પણ જખમ થયો છે, ખરું ને?" તેણે પૂછ્યું.

"લાગે છે કે મારો જખમ તો મેં પોતે જ કરેલો છે—બેદરકારીમાં હાથ ક્યાંક ભટકાઈ ગયો અને ઉઝરડો પડી ગયો. લો, ચા પીઓ. બહાર ટાઢ છે ને તમે ગરમ કપડાં બરાબર નથી પહેર્યાં."

માએ કપ લેવા હાથ લાંબો કર્યો તો આંગળીઓ ઉપર સુકાઈ ગયેલું લોહી નજરે પડયું. તરત જ તેનો હાથ ખોળામાં પડી ગયો. તેને સ્કર્ટ પણ ભીનું લાગ્યું. તેના ભવાં ઊંચાં થઈ ગયાં અને આંખો પહોળી થઈ ગઈ. તે એકીટસે આંગળીઓને તાકી રહી. તેના હૈયાના ધબકારા વધી ગયા અને તેને આંખે અંધારાં આવી ગયાં.

"પાવેલ—એને પણ કદાચ આવી જ રીતે જખમી કરી દે!"

ઈવાન દાનીલોવિચ ખંડમાં આવ્યો. તેણે બંડી પહેરી હતી અને શર્ટની બાંયો ઉપર ચડાવી દીધી હતી. તેણે નિકોલાઈના મૂંગા સવાલનો જવાબ તીણા અવાજે આપ્યો:

"ચહેરાનો જખમ ગંભીર નથી પણ ખોપરીમાં તરડ પડી ગઈ છે, જોકે બહુ ઊંડી નથી, વળી મજબૂત બાંધાનો જુવાન છે. પણ લોહી બહુ નીકળી ગયું છે. એને હોસ્પિટલમાં દાખલ કરી દઈશું?"

"કેમ? ભલે અહીંયાં જ રહેતો," નિકોલાઈ બોલ્યો.

"આજે, અને કદાચ કાલે. હોસ્પિટલમાં હોય તો મને વધુ ફાવે. રોજ અહીં આવવાનો વખત મને નહિ મળે. કબ્રસ્તાનના બનાવ અંગે તું ચોપાનિયું લખી નાખીશ ને?"

"હા," નિકોલાઈએ કહ્યું.

મા ચુપચાપ ઊભી થઈને રસોડા તરફ જવા લાગી.

"ક્યાં જાઓ છો, નીલોવ્ના?" નિકોલાઈએ તેને હેતભર્યા અવાજે રોકી. "સોફ્યા બધું કરી લેશે, તમારે જવાની જરૂર નથી."

મા તેની સામે જોતી જરાક ધ્રૂજી ગઈ.

"હાથપગ ને કપડાં બધું લોહી લોહી થઈ ગયું છે," તે લૂખું હસતી બોલી.

તે પોતાના ખંડમાં જઈને કપડાં બદલતી અજાયબીના ભાવે વિચાર કરવા લાગી કે આ લોકો આવા ભયંકર બનાવના વખતે પણ જરાય બેચેન બન્યા વગર બધું કામકાજ સ્વસ્થતાથી કરવાની શક્તિ ધરાવે છે. એવા વિચારોથી તેના મનને રાહત મળી અને તેના દિલમાંથી બીક નીકળી ગઈ.

તે જખમી જુવાનના ખંડમાં ગઈ તો સોફ્યા નીચે નમીને તેની જોડે વાત કરી રહી હતી.

"મૂરખ છો, કોમરેડ!" સોફ્યા બોલી.

"પણ તમને તકલીફ પડે..." જુવાને કમજોર અવાજે વાંધો ઉઠાવ્યો.

"હવે બોલવાનું બંધ કરો—એથી તમને વધારે ફાયદો થશે."

મા સોફ્યાની પાછળ ઊભી રહી ગઈ અને તેને ખભે હાથ મૂકીને જુવાનના ધોળા પૂણી જેવા ચહેરા સામે જોતાં તેણે હસીને કહ્યું કે ઘોડાગાડીમાં તમારો જોખમી બબડાટ સાંભળતાં હું બહુ ગભરાઈ ગયેલી. ઇવાનની આંખો ઉત્તેજનાથી જાણે સળગી રહી હતી.

"હુંયે કેવો ગધેડો!" તેણે શરમ મૂકીને બળાપો કર્યો.

"અમે જઈએ છીએ," સોફ્યા તેને ધાબળો સરખી રીતે ઓઢાડતી બોલી. "તમે સૂઈ જાઓ."

તેઓ ભોજનખંડમાં ગયાં અને કેટલીય વાર સુધી બેઠાં બેઠાં દિવસના બનાવોની વાતો કરતાં રહ્યાં. જે બની ગયું હતું તેને વીતી ગયેલા વખતનું ગણીને તેઓ આત્મવિશ્વાસથી ભવિષ્યનો વિચાર કરતાં રહ્યાં અને આવતીકાલના કામનું આયોજન કરતાં રહ્યાં. તેમના ચહેરા ઉપર થાક છવાયેલો હતો પરંતુ તેમના વિચારોમાં હિંમત છલકાતી હતી. તેમણે કામની વાત કરતી વેળા ખુદ પોતાની પ્રત્યેના અસંતોષની લાગણી જરાય દબાવી નહિ. ડોકટર બેચેનીથી વારે વારે ખુરશીમાં હલી રહ્યો હતો.

"આજકાલના જમાનામાં એકલો પ્રચાર જ પૂરતો નથી!" તે પોતાના તીણા અવાજને હળવો બનાવવાની કોશિશ કરતો બોલ્યો. "જુવાન કામદારોની વાત ખરી છે—આપણે પ્રચારનું પ્રમાણ વધારવું જ પડશે. હું માનું છું કે કામદારોની વાત તદ્દન ખરી છે..."

નિકોલાઈ ભવાં સંકોડીને ધીમા અવાજે બોલ્યો:

"દરેક ઠેકાણેથી ફરિયાદ આવે છે કે સાહિત્ય ઓછું પડે છે, પણ આપણે કોઈ સરખું છાપખાનું હજી નથી ગોઠવી શક્યાં. લ્યુદમીલા બીચારી થાકીને

લોથપોથ થઈ જાય છે. આપણે એને મદદ પૂરી નહિ પાડીએ તો એ માંદી પડી જવાની."

"વેસોવશ્ચિકોવ છે ને?" સોફ્યા બોલી.

"એ શહેરમાં ન રહી શકે. એને તો નવું છાપખાનું ચાલુ થાય ત્યારે જ કામમાં ગોઠવી શકાય, પણ તે પહેલાં આપણને એક માણસની જરૂર છે."

"હું ન કરી શકું?" માએ સ્વસ્થ અવાજે પૂછ્યું.

ત્રણેય જણ કશું બોલ્યા વગર થોડી વાર તેની સામે જોતાં રહ્યાં.

"ખ્યાલ તો મઝાનો છે!" સોફ્યા બોલી ઊઠી.

"પણ કામ બહુ આકરું છે, નીલોવ્ના," નિકોલાઈ શુષ્ક અવાજે બોલ્યો. "તમારે શહેરની બહાર રહેવું પડશે, એટલે તમે પાવેલને મળવા નહિ જઈ શકો. વળી સામાન્ય રીતે જોતાં..."

"એથી પાવેલને તો કશો ફેર નહિ પડે," તે નિસાસો નાખીને બોલી. "અને ખરું પૂછો તો મને પણ એ મુલાકાતો બહુ વસમી લાગે છે. કશી કામની વાત કરવાની છૂટ તો છે જ નહિ—બાઘોલાની જેમ એની સામે જોતી ઊભી રહું છું, અને જેલવાળા મારા મોઢા ઉપર નજર તાકી રાખે છે, હું ન કહેવાનું કશુંક કહી દઉં તો ધ્યાન રાખવા..."

છેલ્લા થોડાક દિવસોની ઘટનાઓથી તેનાં તનમનનું ચેતન જાણે હરાઈ ગયું હતું, એટલે શહેરની ધમાલથી દૂર રહેવાની તક ધ્યાનમાં આવતાં તેણે એકદમ ઝડપી લીધી.

પણ નિકોલાઈએ વાત બદલાવી નાખી.

"ઈવાન, તું શું વિચારમાં પડી ગયો?" તેણે ડોકટર તરફ ફરીને પૂછ્યું.

ડોકટરે માથું ઊંચું કરીને ગમગીન અવાજે જવાબ આપ્યો:

"મને થાય છે કે આપણે બહુ ઓછા માણસો છીએ. કામ વધારે સ્ફૂર્તિથી કરવાની જરૂર છે. વળી પાવેલ અને આન્દ્રેઈને જેલમાંથી છટકી જવા સમજાવવાના છે. બહાર તેમની સખત જરૂર છે. અને જેલમાં ગોંધાઈ રહેવાથી નકામો વખત વેડફાય છે."

નિકોલાઈએ ભવાં સંકોડીને માની સામે જોયું. માને લાગ્યું કે મારી હાજરીમાં આ લોકો મારા દીકરા અંગે વાતચીત કરતાં અચકાય છે, એટલે તે ઊઠીને બહાર ચાલી ગઈ. તેની મરજીની અવગણના થયેલી એટલે તેનું દિલ પણ કોચવાયું હતું. તે બિછાનામાં જાગતી પડી પડી વાતચીતનો ધીમો ગણગણાટ સાંભળતી રહી અને તેના મનમાં ફિકર ઘોળાવા લાગી.

આખા દિવસની ભીષણ ઘટનાઓ તેની સમજણમાં ઊતરી જ નહોતી અને જાણે અનિષ્ટની આગાહી કરતી હોય એવી તેને લાગી હતી. પણ એનો વિચાર કરવાની તેને ઈચ્છા નહોતી. બેચેની પેદા કરતી બધી યાદો કોરે મૂકીને તેણે મન પાવેલ ઉપર કેંદ્રિત કર્યું. તેને છૂટો જોવા તેનું મન તલસી રહ્યું હતું પરંતુ સાથે સાથે બીક પણ લાગતી હતી. તેને લાગ્યું કે આસપાસ બની રહેલા બનાવો પરાકાષ્ઠાએ પહોંચી રહ્યા છે, સખત ટકરાવની દિશામાં જઈ રહ્યા છે. લોકોની મૂંગી ધીરજ ખૂટી રહી હતી અને તેની જગ્યા બેચેન અપેક્ષા લઈ રહી હતી. લોકોનો રોષ સાફ વધી રહ્યો હતો. તેને દરેક તરફથી આકરાં વેણ કાને પડતાં હતાં અને ચોમેર અશાંતિનાં એંધાણ વરતાતાં હતાં. દરેક નવી જાહેરાત થાય કે તરત જ બજારમાં, દુકાનોમાં, અને નોકરચાકરો તથા કારીગરોમાં ગરમાગરમ ચર્ચાઓ થવા લાગતી. શહેરમાં કોઈ નવી ગિરફ્તારી થાય એટલે લોકોની વાતોમાં ગભરાટ અને મૂંઝવણની લાગણી વરતાતી અને ક્યારેક કોઈ અજાણ્યે જ ધ્યેય પ્રત્યે સહાનુભૂતિ પણ જાહેર કરી દેતું. એક જમાનામાં જે શબ્દો સાંભળીને તેને દહેશત લાગી જતી એ જ શબ્દો હવે સાધારણ માણસોને હોઠેથી વારંવાર સાંભળવા મળતા—વિદ્રોહ, સમાજવાદીઓ, રાજકારણ, વગેરે. એવા શબ્દો વ્યંગમાં બોલવામાં આવે ત્યારે વ્યંગની પાછળ કુતૂહલની લાગણી રહેતી, દ્વેષથી બોલવામાં આવે ત્યારે દ્વેષની પાછળ બીક રહેતી, અને વિચારમય ભાવે બોલવામાં આવે ત્યારે તેમાં આશા અને પડકારના ભાવ સમાયેલા રહેતા. એ સ્થગિત જીવનનાં અંધારાં પાણીમાં અશાંતિનાં કુંડાળાં ધીરે ધીરે વિસ્તાર પામતાં ગયાં. દબાઈને પડેલા વિચારો સળવળી ઊઠયા, અને દિવસની ઘટનાઓને ગુપચુપ સ્વીકારી લેવાની રોજિંદી મનોદશા હલબલી ગઈ. આ બધું મા બીજા લોકો કરતાં વધારે સાફ જોઈ શકતી હતી કારણ કે જીવનની કરુણતાની તેને બહેતર જાણકારી હતી. હવે લોકોની જિંદગીમાં ચિંતન અને અસંતોષની નિશાનીઓ જોઈને તેના મનમાં ખુશી અને બીકની મિશ્રિત લાગણી થઈ—ખુશી એ કારણે કે તેને તેમાં દીકરાની કામગીરી દેખાઈ, અને બીક એવી ખાતરીને કારણે કે દીકરો જેલમાંથી ભાગી જાય તો બેશક મોખરે પહોંચી જ જાય, ત્યાં જોખમ સૌથી વધારે હોય, એટલે તે મોતના મુખમાં હોમાઈ જાય.

ક્યારેક તેના માનસપટમાં પુત્રનું કલ્પનાચિત્ર શૌર્યગાથાઓના નાયકનાં લક્ષણો ધારણ કરી લેતું. તેણે જિંદગીમાં સાંભળેલા બધા સુંદર અને પ્રેરક શબ્દો, તેના મનમાં ક્યારેય પ્રશંસાની લાગણી ઉપજાવી ગયેલા તમામ ઇન્સાનો, તેણે જિંદગીમાં જાણેલું તેજસ્વી અને પરાક્રમી સર્વ—એ બધું પુત્રના ચિત્રમાં જાણે

મૂર્તિમંત થઈ જતું. એવા પ્રસંગોએ તેના મનમાં ગર્વ અને વાત્સલ્યના ભાવ ઊભરાવા લાગતા, અને તે સ્વસ્થ આહ્લાદના ભાવે પુત્રનો વિચાર કરતી.

"બધું ઠીક થઈ રહેશે," તેને થતું.

પરંતુ પછી માનો પ્યાર તેના દિલમાંથી બહોળી માનવતાને ધકેલી દેતો, આગની જેમ ભરખી જતો, અને મહાન આદર્શની રાખમાં ફક્ત એક જ દર્દનાક ખ્યાલ બાકી રહેતો:

"મારા દીકરાને મારી નાખશે... ખતમ કરી નાખશે!..."

૧૪

એક દિવસે બપોરે તે જેલની ઑફિસમાં બેઠી બેઠી પાવેલનો દાઢી ચડેલો ચહેરો નીરખી રહી હતી. તેની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં અને તે આંગળીઓ વચ્ચે ચોળાઈ ગયેલી ચિઠ્ઠી પાવેલને આપી દેવાના મોકાની વાટ જોઈ રહી હતી.

"હું મઝામાં છું અને બાકીના સૌ પણ મઝામાં છે," પાવેલ સ્વસ્થ અવાજે બોલ્યો. "તારી તબિયત કેમ છે?"

"ઠીક છે. યેગોર ઈવાનોવિચ ગુજરી ગયા," માએ યંત્રવત્ જવાબ આપ્યો.

"અરે!" પાવેલ બોલી ઊઠયો. તેનું માથું ધીરે ધીરે નીચે ઢળી ગયું.

"મૈયતમાં પોલીસે મારપીટ શરૂ કરી દીધી અને એક માણસને ગિરફતાર કરી લીધો," મા જાણે નિર્દોષ ભાવે વાત કરતી હોય એમ બોલી. નાયબ જેલર જીભનો ડચકારો કરતો ખડો થઈ ગયો.

"ખબર નથી કે આવી વાતો કરવાની મનાઈ છે?" તે બબડયો. "રાજકારણની વાત કરવાની છૂટ નથી."

મા પણ ઊભી થઈ ગઈ.

"રાજકારણની વાત નહોતી કરતી, માત્ર મારપીટના ખબર આપતી હતી," તેણે બચાવ કરતાં કહ્યું. "અને મારપીટ તો કરેલી, એક જણનું તો માથુંયે ફોડી નાખેલું..."

"એકની એક વાત છે. ફરી વાર આવી વાત નથી કરવાની, અંગત બાબતો સિવાય બીજું કશું નથી કહેવાનું—ખાલી કુટુંબની કે ઘરની જ વાત કરો..."

તેને લાગ્યું કે પોતે લોચા વાળે છે એટલે તે ટેબલ પાસે બેસીને કાગળો ઉથલાવવા લાગ્યો.

"આવી બાબતોમાં જવાબદારી મારા માથા ઉપર છે," તેના અવાજમાં કંટાળો વરતાતો હતો.

તેની ઉપરથી નજર ખસેડયા વગર માએ ચિઠ્ઠી એકદમ પાવેલના હાથમાં સરકાવી દીધી અને નિરાંતનો શ્વાસ લીધો.

"તમે સમજતાં જ નથી કે કેવી વાત કરવાની છૂટ છે," નાયબ જેલર બોલ્યો.

"હુંયે નથી સમજતો," પાવેલ હસી પડયો.

"તો પછી મુલાકાતે આવવાનો કશો અર્થ જ નથી," અમલદારે ચિડાઈ જતાં કહ્યું. "કેવી વાત કરવી ને કેવી ન કરવી એની ખબર જ નહિ, પણ તોયે મુલાકાતે આવ્યા જ કરે છે, નકામા હેરાન કરે છે..."

"મુકદ્દમો ક્યારે શરૂ કરવાના છે?" માએ પૂછ્યું.

"સરકારી વકીલ આવેલો, એણે કહ્યું કે થોડા વખતમાં જ શરૂ થઈ જશે..."

પછી તેમણે થોડીક નાનીમોટી બાબતો અંગે વાત કરી. માએ જોયું કે દીકરાની નજરમાં હેત છલકાય છે. તે હંમેશની જેમ શાંત અને સ્વસ્થ હતો. તેનામાં ખાસ કશો ફેર નહોતો પડયો—માત્ર હાથ ધોળા થઈ ગયા હતા અને તેણે દાઢી રાખી હતી. એથી તેની ઉંમર વધારે લાગતી હતી. માને થયું કે દીકરાને ગમે એવી કશીક વાત કરું, નિકોલાઇ વિશે જણાવું. એટલે તે પહેલાંની જેમ મોં ઉપર નિર્દોષતાના ભાવ આણીને બોલી:

"તારા ધરમના દીકરાને મળેલી..."

પાવેલે મૂંગા સવાલની નજરે તેની આંખોમાં જોયું. દીકરાને વેસોવશ્ચિકોવના ચહેરાનાં ચાઠાં યાદ કરાવવા તે પોતાના ગાલ ઉપર આંગળીઓ ઠપકારવા લાગી.

"જુવાન મઝામાં છે—થોડા વખતમાં એને કામ પણ મળી જશે."

પાવેલ સમજી ગયો. તેણે હકારમાં માથું હલાવ્યું. તેની આંખોમાં ખુશીનો મલકાટ રમવા લાગ્યો.

"સરસ." તેણે કહ્યું.

"બસ, બીજું તો કંઈ ખાસ નથી," માએ વાત પૂરી કરતાં કહ્યું. દીકરાને ખુશ જોઈને તેનું મન રાજી થઈ ગયું હતું.

છૂટાં પડતી વેળા પાવેલ માનો હાથ જોરથી દબાવીને ગદગદ કંઠે બોલ્યો:

"મમ્મી, તું બહુ મદદ કરે છે."

પરસ્પર નિકટતાની આનંદી જાણકારીની અસર માના મન ઉપર કેફી પીણા જેવી થઈ. જવાબમાં શું બોલવું તેની સૂઝ ન પડતાં તેણે અબોલ રહીને દીકરાનો હાથ પકડી લીધો.

તે ઘેર પહોંચી ત્યારે સાશા વાટ જોતી બેઠી હતી. મા જયારે જેલમાં મુલાકાતે જાય ત્યારે બાળા તેને મળવા આવતી. તે પાવેલ વિશે કદી કંઈ પૂછતી નહિ, અને મા પોતે કંઈ વાત ન કરે તો માત્ર તેની આંખોમાં નજર પરોવીને જ મનની જિજ્ઞાસા સંતોષી લેતી. પરંતુ આ વખતે તેણે આતુરતાથી સવાલ કર્યો:

"તબિયત કેમ છે એની?"

"મઝામાં."

"ચિઠ્ઠી આપી દીધી?"

"હા. કેવી સિફતથી સરકાવી દીધી એ જોવા જેવું હતું!"

"એણે વાંચી?"

"ત્યાં? ત્યાં કેવી રીતે વાંચે?"

"અરે, હા, હું તો ભૂલી જ ગઈ," બાળા ધીરે ધીરે બોલી. "એક અઠવાડિયું વાટ જોવી પડશે — આખું અઠવાડિયું! તમને શું લાગે છે — હા પાડશે?"

સાશા ભવાં સંકોડીને એકીટસે માની સામે જોઈ રહી.

"કહેવાય નહિ," મા વિચારમાં પડી જતી બોલી. "જોખમ ન હોય તો કેમ હા ન પાડે?"

સાશાએ માથું પાછળ ફંગોળ્યું.

"તમને ખબર છે દરદીને ખાવાનું શું આપવાનું છે?" તેણે પૂછ્યું. "એને ભૂખ લાગી છે."

"બધું ખાવાની છૂટ છે. હમણાં આપું છું..."

તે રસોડામાં ગઈ. સાશા પણ તેની પાછળ પાછળ ગઈ.

"મદદ કરું?"

"ના, ના..."

માએ નીચે નમીને કબાટમાંથી તપેલી કાઢી.

"જરા ઊભાં રહો..." બાળા ધીમા અવાજે બોલી.

તેનો ચહેરો ફિક્કો પડી ગયો અને આંખો જાણે પીડાથી પહોળી થઈ ગઈ. તેણે કંપતા હોઠે કહ્યું:

"મારે તમને એક વાત કહેવી છે—મને ખાતરી છે કે એ હા નહિ જ પાડે. તમે એને સમજાવો—હું આજીજી કરું છું! અમને એની સખત જરૂર છે! એને સમજાવો કે જેલમાંથી ભાગી જવાનું ધ્યેયને ખાતર જરૂરી છે. એને કહો કે મને એની તબિયતની બહુ ફિકર થાય છે. તમને તો ખબર છે—હજી તો મુકદ્દમાની તારીખ પણ નક્કી નથી થઈ..."

સાફ દેખાતું હતું કે આટલું કહેવામાં પણ એને ભારે કષ્ટ થઈ રહ્યું છે. તેનો અવાજ ભાંગી ગયો, કાયા અક્કડ થઈ ગઈ, તેણે નજર બીજી તરફ ફેરવી લીધી અને પછી જાણે થાકીને આંખો મીચી દીધી, અને તે હોઠ કરડવા લાગી. સખત ભીડેલી મુઠ્ઠીઓમાં આંગળીઓના ટચાકા ફૂટતા માએ સાંભળ્યા.

લાગણીનો એવો ઉછાળો જોઈને પેલાગેયા બેચેન બની ગઈ, પરંતુ સાશાના દિલની પીડા સમજીને તેણે બાળાને ખભે હાથ વીંટાળતાં ગમગીન અવાજે કહ્યું:

"વહાલુડી બેટી, એ તો કોઈનું માને એવો નથી, ફક્ત પોતાના મનની વાત સાંભળશે, બીજા કોઈની નહિ."

બેઉ એકબીજાને વળગીને અબોલ ખડાં રહ્યાં.

પછી સાશા હળવેથી માના હાથ છોડાવીને અળગી થઈ ગઈ.

"તમારી વાત ખરી છે," તેણે કહ્યું. તેની કાયા જરાક થરથરી ગઈ. "આમ લાગણીવશ થઈ જવું એ તો નરી બેવકૂફી છે." પછી સ્વસ્થ અવાજે કામની વાત કરતી તે બોલી: "વારુ, ચાલો, દરદીને ખાવાનું આપીએ."

ઈવાનની પાસે બેસી જઈને તેણે માથાના દુખાવા અંગે પૂછ્યું.

"બહુ નથી, પણ હજી બધું જાણે ધૂંધળું ધૂંધળું લાગે છે, અને બદનમાં કમજોરી છે," તેણે જવાબ આપતાં બેચેનીથી ધાબળો ગળા સુધી ખેંચી લીધો અને જાણે અજવાળું વધારે પડતું લાગતું હોય એમ આંખો સંકોડી લીધી. સાશાને લાગ્યું કે ઈવાનને તેની હાજરીમાં ખાતાં શરમ આવે છે એટલે તે ઊઠીને બહાર ચાલી ગઈ. ઈવાન બેઠો થયો અને તેને જતી જોઈ રહ્યો.

"કેવી રૂપાળી છે!" તે ગણગણ્યો.

તેને આનંદી નીલી આંખો હતી, તેના મોંમાં નાનકડા દાંત એકસરખા ગોઠવાયેલા હતા, અને તેનો અવાજ હજી પલટાઈ રહ્યો હતો.

"તમને કેટલાં વરસ થયાં?" માએ પૂછ્યું.

"સત્તર."

"માબાપ ક્યાં રહે છે?"

"ગામમાં. હું દસ વરસનો હતો ત્યારથી અહીંયાં જ છું. નિશાળનું ભણતર પૂરું કરીને તરત જ આવી ગયેલો. તમારું નામ શું, કોમરેડ?"

માને કોઈ "કોમરેડ" કહીને બોલાવે ત્યારે રમૂજ પડતી અને તેના હૈયામાં લાગણીઓ છલકાઈ આવતી.

"તમે જાણીને શું કરશો?" તેણે મોં મલકાવીને પૂછ્યું.

ઈવાને થોડીક વાર અકળામણની ચુપકી પછી ખુલાસો કર્યો: "વાત એમ છે કે અમારા અભ્યાસ મંડળમાં અમારી ભેગા વાંચન કરતા એક વિદ્યાર્થીએ અમને કામદાર પાવેલ વ્લાસોવની માની વાત કરેલી. મે-દિનનું સરઘસ યાદ છે ને?"

માએ એકદમ સાવચેત બની જતાં હકારમાં માથું હલાવ્યું.

"રસ્તાઓ ઉપર અમારો ઝંડો લહેરાવીને ચાલનારો એ પહેલો ઈન્સાન હતો," જુવાન ગર્વના ભાવે બોલ્યો, અને તેની લાગણીના પડઘા માના દિલમાં પડયા.

"હું એમાં નહોતો. અમારો ઈરાદો અમારું જુદું સરઘસ કાઢવાનો હતો, પણ એ ન બન્યું. બહુ ઓછા માણસો હતા. પણ અમે આવતે વરસે ચોક્કસ સરઘસ કાઢવાના, ખાતરી રાખજો!"

ભાવિ કામગીરી અંગેના જોશને લીધે તે શ્વાસ પણ માંડ માંડ લઈ શકતો હતો.

"હા, તો હું એ વ્લાસોવની માની વાત કરતો હતો," તે ચમચો હલાવતો બોલ્યો. "એ બાઈ પણ પછી પાર્ટીમાં જોડાઈ ગઈ. બધા વાતો કરે છે કે એ તો ખરેખર અદ્‌ભુત ઈન્સાન છે!"

માના મોં ઉપર મલકાટ છવાઈ ગયો. જુવાને કરેલાં વખાણ તેને ગમ્યાં —એથી ખુશી અને ભેગી અકળામણ પણ થઈ. તેને કહેવાનું મન થયું કે વ્લાસોવની મા હું જ છું, પરંતુ તેને બદલે તે હળવા વ્યંગના ભાવે પોતાને જ ઉદ્દેશીને મનમાં બોલી: "અરે બાઈ, તું તો ઘરડી મૂરખ છો!"

"જરાક વધારે ખાઈ લો, તમારે ઝટ સાજા થઈ જવાનું છે—આપણા ધ્યેયને ખાતર," તે જુવાનની ઉપર લળતી અચાનક ઉત્તેજિત થઈને બોલી ઊઠી.

રસ્તા પરનું બારણું ખૂલ્યું અને શરદની ભીની ઠંડી હવાની લહેર અંદર આવી. માએ માથું ઊંચું કરીને જોયું તો સોફ્‌યા ઊભી હતી—ગુલાબી મોં મલકાવતી.

"અરે બાબા! બાતમીદારો તો એવા પાછળ પડયા છે કે હું જાણે કોઈ દોલતમંદ કુંવારી કન્યા હોઉં અને છેલછબીલાઓ મારું દિલ જીતી લેવા ચડસાચડસી કરી રહ્યા હોય! હવે અહીંથી ડેરાતંબુ ઉઠાવવા પડશે... વારુ... કેમ છે, ઈવાન? બહેતર લાગે છે? પાવેલના શા ખબર છે, નીલોવ્ના? સાશા આવી છે કે?

તેણે સિગારેટ સળગાવતાં સળગાવતાં પોતાની રાખોડી આંખો વડે મા અને જુવાનની ઉપર હેતભરી નજર નાખી, અને જવાબની કશી અપેક્ષા વગર સવાલોની ઝડી વરસાવી દીધી. મા હોઠ મલકાવીને તેને નીરખતી રહી.

"હવે તો મને પણ આ ભલાં માણસોમાંથી એક ગણવામાં આવે છે," તેને થયું.

તે ફરી ઈવાનની ઉપર નમી.

"ઝટ સાજા થઈ જાઓ, ભાઈ!"

પછી તે ભોજનખંડમાં ગઈ. ત્યાં સોફ્યા સાશાની જોડે વાત કરી રહી હતી.

"એણે ત્રણસો નકલો તો તૈયાર કરી નાખી છે. આમ જ કામ કરતી રહેશે તો મરી જશે. ગજબની બહાદુર છે! સાશા, આવાં માણસોની ભેગા રહેવું, તેમના સાથી બનવું અને તેમની જોડે કામ કરવું—કેવા ગૌરવની વાત છે!"

"ખરેખર છે જ," બાળાએ ધીમા અવાજે જવાબ આપ્યો.

સાંજે સૌ ચા પી રહ્યાં હતાં ત્યારે સોફ્યા માની તરફ ફરીને બોલી: "નીલોવ્ના, તમારે ફરી વાર ગામની સફરે જવું પડશે."

"બહુ સારું. ક્યારે?"

"લગભગ ત્રણ દિવસમાં નીકળી શકશો?"

"ચોક્કસ."

"આ વખતે તમારે ઘોડાગાડી ભાડે કરવી પડશે અને બીજે રસ્તે જવું પડશે—નિકોલ્સ્કોયે થઈને." નિકોલાઈ બોલ્યો. તેણે ભવાં સંકોડી લીધાં હતાં અને તે ઉદાસ હતો. એવા ભાવ તેની રોજિંદી માયાળુ સ્વસ્થતા જોડે મેળ નહોતા ખાતા.

"નિકોલ્સ્કોયે થઈને તો રસ્તો બહુ લાંબો થઈ જશે," મા બોલી. "અને ઘોડાગાડી ભાડે કરવી એટલે..."

"ખરું પૂછો તો હું આ સફરની વિરુદ્ધ છું." નિકોલાઈ બોલ્યો. "ત્યાં હાલત સારી નથી, ગિરફતારીઓ થઈ છે. સાંભળ્યું છે કે કોઈ શિક્ષકને પકડી

લીધો છે. આપણે બહુ જ સાવચેતી રાખવાની છે. થોડોક વખત વાટ જોઈએ તો?"

"પણ સાહિત્ય તો સતત પહોંચાડવું જ જોઈએ," સોફ્યા ટેબલ ઉપર આંગળીઓ ઠપકારતી બોલી. "નીલોવ્ના, તમને બીક લાગે છે?" તેણે અચાનક પૂછ્યું.

માને માઠું લાગ્યું.

"મને કદી બીક લાગી છે? પહેલી વાર ગઈ ત્યારે મને બીક નહોતી લાગી, અને હવે તમે આવી વાત કેમ..." તેણે વાક્ય પૂરું કર્યા વગર માથું નીચે ઢાળી દીધું. તેને જ્યારે જ્યારે પૂછવામાં આવતું કે બીક લાગે છે, વાંધો તો નથી ને, અથવા આ કે તે કામ કરી શકશો, ત્યારે તેને લાગતું કે મને ખાસ તકલીફ લેવાની વિનંતિ કરવામાં આવી રહી છે, મારાથી જુદાઈ રાખવામાં આવે છે, આપસમાં એકબીજાની જોડે જેવું વર્તન કરવામાં આવે છે એવું વર્તન મારી જોડે નથી કરવામાં આવતું.

"મને બીકની વાત કેમ પૂછો છો?" તેનો અવાજ રૂંધાઈ ગયો. "તમે આપસમાં તો એવી વાત નથી પૂછતા."

નિકોલાઈએ ચશમાં ઉતાર્યાં ને પાછાં નાક ઉપર ગોઠવ્યાં. તેણે એકધ્યાને બહેનની સામે જોયું. માનસિક તણાવથી ભરેલી ચુપકી ન સહેવાતાં મા અપરાધના ભાવે ઊભી થઈ ગઈ. તેને કંઈક કહેવાનું મન હતું પણ સોફ્યાએ તેનો હાથ પકડી લઈને તેને અટકાવી.

"માફ કરો, ફરી કદી આવી વાત નહિ કરું," તે ધીમા અવાજે બોલી.

માના મોં ઉપર મલકાટ છવાઈ ગયો. ત્રણેય જણ થોડી વારમાં આગામી સફરની ચર્ચામાં મશગૂલ થઈ ગયાં.

૧૫

પરોઢિયે માની સફર શરૂ થઈ ગઈ. શરદની વર્ષાથી ભીની સડક ઉપર ઘોડાગાડી દડબડ દોડી રહી હતી. આકરો પવન ફૂંકાઈ રહ્યો હતો અને દોડતા ઘોડા કાદવ ઉડાડી રહ્યા હતા. ગાડીવાને પોતાની જગ્યાએ બેઠાં બેઠાં કાયાને વળ ખવડાવતાં અને નાકમાંથી બોલતાં ફરિયાદ કરી: "એટલે મેં કહ્યું — ભાઈને — કે ચાલ ભાગીદારી કરીએ, અને અમે ભાગીદારી કરી..." તેણે અચાનક ડાબા હાથના ઘોડાને ચાબુક ફટકારીને બરાડો પાડ્યો: "પગ ઉપાડ, ચુડેલના પેટના!"

શરદના જાડિયા કાગડા ખાલી ચાસ ઉપર સાવચેતીથી પગલીઓ પાડી રહ્યા હતા અને ચોમેર ટાઢો પવન સુસવાટા કરી રહ્યો હતો. કાગડા હિંમત કરીને પવનના હુમલાઓનો સામનો કરી રહ્યા હતા, પવન તેઓનાં પીંછાં વિખેરી નાખતો હતો અને પગ ડગમગાવી દેતો હતો. કાગડા આળસુની જેમ ધીરે ધીરે પાંખો ફફડાવતા જગ્યા બદલાવી નાખતા હતા.

"પણ એ તો મારો ભાગ ઓહિયાં કરી ગયો. મારા હાથમાં કશું રહ્યું જ નહિ..." ગાડીવાનની ફરિયાદ ચાલુ જ હતી.

મા જાણે સ્વપ્ન જોતી હોય એમ તેની વાત સાંભળતી રહી. તેના માનસપટમાં છેલ્લાં થોડાંક વરસોની ઘટનાઓ એક પછી એક આલેખાતી ગઈ અને તેણે નોંધ લીધી કે એ તમામ ઘટનાઓમાં પોતે સક્રિય ભાગ લીધો હતો. અગાઉ જિંદગીના સંજોગો ક્યાંક દૂર નિર્ધારિત થઈ જતા, કોઈને ખબર નહોતી પડતી કે કોણ નિર્ધારિત કરે છે અને એમાં શો હેતુ છે, પણ હવે ઘણા સંજોગો તેની નજર સામે પલટાઈ રહ્યા હતા અને એવા પરિવર્તનમાં તે પોતે સામેલગીર હતી. એથી તેને મનમાં ખુદ પોતાને અંગે ખુશી થઈ, પરંતુ તેને પોતાની શક્તિઓમાં વિશ્વાસ નહોતો બેસતો. તેને મનમાં મૂંઝવણ થતી હતી અને તેના દિલમાં ગમગીની છવાઈ ગઈ હતી.

તેની આસપાસ બધું મંદ ગતિએ ચાલી રહ્યું હતું—આસમાનમાં ઘનઘોર વાદળાં દમામથી એકબીજાનો પીછો કરી રહ્યાં હતાં, સડકની બન્ને બાજુએ વૃક્ષોની પાંદડાં વગરની ખાલી ડાળીઓ હલી રહી હતી, ખેતરો ગયાં ને ટેકરીઓ આવી અને તે પણ દડમજલમાં અદૃશ્ય થઈ ગઈ.

ગાડીવાનનો નાકમાંથી નીકળતો અવાજ, ઘોડાની ઘંટડીઓનો રણકાર, ભીના પવનના સુસવાટા—બધું મળીને ધસમસતો પ્રવાહ બની જતું એકધારું ખેતરોમાં ફેલાઈ જતું હતું.

"અમીર આદમીને તો જન્નત પણ ઓછું પડે," ગાડીવાન પોતાની જગ્યાએ બેઠો બેઠો બદન ડોલાવતો અણથંભ વિલાપ કરી રહ્યો હતો. "એટલે એણે મને સાવ ચૂસી જ લીધો, અને સરકારી અમલદારો બધા એના દોસ્તો હતા..."

પછી સ્ટેશન આવ્યું એટલે એણે ઘોડા છોડી નાખ્યા અને કાકલૂદી કરી:

"કંઈક ખાવા પીવા પાંચ કોપેક આપો તો મહેરબાની!"

માએ તેને પાંચ કોપેક આપ્યા એટલે તે સિક્કો ઉછાળીને હથેલીમાં ઝડપી લેતો બોલ્યો:

"ત્રણ વોદકાના અને બે રોટીના!"

મા ટાઢમાં ઠરી ગયેલી અને થાકીને લોથપોથ હાલતમાં રોંઢા ટાણે નાનકડા ગામ નિકોલ્સ્કોયેમાં પહોંચી. તે સ્ટેશનમાં ગઈ અને એક ગ્લાસ ચા પીને બારી પાસે બેસી ગઈ. તેણે સંદૂક બાંકડા હેઠળ મૂકી દીધી. બારીમાંથી ચોક નજરે પડતો હતો. ચોકમાં પથરાયેલું પીળું ઘાસ અગણિત કદમો તળે ચગદાઈ ગયેલું હતું. સામે દેખાતા મકાનનું છાપરું પડું પડું થઈ રહ્યું હતું. એ મકાન સ્થાનિક વહીવટી કચેરીનું હતું. ટાલિયો ને દાઢીવાળો એક ખેડૂત પરસાળમાં બેઠો બેઠો હોકલી પી રહ્યો હતો. તેણે કોટ પહેર્યો જ નહોતો. ચોકના ઘાસમાં એક ડુક્કર ચરી રહ્યું હતું. તે જાણે ચીડમાં કાન ફફડાવી રહ્યું હતું, માથું હલાવી રહ્યું હતું, અને નાળચા વડે જમીન ખોદી રહ્યું હતું.

વાદળોનાં વિશાળ કાળાં ઝુંડ આસમાનમાં ધસી રહ્યાં હતાં. જાણે જિંદગી થંભી ગઈ હોય એમ બધું શાંત, અંધારઘેરું, અને ઉદાસ હતું.

અચાનક એક પોલીસ સાર્જન્ટ ઘોડો દોડાવતો ચોકમાં આવ્યો. તેણે ઘોડો વહીવટી કચેરીની સામે થંભાવી દીધો અને ચાબુક હવામાં વીંઝીને ઘાંટો પાડતાં ખેડૂતને કંઈક કહ્યું. તેના બરાડાના પડઘા બારીના કાચ જોડે અફળાયા, પણ શબ્દો સમજાયા નહિ. ખેડૂત ઊભો થઈ ગયો અને તેણે દૂર આંગળી ચીંધી. સાર્જન્ટ ઘોડા ઉપરથી ઊતરી ગયો અને લગામ ખેડૂતના હાથમાં પકડાવતો લથડતા પગે પગથિયાં ચડવા લાગ્યો. કઠેરો પકડીને જતો તે પરસાળમાં પહોંચી ગયો અને બારણાની પાછળ અદૃશ્ય થઈ ગયો.

વળી પાછી નીરવતા છવાઈ ગઈ. ઘોડાએ બે વાર ખરી વડે પોચી જમીન ખોદી નાખી. બાર તેર વરસની એક છોકરી ઓરડામાં દાખલ થઈ. તેણે ઊજળા ટૂંકા વાળનો નાનકડો ચોટલો ગૂંથેલો હતો, અને તેના ગોળ ચહેરામાં કોમળ આંખો ટમટમી રહી હતી. તે હોઠ કરડતી હતી અને વારંવાર માથું હલાવતી હતી. તેના હાથમાં ઘોબા પડેલી ટ્રે હતી અને તેમાં પ્લેટો ગોઠવેલી હતી.

"કેમ છે, બહેન!" મા હળવા અવાજે બોલી.

"કેમ છે!"

ચા અને ખાવાની ચીજો ટેબલ ઉપર ગોઠવીને છોકરી ઉત્તેજિત અવાજે બોલી ઊઠી: "હમણાં એક લૂંટારો પકડાઈ ગયો—એને અહીંયાં લાવી રહ્યા છે!"

"કોણ છે લૂંટારો?"

"ખબર નથી..."

"એણે કોને લૂંટી લીધા?"

"ખબર નથી," બાળાએ એના એ જ શબ્દો દોહરાવ્યા. "મેં તો હમણાં જ સાંભળ્યું કે પકડાઈ ગયો છે. ચોકીદાર ઉપરી પોલીસને બોલાવવા ગયો છે."

માએ બારીમાંથી નજર નાખીને જોયું તો ચોકમાં ખેડૂતો એકઠા થઈ રહ્યા હતા. કેટલાક ધીરે ધીરે સ્વસ્થતાથી આવી રહ્યા હતા તો કેટલાક ઘેટાની ખાલના કોટનાં બટન ભીડતા ધસમસાટ આવી રહ્યા હતા. તેઓ વહીવટી કચેરીની સામે ભેગા થઈને ઊભા ઊભા ડાબી તરફ જોવા લાગ્યા.

છોકરી પણ બારીમાંથી બહાર નજર નાખીને દોડતી બહાર ચાલી ગઈ. બારણું ધડાક કરતું બંધ થઈ ગયું. અવાજ સાંભળીને મા ચોંકી ગઈ. તેણે સંદૂકને બાંકડા નીચે આઘી ધકેલી દીધી, માથે શાલ ઓઢી લીધી, અને દોડવાની અગમ્ય તાલાવેલીને દબાવતી તે ઉતાવળી બારણે ગઈ.

તે પરસાળમાં પહોંચી ત્યારે તેને આંખે અને છાતીએ જાણે હિમનો ઝપાટો અફળાયો હોય એમ લાગ્યું. તેનો શ્વાસ અદ્ધર ચડી ગયો અને તેના પગ જાણે ફસકી પડયા. ચોકમાં સામેથી રીબિન આવી રહ્યો હતો. તેના હાથ પીઠ પાછળ બાંધેલા હતા. તેની બન્ને તરફ ચાલતો એક એક પોલીસ હાથની લાકડી જમીન ઉપર ઠપકારી રહ્યો હતો. ટોળું ચુપચાપ પરસાળની સામે ખડું હતું.

આભી બની ગયેલી મા પોતાની નજર રીબિન ઉપરથી ખસેડી જ ન શકી. રીબિન કંઈક કહી રહ્યો હતો. તેનો અવાજ સંભળાતો હતો પણ શબ્દો માના દિલની અંધારઘેરી શૂન્યતામાં કશો પડઘો નહોતા પાડતા.

તે ઊંડો શ્વાસ લઈને સ્વસ્થ બની ગઈ. એક ખેડૂત પરસાળ નજીક ઊભો ઊભો તેને એકીટસે તાકી રહ્યો હતો. તેની આંખો નીલી હતી અને ભરાવદાર દાઢી ઊજળી હતી. માએ ખોંખારો ખાધો અને બીકથી કમજોર બની ગયેલા હાથ ગળા ઉપર ઘસ્યા.

"આ બધું છે શું?" તેણે પરાણે ગળામાંથી અવાજ કાઢીને પૂછ્યું.

"નજરે જ જોઈ લો ને!" તેણે જવાબ આપ્યો અને મોં ફેરવી લીધું. એક બીજો ખેડૂત આવીને નજીક ઊભો રહ્યો.

રીબિનને લઈને આવતા પોલીસ ટોળાની સામે ઊભા રહી ગયા. ટોળું વધી રહ્યું હતું પણ ચુપ હતું. અચાનક રીબિનનો અવાજ લોકોનાં માથાંની ઉપર રણકી ઊઠયો:

"સચ્ચાઈના બેલીઓ! આપણ કિસાનોની જિંદગીની સચ્ચાઈ જાહેર કરતાં ચોપાનિયાં વિશે તો તમે સાંભળ્યું જ છે ને? તો એની જ સજા મને મળી રહી છે. એ ચોપાનિયાં મેં જ લોકોમાં વહેંચ્યાં છે!"

ટોળું રીબિન ફરતું નજીક ઘેરાયું. તેનો સ્વસ્થ અને એકધારો અવાજ સાંભળીને માના હોશકોશ ઠેકાણે આવી ગયા.

"સાંભળ્યું?" બીજો ખેડૂત નીલી આંખોવાળા ખેડૂતને કોણી મારતો બોલ્યો. પહેલા ખેડૂતે કશો જવાબ ન આપ્યો પણ માથું ઊંચું કરીને માની સામે જોયું. બીજાએ પણ માની ઉપર નજર ફેરવી, તે પહેલા ખેડૂત કરતાં નાનો હતો, તેને પાંખી કાળી દાઢી હતી, અને તેના દૂબળા ચહેરા ઉપર ખીલ ફૂટી નીકળેલા હતા. પછી બેઉ ખેડૂત ત્યાંથી ચાલ્યા ગયા.

"બીક લાગી હશે," માને થયું.

તેણે ધ્યાન કેંદ્રિત કર્યું. પરસાળમાંથી તેને મિખાઈલો ઇવાનોવિચનો ઘેરો ઉઝરડાયેલો ચહેરો અને ભાવાવેગથી ચળકતી આંખો સાફ નજરે પડતાં હતાં, તેને થયું કે મિખાઈલો ઇવાનોવિચ પણ તેને જોઈ લે તો સારું, એટલે તે ગરદન લંબાવીને પગની આંગળીઓના ટેકે ઊંચી થઈ ગઈ.

લોકો અબોલ રહીને તેને ગમગીન અવિશ્વાસની નજરે જોઈ રહ્યા હતા. માત્ર ટોળાના પાછળના ભાગમાં ગુસપુસ વાતચીત થઈ રહી હતી.

"કિસાનો!" રીબિન તંગ અને ભારે અવાજે બોલ્યો. "ચોપાનિયાંમાં લખેલી વાત ખરી માનજો! તેની કિંમત મારે કદાચ મારી જિંદગી વડે ચૂકવવી પડશે — મને ચોપાનિયાં ક્યાંથી મળેલાં એ ગોતી કાઢવા સારી પેઠે માર મારવામાં આવ્યો છે અને મારી ઉપર જુલમ ગુજારવામાં આવ્યો છે. મને ફરી પણ માર પડશે જ. પણ હું બધું સહન કરી લઈશ, કારણ કે એ ચોપાનિયાંમાં તો સચ્ચાઈ જ જાહેર કરવામાં આવી છે, અને આપણને રોજની રોટી કરતાંયે સચ્ચાઈ વધારે પ્યારી હોવી જોઈએ. સમજ્યા?"

"આવું કેમ બોલે છે?" પરસાળ પાસે ઊભેલા એક ખેડૂતે ધીમા અવાજે કહ્યું.

"અરે, હવે શું ફેર પડવાનો છે!" નીલી આંખોવાળો ખેડૂત બોલ્યો. "માણસને મોત તો એક જ વાર આવે!"

લોકો હજુ એક પણ શબ્દ બોલ્યા વગર ચુપચાપ ગમગીન ભાવે રીબિનને તાકી રહ્યા હતા. જાણે કોઈ અદૃશ્ય બોજ તેમની ઉપર લદાઈ ગયો હોય એમ લાગતું હતું.

પોલીસ સાર્જન્ટ લથડિયાં ખાતો પરસાળમાં આવ્યો.

"લવારો કોણ કરે છે?" તે નશાની હાલતમાં બરાડયો.

અચાનક તે પગથિયાં ઉપરથી નીચે સરકી પડયો. તેણે રીબિનના વાળ પકડીને તેને હલબલાવી નાખ્યો.

"તું લવારો કરે છે, હરામજાદા?" તેણે બરાડો પાડયો.

ટોળું સળવળી ઊઠયું અને ગણગણાટ કરવા લાગ્યું. માએ નિરુપાય વેદનાથી માથું નીચે ઢાળી દીધું. રીબિનનો અવાજ ફરી રણકી ઊઠયો:

"આમ જુઓ, ભલા ઇન્સાનો!.."

"ચુપ કર!" સાર્જન્ટે તેને કાન ઉપર મુક્કો માર્યો. રીબિન ગોથું ખાઈ ગયો અને તેના કંધા વળી ગયા.

"આ લોકો માણસના હાથ બાંધીને મરજી પડે એવો જુલમ કરે છે..."

"સિપાહીઓ, આને લઈ જાઓ! અને ભલા આદમીઓ, તમે સૌ ઘર ભેગા થઈ જાઓ!" સાર્જન્ટ હાડકું ચાવતા કૂતરાની જેમ રીબિનની સામે ઠેકડા મારતો તેને મોં ઉપર, છાતીમાં, અને પેટમાં મુક્કા મારવા લાગ્યો.

"મારપીટ બંધ કર!" ટોળામાંથી કોઈનો અવાજ સંભળાયો.

"મારે છે શું કામ?" બીજો એક અવાજ ટેકો આપતો ગરજી ઊઠયો.

"ચાલ," નીલી આંખોવાળા ખેડૂતે પોતાના સંગાથીને કહ્યું. બેઉ ચાલતા થઈ ગયા, અને મા માયાળુ નજરે તેમને નીરખતી રહી. પોલીસ સાર્જન્ટને કઢંગી રીતે પગથિયાં ચડીને પરસાળમાં જતો જોઈને તેણે રાહતનો શ્વાસ લીધો.

"અહીંયાં લઈ આવો! હમણાં બતાવી દઉં છું!" તે મુક્કો હલાવતો બરાડયો.

"રહેવા દો!" ટોળામાંથી જોરદાર અવાજ સંભળાયો. હાકલ કરનારો આદમી નીલી આંખોવાળો ખેડૂત હતો. "ભાઈઓ, એને અંદર લઈ જવા દેશો નહિ! એક વાર અંદર લઈ ગયા એટલે માર મારીને એનો જાન કાઢી નાખશે, અને પછી આપણી ઉપર આળ ચડાવશે. અંદર લઈ જવા દેશો નહિ!"

"કિસાનો!" મિખાઈલોનો અવાજ રણકી ઊઠયો. "તમે નથી જાણતા કે તમારી જિંદગી કેવી કંગાલ છે? તમે નથી જાણતા કે તમને કેવી રીતે છેતરવામાં ને લૂંટવામાં આવે છે અને તમારું લોહી ચૂસી લેવામાં આવે છે? તમામ દોલત તમે જ પેદા કરો છો—તમે પૃથ્વીના પટ ઉપર સૌથી મોટી તાકાત છો—પણ તમને કશા હક છે ખરા? ફક્ત ભૂખે મરી જવાનો હક છે!"

એકાએક કિસાનો ઉપરાઉપરી બોલતા દેકારો કરવા લાગ્યા.

"ખરી વાત છે!"

"મોટા પોલીસ અફસરને બોલાવો! ક્યાં છે?"

"સાર્જન્ટ બોલાવવા ગયો છે."

"દારૂડિયો?"

"અફસરોને બોલાવવાનું કામ આપણું નથી."

દેકારો વધી ગયો.

"તુંતારે બોલ! તને માર નહિ ખાવા દઈએ! અમે ઊભાં છીએ!"

"એના હાથ છોડી નાખો!"

"પકડાઈ જતો નહિ!"

"દોરીથી મારાં કાંડાં કપાઈ રહ્યાં છે," બીજા બધા અવાજો રીબિનના ઊંડા રણકતા અવાજમાં ડૂબી ગયા. "ખેડૂતો, હું ભાગી નહિ જાઉં! સચ્ચાઈથી છુપાઈને ક્યાં રહું? એ તો મારી અંદર જ ધબકી રહી છે!"

થોડાક માણસો ટોળામાંથી અળગા થઈને એક તરફ ઊભા રહી ગયા અને કંઈક ને કંઈક બોલતા બોલતા હાથ હલાવવા લાગ્યા. પરંતુ વધારે ને વધારે સંખ્યામાં ચીંથરેહાલ માણસો ઉત્તેજિત હાલતમાં દોડતા આવીને એકઠા થવા લાગ્યા. તેઓ રીબિન ફરતે જમા થઈ રહ્યા હતા અને તેમની વચ્ચે રીબિન જાણે કોઈ વનમંદિરની જેમ ખડો હતો. તે હાથ હલાવતો મોટે અવાજે બોલી રહ્યો હતો:

"અહેસાન, ભલા ભાઈઓ, તમારું મોટું અહેસાન! આપણે એકબીજાનાં બંધન નહિ છોડીએ તો બીજું કોણ આપણને છોડાવવાનું છે!"

તેણે દાઢી લૂછી અને લોહીથી ખરડાયેલો હાથ ઊંચો કર્યો.

"જુઓ—આ મારું લોહી—સચ્ચાઈને ખાતર વહેવડાવવામાં આવેલું લોહી!"

મા પરસાળનાં પગથિયાં ઊતરી ગઈ, પણ ટોળામાં ઘેરાઈ ગયેલો મિખાઈલો નીચેથી નજરે ન પડયો એટલે તે પાછી ઉપર ચડી. તેના દિલમાં કશાક અસ્પષ્ટ સુખની લાગણી ફડફડાટ કરી રહી હતી.

"કિસાનો! ચોપાનિયાં મેળવી લો અને વાંચો! પાદરીઓ અને સત્તાધારીઓ તમને કહેશે કે સચ્ચાઈની હિમાયત કરનારા ઈન્સાનો નાસ્તિક અને બંડખોર છે—પણ તેમની વાત માનશો નહિ! સચ્ચાઈ લપાતી છુપાતી જગતમાં ભટકી રહી છે અને જનતાની અંદર રહેવાની જગ્યા ગોતી રહી છે. સત્તાધારીઓની

નજરમાં તો એ આગ અને તલવાર જેવી છે. તેઓ એને કદી નહિ અપનાવે — એ તેમને વાઢી નાખશે અને બાળીને રાખ કરી નાખશે! સચ્ચાઈ તમારે માટે અચ્છા દોસ્ત જેવી છે, પણ તેમને માટે કટ્ટર દુશ્મન જેવી છે. એટલે જ તે લપાતી છુપાતી જગતમાં ભટકી રહી છે!"

ટોળામાં વળી પાછા અવાજો ઊઠવા લાગ્યા:

"સચ્ચાઈના બેલીઓ, સાંભળી લો!"

"તારો અંજામ બૂરો આવવાનો છે, ભાઈ!"

"તને પોલીસના હાથમાં કોણે પકડાવી દીધો?"

"પાદરીએ!" એક પોલીસ બોલી ઊઠયો.

બે કિસાનોએ આકરી ગાળો દીધી.

"સાવધાન, ભાઈઓ!" કોઈએ ચેતવણીનો પોકાર કર્યો.

૧૬

વડો પોલીસ અફસર ટોળા તરફ આવી રહ્યો હતો. તે કદાવર બાંધાનો ઊંચો આદમી હતો અને તેનો ચહેરો ગોળ હતો. તેણે ટોપી એક તરફ કાન ઉપર દબાવી દીધી હતી. તેની એક મૂછ ઉપર અને બીજી નીચે વાળેલી હતી, એટલે તેના હોઠ ઉપર બેજાન મલકાટ કાયમ છવાયેલો લાગતો. તેણે ડાબા હાથમાં તલવાર પકડી રાખી હતી અને તે જમણો હાથ જોર જોરથી હલાવી રહ્યો હતો. તેનાં મક્કમ ભારે પગલાંનો અવાજ સૌને સંભળાયો. ટોળાના માણસોએ ખસી જઈને તેને માર્ગ કરી આપ્યો, અને પાણી જમીનમાં શોષાઈ જાય એવી રીતે દેકારો શમી ગયો. તમામ ચહેરાઓની ઉપર ગમગીની છવાઈ ગઈ. માને પોતાની આંખો સળગી રહી હોય અને કપાળના સ્નાયુઓ ફરકી રહ્યા હોય એમ લાગ્યું. તેને ફરી વાર ટોળામાં સામેલ થઈ જવાનું મન થયું. તે આગળ નમીને બેચેન અને સ્થિર ઊભી રહી.

પોલીસનો ઉપરી રીબિનની સામે ખડો રહી ગયો અને તેની ઉપર મિજાજી નજર ફેરવતો બોલ્યો: "આ બધું શું છે? આના હાથ કેમ બાંધેલા નથી? સિપાહીઓ, હાથ બાંધી લો!"

તેનો અવાજ તીણો ને રણકતો પણ બેનૂર હતો.

"હાથ તો બાંધેલા હતા. લોકોએ છોડી નાખ્યા," એક પોલીસ બોલ્યો.

"એ વળી શું? લોકો? કોણ લોકો?"

પોલીસના ઉપરીએ પોતાની સામે અર્ધ ગોળાકારે ઊભેલા ટોળા ઉપર નજર ફેરવી.

"કોણ છે લોકો?" તેણે પોતાના બેનૂર અવાજમાં મુદ્દલ ફેર પાડ્યા વગર પૂછ્યું. પછી તેણે તલવારની અણી નીલી આંખોવાળા ખેડૂતની છાતીએ અડાડીને સવાલ કર્યો:

"લોકો એટલે તું, ચુમાકોવ? વારુ, અને બીજું કોણ? તું, મીશિન?" તેણે જમણા હાથ વડે બીજા એક ખેડૂતની દાઢી પકડી. "રસ્તે પડી જાઓ, હરામજાદાઓ, નહિતર જોવા જેવી થશે, હાડકાં ખોખરાં થઈ જશે!"

તેના મોં ઉપર ખીજ કે ધાકધમકીના ભાવ નહોતા. તે શાંત અવાજે બોલતો હતો અને લાંબા હાથ ટેવ મુજબ ઉગામીને માણસોને ફટકારતો હતો. ખેડૂતો માથાં ઢાળી દઈને અને નજર બીજી તરફ ફેરવી લઈને પાછા હઠવા લાગ્યા.

"અને તમે કેમ બાઘા જેવા ઊભા છો?" તેણે પોલીસોને કહ્યું. "આના હાથ બાંધી લો!"

તેણે ગાળોની ઝડી વરસાવી દીધી અને ફરી રીબિનની સામે જોયું.

"હાથ પીઠ પાછળ કરી દે!" તે બરાડી ઊઠ્યો.

"હાથ નહિ બંધાવું," રીબિન બોલ્યો. "હું ભાગી જવાનો નથી અને મારામારીયે કરવાનો નથી, પછી હાથ બાંધવાની શી જરૂર છે?"

"શું બોલ્યો?" પોલીસનો ઉપરી તેની તરફ ડગલું ભરતો બોલ્યો.

"લોકોની ઉપર જુલમ વરસાવવાનું બંધ કરી દો, જનાવરો!" રીબિન ઊંચા અવાજે બોલ્યો. "તમારાં પાપનો ઘડો હવે ભરાઈ ગયો છે!"

પોલીસના ઉપરીની નજર જાણે રીબિનના ચહેરા ઉપર જડાઈ ગઈ. તેની મૂછો ફરકવા લાગી.

"કૂતરીના પેટના! જીભડો ચલાવે છે, એમ ને!" આભો બની જઈને એક કદમ પાછળ હઠી જતાં તેણે ફૂંફાડો માર્યો.

અચાનક તેણે રીબિનના મોં ઉપર જોરથી મુક્કો લગાવી દીધો.

"સચ્ચાઈ મુક્કાથી ખતમ નહિ થઈ જાય!" રીબિને તેની તરફ ડગલું ભરતાં ત્રાડ પાડી. "અને મને મારવાનો તને જરાય હક નથી, ગંધારા કૂત્તા!"

"મને હક નથી? મને?" પોલીસનો ઉપરી ચીસ પાડતો બોલ્યો.

તેણે રીબિનના માથાનું નિશાન લઈને ફરી મુક્કો ઝીંક્યો, પણ રીબિન ખસી ગયો અને વાર ખાલી ગયો. પોલીસનો ઉપરી લગભગ ગોથું ખાઈ ગયો.

ટોળામાં કોઈ હસી પડ્યું, અને ફરી વાર રીબિનનો રોષભર્યો અવાજ રણકી ઊઠયો:

"મને હાથ લગાડવાની હિંમત કરતો નહિ, શયતાન ક્યાંનો!"

પોલીસ અફસરે આસપાસ નજર ફેરવીને જોયું તો લોકો પરસ્પર નિકટ સરકીને ઘેરું બેચેન કુંડાળું રચી રહ્યા હતા.

"નિકીતા!" ઉપરીએ ઘાંટો પાડયો. "નિકીતા, અહીં આવ!"

એક ઠીંગણો ને જાડિયો ખેડૂત આગળ આવ્યો. તેણે ઘેટાની ખાલનો કોટ પહેર્યો હતો. તેનું વીખરાયેલા વાળવાળું મોટું માથું નીચે નમી ગયું હતું.

"નિકીતા!" પોલીસના ઉપરીએ સ્વસ્થતાથી મૂછો ફરકાવતાં કહ્યું. "આને લમણા ઉપર એક મુક્કો લગાવ—જોરથી!"

ખેડૂત આગળ ડગલું ભરીને રીબિનની સામે ખડો રહી ગયો. તેણે માથું ઊંચું કર્યું. રીબિને મક્કમ જોરદાર શબ્દો તેની સામે ફંગોળ્યા:

"જોઈ લો, ભાઈઓ, આ જનાવરો તમારી ગળચી દબાવી દેવા કેવી રીતે તમારા જ હાથને કામે લગાડે છે! બરાબર જોઈ લો અને મનમાં વિચારી લો!"

ખેડૂતે ધીરે ધીરે હાથ ઊંચો કર્યો અને રીબિનના માથા ઉપર હળવેથી મુક્કો માર્યો.

"મુક્કો આવી રીતે મરાય, હરામજાદા?" ઉપરી ચીસ પાડી ઊઠયો.

"અરે નિકીતા!" ટોળામાંથી અવાજ સંભળાયો. "પરમાત્માને ભૂલતો નહિ!"

"લગાવ! કહું છું કે લગાવ!" ઉપરીએ ખેડૂતને ગરદન પકડીને હલાવતાં બરાડો પાડયો. પણ નિકીતા માથું નીચે ઢાળીને આઘો ખસી ગયો.

"બસ, વધારે મારાથી નહિ થાય..." તે ગણગણ્યો.

"શું બોલ્યો?"

પોલીસના ઉપરીને ચહેરામાં જાણે આંકડી આવી ગઈ. તે પગ પછાડતો ને ગાળો ભાંડતો રીબિન તરફ ધસી ગયો. પછી ફટકાનો ઠબકારો સંભળાયો અને રીબિન ગોથું ખાઈ ગયો. તેણે હાથ ઊંચો કર્યો, પણ બીજો ફટકો પડતાં તે પડી ગયો. પોલીસનો ઉપરી તેને છાતીમાં, પડખાંમાં, અને માથામાં લાતો ઝીંકવા લાગ્યો.

ટોળામાં ખીજનો ગણગણાટ શરૂ થઈ ગયો. લોકો પોલીસના ઉપરીની તરફ કદમ ભરવા લાગ્યા, પણ તે સમજી ગયો. તેણે પાછળ હઠી જતાં મ્યાનમાંથી તલવાર ખેંચી કાઢી.

"આ શું? બળવો? એમ? બળવો કરો છો?.."

તેનો અવાજ કંપીને ભાંગી ગયો. તેના ગળામાંથી વ્યર્થ ફુત્કાર નીકળવા લાગ્યા. અવાજ ભેગી તેની તાકાત પણ ઓસરી ગઈ. તેનું માથું ઢળી ગયું, ખભા ઢીલા પડી ગયા, અને તે કાળજીથી કદમ માંડીને પાછળ હઠતો ફિક્કી નજર આસપાસ ફેરવવા લાગ્યો.

"સારી વાત છે," તે ઘોઘરા અવાજે બોલ્યો. "લઈ જાઓ એને—હું જાઉં છું. હરામજાદાઓ, તમને ખબર નથી કે એ રાજનો ગુનેગાર છે? તમને ખબર નથી કે એ લોકોને ઝારની સામે ઉશ્કેરે છે? અને તમે એનો બચાવ કરો છો! તમે બધા પણ બળવાખોર છો, સમજ્યા ને?"

મા જરાય હલ્યા વગર અને પલકારોયે માર્યા વગર ઊભી હતી. તેની શક્તિ સાવ ઓસરી ગઈ હતી, અને બીક તથા અનુકંપાને લીધે તેનું મન જાણે કોઈ કુસ્વપ્ન જોયું હોય એમ સાવ બહેર મારી ગયું હતું. લોકોના ગમગીન, કચવાયેલા, અને ખીજભર્યા અવાજો તેના માથામાં જાણે મધપૂડાની જેમ ગણગણાટ કરી રહ્યા હતા. પોલીસના ઉપરીનો કંપતો અવાજ અને કોઈનાં ગુસપુસ વેણ તેને કાને પડયાં:

"ગુનેગાર હોય તો અદાલતમાં પેશ કરો..."

"એની ઉપર દયા કરો, નામદાર..."

"આવા વર્તનની છૂટ કોઈ કાયદો નથી આપતો, હા વળી, ખરી વાત છે!

"ખરેખર! આવું ચલાવી લેવામાં આવે તો તો માણસને ગમે ત્યારે ગમે તેના હાથે માર પડે. વાહ, આ તો મઝાની વાત!.."

ટોળું બે જૂથોમાં વહેંચાઈ ગયું. એક જૂથ પોલીસના ઉપરીને ઘેરીને ઘાંટા પાડવા તથા આજીજી કરવા લાગ્યું. બીજું નાનું જૂથ ઘવાયેલા આદમી ફરતું ઊભું રહીને ખોફનાક ગણગણાટ કરવા લાગ્યું. તેમાંથી કેટલાક માણસોએ રીબિનને મદદ કરીને ઊભો કર્યો. પોલીસોએ ફરી વાર રીબિનના હાથ બાંધવાની કોશિશ કરી એટલે તેઓ ગરજી ઊઠયા:

"બહુ ઉતાવળ સારી નથી, શયતાનો!"

મિખાઈલોએ મોં અને દાઢી ઉપરથી ધૂળ અને લોહી લૂછતાં લૂછતાં આસપાસ જોયું. તેની નજર માની ઉપર પડી. મા ચોંકી ગઈ અને અનાયાસે જ તેની તરફ લળતી હાથ હલાવવા લાગી. પણ તે બીજી તરફ ફરી ગયો. થોડીક વાર પછી તેની નજરે ફરી માનો ચહેરો ગોતી કાઢયો. માને લાગ્યું કે

તે ટટ્ટાર થઈ ગયો અને તેણે માથું ઊંચું કર્યું. તેના લોહીથી ખરડાયેલા ગાલ ફરકી રહ્યા હતા.

"મને ઓળખી લીધી — ખરેખર ઓળખી લીધી હશે?"

તેણે રીબિનની સામે જોતાં માથું હલાવ્યું. બેહદ તલસાટથી તેની કાયા કંપવા લાગી. બીજી જ પળે તેના ધ્યાનમાં આવ્યું કે નીલી આંખોવાળો ખેડૂત રીબિનની પાસે ઊભો છે અને તે પણ નજર તાકીને જોઈ રહ્યો છે. તેની નજરથી માના દિલમાં બીકનો થડકારો થઈ ગયો.

"આ હું શું કરું છું? ક્યાંક મનેય પકડી લેશે!"

ખેડૂતે રીબિનને કંઈક કહ્યું, અને રીબિને જવાબમાં માથું હલાવ્યું.

"પરવા નહિ," તે કંપતા પણ સાફ અને હિંમતથી છલકાતા અવાજે બોલ્યો. "જગતમાં હું કંઈ એકલો નથી! પૂરી સચ્ચાઈને એ લોકો નહિ જકડી શકે! હું જ્યાં જ્યાં ગયો છું ત્યાં મારી યાદ કાયમ રહેશે. એ લોકોએ માળો ભલે પીંખી નાખ્યો... બધા સાથીઓને ભલે પકડી લીધા..."

"મને જણાવવા જ કહી રહ્યો છે," માને ખ્યાલ આવી ગયો.

"પણ એક દિવસ એવો ચોક્કસ આવશે જ કે જ્યારે ગરુડો આકાશમાં આઝાદ ઉડાન કરશે — લોકો જંજીરોના ભુક્કા ઉડાડી નાખશે!"

એક બાઈ પાણી લઈને આવી અને રોતી રોતી રીબિનનું મોં ધોવા લાગી. તેનો તીણો શોકમય વિલાપ મિખાઈલોના અવાજ જોડે ભળી જતો હતો, એટલે માને શબ્દો બરાબર સમજાતા નહોતા. કિસાનોનું એક જૂથ આગળ આવ્યું. મોખરે પોલીસનો ઉપરી હતો.

"કેદીને લઈ જવા ગાડી લાવો! કોનો વારો છે?" કોઈએ ઘાંટો પાડ્યો.

પછી પોલીસના ઉપરીનો સાવ બદલાઈ ગયેલો અવાજ સંભળાયો. તેમાં જાણે માઠું લાગ્યું હોય એવો ભાવ હતો.

"હું તને મારી શકું," તેણે કહ્યું, "પણ તારાથી મને ન મરાય. એવી હિંમત જ ન કરાય, મૂરખા!"

"એમ કે? તું તારી જાતને શું સમજે છે — પરમાત્મા?" રીબિન ગરજી ઊઠ્યો.

તેનો અવાજ હળવે બોલાતાં વેણના અચાનક શરૂ થઈ ગયેલા ગુંજારવમાં ડૂબી ગયો.

"અરે ભાઈ, એની જોડે જીભાજોડી રહેવા દે ને! એ તો સરકારી માણસ છે!"

"નામદાર, એની ઉપર ખીજે ન ભરાશો, એનું મન ઠેકાણે નથી!"

"ચુપ મર, ગધેડા!"

"તને શહેરમાં લઈ જવાના છે."

"શહેરમાં થોડાઘણા કાયદાકાનૂન તો છે!"

લોકોના ઉદ્‌ગારોમાં વિનવણી અને સમાધાનના ભાવ હતા. ભેગા મળીને અસ્પષ્ટ ગુંજન બની રહેતા એ ઉદ્‌ગારોમાં આશાની છાયા જરાય નહોતી વરતાતી. પોલીસો રીબિનને હાથ પકડીને પગથિયાં ચડાવતા વહીવટી કચેરીના મકાનમાં લઈ ગયા. ખેડૂતો ધીરે ધીરે વિખેરાઈ ગયા. માને નીલી આંખોવાળો ખેડૂત નજીક આવતો દેખાયો. તે ભવાં નીચાં કરીને માની સામે જોઈ રહ્યો હતો. માના ગોઠણ જાણે ફસકી પડયા, તેના હૈયામાં હતાશા ઊભરાઈ આવી, અને તેને જાણે ઊબકા આવવા લાગ્યા.

"ચાલી જાઉં એ તો ઠીક નહિ," તેને થયું, "ના, ઊભી જ રહીશ."

તે કઠેરાનો સળિયો જોરથી પકડીને ઊભી રહી.

પોલીસનો ઉપરી પરસાળમાં ઊભો ઊભો હાથ હલાવી રહ્યો હતો અને ઠપકાનાં વેણ કહી રહ્યો હતો. તેનો અવાજ વળી પાછો નીરસ અને ચેતનહીન બની ગયો હતો.

"તમે ગધેડા છો, કૂતરીના પેટના છો. તમને કશી ગતાગમ ન હોય એવી વાતોમાં માથું મારો છો. આ તો રાજની વાત છે, ડુક્કરો! મારું અહેસાન માનો. હું આટલી ભલાઈ દેખાડું છું એના બદલામાં તમારે મારા પગમાં પડી જવું જોઈએ, સમજ્યા? હું ધારું તો તમને બધાયને સખત કેદની સજા કરાવી શકું."

વીશ કે ત્રીસ કિસાનો માથાં ઉઘાડાં રાખીને તેનો લવારો સાંભળી રહ્યા હતા. વાદળાં ઘેરાઈ ગયાં અને અંધારું થઈ ગયું. નીલી આંખોવાળો ખેડૂત માની નજીક આવ્યો.

"જોયું ને, અહીં કેવી હાલત છે?"

"હા," મા ધીમા અવાજે બોલી.

"અહીંયાં શા કામે આવ્યાં છો?" તેણે નજર સીધી માની આંખોમાં પરોવીને પૂછ્યું.

"હું ખેડૂત બાઈઓ પાસેથી ગૂંથણ અને વણાટની ચીજો ખરીદું છું."

ખેડૂત દાઢી ઉપર ધીરે ધીરે હાથ ફેરવવા લાગ્યો.

"અમારે ત્યાં એવી ચીજો નથી બનતી," તેણે લૂખા ધીમા અવાજે કહ્યું, અને વહીવટી કચેરીના મકાન તરફ નજર નાખી.

મા એક ઝડપી નજર તેની ઉપર નાખીને અંદર ચાલ્યા જવાના મોકાની વાટ જોવા લાગી. ખેડૂતનો ચહેરો દેખાવડો ને વિચારમય હતો, અને તેની આંખો શોકમય હતી. તે ઊંચો હતો અને તેના ખભા પહોળા હતા. તેણે સાફ સુતરાઉ ખમીસ અને હાથવણાટના પાટલૂનની ઉપર થીગડાં મારેલી બંડી પહેરી હતી. તેના મોજાં વગરના પગમાં ઘસાઈ ગયેલા બૂટ હતા.

કોણ જાણે કેમ પણ માથી રાહતનો શ્વાસ લેવાઈ ગયો. મનમાં ઘોળાતા વિચારો કરતાં વધારે વેગીલી અંતરપ્રેરણાને વશ થઈ જઈને તેણે અચાનક સવાલ પૂછ્યો: "મને તારે ત્યાં રાતવાસો રહેવા દઈશ?"

એટલું બોલતાંની સાથે જ તેની આખી હસ્તીમાં બધું જ — હાડકાં, સ્નાયુઓ — બધું જ જાણે ખેંચાઈને તંગ બની ગયું. તેણે કાયા ટટ્ટાર કરીને અપલક નજર આદમીની ઉપર ઠેરવી. પરંતુ શૂળ જેવા વિચારો તેના મનમાં ભોંકાઈ રહ્યા હતા: "હું નિકોલાઈ ઈવાનોવિચની જિંદગી તારાજ કરી નાખવાની! પાવેલને ઘણા ઘણા વખત સુધી નહિ મળાય! અને એ લોકો મને મારશે."

ખેડૂતે બંડીનાં બટન ભીડતાં નજર જમીન ઉપર ઠેરવીને ધીરે ધીરે જવાબ આપ્યો:

"મારે ત્યાં રાતવાસો? કેમ નહિ? પણ મારું તો ગરીબનું ઝૂંપડું છે."

"મારી જિંદગી જરાય બહેતર નથી," મા બોલી.

"ઠીક ત્યારે," ખેડૂત માથું ઊંચું કરીને નજર વડે તેને અંદાજતો માની ગયો. સાંજનો વખત થઈ ગયો હતો અને સંધ્યાનાં ઘેરાતાં અંધારાંમાં ખેડૂતનો ચહેરો અને આંખો ટાઢા ચળકારા મારી રહ્યાં હતાં.

"તો હવે હું ઉતાવળ કરું. મારી સંદૂક તું ઉપાડી લેશે ને?" માએ હળવા અવાજે કહ્યું. તેને મનમાં થઈ રહ્યું હતું કે હું નીચે ને નીચે ગબડી રહી છું.

"ભલે."

તેણે ખભા ઉચકાવ્યા અને બંડીનાં ખૂલી ગયેલાં બટન ફરી ભીડી દીધાં.

"ગાડી આવી ગઈ," તેણે કહ્યું.

સામેના મકાનની પરસાળમાં રીબિન નજરે પડ્યો. તેના માથા અને ચહેરા ઉપર કશુંક રાખોડી લપેટેલું હતું અને તેના હાથ બાંધેલા હતા.

"અલવિદા, ભલા ઈન્સાનો!" સંધ્યાના ઠંડા અંધારામાં તેનો અવાજ ગુંજી ઊઠ્યો. "સચ્ચાઈની તલાશ કરો અને તેનું જતન કરો! ઈમાનદારીનું વેણ લઈને આવતા ઈન્સાનની ઉપર ભરોસો રાખો, અને સચ્ચાઈની રખેવાળીમાં જરાય પાછી પાની ન કરો!"

"ચુપ મર!" પોલીસના ઉપરીએ બરાડો પાડયો. "ગધેડા સિપાહીઓ, ઘોડાને ચાબુક ફટકારો!"

"તમારે ગુમાવવાનું શું છે? જુઓ તો ખરા કે તમારી જિંદગી કેવી કંગાલ છે!" ગાડી રવાના થઈ ગઈ. "તમારે ભૂખમરો વેઠતાં વેઠતાં મોતના શિકાર બની જવાની શી જરૂર છે?" રીબિને હાકલ કરી. તે બે પોલીસોની વચ્ચે બેઠો હતો. "તમને આઝાદી મળશે તો રોટી ને ઈનસાફ પણ મળશે! અલવિદા, ભલા ઈન્સાનો!"

તેનો અવાજ પૈડાંના ખડખડાટમાં, ખરીઓના ટપટપાટમાં, અને પોલીસના ઉપરીના બરાડાઓમાં ડૂબી ગયો.

"લઈ ગયા!" ખેડૂત માથું હલાવતો બોલ્યો, અને પછી માની તરફ ફરીને તેણે કહ્યું: "તમે સ્ટેશનમાં મારી વાટ જોજો. હું હમણાં આવું છું."

મા ઓરડામાં જઈને સમોવારની સામે ટેબલ પાસે બેસી ગઈ. તેણે પ્લેટમાંથી રોટીનો ટુકડો હાથમાં લીધો, ધારી ધારીને જોયો, અને પાછો મૂકી દીધો. તેને ખાવાનું જરાય મન નહોતું. તેને જાણે ફરી ઊબકા આવી રહ્યા હતા, બેચેન બનાવી દે એવી ગરમી લાગતી હતી. ઊબકાંને લીધે તેને કમજોરી આવી ગઈ, તેના દિલમાંથી જાણે બધું લોહી શોષાઈ ગયું, અને તેને આંખે અંધારાં આવી ગયાં. તેની નજર સામે નીલી આંખોવાળા ખેડૂતનો ચહેરો તરવરવા લાગ્યો—અજબ ચહેરો હતો, કોણ જાણે કેમ પણ અધૂરો અને અવિશ્વાસ પેદા કરતો. એ માણસ દગાખોરી કરશે એવો ખ્યાલ તેને મનમાં નહોતો આવવા દેવો, પણ એવો ખ્યાલ તેના મનમાં ઘૂસી ગયો હતો અને જાણે ગમત ભાર બનીને તેના દિલને દબાવી રહ્યો હતો.

"હું એના ધ્યાનમાં આવી ગઈ," તે નબળાઈ અનુભવતી વિચારવા લાગી. "ધ્યાનમાં આવી ગઈ અને એ સમજી ગયો."

ખ્યાલ જાણે ઊબકા અને હતાશાના કળણમાં સપડાઈ ગયો હોય એમ આગળ ન વધ્યો.

ચોકમાં થયેલી ધમાલ પછી છવાઈ ગયેલી શૂન્ય નીરવતા સાફ જાહેર કરતી હતી કે ગામવાસીઓ દબાઈ ગયા છે, ડરી ગયા છે. એથી માની એકલતા વધી ગઈ અને તેના દિલમાં રાખ જેવી મુલાયમ અને ઘેરી ગમગીની છવાઈ ગઈ.

કામવાળી છોકરી બારણે આવી.

"ઈંડાં તળીને લઈ આવું? ખાશો?"

"ના, રહેવા દે. મને ખાવાનું મન નથી. આ ઘાંટા ને બરાડાથી ત્રાસી ગઈ છું."

છોકરી ટેબલ નજીક આવી. "પોલીસના ઉપરીએ બિચારાને એવો માર્યો કે બસ! તોબા!" તે ઉત્તેજિત થઈને હોઠ ફફડાવતી બોલી. "હું નજીકમાં જ ઊભી હતી. એના દાંત તોડી નાખ્યા. માણસ બિચારો થૂંક્યો તો લોહી ઘાડું ને ઘેરું લાલ! અને એની આંખો તો સખત સૂજી ગયેલી! ડામર બનાવવાનું કામ કરે છે. સાર્જન્ટ ઉપર ઘેનમાં ચકચૂર પડયો છે અને હજી વધારે દારૂ માગે છે. કહે છે કે આખી ટોળકી હતી અને આ દાઢીવાળો મુખી હતો—જાણે સરદાર. ત્રણ પકડાઈ ગયા અને એક છટકી ગયો. નિશાળના એક માસ્તરને પણ પકડી લીધો છે—એ પણ ટોળકીનો જ આદમી હતો. એ લોકો પરમાત્મામાં નથી માનતા, અને બીજા લોકોની આસ્થા પણ ડગાવી દે છે જેથી દેવળોની દોલત લૂંટી લેવાય. એવા માણસો છે! અમારા કેટલાક ખેડૂતોને એ લોકોની દયા આવે છે, પણ બીજા તો કહે છે કે એ બધાયને ફાંસીએ લટકાવી દેવા જોઈએ. એવા હલકટ ખેડૂતો અમારે ત્યાં ઘણા છે!"

મા છોકરીની વેગીલી અસંબદ્ધ વાણી ધ્યાનથી સાંભળતી રહી અને બીક તથા નિરાશાજનક ખ્યાલોને મનમાંથી ફગાવી દેવાની કોશિશ કરતી રહી. છોકરીને તો મનનો ઊભરો ખાલી કરવા કોઈ મળી ગયું એથી જાણે બેહદ ખુશી થઈ હતી. તે વધારે જોશમાં આવીને આગળ બોલવા લાગી:

"મારા બાપુ તો કહે છે કે આ બધું નબળા પાકને લીધે છે. બે વરસથી જમીનમાં કશું નથી ઊપજ્યું અને ખેડૂતોની હાલત કપરી બની ગઈ છે. એટલે જ તેમનાં માથાં વીફરી ગયાં છે. ગામના માણસો ભેગા થાય ત્યારે રાડારાડી ને લડાઈ ઝઘડા થાય છે. વાસુકોવનાં કરજ ભરી દેવા એનો બધો સરસામાન વેચી નાખવામાં આવ્યો ત્યારે એણે મુખીને ગાલ ઉપર એવો તમાચો ચોડી દીધેલો કે બસ! 'આ લે, મારાં કરજ!' એણે કહેલું."

બારણાંની બહાર ભારે પગલાંનો અવાજ સંભળાયો. મા ટેબલ પકડીને ઊભી થઈ ગઈ.

નીલી આંખોવાળો ખેડૂત અંદર આવ્યો અને માથેથી ટોપી ઉતારવાની તસ્દી લીધા વગર જ બોલ્યો: "ક્યાં છે સંદૂક?"

તેણે સંદૂક ઉપાડીને હલાવી જોઈ.

"સાવ ખાલી છે. માર્કા, આ બાઈને મારે ઝૂંપડે પહોંચાડી દે."

તે પાછળ નજર નાખ્યા વગર ચાલતો થઈ ગયો.

"રાત અહીંયાં રહેવાનાં છો?" છોકરીએ પૂછ્યું.

"હા. ગૂંથણની ચીજો લેવી છે. એનું જ કામ કરું છું..."

"અહીંયાં એવી ચીજો નથી બનતી. તિનકોવો ને દાર્યીનામાં બને છે, અહીંયાં નહિ," છોકરીએ ખુલાસો કર્યો.

"તો કાલે એ તરફ જઈશ."

માએ ચાના પૈસા ચૂકવીને પછી છોકરીને ત્રણ કોપેકની બક્ષીસ આપી. છોકરી રાજી રાજી થઈ ગઈ. તેઓ બહાર નીકળ્યાં અને છોકરી ભીની જમીન ઉપર ઉઘાડા પગે ફૂર્તિલાં ડગલાં ભરવા લાગી.

"તમે કહેતાં હો તો હું દાર્યીના જઈને કહી આવું કે ગૂંથણની ચીજો અહીંયાં લઈ આવે," તેણે કહ્યું. "તમારી ત્યાં જવાની તકલીફ ટળી જશે, બાર જ કિલોમીટરનો રસ્તો છે."

"ના, ના, જરૂર નથી," મા ભેગી ચાલવા ઉતાવળે કદમ માંડતી બોલી. ઠંડી હવાથી તેને તાજગી મળી, અને શું કરવું તેનો આછો ખ્યાલ તેના મનમાં ઘડાવા લાગ્યો. ખ્યાલ ધીરે ધીરે અને દુવિધાના ભાવે ઘડાઈ રહ્યો હતો, પણ તેમાં સફળતાની શક્યતા હતી. વિચારને પ્રવેગ આપવા તે વારંવાર મનમાં ને મનમાં સવાલ કરવા લાગી: "શું કરું? સાફ સાફ બધી વાત કહી દઉં તો..."

રાતની હવામાં ઠંડક અને ભીનાશ હતી. ઝૂંપડાંની બારીઓમાં રતાશ પડતી બત્તીઓ એકધારી ટમટમી રહી હતી. ભરવાડોના ઘાંટા અને ઊંઘટિયાં ઢોરના ભાંભરડાના અવાજો નીરવતામાં ભંગ પાડતા હતા. ગામ જાણે અંધકાર તથા ચિંતામય વિચારોની પછેડીમાં લપેટાઈ ગયું હતું.

"લો, પહોંચી ગયાં," છોકરી બોલી. "તમે રાતવાસો રહેવા ખરેખર કંગાલ ઝૂંપડું ગોતી કાઢ્યું છે—બિચારો સાવ ગરીબ ખેડૂત છે..."

તેણે અંધારામાં ફંફોળીને બારણું ખોળી કાઢ્યું અને ધક્કો મારીને ઉઘાડી નાખતાં મોટેથી સાદ પાડ્યો: "તાત્યાના કાકી!"

પછી તે દોડતી રવાના થઈ ગઈ.

"આવજો!" અંધકારને ચીરતો તેનો અવાજ કાને પડ્યો.

૧૭

મા અંદર ગઈ અને ઝૂંપડામાં સરખી રીતે જોવા માટે તેણે આંખની ઉપર કપાળે હથેલી ગોઠવી. ઝૂંપડું નાનકડું હતું પણ સફાઈ ને સુઘડતા તરત જ હૈયે વસી જાય એવી હતી. એક જુવાન બાઈએ સગડી પાછળથી માની સામે નજર

નાખીને કંઈ બોલ્યા વગર માથું હલાવ્યું, અને પછી તે પાછી અદૃશ્ય થઈ ગઈ. ટેબલ ઉપર ગોઠવેલી બત્તી અજવાળું પાથરતી હતી.

ઝૂંપડાનો માલિક ટેબલ પાસે બેઠો બેઠો બેચેનીથી આંગળીઓ ટપટપાવી રહ્યો હતો. તેણે બારીક નજર માની આંખોમાં પરોવી.

"આવો," થોડી વારે તે બોલ્યો. "તાત્યાના, જઈને પ્યોતરને બોલાવી લાવ, ઉતાવળી થા!"

બાઈ માની સામે જોયા વગર બહાર ચાલી ગઈ. મા આદમીની સામે બાંકડા ઉપર બેસી ગઈ અને આસપાસ નજર ફેરવવા લાગી. તેની સંદૂક ક્યાંય દેખાતી નહોતી. ઝૂંપડામાં સૂનકાર છવાયેલો હતો અને કેવળ બત્તીનો તડતડાટ તેમાં ક્યારેક ક્યારેક ભંગ કરતો હતો. ખેડૂતનો ભવાં સંકોડેલો ચિંતાતુર ચહેરો તેને ઘડીક આછો દેખાતો ને ઘડીક ન દેખાતો. એથી તે અકળાઈ ગઈ.

"મારી સંદૂક ક્યાં છે?" તેના હોઠેથી અચાનક જ સરી પડેલા સવાલથી તે પોતે જ હેરતમાં ગરકાવ થઈ ગઈ.

ખેડૂતે ખભા ઉચકાવ્યા.

"ફિકર કરશો નહિ, ખોવાઈ નહિ જાય," તેણે જવાબ આપ્યો અને પછી ધીમા અવાજે ઉમેર્યું: "સ્ટેશનમાં મેં છોકરીને સંભળાવવા જાણી જોઈને કહેલું કે સાવ ખાલી છે. પણ સંદૂક ખાલી નહોતી, ખૂબ ભારે હતી."

"હા, હતી, તો એનું શું છે?" માએ સવાલ કર્યો.

ખેડૂત ઊભો થઈને માની નજીક ગયો.

"એ માણસને તમે ઓળખો છો?" તેણે નીચા નમીને હોઠ ફફડાવતાં પૂછ્યું.

સવાલ સાંભળીને માને અચંબો થયો પણ તેણે મક્કમ અવાજે જવાબ દીધો:

"ઓળખું છું."

એ ટૂંકા શબ્દોથી એકાએક તેના મનમાં જાણે પ્રકાશ પથરાઈ ગયો અને બધું સ્પષ્ટ થઈ ગયું. તેણે રાહતનો શ્વાસ લીધો અને તે બાંકડા ઉપર નિરાંતે સરખી બેસી ગઈ.

ખેડૂતના હોઠ મલકી ઊઠ્યા.

"એ વખતે તમે ઇશારો કર્યો અને એણે વળતા ઇશારાથી જવાબ આપ્યો ત્યારે જ મને ખ્યાલ આવી ગયેલો. મેં એને કાનમાં પૂછેલું કે તમને ઓળખે છે કે નહિ."

"એણે શો જવાબ આપેલો?" માએ તરત જ સવાલ કર્યો.

"એણે તો કહ્યું કે અમે ઘણાંબધાં છીએ — ઘણાંબધાં..."

ખેડૂતે કુતૂહલભરી નજરે મહેમાનની સામે જોયું અને તે હસીને આગળ બોલ્યો :

"જોરાવર આદમી છે! અને બહાદુર પણ ખરો! એણે સાફ સાફ કહી દીધું કે હા, હું જ છું! અને એટલો બધો માર પડયો તોયે એણે પોતાનું કહેવાનું ચાલુ જ રાખ્યું..."

તેનો કમજોર ને અચકાતો અવાજ, તેનો અધૂરો અધૂરો લાગતો ચહેરો, અને તેની ઊજળી નિખાલસ આંખો જોઈને મા વધારે ને વધારે સ્વસ્થ બનતી ગઈ. ધીરે ધીરે તેના ગભરાટ અને નિરાશાનું સ્થાન રીબિન પ્રત્યેની ઊંડી અનુકંપાએ લઈ લીધું.

"બદમાશો! જનાવરો!" તે કારમા કોપના ભાવે બોલી ઊઠી અને તેની આંખોમાં આંસુ છલકાઈ આવ્યાં.

ખેડૂત ખિન્ન ભાવે માથું હલાવતો આઘો ખસી ગયો.

"સત્તાધારીઓએ લોકોનાં દિલોમાં આ માણસો માટે પ્યાર પેદા કરી દીધો છે!"

વળી માની તરફ ફરીને તે હળવા અવાજે બોલ્યો :

"સંદૂકમાં છાપાં છે ને?"

"હા," માએ આંસુ લૂછતાં સાદો જવાબ આપ્યો. "હું એને પહોંચાડવા લઈ આવેલી."

ખેડૂત ભવાં સંકોડીને દાઢીએ હાથ ફેરવતો ખૂણામાં તાકી રહ્યો.

"પહેલાંનાં છાપાં અમને મળી ગયેલાં, ચોપડીઓ પણ મળેલી," તે થોડીક વાર ચુપ રહીને બોલ્યો. "અમે એ માણસને ઓળખીએ છીએ — મળી ચુક્યા છીએ."

તે ચુપ થઈને જરાક વાર વિચારમાં પડી ગયો.

"હવે શું કરવાનાં છો — સંદૂકનું?" તેણે પૂછ્યું.

"તમને સોંપી દઈશ," મા તેની સામે પડકારની નજરે જોતી બોલી.

તેણે વાંધો પણ ન ઉઠાવ્યો અને અચંબો પણ ન બતાવ્યો. તે માત્ર એક જ શબ્દ બોલ્યો : "અમને..."

માથું હલાવીને મંજૂરી આપતો તે ટેબલ પાસે બેસી ગયો અને દાઢીમાં આંગળીઓ ફેરવવા લાગ્યો.

ઘવાયેલા લોહીલોહાણ રીબિનનું ચિત્ર માની નજર સામે સતત તરવરી રહ્યું હતું અને તેના મનમાંથી બીજા બધા વિચારોને હાંકી કાઢતું હતું. બીજી બધી લાગણીઓ વેદના અને પુણ્યપ્રકોપમાં ડૂબી ગઈ હતી. તેનું મન સંદૂક અથવા બીજી કોઈ બાબતનો વિચાર કરવાનો ઇનકાર કરી રહ્યું હતું. તેની આંખોમાંથી આંસુની ધારાઓ વહી રહી હતી, પરંતુ તે ક્રોધના ભાવે અને સ્વસ્થ અવાજે બોલી:

"ઇન્સાનોને આ રીતે લૂંટનારા ને અપમાનિત કરનારા કાળમુખાઓનું નખોદ વળી જવાનું!"

"એ લોકો તાકાતવાન છે," ખેડૂત ધીમા અવાજે બોલ્યો, "બહુ તાકાતવાન છે."

"પણ એમની તાકાત ક્યાંથી આવે છે?" મા ખીજે ભરાઈને બોલી. "આપણામાંથી જ, સાધારણ લોકોમાંથી જ—બધું આપણામાંથી જ આવે છે!"

ખેડૂતનો માયાળુ પણ ગૂઢ ચહેરો જોતાં માને ચીડ ચડતી હતી.

"હં..." તે વિચારમાં પડી જઈને અવાજ લંબાવતો બોલ્યો, "ચક્કર..."

એકાએક કાન સરવા કરતો તે બારણા તરફ વળ્યો અને બોલ્યો:

"આવી ગયાં..."

"કોણ?"

"આપણાં જ માણસો... બીજું કોણ હોય..."

તેની પત્ની ઝૂંપડામાં દાખલ થઈ અને તેની પાછળ પાછળ એક ખેડૂત આવ્યો. તે ટોપી ખૂણામાં ફગાવતો ટેબલ પાસે આવીને બોલ્યો:

"કેમ છો?"

પહેલા ખેડૂતે માથું હલાવીને આવકાર આપ્યો.

"સ્તેપાન," સગડી પાસે ઊભી રહી ગયેલી બાઈ બોલી, "મહેમાનને ભૂખ લાગી હશે."

"ના, ભૂખ નથી લાગી," માએ કહ્યું.

બીજો ખેડૂત તેની તરફ ફરીને વેગીલા બેસૂરા અવાજે બોલ્યો:

"મારી ઓળખાણ કરાવું. મારું નામ પ્યોતર યેગોરોવિચ ર્‌યાબીનિન છે, પણ લોકોએ મારું નામ સોયો પાડી દીધું છે. તમારું કામ હું થોડુંઘણું સમજું છું. મને લખતાં વાંચતાં આવડે છે. અને હું સાવ મૂરખ પણ નથી."

માએ લંબાવેલો હાથ પોતાના હાથમાં લેતો તે વળી બોલ્યો:

"સાંભળ, સ્તેપાન, વાર્વારા નિકોલાયેવ્ના ભલાં બાઈ છે એ ખરી વાત, પણ એમનું કહેવું છે કે આ બધું કામ મૂર્ખાઈનું ને નુકસાનકારક છે, જુવાનો અને વિદ્યાર્થીઓ લોકોનાં ભેજાંમાં નકામા ખ્યાલો રેડીને તેમને બહેકાવી દે છે. પણ આજે તેં ને મેં નજરે જોઈ લીધું કે તદ્દન ધરતીના જાયા ખેડૂતને ગિરફતાર કરી લેવામાં આવ્યો. અને હવે આને જો—આધેડ બાઈ છે અને સાફ લાગે છે કે કોઈ અમીર જમીનદાર ઘરની નથી—કેમ નથી ને તમે? કે છો?"

તે શ્વાસ લેવા થંભ્યા વગર ઝડપથી પણ સાફ બોલતો હતો. તેની દાઢી બેચેનીના આંચકા મારી રહી હતી અને તેની નજર માના ચહેરા તથા બદન ઉપર ફરી રહી હતી. તેનાં ફાટેલાં ચીંથરેહાલ કપડાં અને ગૂંચવાઈ ગયેલા વાળને લીધે તે જાણે હમણાં જ મારામારી કરીને આવ્યો હોય અને જીતી જવાથી ફુલાઈ ગયો હોય એવો દેખાતો હતો. તેના સ્વભાવમાં જોમ વરતાતું હતું અને તે મનની વાત સાદી તથા નિખાલસ રીતે કહી દેતો હતો એટલે માને તે ગમી ગયો. તેણે તેના સવાલનો જવાબ હસીને આપ્યો. ખેડૂતે ફરી વાર તેની જોડે જોરથી હાથ મિલાવ્યો અને તે લૂખું બેસૂરું હસ્યો.

"આ કામ તો ચોખ્ખું છે, સ્તેપાન, મઝાનું છે," તે બોલ્યો. "મેં તો તને કહેલું કે આ કામ સીધું સાધારણ લોકોમાંથી થાય છે, ખરું કે નહિ? પણ પેલાં ભલાં બાઈ—એ સાચી વાત નથી કહેતાં. સાચું કહી દે તો એને પોતાને જ નુકસાન થાય. હા, મને બેશક એમની તરફ આદર છે—એ કહેવાની તો જરૂર જ નથી. એમનું હૈયું માયાળુ છે, અને એમની મંછા આપણને મદદ કરવાની જ છે—પણ બહુ થોડી મદદ, અને ખુદ પોતાને મુદ્દલ નુકસાન ન થાય એવી રીતે. પણ સાધારણ માણસો તો પોતાના નુકસાનની જરાય પરવા કર્યા વગર સીધું ઝંપલાવે. તફાવત સમજાય છે ને? અને સાધારણ લોકો ભલે ગમે તેમ કરે કે ન કરે, એમને તો હંમેશાં વિપદાઓ વેઠવાની જ છે. તેઓ ગમે તે બાજુએ વળે પણ બધી તરફથી એક જ બરાડો સંભળાવાનો—'બસ! થંભી જાઓ!'"

"ખરી વાત છે," સ્તેપાન માથું હલાવતો બોલ્યો, અને પછી તેણે ઉમેર્યું: "આમને સંદૂકની ફિકર છે."

પ્યોતર જાણે બધું જાણતો હોય એવી રીતે તેણે માની સામે મિચકારો કર્યો.

"ચિંતા કરશો નહિ, બધું બરાબર થઈ રહેશે, મા," તેણે હિંમત અપાવતાં કહ્યું. "તમારી સંદૂક મારે ઘેર પડી છે. આજે આણે મને વાત કરી કે તમે

આ કામગીરીમાં સંડોવાયેલાં છો અને પેલા માણસને ઓળખો છો, ત્યારે મેં એને કહ્યું કે 'સ્તેપાન, સાવચેત રહેજે! આવી બાબતમાં ભૂલ કરવાનું આપણને પાલવે જ નહિ!' પણ અમે તમારી બાજુમાં ઊભા હતા ત્યારે તમે પણ સમજી ગયાં કે અમે કેવા માણસો છીએ. ઈમાનદાર ચહેરો તરત ઓળખાઈ જાય—ખરું પૂછો તો આજકાલ ઈમાનદાર માણસો બહુ ઝાઝા નજરે નથી પડતા. તમારી સંદૂક મારે ત્યાં છે..."

તે માની બાજુમાં બેસી ગયો. તેની નજરમાં સવાલનો ભાવ હતો.

"સંદૂકમાં જે કંઈ છે એ તમારે વહેંચી દેવું હોય તો અમે ખુશીથી તમને મદદ કરીશું. એવાં છાપાં ને ચોપડીઓની અમને જરૂર છે..."

"બધું આપણને સોંપી દેવા માગે છે," સ્તેપાન બોલ્યો.

"મઝાની વાત, મા, અમે બધું બરાબર વહેંચી દઈશું..."

તે જરાક હસીને ઊભો થઈ ગયો અને આંટા મારવા લાગ્યો.

"અજબ ખેલ છે કિસ્મતનો! જોકે આમાં નવાઈ જેવું કંઈ નથી—એક રસ્તો બંધ થઈ જાય તો બીજો માર્ગ ખૂલી જાય. છાપું મઝાનું છે, મા, અને સરસ કામગીરી બજાવે છે—લોકોની આંખે બંધાયેલા ડાબલા કાઢી નાખે છે. પણ અમીરોને બહુ નથી ગમતું. હું અહીંથી સાત કિલોમીટર દૂર એક અમીર બાનુને ત્યાં સુથારકામ કરું છું. બાઈ સ્વભાવે સારી છે—ચોપડીઓ વાંચવા આપે ને એવું બધું કરે. ક્યારેક એવું વાંચવા મળી જાય કે આંખો ઊઘડી જાય! પણ એક વાર મેં એને આ છાપું બતાવ્યું ત્યારે એવી ઊછળી પડી કે બસ, જોવા જેવી! 'પ્યોતર, આવું કંઈ વાંચતો નહિ!' તે બોલી ઊઠી. 'મૂરખા નિશાળિયા આવું બધું લખી મારે છે! તું વાંચીશ તો નકામો હેરાન હેરાન થઈ જઈશ—જેલમાં ગોંધાઈ જવાનો કે સાઇબિરિયા ભેગો થઈ જવાનો!..'"

તે થોડી વાર ચુપ રહ્યો.

"કહો તો, મા, પેલો માણસ તમારો કંઈ સગો થાય છે?"

"ના," માએ જવાબ આપ્યો.

પ્યોતરના હોઠ હસી ઊઠયા અને જાણે કોઈ વાતની બેહદ ખુશી થઈ હોય એમ તે માથું હલાવવા લાગ્યો.

"મારો કંઈ સગો નથી, પણ હું એને લાંબા વખતથી ઓળખું છું અને મારા મનમાં એની તરફ આદરની લાગણી છે, જાણે ભાઈ હોય એવી—મોટો ભાઈ હોય એવી!" માએ તરત જ ખુલાસો કર્યો, જાણે કેમ રીબિન સગો હોવાનો ઈનકાર કરવામાં કશુંક અઘટિત થતું હોય.

પોતાના દિલની લાગણી વ્યક્ત કરવા માટે ઉચિત શબ્દો તેને નહોતા મળતા. એથી તેનું મન કોચવાયું અને તે ફરી રડવા લાગી. ઝૂંપડીમાં જાણે અકળાવી નાખે એવી અપેક્ષાની ચુપકી છવાઈ ગઈ. પ્યોતર જાણે કશુંક ધ્યાનથી સાંભળી રહ્યો હોય એમ માથું નમાવીને ઊભો રહ્યો. સ્તેપાન ટેબલ ઉપર કોણીઓ ટેકવીને બેચેનીથી આંગળીઓ ટપટપાવવા લાગ્યો. તેની પત્ની ભીંતને અઢેલીને ઊભી હતી, અને માને લાગ્યું કે તેની નજર મારી ઉપર જડાયેલી છે. મા પણ જુવાન ઓરતના ચહેરા ઉપર નજર નાખી લેતી હતી. તેનું મોં લંબગોળ હતું, વાન ઘેરો હતો, નાક સીધું હતું, અને હડપચી ઘાટીલી ગોળ હતી. તેની લીલાશ પડતી આંખો સતેજ અને એકાગ્ર હતી.

"એટલે એમ કે તમારો દોસ્ત છે," પ્યોતર વિચારમાં પડી જઈને બોલ્યો. "અને ખરું મનોબળ છે એનામાં, હા, છે! પોતાની મુલવણી ઊંચી આંકે છે, અને એ તો વાજબી વાત છે. ખરો આદમી છે, તાત્યાના, નહિ કે? તું કહે છે કે..."

"પરણેલો છે?" તાત્યાના પોતાના નાનકડા મોંના હોઠ દબાવતી વચ્ચે બોલી ઊઠી.

"હવે તો એકલો છે, વહુ મરી ગઈ," મા ગમગીન અવાજે બોલી.

"એટલે જ આટલો બહાદુર છે," તાત્યાના ઊંડા રણકતા અવાજે બોલી. "ઘરસંસારી માણસ આવો માર્ગ ન જ લે, એને તો બીક લાગે."

"અને હું?" પ્યોતરે વાંધો ઉઠાવ્યો. "પરણેલો છું કે નહિ?"

"તારી વાત રહેવા દે, પાડોશી," બાઈ તેની નજર ચોરાવતી ખંધું હસીને બોલી. "તું વળી કયો મોટો વાઘ મારે છે? ખાલી વાતોના તડાકા, અને ક્યારેક એક કે બે ચોપડી વાંચી નાખે છે. તું ને સ્તેપાન અંધારા ખૂણામાં બેઠા બેઠા ગુસપુસ કરો એથી લોકોને કશો ફાયદો ન થાય."

"ઘણાબધા માણસો મારી વાત સાંભળે છે," ખેડૂતે દુભાઈ જતાં ધીમા અવાજે વિરોધ કર્યો. "હું તો અહીંયાં જાણે ખમીરનું કામ કરું છું. તું નકામું આવું બોલે છે..."

સ્તેપાને કશું બોલ્યા વગર પત્નીની સામે જોઈને ફરી માથું નમાવી દીધું.

"ખેડૂત પરણે છે શું કરવા?" તાત્યાનાએ સવાલ કર્યો. "કારણ કે એને કામવાળીની જરૂર હોય છે. પણ કામ કેવું?"

"તને કામ ઓછું પડે છે?" સ્તેપાન બહુ ધીમા અવાજે બોલ્યો.

"એવા કામમાં બળ્યું છે શું? કોઈ દહાડો પેટ તો પૂરું ભરાય નહિ, અને એમ જ જિંદગી વિતાવી દેવી, ખરું ને? ઘરમાં બચ્ચાં હોય તો એમને

સંભાળવાનો વખત પણ ન મળે એટલું બધું કામ, અને તોયે પેટ ભરીને ખાવાનું ક્યારેય ન મળે."

તે માની પાસે જઈને બેસી ગઈ અને વળી બોલવા લાગી. તેના અવાજમાં નહોતી ફરિયાદ કે નહોતી ગમગીની.

"મને બે બચ્ચાં થયેલાં. એક બચ્ચું ફક્ત બે વરસનું હતું ત્યારે દાઝીને મરી ગયું. અને બીજું તો કાળમુખા કામને લીધે મરેલું જ આવ્યું. એથી મને શું સુખ મળ્યું? હું તો કહું છું કે ખેડૂત પરણે એમાં જરાય ડહાપણ નથી. એથી તો એના હાથ બંધાઈ જાય છે, નહિતર એ મનફાવે એમ રહી શકે અને બહેતર જિંદગી સારુ લડી શકે. એકલો હોય તો એ પેલા આદમીની જેમ સીધી સચ્ચાઈની તરફેણમાં હાકલ કરી શકે. મા, મારી વાત ખરી છે કે નહિ?"

"હા, ખરી છે," મા બોલી. "ખરી વાત છે, બેટી. નહિતર આપણે આ જિંદગીને પલટાવવાની આશા કદી ન જ રાખી શકીએ."

"તમારે ધણી છે?"

"મરી ગયો. દીકરો છે..."

"તમારી ભેગો રહે છે?"

"જેલમાં છે," મા બોલી.

આ શબ્દો સામાન્ય રીતે દિલમાં જે ગમગીની પેદા કરતા તેની જોડે આ વખતે ગર્વની લાગણી ભળેલી હતી.

"એને બીજી વાર જેલમાં પૂરી દીધો છે. અને કારણ ફક્ત એટલું કે એ પરમાત્માની સચ્ચાઈ સાધારણ લોકોની અંદર ફેલાવે છે. એ જુવાન ને દેખાવડો ને ચતુર છે. તમારી સારુ અખબાર છાપવાનો ખ્યાલ એને જ આવેલો. અને મિખાઈલો ઈવાનોવિચને સાચો માર્ગ એણે જ બતાવેલો, જોકે મિખાઈલો ઈવાનોવિચ એનાથી બમણી ઉંમરનો છે. થોડા વખતમાં મુકદ્દમો ચાલશે અને મારા દીકરાને સાઈબિરિયા મોકલી દેવામાં આવશે. પણ એ જરૂર છટકી જશે અને અહીંયાં કામ ચાલુ રાખવા પાછો આવશે..."

તે બોલતી ગઈ તેમ તેમ તેના મનમાં ગર્વની લાગણી વધતી ગઈ, અને તેની નજર સામે તેના નાયકનું એવું ઝળકતું ચિત્ર તરવરી ઊઠ્યું કે વર્ણનના શબ્દો જાણે ધસમસતા તેને હોઠે આવીને તેને ગૂંગળાવી નાખવા લાગ્યા. એ દિવસના અંધકારનો પ્રતિકાર કરવા માટે કશુંક તેજસ્વી અને બુદ્ધિગમ્ય ખોળી કાઢવાનું તેને વાટે આવશ્યક હતું. એ અંધકારનો નિરર્થક ત્રાસ અને નિર્લજ્જ ક્રૂરતા તેને જાણે દાબી રહ્યાં હતાં. તેની નીરોગી ભાવનાના એવા તકાદાને વશ

થઈ જતાં તેણે નિર્મળ અને તેજસ્વી બધું એકત્રિત કરીને એક પ્રચંડ જ્વાળા પ્રગટાવી દીધી, અને એ જલતી જ્વાળાની ઉગ્રતાથી તેની આંખો અંજાઈ ગઈ.

"એના જેવા બીજા અનેકાનેક મોજૂદ છે, અને દરરોજ નવા પેદા થઈ રહ્યા છે. તેઓ સૌ જિંદગીની આખરી ઘડી સુધી સચ્ચાઈ અને આઝાદી ખાતર લડતા રહેશે..."

તેણે સાવચેતીને તિલાંજલિ આપી દીધી, અને લોકસમુદાયને જુલમથી મુક્ત કરવા માટે ચલાવવામાં આવતી ગુપ્ત પ્રવૃત્તિ વિશે પોતે જાણતી હતી એ બધું તેણે કોઈનાં નામ લીધા વગર જણાવી દીધું. તે પોતાને પ્યારા ઈન્સાનોની વાત કરતી ગઈ, અને જિંદગીની ચડતીપડતીએ મોડે મોડે ખીલવેલા પ્રેમની સમગ્ર શક્તિ અને વિપુલતા પોતાના શબ્દોમાં રેડતી ગઈ. અને તેના માનસપટમાં તેની લાગણીના પ્રકાશ વડે ઝળહળિત તથા ગૌરવાન્વિત માનવીઓનું તેણે આનંદી હૈયે ચિંતવન કર્યું.

"અને આવું કામ આખી પૃથ્વીમાં ચાલે છે, દરેક શહેર અને ગામમાં ચાલે છે. અચ્છા ઈન્સાનોની તાકાતને કોઈ સીમા નથી, અને આપણી ફતેહની ઘડી આવશે ત્યાં સુધી એ તાકાત નિરંતર વધતી જ રહેશે..."

તેની વાણી એકધારી વહેતી હતી. શબ્દો ગોતવામાં તેને કશી મુશ્કેલી નહોતી પડતી. એ દિવસના લોહી અને ગંદકીને પોતાના દિલમાંથી સાફ કરી નાખવાની તાલાવેલીના મજબૂત દોરામાં તે રંગબેરંગી મોતીઓ જેવા મનગમતા શબ્દો પરોવી રહી હતી. તેણે જોયું કે તેનાં વેણ ખેડૂતોનાં હૈયાંમાં સોંસરાં ઊતરી રહ્યાં છે, તેઓ જરાય હલ્યાચલ્યા વગર નજર તેની ઉપર તાકીને બેઠા છે. તેને પોતાની બાજુમાં બેઠેલી ઓરતના શ્વાસનો ઊંચોનીચો અવાજ સંભળાઈ રહ્યો હતો. એથી તેના શબ્દોમાં, અને એ લોકોને જે વચન તે આપી રહી હતી તેમાં, તેની નિષ્ઠા વધારે દૃઢ બની.

"જે લોકો કપરી જિંદગી જીવી રહ્યા છે, જે લોકો કંગાલિયતથી શોષાઈ ગયા છે, જે લોકોને અમીરો અને અમીરોના ખાંધિયાઓ બેકાનૂની રીતે પીસી રહ્યા છે, એ તમામ લોકોએ જેલની અંદર મોતના મુખમાં હોમાઈ જનારા અને પોતાના બંધુઓને ખાતર અત્યાચાર સહેતા ઈન્સાનોની ભેગા ભળી જવું જોઈએ. એ વીરલાઓ પોતાના જાન કે જિંદગીની જરાય પરવા કર્યા વગર તમામ લોકો માટે સુખનો માર્ગ ચીંધી રહ્યા છે. તેઓ છળકપટની જરાય કોશિશ વગર સાફ કહી રહ્યા છે કે 'પંથ મુશ્કેલ છે,' અને તેઓ કોઈને એ માર્ગ લેવાનું દબાણ નથી કરતા. પરંતુ જે કોઈ માણસ એક વાર તેમની તરફેણમાં ધોરણ

લઈ લે તે કદી તેમને છોડીને જાય નહિ, કારણ કે તેને પાકું સમજાઈ જાય કે આ જ ખરું ધ્યેય છે — આ જ ખરો માર્ગ છે — બીજો કોઈ માર્ગ છે જ નહિ!"

તેને લાંબા વખતથી જે કરવાની તમન્ના હતી એ કરતી વેળા તે રોમાંચ અનુભવી રહી હતી. તે પોતે જ લોકોને સચ્ચાઈનો પેગામ આપી રહી હતી!

"એવા ઇન્સાનોને પગલે પગલે ચાલવામાં તમે સલામત છો. તેઓ નાનામોટા ફાયદાઓથી સંતોષ નહિ માની લે. સમગ્ર છળકપટ, લોલુપતા, અને અનિષ્ટને ખતમ નહિ કરી નાખે ત્યાં સુધી તેઓ થંભશે નહિ. તેમની જહેમત ત્યારે જ બંધ થશે કે જ્યારે તમામ લોકો ભેગા મળીને એકીઅવાજે આવો પોકાર કરશે: 'હું જ માલિક છું! સૌને માટે સમાન કાનૂનો હું પોતે જ ઘડીશ!..'"

એકાએક તેને થાક ચડી ગયો. બોલવાનું બંધ કરીને શ્રોતાઓની ઉપર નજર ફેરવતાં તેને લાગ્યું કે મારા શબ્દો એળે નથી ગયા. એથી તેને મનમાં ખુશી થઈ. પુરુષો અપેક્ષાના ભાવે તેની સામે જોઈ રહ્યા હતા. પ્યોતરે અદબ વાળી લીધી અને આંખો સંકોડી. તેના હોઠ ઉપર મલકાટ રમી રહ્યો હતો. સ્તેપાનની એક કોણી ટેબલ ઉપર ટેકવેલી હતી, અને જાણે કેમ હજી સાંભળી રહ્યો હોય એમ તેની આખી કાયામાં તણાવ વરતાતો હતો. તેનો ચહેરો અંધારામાં હતો, અને કદાચ એ કારણે તે અધિક પરિપૂર્ણ લાગતો હતો. માની બાજુમાં બેઠેલી તેની પત્નીની કોણીઓ ગોઠણ ઉપર ટેકવેલી હતી અને નજર ભોંયપટ ઉપર મંડાયેલી હતી.

"ખરી વાત છે," પ્યોતર હોઠ ફફડાવતો બોલ્યો અને હળવેથી બાંકડા ઉપર બેસી ગયો.

સ્તેપાન ટટ્ટાર થઈ ગયો અને તેણે પત્નીની સામે જોયું. પછી જાણે આખી મંડળીને આલિંગન કરવા માગતો હોય એમ તેણે હાથ લંબાવ્યા.

"આવું કામ એક વાર શરૂ કરો એટલે પછી બેશક તનમનથી એમાં લાગી જવું જોઈએ," તે વિચારમય ભાવે બોલ્યો.

"પાછળ ફરીને જોવાની તો વાત જ નથી," પ્યોતરે સંકોચના ભાવે કહ્યું.

"બહુ ફેલાઈ ગયેલું કામ છે આ," સ્તેપાન બોલ્યો.

"આખા જગતમાં," પ્યોતર બોલી ઊઠયો.

૧૮

મા ભીંતને અઢેલીને નિરાંતે બેઠી, અને ધીમા અવાજે થતી મુલવણીના શબ્દો ધ્યાનથી સાંભળવા લાગી. તાત્યાના ઊભી થઈ ગઈ અને આસપાસ નજર ફેરવીને પાછી બેસી ગઈ. ખેડૂતોને ઘૃણા અને અણગમાના ભાવે તાકી રહેલી

તેની લીલી આંખોમાં ઠંડો ચળકાટ વરતાતો હતો. તે એકાએક મા તરફ ફરીને બોલી:

"લાગે છે કે તમે જિંદગીમાં આકરી વિપદાઓ બહુ વેઠી હશે, ખરું ને?"

"હા," માએ જવાબ આપ્યો.

"તમારી વાતો સાંભળવી ગમે છે—તમારાં વેણ જાણે હૈયાના તાર ઝણઝણાવી દે છે. મનમાં થાય છે—હે પરમાત્મા! એવા ઇન્સાનોને એક નજરે નીરખી લેવા મળે તો કેવું સારું! અને જિંદગીમાં એક ડોકિયું કરી લેવા મળે તો કેવું સદ્‌ભાગ્ય! અહીંની જિંદગી! સૌ ઘેટાં છે! મને લખતાં વાંચતાં આવડે છે. ચોપડીઓ વાંચું છું અને બહુ બહુ વિચાર કરું છું—વિચારમાં ને વિચારમાં ક્યારેક તો નીંદર પણ નથી આવતી. પણ શો ફાયદો? વિચાર બંધ કરી દઉં તો મારી હસ્તી જ કરમાઈ જાય, અને વિચાર કરતી રહું તોયે બધું એળે જ જાય."

તેની આંખો જાણે હાંસી ઊડાડી રહી હતી, અને ક્યારેક તે જાણે દાંત વડે દોરાની જેમ શબ્દોને કાતરી નાખતી હોય એમ લાગતું હતું. ખેડૂતો કંઈ ન બોલ્યા. પવન બારીઓના કાચ જોડે અફળાઈ રહ્યો હતો, ધુમાડિયામાં આછા સુસવાટા કરી રહ્યો હતો, અને છાપરાનું પરાળ હલાવીને ખખડાટ કરી રહ્યો હતો. ક્યાંક કોઈ કૂતરું ભસી ઊઠ્યું. ક્યારેક ક્યારેક વરસાદનું એકાદ ટીપું બારી ઉપર પડતું હતું. બત્તીમાં જ્યોતિ ઝબકારા કરવા લાગી અને લગભગ ઠરી જઈને પાછી એકધારી બળતી અજવાળું પાથરવા લાગી.

"તમારી વાત સાંભળીને મને થયું કે લોકો આને માટે તો જન્મે છે! અને રમૂજી વાત છે કે મને એ બધું ખૂબ જાણીતું લાગ્યું. પણ એવી વાત મેં પહેલાં ક્યારેય નહોતી સાંભળી, અને એવા ખ્યાલ મારા પોતાના મનમાં કદી નહોતા આવ્યા..."

"આપણે થોડુંક ખાઈ લઈએ અને બત્તી ઓલવી નાખીએ, તાત્યાના," સ્તેપાન ભવાં સંકોડીને ધીરે ધીરે બોલ્યો. "કદાચ લોકોના ધ્યાનમાં આવી જશે કે ચુમાકોવના ઘરમાં આજે બત્તી રોજ કરતાં મોડે સુધી બળી રહી છે. એથી આપણને તો કંઈ વાંધો નહિ આવે, પણ મા કદાચ મુશ્કેલીમાં મુકાઈ જાય..."

તાત્યાના ઊભી થઈને સગડી પાસે ગઈ.

"હા, આજકાલ સાવચેતી રાખવા જેવું છે, પાડોશી," પ્યોતર હસીને બોલ્યો. "આ છાપાંની ખબર પડશે કે તરત જ..."

"મને મારી ફિકર નથી. હું પકડાઈ જાઉં તો કંઈ બહુ મોટું નુકસાન નથી થઈ જવાનું."

તેની પત્ની ટેબલ પાસે આવીને બોલી:

"ખસો જરાક."

તે ઊભો થઈ ગયો અને ટેબલ ઉપર ખાવાનું ગોઠવાતું જોઈ રહ્યો.

"અરે ભાઈ, તારા ને મારા જેવાની કિંમત પાંચ કોપેકના એક ઝુંડ જેટલી છે, અને તે પણ ઝુંડમાં પૂરા એકસો હોય તો જ," તેણે વ્યંગભર્યો મલકાટ કરતાં કહ્યું.

માના દિલમાં તેને માટે અફસોસની લાગણી પેદા થઈ. એ હવે તેને સૌથી વધારે ગમવા લાગ્યો હતો. તેણે વહેતી મૂકેલી વાણીમાં આખા દિવસની ગંદકી જાણે ધોવાઈ ગઈ અને તેનું મન હળવું બની ગયું. તે ખુશ હતી અને મનમાં સૌનું ભલું ને ઈષ્ટ વાંછી રહી હતી.

"તમારી ભૂલ થાય છે, ભાઈ," તેણે કહ્યું. "તમારું લોહી ચુસનારાઓએ નક્કી કરેલી તમારી કિંમત તમારાથી કદી ન જ માની લેવાય. તમારી મુલવણી—તમારી ભીતરમાં જે હોય તેની મુલવણી—તમારે પોતે જ કરવી જોઈએ. તમારે તો તમારા દુશ્મનોએ નહિ પણ દોસ્તોએ નક્કી કરેલું તમારું મૂલ્ય માનવું જોઈએ."

"અમારે વળી દોસ્તો કેવા?" ખેડૂતે હળવા અવાજે દલીલ કરી. "અમે તો રોટીના એક ટુકડા ખાતર હંમેશાં લડાઈ ઝઘડા કરતા રહીએ છીએ."

"પણ હું તમને કહું છું ને કે સાધારણ લોકોના દોસ્તો ઘણા છે..."

"હશે, પણ અહીંયાં નથી," સ્તેપાન વિચારમાં પડી જઈને બોલ્યો.

"તમે તપાસ કરો તો અહીંયાં પણ મળી આવે."

સ્તેપાને જવાબ આપતાં પહેલાં થોડી વાર વિચાર કર્યો.

"હં...હા, તપાસ તો કરવી જોઈએ..."

"ચાલો સૌ, વાળુ કરવા," તાત્યાના બોલી.

માની વાતોથી પ્યોતર ખૂબ પ્રભાવિત થઈ ગયો હોય એમ લાગતું હતું. વાળુ કરતાં કરતાં તે ફરી ઉત્સાહથી બોલવા લાગ્યો.

"મા, તમારે સવારમાં વહેલાં નીકળી જવું પડશે, જેથી કોઈનું ધ્યાન ન ખેંચાય," તેણે કહ્યું. "શહેરમાં થઈને જશો નહિ. સીધાં આગલે સ્ટેશને પહોંચી જજો. સગરામ મળી જશે."

"શું કરવા? હું પહોંચાડી આવીશ," સ્તેપાને કહ્યું.

"ના, એ ઠીક નથી. પછી તને સવાલ કરે કે 'રાતે અહીંયાં રોકાઈ ગયેલી?' તું કહેશે— 'હા.' બીજો સવાલ—'તો હવે ક્યાં છે?' જવાબ—'હું સ્ટેશને પહોંચાડી આવ્યો.' એટલે તરત જ કહેશે—'વાહ! તો તેં જ બધી મદદ કરેલી, ખરું ને?' અને તું તરત જ જેલ ભેગો થઈ જાય. સમજ્યો? જેલ જવાની ઉતાવળ કરવામાં જરાય ડહાપણ નથી. દરેક કામ વખત પાકે ત્યારે જ કરવાનું હોય. કહેવાય તો છે કે મોત આવે ત્યારે ઝાર પણ મરી જાય. પણ મેં કહ્યું એમ કરીએ તો વાત સીધી ને સાફ બની જાય—બાઈ રાત અહીંયાં રોકાયેલી અને સવારે ઘોડાગાડી ભાડે કરીને ચાલી ગઈ. આપણું ગામ મોટી સડક ઉપર છે એટલે ઘણાબધા માણસો અહીંયાં રાત ગાળવા રોકાતા હોય છે."

"આટલો બધો બીકણ બનવાનું તું ક્યાં શીખેલો, પ્યોતર?" તાત્યાના વ્યંગ કરતી બોલી.

"અરે બાઈ, બધું જાણી લેવું પડે—ક્યારે બીક રાખવી ને ક્યારે બહાદુરી બતાવવી," પ્યોતર ગોઠણ ઉપર હાથ ઠપકારતો બોલ્યો. "પેલો વગાનોવ છાપું વાંચતો પકડાઈ ગયો ત્યારે એને કેવો ધમકાવી નાખવામાં આવેલો તે યાદ છે ને? હવે એ ચોપડીનું નામ લેવાની હિંમત નથી કરતો—ગમે એવી લાલચ આપો તોયે છાપાંચોપાનિયાંને હાથ નહિ અડાડે. પણ મારી ઉપર ભરોસો રાખજો, મા. હું તો ઉસ્તાદ છું—તમે કહો એટલાં છાપાંચોપાનિયાં વહેંચી દઉં, અને બરાબર મોકાની જગ્યાઓમાં. અમારે ત્યાં લોકોને વાંચતાં નથી આવડતું અને પાછા બીએ પણ ખરા—પણ ક્યારેક હાલત એવી તંગ બની જાય કે આંખો ઊઘડી જ જાય અને વિચાર કરવો જ પડે કે શું કરવું. અને આ ચોપાનિયાં તો સાફ જણાવે છે: વિચાર કરો! ભેજાંનો ઉપયોગ કરો! કેટલાક લોકોને વાંચતાં ન આવડતું હોય તોપણ તેઓ બીજા કરતાં બહેતર જાણતા હોય છે—ખાસ કરીને જેમનાં પેટ ભરેલાં હોય તેમના કરતાં તો ચોક્કસ બહેતર જાણતા હોય છે. હું આ તરફના વિસ્તારોમાં ખૂબ રખડ્યો છું ને મેં ઘણું ઘણું જોયું જાણ્યું છે. અમે કામ પાર પાડી શકીશું, પણ અમારે શરૂઆતમાં જ પકડાઈ ન જવું હોય તો ભેજાંનો ઉપયોગ કરવો પડશે અને ચાલાકી પણ અજમાવવી પડશે. સરકારી અમલદારોને પણ અણસારો આવી ગયો લાગે છે કે ખેડૂત નારાજ થઈ ગયો છે, હસીને વાત ઓછી કરે છે, અને હેત જરાય બતાવતો નથી. બધી વાત ધ્યાનમાં લેતાં લાગે છે કે ખેડૂત જાણે સરકાર જોડે ટક્કર લેવા તૈયાર થઈ ગયો છે. થોડાક જ દિવસ પહેલાંની વાત છે કે સરકારના માણસો

સ્મોલ્યાકોવોમાં — નજીકનું ગામ છે — કર વસૂલ કરવા ગયા ત્યારે ખેડૂતો હાથમાં લાઠીઓ લઈને ખડા થઈ ગયા! મોટો પોલીસ અફસર તો સાફ વાત કરે છે, બરાડા પાડે છે કે 'બદમાશો, તમે ઝારની સામે થાઓ છો, ખરું ને?' એક ખેડૂત હતો — એનું નામ સ્પિવાકિન હતું — એણે તડાક વળતો જવાબ દીધો, સંભળાવી દીધું કે 'તું ને તારો ઝાર, બેઉ દોજખમાં જાઓ! અમારું આખરી લૂગડું લૂંટી લઈને અમને સાવ નાગા કરી મૂકે એવો તે વળી ઝાર કેવો?' તો હાલત એવી છે, મા. સ્પિવાકિનને તો બેશક જેલમાં ગોંધી દેવામાં આવ્યો, પણ એનાં વેણને થોડાં જેલમાં પૂરી દેવાય? એના બોલ તો જુવાનોનેય યાદ છે. એના બોલ તો હાકલ કરતા જ રહે છે!"

તેણે કશું ખાધું નહિ પણ ઘેરી ચળકતી આંખો વડે ચોપાસ નજર ફેરવતો તે ધીમા વેગીલા અવાજે બોલતો ગયો અને કિસાનોની જિંદગી સંબંધી પોતાના વિચારો જાણે થેલીમાંથી વેરાઈ ગયેલા સિક્કા હોય એમ ઉદારતાથી માને પેશ કરતો ગયો.

સ્તેપાને બે વાર વચ્ચે બોલીને કહ્યું કે "તું થોડુંક ખાઈ લે તો સારું."

બેઉ વાર તેણે રોટીનો ટુકડો અને ચમચો હાથમાં લીધાં પણ ગીત ગાતી કોયલ જેવી જ સહજ રીતે કિસ્સા સંભળાવવાનું ચાલુ રાખ્યું. વાળુ પતી ગયું કે તરત જ તે ઊભો થઈ ગયો.

"બહુ વખત થઈ ગયો, ઘેર જવું જોઈએ, આવજો, મા," તેણે હાથ મિલાવતાં કહ્યું. "આપણે હવે ફરી વાર તો કદાચ ક્યારેય નહિ મળીએ, પણ હું તમને કહી દઉં કે આ બધું મને ખૂબ ગમ્યું — તમને મળવાનું ને તમારી વાતો સાંભળવાનું બહુ જ સારું લાગ્યું. સંદૂકમાં છાપાંચોપાનિયાં સિવાય બીજું કંઈ છે? ગરમ શાલ? વારુ, સ્તેપાન, યાદ રાખજે, ગરમ શાલ. સ્તેપાન હમણાં તમારી સંદૂક અહીંયાં લઈ આવશે. ચાલ, સ્તેપાન. આવજો! પાછાં સુખરૂપ પહોંચી જજો!.."

તેઓ ચાલ્યા ગયા પછી એવી નીરવતા છવાઈ ગઈ કે દોડાદોડી કરતા વંદાઓનો અવાજ પણ સંભળાવા લાગ્યો. પવન છાપરા ઉપર સુસવાટા કરી રહ્યો હતો અને ધુમાડિયામાં ગરજી રહ્યો હતો. ઝરમર વરસતા વરસાદનાં ફોરાં બારીઓ ઉપર પડી રહ્યાં હતાં. તાત્યાનાએ શેતરંજી ને ચાદર કાઢીને મા સારુ બાંકડા ઉપર પથારી બિછાવી દીધી.

"ફૂર્તિલો જુવાન આદમી છે," મા બોલી. બીજી બાઈએ ભવાં સંકોડયાં.

"શોર તો બહુ મચાવે છે પણ મોટે ભાગે સાવ નકામો."

"અને તમારા વર?"

"ઠીક છે—સારા આદમી છે. દારૂ નથી પીતા. અમારે સારો મનમેળ છે. પણ એમનું મન નબળું છે..."

તેણે કાયા ટટ્ટાર કરી.

"હવે શું કરવું એ સવાલ છે," તે થોડીક વાર ચુપ રહીને બોલી. "બળવો કરવો? બેશક કરવો જ જોઈએ. દરેકના મનમાં એવો જ ખ્યાલ છે, પણ દરેક જણ ખ્યાલને મનમાં જ રાખે છે. એવા ખ્યાલ તો મોટેથી કરવા જોઈએ. કોઈએ તો પહેલું કદમ ઉઠાવવું જ પડશે."

તે બાંકડા ઉપર બેસી ગઈ.

"તમે કહ્યું કે ભદ્ર કુટુંબોની બાળાઓ આવું કામ કરે છે, કામદારોની જોડે હળેમળે છે અને તેમને વાંચી સંભળાવે છે. એમને ઘૃણા નથી થતી? બીક નથી લાગતી?"

માનો જવાબ સાંભળીને તેણે ઊંડો શ્વાસ લીધો, નજર નીચે ઢાળી દીધી, અને માથું નમાવી દીધું.

"એક ચોપડીમાં મને 'નિરર્થક જીવન' શબ્દો વાંચવા મળેલા. મને તરત જ સમજાઈ ગયું. એવી જિંદગી કેવી હોય એની મને બરાબર ખબર છે—એમાં અર્થ કે હેતુ તો ઘણા હોય પણ બધા અલગ અલગ, એકબીજા જોડે કશો સંબંધ નહિ, જાણે ભરવાડ વગરનાં ઘેટાં. નિરર્થક જીવન એટલે એવી જિંદગી. હું તો એવી જિંદગીથી આઘી ભાગી જાઉં, પાછું વળીને જોઉં પણ નહિ. વાતો સમજવા લાગીએ ત્યારે ભારે સંતાપ થાય."

માને તેનો સંતાપ તેની લીલી આંખોના શુષ્ક ચળકાટમાં તથા કરમાઈ ગયેલા મુખમાં દેખાયો, અને તેના અવાજમાં સંભળાયો. માના મનમાં તેને દિલાસો દેવાની ઉત્કંઠા જાગી.

"પણ તમને તો સમજાઈ ગયું છે કે શું કરવું, બહેન..."

"એટલું પૂરતું નથી, કેવી રીતે કરવું એ પણ જાણી લેવું જોઈએ," તાત્યાના હળવે અવાજે વચ્ચે બોલી ઊઠી. "લો, તમારી પથારી તૈયાર છે."

તે સગડી પાસે જઈને અબોલ ઊભી રહી ગઈ—ગંભીર, ટટ્ટાર, વિચારમાં ડૂબેલી. થાકથી તેના અંગેઅંગમાં એવો દુખાવો થતો હતો કે તેનાથી જરાક ઊંહકારો ભરાઈ ગયો. તાત્યાનાએ બત્તી ઓલવી નાખી અને ઝૂંપડામાં અંધારું છવાઈ ગયું ત્યારે તે ધીમા એકધારા અવાજે બોલવા લાગી. તેનો અવાજ જાણે અંધકારની સપાટ સૂરત ઉપરથી કશુંક લૂછી નાખતો હતો.

"તો તમે પ્રાર્થના નથી કરતાં! મનેય લાગે છે કે પરમાત્મા જેવું કંઈ છે જ નહિ, અને ચમત્કારો પણ નથી થતા."

માએ પડખું ફેરવ્યું. અગાધ અંધકાર બારીમાંથી સીધો તેને તાકી રહ્યો હતો અને નીરવતામાં આછા અવાજો, હળવા સળવળાટો, કાને પડી રહ્યા હતા. તેણે બીતાં બીતાં, લગભગ હોઠ જ ફફડાવતાં, તાત્યાનાને જવાબ આપ્યો.

"પરમાત્માની તો ખબર નથી, પણ મને ઈસુ ખ્રિસ્તમાં આસ્થા છે, એનાં વેણમાં આસ્થા છે—'તને પોતાને જેટલું વહાલ કરે એટલું જ વહાલ તારા પાડોશીને પણ કરજે'—મને એ શબ્દોમાં આસ્થા છે."

તાત્યાના અબોલ રહી. કાળી સગડીની પૃષ્ઠભૂમિમાં રાખોડી લાગતી તેની સીધી કાયાની આછી રૂપરેખા મા જોઈ શકતી હતી. તે નિશ્ચલ ઊભી હતી. માએ ગમગીનીમાં આંખો મીચી દીધી. અચાનક તેને તાત્યાનાનો ટાઢોબોળ અવાજ સંભળાયો: "મારાં બચ્ચાંના મોતની માફી હું પરમાત્માને કે માનવીને કદી નહિ આપી શકું, કદી નહિ!"

નીલોવ્ના ગભરાઈને બેઠી થઈ ગઈ. શબ્દોમાં સમાયેલી વેદના તેના હૈયાને સ્પર્શી ગઈ.

"તમે તો હજુ નાનાં છો, બીજાં બચ્ચાં થશે," તેણે કોમળ અવાજે કહ્યું.

"ના, કદી નહિ થાય," બાઈ જરાક વાર ચુપ રહીને બોલી. "શરીરમાં કશીક ખામી આવી ગઈ છે. ડોકટર કહે છે કે હવે મને બચ્ચાં કદી નહિ થાય."

ભોંયપટ ઉપર ઉંદરડી દોડી ગઈ. નીરવતાની અચળતાને ધ્વનિના અદૃશ્ય ઝબકારાથી ચીરી નાખતું કશુંક જાણે ધડાક કરતું બટકી ગયું. છાપરા ઉપર પડતો વરસાદ જાણે પાતળી બેચેન આંગળીઓ વડે પરાળને પીંખી રહ્યો હોય એવો ખખડાટ ફરી કાને પડયો. એકધારું ટપકતું પાણી જાણે શરદની રાત્રિની ધીરી ગતિ અંકિત કરતું હતું...

માની આંખોમાં નીંદર ઘેરાવા લાગી, પણ એટલામાં બહાર રસ્તા ઉપર અને પછી આંગણમાં ભારે પગલાંનો અવાજ સંભળાયો. કોઈએ સાવચેતીથી બારણું ઉઘાડયું.

"તાત્યાના, સૂઈ ગઈ?" હળવો સાદ સંભળાયો.

"ના."

"એ ઊંઘી ગયાં છે?"

"લાગે છે."

પ્રકાશનો ઝબકારો થયો અને એક પળ કંપતો અંધકારમાં વિલીન થઈ ગયો.

ખેડૂત માની પથારી પાસે આવ્યો અને પગ પાસે પડેલો કોટ તેણે માને સરખી રીતે ઓઢાડયો. તેની કાળજીથી માનું હૈયું પુલકિત થઈ ગયું. તેણે હોઠ મલકાવીને ફરી આંખો મીચી દીધી. સ્તેપાન ચુપચાપ કપડાં બદલીને પોતાની પથારીમાં લાંબો થઈ ગયો. તદ્દન નીરવતા છવાઈ ગઈ.

મા નિશ્ચલ પડી પડી સ્વપ્નમય નીરવતામાં થતા અને શમી જતા આછા ધ્વનિઓ સાંભળતી રહી અને તેની નજર સામે રીબિનનું લોહીથી ખરડાયેલું મુખ તરવરી ઊઠ્યું.

અચાનક સળવળાટ થયો.

"જોયું તમે, કેવાં માણસો આ કામ કરે છે? આખી જિંદગી મહેનત કરી ચૂકેલાં અને પેટ ભરીને પીડા ભોગવી ચૂકેલાં આધેડ માણસો. એમને તો હવે આરામ કરવાનો વખત આવ્યો કહેવાય, પણ આરામને બદલે તેઓ આવી કામગીરી કરે છે. તમે તો હજી જુવાન છો, સમજદાર છો — ઓહ, સ્તેપાન!"

"પહેલાં બરાબર વિચાર કરી લેવો પડે," ખેડૂતે ઊંડા રણકતા અવાજે જવાબ આપ્યો.

"એ તો કેટલીય વાર સાંભળી ચૂકી છું."

બેઉ થોડી વાર ચુપ રહ્યાં. પછી સ્તેપાન ફરી બોલ્યો:

"આમ કરીએ — પહેલાં ખેડૂતોની જોડે અલગ અલગ વાત કરીએ, દાખલા તરીકે અલેક્સેઇ માકોવ. એને વાંચતાં આવડે છે, એનામાં ખૂબ જોમ ભર્યું છે, અને વળી એને અમલદારોની સામે ખાર છે. પછી સેર્ગેઇ શોરિન — ચાલાક ખેડૂત છે. ક્ન્યાઝેવ ઈમાનદાર ને નીડર છે. શરૂઆતમાં એટલું પૂરતું છે. માએ વાત કરેલી એવી જાતના માણસો જોડે મળવા કરવાની ગોઠવણ કરી લેવી જોઈએ. હું જાણે થોડાક વધારાના પૈસા કમાવા નીકળતો હોઉં એવી રીતે કુહાડી લઈને શહેરમાં જઈ આવીશ. સાવચેતી બહુ જરૂરી છે. માની વાત ખરી જ હતી કે માણસે પોતાની મુલવણી પોતે જ કરવી જોઈએ. આજે આપણે પેલા ખેડૂતને જોયો. એ તો ખુદ પરમાત્માની સામેય નમતું મૂકે એવો નથી. વળી નિકીતા? એણે બાતાવી દીધું કે એનેય અંતરાત્મા જેવું કંઈક છે. કોઈને એવી ધારણા જ ન આવે."

"એ લોકો આદમી જેવા આદમીને તમારી નજર સામે ઢીબી નાખે અને તમે ડાચાં વકાસીને ઊભા રહો!"

"બસ હવે! પરમાત્માનો પાડ માન કે ખુદ આપણા લોકોએ જ એને ન ઠોકાવ્યો!"

તે કેટલીય વાર સુધી ગુસપુસ બોલતો રહ્યો. ક્યારેક એટલા ધીમા અવાજે બોલતો કે માને શબ્દો ભાગ્યે જ સમજાતા, અને ક્યારેક ઊંડા રણકતા અવાજે બોલતો. એની વહુ વારે વારે એને ટોકતી:

"ધીમે બોલો! જાગી જશે!"

ઘેરી નીંદર જાણે વાદળની જેમ આસમાનમાંથી ઊતરી આવી અને માને લઈ ગઈ.

પરોઢનો આછો ઉજાસ બારીમાંથી ડોકિયું કરવા લાગ્યો ત્યારે તાત્યાનાએ તેને ઉઠાડી. રાતની ચોકીદારીના અંતનું એલાન કરતો દેવળના ઘંટનો ઊંઘટિયો રણકાર ઠંડી નીરવતાને ભેદતો હવામાં ફેલાવા લાગ્યો.

"સમોવાર પેટાવી દીધો છે. એક ગ્લાસ ચા પી લો. ઊઠીને તરત જ રવાના થઈ જશો તો ટાઢ વાશે."

સ્તેપાને વીખરાયેલી દાઢી ઓળતાં ઓળતાં માનું શહેરનું સરનામું પૂછી લીધું. રાત દરમિયાન તેના ચહેરામાં ફેર પડી ગયો હતો, હવે તે અધિક પરિપૂર્ણ લાગતો હતો.

"કેવી અજબ વાત બની ગઈ!" ચા પીતાં પીતાં તે હસીને બોલ્યો.

"કઈ વાત?" તાત્યાનાએ સવાલ કર્યો.

"માની જોડે ઓળખાણ થઈ તે—સાવ સાદી રીતે..."

"અમારા કામ જોડે સંકળાયેલી દરેક બાબતમાં અજબ સાદાઈ હોય છે," મા વિચારમાં પડી જતી બોલી.

માને વિદાય આપતી વેળા પતિપત્નીને દિલગીરી થઈ. તેઓ બોલ્યાં ઓછું, પરંતુ તેમણે અસંખ્ય નાની નાની બાબતોમાં માની સગવડ સલામતીની ફિકર જાહેર કરી.

મા સગરામમાં બેસીને વિચાર કરવા લાગી કે સ્તેપાન પોતાનું કામ સાવચેતીથી અને કીડીની જેમ ગુપચુપ શરૂ કરી દેશે પણ અણથક મહેનત કરશે. તેના કાનમાં વહુની ફરિયાદો હંમેશાં ગુંજતી રહેશે. તાત્યાનાની લીલી આંખોની દાહક જવાળા સદા જલતી રહેશે, અને માતાના દિલમાં ધૂંધવાતી વેદનાથી—પોતાનાં બચ્ચાંની હત્યાથી વીફરેલી વાઘણની પીડા જેવી વેરીલી વેદનાથી—તે જિંદગીની આખરી ઘડી સુધી મુક્ત નહિ થઈ શકે.

માને રીબિન યાદ આવ્યો—તેના જખમો, તેનો ચહેરો, તેની અંગારા જેવી આંખો, અને તેના બોલ. એવી પાશવતાની સામે લાચારીની કટુ લાગણીથી

તેનું હૈયું જાણે સંકોચાઈ ગયું. શહેર સુધીની આખી મુસાફરી દરમિયાન ઘેરા દિવસની નીરસ પૃષ્ઠભૂમિમાં મિખાઈલોનું ચિત્ર તેની નજર સામે તરવરતું રહ્યું. તેને લાગ્યું કે મિખાઈલો જાણે સામે ઊભો છે — કદાવર બાંધો, કાળી દાઢી, ફાટેલું ખમીસ, લોહી નીગળતું માથું, પીઠ પાછળ બાંધેલા હાથ — પ્રકોપથી અને પોતે જેની હિમાયત કરતો હતો એ સચ્ચાઈમાં નિષ્ઠાથી છલકાતો આદમી. માના મનમાં પૃથ્વીના પટને વળગીને પડેલાં અસંખ્ય ગામોના, ઈન્સાફના આગમનની છાની વાટ જોતા લોકોના, અને આખી જિંદગી કશા બહેતર સંજોગોની મુદ્દલ આશા વગર મૂંગે મોંએ હેતુરહિત મજૂરી કરતા રહેતા હજારો લાખો ઈન્સાનોના ખ્યાલ ઊભરાયા.

તેને જિંદગી જાણે હળખેડુની વાટ જોતા અફાટ વણખેડાયેલા ખેતર જેવી લાગી.

ખેતર જાણે આઝાદ ઈમાનદાર ઈન્સોનોને કહી રહ્યું હતું કે "મારામાં સચ્ચાઈ અને ઈનસાફનાં બી વાવો તો હું તમને તમારી મહેનતનો સો ગણો બદલો આપું!"

પોતાની જહેમતોને વરેલી સફળતાને યાદ કરતાં તેણે ખુશીનો હળવો રોમાંચ અનુભવ્યો, પણ વિનમ્રતાના ભાવે તેને દબાવી દીધો.

૧૯

બારણું નિકોલાઈએ ઉઘાડ્યું. તેનાં કપડાં ચોળાઈ ગયેલાં હતાં અને તેના હાથમાં પુસ્તક હતું.

"આવી ગયાં? આટલાં જલદી?" તેણે માને ખુશીના ભાવે આવકારી. "મને જરાય ધારણા નહોતી."

તેની માયાળુ આંખો ચશ્માંની પાછળ પલકી રહી હતી. સામાન મૂકવામાં મદદ કરતાં કરતાં તે હેતાળ નજરે માને નીરખી રહ્યો.

"કાલે ઘરમાં ઝડતી લેવા આવેલા," તેણે કહ્યું. "મને બીક લાગી કે તમે ક્યાંક મુશ્કેલીમાં ન મુકાઈ ગયાં હો. પણ મને ગિરફતાર ન કર્યો. તમે પકડાઈ ગયાં હોત તો મને ચોક્કસ ગિરફતાર કરી લીધો હોત."

માને ભોજનખંડમાં લઈ જતો તે બોલતો રહ્યો.

"બેશક મને પાણીચું મળશે. પણ એની મને ફિકર નથી. ટેબલ પાસે બેસીને ઘોડા વગરના કિસાનોની ગણતરી કરતો કરતો હું આમેય કંટાળી ગયો છું."

ખંડની હાલત એવી હતી કે જાણે કોઈ ખીજે ભરાયેલા રાક્ષસે મકાનની દીવાલો હચમચાવી નાખીને બધું ઊંધુંચત્તું કરી નાખ્યું હોય. તસ્વીરો ને ચિત્રો ભોંયપટ ઉપર પડયાં હતાં, ભીંતનો શોભનકાગળ ફાડી નાખવામાં આવ્યો હતો અને તેના ચીરા બધે લટકી રહ્યા હતા, એક જગ્યાએ ભોંયપટનું પાટિયું ઉખેડી નાખવામાં આવ્યું હતું, બારીની પાળ તોડી નાખવામાં આવી હતી, અને સગડીની રાખ બધે વેરાયેલી પડી હતી. ઝડતી પછીની ખેદાનમેદાન હાલત મા અગાઉ જોઈ ચૂકી હતી, પણ તોયે આ બધું જોઈને તે માથું ધુણાવવા લાગી. નિકોલાઈની હસ્તીમાં કશાક નવા ગુણલક્ષણનો અણસારો આવતાં તેણે એકધ્યાને તેની સામે જોયું.

ટેબલ ઉપર ટાઢો સમોવાર અને વગર ધોયેલાં કપરકાબી પડયાં હતાં. પનીર અને બીજી ખાવાની ચીજો પ્લેટમાં નહોતી પણ કાગળ ઉપર ખડકાયેલી પડી હતી. મેજપોશ ઉપર પુસ્તકો વેરાયેલાં હતાં અને રોટીના ટુકડા તથા કોલસા વેરવિખેર પડયા હતા. મા લૂખું હસી અને નિકોલાઈએ જલાન સ્મિત કર્યું.

"સામાન્ય અંધેરમાં મેં પણ મારો ફાળો આપ્યો છે, નીલોવ્ના, પણ કંઈ વાંધો નહિ. મને એમ હતું કે એ લોકો ફરી આવશે, એટલે મેં કંઈ સાફસૂફ કે સરખું નથી કર્યું. વારુ, સફર કેવી રહી?"

સવાલ જાણે તેના દિલ ઉપર જોરથી પછડાયો. ફરી વાર રીબિનનું ચિત્ર તેની નજર સામે તરવરી ઊઠયું. આવતાંવેંત બધી વાત ન જણાવ્યા બદલ તેને અફસોસ થયો. તે આગળ નમીને, કશું રહી ન જાય તેની કાળજી રાખતી અને સ્વસ્થ રહેવાની કોશિશ કરતી, આખી વાત માંડીને કહેવા લાગી.

"એને ગિરફતાર કરી લીધો."

નિકોલાઈના મોં પરથી રંગ ઊડી ગયો.

"ખરેખર?"

માએ હાથ હલાવીને તેને બોલતો અટકાવ્યો, અને પોતાની નજર આગળ એક ઈન્સાનની ઉપર કરવામાં આવેલા અત્યાચાર અંગે ખુદ ઈનસાફની સામે ખડી રહીને વિરોધ નોંધાવતી હોય એવી રીતે આગળ બોલવા લાગી. સાવ ફિક્કો પડી ગયેલો નિકોલાઈ ખુરશીમાં ઢીલો ફસકાઈને હોઠ કરડવા લાગ્યો. તેણે ધીરે ધીરે ચશ્માં ઉતારીને ટેબલ પર મૂક્યાં, અને જાણે કોઈ અદૃશ્ય જાળું લૂછી નાખતો હોય એમ મોં પર હાથ ફેરવ્યો.

તેના મુખની રેખાઓ એકાએક તંગ બની ગઈ, લમણાંનાં હાડકાં જાણે ઊપસી આવ્યાં, અને નસકોરાં ફરકવા લાગ્યાં. માએ તેને એવી હાલતમાં અગાઉ ક્યારેય નહોતો જોયો એટલે તે ગભરાટમાં પડી ગઈ.

માની વાત પૂરી થઈ એટલે નિકોલાઇ ઊભો થઈ ગયો અને મુઠ્ઠી વાળેલા હાથ ખીસાંમાં ઊંડે ભરાવીને આંટા મારવા લાગ્યો.

"ખરો બહાદુર ઇન્સાન હોવો જોઈએ," તે દાંત પીસીને ગણગણ્યો. "જેલમાં એની હાલત કારમી થઈ જશે, એવા માણસ માટે જેલની જિંદગી વેઠવી બહુ મુશ્કેલ બની જાય."

તે મનની બેચેની ઉપર કાબૂ મેળવવા મુઠ્ઠીઓ જોરથી દબાવી રહ્યો હતો. તેની આકુળતા મા સમજતી હતી અને પોતે તેમાં સહભાગી હતી. તેણે તદ્દન સંકોડી દીધેલી આંખો કટારની અણી જેવી લાગતી હતી. તે આંટા મારતો મારતો બોલતો ત્યારે તેના અવાજમાં ઠંડો રોષ ધૂંધવાતો હોય એમ લાગતું હતું.

"જુઓ તો ખરાં, કેવી ભયંકર વાત છે! ગણતર બેવકૂફ માણસો લોકોની ઉપર પોતાનો જુલમી કાબૂ ટકાવી રાખવા માટે મરજી પડે તેને ઢીબી નાખે છે, જાનથી મારી નાખે છે! જંગલીપણું વધી રહ્યું છે અને ક્રૂરતાની આણ ફેલાઈ ગઈ છે! જરાક વિચાર કરો! તેમાંથી કેટલાક તો વકરી ગયેલાં જંગલી જનાવરોની જેમ તોફાને ચડી ગયા છે કારણ કે તેઓ જાણે છે કે કાનૂન તેમને અડી શકે એમ નથી. તેમને જાણે અત્યાચાર કરવાનો ઇંદ્રિયજન્ય તલસાટ હોય છે—નિરંકુશ ગુલામોનો પોતાની દાસતાની લાગણીઓને તથા પાશવી વૃત્તિઓને છૂટો દોર આપવાનો ધૃણાજનક તલસાટ હોય છે. બીજાઓનાં મનમાં વેરની ઝંખનાનું ઝેર ભરેલું હોય છે. વળી કેટલાક પોતે જ કોરડા ખાઈને મૂઢ બની ગયેલા છે. લોકોને ભ્રષ્ટ બનાવવામાં આવી રહ્યા છે, તમામ લોકોને!"

તેણે ચુપ થઈને દાંત કચકચાવ્યા.

"આવી પાશવી જિંદગીમાં માણસ પરાણે પશુ બની જાય!"

તેણે મહેનત કરીને મન કાબૂમાં કરી લીધું અને લગભગ પૂરી સ્વસ્થતાથી તે રડતી મા તરફ ફર્યો. તેની આંખો એકધારી ઝળકી રહી હતી.

"પણ આપણને વખત ગુમાવવો પાલવે એમ નથી, નીલોવ્ના! આપણે આપણાં મનને કાબૂમાં રાખવાં જ પડશે, પ્યારાં કોમરેડ!"

તે મ્લાન સ્મિત કરતો માની પાસે ગયો અને તેનો હાથ દબાવીને બોલ્યો:

"સંદૂક ક્યાં છે?"

"રસોડામાં."

"આપણે દરવાજે બાતમીદારો ગોઠવાઈ ગયા છે. આટલું બધું સાહિત્ય તેમની નજરથી બચાવીને બીજે ખસેડવાનું શક્ય નથી, અને અહીંયાં છુપાવી

શકાય એમ નથી. મને બીક છે કે આજે રાતે ફરી વાર ઝડતી લેવાશે, એટલે ગમે એટલો અફસોસ થાય તોપણ બધું બાળી નાખવું પડશે."

"શું બાળી નાખવું પડશે?" માએ સવાલ કર્યો.

"સંદૂકમાં છે એ બધું સાહિત્ય."

અચાનક માની સમજણમાં ઊતર્યું કે નિકોલાઈ શાની વાત કરી રહ્યો છે. મનમાં ગમગીની છવાયેલી હોવા છતાં તે ગર્વનું સ્મિત ખાળી ન શકી.

"સંદૂકમાં તો કંઈ નથી — એક ચોપાનિયું પણ નહિ!" તે બોલી ઊઠી અને પછી પૂરો બનાવ કહી સંભળાવવા લાગી. તે બોલતી ગઈ તેમ તેમ તેનામાં ધીરે ધીરે શક્તિ પાછી આવતી ગઈ.

નિકોલાઈએ શરૂઆતમાં ફિકરથી ભવાં સંકોડયાં પણ થોડા વખતમાં જ તેના ચહેરા ઉપર વિસ્મયના ભાવ છવાઈ ગયા, અને આખરે તે ઉત્તેજિત થઈને વચમાં બોલી ઊઠયો:

"વાહ! અજબ! તમે ગજબનાં ખુશનસીબ ઇન્સાન છો!" તેણે માના હાથ પકડી લીધા. "લોકોમાં તમારી નિષ્ઠા હૈયાને સ્પર્શી જાય એવી છે. મારા દિલમાં તમારી ઉપર તમે જાણે મારી સગી મા હો એવો પ્યાર છલકાય છે!"

મા હોઠ મલકાવતી તેને નીરખવા લાગી અને મનમાં વિચાર કરવા લાગી કે તે અચાનક આટલો બધો ઉમંગી ને ચેતનમય કેવી રીતે થઈ ગયો.

"બધી રીતે જોતાં — સરસ!" તે હથેલીઓ એકબીજીમાં દબાવતો અને હળવું હસતો બોલ્યો. "મેં પણ છેલ્લા થોડાક દિવસો મોજ કરી છે — કામદારોને મળતો રહ્યો, તેમની જોડે વાંચતો રહ્યો, તેમને નીરખતો રહ્યો. કામદારોને મળવાથી હંમેશાં મઝાની નિર્મળ નીરોગી લાગણી ઊપજે છે. કામદારો સરસ ઇન્સાનો હોય છે, નીલોવ્ના! — મારો આશય છે જુવાન કામદારો — જોરાવર ને લાગણીશીલ ને નવું જાણવા આતુર! તેમને નીરખતા હોઈએ ત્યારે એમ લાગ્યા વગર ન જ રહે કે એક દિવસ રશિયા આખા જગતમાં સૌથી વધુ લોકશાહી દેશ બની જશે!" તેણે થંભી જઈને જાણે પ્રતિજ્ઞા લેતો હોય એમ એક હાથ ઊંચો કર્યો. "પણ આખું વરસ પુસ્તકોમાં ને આંકડાઓમાં ડૂબેલો રહેવાથી મને જાણે ફૂગ વળી ગઈ છે. ભયાનક વાત છે! હું તો કામદારો વચ્ચે રહેવા ટેવાયેલો છું, બીજે ક્યાંય મને ચેન ન પડે — કોણ જાણે કેમ પણ બેચેન બની જાઉં અને મનમાં તણાવ લાગે. પણ હવે હું ફરી વાર આઝાદ ઇન્સાનની જેમ જીવીશ. હું બધો વખત કામદારોની ભેગો રહીશ અને તેમની જોડે કામ કરીશ. તમને સમજાય છે મારી વાત? હું નવા વિચારોના ઉગમક્ષેત્રમાં રહેવાનો,

તારુણ્યસભર સર્જનાત્મક સામર્થ્યના સાન્નિધ્યમાં રહેવાનો. ખૂબ સાદી ને સુંદર અને અજબ સ્ફૂર્તિદાયક જિંદગી જીવવાનો. એથી માણસને જુવાનીનો તરવરાટ અને તાકાતનો થનગનાટ હાંસલ થાય. એવું જીવન ભર્યું ભર્યું બની જાય, નીલોવ્ના!"

તે ઉલ્લાસમાં સરી પડ્યો અને સંકોચના ભાવે હસ્યો. મા તેની ખુશીને સમજી ગઈ અને તેમાં સહભાગી બની.

"અને તમે? તમે પણ અજબ ઇન્સાન છો!" નિકોલાઇ બોલી ઊઠયો. "તમે લોકોનું કેટલું આબેહૂબ વર્ણન કરો છો અને તેમને કેટલા ઊંડાણથી સમજો છો!"

તે માની પાસે બેસી ગયો. પહેલાં તેણે પોતાનું ઉલ્લાસથી ઝળકતું મુખ બીજી તરફ ફેરવી લીધું અને મનની અકળામણ છુપાવવા વાળમાં હાથ ફેરવ્યો. પરંતુ મા પોતાના અનુભવો સાદી અને રસમય વાણીમાં જણાવવા લાગી એટલે તેણે માની તરફ ફરીને તેની સામે જોયું.

"ભારે ખુશનસીબી!" તે બોલી ઊઠયો. "તમે પણ જોતજોતામાં ગિરફતાર થઈ ગયાં હોત, પણ તેને બદલે . . . હા, કિસાનો જાગી રહ્યા હોય એમ લાગે છે — અને એ તો સ્વાભાવિક છે. પેલી બાઈ — હું જાણે એને મારી નજર સામે સાફ જોઈ શકું છું . . . ખાસ માણસોને ગામોમાં કામ કરવા મોકલવાની જરૂર છે. માણસો? આપણી પાસે તો લગભગ પૂરતાયે નથી! સેંકડોની જરૂર છે!"

"પાવેલ છૂટો હોત ને! અને આન્દ્રેઈ!" મા હળવા અવાજે બોલી.

નિકોલાઈએ તેની સામે જોઈને નજર ઢાળી દીધી.

"મારી વાત સાંભળવી તમને વસમી લાગશે, નીલોવ્ના, પણ હું પાવેલને બહુ સારી રીતે ઓળખું છું — જેલમાંથી ભાગી જવાનું એ કદી પસંદ નહિ કરે. એને માટે મુકદ્દમો જરૂરી છે, પોતાનું પૂરું વ્યક્તિત્વ બતાવી આપવાની તક જરૂરી છે. એવી તક એ કદી જતી નહિ કરે. શા માટે કરે? એ સાઈબિરિયા ગયા પછી ત્યાંથી છટકી જશે."

"ભલે એમ ત્યારે, એ બહેતર સમજે છે," મા નિસાસો નાખીને બોલી.

"પેલો તમારો ખેડૂત ઉતાવળ કરીને જલદી મળવા આવે તો સારું," નિકોલાઇ થોડી વાર પછી ચશ્માંની આરપાર નજર નાખતો બોલ્યો. "રીબિન અંગે એક ચોપાનિયું કિસાનો માટે લખીને તૈયાર કરી નાખવું જોઈએ. એ પોતે આટલો આખાબોલો છે એટલે એને ખાસ કંઈ નુકસાન નહિ થાય. હું

આજે જ લખી નાખીશ, અને લ્યુદમીલા તરત જ છાપી આપશે. પણ ચોપાનિયાં ત્યાં પહોંચાડવાં કેવી રીતે?"

"હું પહોંચાડી આવીશ..."

"ના, મહેરબાની તમારી," નિકોલાઇ એકદમ બોલી ઊઠયો. "વેસોવશ્ચિકોવ ન જઈ શકે?"

"તમે કહેતા હો તો હું એને વાત કરું."

"જરૂર કરો. અને એને તરકીબ સમજાવી દો."

"પણ પછી હું શું કરું?"

"અરે, ફિકર ન કરો, અમે તમારે માટે કશુંક કામ ખોળી કાઢીશું."

તે ટેબલ પાસે બેસી ગયો. મા ટેબલ સાફ કરતી કરતી તેની ઉપર નજર નાખી લેતી હતી. તેની આંગળીઓમાં કલમ ધ્રૂજી રહી હતી. ક્યારેક ક્યારેક તેની ગરદનના સ્નાયુઓ આંચકા ખાઈ જતા હતા. તે માથું પાછળ નમાવીને આંખો મીચી દેતો ત્યારે તેની કંપતી હડપચી મા જોઈ શકતી. માના મનમાં ફિકર પેદા થઈ.

"તૈયાર," આખરે તે ઊભો થતો બોલ્યો. "લો, આ કાગળ તમારી ભેગો જ ક્યાંક છુપાવીને રાખી દો—પણ ઝડતી તો તમારીયે લેવાશે જ."

"દોજખમાં જાય!" મા બેફિકરાઈથી બોલી.

સાંજે ડોકટર ઈવાન દાનીલોવિચ આવ્યો.

"સત્તાધારીઓ અચાનક આટલા બધા ખળભળી કેમ ઊઠયા છે?" તેણે ઝડપથી આંટા મારતાં મારતાં સવાલ કર્યો. "કાલે રાતે સાત ઘરોમાં ઝડતી લેવાઈ છે. મારો દરદી ક્યાં ગયો?"

"એ તો કાલે ચાલ્યો ગયો," નિકોલાઇએ જવાબ આપ્યો. "આજે શનિવાર છે, અને એને અભ્યાસ મંડળ ચૂકવાનું મન નહોતું."

"નરી મૂર્ખાઈ! ખોપરી ફૂટેલી છે ને અભ્યાસ મંડળમાં બેસવા ગયો છે..."

"મેં એને વારવાની પૂરી કોશિશ કરી, પણ માન્યો નહિ."

"ચોક્કસ રોફ બતાવવો હશે—'આમ જુઓ, હું તો ઘાયલ પણ થઈ ગયો!'" મા બોલી.

ડોકટરે તેની ઉપર વેગીલી નજર નાખીને બનાવટી સખતીથી ભવાં સંકોડયાં.

"તમારું દિલ તો સાવ પથ્થરનું લાગે છે!" તેણે કહ્યું.

"વારુ, ઈવાન, હવે તારું અહીંયાં કંઈ જ કામ નથી, અને અમને લાગે

છે કે મહેમાનો જરૂર પધારવાના. તું રસ્તે પડી જા. નીલોવ્ના, ચોપાનિયું એને આપી દો."

"વળી પાછું ચોપાનિયું?" ડોક્ટર બોલી ઊઠયો.

"હા. લઈ જા અને છાપખાને પહોંચાડી દેજે."

"લઈ લીધું, અને પહોંચાડી દઈશ. બીજું કંઈ?"

"ના. દરવાજે બાતમીદાર ઊભો છે."

"મેં જોયો. મારે બારણે પણ એક ગોઠવાઈ ગયો છે. આવજો, બેરહમ બાઈ! પણ દોસ્તો, કબ્રસ્તાનની ધાંધલ તો આખરે ફાયદાકારક સાબિત થઈ! આખા શહેરમાં વાતો થાય છે. તેં ચોપાનિયું સરસ લખેલું, અને બરાબર વખતસર તૈયાર થઈ ગયેલું. હું તો હંમેશાં કહું છું કે વરવી શાંતિ કરતાં સરસ મઝાની લડાઈ હજાર દરજ્જે બહેતર!"

"ઠીક, હવે તું જા."

"આજે ઝાઝું હેત નથી દેખાતું! નીલોવ્ના, લાવો તમારો હાથ! પેલા જુવાને તો ખરેખર ગધેડાઈ કરી છે. નિકોલાઈ, તને ખબર છે એ ક્યાં રહે છે?"

નિકોલાઈએ સરનામું આપ્યું.

"કાલે જઈને જોઈ આવીશ. અચ્છો જુવાન છે, નહિ?"

"બહુ મઝાનો."

"એની સંભાળ રાખવી જોઈએ. એના માથામાં અક્કલ છે," ડોક્ટર જતાં જતાં બોલ્યો. "આપણે જ્યારે એવા લોક તરફ રવાના થઈ જઈએ કે જ્યાં હું ધારું છું વર્ગભેદો નહિ હોય, ત્યારે એવા જુવાનોએ જ ખરા પ્રોલિટેરિયન બુદ્ધિજીવીઓ બનીને આપણી જગ્યા લઈ લેવી પડશે."

"હમણાં હમણાં તું બહુ વાતોડિયો બની ગયો છે, ઈવાન."

"એ તો હું જરાક મોજમાં છું એટલે. તો તને લાગે છે કે તું જેલમાં જશે, ખરું ને? બરાબર આરામ કરી લેજે."

"આભાર, પણ મને થાક નથી ચડયો."

કામદાર વર્ગના જુવાન અંગે તેમની કાળજી જોઈને માને ખુશી થઈ.

ડોક્ટર ચાલ્યો ગયો પછી મા અને નિકોલાઈ વાળુ કરવા બેઠાં અને ધીમે અવાજે વાત કરતાં કરતાં રાતના સરકારી મહેમાનોની વાટ જોવા લાગ્યાં. નિકોલાઈએ હદપારી ભોગવતા સાથીઓ વિશે અને ત્યાંથી છટકી જઈને ખોટા નામે કામગીરી કરી રહેલા સાથીઓ વિશે માને વિગતે વાત કરી. જગતમાં જીવનની નવરચનાના મહાન ધ્યેય ખાતર સર્વસ્વનું બલિદાન દેનારા સાધારણ

ઈન્સાનોની પરાક્રમગાથાઓ જાણે માની જ ન શકાતી હોય એવી રીતે ખંડની ખાલી દીવાલો તેના શબ્દોને પડઘાના રૂપમાં પાછા ઠેલી રહી હતી. ક્રાંતિકારીઓના કિસ્સા સાંભળતાં માને જાણે કોઈ હૂંફાળી છાયાએ આવરી લીધી અને તેના દિલમાં એ અજાણ્યા માનવીઓ પ્રત્યે વહાલ ઊભરાયું. તેના કલ્પનાજગતમાં એ સૌ માનવીઓ જાણે ભેગા મળીને એવા મહાન નીડર નરવીરનું રૂપ ધારણ કરી લેતા હતા કે જે ધીરે ધીરે પણ દૃઢતાથી આગળ ધપી રહ્યો હતો અને જૂઠાણાંના સદીઓ પુરાણા થરને સાફ કરી રહ્યો હતો, જેથી લોકો જિંદગીની સ્પષ્ટ અને સાદી સચ્ચાઈ જોઈ શકે. નવજીવન પામેલું એ મહાન સત્ય કોઈનાયે અપવાદ વગર તમામ લોકોને એકત્રિત કરી રહ્યું છે અને જગતને ગુલામી તથા ત્રાસનો ભોગ બનાવી દેનારા ત્રણ દૈત્યોથી—લાલસા, ધિક્કાર, અને જૂઠાણાના દૈત્યોથી—મુક્તિ અપાવી રહ્યું છે. અન્ય દિવસો કરતાં ઓછા કષ્ટદાયક દિવસે દેવમૂર્તિની સામે ઘૂંટણિયે પડતી વેળા તેના મનમાં ખુશી અને અહેસાનની જેવી લાગણીઓ ઉત્પન્ન થતી એવી જ લાગણીઓ આ કલ્પનાએ જગાવી. અતીતના એવા વિરલ દિવસો તો હવે ભુલાઈ ગયા હતા, પરંતુ ત્યારે ઉત્પન્ન થયેલી લાગણી વિસ્તાર પામી, અધિક તેજસ્વી તથા આનંદમય બની, હૈયામાં અધિક ઊંડે ઊતરી, અને સચેતન થઈને ખીલી ઊઠી.

"અરે, પોલીસ તો આવી જ નહિ!" નિકોલાઇ અચાનક બોલી ઊઠયો.

"મેં તો કહ્યું ને કે દોજખમાં જાય!" મા તેની ઉપર ઝડપી નજર નાખતી બોલી.

"હા, ભલે દોજખમાં જાય, પણ હવે તમારે સૂવાનો વખત થઈ ગયો, નીલોવ્ના. તમે બેહદ થાકી ગયાં હશો. તમારો બાંધો ખરેખર બહુ મજબૂત છે! આટલું બધું જોખમ અને ઉત્તેજના—અને તમે બધું સહેલાઈથી પાર કરી જાઓ છો. પરંતુ તમારા વાળ ધોળા થઈ રહ્યા છે. વારુ, હવે જઈને થોડીક નીંદર ખેંચી લો."

૨૦

રસોડાનું બારણું જોરથી ખખડી ઊઠયું અને મા જાગી ગઈ. જે કોઈ હોય તે બારણું અધીરાઈથી લગાતાર ખખડાવી રહ્યું હતું. હજી અંધારું હતું, અને બારણાનો અણથંભ ખખડાટ ફિકર પેદા કરે એવો હતો. મા જલદી જલદી ખભે કશુંક લપેટતી રસોડામાં ગઈ અને બારણા પાસે ઊભી રહી.

"કોણ છે?" તેણે પૂછ્યું.

"હું," અવાજ ઓળખીતો નહોતો.

"હું કોણ?"

"બારણું ઉઘાડો," બારણા બહારથી સંભળાતા ધીમા અવાજમાં આજીજી હતી.

માએ કડી ખોલી નાખી અને પગ વડે હડસેલો મારીને બારણું ઉઘાડયું. ઇગ્નાત અંદર આવ્યો.

"ભૂલ તો નથી થઈ!" તે ખુશીના ભાવે બોલી ઊઠયો.

તે કમ્મર સુધી કાદવથી ખરડાયેલો હતો. તેનો ચહેરો ધોળો પડી ગયો હતો, આંખો ઊંડી ઊતરી ગઈ હતી, અને વાંકડિયાં જુલફાં ટોપી નીચેથી ચોતરફ બહાર નીકળી ગયાં હતાં.

"અમારી ઉપર તો આફત તૂટી પડી," તે બારણું બંધ કરતો હોઠ ફફડાવીને બોલ્યો.

"મને ખબર છે."

જુવાન અચરજમાં ગરકાવ થઈ ગયો.

"તમને કેવી રીતે ખબર પડી?" તેણે આંખો પલકાવતાં પૂછ્યું.

માએ ટૂંકમાં ખુલાસો કર્યો.

"બીજા બે સાથીઓ પણ પકડાઈ ગયા કે?"

"એ નહોતા—લશ્કરમાં ભરતી થવાના છે એટલે થાણે ગયા હતા. મિખાઈલો કાકા સમેત પાંચ પકડાઈ ગયા."

તેણે ઊંડો શ્વાસ લીધો અને લૂખું હસતાં ઉમેર્યું: "એકલો હું જ છટકી ગયો. મારી તલાશ ચાલતી હશે."

"તું કેવી રીતે છટકી ગયો?" માએ પૂછ્યું.

બીજા ખંડનું બારણું જરાક ખૂલ્યું.

"હું?" ઇગ્નાત બાંકડા ઉપર બેસી જઈને આસપાસ નજર ફેરવતો બોલ્યો. "પોલીસો આવ્યા તે પહેલાં થોડીક જ વારે વનપાલ દોડતો આવ્યો અને એણે બારી ખખડાવીને ચેતવણી આપી. "સાવધાન થઈ જાઓ, ભાઈઓ, તમને પકડવા આવી રહ્યા છે."

તેણે ધીમું હસતાં બાંય વડે મોં લૂછ્યું.

"મિખાઈલો કાકાએ ભાગી જવાની સાફ ના પાડી દીધી પણ મને કહ્યું—'ઇગ્નાત, એકદમ રવાના થઈ જા અને શહેરમાં પહોંચી જા! પેલાં આધેડ

બાઈ યાદ છે ને?' એ બોલતા બોલતા ચિઠ્ઠી લખી રહ્યા હતા. 'લે, આ એમને પહોંચાડી દેજે.' હું બહાર નીકળીને ઝાડીમાં છુપાઈ ગયો, અને થોડીક જ વારમાં પોલીસોનાં પગલાં સંભળાયાં. શયતાનો ચારે કોરથી ઊમટી પડયા ને પાર વગરના હતા. ડામર બનાવવાની આખી જગ્યાને ઘેરી લીધી. હું ઝાડીમાં લાંબો થઈને પડયો રહ્યો અને એ લોકો મને જોયા વગર નીકળી ગયા. પછી હું ઊભો થઈને પૂરું જોર લગાવતો પોબારા ગણી ગયો. ક્યાંય રોકાયા વગર બે રાત ને એક દિવસ ચાલતો રહ્યો છું."

મા જુવાનની ખુશી કળી ગઈ. તેની બદામી આંખોમાં મલકાટ સંતાકુકડી રમી રહ્યો હતો અને તેના ભરેલા રાતા હોઠ ફરકી રહ્યા હતા.

"હમણાં ચા બનાવી દઉં છું," મા સમોવાર તરફ ફરતી બોલી.

"આ ચિઠ્ઠી લઈ લો."

એણે મુશ્કેલીથી પગ ઊંચો કરતાં ચિઠ્ઠી બાંકડા ઉપર મૂકી. પીડાથી એનું મોં મરડાઈ ગયું અને હોઠેથી સિસકારો નીકળી ગયો.

બારણે નિકોલાઇ દેખાયો.

"કેમ છો, કોમરેડ!" તે આંખો સંકોડતો બોલ્યો. "લાવો, હું મદદ કરું."

તે નીચે નમી ગયો અને ઇગ્નાતને પગે વીંટાળેલાં મેલાં ચીંથરાં ઉખેળવા લાગ્યો.

"રહેવા દો!" જુવાન પગ આઘો ખેંચી લેતો અને અચંબાથી માની સામે જોતો બોલી ઊઠયો.

"એને પગે સ્પિરિટ ઘસવું પડશે," મા ઇગ્નાતની નજર અવગણતી બોલી.

"બેશક," નિકોલાઇએ જવાબ આપ્યો.

ઈગ્નાત અકળામણથી હસ્યો.

નિકોલાઇએ ચિઠ્ઠી હાથમાં લીધી, ચોળાઈ ગયેલો મેલો કાગળ સરખો કર્યો, અને સાવ આંખની નજીક પકડી રાખીને વાંચવાનું શરૂ કર્યું.

"અમને લગતું કામકાજ બંધ કરશો નહિ, મા, અને પેલાં ઊંચાં મહિલાને કહેજો કે અમારી હાલત વિશે જરાય ઢીલ કર્યા વગર વધારે ને વધારે લખતાં રહે. આવજો. રીબિન."

નિકોલાઇનો ચિઠ્ઠી પકડેલો હાથ નીચે ઢળી પડયો.

"અજબ!" તે ગણગણ્યો.

ઈગ્નાત બેઠો બેઠો તેમની સામે જોઈ રહ્યો હતો અને પોતાના ઉઘાડા પગનાં મેલાં આંગળાં ધીરે ધીરે હલાવી રહ્યો હતો. મા આંસુ છુપાવવાની

કોશિશ કરતી કથરોટમાં પાણી લઈ આવી, અને ઇગ્નાતની સામે બેસી જઈને તેનો પગ ધોવડાવવા તેણે હાથ લાંબો કર્યો.

"ના, ના, રહેવા દો," ઇગ્નાત ગભરાઈને બોલી ઊઠયો અને તેણે પગ બાંકડા નીચે સરકાવી દીધો.

"લાવ પગ, અને ઝટ કર!"

"સ્પિરિટ લઈ આવું," નિકોલાઇ બોલ્યો.

"અરે, આ તે ઘર છે કે ઇસ્પિતાલ?" તે બબડયો.

મા તેને બીજે પગેથી ચીંથરાં ઉખેળવા લાગી.

ઇગ્નાતે જોરથી શ્વાસ લીધો અને તે ડોક મરડતો માની સામે જોવા લાગ્યો.

"મિખાઇલો ઇવાનોવિચને સખત માર પડયો," મા કંપતા અવાજે બોલી.

"ખરેખર?" જુવાન આભો થઈ જતો ધીમેથી બોલ્યો.

"હા. એને નિકોલ્સ્કોયે લઈ આવ્યા ત્યારેય એની હાલત મારને લીધે ખરાબ થઈ ગઈ હતી, અને પછી ત્યાં પણ સાર્જન્ટે અને પોલીસના ઉપરીએ એને માર્યો — મોં ઉપર — અને લાતો લગાવી. લોહીલોહાણ થઈ ગયેલો!"

"એ લોકો મારપીટના તો ઉસ્તાદ છે!" જુવાન ભવાં સંકોડતો બોલ્યો. તેને ખભે આંચકા આવી ગયા. "મને હજાર શયતાનો કરતાં પોલીસની બીક વધારે લાગે. ખેડૂતોએ પણ મિખાઇલો કાકાને મારેલા?"

"એક ખેડૂતને પોલીસના ઉપરીએ હુકમ કર્યો એટલે એણે મુક્કો મારેલો, પણ બાકીનાએ નહિ. એ સૌ તો એની તરફેણ કરતા હતા — દેકારા કર્યા કે મારવાનો પોલીસને જરાય હક નથી."

"હં... ખેડૂતો હવે સમજવા લાગ્યા છે કે કોણે કોની તરફ છે અને શા કારણે."

"ખેડૂતોમાં પણ સમજદાર માણસો છે ખરા."

"ક્યાં નથી? કંગાલિયત! છે તો બધે ઠેકાણે, પણ ગોતી કાઢવા મુશ્કેલ છે."

નિકોલાઇ સ્પિરિટની બાટલી લઈ આવ્યો, અને સમોવારમાં થોડાક કોલસા નાખીને કશું બોલ્યા વગર પાછો બહાર ચાલ્યો ગયો. ઇગ્નાત ચુપચાપ તેને જોતો રહ્યો.

"આ અમીર સજ્જન કોણ, ડોક્ટર છે?" નિકોલાઇ બહાર ગયો એટલે તેણે માને પૂછ્યું.

"અહીંયાં અમીરો કોઈ નથી. અમે સૌ કોમરેડ છીએ."

"મને તો હેરત થાય છે," ઇગ્નાત બોલ્યો. તેના મલકાટમાં સંદેહ અને સંકોચ વરતાતાં હતાં.

"શાની હેરત થાય છે?"

"બધી વાતની. એક છેડે તો ઢીબી ઢીબીને મોઢાં લોહીલોહાણ કરી નાખે છે, અને બીજે છેડે આવીને પગ ધોવા લાગે છે. વચમાં શું હશે?"

બારણું ઊઘડયું અને નિકોલાઇ બોલ્યો:

"વચમાં એવા માણસો છે જે તમારાં મોઢાં લોહીલોહાણ કરી નાખનારાઓના પગ ચાટે છે અને જેનાં મોઢાં લોહીલોહાણ થઈ જાય છે એનું લોહી ચૂસતા રહે છે. વચમાં એવા માણસો છે!"

તેની સામે જોતા ઇગ્નાતની નજરમાં આદરનો ભાવ હતો.

"વાત તો ખરી લાગે છે," તે થોડીક વાર ચુપ રહીને બોલ્યો.

જુવાન ઊભો થયો અને મક્કમ ડગલે થોડુંક ચાલ્યો.

"પગ તો જાણે નવા થઈ ગયા," તે બોલ્યો. "આભાર."

પછી સૌ ચા પીવા ગયાં અને ઇગ્નાતે ઊંડા ગંભીર અવાજે બોલતાં પોતાની જિંદગીની વાત કરી.

"આપણું છાપું વહેંચવા હું જતો—મને ચાલવાનું બહુ ગમે—થાકું જ નહિ."

"છાપું ગામડાંમાં બહુ માણસો વાંચે છે?" નિકોલાઇએ પૂછયું.

"વાંચતાં આવડતું હોય એવા તમામ, અમીર હોય તોયે. એ લોકોને છાપું બેશક અમારી પાસેથી નથી મળતું. એ લોકો ચાલાક છે અને બરાબર સમજે છે કે જમીનદારોના પગ નીચેથી જમીનને ધોઈ નાખવા કિસાનો જમીનદારોનું લોહી વહેવડાવશે, અને એ કામ પતી જાય કે તરત જ જમીન ને બધું આપસમાં વહેંચી લેશે જેથી જમીનદારો પણ ન રહે અને તેમના ખાંધિયા પણ ન રહે. એટલું તો સાફ છે—નહિતર લડાઈ શું કરવા શરૂ કરે?"

તેનું મન જાણે દુભાઈ ગયું હોય એમ લાગતું હતું. તેણે નિકોલાઇની સામે જોયું. તેની નજરમાં સવાલ અને અવિશ્વાસ ભરેલા હતા. નિકોલાઇએ કશું બોલ્યા વગર મોં મલકાવ્યું.

"આજે આખી દુનિયા સામે લડી લઈએ અને ફતેહ હાંસલ કરી લઈએ, પણ કાલે વળી પાછા જિંદગીમાં અમીરો ને ગરીબો હોય જ, તો પછી શો ફાયદો? ના, મહેરબાની. અમને મૂરખ નહિ બનાવી શકો—અમીરો તો સૂકી રેતી જેવા હોય છે. તેઓ એક જ ઠેકાણે પડયા ન રહે, બધી દિશાઓમાં ફેલાઈ જાય! ના, અમને એવું ના ખપે!"

"પણ ઉશ્કેરાઈ જવાની જરૂર નથી," મા હસી પડી.

"મને તો એ વાતની ફિકર છે કે રીબિન અંગેનું ચોપાનિયું ઝડપથી તમારા લોકોને કેવી રીતે પહોંચાડવું," નિકોલાઇ વિચારમાં પડી જતો બોલ્યો.

ઇગ્નાતે કાન સરવા કર્યા.

"એવું ચોપાનિયું છે?" તેણે પૂછ્યું.

"હા."

"મને આપો, હું પહોંચાડી દઈશ," જુવાન હથેલીમાં હથેલી દબાવતો બોલ્યો.

મા તેની તરફ જોયા વગર હળવું હસી.

"પણ તું થાકેલો છે અને તેં કહ્યું કે તને તો બીક લાગે છે," તે બોલી.

"બીક એક વાત છે, ને કામ બીજી વાત," ઇગ્નાતે પહોળા પંજા વડે વાંકડિયા વાળ સરખા કરતાં કરતાં મુદ્દાસર વાત કરતો હોય એમ કહ્યું. "તમે હસો છો કેમ? તમે પણ અજબ છો!"

"બેટા! બાળ મારા!" મા દિલમાં ઊછળતી ખુશીને દબાવી દેવાની કોશિશ કરતી બોલી.

"હં... બાળ!" તે કોચવાઈને બોલ્યો.

"ના, તમારે ત્યાં પાછા નથી જવાનું," નિકોલાઇ તેની સામે હેતના ભાવે મિચકારો કરતો બોલ્યો.

"કેમ નહિ? અને તો હું ક્યાં જાઉં?" ઇગ્નાતે અકળામણ અનુભવતાં સવાલ કર્યો.

"ચોપાનિયાં બીજું કોઈ લઈ જશે. તમે માત્ર વિગતવાર સમજાવી દેજો કે એણે શું કરવું અને કેવી રીતે. એટલું કરશો ને?"

"ભલે," ઇગ્નાતના અવાજમાં નિરાશા વરતાતી હતી.

"અને તમને અમે બનાવટી પાસપોર્ટ આપીને વનના ચોકીદારનું કામ અપાવી દઈશું."

જુવાને એકદમ માથું ઊંચું કરીને તેની સામે જોયું.

"અને ખેડૂતો લાકડાં ચોરવા આવે ત્યારે મારે શું કરવું — પકડી લેવા? ના, એવું કામ મને નહિ ફાવે," તે બેચેનીથી બોલ્યો.

મા હસી પડી અને નિકોલાઇ પણ હસ્યો. એથી જુવાનને ફરી માઠું લાગ્યું અને અકળામણ થઈ.

"તમારે ખેડૂતોને નહિ પકડવા પડે, એવી ફિકર કરશો નહિ," નિકોલાઈએ આશ્વાસન આપ્યું.

"તો તો ઠીક," ઈગ્નાત રાહતથી મોં મલકાવીને બોલ્યો. "પણ મને કારખાનામાં કામ મળે તો ગમે. સાંભળ્યું છે કે કારખાનાના કામદારો ભારે પાકા હોય છે."

મા ઊભી થઈને બારી પાસે ગઈ.

"જિંદગી પણ અજબ છે—એક દિવસમાં પાંચ વાર ખુશીથી હસવાનું અને પાંચ વાર પીડાથી રડવાનું," તે વિચારમાં પડી જઈને બોલી. "વારુ, ઈગ્નાત, તારું બધું પતી ગયું? હવે સૂઈ જા."

"ઊંઘ નથી આવતી."

"ચાલ હવે, ડાહ્યો થઈને સૂઈ જા!"

"તમે બહુ કડક લાગો છો, ખરું ને? ભલે, આવું છું. ચા બદલ આભાર... અને તમારા સદ્‌ભાવ બદલ પણ..."

તે માની પથારીમાં લાંબો થઈને માથું ખજવાળતો મનમાં બબડ્યો: "બધે ડામરની ગંધ આવે છે... બધી નકામી ધાંધલ... ઊંઘ નથી આવતી... વચમાં શું છે એ તો એકદમ સમજાવી દીધું... શયતાનો..."

તેને પોતાને ખબર પડે એ પહેલાં જ તે નીંદરમાં ડૂબી ગયો અને જોરથી નસકોરાં બોલાવવા લાગ્યો. તેનું મોં અરધું ઉઘાડું હતું અને ભવાં ઊંચે ચડી ગયાં હતાં.

૨૧

એ જ દિવસે સાંજે તે એક નાનકડા ભંડકિયામાં વેસોવશ્ચિકોવની સામે બેઠો બેઠો ભેદી રીતે કહી રહ્યો હતો: "બારીએ બરાબર વચમાં ચાર વાર..."

"ચાર વાર?" નિકોલાઈ ચિંતાતુર અવાજે બોલ્યો.

"પહેલાં ત્રણ વાર—આવી રીતે," તેણે ટેબલ ઉપર ઠપકારા કરી બતાવ્યા. "એક, બે, ત્રણ. પછી જરાક થોભીને ફરી એક વાર."

"સમજ્યો."

"રાતા માથાવાળો એક ખેડૂત બારણું ઉઘાડીને સવાલ કરશે: 'સુયાણીને બોલાવવા આવ્યા છો?' એટલે તમારે કહેવાનું કે 'હા, કારખાનદારની બીબી માટે.' બસ. એ સમજી જશે."

તેઓ માથાં પાસે પાસે રાખીને બેઠા બેઠા ધીમા અવાજે વાતો કરવા લાગ્યા.

બેઉ જોરાવર ને કદાવર આદમી હતા. મા અદબ વાળીને ઊભી ઊભી તેમને નીરખી રહી હતી. ભેદી ઠપકારા અને સંકેતશબ્દો સાંભળીને તેને રમૂજ થઈ.

"બાળકો જેવા છે," તેને થયું.

ભીંતે ટાંગેલી બત્તી જમીન ઉપર પડેલાં ઘોબાવાળાં વાસણો અને કટાઈ ગયેલાં પતરાં ઉપર અજવાળું પાથરી રહી હતી. ઓરડામાં કાટની, રંગની, અને ભીનાશની વાસ ફેલાયેલી હતી.

ઈગ્નાતે બરછટ કાપડનો ભારે કોટ પહેર્યો હતો. કોટ તેને બહુ ગમતો હોય એમ લાગતું હતું. તે વારંવાર ખુશીના ભાવે બાંય ઉપર હાથ ફેરવતો હતો અને ડોક મરડીને ખભા ઉપર નજર નાખી રહ્યો હતો.

"સાવ બાળકો જેવા, વહાલુડાં બાળ જેવા..." તે ફરી વિચારવા લાગી.

"બસ," ઈગ્નાત ઊભો થઈ ગયો. "પહેલાં મુરાતોવ પાસે જઈને દાદા વિશે પૂછી લેવાનું ભૂલતા નહિ."

"બરાબર યાદ રાખી લીધું છે," વેસોવશ્ચિકોવે જવાબ આપ્યો.

પણ ઈગ્નાતને સંતોષ ન થયો એટલે તેણે બધા ઠપકારા ને ઇશારા ને સંકેતશબ્દો એક પછી એક દોહરાવ્યા અને પછી આખરે હાથ મિલાવવા લાંબો કર્યો.

"સૌને કહેજો કે મેં યાદ કર્યા છે, માણસો મઝાના છે," તેણે ફરી કોટ ઉપર ખુશાલ નજર કરતાં કહ્યું અને પછી મા તરફ ફરીને પૂછ્યું: "હવે હું જાઉં ને?"

"રસ્તો યાદ છે ને?"

"બરાબર યાદ છે. આવજો, સાથીઓ!"

તે બહાર નીકળી ગયો. તેના ખભા સીધા હતા, છાતી ટટ્ટાર હતી, નવી હેટ એક કાન ઉપર ત્રાંસી દબાવેલી હતી, અને બહાદુરી બતાવતો હોય એમ હાથ ખીસાંમાં ભરાવેલા હતા. ઊજળા વાંકડિયા વાળનાં ઝુલફાં તેના લમણા ઉપર ફરફરી રહ્યાં હતાં.

"તો હવે મને પણ કામગીરી સોંપવામાં આવી," વેસોવશ્ચિકોવ હળવે પગલે માની પાસે જતો બોલ્યો. "મને કંટાળો આવવા લાગ્યો હતો અને મનમાં થતું હતું કે હું જેલમાંથી શું કરવા ભાગી ગયો. અહીંયાં તો દિવસરાત છુપાઈને પડયા રહેવા સિવાય બીજું કંઈ જ હું કરતો નથી, પણ જેલમાં આખર કશુંક તો શીખવા મળતું હતું. પાવેલ અમને અક્કલ વાપરતાં શીખવતો હતો. એ લોકો માટે જેલમાંથી ભાગી જવાની ગોઠવણનું પછી શું થયું, નીલોવ્ના?"

"ખબર નથી," મા અનાયાસ નિસાસો નાખતી બોલી.

નિકોલાઈ ભારે હાથ માને ખભે મૂકતો તેની તરફ નમ્યો.

"તું સમજાવ, તારી વાત માનશે," તેણે કહ્યું. "સાવ સહેલું કામ છે. જો, અહીંયાં જેલની દીવાલ છે, ત્યાર પછી રસ્તાની બત્તીનો થાંભલો છે. રસ્તાની સામી બાજુએ ખાલી જગ્યા છે, ડાબી બાજુએ કબ્રસ્તાન છે અને જમણી બાજુએ શેરીઓ તથા મકાનો છે. રોજ એક માણસ બત્તી સાફ કરવા આવે છે. એક દિવસ એ સીડી જેલની દીવાલે ગોઠવીને ઉપર ચડી જાય અને દોરડાની સીડી ઈંટમાં ભરાવીને અંદરની બાજુએ લટકાવી દે. બસ. અંદર સાથીઓને ખબર હોય કે આવી ગોઠવણ ક્યારે થવાની છે, એટલે તેઓ ગુનેગાર કેદીઓને કહીને ધાંધલ કરાવે અથવા પોતે જ ધાંધલ મચાવી દે. ચોકીદારો ધાંધલમાં અટવાઈ જાય ત્યારે ભાગી જનારા સાથીઓ સીડી ચડીને છૂ થઈ જાય. એક, બે, ત્રણ—જોતજોતામાં કામ પૂરું થઈ જાય. સાવ સહેલી વાત છે!"

તેણે આખી તરકીબ હાથ હલાવીને હાવભાવ કરતાં કરતાં માને સમજાવી. તરકીબ સરખી રીતે વિચારી કાઢેલી સાફ અને સાદી હતી. માને તે હંમેશાં બોથડ ને ઢીલો લાગ્યો હતો, અને તેની નજરમાં ઝેર તથા અવિશ્વાસ ભરેલાં રહેતાં. પણ હવે તેની નજર જાણે સાવ બદલાઈ ગઈ હતી—માને સમજાવતી વેળા તેની આંખોમાં એકધારું હેતાળ તેજ ઝળકી રહ્યું હતું.

"એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે—આ કામ દિવસે થવું જોઈએ. દિવસે, સમજી ને? કોઈને ખ્યાલ જ કેવી રીતે આવે કે દિવસે જેલમાં સૌ જાગતાં ને કામ કરતાં હોય એવે ટાણે કોઈ કેદી ભાગી જવાની કોશિશ કરે?"

"ગોળીબાર કરે તો?" માની કાયા થરથરી ઊઠી.

"કોણ કરે? ત્યાં સિપાહીઓ તો હોતા જ નથી, અને ચોકીદારો રિવોલ્વરો વડે ભીંતમાં ખીલીઓ ઠોકતા રહેતા હોય છે."

"તરકીબ બેહદ આસાન લાગે છે."

"પણ ચોક્કસ કામયાબ થઈ જશે. તું એમને સમજાવીને તૈયાર કરી દે. મેં બધી ગોઠવણ કરી રાખી છે—દોરડાની સીડી ને ઈંટમાં ભરાવવાની આંકડી તૈયાર છે, અને મારો મકાનમાલિક બત્તી સાફ કરનારો બની જશે."

બારણાની બીજી તરફ કોઈએ ઉધરસ ખાધી, પગ આઘાપાછા કર્યા, અને પતરાં ખખડાવ્યાં,

"એ જ છે," નિકોલાઈ બોલ્યો.

બારણામાં પતરાનું ટબ નજરે પડ્યું અને ઘોઘરો અવાજ સંભળાયો: "ખસ ને હવે, કાળમુખું..."

ટબને ધકેલતા આદમીના મોં ઉપર સદ્ભાવ છવાયેલો હતો. તેના વાળ ધોળા હતા, આંખો ઊપસેલી હતી, અને તેને મોઢે મૂછો હતી.

નિકોલાઈએ તેને ટબ અંદર ઘુસાડવામાં મદદ કરી અને એક ઊંચો પણ વળી ગયેલો આદમી ઓરડામાં દાખલ થયો. દાઢી વગરના ગાલ ફુલાવીને કર્કશ અવાજે ઉધરસ ખાઈને તે થૂંક્યો, અને પછી તેણે ઘોઘરા અવાજે મહેમાનોને દુવાસલામ કર્યા.

"કેમ છો..."

"આને પૂછી જો!" નિકોલાઈ બોલી ઊઠયો.

"શું પૂછવાનું છે મને?"

"જેલમાંથી ભાગી જવાની તરકીબ વિશે."

"હં..." ટિનગર મેલી આંગળીઓ વડે મૂછો લૂછતો બોલ્યો.

"આ માનતી જ નથી કે તરકીબ ખરેખર બહુ જ આસાન છે, યાકોવ વાસીલ્યેવિચ!"

"નથી માનતાં, એમ ને? મન જ નહિ હોય. પણ આપણને મન છે એટલે આપણે માનીએ છીએ," ટિનગર સ્વસ્થ અવાજે બોલ્યો. અચાનક તેને જોરથી ઉધરસ આવી અને તે બેવડ વળી ગયો. ઉધરસ ખતમ થઈ ગઈ એટલે તે ઓરડાની વચમાં ચુપચાપ ઊભો ઊભો છાતીએ હાથ ફેરવવા લાગ્યો અને ઊપસેલી આંખો વડે માને નીરખવા લાગ્યો.

"આ વાતનો ફેંસલો પાવેલ અને તેના સાથીઓ કરશે," મા બોલી.

"પાવેલ — કોણ પાવેલ?" ટિનગર બેસી જતો બોલ્યો.

"મારો દીકરો."

"અટક?"

"વ્લાસોવ."

તે માથું હલાવતો તમાકુ કાઢીને હોકલી ભરવા લાગ્યો.

"નામ સાંભળ્યું છે," તેણે કહ્યું. "મારો ભત્રીજો એને ઓળખે છે. એ પણ જેલમાં જ છે — યેવચેનકો — ઓળખો છો? મારું નામ ગોબૂન છે. લાગે છે કે થોડા વખતમાં તમામ જુવાનોને જેલમાં ગોંધી દેશે — ખેર, આપણ ગલઢાંબુઢ્ઢાં સારુ જગ્યા મોકળી થઈ જશે! લશ્કરના એક પોલીસે મને કહ્યું કે મારા ભત્રીજાને સાઈબિરિયા મોકલી દેવાના છે. મોકલી દેશે — કૂતરા ક્યાંના!"

તે નિકોલાઈ તરફ ફરીને હોકલીના દમ ખેંચતો વારે વારે ભોંયપટ ઉપર થૂંકવા લાગ્યો.

"તો એમનું મન નથી, ખરું ને? એમની વાત એ જાણે," તે તૂટક તૂટક બોલવા લાગ્યો. "માણસ છૂટો હોય તો ચાલતો થાકી જાય ત્યારે બેસી જઈ શકે, અને બેઠો બેઠો થાકી જાય ત્યારે ચાલી શકે. લૂંટી લે તો આંખો મીચી લેવી, માર મારે તો ચૂં કર્યા વગર માર ખાઈ લેવો, અને જાનથી મારી નાખે તો દફનાઈ જવું. એટલી તો બધાયને ખબર છે. પણ હું તો મારા ભત્રીજાને છૂટો કરાવીને જ જંપવાનો છું—એટલી ખાતરી રાખજો!"

તેને હોઠેથી છૂટેલાં કડકડતાં વેણ સાંભળીને માને મૂંઝવણ થઈ, પણ આખરી શબ્દોમાં છલકાતી ખાતરીની લાગણી જોઈને તેના મનમાં ઈર્ષ્યાના ભાવ પેદા થયા.

તે બહાર નીકળીને રસ્તે ચાલવા લાગી ત્યારે ટાઢો પવન તથા વરસાદ તેના મોં ઉપર ઝપાટા લગાવી રહ્યા હતા અને તેના મનમાં નિકોલાઈના વિચારો ઘોળાઈ રહ્યા હતા.

"કેટલો બદલાઈ ગયો છે! માન્યામાં જ ન આવે!"

ટિનગર યાદ આવતાં તે જાણે પ્રાર્થના કરતી હોય એમ ગણગણવા લાગી: "તો મારી એકલીની જ જિંદગીમાં નવો પલટો નથી આવ્યો! એવાં બીજાં માણસો પણ છે ખરાં!" પછી તેના મનમાં દીકરાના વિચારો ઘોળાવા લાગ્યા: "જેલમાંથી છટકી જવાનું મંજૂર કરે તો કેવું સારું!"

૨૨

ત્યાર પછીના રવિવારે તે જેલની ઑફિસમાં પાવેલની વિદાય લઈ રહી હતી ત્યારે તેને લાગ્યું કે પાવેલ કાગળની ટચૂકડી ગોળી તેના પંજામાં દબાવી રહ્યો છે. જાણે હાથ દાઝી ગયો હોય એમ તે દાઝી ગઈ અને તેણે સવાલભરી નજર દીકરાની ઉપર નાખી. પણ દીકરાના ચહેરામાં કશો જવાબ નહોતો. પાવેલની નીલી આંખોમાં તો હંમેશ જેવો સ્વસ્થ ને મક્કમ મલકાટ રમી રહ્યો હતો.

"આવજે!" મા નિસાસો નાખતી બોલી.

પાવેલે ફરી હાથ લંબાવ્યો અને તેના ચહેરા ઉપરથી જાણે વહાલની છાયા પસાર થઈ ગઈ.

"આવજે, મમ્મી!"

મા તેનો હાથ પકડીને ઊભી રહી.

"ફિકર કરતી નહિ, અને નારાજ ન થઈશ," તેણે કહ્યું.

એ શબ્દો અને ભવાં વચ્ચેની મક્કમ રેખામાં તેનો જવાબ સમાયેલો હતો.

"અરે, એવું કેમ બોલે છે!..." તે માથું નમાવતી ગણગણી.

દીકરાની ઉપર ફરી નજર નાખ્યા વગર તે બહાર નીકળી ગઈ. આંખોમાં છલકાતાં આંસુ અને કંપતા હોઠ તે દીકરાને બતાવવા નહોતી માગતી. જાણે ખભે ફટકો લાગ્યો હોય એમ તેનો કાગળ પકડેલો હાથ આખે રસ્તે દુખતો અને ભારે થઈને લટકતો રહ્યો. ઘેર પહોંચીને તરત જ તેણે ચિઠ્ઠી નિકોલાઇને આપી દીધી. નિકોલાઇ ચોળાયેલો કાગળ સરખો કરવા લાગ્યો અને મા વાટ જોતી ઊભી રહી. તેના હૈયામાં આછી આશા ફફડી રહી હતી. પણ નિકોલાઇના શબ્દોએ આશાની ઉપર પાણી ફેરવી દીધું.

"મને ખબર હતી," તે બોલ્યો. "સાંભળો—એણે લખ્યું છે કે 'અમે ભાગી જવાનો પ્રયત્ન નહિ કરીએ, સાથીઓ. એ શક્ય જ નથી. અમારામાંથી કોઈ નહિ કરે. એમ કરીએ તો અમારું સ્વમાન રગદોળાઈ જાય. પણ હમણાં જ ગિરફતાર થઈને આવેલા કિસાનને તમે મદદ કરજો. એને તમારી મદદની જરૂર છે અને એ તમારી બને એટલી મદદને લાયક છે. અહીંયાં તેની હાલત વસમી થઈ ગઈ છે—દરરોજ અમલદારો સાથે ઝઘડા કરે છે. એ ચોવીસ કલાક તો અંધારકોટડીમાં વિતાવી ચૂક્યો છે. અહીંયાં એને અત્યાચાર કરીને મારી નાખવામાં આવશે. અમે સૌ તમને વિનંતિ કરીએ છીએ કે એને મદદ કરજો. મારી માને દિલાસો આપજો. એને બધી વાત કરજો—એ સમજી જશે."

માએ માથું ઊંચું કર્યું.

"કહેવાનું વળી શું છે? હું સમજું છું," તે કંપતા અવાજે બોલી.

નિકોલાઇ એકદમ બીજી તરફ ફરી ગયો અને રૂમાલ કાઢીને નાક સાફ કરવા લાગ્યો.

"શરદી થઈ ગઈ લાગે છે..." તે ગણગણ્યો અને ચશ્માં કપાળે ધકેલીને આંટા મારવા લાગ્યો. "ખરું પૂછો તો આપણને એટલો વખત પણ ન જ મળ્યો હોત."

"ભલે, એમની મરજી છે તો મુકદ્દમો ચાલવા દો," મા ભવાં સંકોડતી બોલી. તેના દિલમાં ગમગીની ધુમ્મસની જેમ છવાઈ ગઈ.

"આ જુઓ, હમણાં જ સેંટપિટર્સબર્ગથી એક કોમરેડનો પત્ર આવ્યો છે..."

"આખર સાઈબિરિયા જઈને પછી તો છટકી જઈ શકે ને? કે નહિ?"

"આ કોમરેડ લખે છે કે મુકદ્દમો જલદી શરૂ થઈ જવાનો છે અને સજા નક્કી થઈ ગઈ છે—બધાયને હદપારી. બદમાશો તેમની પોતાની અદાલતોને પણ ફારસ બનાવી દે છે! જરાક વિચાર તો કરો—હજી મુકદ્દમો શરૂ પણ નથી થયો અને સેંટપિટર્સબર્ગમાં સજા નક્કી થઈ ગઈ છે!"

"મારી ફિકર ન કરો, નિકોલાઇ ઈવાનોવિચ!" મા દૃઢ અવાજે બોલી. "મને સમજાવવાની કે દિલાસો દેવાની જરૂર નથી. પાવેલ જે કરશે તે ઠીક જ કરશે. વિના કારણનું દુ:ખ એ પોતેય નહિ વેઠે અને સાથીઓને પણ નહિ વેઠવા દે. વળી એને મારી ઉપર બહુ વહાલ છે—તમે ખુદ જુઓ છો કે મારી કેટલી કાળજી રાખે છે. એણે લખ્યું છે કે મારી માને સમજાવજો, દિલાસો દેજો..."

તેનું હૈયું જોરથી ધડકવા લાગ્યું અને આંખે જાણે અંધારાં આવી ગયાં.

"તમારો દીકરો તો અદ્‌ભુત ઈન્સાન છે," નિકોલાઇ અસાધારણ મોટા અવાજે બોલી ઊઠયો. "મારા મનમાં એને માટે કેટલો આદર છે એ કહી બતાવવું મુશ્કેલ છે."

"આપણે રીબિનને મદદ કરવાનો કશોક ઉપાય ઘડી કાઢીએ," માએ કહ્યું.

તેને એ જ ઘડીએ કશુંક કરવાનું—ક્યાંક જવાનું મન થયું, થાકીને લોથપોથ થઈ જાય ત્યાં સુધી ચાલતા રહેવાની ઝંખના તેના મનમાં જાગી.

"હા, એ જરૂરી છે," નિકોલાઇ બોલ્યો. તે હજુ આંટા મારી રહ્યો હતો. "સાશાની જરૂર પડશે..."

"હમણાં આવશે. હું પાવેલને મળવા જાઉં એ દિવસે ચોક્કસ આવે જ છે."

નિકોલાઈ સોફા ઉપર માની બાજુમાં બેસી ગયો. તેણે વિચારમાં પડી જતાં માથું નમાવી દીધું, હોઠ કરડયા, અને દાઢીને વળ ચડાવ્યો.

"અફસોસની વાત છે કે બહેન નથી..."

"પાવેલ હજી જેલમાં જ છે તે દરમિયાન કશુંક કરી શકીએ તો બહુ સારું—એથી એને બહુ જ ખુશી થશે," મા બોલી.

તેઓ થોડીક વાર કશું બોલ્યા વગર બેઠાં રહ્યાં.

"પણ મને તો સમજાતું જ નથી કે એ કેમ તૈયાર નથી..." મા અચાનક બોલી ઊઠી.

નિકોલાઈ એકદમ ઊભો થઈ ગયો, પણ બરાબર એ જ ઘડીએ ઘંટડી રણકી ઊઠી. બેઉ એકબીજાની સામે જોવા લાગ્યાં.

"સાશા હશે," નિકોલાઈ હળવા અવાજે બોલ્યો.

"એને શું કહીશું?" મા પણ એટલા જ હળવા અવાજે બોલી.

"હં..."

"મને બિચારીનો બહુ અફસોસ થાય છે."

ફરી વાર ઘંટડી વાગી, પણ ધીરેથી, જાણે કેમ દરવાજે આવેલા માણસના મનમાં દુવિધા હોય. નિકોલાઈ અને મા ભેગાં જ બારણા તરફ જવા લાગ્યાં, પણ રસોડામાં પહોંચતાં નિકોલાઈ અળગો તરી ગયો.

"તમે એકલાં જ જાઓ તો ઠીક," તેણે કહ્યું.

માએ બારણું ઉઘાડ્યું કે તરત જ બાળાએ હિંમતથી સવાલ કર્યો: "ના પાડી ને?"

"હા."

"મને ખબર હતી," સાશા સરળ અવાજે બોલી પરંતુ તેનું મોં સાવ ધોળું પડી ગયું. તેણે કોટનાં બટન ખોલ્યાં ને વળી થોડાંક ભીડી દીધાં, અને કોટ ખભા ઉપરથી સરકાવી લેવાની કોશિશ કરી.

"પવન અને વરસાદ—ભયંકર હવામાન છે," તે બોલી. "એની તબિયત ઠીક છે?"

"હા."

"તંદુરસ્ત ને મઝામાં," સાશા પોતાનો જ હાથ નીરખતી ધીમા અવાજે બોલી.

"એણે લખ્યું છે કે આપણે રીબિનને છોડાવવાની કોશિશ કરવી," મા બાળાની સામે જોયા વગર બોલી.

"ખરેખર? એમ કરવું હોય તો આપણી પુરાણી તરકીબ અજમાવવી જોઈએ," બાળા ધીરે ધીરે બોલી.

"મને પણ એમ જ લાગે છે," નિકોલાઈ એકાએક બારણે આવીને બોલ્યો. "કેમ છે, સાશા?"

બાળાએ હાથ લાંબો કર્યો.

"કેમ નહિ? બધાય કહે છે કે તરકીબ સારી છે."

"પણ ગોઠવણ કોણ કરશે? આપણે સૌ તો ગળાં સુધી કામમાં ડૂબેલાં છીએ.

"હું કરીશ," સાશા એકદમ ઊભી થઈ જતી બોલી. "મને વખત છે."

"ભલે. પણ બીજા સાથીઓને મળવું પડશે..."

"એ બધું હું કરી લઈશ. હમણાં જ નીકળી જાઉં છું."

તે પાછી કોટનાં બટન ભીડવા લાગી. આ વખતે તેની આંગળીઓમાં મક્કમ ચોકસાઈ વરતાતી હતી.

"પહેલાં થોડોક આરામ કરી લો તો સારું," મા બોલી.

"ના, મને થાક નથી લાગ્યો," બાળાએ જરાક મોં મલકાવીને જવાબ આપ્યો.

તે ચુપચાપ હાથ મિલાવીને બહાર નીકળી ગઈ—હંમેશની જેમ જ સ્વસ્થ અને ગંભીર.

મા અને નિકોલાઇ બારી પાસે જઈને ઊભાં રહ્યાં અને તેને વાડો પાર કરીને દરવાજાની બહાર અદૃશ્ય થઈ જતી નીરખી રહ્યાં. નિકોલાઇએ હળવેથી સીટી વગાડી અને ટેબલ પાસે બેસીને લખવાનું શરૂ કરી દીધું.

"કશાક કામમાં ડૂબેલી રહેશે તો એના મનને સારું લાગશે," મા વિચારમાં પડી જઈને બોલી.

"ખરી વાત," નિકોલાઇએ જવાબ આપ્યો, અને પછી માની તરફ ફરીને હેતાળ મોં મલકાવતો આગળ બોલ્યો: "પ્રેમનું આવું તોફાન તમારી જિંદગીમાં તો કદી નહિ આવ્યું હોય, નીલોવ્ના. પ્યારા આદમીને કારણે આવી વેદના તમારે કદી નથી સહેવી પડી, ખરું ને?"

"અરે, મને તો એક જ વાતની બીક લાગતી રહેતી કે પરણાવી દેશે!" મા હાથ હલાવતી બોલી.

"તમને કોઈ આદમી ગમી ગયો હોય એવું ક્યારેય નહોતું બન્યું?"

"યાદ નથી આવતું. કદાચ બન્યું હશે. કોઈ ને કોઈ આદમી તો મને ગમ્યો જ હશે, પણ જરાય યાદ નથી આવતું. મારો ધણી મને એટલું મારતો કે શાદી પહેલાંની બધી યાદો એણે મારી મારીને જ મારા માથામાંથી કાઢી નાખી," તે ગમગીન ભાવે નિકોલાઇની સામે જોતી સરળ અવાજે બોલી.

નિકોલાઇ પાછો ટેબલ તરફ ફરી ગયો. મા થોડી વાર ખંડમાંથી બહાર જઈને પાછી આવી ત્યારે તે પુરાણી યાદોમાં ડૂબી ગયો હતો.

"મને તો સાશા જેવો જ અનુભવ થયેલો," તે હેતભરી નજરે માની સામે જોતો બોલ્યો. "મને એક છોકરી જોડે પ્રેમ થયેલો—અદ્ભુત છોકરી હતી. એને મળ્યો ત્યારે મારી ઉંમર વીશ વરસની હશે—ત્યારથી હંમેશાં મેં

એને ચાહી છે. આજે પણ હું એને એટલી જ ચાહું છું — દિલના ઊંડાણમાંથી, અહેસાનમંદીથી, અને સદાને માટે."

મા તેની બાજુમાં ઊભી હતી અને તેની આંખોમાં ઝળકતી પ્રેમની સ્પષ્ટ આભા ત્યાંથી જોઈ શકતી હતી. તેણે બીજી ખુરશી નજીક ખેંચી લીધી હતી અને ટેકણ ઉપર હાથ મૂકીને માથું તેની ઉપર ગોઠવી દીધું હતું. તેની નજર જાણે દૂર સુદૂર ક્યાંક પહોંચી ગઈ હતી. તેની પાતળી જોરાવર કાયા જાણે સૂર્યની તરફ ખેંચાતા પુષ્પની જેમ કોઈ દૃશ્ય તરફ લંબાઈ ગઈ હતી.

"તો તમે એની જોડે લગન કેમ નથી કરી લેતા?" માએ પૂછ્યું.

"એ તો ચાર વરસ પહેલાં પરણી ગઈ."

"પણ તમે એથી પહેલાં કેમ એની જોડે ન પરણી ગયા?"

તે થોડીક વાર વિચારમાં પડી ગયો.

"કોણ જાણે કેમ પણ મેળ જામ્યો નહિ. હું છૂટો હોઉં ત્યારે એ જેલમાં હોય કે હદપારીમાં હોય, અને એ છૂટી હોય ત્યારે હું જેલમાં હોઉં. સાશા ને પાવેલ જેવી જ વાત લાગે છે, નહિ? આખરે એને દસ વરસ માટે સાઇબિરિયા મોકલી દેવામાં આવી — બહુ જ દૂરના વિસ્તારમાં. મને ત્યાં પહોંચી જવાનું મન થયું, પણ શરમ આવી. અને એનેય શરમ લાગતી હતી. ત્યાં એને બીજો એક આદમી મળી ગયો — મઝાનો ઇન્સાન છે, આપણો એક સાથી જ છે. બેઉ ત્યાંથી છટકી ગયાં અને હવે પરદેશમાં રહે છે."

નિકોલાઇએ ચશ્માં ઉતારીને લૂછ્યાં, અજવાળાની સામે રાખીને તપાસી જોયાં, અને ફરી લૂછ્યાં.

"બિચારા નિકોલાઇ! કેવું દુઃખ!" મા માથું હલાવતી હેતભર્યા અવાજે બોલી. તેને નિકોલાઇ પ્રત્યે હમદર્દી થઈ પરંતુ સાથે સાથે બાળકને જોઈને મા જેવી રીતે મલકી ઊઠે એવી રીતે તેની બાબતમાં કશાકથી તેનું મોં મલકી ઊઠ્યું. નિકોલાઇ ખુરશીમાં જરાક હલ્યો અને કલમ હાથમાં લઈને પોતાની વાણીની જોડે તાલ મિલાવવા તેને હલાવતો ફરી બોલવા લાગ્યો.

"કૌટુંબિક જીવન ક્રાંતિકારીની શક્તિને શોષી લે છે — એનો કશો જ ઉપાય નથી. બાળકો, ભાવિની સલામતી નહિ, કુટુંબમાં સૌનાં પેટ ભરવા કમાવું જ પડે. ક્રાંતિકારીએ તો શક્તિનો સંચય કરવો જોઈએ જેથી પ્રવૃત્તિને વિસ્તારી શકાય. યુગનો એવો તકાદો છે. આપણે હંમેશાં બીજા સૌથી મોખરે કદમ ઉઠાવવાં જોઈએ કારણ કે પુરાણી દુનિયાને નાબૂદ કરી નાખવા અને નૂતન સમાજનું ઘડતર કરવા માટે ઇતિહાસે આપણી વરણી કરી છે. આપણે પાછળ રહી જઈએ,

થાકના ભોગ બની જઈએ, અથવા કોઈ નાનકડી ફતેહથી વિચલિત થઈ જઈએ તો એ લગભગ ધ્યેયના દ્રોહ જેટલો જ ભારે અપરાધ ગણાય. ધ્યેયને હાનિ પહોંચાડયા વગર જેની સાથે કદમ મિલાવીને કૂચ કરી શકીએ એવું કોઈ છે જ નહિ, અને આપણે કદી ન ભૂલવું જોઈએ કે આપણું કર્તવ્ય કોઈ નાનકડી ફતેહ કરી લેવાનું નથી; પરંતુ સંપૂર્ણ વિજય પ્રાપ્ત કરવાનું છે."

તેનો અવાજ મક્કમ બની ગયો, ચહેરો ફિક્કો પડી ગયો, અને આંખોમાં નિત્યનું પ્રશાંત તેજ ઝળકી ઊઠયું. ફરી ઘંટડી રણકી ઊઠી. લ્યુદમીલા અંદર આવી. તેના ગાલ ટાઢમાં રાતા થઈ ગયા હતા. પાતળા કોટમાં ટાઢ લાગી હોવાથી તેની કાયા ધ્રૂજી રહી હતી.

"મુકદ્દમો આવતે અઠવાડિયે શરૂ થઈ જશે," ફાટેલા દસ્તાના કાઢતી તે ચિડિયલ અવાજે બોલી.

"પાકી ખબર છે?" બીજા ખંડમાંથી નિકોલાઇનો અવાજ સંભળાયો.

મા દોડતી તેની પાસે ગઈ. તેને સમજાયું નહિ કે હૈયામાં તોફાન પેદા કરી દેનારી લાગણી બીકની છે કે ખુશીની. લ્યુદમીલા પણ તેની સાથે ગઈ.

"હા, પાકી ખબર છે. અદાલતમાં તો સાફ કબૂલ કરે છે કે સજા પહેલેથી જ નક્કી થઈ ગઈ છે," તેણે કહ્યું. તેના ઊંડા અવાજમાં વ્યંગની છાયા વરતાતી હતી. "શું લાગે છે? સરકારને બીક હશે કે તેના નોકર ન્યાયાધીશો દુશ્મનોને ક્યાંક હળવી સજા કરી દેવાના? સરકારને બીક હશે કે પૂરી શક્તિ લગાવીને ચાકરોનાં માનસો વિકૃત કરી નાખ્યાં હોવા છતાં તેમનામાં થોડીક સુજનતા ક્યાંક હજી બચી ન ગઈ હોય?"

તે કોચ ઉપર બેસી ગઈ અને ગાલ ઉપર હથેલી ઘસવા લાગી. તેની આંખોમાં નરી ઘૃણા છલકાઈ રહી હતી અને તેનો અવાજ વધારે ને વધારે રોષિત બની રહ્યો હતો.

"તારી શક્તિ નકામી વેડફી ન નાખ, લ્યુદમીલા," નિકોલાઇ તેને શાંત કરવાનો પ્રયાસ કરતો બોલ્યો. "એ લોકોને તારી વાત નહિ સંભળાય."

મા લ્યુદમીલાનાં વેણ સાંભળી રહી હતી પણ તેને કશું સમજાતું નહોતું. તેના મનમાં એક જ વિચાર ઘોળાઈ રહ્યો હતો: "મુકદ્દમો આવતે અઠવાડિયે શરૂ થઈ જશે!"

એકાએક તેને લાગ્યું કે કોઈ નિષ્ઠુર અમાનુષી તાકાત સામેથી ધસતી આવી રહી છે.

૨૩

માના દિલમાં ગમગીની, ઇંતેજાર, અને ફિકરનું વાદળું છવાઈ ગયું. તેણે એવી હાલતમાં એક દિવસ અને પછી બીજો દિવસ ગાળ્યો. ત્રીજે દિવસે સાશા આવી.

"બધી તૈયારી થઈ ગઈ છે, આજે એક વાગ્યે," તેણે નિકોલાઇને કહ્યું.

"આટલી વારમાં?" તે અચરજ પામતો બોલ્યો.

"એમાં વાર શાની લાગે? મારે તો ફક્ત રીબિન માટે કપડાં ને જગ્યાની ગોઠવણ કરવાની હતી. બાકીનું બધું કામ ગોબૂને કરી નાખ્યું. રીબિનને ખૂણા સુધી એકલા જવું પડશે. ત્યાં વેસોવશ્ચિકોવ કોટ ને ટોપી લઈને ઊભો હશે અને રસ્તો બતાવશે. જરાક આગળ હું બીજાં કપડાં લઈને વાટ જોતી ઊભી રહીશ."

"સરસ. પણ આ ગોબૂન કોણ છે?" નિકોલાઇએ પૂછ્યું.

"તમે મળ્યા છો. મિસ્ત્રીઓનું અભ્યાસ મંડળ યાદ છે? એ તમે એના ઘરમાં ચલાવતા."

"હા, યાદ આવ્યું. અજબ આદમી છે."

"સિપાહી હતો, હવે પેન્શન ઉપર છે. ટિનગરનું કામ કરે છે. છે તો સાવ અભણ, પણ દરેક જાતના જુલમને સખત ધિક્કારે છે. વળી થોડોઘણો ફિલસૂફ જેવો પણ છે," સાશા વિચારમાં પડી જઈને બારીની બહાર તાકતી બોલી. મા સાંભળતી હતી અને તેના મનમાં કશાક નિર્ધારની આછી રેખાઓ દોરાઈ રહી હતી.

"ગોબૂન એના ભત્રીજાને છોડાવવા માગે છે—યેવચેન્કો યાદ છે ને? તમને ગમતો—હંમેશાં સાફ ને સુઘડ રહેતો."

નિકોલાઇએ હકારમાં માથું હલાવ્યું.

"ગોબૂને બધી ગોઠવણ કરી રાખી છે," સાશા આગળ બોલી, "પણ મને શંકા થવા લાગી છે કે તરકીબ કદાચ કામયાબ નહિ થાય. કેદીઓ હવા ખાવા બહાર નીકળે ત્યારે કામ પતાવવાનું નક્કી થયું છે, પણ બીક છે કે સીડી જોઈને ઘણાબધા કેદીઓ તેનો ફાયદો ઉઠાવવા તલપાપડ થઈ જશે..."

સાશાએ ચુપ થઈને આંખો મીંચી દીધી. મા તેની નજીક સરકી.

"અને એકબીજાને આડા આવીને બાજી બગાડી નાખશે."

ત્રણેય જણ બારી પાસે ઊભાં હતાં. નિકોલાઇ અને સાશાનો પાછળ ઊભી ઊભી મા સાંભળી રહી હતી. તેના દિલમાં મિશ્રિત લાગણીઓ પેદા થઈ.

"હુંયે ભેગી આવીશ," તે અચાનક બોલી ઊઠી.

"કેમ?" સાશાએ પૂછ્યું.

"ના, તમે ન જાઓ તો સારું. ક્યાંક આફતમાં સપડાઈ જશો," નિકોલાઈએ કહ્યું.

માએ તેની સામે જોયું.

"હું તો ચોક્કસ જવાની," મા હળવા પણ મક્કમ અવાજે બોલી.

દરેકની નજર ઝડપથી બાકીના બેઉની ઉપર ફરી ગઈ.

"સમજાય એવી વાત છે," સાશા ખભા ઉચકાવતી બોલી અને પછી તેણે માની તરફ ફરીને તેનો હાથ પકડી લીધો.

"પણ એટલું સમજી લો કે ખોટી આશા રાખવાનો કશો જ અર્થ નથી," તેના અવાજની સરળતા માના હૈયાને સ્પર્શી ગઈ.

"સમજું છું," મા ધ્રૂજતા હાથે તેને નજીક ખેંચતી બોલી. "પણ મને ભેગી લઈ જાઓ, હું આડી નહિ આવું! મારે જવું જ છે! મારાથી મનાતું જ નથી કે જેલમાંથી ભાગી જવાનું શક્ય છે."

"ભલે આવે," સાશાએ નિકોલાઈને કહ્યું.

"જેવી મરજી," તે માથું ઢાળી દેતો બોલ્યો.

"પણ આપણે ભેગાં રહેવું ઠીક નથી," સાશા માની સામે જોઈને બોલી. "તમે ખાલી જગ્યામાં ઊભાં રહીને જેલની દીવાલે નજર રાખજો. પણ કોઈ પૂછે કે કેમ ઊભાં છો તો શું કહેશો?"

"અરે, કંઈક ને કંઈક જવાબ આપી દઈશ," મા આતુરતાથી બોલી.

"હા, એક વાત ભૂલતાં નહિ—જેલના ચોકીદારો તમને ઓળખે છે. ત્યાં જોઈ જશે તો..."

"નહિ જોઈ જાય."

માના દિલમાં થોડા વખતથી સળવળી રહેલી આશાએ એકદમ જોર પકડ્યું એટલે તે ઉત્તેજિત થઈને બોલી ઊઠી:

"કદાચ પાવેલ પણ ભાગી જાય!"

એક કલાક પછી તે જેલ નજીક ખાલી જગ્યામાં પહોંચી ગઈ. જોરથી ફૂંકાતો પવન તેનાં કપડાં ફફડાવી રહ્યો હતો, ઠરી ગયેલી જમીન ઉપર ઝપાટા મારી રહ્યો હતો, બગીચાની ખખળી ગયેલી વાડને હચમચાવી રહ્યો હતો, અને

પૂરા વેગથી જેલની દીવાલ જોડે અફળાઈ રહ્યો હતો. તે જેલના ચોગાનમાંથી માણસોના દેકારા પકડી લઈને ઊંચે ગગનમાં ફેલાવી દેતો હતો. આસમાનમાં ઝડપથી સરકતાં વાદળાં વચ્ચેથી ક્યારેક ક્યારેક અવકાશનાં નીલાં ઊંડાણો નજરે પડતાં હતાં.

માની પાછળ બગીચો હતો અને સામે કબ્રસ્તાન હતું. લગભગ સિત્તેર ગજ છેટે જેલની દીવાલ હતી. કબ્રસ્તાન નજીક એક સિપાહી ઘોડીને પળોટી રહ્યો હતો અને એક બીજો સિપાહી પાસે ઊભો ઊભો જમીન પર પગ પછાડતો ઘાંટા પાડી રહ્યો હતો, હસી રહ્યો હતો, અને સીટી વગાડી રહ્યો હતો. જેલ નજીક બીજું કોઈ દેખાતું નહોતું.

મા જમણે ને પાછળ છાની નજર નાખી લેતી સિપાહીઓની પાસે થઈને કબ્રસ્તાનની વાડ તરફ ચાલી. અચાનક તેના ગોઠણ ઢીલા પડી ગયા અને પગ જાણે જમીન જોડે જડાઈ ગયા. સામે ખૂણેથી બત્તી સાફ કરનારો ઉતાવળો આવતો દેખાયો. તેનું શરીર વળી ગયેલું હતું અને એક ખભે સીડી ગોઠવેલી હતી. બીકથી આંખો ઉઘાડમીચ કરતી માએ સિપાહીઓની તરફ જોયું. તેઓ એમ ને એમ એક જ જગ્યાએ ઊભા હતા અને ઘોડાને કુંડાળામાં દોડાવી રહ્યા હતા. માએ સીડીવાળા આદમી તરફ જોયું. તેણે સીડી દીવાલે ગોઠવી દીધી હતી અને તે ધીરે ધીરે ઉપર ચડી રહ્યો હતો. છેક ઉપર ચડીને તેણે હાથ ફંગોળ્યો, અને પછી ઝડપથી પાછો નીચે ઊતરીને તે વેગીલાં ડગલાં ભરતો ખૂણા પાછળ અદૃશ્ય થઈ ગયો. માનું હૈયું જોરથી ધબકવા લાગ્યું. વખતનો વેગ જાણે સાવ મંદ પડી ગયો હતો. જેલની દીવાલના ઘેરા રંગમાં સીડી જાણે દેખાતી નહોતી. બેરંગ દીવાલમાં ધબ્બા પડી ગયેલા હતા અને ઠેર ઠેર ચૂનો ઊખડી ગયેલો હોવાથી ઈંટો નજરે પડતી હતી. એકાએક દીવાલની પેલી બાજુએથી ઘેરું માથું ઉપર આવતું દેખાયું. એક આદમી ઉપર પહોંચીને દીવાલ ઓળંગતો ધીરે ધીરે નીચે ઊતરવા લાગ્યો. તેની પાછળ બરછટ ટોપીવાળું એક બીજું માથું ઉપર આવતું નજરે પડ્યું. જાણે કોઈ ઘેરો દડો જમીન ઉપર દડતો દડતો ખૂણા પાછળ અદૃશ્ય થઈ ગયો. મિખાઈલોએ શરીર ટટ્ટાર કર્યું અને આસપાસ નજર ફેરવતાં માથું હલાવ્યું...

"દોડવા માંડ, દોડવા માંડ!" મા પગ પછાડતી હોઠ ફફડાવવા લાગી.

માને સીટીનો ચિત્કાર અને ઘાંટા સંભળાયા. દીવાલે ત્રીજું માથું નજરે પડ્યું. માનો શ્વાસ અદ્ધર ચડી ગયો. તે છાતીએ હાથ દબાવીને જોવા લાગી. દાઢી વગરના કોઈ જુવાનનું ઊજળું માથું જાણે અળગું પડી રહ્યું હોય એમ ઉપર

આવી રહ્યું હતું પણ જોતજોતામાં તે પાછું દીવાલની પાછળ અદૃશ્ય થઈ ગયું. ઘાંટા જોર પકડવા લાગ્યા અને વધારે ઉત્તેજિત બની ગયા. સીટીની તીણી ચીસો પવનમાં ભરાઈને ચોમેર ફેલાઈ, જવા લાગી. મિખાઈલો જેલની દીવાલને છેડે પહોંચી ગયો અને માની સામેથી નીકળીને જેલ અને શહેરનાં મકાનો વચ્ચેની ખાલી જગ્યા પાર કરવા લાગ્યો. ઝડપથી કેમ નથી ચાલતા! અને માથું આટલું ટટ્ટાર ન રાખે તો શું થઈ જાય! એનું મોં કોઈ એક વાર જોઈ લે તો આખી જિંદગી યાદ રહી જાય એવું છે.

"ઝટ કર! ઝટ કર!" મા હોઠ ફફડાવતી બોલી.

જેલની દીવાલની અંદરની બાજુએ કશુંક જોરથી અફળાયું અને જાણે કાચ તૂટતો હોય એવો અવાજ સંભળાયો. એક સિપાહી પગ જમીન ઉપર સજ્જડ જમાવીને ઘોડાનું દોરડું ખેંચી રહ્યો હતો, અને બીજો હાથ મોંએ રાખીને જેલ તરફ ઘાંટા પાડી રહ્યો હતો. પછી તેણે પવનમાં જવાબ સાંભળવા કાન સરવા કર્યા.

મા બેચેન નજરે ચોતરફ જોઈ રહી હતી. તેની આંખો બધું જોતી હતી પણ કશું માની શકતી નહોતી. તેને જે કામ ખૂબ અટપટું અને જોખમી લાગેલું એ તો ઝડપથી ને આસાનીથી પતી ગયું. એથી તેની મતિ જાણે બહેર મારી ગઈ. રીબિન અદૃશ્ય થઈ ગયો હતો. લાંબો કોટ પહેરેલો એક ઊંચો આદમી રસ્તે નીકળ્યો. એક જુવાન બાઈ તેની આગળ આગળ ઉતાવળી ચાલી રહી હતી. જેલના ત્રણ ચોકીદારો જેલના ખૂણા તરફ ધસમસાટ દોડી ગયા. ત્રણેય ભેગા રહેતા હતા અને તેમના જમણા હાથ લંબાવેલા હતા. એક સિપાહી ચોકીદારો તરફ દોડી ગયો, બીજો સિપાહી હાથપગ ઉછાળતો ઘોડાની ઉપર સવાર થવાની કોશિશ કરી રહ્યો હતો. પણ તોફાની ઘોડો હવામાં છલંગ મારતો હતો અને તેની જોડે જોડે જાણે બધું જ હવામાં ઊછળતું હોય એમ લાગતું હતું. સીટીઓની બેબાકળી ચીસો વારંવાર સંભળાઈ રહી હતી. એ ભયંકર ચિત્કારો સાંભળીને માને જોખમનું ભાન થયું અને તેની કાયા કંપી ઊઠી. તે ચોકીદારોની ઉપર નજર ઠેરવીને કબ્રસ્તાનની વાડની જોડાજોડ ચાલવા લાગી, પણ ચોકીદારો થોડી વારમાં જેલના બીજા ખૂણા પાછળ અદૃશ્ય થઈ ગયા. એક માણસ જેલમાંથી નીકળીને ચોકીદારોની પાછળ પાછળ જવા લાગ્યો. તેના કોટનાં બટન ઉઘાડાં હતાં. મા તેને ઓળખી ગઈ. તે નાયબ જેલર હતો. પોલીસો આવી પહોંચ્યા અને ટોળું ભેગું થવા લાગ્યું.

પવન જાણે ઉલ્લાસમાં આવી ગયો હોય એમ ઘૂમરીઓ ખાતો નાચી રહ્યો

હતો અને દેકારા તથા સીટીઓના તૂટક અવાજો માના કાનમાં રેડી રહ્યો હતો... ધાંધલથી ખુશ થતી મા ઝડપથી ડગલાં ભરવા લાગી.

"પાવેલ પણ આટલી જ સહેલાઈથી છટકી શક્યો હોત!" તેને થયું. અચાનક બે પોલીસ ખૂણેથી દોડતા આવ્યા.

"થોભો!" એકે હાંફતાં હાંફતાં ઘાંટો પાડયો. "કોઈ આદમીને જોયો — દાઢીવાળો?"

માએ બગીચા તરફ આંગળી ચીંધી.

"પેલી તરફ દોડી ગયો," મા સ્વસ્થ અવાજે બોલી. "કેમ?"

"યેગોરોવ! સીટી વગાડ!"

મા ઘર તરફ ચાલવા લાગી. તેના મનમાં કશીક વાતનો અફસોસ ઘોળાઈ રહ્યો હતો, દિલમાં કડવાશ અને દિલગીરીની લાગણી ભરાઈ ગઈ હતી. તે ખાલી જગ્યા પાર કરીને રસ્તે પહોંચી ત્યારે એક ઘોડાગાડી સામેથી પસાર થઈ ગઈ. તેણે અંદર નજર નાખી તો ફિક્કા થાકેલા ચહેરાવાળો અને ઊજળી મૂછોવાળો એક જુવાન અંદર બેઠો હતો. જુવાને પણ માને જોઈ લીધો. તે એક તરફ દબાઈને બેઠો હતો એટલે તેનો જમણો ખભો ડાબા ખભા કરતાં ઊંચો લાગતો હતો.

નિકોલાઈએ ખુશાલ અવાજે તેને પૂછ્યું:

"કામ પતી ગયું બરાબર?"

"હા, બધું સરખું પાર ઊતર્યું."

તેણે આખો કિસ્સો માંડીને કહી સંભળાવ્યો અને દરેકે દરેક વિગત યાદ કરીને જણાવી. પણ તે જાણે ક્યાંકથી સાંભળેલી અને સાચી ન મનાતી વાત કહેતી હોય એવી રીતે બોલતી હતી.

"આપણને કિસ્મતની યારી હોય એમ લાગે છે," નિકોલાઈ હથેલીમાં હથેલી દબાવતો બોલ્યો. "મને તમારી કેટલી ફિકર થતી હતી એ તો ફક્ત મારું મન જ જાણે છે! નીલોવ્ના, ખરા દોસ્તની વાત માની લો અને મુકદ્દમાની દહેશત મૂકી દો! મુકદ્દમો જેટલો વહેલો પતી જાય એટલું સારું! પાવેલ એટલો વહેલો છૂટો થઈ જશે! કદાચ હદપારીએ જતાં રસ્તામાં જ છટકી જશે. અને મુકદ્દમો તો આમ ચાલશે, સાંભળો..."

તેણે મુકદ્દમાનું વર્ણન કરી બતાવ્યું. તેની વાત સાંભળતાં માને થયું કે તે દિલાસો દેવાની કોશિશ કરતો હોવા છતાં તેના પોતાના મનમાંયે કશીક બીક ઘોળાઈ રહી છે.

"તમને શું એવી બીક લાગે છે કે હું અદાલતમાં કશુંક ન બોલવાનું બોલી નાખીશ? અથવા કશીક માગણી કરીશ?" તેણે અચાનક સવાલ કર્યો.

નિકોલાઇ જાણે ઊછળી પડયો અને નકારમાં હાથ હલાવતો બોલ્યો:

"બેશક નહિ!" તેના અવાજ ઉપરથી સાફ લાગતું હતું કે તેને માઠું લાગ્યું છે.

"મારા મનમાં બીક છે, એનો ઇનકાર નહિ કરું. પણ મને પોતાને સમજાતું નથી કે બીક શાની છે," કહીને મા ચુપ થઈ ગઈ અને ઓરડામાં નજર ફેરવવા લાગી.

"ક્યારેક મને થાય છે કે એ લોકો પાવેલની જોડે તોછડાઈ કરશે, કહેશે કે 'અરે ગમાર! ગમારની ઓલાદ! આ બધી શી ધાંધલ માંડી છે?' પાવેલ મગરૂર જુવાન છે—એ તો સણસણતા જવાબ દેવાનો. અથવા આન્દ્રેઈ આકરાં વેણ બોલવાનો. બીજા પણ ગરમ મિજાજના માણસો છે. સરકારી માણસો એવાં વેણ સાંખે નહિ અને જુદી જ સજા ફટકારી દે તો? આપણને આપણા પ્યારા ઇન્સાનોનાં મોં ફરી વાર જોવા ન મળે. એમ ન બની શકે?"

નિકોલાઇએ કશો જવાબ ન આપ્યો. તે ભવાં સંકોડીને દાઢીએ હાથ ફેરવવા લાગ્યો.

"હું એવા ખ્યાલોને રોકી નથી શકતી," મા ધીમા અવાજે બોલી. "એટલે જ મને મુકદ્દમાની આટલી બધી બીક લાગે છે. મુકદ્દમો... બધું તપાસે ને તોળે! ભયંકર દહેશત લાગે છે! મને સજાની બીક નથી લાગતી, મુકદ્દમાની બીક લાગે છે. ખબર નથી પડતી કે તમને સમજાવું કેવી રીતે..."

માને લાગ્યું કે નિકોલાઇ મારી લાગણી સમજી નથી શકતો, એટલે મનની બીકને શબ્દોમાં વ્યક્ત કરવાનું તેને માટે વધારે મુશ્કેલ બની ગયું.

૨૪

તેના મનની અંદર દહેશતની ફૂગ જાણે વધતી જઈને તેને ગૂંગળાવી રહી હતી. મુકદ્દમાને દિવસે અદાલતમાં જતી વેળા તેને માથું ઊંચું કરવામાં કે ટટ્ટાર ચાલવામાં ભારે મુશ્કેલી પડી રહી હતી.

કામદારોના વાસમાંથી આવેલા ઓળખીતા માણસોએ તેને દુવાસલામ કર્યા. જવાબમાં ખાલી માથું હલાવતી તે ગમગીન ટોળા વચ્ચેથી પસાર થઈ ગઈ. પરસાળમાં અને અદાલતના ખંડમાં તેને બીજા કેદીઓનાં સગાંસંબંધીઓ મળ્યાં

અને તેની જોડે ધીમા અવાજે વાત કરવા લાગ્યાં. માને શબ્દો સાવ નકામા લાગ્યા અને મુદ્દલ સમજાયા નહિ. સૌનાં દિલોને એવી જ વેદના કોરી રહી હતી. મા એ વેદના પારખી ગઈ અને એથી તેના હૈયાની પીડા વધી ગઈ.

"મારી બાજુમાં બેસી જા," સિઝોવ બાંકડા ઉપર જરાક ખસતો બોલ્યો.

તે ચુપચાપ બેસી ગઈ અને કપડાં સરખાં કરતી આસપાસ જોવા લાગી. તેની નજર સામે જાણે લીલાં રાતાં ટપકાં ને પટ્ટીઓ તથા ચળકતા પીળા તાર નાચવા લાગ્યાં.

"તારા દીકરાએ જ અમારા ગ્રિશાને આવી હાલતમાં સપડાવી દીધો," તેની બાજુમાં બેઠેલી એક બાઈ બબડી.

"ચુપ રહે, નાતાલ્યા," સિઝોવ ચિડિયલ અવાજે બોલી ઊઠયો.

માએ બાઈની સામે જોયું. તે સામોઈલોવની મા હતી. તેની જોડાજોડ તેનો ધણી બેઠો હતો. દેખાવડા આદમીને માથે ટાલ હતી, તેનો ચહેરો પાતળો હતો, અને તેની બદામી દાઢી ફેલાયેલી હતી. તેની નજર સીધી મંડાયેલી હતી, આંખો સંકાડાયેલી હતી, અને મનની બેચેનીને લીધે દાઢી કંપી રહી હતી.

ઊંચી ઊંચી બારીઓમાંથી ઝાંખું અજવાળું અદાલતમાં પથરાઈ રહ્યું હતું. બારીઓની બહારની બાજુએ હિમ છવાયેલું હતું. બારીઓની વચ્ચે ચળકતી સોનેરી ફ્રેમમાં મઢેલું ઝારનું ચિત્ર ટાંગેલું હતું. ચિત્રની બેઉ તરફની કિનારીઓ ઘેરા કિરમજી પડદાઓની ગડીઓ તળે ઢંકાઈ ગયેલી હતી. ચિત્રની સામે ગોઠવેલું લાંબું ટેબલ બન્ને તરફની દીવાલોને આંબી જતું હતું. ટેબલની ઉપર લીલા ગરમ કાપડનું મેજપોશ બિછાવેલું હતું. જમણી દીવાલની પાસે સળિયાના કઠેરા પાછળ બે બાંકડા પડયા હતા, અને ડાબી બાજુએ કિરમજી રંગની આરામ ખુરશીઓની બે કતારો હતી. લીલા કોલર અને સોનેરી બટનવાળા યુનિફોર્મ પહેરેલા પટાવાળાઓ મૂંગા મૂંગા આંટાફેરા કરી રહ્યા હતા. અંધારિયા વાતાવરણમાં દવાઓની ગંધ ભરેલી હતી અને ગુસપુસ વાતોનો ગણગણાટ સંભળાઈ રહ્યો હતો. એ બધું—રંગો ને ચળકાટ, અવાજો ને ગંધ—માની આંખો અને કાનને જાણે કોરી રહ્યું હતું અને શ્વાસ વાટે કાયામાં દાખલ થઈને તેના દિલમાં જાણે ઘેરી પીડાકારક બીક ભરી દેતું હતું.

અચાનક કોઈ મોટેથી બોલ્યું. મા ચોંકી ગઈ અને સૌને ઊભાં થતાં જોઈને પોતે પણ સિઝોવનો હાથ પકડી લેતી ઊભી થઈ ગઈ.

ડાબી બાજુનું તોતિંગ બારણું ઊઘડયું અને એક ચશ્માંધારી ઘરડો માણસ ડગબગતી ચાલે અદાલતમાં દાખલ થયો. તેનાં ઘેરાં લમણાં ઉપર પાંખા ધોળા

કલ્લા હતા, સાફ હજામત કરેલા તેના ઉપલા હોઠને દાંત વગરનાં પેઢાંએ જાણે અંદર ખેંચી લીધો હોય એમ લાગતું હતું, અને તેને જાણે ગરદન હોય જ નહિ એમ તેની હડપચી અને જડબાં યુનિફૉર્મના કોલર ઉપર ગોઠવેલાં લાગતાં હતાં. રાતોમાતો ગોળ ને અક્કડ ચહેરો ધરાવતો ઊંચા બાંધાનો એક જુવાન તેને ટેકો આપી રહ્યો હતો. તેમની પાછળ પાછળ ત્રણ આદમી યુનિફૉર્મમાં અને ત્રણ આદમી સાદા પોશાકમાં આવ્યા. યુનિફૉર્મ સોનેરી પટ્ટીઓ વડે શણગારેલો હતો.

તેમણે લાંબા ટેબલ પાસે બેસવામાં ઘણી વાર લગાડી. આખરે સૌ બેસી ગયા એટલે દાઢી વગરનો ઉદાસીન દેખાતો એક આદમી ઘરડા માણસની પાસે નમીને જાડિયા હોઠ ફફડાવતો કશુંક કહેવા લાગ્યો. ઘરડો માણસ વિચિત્ર રીતે અક્કડ ને ટટ્ટાર બેઠો બેઠો સાંભળતો હતો. તેનાં ચશ્માંની પાછળ માને બે ટચૂકડાં બેરંગ ટપકાં નજરે પડતાં હતો.

મોટા ટેબલને એક છેડે લખવાના મેજ પાસે એક ઊંચો ટાલિયો સજ્જન ઊભો હતો. તેણે કાગળો ઉલટાવતાં ઉલટાવતાં ખોંખારો ખાધો.

ઘરડો માણસ આગળ નમીને બોલવા લાગ્યો. તેનાં વાક્યોના શરૂઆતના શબ્દો સાફ સંભળાતા હતા પરંતુ બાકીના ગડબડિયા ઉચ્ચારોમાં અટવાઈ જતા હતા.

"હું ઘોષણા... આરોપીઓને હાજર..."

"આમ જો!" સિઝોવ માને કોણી મારીને હોઠ ફફડાવતો બોલ્યો અને ઊભો થઈ ગયો.

સળિયાના કઠેરા પાછળનું બારણું ઊઘડ્યું અને એક સિપાહી ઉઘાડી તલવાર ખભે રાખીને દાખલ થયો. તેની પાછળ પાછળ પાવેલ, આન્દ્રેઈ, ફ્યોદોર માઝિન, બે ગૂસેવ બંધુઓ, સામોઇલોવ, બૂકિન, સોમોવ, અને બીજા પાંચ જુવાનો આવ્યા. છેલ્લા પાંચના નામ મા નહોતી જાણતી. પાવેલ તેની સામે જોઈને હસ્યો. આન્દ્રેઇએ હોઠ મલકાવીને માથું હલાવ્યું. તેમનાં સ્મિત અને ચેતનમય મુખડાં તથા હાવભાવ જાણે અદાલતના તંગ દંભી વાતાવરણને હળવું બનાવી રહ્યાં હતાં. સોનેરી પટ્ટીઓનો ઝગમગાટ જાણે ઝાંખો પડી ગયો. કેદીઓનો આત્મવિશ્વાસ તથા ખુમારી જોઈને માની હિંમત ફરી સળવળી ઊઠી. પાછલા બાંકડાઓ ઉપર નિરાશ હૈયે વાટ જોતા બેસી રહેલા માણસો હવે ધીમો ગણગણાટ કરવા લાગ્યા.

"એકેયને જરાય ડર નથી," સિઝોવ હોઠ ફફડાવતો બોલ્યો. સામોઇલોવની મા ડૂસકાં ભરવા લાગી.

"અવાજ નહિ!" કડક ફરમાન સંભળાવું.

"હું તમને ચેતવણી..." ઘરડો માણસ બોલ્યો.

પહેલા બાંકડા ઉપર પાવેલ અને આન્દ્રેઈ જોડાજોડ બેઠા હતા, અને તેમની ભેગા માઝિન, સામોઈલોવ, તથા ગૂસેવ બંધુઓ હતા. આન્દ્રેઈએ દાઢી કરી હતી પણ મૂછો રાખી હતી. લટકી રહેલી મૂછોને લીધે તેનો ગોળ ચહેરો બિલાડાના મોં જેવા લાગતો હતો. તેના ચહેરામાં કશુંક નવું વરતાતું હતું — મુખની રેખાઓમાં કશુંક કડક ને દાહક, આંખોમાં ઘેરો ચળકાટ. માઝિનના ઉપલા હોઠે બે કાળી લકીરો નજરે પડતી હતી અને તેનો ચહેરો ભરાઈ ગયો હતો. સામોઈલોવના વાળ અગાઉ જેવા જ વાંકડિયા હતા, અને ઈવાન ગૂસેવનું મોં હંમેશની જેમ જ મલકી રહ્યું હતું.

"અરે! ફ્યોદોર! ફ્યોદોર!" સિઝોવ માથું નમાવીને બોલ્યો. તેના અવાજમાં વેદના છલકાઈ રહી હતી.

કેદીઓની સામે જોયા વગર તેમને સવાલો પૂછી રહેલા ઘરડા માણસનો અસ્પષ્ટ અવાજ માને સંભળાઈ રહ્યો હતો. કોલર ઉપર ગોઠવાયેલું ડોસાનું માથું તદ્દન સ્થિર હતું. દીકરાના શાંત અને સ્વસ્થ ટૂંકા જવાબો સાંભળતાં માને લાગ્યું કે વડો ન્યાયાધીશ અને તેના સહાયકો પાવેલની બાબતમાં નિષ્ઠુર નહિ બની શકે. ફેંસલાનો ખ્યાલ બાંધવા માટે તે લાંબા ટેબલ પાસે બેઠેલા માણસોના ચહેરા નીરખતી રહી અને તેના મનમાં આશા ધીરે ધીરે વધતી ગઈ.

અક્કડ ચહેરાવાળો અમલદાર ભાવશૂન્ય અવાજે એક દસ્તાવેજ વાંચવા લાગ્યો. વાંચન એટલું નીરસ હતું કે પ્રેક્ષકો જાણે મગજ બહેર મારી ગયું હોય એમ જડવત બેઠા રહ્યા. ચાર વકીલો આરોપીઓની જોડે તડામાર વાતચીત કરી રહ્યા હતા. તેમનું ફૂર્તિલું જોરદાર હલનચલન જોઈને માના મનમાં જબ્બર કાળાં પંખીઓનો ખ્યાલ આવ્યો.

ઘરડા માણસની એક બાજુએ બેઠેલા ન્યાયાધીશનું જાડિયું બદન જાણે આરામખુરશીમાંથી બહાર ઢોળાઈ રહ્યું હતું. તેની ટચૂકડી આંખો જાણે ચરબીમાં ખૂંપી ગયેલી હતી. બીજી બાજુએ બેઠેલા ન્યાયાધીશના ખભા ગોળ હતા, ચહેરો ફિક્કો હતો, અને તેના મોં પર રતાશ પડતા કલ્લા હતા. તે જાણે થાકી ગયો હોય એમ માથું ખુરશીના ટેકણ ઉપર ગોઠવીને અને આંખો અરધી મીચી દઈને વિચારના તરંગોમાં સરી પડયો હતો. સરકારી વકીલના મોં ઉપર પણ થાક અને કંટાળાના ભાવ છવાયેલા હતા. ન્યાયાધીશોની પાછળ બેઠેલા માણસોમાં

તગડો ને પ્રભાવશાળી મેયર ગાલ ઉપર હાથ ફેરવી રહ્યો હતો. તેની બાજુમાં શાહી દરબારી બેઠો હતો. તેને ધોળા વાળ, રાતા ગાલ, લાંબી દાઢી, અને મોટી મોટી માયાળુ આંખો હતી. ત્યાર પછી જિલ્લા અધિકારી બેઠો હતો. તેની મોટી ફાંદને લીધે તેને અકળામણ થતી હોય એમ લાગતું હતું, કારણ કે તે ફાંદની ઉપર વારંવાર કોટના છેડા ઢાંકી રહ્યો હતો પણ છેડા દર વખતે પાછા નીચે સરકી જતા હતા.

"અહીંયાં કોઈ ગુનેગારો નથી અને કોઈ ન્યાયાધીશો નથી," પાવેલનો મક્કમ અવાજ સંભળાયો. "અહીંયાં તો કેવળ બંદીવાનો અને તેમને જકડી રાખનારાઓ જ છે."

તદ્દન ચુપકી છવાઈ ગઈ. માને થોડીક પળો સુધી તો કેવળ ઉતાવળે ઘસાતી કલમ અને ખુદ પોતાના દિલના વેગીલા ધબકારાના અવાજ સિવાય બીજું કશું જ કાને ન પડ્યું.

વડો ન્યાયાધીશ પણ જાણે ધ્યાનથી સાંભળતો હોય અને વધુ શબ્દોની વાટ જોતો હોય એમ લાગતું હતું. પણ તેના સહાયકો સળવળવા લાગ્યા એટલે આખરે તેણે સવાલ કર્યો:

"હં... આન્દ્રેઈ નાખોદકા, તમે ગુનાનો એકરાર કરો છો?"

આન્દ્રેઈ ધીરે ધીરે ઊભો થયો. તેણે ખભા પહોળા કર્યા, મૂછે હાથ ફેરવ્યો, અને ઢળેલાં ભવાં નીચેથી ઘરડા માણસની ઉપર નજર ઠેરવી.

"ગુનાનો એકરાર કેવી રીતે કરી શકું?" તેણે ખભા ઉચકાવીને ધીરા રણકતા અવાજે જવાબ આપ્યો. "મેં ખૂન નથી કર્યું કે ચોરી નથી કરી. હું તો કેવળ જિંદગીની એવી રીતનો વિરોધ કરું છું કે જેમાં લોકો એકબીજાને લૂંટે છે અને મારી નાખે છે."

"જવાબ ટૂંકા ને મુદ્દાસર આપો," ઘરડો માણસ જાણે મહેનત પડતી હોય એવી રીતે બોલ્યો.

પાછલા બાંકડાઓ પર બેઠેલા માણસોમાંથી ગણગણાટ સંભળાવા લાગ્યો. અક્કડ આદમીએ ગૂંથેલી શબ્દોની જાળમાંથી લોકો જાણે પોતાને છોડાવી રહ્યા હોય એમ ગુસપુસ કરી રહ્યા હતા અને હલી રહ્યા હતા.

"સાંભળ્યા જવાબ?" સિઝોવ હોઠ ફફડાવીને બોલ્યો.

"ફ્યોદોર માઝિન, જવાબ આપો..."

"ના, હું જવાબ નહિ આપું," ફ્યોદોર એકદમ ઊભો થઈ જતો બોલ્યો. તેનો ચહેરો લાલ થઈ ગયો હતો, તેની આંખો ચળકી રહી હતી, અને કોઈ કારણસર તેણે હાથ પીઠ પાછળ રાખ્યા હતા.

સિઝોવનો શ્વાસ અદ્ધર ચડી ગયો અને માની આંખો વિસ્મયથી પહોળી થઈ ગઈ.

"મેં મારા બચાવ માટે વકીલ રોકવાનો ઇનકાર કર્યો છે અને હું કશું કહેવાનો ઇનકાર કરું છું. હું આ મુકદ્દમાને ગેરકાયદેસર ગણું છું. તમે સૌ કોણ છો? અમારો ઇનસાફ કરવાનો હક તમને જનતાએ આપ્યો છે? ના, નથી આપ્યો! તમારો અખત્યાર માનવાનો હું ઇનકાર કરું છું!"

તે બેસી ગયો અને તેણે પોતાનો લાલચોળ ચહેરો આન્દ્રેઈના ખભા પાછળ છુપાવી દીધો.

જાડિયા ન્યાયાધીશે વડા ન્યાયાધીશની સામે જોઈને માથું હલાવ્યું અને તેના કાનમાં કંઈક કહ્યું. ફિક્કા ચહેરાવાળા ન્યાયાધીશે આંખો ઉઘાડી, ત્રાંસી નજર કેદીઓની ઉપર નાખી, અને સામે પડેલા કાગળમાં પેનસિલ વડે કંઈક ટપકાવી લીધું. જિલ્લા અધિકારીએ માથું હલાવ્યું, અને ફાંદ ગોઠણ ઉપર સરખી રીતે ગોઠવીને હાથ વડે ઢાંકી દેવાનું આસાન બનાવવા પગ આઘાપાછા કર્યા. ઘરડા માણસે કેવળ માથું ફેરવવાને બદલે આખું બદન ફિક્કા ચહેરાવાળા ન્યાયાધીશની તરફ ફેરવીને જરાય અવાજ કર્યા વગર હોઠ હલાવ્યા. ફિક્કા ચહેરાવાળા ન્યાયાધીશે માથું નીચે નમાવ્યું. શાહી દરબારીએ સરકારી વકીલને કંઈક કહ્યું, અને હજી ગાલ ઉપર હાથ ફેરવતા મેયરે કાન સરવા કરીને તેના શબ્દો સાંભળવાની કોશિશ કરી. પછી વડો ન્યાયાધીશ વળી બેનૂર અવાજે બોલવા લાગ્યો.

"જોયું ને — કેવાં સણસણતાં વેણ ઝીંકી દીધાં?" સિઝોવે હેરતભર્યા અવાજે માને કાનમાં કહ્યું. "એનો જવાબ સૌથી સરસ હતો!"

મા અકળામણ અનુભવતી જરાક હસી. નજર સામે બની રહેલું બધું તેને થોડા વખતમાં જ બનનારી ભયંકર ઘટનાની — બેદર્દ ત્રાસથી સૌને કચડી નાખનારી ઘટનાની — કંટાળાજનક અને નકામી ભૂમિકા જેવું લાગતું હતું. પરંતુ પાવેલ અને આન્દ્રેઈના શબ્દો જાણે અદાલતમાં નહિ પણ કામદારોના વાસના નાનકડા ઘરમાં બોલાયા હોય એમ તેમાં નીડરતા અને તાકાતનો રણકાર સંભળાયો હતો. ફ્યોદોરના ભાવાવેશથી તેના મનમાં ફરી ચેતન રેડાઈ ગયું હતું. મુકદ્દમામાં કશુંક પરાક્રમી બની રહ્યું હતું, અને પાછળ બેઠેલા માણસોમાં થઈ રહેલો સળવળાટ નિર્દેશ કરતો હતો કે સૌને તેનો ભાસ થઈ ગયો હતો.

"તમારો અભિપ્રાય?" ઘરડા માણસે પૂછ્યું.

ટાલિયો સરકારી વકીલ ઊભો થયો અને તેણે એક હાથ ટેબલ ઉપર ટેકવીને

ઝડપથી બોલતાં આંકડા ટાંક્યા. તેના અવાજમાં દહેશત પેદા કરે એવું કશું જ નહોતું.

તોયે માના દિલમાં જાણે શૂળ ભોંકાતી હોય એવી શુષ્ક લાગણી ઉત્પન્ન થઈ. વાતાવરણમાં કશાક ઝેરીલા તત્ત્વના આછા ભણકારા તેને સંભળાઈ રહ્યા હતા. આફતની ગાજવીજ નહોતી થઈ રહી પરંતુ તેના પડછાયા સૂક્ષ્મ અને અકળ રીતે વિસ્તરી રહ્યા હતા. તે જાણે ન્યાયાધીશોની આસપાસ ચકરાવા લઈ રહી હતી અને તેમને અભેદ્ય વાદળામાં લપેટી લઈને બહારની તમામ બીનાઓથી સુરક્ષિત બનાવી દેતી હતી. માએ ન્યાયાધીશોની સામે જોયું પણ તેમને તે સમજી ન શકી. માને બીક હતી કે તેઓ ગુસ્સે થઈ જશે, પણ તેઓ પાવેલ અને ફ્યોદોરની ઉપર ગુસ્સે ન થયા અને તેમણે અપમાન પણ ન કર્યું. માને લાગ્યું કે તેઓ ખુદ પોતાના સવાલોને જાણે કશું મહત્ત્વ નહોતા આપતા. તેમનું વલણ તદ્દન ભાવશૂન્ય હતું અને તેઓ જાણે અંજામ પહેલેથી જ જાણતા હોય અને કોઈ પણ બાબતથી કશો ફેર પડવાનો જ ન હોય એવી રીતે પરાણે જવાબો સાંભળી રહ્યા હતા.

હવે એક લશ્કરી પોલીસ સામે ઊભો રહીને ઊંડા ઘોઘરા અવાજે બોલી રહ્યો હતો.

"લોકોને ઉશ્કેરવામાં મુખ્ય કામગીરી પાવેલ વ્લાસોવની હોય એમ જણાય છે..."

"અને નાખોદકા?" જાડિયા ન્યાયાધીશે સુસ્ત અવાજે સવાલ કર્યો.

"એ પણ..."

એક વકીલ ઊભો થઈ ગયો.

"મને બે શબ્દ કહેવાની રજા આપશો?" તેણે પૂછ્યું.

"કોઈને વાંધો છે?" ઘરડો માણસ બોલ્યો.

બધા ન્યાયાધીશો જાણે માંદા હોય એમ લાગતું હતું. તેમના વર્તન અને અવાજમાં રોગિષ્ઠ થકાવટ વરતાતી હતી, અને તેમનાં મોં ઉપર પણ એવા જ થાક અને કંટાળાના ભાવ છવાયેલા હતા. સાફ દેખાતું હતું કે આ બધું — યુનિફૉર્મ, અદાલત, લશ્કરી પોલીસો, વકીલો, ખુરશીમાં બેસીને સવાલો પૂછવાની તેમ જ કાર્યવાહી સાંભળતા રહેવાની આવશ્યકતા — તેમને મુશ્કેલ લાગે છે અને બેચેન બનાવી રહ્યું છે.

હવે પીળા ચહેરાવાળો અફસર સામે ઊભો ઊભો મોટા અવાજે ચીપી ચીપીને બોલી રહ્યો હતો. માએ તેને ઓળખી લીધો. તે પાવેલ અને આન્દ્રેઈ વિશે પોતાની જાણકારી રજૂ કરી રહ્યો હતો.

"તને ઝાઝી ખબર નથી," મા તેનો લવારો લાંભળતી મનમાં બોલી.

તેણે સળિયા પાછળ બેઠેલા માણસોની ઉપર નજર ફેરવી. પરંતુ હવે તેના મનમાં એ સૌ અંગે ભય કે દયાના ભાવ ન ઊપજ્યા. તેના દિલમાં કેવળ હેત અને વિસ્મયની લાગણી — સ્વસ્થ વિસ્મય અને ખુશાલ ઝળકતા હેતની લાગણી — પેદા થઈ. સૌ ત્યાં દીવાલ નજીક બેઠા હતા — જુવાન અને કૌવતભર્યા. તેઓ સાક્ષીઓ તથા ન્યાયાધીશોની નીરસ વાતો ઉપર કે સરકારી વકીલ જોડે બીજા વકીલોની દલીલો ઉપર જરાય ધ્યાન નહોતા આપતા. ક્યારેક તેમાંથી કોઈ એક જણ વ્યંગમાં હસીને સાથીઓને કંઈક કહેતો અને સૌનાં મોં પર એવો જ ઉપહાસભર્યો મલકાટ છવાઈ જતો. પાવેલ અને આન્દ્રેઈ બચાવપક્ષના એક વકીલની જોડે લગભગ અવિરત ગુસપુસ વાતો કરી રહ્યા હતા. એ વકીલ રાતે નિકોલાઈને ત્યાં આવેલો અને માએ તેને જોયો હતો. બીજા સૌથી વધારે બેચેન અને ઉત્તેજિત માઝિન તેમની વાતચીત સાંભળી રહ્યો હતો. ક્યારેક સામોઈલોવ ઈવાન ગૂસેવને કંઈક કહેતો, અને ઈવાન તેને કોણી મારતો હસવું ખાળવાની એવી સખત કોશિશ કરતો કે તેનું મોં લાલચોળ થઈ જતું, ગાલ ફૂલી જતા, અને તેને માથું નીચે નમાવી દેવું પડતું. તે બે વાર તો ખરેખર હસી પડયો અને ત્યાર પછી મન ઉપર કાબૂ જમાવવાની કોશિશ કરતો કોકડું વળીને બેઠો રહ્યો. કેદીઓ જુવાન હતા અને થનગનતા જોમને ખાળી રાખવાના તેમના દરેક પ્રયાસને તેમનું તારુણ્ય જાણે પડકારતું હતું.

સિઝોવે માની કોણીને હળવેથી હાથ અડાડયો. તેણે ફરીને જોયું તો સિઝોવ ખુશ પણ જરાક ફિકરમંદ દેખાતો હતો.

"જોયું ને — કેવી બહાદુરી દેખાડી છોકરાઓએ! જાણે કેમ ઉમરાવજાદાઓ હોય!" તે હોઠ ફફડાવતો બોલ્યો.

અદાલતમાં સાક્ષીઓ ઉતાવળમાં બેરંગ જુબાની આપતા રહ્યા અને ન્યાયાધીશો અનિચ્છાએ તથા ભાવશૂન્ય અવાજે બોલતા રહ્યા. જાડિયા ન્યાયાધીશે ચરબીદાર પંજો મોં આડો રાખીને બગાસું ખાધું. રાતા કલ્લાવાળા ન્યાયાધીશનો ચહેરો વધારે ફિક્કો પડી ગયો. તે ઘડીએ ઘડીએ શૂન્ય આંખો વડે પીડાભરી નજર છત ઉપર તાકતો હતો. સરકારી વકીલ ક્યારેક ક્યારેક નોંધ ટપકાવી લેતો હતો અને શાહી દરબારી જોડે જરાય અવાજ વગર વાત કરી રહ્યો હતો. શાહી દરબારી ધોળી દાઢી પસવારતો મઝાની મોટી મોટી કીકીઓ ફેરવતો હતો અને ડોક લાંબી કરીને મોં મલકાવતો હતો. મેયર પગ ઉપર પગ ચડાવીને બેઠો બેઠો આંગળીઓ વડે ગોઠણ ઉપર ઠપકારા કરતો આંગળીઓને તાકી રહ્યો હતો.

જિલ્લા અધિકારીએ ફાંદ ગોઠણ ઉપર ટેકવીને તેની ફરતે હાથ વીંટાળી દીધા હતા. પવન વગરના દિવસે વાયુકૂકડી જેવી સ્થિર હોય એમ નિશ્ચલ બેઠેલા ઘરડા માણસને એકધારા અવાજોનો નીરસ ગણગણાટ ધ્યાનથી સાંભળવાનું માન ન આપવામાં આવે તો એકલો જિલ્લા અધિકારી જ એ માન ખાટી જતો હતો. લપસિંદર એટલી બધી વાર ચાલતું રહ્યું કે પ્રેક્ષકોનાં માથાં કંટાળાથી જાણે બહેર મારી ગયાં.

"હું ઘોષણા કરું છું..." ઘરડો માણસ ઊભો થઈને બોલ્યો. બાકીના શબ્દો તેના પાતળા હોઠમાં અટવાઈ ગયા.

નિસાસા, આશ્ચર્યના ઉદ્ગારો, ખોંખારા, અને પગ ખસવાના અવાજો હવામાં ભરાઈ ગયા. કેદીઓને લઈ જવામાં આવ્યા. તેઓ સગાંસંબંધીઓ તથા દોસ્તોની સામે મોં મલકાવતા અને માથાં હલાવતા જવા લાગ્યા.

"હિંમત હારતો નહિ, યેગોર!" ઈવાન ગૂસેવ સાદ પાડીને બોલ્યો.

મા અને સિઝોવ પરસાળમાં ગયાં.

"ચા પીવા જઈશું?" સિઝોવે પૂછ્યું. "દોઢ કલાકનો વખત છે."

"ખરેખર તો મન નથી."

"મનેય નથી. છોકરા કેવા લાગ્યા? જાણે ખરા ઇન્સાનો તો એકલા પોતે જ હોય અને બાકીના સૌ નમાલા હોય એવી રીતે મગરૂર બેઠા હતા. અને ફ્યોદોરે તો કમાલ કરી!"

સામોઈલોવનો પિતા તેમની પાસે આવ્યો. તેણે હૅટ હાથમાં પકડી રાખી હતી.

"મારા ગ્રિગોરીને જોયો ને?" તેના હોઠ ઉપર ગમગીન મલકાટ છવાયેલો હતો. "એણે તો બચાવ કરવાનો સાફ ઈનકાર કરી દીધો અને વાત પણ કરવાની ના પાડી દીધી. સૌથી પહેલાં એણે જ એવું ધોરણ લીધું. પેલાગેયા, તારો દીકરો વકીલો રોકવાની તરફેણમાં હતો, પણ મારા દીકરાએ ચોખ્ખી ના પરખાવી દીધી. પછી તો ચાર જણાએ ઈનકાર કરી દીધો."

તેની પત્ની જોડાજોડ ઊભી ઊભી આંસુ ખાળવાની કોશિશ કરી રહી હતી અને રૂમાલના ખૂણા વડે નાક લૂછી રહી હતી.

"અજબ વાત છે," સામોઈલોવ નજર નીચે માંડીને દાઢીએ હાથ ફેરવતો આગળ બોલ્યો. "હરામખોરોની સામે જોઈએ ત્યારે મનમાં અફસોસ થાય કે બીચારાએ નાહકની આફત વહોરી લીધી છે! પણ પછી ખ્યાલ આવે કે એમની વાત આખર ખરી તો છે જ! ખાસ કરીને તો કારખાનામાં એવા માણસોની

સંખ્યા વધતી જોઈને એમ જ લાગે. પોલીસ એક પછી એકને પકડીને જેલમાં ગોંધી દે છે પણ એ લોકો તો જાણે નદીમાં માછલાં વધે એમ વધતા જાય છે. એટલે આપણને લાગે કે એમની તાકાત કદાચ વધારે છે."

"આવી બાબતોમાં આપણને બહુ ગતાગમ ના પડે, સ્તેપાન પેત્રોવિચ," સિઝોવ બોલ્યો.

"હા, ખરી વાત," સામોઇલોવે હકાર ભણ્યો.

"બધાય છે તો તંદુરસ્ત, કાળમુખા..." તેની પત્ની જોરથી શ્વાસ ખેંચતી બોલી.

તેના પહોળા મોંની ચામડી ઢીલી પડી ગઈ હતી. તેણે માની તરફ ફરીને હોઠ મલકાવતાં કહ્યું:

"નીલોવ્ના, મારી ઉપર નારાજ ન થતી. પહેલાં મને તારા દીકરાનો જ વાંક લાગતો હતો. કોને ખબર કે સૌથી વધારે વાંક કોનો છે! પોલીસો અને બાતમીદારોએ ગ્રિગોરીની વાત કરી તે સાંભળી ને? એણેય એના ભાગનું તો જરૂર કર્યું જ છે, દુત્તો ક્યાંનો!"

તેના મનમાં અજાણ્યે જ દીકરા બદલ ગર્વની લાગણી છલકાઈ રહી હતી. એથી મા રાજી થઈ અને તેણે માયાળુ સ્મિત કરીને ખરા દીલનાં મીઠાં વેણ કહ્યાં:

"જુવાન હૈયાં સચ્ચાઈને વહેલી પારખી લે..."

લોકો પરસાળમાં આંટાફેરા કરી રહ્યા હતા અને ઠેર ઠેર ભેગા થઈને ધીમા ઉત્તેજિત અવાજે વાતો કરી રહ્યા હતા. કોઈ એકલું દેખાતું જ નહોતું. સૌના ચહેરા ઉપર બોલવાની, સવાલો પૂછવાની, અને બીજાઓની વાતો સાંભળવાની ઉત્કંઠા છવાયેલી હતી. દીવાલો વચ્ચેની સાંકડી જગ્યામાં તેઓ જાણે જોરદાર પવનથી ધકેલાતા હોય એવી રીતે આગળ પાછળ ચાલતા રહેતા હતા, અને કોઈ મક્કમ સહારો ગોતી રહ્યા હોય એમ લાગતું હતું.

બૂકિનના જેવો જ ઊજળો વાન ધરાવતો ઊંચા બાંધાનો એનો મોટો ભાઈ જોર જોરથી હાથ હલાવતો કશુંક સાબિત કરવાની કોશિશ કરી રહ્યો હતો.

"પેલા જિલ્લા અધિકારી ક્લેપાનોવને આમાં માથું મારવા અહીં આવવાની જરૂર જ નહોતી..."

"ચુપ રહે, કોન્સ્તાન્તીન," તેના પિતાએ તેને વારવાની કોશિશ કરી. નાના કદનો વૃદ્ધ આદમી આસપાસ સાવચેતીની નજર નાખી રહ્યો હતો.

"ના, ચુપ નહિ રહું! અફવાઓ ચાલે છે કે એણે ગયે વરસે એના એક કારકુનને મારી નાખેલો—કારકુનની વહુને કારણે. હવે બેઉ ભેગાં જ રહે છે. એને શું કહેવું? વળી સૌ જાણે છે કે એ ચોર છે..."

"કોન્સ્તાન્તીન, હવે મૂંગો રહે ને, બેટા!.."

"ખરી વાત," સામોઇલોવ બોલ્યો. "સાવ ખરી વાત. મુકદ્દમો ઈમાનદારીથી ચલાવવામાં આવ્યો છે એમ તો ન જ કહી શકાય..."

તેના શબ્દો સાંભળીને બૂકિન નજીક આવ્યો અને ભેગા બીજા સૌને પણ લેતો આવ્યો. તેનું મોં લાલ થઈ ગયેલું હતું અને તે હાથ હલાવી રહ્યો હતો.

"ખૂન કે ચોરીનો મુકદ્દમો હોય ત્યારે જૂરી ફેંસલો કરે—કિસાનો, શહેરવાસીઓ, અને કામદારો જેવા સાધારણ માણસો ફેંસલો કરે," તે ઘાંટો પાડીને બોલ્યો. "પણ લોકો સત્તાધારીઓની સામે થાય ત્યારે સત્તાધારીઓ પોતે જ ફેંસલો કરે. એને શું કહેવું? તું મારું અપમાન કરે અને બદલામાં હું તારા ડાચા ઉપર એક મુક્કો જમાવી દઉં, પણ પછી ફેંસલો તારે જ કરવાનો હોય તો તું બેશક મને જ ગુનેગાર ઠરાવવાનો. પણ પહેલો વાંક કોનો ગણાય? તારો!"

ધોળા વાળ અને આંકડી જેવું નાક લઈને એક સંત્રી આવ્યો. તેની છાતીએ હારબંધ ચાંદબિલ્લા લટકાવેલા હતા. તેણે ટોળાને વિખેરી નાખતાં બૂકિનની સામે આંગળી હલાવીને કહ્યું:

"ઘાંટા પાડવા રહેવા દે! આ કંઈ પીઠું નથી!"

"ખરું, વાત સમજાઈ ગઈ. પણ હું તને મુક્કો ઝીંકી દઉં, અને પછી ઇનસાફ મારે કરવાનો હોય તો તું શું ધારે છે..."

"હું ધારું છું કે તને અહીંથી હાંકી કાઢું તો સારું," સંત્રીના અવાજમાં ધમકી હતી.

"ક્યાં? કેમ?"

"બહાર, આટલો બધો ઘોંઘાટ કરે છે એટલે."

બૂકિને આજુબાજુના માણસો તરફ નજર કરી.

"આ બધા તો લોકાના હોઠ જ સીવી લેવા માગે છે!" તે જરાક ધીમા અવાજે બોલ્યો.

"ચોક્કસ વળી. તને કેવો ખ્યાલ હતો?" ઘરડો સંત્રી તોછડાઈથી બોલ્યો.

બૂકિન ખભા ઉચકાવીને વધારે ધીમા અવાજે બોલવા લાગ્યો.

"મુકદ્દમામાં લોકોને કેમ નથી જવા દેતા? ખાલી સગાંસંબંધીઓને જ

કેમ? મુકદ્દમો ઈમાનદારીથી ચલાવતા હો તો સૌને સાંભળવા દો! બીક શાની લાગે છે?"

"મુકદ્દમામાં ઈમાનદારી નથી, એમાં તો શંકાનો સવાલ જ નથી," સામોઈલોવ ભાર મુકતો મોટેથી બોલ્યો.

મુકદ્દમા અંગે નિકોલાઈએ કહેલી વાત તેને કહી સંભળાવવાનું માને મન થયું. પરંતુ તે વાત પૂરેપૂરી નહોતી સમજી અને વળી થોડાક શબ્દો ભુલાઈ પણ ગયા હતા. શબ્દો યાદ કરવાની કોશિશ કરતી તે જરાક આઘી ખસી તો પાંખી મૂછોવાળો એક જુવાન તેને ધારી ધારીને જોતો નજરે પડયો. જુવાને જમણો હાથ પેન્ટના ખીસામાં ભરાવી રાખ્યો હતો. એથી તેનો ડાબો ખભો જમણા ખભાથી જરાક નીચો દેખાતો હતો. માને એ લક્ષણ જાણીતું લાગ્યું, પણ જુવાન તરત જ બીજી તરફ ફરી ગયો અને મા બીજા વિચારોમાં ડૂબેલી હતી એટલે તેને ભૂલી ગઈ.

પરંતુ એક મિનિટ પછી ધીમા અવાજે પુછાતો સવાલ તેને કાને પડયો:

"આ બાઈ?"

"હા." જવાબ સાંભળાયો.

તેણે આસપાસ નજર ફેરવી. ખભો ઊંચો રાખતો માણસ નજીકમાં ઊભો ઊભો ટૂંકો કોટ અને ગોઠણ સુધીના બૂટ પહેરેલા ઘેરી દાઢીવાળા એક જુવાન જોડે વાત કરી રહ્યો હતો.

માને મનમાં બેચેની થઈ. તેણે માણસને યાદ કરવાની કોશિશ કરી પણ કશું યાદ ન આવ્યું. તેના મનમાં દીકરાના ધ્યેય વિશે લોકોને જણાવવાની અદમ્ય ઝંખના જાગી. તેને સામી દલીલો સાંભળવાનું મન હતું, જેથી ફેંસલાની અટકળ બાંધી શકાય.

"મુકદ્દમો ચલાવવાની આ તે કંઈ રીત છે?" તેણે સાવચેતીથી શરૂ કરતાં સિઝોવને ઉદ્દેશીને સવાલ કર્યો. "એ લોકો કોણે શું કર્યું એની તપાસમાં આટલો બધો વખત વેડફી નાખે છે, પણ શા કારણે કર્યું એની ઉપર કશું ધ્યાન નથી આપતા. વળી બધાય ખખળી ગયેલા ડોસલા છે. જુવાનોનો ફેંસલો તો જુવાનોએ જ કરવો જોઈએ."

"ખરી વાત," સિઝોવે હકાર ભણ્યો. "આવી બાબતો સમજવાનું આપણે માટે મુશ્કેલ છે, બહુ જ મુશ્કેલ," તેણે વિચારમાં પડી જઈને માથું હલાવ્યું.

સંત્રીએ અદાલતનું બારણું ખોલીને પોકાર કર્યો:

"સગાંસંબંધીઓ, ટિકિટો બતાવીને દાખલ થઈ જાઓ!"

"ટિકિટો!" કોઈ ઠેકડીના ભાવે મોટેથી બોલ્યું. "જાણે કેમ સરકસ હોય!"

લોકોની અંદર અસ્પષ્ટ ખીજની લાગણી વરતાતી હતી. સૌ વાતો બહુ કરતા હતા, પણ મનમાં તણાવ ઓછો લાગતો હતો. તેમને ચોકીદારો જોડે ઘડીએ ઘડીએ બોલાચાલી થઈ જતી હતી.

૨૫

સિઝોવ બાંકડા ઉપર બેસતો કંઈક બબડયો.

"શું કહ્યું?" માએ પૂછ્યું.

"ખાસ કંઈ નહિ. લોકો ગધેડા જેવા છે..."

ઘંટડીનો રણકાર સંભળાયો.

"અવાજ બંધ..."

સૌ ઊભા થઈ ગયા. ન્યાયાધીશો દાખલ થઈને પોતપોતાની જગ્યાએ બેસી ગયા. આરોપીઓને અંદર લાવવામાં આવ્યા અને તેઓ બાંકડા ઉપર બેસી ગયા.

"હિંમત રાખજે," સિઝોવ હોઠ ફફડાવતો બોલ્યો. "સરકારી વકીલ બોલવાનો છે."

કશાક ભયંકરની નવી આશંકાથી માની આખી કાયા તંગ બનીને આગળ નમી.

સરકારી વકીલ ન્યાયાધીશોની જમણી બાજુએ ઊભો હતો અને એક કોણી ટેબલ ઉપર ટેકવીને તેમની સામે જોઈ રહ્યો હતો. ઊંડો શ્વાસ લઈને અને જમણો હાથ જરાક હલાવીને તેણે બોલવાનું શરૂ કર્યું. માને તેના શરૂઆતના શબ્દો ન સંભળાયા. તેનો ઘેરો અવાજ સરળતાથી વહી રહ્યો હતો પણ તેનો વેગ એકધારો નહોતો—ક્યારેક ઝડપથી તો ક્યારેક ધીરે ધીરે વહેતો હતો. શરૂઆતમાં શબ્દો મુશ્કેલ સીવણની જેમ ધીરે ધીરે એકધારા નીકળતા અને પછી સાકરના ગાંગડા ફરતી ચકરાવા લેતી માખીઓની જેમ ધસારાબંધ ખડકાઈ જતા. પરંતુ માને તેમાં કશું ભયાનક ન લાગ્યું. હિમ જેવા ટાઢા અને ઘેરા રાખોડી શબ્દો વાતાવરણમાં ફેલાઈ રહ્યા હતા અને તેમાં બારીક સૂકી ધૂળ જેવું કશુંક અણગમતું ધીરે ધીરે ભરી રહ્યા હતા. એ ધારાવાહી પણ તદ્દન ભાવશૂન્ય ભાષણ પાવેલ અને તેના સાથીઓને તો જાણે મુદ્દલ સ્પર્શતું જ નહોતું, તેમની ઉપર કશી અસર નહોતું પાડી શકતું. તેઓ તદ્દન સ્વસ્થ બેઠા

હતા, ધીમા અવાજે વાતો કરતા હતા, ક્યારેક હોઠ મલકાવતા હતા, અને ક્યારેક હસવું છુપાવવા ભવાં સંકોડી દેતા હતા.

"જૂઠાણાં!" સિઝોવ બોલ્યો.

માને ખાતરી નહોતી. સરકારી વકીલ એક પણ અપવાદ વગર તમામ કેદીઓની ઉપર આરોપ લગાવી રહ્યો હતો. પાવેલની વાત પૂરી કરીને તેણે ફ્યોદોરની વાત શરૂ કરી, અને તેની વાત ખતમ કરીને બૂકિનની વાત શરૂ કરી. તે જાણે બધાયને સરખી રીતે એક જ કોથળામાં પૂરીને બાંધી રહ્યો હતો. પરંતુ માને તેના શબ્દોના સીધા અર્થથી સંતોષ ન થયો, એથી તેને ખીજ પણ ન ચડી અને દહેશત પણ ન લાગી. તેના મનમાં હજી કશાક ભયાનકનો ડર ઘોળાઈ રહ્યો હતો અને તે શબ્દોની પાર—તેના ચહેરામાં, આંખોમાં, અવાજમાં, અને તેના ઊજળા હાથના સોહામણા હાવભાવમાં—તેને ગોતી રહી હતી. કશુંક ભયાનક ચોક્કસ મોજૂદ હતું જ. તેને ખાતરી હતી કે છે જ, પરંતુ દિલની ચેતવણી છતાં તેને તે પારખી નહોતી શકતી, સાફ ઘાટ નહોતી આપી શકતી.

તેણે ન્યાયાધીશોની ઉપર નજર ફેરવી. તેઓ ભાષણથી સાવ કંટાળી ગયેલા લાગતા હતા. તેમના ચેતનહીન ધોળા ને પીળા ચહેરાઓમાં કશા જ ભાવ નહોતા. સરકારી વકીલના શબ્દો જાણે નજરથી ઓઝલ ધુમ્મસ ફેલાવી રહ્યા હતા, અને એ ધુમ્મસ ન્યાયાધીશોની આસપાસ ઘેરું બનીને તેમને ઉદાસીનતા તથા કંટાળાભર્યા ઈંતેજારના વાદળમાં લપેટી લેતું હતું. વડો ન્યાયાધીશ કાયા ટટ્ટાર રાખીને અક્કડ બેઠો હતો, તેનાં ચશ્માં પાછળનાં રાખોડી ટપકાં તેના ચહેરાના બેરંગ પટમાં જાણે વારે વારે ઓગળી જતો હતો.

એવી બેજાન ઉદાસીનતા અને લાગણીશૂન્ય નિર્લેપતા જોઈને માના મનમાં સવાલ ઊઠયો:

"આવા લોકો ઈન્સાફ કરવા બેઠા છે?"

એ સવાલથી માનું દિલ જાણે સંકોચાવા લાગ્યું અને બધી બીક તેમાંથી ધીરે ધીરે નિચોવાઈ ગઈ, માત્ર તીવ્ર રોષની લાગણી બાકી રહી.

સરકારી વકીલનું ભાષણ અચાનક ખતમ થઈ ગયું. તેણે આખરી બખિયા ભરીને ભાષણ પૂરું કર્યું, અને ન્યાયાધીશોની સામે નમીને હથેલીમાં હથેલી મસળતો તે બેસી ગયો. શાહી દરબારીએ તેની સામે જોઈને આંખોની કીકીઓ ગોળ ગોળ ફેરવી. મેયરે હાથ લાંબો કર્યો અને જિલ્લા અધિકારીએ કેવળ પોતાની ફાંદ ઉપર નજર ઠેરવીને હોઠ મલકાવ્યા.

પરંતુ ન્યાયાધીશોને ભાષણ પસંદ ન આવ્યું હોય લાગ્યું. તેઓ જરાય હલ્યા કે ચલ્યા નહિ.

ઘરડો માણસ એક કાગળ છેક મોં પાસે ધરી રાખીને બોલ્યો: "હવે ફેદોસેયેવ, માર્કોવ, અને ઝાગારોવ વતી બચાવપક્ષના વકીલનું નિવેદન અદાલત સાંભળશે."

માએ નિકોલાઇને ત્યાં જોયેલો વકીલ ઊભો થયો. તેનો પહોળો ચહેરો માયાળુ લાગતો હતો, અને ટચૂકડી આંખો જાણે રતાશ પડતાં ભવાં નીચેથી બહાર નીકળી આવતી બે ધારદાર છરીઓ હોય અને કાતરની માફક હવાને કાપી રહી હોય એવી લાગતી હતી. તે મોટા અને સ્પષ્ટ અવાજે ધીરે ધીરે બોલી રહ્યો હતો પરંતુ માને તેના શબ્દો જાણે સંભળાતા જ નહોતા.

"સાંભળ્યું—આણે શું કહ્યું તે?" સિઝોવ તેના કાનમાં બબડયો. "સાંભળ્યું? એણે કહ્યું કે આરોપીઓનાં માથાં ઠેકાણે નહોતાં. ફ્યોદોરનું માથું ઠેકાણે નહોતું! કેવી વાત!"

માના મનમાં સખત ખીજ ચણચણી રહી હતી એટલે તે કશો જવાબ ન આપી શકી. તેના મનમાં વધતી જતી રોષની લાગણી જાણે તેને સખત દમી રહી હતી. તેને સાફ સમજાઈ ગયું હતું કે પોતે ઇન્સાફની અપેક્ષા રાખેલી. તેણે ધારેલું કે દીકરાની ઉપર આક્ષેપો લાદનારાઓની સામે તેનો ચોકસાઈભર્યો પ્રમાણિક ન્યાય તોળવામાં આવશે. તેને આશા હતી કે ન્યાયાધીશો કાળજીથી અનેકાનેક સવાલો પૂછીને તેના અંતરમાં ઘોળાતી વાતો ખોળી કાઢવાનો પ્રયાસ કરશે, તેના સમગ્ર ચિંતન તથા કામગીરીઓને સજાગ નજરે નીરખશે. અને સત્ય નજરે પડતાં જ તેઓ મોટા અવાજે ઇનસાફી ઘોષણા કરશે કે "આ માણસની વાત ખરી છે!"

પણ એવું કશું બન્યું જ નહિ. કોઈ અકથ્ય અંતર આરોપીઓ અને ન્યાયાધીશોને અળગા રાખતું હતું, અને સાફ જણાતું હતું કે કેદીઓને ન્યાયાધીશો કશા ખપના નથી લાગતા. મનની થકાવટને લીધે માની મુકદ્દમા અંગેની ઉત્સુકતા સાવ ઓસરી ગઈ અને તેને શબ્દો જાણે સંભળાતા જ બંધ થઈ ગયા.

"મુકદ્દમો આમ ચલાવાતો હશે?" તેના મનમાં રોષ જલી રહ્યો હતો.

"અરે, એવા જ છે એ લોકો?" સિઝોવે ટેકો આપ્યો.

હવે એક બીજો વકીલ બોલી રહ્યો હતો—તેના ઊજળા કડક ચહેરા ઉપર ઉપહાસના ભાવ છવાયેલા હતા. ન્યાયાધીશો વારંવાર તેના ભાષણમાં દખલ કરતા હતા.

સરકારી વકીલ ગુસ્સે થઈને ઊભો થઈ ગયો અને કાર્યવાહીની પદ્ધતિ અંગે કશુંક બોલ્યો. ઘરડા માણસે તેને ઢીલા અવાજે ટોક્યો. બચાવ પક્ષનો

વકીલ આદરથી માથું નીચું રાખીને સાંભળતો રહ્યો અને પછી તેણે ફરી બોલવાનું શરૂ કર્યું.

"બરાબર તાગ કાઢી લેજે," સિઝોવ બોલ્યો.

વકીલના વેધક શબ્દો જેમ જેમ ન્યાયાધીશોની જાડી ખાલને ભેદતા ગયા તેમ તેમ પ્રેક્ષકો ઉત્તેજિત બનતા ગયા અને ઉશ્કેરાવા પણ લાગ્યા. ન્યાયાધીશોએ રીસે ભરાઈને મોઢાં ચડાવ્યાં, અને વકીલની ભાવવાહી વાણીના તીખા પ્રહારો ઝીલવા તેઓ જાણે કોકડું વળી ગયા.

પછી પાવેલ ઊભો થયો. અદાલતમાં તદ્દન નીરવતા છવાઈ ગઈ. મા આતુરતાથી આગળ નમી ગઈ. પાવેલ સ્વસ્થ અવાજે બોલવા લાગ્યો:

"હું પાર્ટીનો સભ્ય છું અને મારી પાર્ટી સિવાય બીજા કોઈનો ફેંસલો માનતો નથી. એટલે હું મારા બચાવમાં કશું નહિ બોલું. પરંતુ બચાવનો ઇનકાર કરનારા મારા સાથીઓની વિનંતિને માન આપીને હું તમને તમારી સમજણમાં ન ઊતરેલી કેટલીક બાબતો સમજાવવાનો પ્રયાસ કરીશ. સામાજિક-લોકશાહીવાદના ઝંડા હેઠળ અમે કાઢેલા સરઘસને સરકારી વકીલે સર્વોચ્ચ સત્તા વિરુદ્ધનું બંડ ગણાવ્યું છે, અને બધો વખત અમારો ઉલ્લેખ ઝારને ઉથલાવી પાડવાની કોશિશ કરનારા માણસો તરીકે કર્યો છે. હું સ્પષ્ટ જણાવી દેવા માગું છું કે આપણો દેશ એકમાત્ર આપખુદશાહીની જ જંજીરથી જકડાયેલો હોય એવું નથી, એ તો માત્ર પહેલી જ જંજીર છે અને તેને તોડી નાખવી એ અમારી ફરજ છે."

પાવેલનો મક્કમ અવાજ રણકતો ગયો તેમ તેમ નીરવતા જાણે વધારે ગહન બનતી ગઈ, અદાલતનો ખંડ જાણે વિશાળ બની ગયો અને ઊંચા ભવ્ય સ્થાનેથી પાવેલ ઉન્નત મસ્તકે જાણે ઓજસ પાથરવા લાગ્યો.

અકળાઈ ગયેલા ઇનસાફદારો ખુરશીઓમાં ઊંચાનીચા થવા લાગ્યા. શાહી દરબારીએ ઉદાસીન ચહેરાવાળા ન્યાયાધીશના કાનમાં કંઈક કહ્યું. તેણે માથું હલાવીને ઘરડા માણસના જમણા કાનમાં હોઠ ફફડાવ્યા, અને માંદલો ન્યાયાધીશ તેના ડાબા કાનમાં કશુંક ગણગણ્યો. જમણી અને ડાબી બન્ને બાજુએ ખેંચાતો ઘરડો માણસ મોટેથી કંઈક બોલ્યો, પણ તેનો અવાજ પાવેલની એકધારી વાણીના બહોળા પ્રવાહમાં ડૂબી ગયો.

"અમે સમાજવાદીઓ છીએ. એટલે અમે ખાનગી મિલકતના વિરોધીઓ છીએ. ખાનગી મિલકતની પદ્ધતિ લોકોને આપસમાં લડાવે છે, હિતોની કટ્ટર દુશ્મનાવટ પેદા કરે છે, એવી દુશ્મનાવટને છુપાવવા અથવા વાજબી ઠરાવવાના

પ્રયાસમાં જૂઠાણાનું હથિયાર અજમાવે છે, અને જૂઠાણાં, દંભ, તથા ધિક્કાર ફેલાવીને સમગ્ર જનતાને ભ્રષ્ટ બનાવી દે છે. અમે માનીએ છીએ કે જે સમાજમાં ઈન્સાનને અમુક માણસોના ધનસંચયના કેવળ સાધન તરીકે જ ગણવામાં આવતો હોય એવો સમાજ અમાનુષી છે, અમારાં હિતોનો શત્રુ છે. એવા સમાજના નીતિનિયમોની જૂઠી અને દંભી પદ્ધતિને સ્વીકારવાનો અમે ઇનકાર કરીએ છીએ. એવા સમાજમાં ઈન્સાનની ઉપર લાદવામાં આવતી તમામ પ્રકારોની શારીરિક અને માનસિક ગુલામીની સામે, સ્વાર્થી લાલસાને ખાતર ઈન્સાનોને કચડી નાખવાની તમામ રીતોની સામે, અમે લડવા માગીએ છીએ અને લડીશું. અમે કામદારો છીએ, બાળકોનાં રમકડાંથી લઈને જબ્બર યંત્રો સુધીની બધી ચીજો અમારી મહેનત વડે બને છે, પરંતુ અમારા માનવીય મોભાનું રક્ષણ કરવાનો હક અમને નથી. કોઈ પણ માણસ પોતાના અંગત ફાયદા ખાતર અમારું શોષણ કરી શકે છે. હાલ પૂરતા અમે એટલા પ્રમાણમાં આઝાદી હાંસલ કરી લેવા માગીએ છીએ કે જેથી અંતમાં સત્તા અમારા હાથમાં લઈ લેવાનું અમારે માટે શક્ય બને. અમારાં સૂત્રો સાવ સાદાં છે: 'ખાનગી મિલકત મુર્દાબાદ!' 'ઉત્પાદનનાં તમામ સાધનો જનતાને હસ્તક!' 'સમગ્ર સત્તા જનતાને હસ્તક!' 'દરેકને માટે ફરજિયાત કામ!' આ ઉપરથી તમે જોઈ શકશો કે અમે ખાલી બંડખોરો જ નથી!"

પાવેલે જરાક હસીને આંગળીઓ વાળમાં ફેરવી. તેની નીલી આંખોમાં અંગારા ઝગારા મારી રહ્યા હતા.

"મુદ્દાસર વાત કરો," ઘરડો માણસ મોટેથી સ્પષ્ટ અવાજે બોલ્યો. તેણે ફરીને પાવેલની ઉપર નજર નાખી. માને લાગ્યું કે તેની ઘેરી ડાબી આંખમાં જાણે લોલુપ ઝેરીલા તેજનો ઝબકારો થયો. તમામ ઇનસાફદારોની નજર પાવેલના ચહેરા ઉપર જડાઈને જાણે તેની શક્તિ શોષી રહી હતી, તેઓ પોતાની કૌવતહીન કાયાઓમાં ફરી ચેતન રેડવા માટે જાણે પાવેલનું લોહી ચૂસી લેવા માગતા હોય એમ તેને તાકી રહ્યા હતા. પરંતુ પાવેલ ઊંચો ને ટટ્ટાર તથા બહાદુર ને તાકાતવાન ખડો રહ્યો અને હાથ લાંબો કરીને બોલવા લાગ્યો:

"અમે ક્રાંતિકારીઓ છીએ, અને થોડાક માણસો હુકમો છોડવા સિવાય બીજું કશું ન કરે તથા બાકીના લોકો મહેનત સિવાય બીજું કશું ન કરે એવી હાલત ચાલુ રહેશે ત્યાં સુધી અમે ક્રાંતિકારીઓ જ રહેવાના. તમને ન્યાયાધીશોને જે સમાજનું રક્ષણ કરવાનું ફરમાન મળ્યું છે એ સમાજના અમે વિરોધી છીએ, અમે એ સમાજના અને ભેગા તમારા પણ કટ્ટર દશ્મન છીએ, અને અમારી

લડતમાં અમને વિજય હાંસલ ન થઈ જાય ત્યાં સુધી આપણી વચ્ચે કશા સુમેળની મુદ્દલ શક્યતા નથી. અને અમારો વિજય ચોક્કસ છે! તમારા માલિકો પોતે ધારે છે એટલા તાકાતવાન નથી! જે ખાનગી મિલકતના સંચય અને રક્ષણ ખાતર તેઓ પોતાની તાબેદારીની લાખો જિંદગીઓને કુરબાન કરી નાખે છે, જે તાકાત તેમને અમારી ઉપર હકૂમત ચલાવવાની સત્તા આપે છે, એ જ તાકાત તેમની અંદર ઘર્ષણો પેદા કરે છે, તેમનું ભૌતિક અને નૈતિક પતન કરી નાખે છે. ખાનગી મિલકતના રક્ષણનું મૂલ્ય બહુ ભારે છે. ખરું પૂછો તો તમે સૌ, અમારા માલિકો, અમારા કરતાં વધારે ગુલામ દશામાં છો. અમારાં તો કેવળ તન ગુલામીમાં જકડાયેલાં છે, તમારાં મન ગુલામીમાં સબડે છે. ટેવ અને પૂર્વગ્રહની ધૂંસરીને, તમારાં મનને ભરખી ગયેલી ધૂંસરીને, તમે નથી ફગાવી દઈ શકતા. પરંતુ અમારાં મનને મુક્ત રાખવામાં અમને કોઈ રોકી શકતું નથી. તમે અમને ખવરાવો છો એ ઝેર તેના મારણ કરતાં — તમારે અનિચ્છાએ અમારાં મનમાં રેડવા પડતા મારણ કરતાં — કમજોર છે. સચ્ચાઈ અંગેની વાકેફગારી નિરંતર વધી રહી છે અને ખુદ તમારાં વર્તુળોમાંથી પણ ઉત્તમ માનવીઓને — નિર્મળ અંતરાત્મા ધરાવતા માનવીઓને — આકર્ષી રહી છે. જુઓ તો ખરા કે તમારા વર્ગના સિદ્ધાંતોનો બચાવ કરી શકે એવું કોઈ હવે રહ્યું જ નથી, ઐતિહાસિક ઇનસાફના વિનાશક દબાણથી તમને ઉગારી શકે એવી તમારી બધી દલીલો ખતમ થઈ ગઈ છે, તમે વિચારોના ક્ષેત્રમાં કશું નવું નથી સર્જી શકતા, તમે વૈચારિક ને માનસિક વાંઝિયા છો. પરંતુ અમારા વિચારો વિકાસ પામી રહ્યા છે, સામર્થ્ય ધારણ કરી રહ્યા છે. લોકસમુદાયોને આઝાદીનો સંઘર્ષ લડવા પ્રેરે છે અને સંગઠિત કરે છે. કામદાર વર્ગ જે મહાન ભૂમિકા ભજવવાનો છે તેની વાકેફગારી આખા જગતના કામદારોની એકતા સાધીને તેમને પ્રચંડ તાકાતમાં પલટાવી રહી છે. નવજીવનના એ વહેણને ખાળવા તમારી પાસે જુલમ અને માનવદ્વેષ સિવાય બીજું કશું જ નથી. પરંતુ માનવદ્વેષ તો તદ્દન દેખીતો છે અને જુલમ પ્રકોપ જગાવે છે. આજે અમારી ગળચી દબાવી રહેલા હાથ આવતીકાલે બિરાદરીના ભાવે અમારી સામે લંબાઈને પંજા મિલાવશે. તમારી શક્તિ તો સુવર્ણનો સંચય કરવાની યાંત્રિક શક્તિ છે જે તમને પરસ્પર ઓહિયાં કરી જનારાં જૂથોમાં વહેંચી નાખે છે, પરંતુ અમારી શક્તિ સમગ્ર કામગાર જનતાના નિરંતર વધતા જતા ઐક્યનું ચેતનમય કૌવત છે. તમે જે કંઈ કરો છો તે બધું ગુનાહિત છે કારણ કે તે લોકોને ગુલામ બનાવી દે છે. તમારાં જૂઠાણાં, લાલસા, અને કુટિલતાએ જનતાને દહેશતમાં દબાવી રાખવા માટે

રાક્ષસો અને દૈત્યો પેદા કર્યા છે. અમે જનતાને એવા રાક્ષસોના પંજામાંથી મુક્ત કરવાનું બીડું ઝડપી લીધું છે. તમે ઇનસાનને જિંદગીથી વિખૂટો પાડીને ખતમ કરી નાખ્યો છે. તમે નષ્ટ કરી નાખેલી દુનિયાને સમાજવાદ નવો ઘાટ આપશે, એક મહાન સમગ્રતાના રૂપમાં તેનું નવઘડતર કરશે. એમ અનિવાર્ય રૂપે બનશે જ!"

પાવેલ થોડી વાર થંભીને ધીમા પણ વધારે મક્કમ અવાજે બોલ્યો:

"એમ અનિવાર્ય રૂપે બનશે જ!"

ઇનસાફદારો પોતાની મેલી નજર પાવેલ ઉપરથી ખસેડ્યા વગર ગુસપુસ કરવા અને વિચિત્ર ચાળા કરવા લાગ્યા. માને લાગ્યું કે તેઓ પાવેલની તંદુરસ્તી, કૌવત, અને તાજગીની ઈર્ષ્યાથી ભરેલી નજરો વડે તેની કદાવર કાયાને મલિન બનાવી રહ્યા છે. કેદીઓ પોતાના સાથીની વાણી તલ્લીન થઈને સાંભળતા રહ્યા. તેમના ચહેરા ફિક્કા પડી ગયા હતા અને તેમની આંખોમાં ખુશીનો ભાવ ઝળકી રહ્યો હતો. મા જાણે દીકરાના બોલ પીતી ગઈ, તેના મનમાં દીકરાના શબ્દો હારબંધ અંકિત થઈ ગયા. ઘરડા માણસે આ કે તે બાબત સ્પષ્ટ કરવા કેટલીય વાર પાવેલની વાણીમાં અંતરાય પાડ્યો. એક વાર તો તે ગમગીન ભાવે હસ્યો પણ ખરો. પાવેલ થંભી જતો, અને પછી સ્વસ્થ દૃઢતાથી ફરી બોલવાનું શરૂ કરી દેતો. સૌ અવશ બનીને સાંભળતા રહેતા, પાવેલનું મનોબળ ઇનસાફદારોના મનોબળ ઉપર વર્ચસ્વ જમાવી દેતું. પરંતુ આખરે ઘરડા માણસે ઘાંટો પાડીને હાથ લાંબો કર્યો. ત્યારે પાવેલના અવાજમાં વ્યંગની છાયા આવી.

"મારું કહેવાનું લગભગ પૂરું થઈ ગયું છે. તમને વ્યક્તિ રીતે દૂભવવાનો મારો મુદ્દલ ઇરાદો નથી. મુકદ્દમો ગણાવવામાં આવતા તમારા આ ફારસના અનિચ્છુક સાક્ષી તરીકે અહીં બેઠા બેઠા મને તમારી તરફ લગભગ હમદર્દી જેવી લાગણી થઈ છે. આખર તમે પણ ઇન્સાનો છો, અને અમારા ધ્યેયની સામે દુશ્મનાવટ રાખનારા ઇન્સાનોને પણ પાશવી તાકાતની ચાકરીની આવી શરમભરી અધમતામાં સરી પડેલા જોઈને, માનવીય ગૌરવની ભાવનાથી તદ્દન વંચિત દશામાં જોઈને, હંમેશાં નામોશી લાગે જ..."

તે ઇનસાફદારોની સામે નજર પણ નાખ્યા વગર બેસી ગયો. મા અદ્ધર શ્વાસે ન્યાયાધીશોને જોતી રહી.

"આન્દ્રેઈનો ચહેરો ઝગમગી રહ્યો હતો. તેણે હેતથી પાવેલનો હાથ દબાવ્યો. સામોઇલોવ, માઝિન, અને બીજા સાથીઓ પાવેલની તરફ નમ્યા,

અને પાવેલ પ્રશંસાથી અકળાતો હસ્યો. તેણે માની સામે જોઈને માથું હલાવ્યું. જાણે પૂછતો હોય કે "ગમ્યું?"

માએ જવાબમાં ખુશીનો શ્વાસ લીધો. મમતાનું હૂંફાળું મોજું તેના મુખ ઉપર ફેલાઈ ગયું.

"ખરો મુકદ્દમો તો હવે જ શરૂ થયો!" સિઝોવ ધીમા અવાજે બોલ્યો. "એણે સાફ પરખાવી દીધું, નહિ?"

માએ કશો જવાબ આપ્યા વગર માથું હલાવ્યું. દીકરો આવી હિંમતથી બોલ્યો એથી તેનું મન ખુશ થઈ ગયું હતું — અને દીકરાએ બોલવાનું પૂરું કર્યું ત્યારે તેને કદાચ વધારે ખુશી થઈ હતી. પરંતુ એક સવાલ તેના મનમાં ઘણુંઘણું રહ્યો હતો — "હવે શું થશે?"

૨૬

તેની જાણમાં ન હોય એવી કોઈ નવી વાત તેના પુત્રે નહોતી કરી. પુત્રના વિચારો તે સુપેરે જાણતી હતી, પરંતુ અહીંયાં અદાલતમાં તેણે પહેલી જ વાર પુત્રની નિષ્ઠાનું વિલક્ષણ આકર્ષણ અનુભવ્યું. પાવેલની સ્વસ્થતા જોઈને તે કુદરતમાં ગરકાવ થઈ ગઈ. તેને પાવેલની વાણી તેના ધ્યેય તથા અંતિમ વિજયમાં નિષ્ઠાના પ્રતિક સમા ચમકતા સિતારા જેવી લાગી. તેને થયું કે હવે ન્યાયાધીશો પાવેલની જોડે ગરમાગરમ દલીલો કરશે, ગુસ્સે ભરાઈને તેના વિચારોનું ખંડન કરશે, અને પોતાની પ્રતીતિઓ રજૂ કરશે. પરંતુ તેને બદલે આન્દ્રેઈ ઊભો થયો, તેની કાયા જરાક ડોલી ઊઠી, અને તે ભવાં નીચેથી ન્યાયાધીશોની ઉપર નજર નાખતો બોલ્યો:

"માનનીય રક્ષકો..."

"તમે ન્યાયાધીશોને સંબોધી રહ્યા છો, રક્ષકોને નહિ!" માંદલા ન્યાયાધીશે ખિજાઈને ઘાંટો પાડયો. માને આન્દ્રેઈના મોં પર ખંધાઈના કશાક ભાવ વરતાયા. તેની મૂછો ફરકી રહી હતી અને તેની આંખોમાં માને જાણીતો લુચ્ચાઈનો ચળકાટ હતો. તેણે લાંબા પાતળા હાથ વડે જોરથી માથું ખજવાળ્યું અને નિસાસો નાખ્યો.

"એમ કે?" તેણે માથું હલાવતાં કહ્યું. "મને તો લાગે છે કે તમે ન્યાયાધીશો નહિ પણ ખાલી રખેવાળો છો."

"મુદ્દાસર વાત કરો!" ઘરડો માણસ શુષ્ક અવાજે બોલ્યો.

"મુદ્દાસર? ઠીક—ધારો કે હું તમને ખરેખરા ન્યાય કરનારાઓ, ટેકીલા સ્વતંત્ર માણસો, માની લઉં..."

"અદાલતને તમારી સિફારસની જરૂર નથી!"

"એમ કે? ઠીક—પણ હું તો સિફારસ કરું જ છું. એટલે આપણે ધારી લઈએ કે તમે કોઈની તરફદારી નથી કરતા, તમને કશા પૂર્વગ્રહો નથી, 'મારું' અને 'તારું' કોઈ વળગણ તમે નથી ધરાવતા. બે માણસોને તમારી સામે પેશ કરવામાં આવે છે—એક ફરિયાદ કરે છે કે આણે મને લૂંટી લીધો અને સખત માર માર્યો, બીજો કહે છે કે લોકોને લૂંટવાનો અને સખત માર મારવાનો મને અધિકાર છે કેમ કે મારી કને ચાબખો છે..."

"તમારે મુદ્દાસર કહેવાનું કંઈ નથી?" ઘરડા માણસે ચિડાઈને ઘાંટો પાડતાં કહ્યું. તેનો હાથ ધ્રૂજી રહ્યો હતો. તેને ખીજે ભરાયેલો જોઈને માને ખુશી થઈ. પણ તેને આન્દ્રેઈનું વર્તન ન ગમ્યું—કોણ જાણે કેમ પણ દીકરાના બોલ જોડે તેનો મેળ નહોતો ખાતો. તેને ગંભીર અને ગૌરવભરી દલીલો સાંભળવાનું મન હતું.

ખોખોલ ઘરડા માણસની ઉપર નજર ઠેરવીને થોડીક વાર ચુપ રહ્યો. પછી તે ભવાં લૂછતો ગંભીર અવાજે આગળ બોલ્યો:

"મુદ્દાસર? હું તમારી જોડે મુદ્દાસર વાત શા માટે કરું? હાલ પૂરતું તમારે જેટલું જાણવું જોઈએ એટલું મારો સાથી કહી ચૂક્યો છે. બાકીનું વખત આવશે ત્યારે બીજા લોકો જણાવી દેશે."

ઘરડો માણસ ખુરશીમાં અરધો ઊભો થઈ ગયો.

"બસ! બંધ કરો!" તેણે ઘાંટો પાડયો. "ગ્રિગોરી સામોઇલોવ! તમારે શું કહેવું છે?"

ખોખોલ હોઠ દબાવતો ધીરે ધીરે બેસી ગયો. સામોઇલોવ તેની બાજુમાં ઊભો રહીને વાંકડિયા વાળ પાછળ ઉછાળતો બોલ્યો:

"સરકારી વકીલે મારા સાથીઓને જંગલીઓ કહ્યા છે, સભ્યાતાના દુશ્મનો કહ્યા છે..."

"મુકદ્દમા જોડે સંબંધ ન હોય એવું કશું બોલવાની જરૂર નથી."

"આને પૂરો સંબંધ છે. ઈમાનદાર ઇનસાનોને જેની જોડે સંબંધ ન હોય એવું કશું છે જ નહિ. અને વચમાં દખલ ન કરો. હું તમને પૂછું છું કે તમારી નજરમાં સંસ્કૃતિ એટલે શું?"

"અમે અહીંયાં તમારી જોડે વાદવિવાદ કરવા નથી બેઠા! આડીઅવળી પંચાત રહેવા દો! મુદ્દાસર બોલો!" ઘરડો માણસ નીચલા દાંત દેખાડતો બોલ્યો.

આન્દ્રેઈના વર્તનથી ન્યાયાધીશો જાણે સાવ પલટાઈ ગયા હતા — તેમનું ઉપરનું પડ જાણે ઊખડી ગયું હતું. તેમનાં ઊજળાં મોં પર જાણે ચાઠાં પડી ગયાં હોય એમ લાગતું હતું, અને તેમની આંખોમાંથી ઠંડા લીલા તણખા ઊડી રહ્યા હતા. તેમને પાવેલનું નિવેદન સાંભળીને ખીજ ચડી હતી, પરંતુ તેના શબ્દોના કૌવતને લીધે તેમને તેની તરફ માન ઊપજ્યું હતું અને સુજનતાનો દેખાવ પરાણે ચાલુ રાખવો પડયો હતો. ખોખોલે ઉપરનો દેખાવ ચીરી નાખ્યો હતો અને અંદરની હકીકત ઉઘાડી કરી નાખી હતી. ઈનસાફદારો ગુસપુસ કરી રહ્યા હતા, મોઢાં બગાડી રહ્યા હતા, અને વધારે પડતી સ્ફૂર્તિથી હાવભાવ કરી રહ્યા હતા.

"તમે લોકોને ચાડિયા બનવા લલચાવો છો, સ્ત્રીઓ તથા કુમળી બાળાઓને અનીતિના માર્ગે ધકેલી દો છો, ઈનસાનોને ચોરો અને ખૂનીઓમાં પલટાવી નાખો છો, તમે દારૂ, આંતરરાષ્ટ્રીય યુદ્ધો, જૂઠાણાં, લંપટતા, અને જંગલિયત મારફત માનવીઓનાં મનમાં ઝેર ભરી દો છો — તમારી સંસ્કૃતિ એવી છે! અમે એવી સંસ્કૃતિના દુશ્મનો છીએ!"

"હું તમને કહું છું કે..." ઘરડા માણસે બરાડો પાડયો, પણ સામોઈલોવે તડાક વળતો ઘાંટો પાડયો. તેનું મોં લાલચોળ થઈ ગયું હતું અને આંખો ચમકારા મારી રહી હતી.

"અમે એવી સંસ્કૃતિને નહિ પણ બીજી જાતની સંસ્કૃતિને — તમારાં કારાગારોમાં પુરાઈને રિબાતા અથવા પાગલ બની જતા માણસો જેની હિમાયત કરે છે એ સંસ્કૃતિને — આદરની નજરે નીરખીએ છીએ અને મૂલ્યવાન ગણીએ છીએ..."

"બેસી જાઓ! ફ્યોદોર માઝિન, તમારે કંઈ કહેવું છે?"

ઠીંગણો ફ્યોદોર એકદમ ઊછળતો કટાર જેવો સીધો ને પાતળો ખડો રહ્યો.

"પરમાત્માના સોગન ખાઈને કહું છું કે હું મારું કામ ચાલુ રાખીશ," તે અદ્ધર શ્વાસે બોલી ઊઠયો. તેનો ચહેરો એટલો બધો ફિક્કો પડી ગયો કે માત્ર આંખો જ નજરે પડતી હતી. "મને ખબર છે કે તમે સજા તો પહેલેથી જ નક્કી કરી રાખી છે, પણ હું પરમાત્માના સોગન ખાઈને કહું છું કે મને તમે ગમે ત્યાં મોકલશો તોયે હું છટકી જવાનો અને હંમેશાં — આખી જિંદગી — મારું કામ ચાલુ રાખવાનો." તેણે પ્રતિજ્ઞા લેતો હોય એવી રીતે હાથ ઊંચો કરીને ફરી કહ્યું: "હું સોગન ખાઉં છું!"

સિઝોવ જોરથી ગળું ખોંખારતો બાંકડા પર ઊંચોનીચો થયો. પ્રેક્ષકો જાણે ઉત્તેજનાના પ્રચંડ મોજા વડે ફંગોળાઈ રહ્યા હોય એમ ખળભળી ઊઠેલા પ્રેક્ષકોના ગણગણાટમાં અમંગળના ભણકારા થઈ રહ્યા હતા. કોઈ બાઈ ડૂસકાં ભરવા લાગી અને કોઈ જોરથી ઉધરસ ખાવા લાગ્યું. લશ્કરી પોલીસો કેદીઓને આશ્ચર્યવિમૂઢ નજરે અને પ્રેક્ષકોને ખીજભરી નજરે જોતા રહ્યા, ઇનસાફદારો ખુરશીઓમાં ઊંચાનીચા થવા લાગ્યા.

"બસ! હવે ઇવાન ગૂસેવ!" ઘરડો માણસ બરાડી ઊઠયો.

"મારે કંઈ નથી કહેવું."

"વસીલી ગૂસેવ!"

"મારે પણ કંઈ નથી કહેવું."

"ફ્યોદોર બૂકિન!"

સુકાઈ ગયેલા ધોળાફક ચહેરાવાળો એક જુવાન ધીરે ધીરે ઊભો થયો.

"તમને શરમ આવવી જોઈએ," તેણે માથું ધુણાવતાં બોલવાનું શરૂ કર્યું. "સમજવામાં મને બહુ વાર લાગે છે, પણ ઇનસાફ શેમાં છે એટલું તો હુંયે પારખી શકું છું." તે ચુપ થઈ ગયો, અને હાથ માથાથી ઊંચો કરીને જાણે ક્યાંક દૂર દૂર નજર નાખી રહ્યો હોય એમ તેણે આંખો અરધી મીચી દીધી.

"શું કહ્યું?" ઘરડો માણસ ખુરશીમાં પાછળ નમતો બોલી ઊઠયો. તેના અવાજમાં આશ્ચર્ય અને ખીજ વરતાતાં હતાં.

"દોજખમાં જાઓ!"

બૂકિન ગમગીન ભાવે બેસી ગયો. તેના શબ્દોમાં પ્રચંડ મહત્ત્વ ધરાવતું કશુંક હતું, ભોળપણભર્યું અને ખિન્ન ઠપકાભર્યું કશુંક હતું. તેનો અણસારો દરેકને આવી ગયો, અને ન્યાયાધીશોએ પણ જાણે બૂકિનનાં વેણનો વધારે વિશદ પડઘો સંભળાવાનો હોય એમ કાન સરવા કર્યા. અદાલતમાં ઘેરી નીરવતા છવાઈ ગઈ. કેવળ દબાતાં ડૂસકાંના આછા અવાજો તેમાં ભંગ પાડી રહ્યા હતા. આખરે સરકારી વકીલ ખભા ઉચકાવીને લૂખું હસ્યો, શાહી દરબારીએ ગળું ખોંખાર્યું, અને લોકો ફરી ગુસપુસ વાતો કરવા લાગ્યા.

"ન્યાયાધીશો કંઈ બોલશે?" માએ સિઝોવને ધીમા અવાજે પૂછ્યું.

"સજાની જાહેરાત સિવાય બધું પતી ગયું."

"બસ?"

"બસ."

માનું મન એમ માની લેવા તૈયાર ન થયું.

સામોઇલોવની મા બાંકડા ઉપર સળવળાટ કરવા અને ખભા તથા કોણી વડે નીલોવ્નાને ધક્કા મારવા લાગી.

"શું? આમ કંઈ મુકદ્દમો પૂરો થઈ જાય?" તેણે પતિને પૂછ્યું.

"થઈ જાય — હમણાં ખબર પડશે."

"ગ્રીશાનું શું થશે?"

"ચુપ રહે..."

દરેકના મનમાં જાણે કશુંક હડસેલાઈ ગયું હોય, ખોરવાઈ ગયું હોય, ભાંગી ગયું હોય એવી લાગણી પેદા થઈ. જેની રૂપરેખા અકળ હોય, મહત્ત્વ અસ્પષ્ટ હોય, પરંતુ જોર અદમ્ય હોય એવા કશાકના વિસ્ફોટની ઝબૂકતી જ્વાળા જોતાં નજર અંજાઈ જાય એવી રીતે લોકો વણસમજ્યા આંખો ઉઘાડમીચ કરવા લાગ્યા. એકાએક છતા થઈ ગયેલા કશાક મહાનને ન સમજી શકવાથી તેઓ પોતાની લાગણીના ઊભરા સમજાણમાં ઊતરતી નજીવી બાબતો ઉપર કાઢવા લાગ્યા.

"એ લોકોને બોલવા કેમ ન દીધા?" મોટો બૂકિન બંધુ જોરથી હોઠ ફફડાવતો બોલ્યો. "સરકારી વકીલને તો મરજી પડે એટલું બોલવા દીધું હતું!"

એક અફસર બાંકડાઓ નજીક ઊભો હતો. તેણે હાથ હલાવીને લોકોને હિદાયત કરી:

"શાંતિ! શાંતિ!"

સામોઇલોવ પત્નીની પાછળ ડોક લંબાવતો તૂટક અવાજે બબડ્યો:

"ભલે સૌને ગુનેગાર જાહેર કરી દેતા, પણ ખુલાસો તો કરવા દેવો જોઈએ ને! એ લોકો શાનો વિરોધ કરે છે? મારે તો એ જ જાણવું છે! મનેય મારા ભલાની ફિકર છે..."

"ચુપ!" અફસરે સામોઇલોવની તરફ આંગળી હલાવીને ચેતવણી આપી.

સિઝોવે ગમગીન ભાવે માથું હલાવ્યું.

માની નજર ન્યાયાધીશોની ઉપર મંડાયેલી હતી. તેઓ માંહોમાંહે વાતો કરી રહ્યા હતા અને તેમની ઉત્તેજના વધી રહી હતી. તેમની વાતોનો ટાઢોબોળ ચીકણો અવાજ જાણે તેના ચહેરાને અડીને તેના ગાલ ફરકાવી દેતો હતો અને મોંમાં ગંધારો ઘૃણાજનક સ્વાદ ભરી દેતો હતો. કોણ જાણે કેમ પણ તેને લાગ્યું કે ઇનસાફદારો પાવેલ અને તેના સાથીઓનાં શરીરોની, તેમના ગરમ લોહી તથા ચેતનથી છલકાતા સ્નાયુઓ તથા માંસપેશીઓની વાતો કરી રહ્યા છે. એવી કાયાઓ તેમનાં મનમાં ભિખારીઓ જેવી અધમ ઈર્ષ્યા અને માંદલા તથા

કૌવતહીન માણસો જેવી ચીકણી લાલસા જગાવતી હતી. મહેનત કરીને અધિક ચેતનમય બની શકે અને ખુશાલીઓ સર્જી તથા માણી શકે એવી એ કાયાઓને તેઓ હોઠના બચકારા બોલાવતા લોલુપ નજરે નીરખી રહ્યા હતા. હવે એ કાયાઓને રોજિંદી જિંદગીમાંથી હઠાવી દેવામાં આવી રહી હતી, નકારવામાં આવી રહી હતી, અને એટલે તેઓને કબજામાં લેવાનું, શોષણનો ભોગ બનાવવાનું, કે ભરખી જવાનું શક્ય નહોતું રહ્યું. નજર સામે દેખાતા શિકારને પકડી લઈને તેઓનું ચેતન ભરખી જવાની તાકાત ન ધરાવતા હોવાથી તૃપ્તિના સાધનને હાથમાંથી છટકી જતું જોઈને ઘુરકાટ તથા આક્રંદ કરતા ઘરડા કૌવતહીન શિકારી જનાવરોના જેવું ડંખીલું વેરીલું ઝનૂન એ જુવાનો ઘરડા ન્યાયાધીશોનાં મનમાં પેદા કરતા હતા.

ન્યાયાધીશોને વધારે બારીક નજરે નીરખતાં માના મનમાં એવા ચિત્રવિચિત્ર કઢંગા વિચારો અધિક સ્પષ્ટ રૂપ ધારણ કરવા લાગ્યા. મિજબાનીની મોજને બરાબર જાણી ચૂકેલાં ભૂખ્યાં જનાવરોના જેવી લાલસા અને કૌવતહીન ખીજ છુપાવવાની કોશિશ તેઓ મુદ્દલ નહોતા કરતા. તે ઓરત હતી અને મા હતી. તેને પોતાના પુત્રની કાયા જેને આત્મા કહેવાય તેનાથી પણ વધારે પ્યારી હતી. ઘરડા ઈનસાફદારોની નિસ્તેજ નજરને પુત્રના ચહેરા ઉપર ફરતી, છાતી તથા ખભા તેમ જ કાંડાંને અડતી, જાણે ઘર્ષણ તેમની પોતાની સુકાઈ ગયેલી નસોના તથા ઢીલા પડી ગયેલા સ્નાયુઓના લોહીમાં ફરી ઉષ્મા ભરી દેવાનું હોય એમ પુત્રના ચેતનમય અંગો જોડે ઘસાતી જોવાનું માને માટે દર્દનાક બની ગયું. આ જુવાનોને સજા કરીને તેઓ ખુદ પોતાને જ એ કાયાઓથી સદાને માટે વંચિત કરી દેવાના છે એવા ખ્યાલે પેદા કરેલી લોલુપતા અને ઈર્ષ્યાથી તેઓ ફરી થોડુંક ચેતન અનુભવી રહ્યા હતા. માને લાગ્યું કે પાવેલ એવા ચીકણા અણગમતા સ્પર્શ અંગે સભાન છે અને થરથરાટ અનુભવતો મારી સામે જોઈ રહ્યો છે.

પાવેલ તેને સ્વસ્થ અને હેતભરી નજરે નીરખી રહ્યો હતો. તેની નજરમાં થકાવટની આછી છાયા હતી. તે થોડી થોડી વારે માની સામે જોઈને માથું હલાવતો હસી રહ્યો હતો.

"બસ, હવે જલદી—આઝાદી!" પાવેલનું સ્મિત જાણે માને એવા શબ્દો કહી રહ્યું હતું અને તેના હૈયામાં વહાલની હળવી ટાપલી મારી રહ્યું હતું.

બરાબર એ જ ઘડીએ ન્યાયાધીશો ઊભા થઈ ગયા. મા પણ ઊભી થઈ ગઈ.

"ગયા..." સિઝોવ બોલ્યો.

"સજા નક્કી કરવા?" માએ પૂછ્યું.

"હા."

માના મનનો તણાવ જાણે એકાએક ખતમ થઈ ગયો. તેને થકાવટથી આંખે અંધારાં આવી ગયાં. તેનાં ભવાં ફરકવા લાગ્યાં અને કપાળે પરસેવો બાઝી ગયો. તેના હૈયામાં જાણે દુભાવા તથા નિરાશાનો ભાર પટકાયો અને એકદમ અદાલત તથા ન્યાયાધીશો પ્રત્યેની ઘૃણામાં પલટાઈ ગયો. માથામાં દુખાવો લાગતાં તેણે કપાળે હાથ દબાવીને નજર ઊંચી કરી. કેદીઓનાં સગાંવહાલાં સળિયાના કઠેરા પાસે પહોંચી ગયાં હતાં અને અદાલતમાં વાતચીતનો ગણગણાટ ફેલાઈ ગયો હતો. મા પણ ઊભી થઈને પાવેલની પાસે ગઈ અને તેનો હાથ પોતાના હાથમાં લઈને રડવા લાગી. તે એકીસાથે વેદના અને ખુશીના ઉછાળા અનુભવી રહી હતી. તેનું હૈયું પરસ્પર વિરોધી લાગણીઓના વમળમાં અટવાઈ ગયું હતું. પાવેલે તેને હેતભર્યાં વેણ કહ્યાં અને ખોખોલ ટોળટપ્પા કરતો હસતો રહ્યો.

બધી સ્ત્રીઓ રડી રહી હતી, પણ મોટે ભાગે તો ટેવને લીધે, પીડાને કારણે નહિ.

અણદેખી ને અણધારી આવી પડીને વિમૂઢ બનાવી દે એવી વેદના ક્યાંય નહોતી વરતાતી. સંતાનોથી વિખૂટા પડતી વેળાની ગમગીની જરૂર મોજૂદ હતી, પરંતુ એ પણ દિવસના અનુભવોને કારણે હળવી બની ગઈ હતી. માતાપિતાઓનાં દિલોમાં પુત્રો અંગે મિશ્રિત લાગણીઓ થઈ રહી હતી. જુવાની અંગેના અવિશ્વાસ તથા પોતાના અધિક શાણપણની રોજિંદી લાગણીની સાથે આદર જેવું કશુંક તેમાં ભળેલું હતું. જિંદગીની નવી અને બહેતર રીતની શક્યતા અંગે હિંમત અને નીડરતાથી બોલનારા જુવાનોએ ઉપજાવેલી અજાયબી જાણે ભાવિ જિંદગીના ગમગીન ખ્યાલોની ઉપર છવાઈ ગઈ હતી. લાગણીઓને વ્યક્ત કરવાની અશક્તિને લીધે જાણે લાગણીઓ દબાઈ જતી હોય એમ લાગતું હતું—શબ્દોનો ધોધ વછૂટ્યો હતો પણ બધી વાતો કપડાં ને તબિયત જેવી સાદી બાબતો અંગે થઈ રહી હતી.

મોટો બૂકિન બંધુ નાના ભાઈની જોડે વાત કરતો કરતો હાથ હલાવી રહ્યો હતો.

"મૂળ વાત તો ઇનસાફની છે! બીજું કંઈ નહિ!"

નાના ભાઈએ કહ્યું: "આપણા પંખીડાની સંભાળ રાખજે!"

"બરાબર રાખીશ."

સિઝોવ ભત્રીજાનો હાથ પોતાના હાથમાં લેતો બોલ્યો:

"તો ફ્યોદોર, તું તો અમને મૂકીને જતો રહેવાનો!"

ફ્યોદોરે કાકાના કાનમાં કંઈક કહ્યું. તેના હોઠ ખુશીથી મલકી ઊઠયા. સંત્રીનું મોં પણ મલકી ગયું, પણ તેણે તરત જ મલકાટને ખાળીને ગળું ખોંખાર્યું.

માએ પણ દીકરાની જોડે બીજી બધી બાઈઓના જેવી જ વાતો કરી—કપડાંની ને દીકરાની તબિયતની—પરંતુ તેના મનમાં સાશા વિશે, પોતાને વિશે, તથા દીકરાને વિશે હજારો સવાલો ઘોળાઈ રહ્યા હતા. તેના મનગગનમાં સૌથી ઊંચે તો દીકરા પ્રત્યેનું અસીમ વહાલ, તેને ખુશ કરવાની ઝંખના, અને તેનું હેત પામવાની તમન્ના હિલોળા લઈ રહ્યાં હતાં. ઝળુંબી રહેલા ભાવિનો ભય ઓસરી ગયો—કેવળ ન્યાયાધીશો તથા મુકદ્દમાના ઘેરા અનુભવોની યાદથી પેદા થતો અણગમતો થરથરાટ બાકી રહ્યો. તેના અંતરમાં ઝળકતા આનંદથી છલકાતા કશાકનો ઉદય થયો હતો. તેને પૂરી સમજણ નહોતી પડતી કે એ શું છે, પરંતુ તેણે સંકોચ અનુભવતાં તેને સ્વીકારી લીધું હતું. લોકોની જોડે વાતો કરતો ખોખોલ તેની નજરે પડયો. તેને ખબર હતી કે હેતમમતાની ખોખોલને પાવેલ કરતાં વધારે જરૂર છે, એટલે તે ખોખોલની તરફ ફરી.

"મને તો મુકદ્દમો ગમ્યો નહિ," તેણે કહ્યું.

"કેમ, નેનકો?" તેણે મોં મલકાવીને અહેસાનના ભાવે પૂછ્યું. "ચક્કી પુરાણી છે પણ હજી દળે છે તો ખરી..."

"મુકદ્દમાથી ધાક નથી પડી, પણ જાણવાનુંયે કશું નથી મળ્યું. કોણ ખરું ને કોણ ખોટું?" તે તૂટક તૂટક બોલી.

"અરે, તમે એવી ધારણા રાખેલી!" આન્દ્રેઈ અચરજથી બોલી ઊઠયો. "તમને એમ લાગે છે કે એ લોકોને સચ્ચાઈ ગોતી કાઢવાની પડી છે?"

"મને તો મુકદ્દમામાં કશુંક ભયંકર બનવાની બીક હતી," તેણે ઊંડો શ્વાસ લેતાં હસીને કહ્યું.

"ન્યાયાધીશો પધારે છે!" જાહેરાત થઈ.

લોકો ઉતાવળા પોતપોતાની જગ્યાએ પહોંચી ગયા.

વડા ન્યાયાધીશે એક હાથ ટેબલ ઉપર ટેકવ્યો અને બીજા હાથે એક કાગળ ચહેરા સામે ધરી રાખીને તીણા ફુત્કારિયા અવાજે વાંચવાનું શરૂ કર્યું.

"સજા વાંચે છે," સિઝોવ આગળ નમતો બોલ્યો.

અદાલતમાં શાંતિ છવાઈ ગઈ. તમામ લોકો ઘરડા માણસની ઉપર નજર

ફેરવીને ઊભા હતા. ઠીંગણો, પાતળો અને સીધો આદમી કોઈ અદૃશ્ય હાથમાં પકડાયેલી લાકડી જેવો દેખાતો હતો. બીજા ઇનસાફદારો પણ ઊભા થઈ ગયા હતા. જિલ્લા અધિકારીનું માથું એક તરફ ઢળેલું હતું અને નજર છત ઉપર મંડાયેલી હતી. મેયર અદબ વાળીને ઊભો હતો. શાહી દરબારી દાઢીએ હાથ ફેરવી રહ્યો હતો. માંદલો ન્યાયાધીશ, મોઢે ચાઠાંવાળો તેનો સહયોગી, અને સરકારી વકીલ કેદીઓને તાકી રહ્યા હતા. ઇનસાફદારોની પાછળ ટાંગેલા ચિત્રમાંથી ઝાર નીચે જોઈ રહ્યો હતો. લાલ યુનિફૉર્મમાં તે જાજવલ્યમાન દેખાતો હતો. તેનો ઊજળો ચહેરો ઉદાસીન લાગતો હતો અને તેની ઉપર એક માખી બેઠેલી હતી.

"હદપારી!" સિઝોવ રાહતનો દમ લેતો બોલ્યો. "પરમાત્માનો પાડ કે આખર બધું પતી ગયું. મને તો સખત કેદની બીક હતી. આ તો એનાથી હળવી સજા ગણાય, મા."

"મને ખબર હતી કે હદપારીની સજા થવાની છે," મા બોલી. તેના અવાજમાં થકાવટ હતી.

"પણ હવે તો વાત પાકી થઈ ગઈ. પહેલાં ચોક્કસ કાંઈ કહેવાય એમ નહોતું કે શી સજા કરશે."

સંત્રીઓ કેદીઓને લઈ જઈ રહ્યા હતા. તેમની તરફ ફરીને સિઝોવે સાદ પાડયો:

"આવજે, ફ્યોદોર! અને બીજા સૌ પણ, આવજો! પરમાત્મા તમારું ભલું કરે!"

માએ અબોલ રહીને દીકરાની તથા તેના સાથીઓની સામે જોઈ રહેતાં માથું હલાવ્યું. તેને રડવાનું મન થતું હતું પણ શરમ આવતી હતી.

૨૭

મા અદાલતમાંથી બહાર નીકળી ત્યારે રાત પડી ગયેલી જોઈને તેને અચરજ થયું. શેરીઓને ખૂણે બત્તીઓ બળી રહી હતી અને આસમાનમાં તારા ટમટમી રહ્યા હતા. અદાલત નજીક લોકોનાં ટોળાં એકઠાં થઈ ગયાં હતાં અને ઠંડી હવામાં હિમનો કચર... કચર... અવાજ થઈ રહ્યો હતો. જુવાન માણસોના અવાજો સંભળાઈ રહ્યા હતા. પાદરીઓ પહેરે એવી કાળી ટોપી પહેરેલા એક આદમીએ સિઝોવના મોં સામે નજર નાખીને ઝડપથી સવાલ કર્યો:

“શી સજા થઈ?”

“હદપારી.”

“બધાને?”

“હા.”

“આભાર.”

આદમી ચાલતો થઈ ગયો.

“જોયું ને? જાણવાની ઇંતેજારી છે...” સિઝોવ બોલ્યો.

એકાએક દસબાર જુવાનિયાંએ તેમને ઘેરી લીધાં અને મોટે અવાજે સવાલો પૂછવાનું શરૂ કરી દીધું. એથી આજુબાજુના લોકોનું ધ્યાન નાનકડા ટોળા તરફ ખેંચાયું. મા અને સિઝોવ ઊભાં રહી ગયાં. જાતજાતના સવાલો પૂછવામાં આવ્યા — શી સજા થઈ, કેદીઓનું વર્તન કેવું હતું, કોણે કોણે ભાષણો કર્યાં અને તેમાં શું શું કહ્યું, વગેરે. તમામ સવાલોમાં ખરા દિલની લાગણી વરતાતી હતી અને જવાબ આપતાં માને ખુશી થઈ.

“ભાઈઓ! આ પાવેલ વ્લાસોવનાં મા છે,” કોઈ બોલ્યું. તરત જ ચુપકી છવાઈ ગઈ.

“જરાક હાથ મિલાવવા દેશો?”

માની આંગળીઓ કોઈના જોરાવર પંજામાં દબાઈ અને કોઈનો ઉત્તેજિત અવાજ સંભળાયો:

“તમારા પુત્રે તો અમારે સૌને માટે હિંમતનો દાખલો બેસાડયો છે!”

“રૂસી કામદારો ઝિંદાબાદ!” પોકાર રણકી ઊઠયો.

ક્યારેક અહીંયાં તો ક્યારેક ત્યાં ઊઠતા પોકારો વધતા ગયા અને ચોમેર ફેલાઈ ગયા. લોકો બધી તરફથી દોડતા આવીને સિઝોવ તથા મા ફરતે એકઠા થવા લાગ્યા. પોલીસોની સીટીઓ ગાજવા લાગી પરંતુ ગુંજતા પોકારોને તેની ચીસો ડુબાવી ન શકી. સિઝોવ હસી પડયો. માને તો એ બધું સુખદ સ્વપ્ન જેવું લાગ્યું. તે મોં મલકાવતી માથું નમાવવા તથા લોકોના હાથ દબાવવા લાગી અને તેની આંખોમાંથી ખુશીનાં આંસુની ધારાઓ વહેવા લાગી. તેના પગમાં થાકની પીડા થઈ રહી હતી, પરંતુ તેના છલકાતા હૈયામાં સરોવરની સપાટીની જેમ ઘટનાઓનું પ્રતિબિંબ પડી રહ્યું હતું.

તેની નજીક કોઈ વ્યાકુળ પણ સાફ અવાજે બોલવા લાગ્યું.

“સાથીઓ, રૂસી જનતાને ભરખી જતા રાક્ષસે આજે ફરી વાર પોતાનાં હત્યારાં જડબાંમાં...”

"આપણે અહીંથી નીકળી જઈએ તો સારું, મા," સિઝોવ બોલ્યો.

એ જ ઘડીએ સાશા આવી પહોંચી અને માનો હાથ પકડીને તેને રસ્તાની સામી બાજુએ લઈ ગઈ.

"ધાંધલ મચી જાય કે ગિરફતારીઓ થાય તે પહેલાં અહીંથી જતાં રહીએ," તેણે કહ્યું. "હદપારી? સાઇબિરિયા?"

"હા."

"કેવું બોલેલો? પણ મને ખબર છે—સૌથી જોમદાર અને સૌથી સાદું. અને બેશક સૌથી આકરું. એનો સ્વભાવ કોમળ અને લાગણીશીલ છે પરંતુ એ હૈયું ક્યારેય ખોલતો નથી."

સાશા પોતાના પ્રેમના શબ્દો એટલી ઉત્કટતાથી બોલી કે માને હૈયે નિરાંત વળી અને તેનામાં નવું જોમ રેડાયું.

"તમે એની પાસે સાઇબિરિયા ક્યારે જશો?" માએ સાશાને પૂછ્યું અને હેતથી તેનો હાથ દબાવ્યો.

"મારું કામ સંભાળી લેનારું કોઈ મળી જાય કે તરત જ," બાળા આત્મવિશ્વાસથી નજર સીધી તાકીને બોલી. "મને પણ સજા થવાની છે. ધારું છું કે સાઇબિરિયામાં હદપારીની સજા જ થશે. એમ થાય તો હું માગણી કરીશ કે મને પણ એ હોય ત્યાં જ મોકલે."

"એવું બને તો એને મારી આદરભરી યાદ કહેજો," સિઝોવનો અવાજ સંભળાયો. "સિઝોવ નામ કહેજો. મને ઓળખે છે. હું ફ્યોદોર માઝિનનો કાકો."

સાશાએ તેની તરફ ફરીને હાથ લંબાવ્યો.

"હું ફ્યોદોરને ઓળખું છું. મારું નામ સાશા."

"બાપુનું નામ?"

સાશાએ એકધારી નજરે તેની સામે જોતાં જવાબ આપ્યો:

"મારે બાપુ નથી."

"ગુજરી ગયા?"

"ના, જીવતા છે," બાળાના અવાજમાં રણકી ઊઠેલી નાખુશી અને ખફગીની છાયા તેના ચહેરામાં પ્રતિબિંબિત થઈ. "જમીનદાર છે અને હવે તો ગ્રામવિસ્તારના વહીવટદાર બની ગયા છે, કિસાનોને લૂંટે છે."

"હં..." સિઝોવના અવાજમાં બેચેની વરતાતી હતી. ચુપકી છવાઈ

ગઈ. બાળાની જોડાજોડ ચાલતો સિઝોવ થોડી થોડી વારે ત્રાંસી નજરે તેની તરફ જોઈ લેતો હતો. આખરે તે બોલ્યો:

"ઠીક ત્યારે, આવજે, મા. મારે તો અહીંથી ડાબે વળવાનું છે. આવજો, બહેન. બાપુની ઉપર બેહદ ખફા થઈ ગયાં છો, ખરું ને? હા, પણ તમને ઠીક લાગ્યું એમ..."

"તમારો દીકરો નકામો હોય, સાધારણ લોકોને નુકસાન પહોંચાડતો હોય, અને તમને એની તરફ નફરત થતી હોય તો તમે એને ન તુચ્છકારી કાઢો?" સાશા લાગણીવશ થઈ જતી બોલી ઊઠી.

"કદાચ એમ જ કરું," વૃદ્ધ આદમી થોડીક વાર ચુપ રહીને બોલ્યો.

"તમને ઈનસાફ તમારા દીકરા કરતાં વધારે પ્યારો હોય તો તમે એમ જ કરો, અને મને ઈનસાફ મારા બાપુ કરતાં વધારે પ્યારો છે..."

સિઝોવે હોઠ મલકાવતાં માથું હલાવ્યું.

"તમે તો જબરાં છો!" તે નિસાસો નાખતો બોલ્યો. "મક્કમ રહેશો તો હજુયે ઘરડાં માબાપ પાસેથી ધાર્યું કરાવી લેશો! ભારે જોશ છે તમારામાં! વારુ, આવજો, ખુશ રહેજો! પણ લોકો તરફ થોડીક નરમાશ રાખો તો કેમ? આવજે, નીલોવ્ના! પાવેલને મળે ત્યારે કહેજે કે એનું ભાષણ મેં ધ્યાનથી સાંભળેલું. આખું તો ન સમજાયું, ક્યાંક ક્યાંક સમજવું બહુ મુશ્કેલ હતું, પણ બધી રીતે જોતાં સારું હતું."

ટોપી ઊંચી કરીને વિદાય લેતો તે ડાબે ખૂણે વળી ગયો.

"મઝાનો આદમી છે," સાશા મોટી મોટી આંખો વડે તેને નીરખતી મોં મલકાવીને બોલી.

માને લાગ્યું કે બાળાના મુખ ઉપર રોજ કરતાં વધારે મમતા ને મૃદુતા છવાયેલી છે.

ઘેર પહોંચીને બેઉ સોફા ઉપર જોડાજોડ બેસી ગયાં અને સાઈબિરિયા જઈને પાવેલની જોડે રહેવા માટે સાશાની ભાવિ સફરની વાતો કરવા લાગ્યાં. નીરવતા જાણે થાકની પીડા હળવી બનાવી રહી હતી. સાશા ઘેરાં ભવાં ઊંચાં કરીને મોટી મોટી આંખો વડે જાણે સ્વપ્ન જોતી હોય એમ સુદૂર નીરખતી રહી. તેના ઊજળા વદન પર સ્વસ્થ ચિંતનના ભાવ છવાયેલા હતા.

"અને તમને બચ્ચાં થશે ત્યારે હું આવીને સંભાળી લઈશ. ત્યાં આપણી જિંદગી અહીંના કરતાં બદતર તો નહિ જ હોય. પાવેલને કામ મેળવવામાં મુશ્કેલી નહિ પડે—એના હાથમાં તો ગમે તે કામ કરી લેવાની આવડત છે."

સાશાએ માની સામે જોયું. તેની નજરમાં સવાલ હતો.

"તમે હમણાં એની ભેગાં નથી જવાનાં?"

"એને મારી શી જરૂર છે?" મા નિસાસો નાખતી બોલી. "એને ભાગી જવું હોય તો હું વચમાં નકામી આડી જ આવું. વળી એ પણ ના જ પાડવાનો."

સાશાએ હકારમાં માથું હલાવ્યું.

"તમારી વાત ખરી છે. એ તો ના જ પાડે."

"વળી મારું અહીંનું કામ પણ છે," મા બોલી. તેના અવાજમાં અભિમાનની છાયા હતી.

"હા, અને એ કામ જરૂરી છે," સાશાએ જવાબ આપ્યો.

એકાએક તે જાણે કશુંક ફેંકી દેતી હોય એવી રીતે હાથ ફંગોળીને સ્વસ્થ સરળ અવાજે બોલી:

"ત્યાં રહેશે નહિ—ચોક્કસ ભાગી જ જવાનો."

"અને તમે? અને બાળક હોય તો?"

"વખત આવશે ત્યારે જોયું જશે. એણે મારી ફિકર ન જ કરવી જોઈએ, અને હું એના માર્ગમાં કદી આડી નહિ આવું. એનાથી વિખૂટી પડતાં મને બહુ જ દુ:ખ થશે, પણ એનો માર્ગ હું કદી નહિ જ રોકું!"

માને ખાતરી હતી કે સાશા જે કંઈ કહે છે તે કરી બતાવવાની શક્તિ પણ ચોક્કસ ધરાવે જ છે. તેના મનમાં બાળા પ્રત્યે હમદર્દી પેદા થઈ.

"અરેરે, તમને ભારે દુ:ખ વેઠવું પડશે!" તે સાશાને છાતી સરસી ચાંપી દેતી બોલી.

સાશાના મોં પર મૃદુ સ્મિત છવાઈ ગયું અને તે માની સોડમાં લપાઈ ગઈ.

એટલામાં નિકોલાઇ આવ્યો. તે ખૂબ થાકેલો લાગતો હતો. તેણે કોટ ઉતારતાં તાકીદના ભાવે કહ્યું:

"સાશા, હજી વખત છે ત્યાં સુધીમાં અહીંથી પોબારા ગણી જાઓ! બે બાતમીદારો સવારથી મારી પાછળ પાછળ ભમે છે—એટલી ખુલ્લી રીતે કે ગિરફતારીનો પૂરો સંભવ છે. મને અણસારો આવી ગયો છે—અને મારો અણસારો કદી ખોટો નથી પડતો. જરૂર કંઈક બન્યું છે. અને હા, આ લો, પાવેલનું ભાષણ—એને છાપવાનું નક્કી કર્યું છે. લ્યુદમીલાને આપી દેજો અને કહેજો કે બને એટલી ઝડપથી છાપી નાખે. પાવેલે સરસ ભાષણ કર્યું, નીલોવ્ના! સાશા, બાતમીદારોનો ખ્યાલ રાખજો."

તે ટાઢમાં ઠરી ગયેલા હાથને ઘસીને ગરમાવો આપતો બોલી રહ્યો હતો. પછી ટેબલ પાસે જઈને તેણે ખાનાંમાંથી કાગળો કાઢવાનું શરૂ કર્યું. તેણે કેટલાક કાગળો ફાડી નાખ્યા અને બાકીના બાજુએ મૂક્યા. તે ખૂબ થાકેલો ને ફિકરમંદ દેખાતો હતો.

"ખાનાં તો હજી થોડાક દિવસો પહેલાં જ સાફ કરેલાં, તોયે કોણ જાણે ક્યાંથી આટલું બધું નવું ભેગું થઈ ગયું છે, કાળમુખું! નીલોવ્ના, મને લાગે છે કે તમે રાત અહીંયાં ન રહો તો સારું. તમે શું ધારો છો? તમાશો ભયંકર કંટાળો ચડાવે એવો હોય છે. અને ભેગાં તમનેય પકડી જાય તો કહેવાય નહિ. પાવેલનું ભાષણ બધે પહોંચાડવા તમારે સફર ખેડવાની છે..."

"મને પકડીને શું કરવાના?"

નિકોલાઈએ હાથ હલાવ્યો.

"આવી બાબતમાં મને પાકો ખ્યાલ આવી જાય છે," તે મક્કમ અવાજે બોલ્યો. "અને તમે લ્યુદમીલાને ઘણી મદદ કરી શકો. જોખમથી વેગળાં રહો તો જ સારું."

પુત્રનું ભાષણ છાપવામાં મદદ કરવાના ખ્યાલથી માને ખુશી થઈ.

"ભલે, એમ છે તો હું ખુશીથી જઈશ," તેણે કહ્યું. "હવે મને કોઈ વાતની બીક નથી રહી, પરમાત્માનો એટલો પાડ!" તે આગળ બોલી. પોતાના શબ્દોથી ખુદ તેને જ નવાઈ લાગી.

"સરસ," નિકોલાઈ માથું ઊંચું કર્યા વગર જ બોલ્યો. "પણ મારી બૅગ અને કપડાં ક્યાં છે એ બતાવતાં જાઓ. તમે તો એવો પાકો કબજો જમાવી દીધો છે કે મારી ચીજો ક્યાં હશે એનીયે મને ખબર નથી!"

સાશા સગડીમાં કાગળો બાળી રહી હતી અને રાખને અંગારા ભેગી ભેળવી રહી હતી.

"બસ, હવે વધારે વાર કરવી ઠીક નથી, સાશા," નિકોલાઈ હાથ લંબાવતો બોલ્યો. "આવજો! કોઈ સારાં પુસ્તકો હાથમાં આવે તો મને મોકલવાનું ભૂલશો નહિ. આવજો, પ્યારાં સાથી! સંભાળ રાખજો!"

"લાંબી સજાની ધારણા છે?" સાશાએ પૂછ્યું.

"કોને ખબર! કદાચ. એ લોકોની પાસે મારી વિરુદ્ધ મસાલો તો ઘણો છે. નીલોવ્ના, તમે પણ ભેગાં જ નીકળી જાઓ તો કેમ? એકીસાથે બે માણસનો પીછો કરવાનું મુશ્કેલ હોય છે."

"ભલે," મા બોલી. "કોટ ને શાલ લઈ લઉં."

તેણે નિકોલાઇની ઉપર બારીક નજર નાખી. પણ એ તો એવો ને એવો જ હતો, માત્ર એટલો જ ફેર હતો કે મોંએ નિત્ય પથરાયેલા રહેતા માયાળુતા અને મૃદુતાના ભાવની ઉપર જાણે કશીક ચિંતાનું વાદળું છવાઈ ગયું હતું. માને બીજા કરતાં વધારે વહાલા લાગતા એ આદમીના હલનચલનમાં કશી બેચેની નહોતી વરતાતી, તેનામાં કશી ઉત્તેજના નહોતી દેખાતી. તેણે હંમેશાં સૌની એકસરખી કાળજી રાખી હતી, હંમેશાં માયાળુ ને સ્વસ્થ વર્તન કર્યું હતું, અને તે સદા પ્રશાંત એકલતામાં ડૂબેલો રહેતો. અત્યારે પણ તે સૌને માટે હંમેશ જેવો જ હતો — બીજી જિંદગીઓથી ખૂબ આગળ ને ઉન્નત એવા પોતાના ગુપ્ત આંતરિક જીવનમાં રાચતો. માને ખબર હતી કે નિકોલાઇ તેની ખૂબ નિકટ આવી ગયો છે. માના દિલમાં પણ તેને માટે પ્યાર હતો, પણ એ પ્યાર કેવો છે તે માને નહોતું સમજાતું. અત્યારે તેના દિલમાં છલકાતી હમદર્દી અસહ્ય બની રહી હતી, પરંતુ એવી લાગણી વ્યક્ત કરવાની તેને હિંમત નહોતી થતી. તેને બીક લાગતી હતી કે એથી નિકોલાઇને કદાચ બેચેની ને અકળામણ થાય, અને તેની હાલત જરાક કફોડી થઈ જાય. તેને એવી હાલતમાં મૂકી દેવાનું માને જરાય મન નહોતું.

તે ફરી વાર ખંડમાં દાખલ થઈ ત્યારે નિકોલાઇ સાશાનો હાથ પકડીને ઊભો હતો.

"સરસ! મને ખાતરી છે કે તમારે બેઉને માટે એ જ બરાબર છે," તે કહી રહ્યો હતો. "થોડીક અંગત ખુશી કોઈને જરાય નુકસાન ન જ કરે. નીલોવ્ના, તમે તૈયાર છો?"

ચશ્માં કપાળે ધકેલી દઈને તે હસતો હસતો માની નજીક આવ્યો.

"ઠીક ત્યારે, આવજો! ત્રણ કે ચાર મહિના — આશા રાખીએ કે છ મહિનાથી વધારે નહિ. છ મહિના! જિંદગીનો કેટલો બધો હિસ્સો! સંભાળ રાખજો, રાખશો ને? એક ચૂમી લઈ લઉં?"

પાતળી અને નાજુક કાયા ધરાવતા નિકોલાઇએ પોતાના સશક્ત હાથ તેના બદન ફરતે વીંટાળીને તેની આંખોમાં નજર પરોવી.

"હું તો જાણે તમારા પ્રેમમાં પડી ગયો હોઉં એમ લાગે છે!" તે હસતો હસતો બોલ્યો. "આવું વહાલ કરીને..."

તેણે કશું બોલ્યા વગર નિકોલાઈનાં ભવાં ઉપર ને ગાલે ચૂમીઓ લીધી, પણ તેના હાથ ધ્રૂજી રહ્યા હતા. નિકોલાઈને ખબર ન પડે એટલા સારુ તેણે હાથ આઘા કરી લીધા.

"કાલે ખાસ સાવચેતી રાખજો. સવારે નાનકડા છોકરાને મોકલીને આજુબાજુ તપાસ કરાવી લેજો—લ્યુદમીલા છોકરાને ઓળખે છે. વારુ, આવજો, સાથીઓ! ખુશાલ રહેજો!"

બેઉ બહાર નીકળી ગયાં ત્યારે સાશા ધીમા અવાજે બોલી:

"જરૂર પડે ને મોતને ભેટવા જવું પડે ત્યારે પણ આવી જ સરળતાથી જરાય ગભરાટ વગર જવાનો. અને મોત સામું ખડું હોય ત્યારે મરતાં પહેલાં ચશ્માં કપાળે ધકેલીને ચોક્કસ કહેવાનો જ—'સરસ!'"

"મને ખૂબ વહાલો લાગે છે," મા હળવા અવાજે બોલી.

"એને જોઈને મને વિસ્મય થાય છે પણ પ્રેમ નથી ઊપજતો. મને એની તરફ ઊંડો આદર છે. એ સદ્ભાવી છે અને ક્યારેક હેતાળ પણ બની જાય છે. પરંતુ એનામાં કશીક શુષ્કતા છે— એનામાં જાણે પૂરતી માનુષતા નથી... લાગે છે કે પીછો થઈ રહ્યો છે. નોખાં પડી જઈએ તો સારું. પીછા જેવું લાગે તો લ્યુદમીલાને ત્યાં જશો નહિ."

"ઠીક," મા બોલી.

"એવું લાગે તો ન જ જવું," સાશાએ ફરી કહ્યું. "એને બદલે મારે ત્યાં પહોંચી જજો. આવજો!"

તે ઝડપથી ફરી જતી પાછી વળી ગઈ.

૨૮

થોડીક મિનિટો પછી મા લ્યુદમીલાના ઘરમાં સગડી પાસે બેઠી બેઠી ગરમાવો લઈ રહી હતી. લ્યુદમીલાએ કાળો ડ્રેસ પહેર્યો હતો અને ચામડાનો પટ્ટો બાંધ્યો હતો. તે ધીરે ધીરે આંટા મારી રહી હતી. તેનાં કપડાં સરસર કરી રહ્યાં હતાં અને તેની વાણીનો દમામદાર અવાજ ખંડમાં ગુંજી રહ્યો હતો.

સગડીમાં આગના ભડકા તડતડ કરી રહ્યા હતા અને લ્યુદમીલાની વાણી એકધારી વહી રહી હતી.

"લોકો ખરાબ કરતાં જડ વધારે છે. આંખોની સામે પડયું હોય અને તરત પકડી લેવાય એમ હોય એટલું જ તેમને દેખાય છે. પણ આસાનીથી હાથમાં

આવી જાય એવું બધું તો માલ વગરનું હોય — ખરું મૂલ્યવાન તો આઘેરું ને મુશ્કેલીથી મેળવી શકાય એવું બધું હોય. મુદ્દાની વાત તો એટલી છે કે લોકો થોડાક સમજદાર બને અને જિંદગીમાં પલટો આવે — આસાન બની જાય — તો સૌ વધારે સુખી ને ખુશાલ બની જાય. પણ એટલું સાધવામાં બહુ વાર લાગશે."

તે અચાનક માની સામે ઊભી રહી ગઈ.

"હું લોકોને બહુ મળતી નથી, અને ક્યારેક મળું ત્યારે જીભડો વહેતો મૂકી દઉં છું," તે હળવા અવાજે જાણે માફી માગતી હોય એમ બોલી. "તમને તો હસવું આવતું હશે, નહિ?"

"કેમ?" મા બોલી. તેણે નજર ફેરવીને જોયું કે ચોપાનિયાં ક્યાં છપાતાં હશે, પણ ખ્યાલ ન આવ્યો. ઓરડાની ત્રણ બારીઓ રસ્તા ઉપર પડતી હતી. અંદર એક સોફા, પુસ્તકોનો ઘોડો, ટેબલ, ખુરશીઓ, અને એક ખાટલા સિવાય બીજું કશું નહોતું. એક ખૂણામાં હાથમોં ધોવાનું બેસિન ગોઠવેલું હતું અને બીજા ખૂણામાં સગડી હતી. દીવાલે તસવીરો ટાંગેલી હતી. બધું જાણે તાજગી બક્ષે એવું નવું, સાફ, તથા સુઘડ હતું, અને તેની ઉપર જાણે માલકિનની ત્યાગમૂર્તિ સમી કાયાનો શીતળ પડછાયો પથરાયેલો હતો. માને લાગ્યું કે કશુંક છુપાવીને રાખેલું છે, પણ તેને સમજણ ન પડી કે ક્યાં. તેણે બારણાં ઉપર નજર નાખી. એક બારણું પરસાળમાં પડતું હતું અને તેમાંથી જ તે દાખલ થઈ હતી. બીજું બારણું સગડીની બાજુમાં હતું.

"હું કામસર આવી છું," મા અકળામણ અનુભવતી બોલી. તેના ધ્યાનમાં આવી ગયું કે લ્યુદમીલા તેને બારીક નજરે જોઈ રહી છે.

"ખબર છે. કોઈ કામ વગર મને મળવા નથી આવતું."

માને લ્યુદમીલાના અવાજમાં કશુંક વિચિત્ર લાગતાં તેણે તેની સામે જોયું. લ્યુદમીલાના પાતળા હોઠ ઉપર મલકાટની આછી છાયા હતી, અને તેની આંખોમાં ચશ્માંની આરપાર ઘેરો ચળકાટ નજરે પડતો હતો. માએ નજર ખસેડી લીધી અને પાવેલનું ભાષણ આગળ ધર્યું.

"લો, આને બને એટલી ઝડપથી છાપી નાખવાનું છે."

પછી તેણે વાત કરી કે નિકોલાઇને ગિરફતારીની ધારણા છે.

લ્યુદમીલા ચુપચાપ કાગળોને પટ્ટામાં સરકાવી દેતી બેસી ગઈ. સગડીમાં બળતી આગનું લાલ પ્રતિબિંબ તેનાં ચશ્માંમાં પડતું હતું અને ઉષ્માભર્યું અજવાળું તેના નિશ્ચલ ચહેરા ઉપર ગેલ કરી રહ્યું હતું.

"મને ગિરફતાર કરવા આવશે ત્યારે હું તો એ લોકોને ગોળીએ વીંધી નાખીશ," માની વાત પૂરી થતાં લ્યુદમીલા હળવેથી બોલી. તેના અવાજમાં નિર્ધારનો રણકો હતો. "જુલમની સામે મારો બચાવ કરવાનો મને પૂરો હક છે, અને હું બીજાઓને સામનો કરવાની હાકલ કરતી હોઉં તો મારે પણ સામનો કરવો જ જોઈએ."

ભડકાનો ઉજાસ તેના મોં ઉપરથી ખસી જતાં ચહેરો પાછો કાયમ જેવો કડક ને મગરૂર જણાવા લાગ્યો.

"તારી જિંદગી બહુ મુશ્કેલ છે!" મા મનમાં બોલી ઊઠી. તેના દિલમાં હમદર્દીનો જુવાળ આવ્યો.

લ્યુદમીલા અધકચરા ઉત્સાહથી પાવેલનું ભાષણ વાંચવા લાગી, પણ વાંચતી ગઈ તેમ તેમ તેનો ઉત્સાહ વધતો ગયો, અને છેલ્લે તો તે આકળી અધીરાઈથી એક પછી એક પાનું ઉલટાવવા લાગી. ભાષણ પૂરું વાંચીને તે ઊભી થઈ ગઈ અને ખભા પહોળા કરતી માની નજીક જઈને બોલી:

"સરસ ભાષણ છે!"

તે માથું નીચે નમાવીને થોડીક વાર વિચાર કરતી ઊભી રહી.

"મારે તમારી જોડે તમારા દીકરાની વાત નહોતી કરવી—હું એને કદી મળી નથી, અને દુ:ખ ઉપજાવે એવા વિષયો છેડવાનું મને નથી ગમતું. મને ખબર છે કે પોતાના પ્યારા ઇન્સાનને સાઇબિરિયા મોકલી દેવામાં આવે ત્યારે કેવું લાગે. પણ મને મનમાં કૌતુક થઈ રહ્યું હતું—આવા દીકરા બદલ તમને ખુશી થાય છે ખરી?"

"બહુ જ," મા બોલી.

"પણ મનમાં બીક રહેતી હશે, ખરું ને?"

"હવે નહિ," માએ જવાબ આપ્યો. તેના મોં ઉપર પ્રશાંત મલકાટ છવાયેલો હતો.

લ્યુદમીલા પોતાના મુલાયમ સુઘડ વાળ ઉપર હાથ ફેરવતી બારીએ ગઈ. તેના મોં ઉપર જાણે છાયા ફરકી ગઈ—કદાચ દબાવી દીધેલા સ્મિતની છાયા ફરકી ગઈ.

"હું થોડી વારમાં બીબાં ગોઠવી દઈશ. તમે આરામ કરો. તમે આખો દિવસ હેરાન થયાં છો, થાકી ગયાં હશો. અહીંયાં ખાટલા પર સૂઈ જાઓ. હું સૂવાની નથી. કદાચ મધરાતે તમને મદદ માટે જગાડવાં પડે. નીંદર આવવા લાગે ત્યારે બત્તી બુઝાવી દેજો."

તે બેચાર લાકડાં સગડીમાં નાખીને સાંકડા બારણા વાટે ઓરડામાંથી નીકળી ગઈ અને તેણે બહારથી બારણું બરાબર ભીડી દીધું. મા તેને જતી જોઈ રહી અને પછી એના જ વિચારો કરતી કપડાં બદલવા લાગી.

"એના હૈયામાં કશીક ઊંડી પીડા હોય એમ લાગે છે..."

માના અંગેઅંગમાં સખત થાક હતો પણ તેના મનમાં અજબ સ્વસ્થતા હતી, અને દિલમાં એકધારા ખામોશ છલકાતા મૃદુ શીતળ પ્રકાશમાં બધું જાણે ઝગમગી રહ્યું એમ તેને લાગતું હતું. એવી સ્વસ્થતા તે અગાઉ પણ અનુભવી ચૂકી હતી. લાગણીના પ્રચંડ જુવાળ પછી હંમેશાં તેને એમ લાગતું. એક જમાનામાં તેને એથી ગભરાટ થવા લાગતો, પરંતુ હવે તો એથી તેનું હૈયું જાણે વ્યાપ પામી જતું અને ઊંડી પ્રબળ ભાવોર્મિઓ વડે તેને નવું જોમ બક્ષતું. તેણે બત્તી બુઝાવી નાખી અને ઠંડા બિછાનામાં કાયા લંબાવીને ધાબળો સરખી રીતે ઓઢી લીધો. થોડી વારમાં તેને ઘેરી નીંદર આવી ગઈ.

તે જાગી ત્યારે ઓરડામાં શિયાળુ સૂરજનો શીતળ ધવલ પ્રકાશ પથરાઈ ગયો હતો. સોફા ઉપર પડી પડી પુસ્તક વાંચતી લ્યુદમીલા તેની સામે જોઈને વિલક્ષણ રીતે હસી.

"અરે! હું તે કેવી છું! ઘોરતી જ રહી! બહુ દિવસ ચડી ગયો છે, નહિ?" મા અકળામણ અનુભવતી બોલી ઊઠી.

"દસ વાગવા આવ્યા છે. નીંદર સરખી આવેલી ને? ઊઠો, ચા પી લઈએ," લ્યુદમીલાએ કહ્યું.

"પણ મને વહેલી કેમ ન જગાડી?"

"જગાડવા આવેલી, પણ તમારા મોં ઉપર એવો મીઠો મલકાટ જોયો કે જીવ ન ચાલ્યો..."

તે સોફા ઉપરથી ચપળતાથી ઊતરીને માના ખાટલા પાસે ગઈ અને નીચે વળીને તેની સામે જોતી ઊભી રહી. માને તેની ઘેરી આંખોમાં આત્મીયતાનો ખુશી ઉપજાવતો ભાવ પરખાયો.

"તમને મીઠી નીંદરમાંથી ઉઠાડવાનું ઠીક ના લાગ્યું. તમને મઝાનું સપનું આવ્યું હશે..."

"ના, કાંઈ સપનું નહોતું આવ્યું."

"ભલે, એથી કાંઈ ફેર નથી પડતો. તમારા મોંનો મલકાટ મને ગમી ગયેલો — એવો શાંત, મઝાનો... અને જાણે ભર્યો ભર્યો!"

લ્યુદમીલા હસી પડી — મૃદુ ને જાણે મખમલ જેવું મુલાયમ.

"એટલે મારું મન તમારા વિચારે ચડી ગયું. તમારી જિંદગી મુશ્કેલ છે, ખરું ને?"

મા વિચારમાં પડી ગઈ અને તેનાં ભવાં ફરકવા લાગ્યાં.

"મુશ્કેલ જ હોય," લ્યુદમીલા બોલી ઊઠી.

"ખાતરીથી ન કહેવાય," મા ધીરે ધીરે બોલી. "ક્યારેક તો બહુ મુશ્કેલ લાગે છે. પણ જાણે ભરીભાદરી છે—તેમાં બધું ખૂબ જ મહત્ત્વનું ને વિસ્મયકારક છે, કંઈ ને કંઈ વારાફરતી ઝડપથી બનતું જ રહે છે..."

હવે ઘણી વાર બનતું એમ તેના મનમાં અચાનક ઉત્તેજનાનો જુવાળ આવ્યો, વિચારો અને કલ્પનાઓ જાણે ઉછાળા મારવા લાગ્યાં. તે બિછાનામાં બેઠી થઈ ગઈ અને ધીરે ધીરે બધું શબ્દોમાં મઢી લેવાની કોશિશ કરવા લાગી.

"એમ કશુંક બનતું રહેવાની ઘટમાળ જાણે ચાલતી જ રહે છે—અને એક જ દિશામાં... પણ ક્યારેક ખરેખર બહુ જ મુશ્કેલ બની જાય છે. લોકો પીડા વેઠે છે, તેમને માર પડે છે—ઘાતકી રીતે પીટવામાં આવે છે—અને ઘણીબધી ખુશીઓની તેમને જાણે છૂટ જ નથી. એ બધું જોવું ભારે મુશ્કેલ બની જાય છે."

લ્યુદમીલા માથું પાછળ ઉછાળીને હેતથી માને નીરખી રહી.

"પણ આ કંઈ તમારી જિંદગીની વાત નથી."

મા ખાટલેથી ઊતરીને કપડાં બદલવા લાગી.

"આપણને આ વહાલું હોય, તે વહાલું હોય, સૌને અંગે મનમાં ફિકર રહ્યા કરતી હોય, સૌની તરફ હમદર્દી થતી હોય, ત્યારે આપણે હૈયે વસી ગયેલા તમામ ઈન્સાનોથી પોતાને અળગા ગણીને કેવી રીતે વિચાર કરી શકીએ?.. અળગા પડી જ કેવી રીતે શકીએ?"

તે કપડાં બદલાવવાનું ભૂલીને ઊભી ઊભી વિચારમાં પડી ગઈ. તેને થયું કે હવે હું અગાઉ જેવી—દીકરા અંગેની બીક તથા ફિકરના તેમ જ તેની કાયાની રખેવાળી કરવાની લગનીના વમળમાં ઘૂમરીઓ ખાતી—સ્ત્રી જાણે રહી જ નથી. એ સ્ત્રી હવે હયાત જ નથી—કદાચ ક્યાંક દૂર દૂર ચાલી ગઈ છે, અથવા લાગણીની જવાળાઓમાં બળીને રાખ થઈ ગઈ છે અને તેના પરિણામે મારો આત્મા જાણે વિશુદ્ધ બનીને નવચેતન પામ્યો છે. રખેને પુરાણી ભીતિઓ ફરી સળવળી ઊઠે એવી આશંકાએ તેણે હૈયાના ધબકારા સાંભળવા કાન સરવા કર્યા.

"શું વિચારમાં પડી ગયાં?" લ્યુદમીલાએ તેની પાસે જઈને પૂછ્યું.

"ખબર નથી," માએ જવાબ આપ્યો.

બેઉ મૂંગાં મૂંગાં મોં મલકાવતાં એકબીજાને નીરખી રહ્યાં. પછી લ્યુદમીલા ઓરડામાંથી બહાર જતી બોલી. "ચાનું પાણી ક્યારનું ઊકળે છે, જોઉં આવું."

માએ બારીની બહાર નજર નાખી. હવામાં ઠંડક હતી. સૂર્યનો પ્રકાશ ચોમેર ફેલાયેલો હતો. તેના હૈયામાં પણ હૂંફાળો પ્રકાશ છલકાઈ રહ્યો હતો. તેના મનમાં દરેક બાબત વિશે વાતો કરવાની—ખુશાલ ભાવે વાતો કરતા જ રહેવાની—તાલાવેલી થઈ રહી હતી. તેના અંતરમાં આવીને વસી ગયેલા અને જાણે સંધ્યા પૂર્વેના મનોહર પ્રકાશમાં ઝગમગી રહેલા સર્વ બદલ કોઈ પ્રત્યેના અહેસાનની અસ્પષ્ટ લાગણી વ્યક્ત કરવા તે આતુર બની ગઈ. ઘણા વખતથી છૂટી ગયેલી પ્રાર્થના કરવાની ઝંખના તેના મનમાં ફરી જાગ્રત થઈ ગઈ. કોઈ તરુણ ચહેરો તેના માનસપટમાં ઝબકી ગયો અને તેને જાણે સાફ રણકતો અવાજ સંભળાયો: "પાવેલ વ્લાસોવનાં મા છે!" સાશાનાં આંસુભીનાં ઝળકતાં નેણ, રીબિનની ઘેરી આકૃતિ, પુત્રનું કૌવત ટપકતું મક્કમ મુખારવિંદ, નિકોલાઈની શરમાળ પલકતી આંખો—બધું તેની નજર સામે તરવરી ઊઠયું અને જાણે સંમિલિત થઈને ઊંડા નિસાસામાં પલટાઈ ગયું, મેઘધનુષના રંગો છલકાવતું પારદર્શક વાદળું બનીને તેના સમગ્ર વિચારોની ઉપર છવાઈ ગયું. તેના હૈયામાં શાંતિ વ્યાપી ગઈ.

"નિકોલાઈનો અંદેશો ખરો સાબિત થઈ ગયો," લ્યુદમીલા ઓરડામાં દાખલ થતી બોલી. "એને ગિરફતાર કરીને લઈ ગયા. તમે કહેલું તેમ મેં છોકરાને તપાસ કરવા મોકલેલો. એ ખબર લાવ્યો કે વાડામાં પોલીસો હતા અને એક પોલીસ દરવાજાની પાછળ છુપાઈને ઊભો હતો. અને જયાં જુઓ ત્યાં બાતમીદારો ગોઠવાઈ ગયેલા હતા. છોકરો બરાબર ઓળખી કાઢે છે."

"બીચારા નિકોલાઈ!" મા માથું હલાવતી બોલી.

તેણે નિસાસો નાખ્યો, પરંતુ તેમાં વ્યથાના ભાવ નહોતા. એથી તેને મનમાં હળવું અચરજ થયું.

"થોડા વખતથી શહેરમાં કામદારોને અભ્યાસ કરાવતો હતો. એની ગિરફતારીની વેળા પાકી ગઈ હતી," લ્યુદમીલા ભવાં સંકોડતી સ્વસ્થ અવાજે બોલી. "સાથીઓએ એને અહીંથી ચાલ્યા જવા ખૂબ સમજાવેલો, પણ એણે કોઈની વાત ન સાંભળી. મને લાગે છે કે આવા સંજોગોમાં લોકોને પરાણે રવાના કરી દેવા જોઈએ, સમજાવટની રીત નકામી છે."

એટલામાં છોકરો બારણે આવીને ઊભો રહ્યો. તેના વાળ કાળા હતા અને ગાલ રાતા હતા. તેને મઝાની નીલી આંખો હતી અને તેનું નાક પોપટિયું હતું.

"સમોવાર લઈ આવું?" તેણે પૂછ્યું.

"હા, સેર્ગેઇ, લઈ આવ," લ્યુદમીલાએ જવાબ આપ્યો. પછી તે મા તરફ ફરીને બોલી: "મારી ભેગો જ રહે છે."

માને લ્યુદમીલા આજે નિરાળી લાગી — વધારે સરળ ને મિલનસાર. તેની કાયાના મનોરમ હલનચલનમાં ખૂબ રમણીયતા અને કૌવત વરતાતાં હતાં, અને એથી તેના ફિક્કા કડક મુખની રેખાઓ જાણે મૃદુ બની જતી હતી. આખી રાત કામ કરવાથી તેની આંખો ફરતાં ઘેરાં કુંડાળાં બની ગયાં હતાં, અને તેના મનમાં જાણે તણાવ હોય એમ લાગતું હતું.

છોકરો સમોવાર લઈ આવ્યો.

"સેર્ગેઇ, અહીં આવ, તારી ઓળખાણ કરાવું. આમનું નામ છે પેલાગેયા નીલોવ્ના. ગઈકાલે જે કામદારોને સજા થયેલી તેમાંથી એકનાં મા છે."

સેર્ગેઇએ કંઈ બોલ્યા વગર માથું નમાવ્યું અને માની જોડે હાથ મિલાવ્યો. પછી તે ઓરડામાંથી બહાર જઈને રોટી લઈ આવ્યો અને મા તથા લ્યુદમીલાની ભેગો ચા પીવા બેસી ગયો. ચા રેડતાં રેડતાં લ્યુદમીલાએ માને સમજાવવાની કોશિશ કરી કે પોલીસ કોની વાટ જુએ છે તેની ખબર ન પડે ત્યાં સુધી ઘેર પાછા જવાનું ઠીક નથી.

"કદાચ તમારી જ વાટ જોવાતી હશે, પૂછતાછ કરવા થાણે લઈ જવાનો ઈરાદો હોય."

"ભલે લઈ જાય, અને મરજી હોય તો ભલે ગિરફ્તાર કરી લે. એથી કોઈ ભારે નુકસાન નથી થઈ જવાનું. પાવેલનું ભાષણ વહેંચવાનું કામ તે પહેલાં પતી જાય તો બસ!" મા બોલી.

"બીબાં ગોઠવાઈ ગયાં છે. શહેરમાં ને કામદારોના વાસમાં વહેંચવા જેટલી નકલો કાલે તૈયાર થઈ જશે. તમે નાતાશાને ઓળખો છો ને?"

"હાસ્તો."

"એને ત્યાં પહોંચાડી આવજો."

છોકરો જાણે તેમની વાતચીત સાંભળતો જ ન હોય એમ છાપું વાંચી રહ્યો હતો. તે ક્યારેક ક્યારેક માના મોં પર નજર નાખી લેતો હતો. માને તેની ચળકતી આંખો ગમી ગઈ. તેની સામે જોઈને તે મોં મલકાવી લેતી હતી. વખત ઝડપથી વીતતો ગયો. તેમણે નાસ્તો પૂરો કર્યો ત્યારે લગભગ બપોર થઈ ગઈ હતી.

"અરે, દિવસ કેટલો બધો ચડી ગયો છે!" લ્યુદમીલા બોલી ઊઠી.

કોઈએ જાણે ઉતાવળમાં બારણું ખખડાવ્યું. છોકરો ઊભો થઈ ગયો અને સવાલભરી નજરે લ્યુદમીલાની સામે જોવા લાગ્યો.

"બારણું ઉઘાડ, સેર્ગેઇ, કોણ હશે?"

જરાય બેચેન બન્યા વગર તેણે હાથ ખીસામાં નખતાં માને કહ્યું: "પેલાગેયા નીલોવ્ના, પોલીસો હોય તો તમે પેલા ખૂણામાં જઈને ઊભાં રહેજો, અને સેર્ગેઇ..."

"ખબર છે," કહેતો તે બારણું ઉઘાડવા ગયો.

મા હસી. એવી તૈયારીઓથી તેને કશો ગભરાટ ન થયો—તેને આફતના ભણકારા જેવું કશું જ ન લાગ્યું.

હકીકતમાં, ઠીંગણો ડોકટર આવ્યો હતો.

"સૌથી પહેલી વાત એ કે નિકોલાઇ ગિરફતાર થઈ ગયો છે," તે ઝડપથી બોલ્યો. "અરે! નીલોવ્ના! તો તમે અહીંયાં છો, એમ ને! નિકોલાઇને પકડી ગયા ત્યારે તમે ઘરમાં નહોતા?"

"એમણે જ મને અહીંયાં મોકલી દીધી."

"હં... પણ મને નથી લાગતું કે એથી તમે બચી જાઓ. બીજી વાત એ કે કાલે રાતે કેટલાક જુવાનોએ ભાષણની પાંચસો નકલો સાઇક્લોસ્ટાઇલ કરી નાખી છે. મેં જોઈ લીધી છે—સાફ વંચાય એવી સરસ થઈ છે. એમનો ઇરાદો નકલોને આજે રાતે શહેરમાં વહેંચી દેવાનો છે, પણ મેં ના પાડી છે. મને લાગે છે કે શહેરમાં તો છાપેલી નકલો વહેંચીએ તો ઠીક, અને આ નકલોને બીજે ક્યાંક મોકલી દઈએ."

"મને આપો, હું નાતાશાને પહોંચાડી દઈશ," મા ઉત્સાહથી બોલી.

પાવેલનું ભાષણ બને એટલી ઝડપથી લોકોની અંદર વહેંચી દેવા, દીકરાનાં વેણ આખી દુનિયામાં ફેલાવી દેવા, તે બેહદ આકળી થઈ ગઈ હતી. આજીજીભરી નજર ડોકટરના ચહેરા ઉપર માંડીને તે જવાબની વાટ જોવા લાગી.

"સમજાતું નથી કે આવું કામ આ વખતે તમને કરવા દેવું કે નહિ," તે ખીસામાંથી ઘડિયાળ કાઢતો દુવિધાના ભાવે બોલ્યો. "અત્યારે બારમાં વીસ મિનિટ બાકી છે. બે ને પાંચ મિનિટે એક ગાડી જાય છે. એ તમને સવા પાંચ વાગ્યે ત્યાં પહોંચાડી દે. સાંજ તો પડી જાય પણ બહુ મોડું ન ગણાય. પણ મુખ્ય વાત એ નથી..."

"ના, મુખ્ય વાત એ નથી," લ્યુદમીલા ભવાં સંકોડતી બોલી.

"તો પછી?" મા સવાલ પૂછીને ડોક્ટરની તરફ ખસી. "કામ બરાબર પાર પડી જાય એ જ મોટી વાત ગણાય..."

લ્યુદમીલાએ બારીક નજરે તેની સામે જોયું.

"એમાં ભારે જોખમ છે," તે કપાળે હાથ ફેરવતી બોલી.

"કેમ?" માના અવાજમાં ઉત્સાહ અને દૃઢતાના ભાવ હતા.

"એટલા માટે કે તમે નિકોલાઈની ગિરફતારી પહેલાં બરાબર એક કલાકે ઘરની બહાર નીકળી ગયેલાં. પછી તમે કારખાને જાઓ, ત્યાં સૌ તમને કાકી તરીકે ઓળખે, થોડા વખત પછી ગેરકાયદેસર ચોપાનિયાં કારખાનામાં વંચાવા માંડે. એ બધું મળીને તમારા ગળામાં સરસ મઝાનો ગાળિયો બની જાય," ડોક્ટર ઝડપથી તૂટક તૂટક અવાજે બોલ્યો.

"હું કોઈના ધ્યાનમાં જ નહિ આવું," મા અધીરાઈથી બોલી ઊઠી. "અને પાછી આવું ત્યારે મને પકડી લેશે તો કહીશ કે..."

તે થોડી વાર વિચારમાં પડી ગઈ.

"હા, કહી દઈશ કે ત્યાંથી સીધી વાસમાં ગયેલી," તે બોલી ઊઠી. "ત્યાં મારો એક ઓળખીતો છે—સિઝોવ—કહીશ કે મુકદ્દમાના ફેંસલા પછી એને ત્યાં ગઈ હતી. એના ભત્રીજાને પણ સજા થઈ છે—અમે વાતો કરીને એકબીજાનું દુ:ખ હળવું કર્યું અને એ તો મારી વાતને જરૂર ટેકો આપશે જ."

માને ખાતરી હતી કે ડોક્ટર અને લ્યુદમીલા અંતે તો ચોપાનિયાં લઈ જવાની છૂટ આપશે જ. તેના મનમાં જલદી નક્કી કરાવી લેવાની આતુરતા હતી. એટલે તેણે દબાણ ચાલુ રાખ્યું. આખરે બેઉ માની ગયાં.

"ભલે, લઈ જાઓ," ડોક્ટર અચકાતો અચકાતો બોલ્યો.

લ્યુદમીલા કંઈ ન બોલી. તે વિચારમાં પડી જઈને આંટા મારી રહી હતી. તેનું મોં સાવ સુકાઈ ગયેલું લાગતું હતું અને આંખો ઊંડી ઊતરી ગઈ હતી. તેની ગરદનના સ્નાયુઓ તણાઈ ગયા હતા અને સાફ દેખાતું હતું કે માથાને છાતી ઉપર ઢળી પડતું અટકાવવા તે ભારે જહેમત કરી રહી છે.

"તમે મારી ફિકર તો બહુ કરો છો, પણ પોતાની ફિકર જરાય નથી કરતાં," મા હસીને બોલી.

"ના, એમ નથી," ડોક્ટર બોલ્યો. "અમારી ફિકર પણ અમે કરીએ છીએ, કરવી પડે છે. અને શક્તિ નકામી વેડફી નાખનારાઓની બાબતમાં

અમારું વલણ બહુ કડક હોય છે. વારુ, તમને ભાષણની નકલો સ્ટેશને મળી જશે."

પછી તેણે વિગતે સમજાવ્યું કે નકલો કોણ અને કેવી રીતે પહોંચાડશે.

"ઠીક ત્યારે, કરો ફતેહ!" આખરે તેણે વાત પૂરી કરી.

પરંતુ તે બહાર નીકળ્યો ત્યારે તેના મનમાં કશીક બાબતનો અણગમો રહી ગયો હોય એમ લાગતું હતું. લ્યુદમીલા માની પાસે ગઈ.

"તમારી લાગણી હું સમજું છું," તેણે હોઠ મલકાવતાં કહ્યું.

તેણે માનો હાથ પોતાના હાથમાં લઈ લીધો અને બેઉ ધીરે ધીરે ઓરડામાં આંટા મારવા લાગ્યાં.

"મારે પણ એક દીકરો છે—તેર વરસનો. એના બાપુ ભેગો રહે છે. મારો વર સરકારી વકીલના હાથ નીચેનો મદદનીશ વકીલ છે. છોકરો એની ભેગો છે. એનું શું થશે? મને ઘણી વાર વિચાર આવે છે કે..." તેનું ગળું ભરાઈ આવ્યું અને અવાજ જાણે ભાંગી ગયો. જે લોકો મને પ્યારા છે અને જેને હું જગતના ઉત્તમ ઈન્સાનો ગણું છું તેમના સભાન દુશ્મનને ઘેર મારો દીકરો મોટો થઈ રહ્યો છે. એ મોટો થઈને કદાચ મારો જ દુશ્મન બની જાય. હું એને મારી ભેગો રાખી શકું એમ નથી. હું તો ખોટા નામે રહું છું. મેં એને આઠ વરસથી નથી જોયો. આઠ વરસ! જાણે કેટલાય યુગ!"

તે બારી પાસે ઊભી રહી ગઈ અને તેજવિહીન ખાલી ગગનમાં નજર માંડીને નીરખવા લાગી.

"મારો લાલ મારી ભેગો હોત તો મને વધારે શક્તિ મળી હોત. મારા હૈયામાં નિરંતર થતી પીડાથી હું બચી ગઈ હોત... દીકરો મરી ગયો હોત તોયે મેં સહેલાઈથી આઘાત સહી લીધો હોત..."

"બહેન મારાં!" મા હોઠ ફફડાવતી બોલી. અનુકંપા જાણે તેના હૈયાના બાંધ તોડીને ધોધમાર વહેવા લાગી.

"તમે કેટલાં નસીબદાર છો!" લ્યુદમીલા હોઠ મલકાવીને બોલી, પણ તેના મલકાટમાં ભારોભાર કટુતા ભરેલી હતી. "મા ને દીકરો જોડાજોડ ખડાં હોય—એ તો અદ્ભુત અને વિરલ બિના છે."

"હા, અદ્ભુત બિના છે," પેલાગેયા બોલી. તેના શબ્દોથી ખુદ તેને જ અચરજ થયું. તે જાણે ભેદ ખોલતી હોય એવી રીતે ધીમા અવાજે આગળ

બોલી: "અને આપણે સૌ — તમે, નિકોલાઇ ઇવાનોવિચ, અને સચ્ચાઈને પંથે પળેલા સૌ — આપણે સૌ જોડાજોડ ખડાં છીએ! એકાએક આપણે બધાં સ્વજનો બની ગયાં છીએ, અને તમારી સૌની લાગણીઓ હું સમજી શકું છું. તમારી દલીલો ને ચર્ચાઓ તો મને કદાચ પૂરેપૂરી નથી સમજાતી, પણ એ સિવાય બીજું બધું મને સમજાય છે."

"હા, એમ જ છે, એમ જ છે," લ્યુદમીલા ગણગણી.

મા લ્યુદમીલાને ખભે હાથ મૂકીને સાવ ધીમા અવાજે બોલવા લાગી — જાણે કેમ પોતે જે બોલતી હોય એ બધું માનસપટ પર દેખાતું હોય.

"આપણાં સંતાનો જગતમાં બહાર પડયાં છે — મને તો એમ જ લાગે છે — આખા જગતમાં બહાર પડયાં છે. દરેક ઠેકાણેથી આવીને એક જ લક્ષ્યની દિશામાં આગેકૂચ કરી રહ્યાં છે. તદ્દન નિર્મળ હૈયાં ધરાવતા અને ઉત્તમ બુદ્ધિપ્રભા ધરાવતા એ ઇન્સાનો અનિષ્ટને પડકારી રહ્યા છે અને જૂઠાણાને જોરાવર કદમો તળે કચડી રહ્યા છે. તેઓ જુવાન અને નીરોગી છે અને પૂરી તાકાત એક જ સિદ્ધિ અર્થે — ઇનસાફ ખાતર — લગાવી રહ્યા છે! તેઓ માનવીય સંતાપને નાબૂદ કરી નાખવા, પૃથ્વીના પટ ઉપર દુ:ખને તદ્દન નષ્ટ કરી નાખવા, તથા કુરૂપતાને પરાજિત કરવા જંગે ચડયા છે — અને તેઓ ચોક્કસ વિજય હાંસલ કરશે જ! તેમાંના એકે કહેલું તેમ તેઓ નવો સૂરજ ઝગમગાવી દેવા મેદાને પડયા છે — અને નવો સૂરજ ઝગમગાવીને જ જંપશે! તેઓ ઝૂરતાં હૈયાંનું મિલન કરાવવા બહાર પડયા છે — અને તેમાં સફળતા સાધી લેશે ત્યારે જ થંભશે!"

તેણે ભુલાઈ ગયેલી પ્રાર્થનાઓના શબ્દો યાદ કર્યા. એ શબ્દોએ તેના દિલમાં તણખાની જેમ ઊડીને નવી નિષ્ઠાની જ્વાળા પેટાવી.

"આપણાં ફરજંદો સચ્ચાઈ અને ઇનસાફના માર્ગે આગેકદમ માંડી રહ્યાં છે, તેઓ ઇન્સાનોનાં દિલોમાં પ્યાર રેડે છે, તેમણે નવા સ્વર્ગ તરફ આંગળી ચીંધી છે અને પૃથ્વીમાં નવા અગ્નિનો ઉજાસ — કદી બુઝાવી ન શકાય એવા મનના અગ્નિનો ઉજાસ — ફેલાવી દીધો છે. એ અગ્નિની જ્વાળાઓમાંથી, સમગ્ર માનવજાતિ પ્રત્યે આપણાં સંતાનોના પ્રેમમાંથી, નવા જીવનનો ઉદય થઈ રહ્યો છે. એ પ્રેમના અગ્નિને બુઝાવી શકે એવું કોઈ છે? કોઈ છે? તેને ખતમ કરી નાખે એવી કોઈ શક્તિ છે? તેનો સામનો કરી શકે એવી કોઈ શક્તિ છે? તેને ખુદ પૃથ્વીએ પેદા કર્યો છે, સને જીવન — ખુદ જીવન — તેનો વિજય ઝંખી રહ્યું છે!"

પ્રબળ ભાવાવેગથી થાકી ગયેલી મા આઘેરી જઈને બેસી ગઈ અને જોરથી હાંફવા લાગી. લ્યુદમીલા જાણે કશુંક છિન્નભિન્ન થઈ જવાની બીકે ચુપચાપ સાવચેતીથી ધીરે ધીરે ડગલાં ભરતી આઘેરી ચાલી ગઈ. તે ઘેરી આંખો વડે ઊંડી નજર સામે તાકીને ચપળ કદમે આંટા મારવા લાગી. તે જાણે વધારે ઊંચી, સીધી, અને પાતળી બની ગઈ હોય એમ લાગતું હતું. તેના કરમાઈ ગયેલા ગંભીર વદન ઉપર ઊંડા વિચારના ભાવ છવાયેલા હતા, તેના હોઠ મનની બેચેનીને લીધે સખત ભિડાઈ ગયા હતા. ઓરડામાં છવાઈ ગયેલી નીરવતામાં મા થોડી વારમાં સ્વસ્થ બની ગઈ.

"હું કશુંક અજુગતું તો નથી બોલી ગઈ ને?" લ્યુદમીલાની બેચેની ધ્યાનમાં આવી જતાં જાણે ભૂલની માફી માગતી હોય એવી રીતે તેણે પૂછ્યું.

લ્યુદમીલા એકદમ ફરી જઈને જાણે છળી ગઈ હોય એવી રીતે તેની સામે જોવા લાગી. પછી જાણે કશુંક કહેવા માગતી હોય એવી રીતે હાથ લાંબો કરીને તે ઝડપથી બોલી:

"ના, ના. એમ જ છે. પણ આપણે એને વિશે વધારે વાત નહિ કરીએ. તમે જે રીતે કહ્યું છે એમ જ રહેવા દો." પછી તેણે થોડાક સ્વસ્થ અવાજે ઉમેર્યું: "તમારે હવે નીકળી જવું પડશે — લાંબો માર્ગ કાપવાનો છે."

"હા, હમણાં નીકળી જાઉં છું. અરે, તમને ખ્યાલ જ નહિ આવે કે હું કેટલી બધી ખુશ છું! મારા દીકરાના શબ્દો, મારી કૂખે જન્મેલા બેટાના શબ્દો, બીજા લોકોને પહોંચાડવા જઈ રહી છું! જાણે કેમ મારા અંતરની વાણીની લહાણ કરવા જતી હોઉં એમ લાગે છે!"

તેનું મોં મલકી ઊઠ્યું, પરંતુ તેના મલકાટનું બહુ ઝાંખું પ્રતિબિંબ લ્યુદમીલાના ચહેરા ઉપર પડ્યું. માને લાગ્યું કે તેની ખુશીના આવેગ ઉપર લ્યુદમીલાનો સંયમ જાણે ટાઢું પાણી રેડી રહ્યો છે. તેના મનમાં પ્રબળ ઝંખના જાગી કે મારા અગ્નિની ઉષ્મા આ વ્યથિત હૈયામાં રેડી દઉં, મારા હૈયામાં છલકાતી ખુશીના પડઘા આ બાઈના હૈયામાં જગાવું. તે લ્યુદમીલાના હાથ પકડી લઈને જોરથી દબાવતી બોલી:

"વહાલુડાં બહેન મારાં! સૌ લોકોને માર્ગ બતાવવા રોશની ઝગમગી રહી છે એની વાકેફગારીથી મનમાં કેટલું બધું સુખ ઊપજે છે! સૌ એ રોશની

જોશે અને તેના ઍંધાણે આગેકૂચ કરશે એવો વખત ચોક્કસ આવવાનો જ છે એની ખાતરીથી કેટલી બધી ખુશી થાય છે!"

માનો મોટો માયાળુ ચહેરો જાણે પળભર કંપી ગયો, તેની આંખો ઝળકી ઊઠી, અને ભવાં જાણે આંખોની દીપ્તિને પાંખો આપતાં હોય એમ ફરકી ઊઠયાં. તેનું મન પ્રબળ વિચારોના વમળમાં ઘૂમરીઓ ખાવા લાગ્યું. તેણે એ વિચારોમાં પોતાની સમગ્ર હસ્તી રેડી દીધી, જિંદગીમાં જે કંઈ જાણ્યું હતું ને વેઠયું હતું એ બધું તેમાં રેડી દીધું. તેણે એ વિચારોનો સાર લઈને શબ્દોના સખત અને તેજસ્વી સ્ફટિકો ઘડયા. એ સ્ફટિકો વસંતના સૂર્યના સર્જનાત્મક સામર્થ્યથી ઝગમગી ઊઠેલા તેના શરત્કાલિક હૈયામાં વૃદ્ધિ પામતા અનેક ગણા થઈ ગયા અને ઝગારા મારતા અધિકાધિક તેજ રેલાવવા લાગ્યા.

"જાણે માનવીઓમાં નવીન પરમાત્માનો ઉદય થયો છે! દરેક સૌને માટે— સૌ દરેકને માટે! હું તમને સૌને એમ જ સમજું છું. વાસ્તવમાં તમે સૌ સાથીઓ છો, સ્વજનો છો, એક જ માતાનાં—સચ્ચાઈનાં—સંતાનો છો!"

ફરી વાર તે લાગણીઓના જુવાળમાં અટવાઈ ગઈ. તે પળભર ચુપ રહી અને ઊંડો શ્વાસ લઈને બેઉ હાથ પહોળા કરતી બોલી: "અને હું જ્યારે 'સાથીઓ' શબ્દ મનમાં બોલું છું ત્યારે મને મારા હૈયામાં તેમનાં પગલાં સંભળાય છે!"

માની નેમ પાર પડી ગઈ—લ્યુદમીલાના મોં પર રતાશ આવવા લાગી, તેના હોઠ ફરકવા લાગ્યા, અને મોટાં ગોળ ગોળ આંસુ તેના ગાલ ઉપર વહેવા લાગ્યાં.

માએ તેને છાતી સરસી ચાંપી દીધી. હૈયાના વિજયથી તેને મમતાભર્યો હર્ષ થયો અને તેના મોં ઉપર આછો મલકાટ છવાઈ ગયો.

વિદાયની વેળાએ લ્યુદમીલા માના મોં ઉપર નજર ઠેરવીને બોલી: "તમને ખબર છે કે તમે ભેગાં હો ત્યારે મનને કેટલું બધું સુખ થાય છે?"

૨૯

તેણે બહાર પગ મૂક્યો કે તરત જ ટાઢા પવને તેની ઉપર તૂટી પડીને સખત ઝપાટો લગાવ્યો, નાક ઉપર ડંખ માર્યો, અને શ્વાસ ઉડાડી દીધો. તે ઊભી રહી ગઈ અને આસપાસ નજર ફેરવવા લાગી. ખૂણે એક ઘોડાગાડી

ઊભી હતી, ગાડીવાનને માથે બરછટ ટોપી હતી. જરાક આગળ એક આદમી જઈ રહ્યો હતો. તેની કાયા વળી ગયેલી હતી અને ઢળેલું માથું જાણે બે ખભાની વચ્ચે દબાઈ ગયું હતું. તેની સામેથી એક સિપાહી કાન ઘસતો દોડતો જઈ રહ્યો હતો.

"સિપાહીને દુકાને મોકલ્યો હશે," માને થયું. તે ચાલવા લાગી. પગ નીચે દબાતા હિમનો કચર... કચર... અવાજ સાંભળવામાં તેને મઝા પડી. તે સ્ટેશને પહોંચી ત્યારે ગાડીને હજી વાર હતી. ત્રીજા વર્ગના કાળામેશ ગંદા વેઇટિંગ રૂમમાં લોકો ખીચોખીચ ભરેલા હતા. ટાઢને લીધે પાટા-કામદારો, ગાડીવાનો, અને ઘણા બેઘર ચીંથરેહાલ માણસો તેમાં ભરાઈ ગયા હતા. એ ઉપરાંત મુસાફરો પણ હતા—કેટલાક ખેડૂતો, ફરનો કોટ પહેરેલો એક જાડિયો વેપારી, એક પાદરી અને શીળીનાં ચાઠાંવાળી તેની દીકરી, પાંચ કે છ સિપાહીઓ, અને બીજા બેચાર રઘવાયા માણસો. લોકો તમાકુના ધુમાડા કાઢતા ગપ્પાં મારી રહ્યા હતા, ચા કે વોદકા પી રહ્યા હતા. હોટલ પાસે કોઈ ખડખડાટ હસી પડયું. ચોમેર ધુમાડાના ગોટા ઊડી રહ્યા હતા. બારણું ઊઘડે ત્યારે ચિચિયારી કરતું અને ધડાક બંધ થઈ જાય ત્યારે બારીઓના કાચ હસીને ખડખડાટ કરતા. રૂમમાં તમાકુ અને ખારી મચ્છીની ગંધ ફેલાયેલી હતી.

મા બારણા નજીક તરત ધ્યાનમાં આવી જાય એવી રીતે બેઠી અને વાટ જોવા લાગી. કોઈ બારણું ઉઘાડે ત્યારે ઠંડો પવન અંદર ધસી આવતો. માને એ ગમતું. તે દરેક વખતે ઠંડી હવાના ઊંડા શ્વાસ લેતી. મોટા ભાગના લોકો પોટલાં લઈને આવતા, અને પોટલું બારણામાં સલવાઈ જાય એટલે ગાળો બકતા તેને ભોંય ઉપર પટકી દઈને અથવા બાંકડા ઉપર ફગાવી દઈને ધુરકિયાં કરતા કરતા બાંયો, કોલર, દાઢી, તથા મૂછો ઉપરથી હિમ ખંખેરવા લાગતા.

એક જુવાન હાથમાં પીળી સૂટકેસ લઈને અંદર આવ્યો અને ઝડપથી આમતેમ નજર નાખીને સીધો માની પાસે પહોંચી ગયો.

"મોસ્કો જાઓ છો?" તેણે પૂછ્યું.

"હા, તાન્યા પાસે," માએ જવાબ આપ્યો.

"લો."

તેણે સૂટકેસ માની નજીક બાંકડા ઉપર મૂકી દીધી, સિગારેટ સળગાવી, અને ટોપી ઊંચી કરીને વિદાય લેતો તે બીજે બારણેથી બહાર નીકળી ગયો.

માએ સૂટકેસના ઠંડા ચામડા ઉપર હાથ ફેરવ્યો અને પછી તેની ઉપર કોણી ટેકવીને બેઠી બેઠી તે નિરાંતના ભાવે આસપાસના લોકોને નીરખવા લાગી. એકાદ મિનિટ બાદ તે ઊભી થઈ ગઈ અને પ્લેટફૉર્મમાં પડતા સામા બારણા નજીકની જગ્યાએ જવા લાગી. વચમાં બેઠેલા માણસોનાં મોં ઉપર નજર ફેરવતી તે માથું ઊંચું રાખીને ટટ્ટાર ચાલી રહી હતી. સૂટકેસ બહુ ભારે નહોતી એટલે ઉપાડવામાં મુશ્કેલી ન પડી.

અચાનક એક જુવાન આદમી સાવ તેની સામે આવી ગયો. તેણે ટૂંકો કોટ પહેર્યો હતો અને કોલર ઊંચો કરી રાખ્યો હતો. તે એક હાથ માથા સુધી ઊંચો કરતો ચુપચાપ બાજુએ ખસી ગયો. માને તેનામાં કશુંક જાણીતું લાગ્યું. તેણે પાછળ નજર નાખીને જોયું તો જુવાનની એક ફિક્કી આંખ કોલર ઉપરથી તેને તાકી રહી હતી. તેની અપલક નજર માને જાણે કટાર ભોંકાતી હોય એવી લાગી. તેનો સૂટકેસવાળો હાથ જોરથી હલી ગયો અને વજન જાણે અચાનક એકદમ વધી ગયું.

"મેં આને અગાઉ ક્યાંક જોયો છે," માને થયું. જુવાનને જોઈને ઊપજેલા અણગમાને સ્થાને તેણે એ ખ્યાલને ગોઠવી દેવાની કોશિશ કરી, અને ધીરે ધીરે પરંતુ અદમ્ય રીતે હૈયું ધ્રિજાવી રહેલી લાગણીને સાફ સમજી લેવાનો તેણે જાણે ઇનકાર કરી દીધો. પરંતુ એ તો વધતી જઈને જાણે ગળામાં બાઝી ગઈ અને તેના મોંમાં સૂકી કડવાશ ભરાઈ ગઈ. પાછળ ફરીને જુવાનની ઉપર વળી એક નજર નાખી લેવાની ચટપટી તે દબાવી ન શકી. તે પહેલાંની જગ્યાએ જ ઊભો હતો અને જાણે દુવિધામાં પડી ગયો હોય એમ વારે વારે પગ આઘાપાછા કરી રહ્યો હતો. તેનો ડાબો હાથ ખીસામાં હતો અને જમણો હાથ કોટનાં બટન વચ્ચેથી અંદર ભરાવેલો હતો. એથી તેનો જમણો ખભો ડાબા ખભા કરતાં જરાક ઊંચો લાગતો હતો.

તે એક બાંકડા પાસે ગઈ અને જાણે પોતાની ભીતર કશુંક હચમચીને તૂટી જવાની બીક લાગતી હોય એવી રીતે ધીરે ધીરે કાળજીથી બેસી ગઈ. આશંકાઓના દબાણ હેઠળ તેણે મનમાં સખત ખોજ ચલાવી, અને જુવાનને અગાઉ જોયેલો એ બેઉ પ્રસંગો તેને યાદ આવી ગયા — પહેલી વાર તો રીબિન જેલમાંથી ભાગી ગયો ત્યારે શહેરને છેડે ખુલ્લી જગ્યામાં, અને બીજી વાર મુકદ્દમાના વખતે. અદાલતમાં તે એક પોલીસ અફસરની બાજુમાં ઊભો રહેલો. માને યાદ આવ્યું કે રીબિન ભાગી ગયો તે દિવસે એ જ

પોલીસ અફસરને પોતે ઊલટી દિશામાં રવાના કરી દીધો હતો. તેને સમજાઈ ગયું કે આ તો પીછો થઈ રહ્યો છે. એમાં જરાય શંકાની ગુંજાશ નહોતી.

"પકડાઈ ગઈ?" તેના મનમાં સવાલ ઊઠયો.

"કદાચ હજી નહિ..." તેણે મનમાં ને મનમાં જવાબ વાળ્યો, પણ તેની કાયા જરાક થરથરી ગઈ.

"ચોક્કસ પકડાઈ ગઈ!" તે મનને હકીકત પરાણે કબૂલ કરાવતી સ્વગત બોલી.

તેણે શૂન્ય નજર આસપાસ ફેરવી. તેના મનમાં વિચારો તણખાની જેમ ઝબકી રહ્યા હતા.

"સૂટકેસ પડતી મૂકીને છૂ થઈ જાઉં તો?"

પરંતુ તરત જ તેની જગ્યા વધારે ઝળકતા તણખાએ લઈ લીધી.

"શું? દીકરાના શબ્દો તજીને ભાગી જાઉં? એને આવા માણસોના હાથમાં પડવા દઉં?"

તેણે સૂટકેસનું હૅન્ડલ વધારે જોરથી પકડયું.

"સૂટકેસ ભેગી લઈને ચાલતી પકડું? ભાગી જાઉં?"

એવા વિચારો દુશ્મનો હતા, તેના મનમાં બહારથી લદાઈ રહ્યા હતા. એવા વિચારો તેના મનને દઝાડી રહ્યા હતા અને તેના હૈયાને જાણે આગના દોરા વડે સીવી રહ્યા હતા. એવા વિચારોની પીડા જાણે તેને ખુદ પોતાનાથી, પાવેલથી અને પ્યારા બની ગયેલા સર્વસ્વથી દૂર નસાડી રહ્યા હતા. તેને લાગ્યું કે કશીક અદાવતી તાકાત તેના ખભા તથા છાતીને દબાવી રહી છે અને ભયંકર દહેશત વડે તેને ગૂંગળાવી રહી છે. તેનાં લમણાંની નસો જોરશોરથી ધબાકારા કરવા લાગી, અને તેના વાળનાં મૂળિયાં જાણે ગરમ થઈ ગયાં.

તેણે પ્રચંડ જહેમત કરીને એકદમ એવા વિચારોને ફગાવી દીધા, તમામ કમીના કમજોર ટચૂકડા તણખાઓને કચડી નાખ્યા, અને મનમાં પોતાને જ ઉદ્દેશીને શાહી અદાથી કહ્યું: "જરાક શરમા!"

એકાએક તેને રાહત લાગી—તેને હૈયે હિંમત છલકાઈ ઊઠી. તે મનમાં આગળ બોલી: "દીકરાને કલંક ન લગાવ! તારે જરાય બીવાનું નથી!"

તેની નજર કોઈની ગમગીન ભીરુ નજર જોડે મળી. તેના માનસપટમાં રીબિનનો ચહેરો ઝબકી ગયો. થોડી પળોની દુવિધાના પરિણામે હવે તે વધારે મક્કમ બની ગઈ હતી અને તેનું હૈયું સ્વસ્થ ધબકી રહ્યું હતું.

"હવે શું થશે?" તે આસપાસ નજર ફેરવતી વિચાર કરવા લાગી. બાતમીદારે સ્ટેશનના ચોકીદારને બોલાવીને તેના કાનમાં કંઈક કહ્યું અને આંખો વડે માની તરફ ઈશારો કર્યો. ચોકીદાર જુવાનની સામે જોઈને પાછળ હઠી ગયો. બીજો ચોકીદાર આવ્યો. વાત સાંભળી લઈને તેણે ભવાં સંકોડયાં. ઘરડો આદમી હતો—ઊંચો, ધોળા વાળ, દાઢી ચડેલી. તે બાતમીદારની સામે માથું હલાવીને નાના બાંકડા તરફ આવવા લાગ્યો. બાતમીદાર ઝડપથી ડગલાં ભરતો ચાલ્યો ગયો.

ચોકીદાર ધીરે ધીરે ચાલી રહ્યો હતો. તેનાં ભવાં સંકોડાયેલાં હતાં અને નજર માની ઉપર મંડાયેલી હતી. તે બાંકડા પર દબાઈને બેઠી.

"મારે નહિ તો બસ!" તેને થયું.

ચોકીદાર તેની સામે આવીને થોડી વાર ચુપ ઊભો રહ્યો.

"શું જોઈ રહી છે?" આખરે તેણે પૂછ્યું.

"કંઈ નહિ."

"એમ કે! ચોર! આવા ધંધા—આ ઉંમરે!"

તેનાં વેણ માને જાણે મોં ઉપર ફડાફડ તમાચા પડયા હોય એવા લાગ્યા—એક, બે! બેહૂદા ઝેરીલા શબ્દો સાંભળીને તેને જાણે ગાલ ફાડી નાખવામાં આવતા હોય કે આંખો ખેંચી કાઢવામાં આવતી હોય એટલી સખત પીડા થઈ.

"હું? ચોર? ના, ના, હું ચોર નથી! જૂઠાણું છે!" તે ચીસ પાડતી બોલી ઊઠી. તેની નજર સામે બધું જાણે તેના કોપના ઝંઝાવાતમાં ફફડાટ કરતું ઊડી રહ્યું હોય એમ લાગ્યું. તેણે સૂટકેસને એક ઝટકો માર્યો. સૂટકેસ ધડાક કરતી ખૂલી ગઈ.

"જુઓ! જુઓ! સૌ જોઈ લો!" તે એકદમ ઊભી થઈ જઈને પોકારો કરવા લાગી અને ચોપાનિયાં હાથમાં લઈને હલાવવા લાગી. તેના કાનમાં જાણે ગડગડાટ ગાજવા લાગ્યો. લોકો ચોપાસથી દોડીને આવતા એકઠા થવા અને દેકારા કરવા લાગ્યા.

"શું થયું?"

"પણે — બાતમીદાર . . . "

"ધમાલ શાની છે?"

"ચોરી કરતી પકડાઈ ગઈ લાગે છે . . ."

"દેખાય છે તો આબરૂદાર — અને નીકળી ચોર! કેવો જમાનો આવી ગયો છે!"

"હું ચોર નથી!" મા ફરી મોટા અવાજે પોકારી ઊઠી. આસપાસ લોકોને એકઠા થઈ ગયેલા જોઈને તેને જરાક હિંમત આવી.

"ગઈકાલે રાજકીય કેદીઓનો મુકદ્દમો હતો. મારો દીકરો પાવેલ વ્લાસોવ પણ કેદીઓમાં સામેલ હતો. એણે અદાલતમાં નિવેદન કરેલું. આ બધી એના ભાષણની નકલો છે. હું તો એને લોકોની અંદર વહેંચવા લઉ જાઉં છું જેથી સૌ વાંચે અને સચ્ચાઈને સમજી લે . . ."

કોઈએ તેના હાથમાંથી એક ચોપાનિયું હળવેકથી સરકાવી લીધું. તેણે ચોપાનિયાંની થોકડી હવામાં જોરથી હલાવી અને ટોળાની ઉપર વહેતી મૂકી દીધી.

"આને માટે તો બરાબરની સજા કરવાના!" કોઈનો ભયભીત અવાજ સંભળાયો.

માએ લોકોને ચોપાનિયાં પકડી લેતા અને કોટમાં કે ખીસામાં ખોસી દેતા જોયા. એથી તેનામાં જાણે નવું જોમ રેડાયું. તે વધારે સ્વસ્થ અવાજે અને ભારપૂર્વક બોલવા લાગી. તેના અંતરમાં ગર્વ અને ખુશીની લાગણી ઉછાળા મારી રહી હતી. તે બોલતી બોલતી સૂટકેસમાંથી ચોપાનિયાં કાઢીને લોકોને આપતી ગઈ. ડાબેજમણે આતુરતાથી લાંબા થઈ ગયેલા હાથ ચોપાનિયાંને એકદમ ઝડપી લેતા હતા.

"તમને ખબર છે કે મારા દીકરાને અને તેના દોસ્તોને અદાલતમાં કેમ ઘસડી ગયેલા? મારી વાત સાંભળો! બુઢ્ઢી માના દિલમાં ને એના ધોળા વાળમાં વિશ્વાસ રાખજો! કારણ સાવ સાદું હતું. તેઓ લોકોને સચ્ચાઈ જણાવી દેતા હતા! અને કાલે મને ખાતરી થઈ ગઈ કે આ સચ્ચાઈનો ઇનકાર કોઈ કરી શકે એમ નથી — કોઈ જ નહિ!"

ટોળું વધતું ગયું. સૌ શાંતિથી સાંભળી રહ્યા હતા. મા ફરતું સજીવ કાયાઓનું કુંડાળું રચાઈ ગયું હતું.

"કંગાલિયત, ભૂખ, અને રોગચાળા — લોકોને મહેનતના બદલામાં એટલું જ મળે છે! બધું જાણે આપણું વિરોધી છે — આપણે આખી જિંદગી દરરોજ

કાયાને નિચોવીને પૂરી તાકાત કામમાં રેડી દઈએ છીએ, આપણાં બદન કાયમ મેલથી ગંધાતાં રહે છે, આપણને હંમેશાં બેવકૂફ બનાવવામાં આવે છે, પણ આપણી મહેનતનાં ફળ બીજા લોકોને જાય છે, તમામ ખુશીઓ ને ફાયદા એ લોકો માણે છે. આપણને તો સાંકળ વડે બંધાયેલાં કૂતરાંની જેમ અજાણ ને અબુધ રાખવામાં આવે છે—આપણે કશું જ નથી જાણતા, આપણને દહેશતમાં જકડી રાખવામાં આવે છે—આપણાં મનમાં હંમેશાં દરેક બાબતનો ડર પેસેલો હોય છે! આપણી જિંદગી તો ફક્ત એક જ અંધારઘેરી લાંબી રાત જેવી છે!"

"ખરી વાત છે!" હળવા અવાજો સંભળાયા.

"આનો જીભડો ખેંચી કાઢો!" કોઈ બોલ્યું.

માને ટોળાની પાછળ બાતમીદાર અને બે લશ્કરી પોલીસ નજરે પડયા. તેણે ચોપાનિયાં ઝડપથી વહેંચી દેવા સૂટકેસમાં હાથ નાખ્યો તો તે બીજા કોઈના હાથને અડયો.

"લઈ લો! લઈ લો!" તે નીચે વળતી બોલી.

"હઠો! હઠો!" પોલીસો લોકોને ધક્કા મારતા બરાડા પાડવા લાગ્યા. લોકો અનિચ્છાએ પાછા હઠવા લાગ્યા, અને કદાચ અજાણ્યે જ પોલીસોની સામે દબાઈને તેમનો માર્ગ અવરોધવા લાગ્યા. ધોળા વાળ, મોટી મોટી નિષ્કપટ આંખો, અને માયાળુ ચહેરાવાળી બાઈની તરફ લોકો અદમ્ય રીતે ખેંચાઈ રહ્યા હતા. જિંદગીમાં સાવ અટૂલા અને એકબીજાથી વિખૂટા પડી ગયેલા ઈન્સાનો અહીંયાં એકત્રિત થઈ ગયા હતા અને માના અંગારા જેવા શબ્દો ઊંડી લાગણીથી સાંભળી રહ્યા હતા. જિંદગીના ગેરઈનસાફથી ઘવાયેલાં ઘણાં હૈયાં એવા શબ્દોને કદાચ લાંબા વખતથી ખોળી રહ્યા હતા. માની નજીક ઊભેલા માણસો એકાગ્ર નજરે માને નીરખતા ચુપચાપ સાંભળી રહ્યા હતા. તેમના ઊના શ્વાસ માના ચહેરાને સ્પર્શતા હવામાં વિલીન થઈ જતા હતા.

"ચાલતી થઈ જા, બાઈ!"

"હમણાં પકડી લેશે!"

"વાહ! કેવી હિંમત!"

"ખસો! હઠી જાઓ! પોતપોતાની જગ્યાએ બેસી જાઓ!" પોલીસો ધક્કાધક્કી કરતા બરાડા પાડી રહ્યા હતા. માની સામે ઊભેલા માણસો લથડી પડયા અને એકબીજાને પકડીને ટેકો લેવા લાગ્યા.

તેને લાગ્યું કે લોકો તેની વાત સમજવા ને માનવા તત્પર છે. તે જે કંઈ જાણતી હતી એ બધું, જે વિચારોની તાકાત તે અનુભવી ચૂકી હતી એ બધા વિચારો, લોકોને ઝટ ઝટ જણાવી દેવાની ઉત્કટ ઝંખના તેના મનમાં જાગી. એ વિચારો તેના દિલના ઊંડાણમાંથી ઉપર સરકતા જાણે ગીતનું રૂપ ધારણ કરી રહ્યા હતા, પરંતુ પોતે ગીતને ગાઈ શકે એમ નથી એ વાતનું ભાન તેને ડંખી ગયું—તેનો અવાજ તરડાઈ ગયો હતો અને ભાંગી ગયો હતો.

"મારા પુત્રના શબ્દો એક ઈમાનદાર કામદારના શબ્દો છે—જેણે પોતાનો આત્મા વેચી નથી દીધો એવા ઈન્સાનના શબ્દો છે. ઈમાનદારીના શબ્દો તેમાં સમાયેલી હિંમતથી તરત પરખાઈ જાય!"

બે તારુણ્યસભર નેણ મુગ્ધ અને ભયભીત નજરે તેને નીરખી રહ્યાં હતાં.

અચાનક કોઈએ તેને છાતીમાં ધક્કો માર્યો અને તે બાંકડા ઉપર પડી ગઈ. પોલીસોનાં કાંડાં લોકોનાં માથાં ઉપર વીંઝાઈ રહ્યાં હતાં, કોણી તથા ખભાઓ જોડે અફળાઈ રહ્યાં હતાં, લોકોને ધકેલી રહ્યાં હતાં, અને ટોપીઓ પકડી લઈને રૂમને બીજે છેડે ફગાવી રહ્યાં હતાં. માની આંખે અંધારાં આવી ગયાં, પણ તેણે કમજોરી ખંખેરી નાખી અને હતું એટલું જોર લગાવીને હાકલ કરી: "ભલા ઈન્સાનો, એક થઈને પ્રચંડ તાકાત બની જાઓ!"

એક પોલીસે પહોળા જાડિયા પંજા વડે તેના કોટનો કોલર પકડીને તેને હલમલાવી નાખી:

"ચુપ મર!"

તેનું માથું ભીંત જોડે અફળાયું. બીકનો આકરો ધુમાડો એક પળ તેના હૈયામાં ભરાઈ ગયો, પરંતુ ફરી જલી ઊઠેલી હિંમતની જવાળાએ ધુમાડાને હાંકી કાઢ્યો.

"ચાલ!" પોલીસ બોલ્યો.

"કશી વાતથી ડરશો નહિ! તમારી જિંદગીથી બદતર બીજું કશું હોઈ શકે જ નહિ..."

"કહ્યું ને કે ચુપ મર!"

પોલીસે તેનો હાથ પકડીને તેને હડસેલો માર્યો. બીજા પોલીસે તેનો બીજો હાથ પકડી લીધો અને બેઉ તેને ઘસડી જવા લાગ્યા.

"...દરરોજ હૈયાને કોરી ખાતી અને આત્માને બટકાં ભરતી કડવાશ કરતાં બદતર બીજું કશું હોઈ શકે જ નહિ!"

બાતમીદાર તેની સામે દોડી આવ્યો અને તેના મોં સામે મુક્કો હલાવતો ગરજી ઊઠયો:

"ડાચું બંધ કર, કમજાત!"

માની આંખો પહોળી થઈ ગઈ અને તેમાં જાણે વીજળી ઝબકી ગઈ. ચીકણી ફરસબંધી ઉપર પગ સરખી રીતે ટેકવતાં તેણે જોરથી પોકાર કર્યો: "મારો નવજાગ્રત આત્મા — માર્યો મરશે નહિ!"

"કૂતરી!"

બાતમીદારે તેને મોં પર ધોલ ઝીંકી દીધી.

"બરાબર લાગની જ છે, બુઢ્ઢી ચુડેલ!" કોઈનો ઝેરીલો અવાજ સંભળાયો.

એક પળ માની નજર સામે કાળાં અંધારાં નાચી રહ્યાં અને મોમાં લોહીનો ખારો સ્વાદ ભરાઈ ગયો.

ટૂંકા ઉદ્‌ગારોનો દેકારો કાને પડતાં તે પાછી હોશમાં આવી ગઈ.

"ફરી હાથ અડાડવાની હિંમત કરતો નહિ!"

"ભાઈઓ!"

"લે તો જા, બદમાશ!"

"ઢીબી નાખો એને બરાબર!"

"આપણાં ભેજાંને તો લોહીમાં નહિ જ રંગી શકે!"

પોલીસોએ તેને પીઠે અને ગરદન ઉપર હડસેલા માર્યા, ખભા ઉપર અને માથા ઉપર માર માર્યો. બધું જાણે દેકારા, ચીસો, અને સીટીની ચિચિયારીઓના તોફાનમાં ઘૂમરીઓ ખાવા લાગ્યું. કશુંક ઘેરું ને બહેરા બનાવી દે એવું તેના કાનમાં અથડાયું, તેના ગળામાં ભરાઈ ગયું, તેને ગૂંગળાવી નાખવા લાગ્યું. તેને જમીન જાણે ઊંડી ઊતરી જતી લાગી, તેના ગોઠણ ફસકી પડયા, તેને જાણે બરછી ભોંકાતી હોય એવી પીડાના સણકા થવા લાગ્યા. તેની કાયા ભારે થઈ ગઈ અને નિરાધાર લથડિયાં ખાવા લાગી. પરંતુ તેની આંખોનો ઝગમગાટ ખતમ ન થયો. અને તેની આંખોએ બીજી આંખો જોઈ — તેની જાણીતી અને તેને ખૂબ પ્યારી હામભરી તેજસ્વી જ્વાળાઓ એ બધી આંખોમાં જલી રહી હતી.

પોલીસોએ તેને બારણા બહાર હડસેલી.

તેણે ઝટકો મારીને એક હાથ છોડાવી લીધો અને બારણાનું હેન્ડલ પકડી લીધું.

"લોહીનો આખો સાગર પણ સચ્ચાઈને ડુબાડી નહિ શકે!"

તેના હાથ ઉપર ફટકો પડયો.

"તમે તો અમારી ધિક્કારની લાગણીને વધારી રહ્યા છો, મૂરખાઓ! આ એ બધી તમારાં જ માથાં ઉપર વરસી પડશે!"

એક પોલીસ તેની ગળચી દબાવીને તેને ગૂંગળાવી નાખવા લાગ્યો.

તે તરફડિયાં મારતી બોલી:

"કંગાલો..."

જાણે જવાબમાં કોઈનું મોટું ડૂસકું કાને પડયું.

૧૯૦૭

પરિશિષ્ટ

આપણે ગોર્કીની નવલકથા 'મા'નાં મુખ્ય પાત્રોના કપરા સંજોગોમાં તેમની વિદાય લઈ રહ્યા છીએ. પાવેલ વ્લાસોવને હદપારીની સજા થઈ છે અને તેને હજારો માઈલ દૂર સાઈબિરિયામાં કાયમી વસવાટ માટે જવાનું છે. તેની મા નીલોવ્ના ગેરકાયદેસર સાહિત્ય — પાવેલ વ્લાસોવે અદાલતમાં કરેલા ભાષણનાં ચોપાનિયાં — લઈને જતી હોય છે ત્યારે પોલીસના હાથમાં પકડાઈ જાય છે. તે પોતાની આસપાસ એકઠા થઈ ગયેલા લોકોને જિંદગીની સચ્ચાઈ જણાવવાની કોશિશ કરે છે ત્યારે તેનું અપમાન કરવામાં આવે છે અને તેને માર મારવામાં આવે છે. તે જુલમગારોની સામે હાકલ કરે છે — "લોહીનો આખો સાગર પણ સચ્ચાઈને ડુબાડી નહિ શકે! તમે તો અમારી ધિક્કારની લાગણીને વધારી રહ્યા છો, મૂરખાઓ!"

પરંતુ ગોર્કીની નવલકથાનાં મુખ્ય પાત્રો જે ઈન્સાનોના આધારે સર્જાયાં હતાં તેમનું — પ્યોતર ઝાલોમોવ અને તેની મા આન્ના કિરીલ્લોવ્નાનું — આગળ જતાં શું થયું?

પ્યોતર ઝાલોમોવ લાંબી જિંદગી જીવીને ૭૮ વર્ષની ઉંમરે ૧૯૫૫માં મૃત્યુ પામ્યો. તેની મા આન્ના કિરીલ્લોવ્ના પણ ઘણાં વર્ષ જીવીને વૃદ્ધાવસ્થામાં મૃત્યુ પામી. ગોર્કીએ તેને વિશે આ શબ્દો લખેલા: "... નીલોવ્નાના પાત્રમાં પ્યોતર ઝાલોમોવની માની જિંદગીનું ચિત્રણ છે. ૧૯૦૨ના મે-દિનના પ્રસંગે દેખાવનું આયોજન કરવાના ગુના બદલ તેને સજા થયેલી. તે ક્રાંતિકારી સંગઠનમાં કામ કરતી હતી અને જુદી જુદી જગ્યાઓએ સાહિત્ય પહોંચાડવા જાત્રાળુના વેશમાં સફરો ખેડતી..."

આન્ના કિરીલ્લોવ્નાનો જન્મ ૧૮૪૯માં એક મોચીના કુટુંબમાં થયો હતો. તેની જિંદગી બહુ જ આકરી હતી. તેનો પતિ સાત બાળકોને મૂકીને ગુજરી ગયો ત્યાર પછી મુશ્કેલીઓ વિશેષ રૂપે વધી ગઈ. તેઓ "વિધવા આશ્રમ"ના ભંડકિયાની એક કંગાલ ટાઢી ઓરડીમાં રહેતાં હતાં. કેવળ માના મક્કમ મનોબળ અને ઉદ્યમને કારણે જ કુટુંબ બચી ગયું. ધીરે ધીરે બાળકો મોટાં થતાં ગયાં. સૌથી મોટો દીકરો કામે વળગી ગયો અને નાનો ભાઈ નિશાળમાં ભણવા લાગ્યો. પ્યોતર ક્રાંતિકારી મંડળમાં જોડાઈ ગયો. પ્યોતરની નાની બહેને સંસ્મરણોમાં લખ્યું છે કે "જોમ રેડતા પવનનું નવલું મોજું અમારા જીવનમાં ફરી વળ્યું."

થોડા વખતમાં આખો ઝાલોમોવ પરિવાર ક્રાંતિકારી આંદોલનમાં ભાગ લેવા લાગ્યો.

ઓક્ટોબર ક્રાંતિ પછી આન્ના કિરીલ્લોવ્ના કાં તો નાની પુત્રી સાથે લેનિનગ્રાદમાં અથવા પુત્રો જોડે સોર્મોવોમાં રહેતી.

વૃદ્ધ મહિલાનું કદ નાનું હતું. તેની આંખો અજબ ચેતનમય હતી અને સ્મિત આનંદદાયક હતું. તે ધવલ કેશ ઉપર હંમેશાં પુરાણી ઢબનો લેસનો રૂમાલ બાંધી રાખતી. લેનિનગ્રાદમાં ઉરીત્સ્કી કારખાનાની કામદાર બાઈઓને, નિઝની નોવગોરોદનાં શાળાબાળકોને, સોર્મોવોના કામદારોને—જેણે જેણે તેને જોઈ હતી અને તેની સાદી વાણીમાં તેના વીતેલા જીવન તથા ક્રાંતિકારી કાર્ય વિશે તેમ જ તેના પુત્ર વિશે વાતો સાંભળી હતી એ સૌને—તેનું એવું ચિત્ર યાદ છે.

આન્ના કિરીલ્લોવ્ના ૧૯૩૮માં મૃત્યુ પામી.

હવે આપણે જોઈએ કે પ્યોતર ઝાલોમોવની જિંદગીમાં આગળ શું બન્યું. તેને ૧૯૦૩માં ઝારશાહી અદાલતે સજા કરીને સાઇબિરિયા મોકલી દીધો. તે એક વરસના ગાળામાં યેનિસેઈ નદીના કિનારાના પ્રદેશમાં પહોંચ્યો અને ક્રાસ્નોયાર્સ્કથી ૩૦૦ કિલોમીટર દૂર માકલાકોવકા નામે નાનકડા ગામમાં રહેવા લાગ્યો. પ્યોતર ઝાલોમોવે સંસ્મરણોમાં લખ્યું છે કે "મેં બે વર્ષ હદપારીમાં ગાળ્યાં. ત્યાં હું કિસાનોમાં ક્રાંતિકારી વિચારો ફેલાવવાનું કામ કરતો હતો. અલેક્સેઇ મક્સીમોવિચ ગોર્કી મને દર મહિને આઠ રૂબલ મોકલતા, પરંતુ સ્થાનિક પોલીસ ઇન્સ્પેકટર એ રકમને ફરજ રૂપે પોતાના ખીસામાં પધરાવી દેતો. પરિણામે મારે ભૂખમરો વેઠવો પડતો અને હું સ્કર્વીના રોગનો ભોગ બની ગયો..." ૧૯૦૪ના માર્ચ મહિનાના એક તેજસ્વી પ્રભાતે પ્યોતરના જીવનના અધિકતમ સુખી દિવસોનો આરંભ થયો. તે પોતાની નાનકડી ઓરડીમાં બેઠો બેઠો સ્કી (હિમ પર સરકવા માટે પગમાં પહેરવાની લાકડાની લાંબી પટ્ટીઓ) બનાવી રહ્યો હતો. "મારું હૈયું એકધારું સ્વસ્થ ધબકી રહ્યું હતું. એકાએક બારણું ખૂલ્યું અને જોસેફિના એદુઆર્દોવ્ના ઓરડીમાં દાખલ થઈ. તેણે ફરનો જૂનો કોટ પહેર્યો હતો. તે હજારો કિલોમીટરની સફર ખેડીને ત્યાં પહોંચી હતી."

બે ભેખધારી ક્રાંતિકારીઓના પ્રણયનો પંથ કપરો રહ્યો હતો. મોસ્કોની તરુણ શિક્ષિકા જોસેફિના ગાશેર જોડે પ્યોતરનો પરિચય ૧૯૦૧માં થયો હતો. તેમની મુલાકાતો કામદારોની મિટિંગોમાં અને નિઝની નોવગોરોદના રસ્તાઓ

પર થતી, પરંતુ દિલમાં જાગેલી લાગણીઓને વ્યક્ત કરવાની હિંમત બેમાંથી એકેયને નહોતી થતી. પ્યોતર ઝાલોમોવ ગિરફતાર થઈ ગયો અને તેને મુકદ્દમા પહેલાં મોસ્કોની બુતીસ્કર્યા જેલમાં રાખવામાં આવ્યો ત્યારે જ તેની મા જોડે તેની "નવવધૂ" તરીકે જોસેફિના ગાશેર તેને મળવા ગયેલી.

ગોર્કીની મદદ વડે પ્યોતર ઝાલોમોવ માટે હદપારીમાંથી છટકી જવાની વ્યવસ્થા કરવામાં આવી. ત્યાર બાદ તેણે પિટર્સબર્ગમાં ભોમભીતર બોલ્શેવિક સંગઠનમાં કામ કર્યું, અને ૧૯૦૫ની ક્રાંતિ દરમિયાન મોસ્કોમાં કામદારોનાં હથિયારબંધ જૂથોના સંગઠનમાં ભાગ લીધો.

પ્યોતર ઝાલોમોવ અને અલેક્સેઈ મક્સીમોવિચ ગોર્કી વચ્ચે પ્રથમ મુલાકાત ૧૯૦૫ના ઉનાળામાં પિટર્સબર્ગ નજીક કુઓક્કાલામાં આવેલી ગોર્કીની ગ્રીષ્મ કુટીરમાં થઈ હતી.

ભાવિ નવલકથાના લેખક અને ભાવિ પાત્ર પાવેલ વ્લાસોવના આધારરૂપ માનવીને એકબીજા વિશે જાણકારી તો હતી પરંતુ વ્યક્તિગત પરિચય નહોતો થયો. સોર્મોવોમાં મે-દિનના નિદર્શન પહેલાં પણ ગોર્કી ઝાલોમોવને મળવા ઉત્સુક હતા. પરંતુ ઝાલોમોવની ઉપર પોલીસ "ચાંપતી નજર" રાખતી હતી અને તેને બીક હતી કે પોતે ગોર્કીને મળે તો એથી કદાચ ગોર્કીની નામનાને હાનિ પહોંચે. લશ્કરી પોલીસ ક્રાંતિકારી લેખકને પરેશાન કરવા માટે કશાક બહાનાની તલાશમાં તો રહેતી જ હતી.

મે-દિનના નિદર્શનમાં તેના આગેવાનોની ધરપકડ પછી ગોર્કીએ ઝાલોમોવ તથા તેના મિત્રોને મદદ કરી. તેમણે પ્યોતરની માતા આન્ના ઝાલોમોવા મારફત નિઝની નોવગોરોદના પોતાના હમવતનીઓને મદદ કરવાનું વચન આપ્યું. તેઓ દર મહિને પ્યોતર માટે સાઈબિરિયા પૈસા મોકલતા, અને તેમને પ્યોતરના પરિવારની મુશ્કેલીઓ વિશે ખબર પડી ત્યારે તેમણે રકમ બમણી કરી નાખી. એ ઉપરાંત, તેમણે પ્યોતરને હદપારીમાંથી છટકી જવા માટે ૩૦૦ રૂબલ મોકલ્યા.

હદપારીમાંથી છટકી ગયેલો ક્રાંતિકારી પિટર્સબર્ગ પહોંચ્યો ત્યારે તેણે કરેલાં પ્રથમ કાર્યોમાંનું એક ગોર્કીને મળવાનું હતું.

"પીછો" ખંખેરી નાખવા માટે તે સ્ટેશન આવતાં પહેલાં જ ગાડીમાંથી ઊતરી ગયો અને સીધો વનમાં ચાલ્યો ગયો. તેણે ગોર્કીની ગ્રીષ્મ કુટીર ગોતી કાઢી અને અંદર ઉદ્યાનમાં ઊભેલા ઊંચા પાતળા આદમીને તે દરવાજેથી નીરખવા લાગ્યો. તેણે ગોર્કીનાં ચિત્રો ઘણી વાર જોયેલાં એટલે ચહેરો સારી પેઠે પરિચિત હતો.

"અલેક્સેઇ મક્સીમોવિચ!" પ્યોતરે સાદ પાડયો અને પોતાની ઓળખાણ આપી.

ગોર્કી મોહક સ્મિત કરતા તેની પાસે આવ્યા. બન્ને હમવતનીઓ એકબીજાને બંધુભાવે ભેટી પડયા. ગોર્કી પ્યોતરની સામે જોઈને બોલ્યા:

"પહોંચી ગયા! બહુ સરસ!"

થોડી વારમાં બેઉ જણ આરામખુરશીમાં નિરાંતે બેસીને વિગતવાર ચર્ચા કરવા લાગ્યા. ગોર્કીએ પ્યોતરને પિતા, માતા, ક્રાંતિકારી પ્રવૃત્તિ, અને સોર્મોવોના નિદર્શન અંગે સવાલો પૂછ્યા. તેઓ ભવિષ્યમાં ફરી વાર મળવાનું વચન એકબીજાને આપીને સ્નેહાળ મિત્રો તરીકે જુદા પડયા. એ સમય દરમિયાન ગોર્કીએ એક મિત્રને પ્યોતર વિશે લખ્યું: "સોર્મોવોનો એક આદમી મને મળવા આવ્યો હતો—અદ્‌ભુત ઇન્સાન છે!"

પ્યોતરે પાર્ટીની કેટલીય મહત્ત્વની કામગીરીઓ પાર પાડી. "મને મોસ્કોમાં હથિયારબંધ જૂથોનું સંગઠન કરવાનું કામ સોંપવામાં આવ્યું. મોસ્કોના હથિયારબંધ વિદ્રોહ પહેલાં હું મારી પત્ની જોસેફિના એદુઆર્દોવ્ના ઝાલોમોવાની મદદ લઈને બોંબના ગોળા બનાવતો હતો. જોસેફિના દસ મહિનાની દીકરી લઈને સાઇબિરિયા મારી પાસે આવેલી... વિદ્રોહ દરમિયાન મેં નાકાબંધીની ઝપાઝપીઓમાં ભાગ લીધો હતો. ૧૯૦૬માં મારી તબિયત બેહદ ખરાબ થઈ ગઈ અને થૂંકમાં લોહી પડવા લાગ્યું એટલે મારે ખુલ્લી કાયદેસર જિંદગી અપનાવવી પડી."

કાનૂની દરજ્જો મેળવી લીધા પછી ઝાલોમોવે પાટનગર છોડી દીધું. એ રીતે, નિઝની નોવગોરોદનો કામદાર પ્યોતર ઝાલોમોવ કુર્સ્ક પ્રાંતના નાનકડા શહેર સુદ્‌ઝામાં પોતાના કુટુંબ સાથે રહેવા લાગ્યો. પ્યોતર માટે સુદ્‌ઝાની જિંદગી હકીકતમાં બીજી વારની હદપારી જેવી હતી કારણ કે તેને ક્યાંય જવાની કે કામ કરવાની છૂટ નહોતી. પોલીસ તેની ઉપર પાકો જાપતો રાખતી. ભૂખ-હડતાલો, કારાવાસ, અને હદપારીને લીધે બગડી ગયેલી તબિયત વધારે ખરાબ થઈ ગઈ. જોસેફિના એદુઆર્દોવ્નાને સુદ્‌ઝાની નિશાળમાં શિક્ષિકાની નોકરી મળી ગઈ હતી એટલે તેના પગારમાંથી કુટુંબનું ભરણપોષણ થતું.

૧૯૧૭નો ફેબ્રુઆરી મહિનો આવીને ગયો અને પછી ઑક્ટોબરનો વખત આવ્યો. સોર્મોવોમાં ઝંડો લહેરાવનારા અડગ અણનમ ક્રાંતિકારીએ ફરી વાર પ્રવૃત્તિમાં ઝંપલાવી દીધું હતું. પહેલી જ જાહેર સભામાં તેણે જોશીલી તકરીર કરીને કિસાનો તથા કારીગરોને પાટનગરની ઘટનાઓનું મહત્ત્વ સમજાવ્યું.

પ્યોતર ઝાલોમોવે પોતાના ભાઈ અલેક્સાન્દરને લખેલા એક પત્રમાં ક્રાંતિ તથા આંતરવિગ્રહ દરમિયાન પોતાની જિંદગીનું વર્ણન કર્યું છે:

"...૧૯૧૭માં મેં જિલ્લામાં સોવિયેત સત્તાના સંઘટનમાં ભાગ લીધો અને થોડા વખતમાં મને શ્રમ વિભાગના કમિસાર તરીકે ચૂંટવામાં આવ્યો. ક્રાંતિના દુશ્મન વ્હાઇટગાર્ડોએ સુદ્ઝા કબજે કરી લીધું ત્યારે કેટલીય વાર મને ફાંસીએ લટકાવી દેવાના પેંતરા ઘડયા પણ હું ત્રણ વાર છટકી ગયો. છેલ્લી વાર દેનીકિનની ટુકડીએ મને પકડી લીધો અને મારી ઉપર લશ્કરી અદાલતમાં કામ ચલાવ્યું. જેલમાં મારું અપમાન કરવામાં આવતું અને લગભગ દરરોજ મને ગોળીએ વીંધી દેવાની કે ફાંસીએ લટકાવી દેવાની ધમકી આપવામાં આવતી. એ લોકોએ ધમકીને ચોક્કસ અમલમાં મૂકી જ હોત, પરંતુ તે પહેલાં લાલ સેના પહોંચી ગઈ અને તેણે શહેરને મુક્ત કર્યું."

લાલ સેનાના આગમનથી ઝાલોમોવની જિંદગી તો બચી ગઈ, પણ તેની તબિયત તદ્દન લથડી ગઈ હતી અને તેને ગંભીર સારવારની જરૂર હતી. પ્યોતર મોસ્કો ગયો અને લાંબો વખત હોસ્પિટલમાં રહ્યો. ધીરે ધીરે તેની કાયામાં ફરી શક્તિ આવી અને જૂના મિત્રો જોડે (સુખ્યાત ક્રાંતિકારી-લેનિનવાદી ગ્લેબ કર્ઝીઝાનોવ્સ્કીના પરિવાર જોડે) ફરી સ્નેહાળ સંપર્કો સધાયા. ગોર્કીની નવલકથાનું એક મુખ્ય પાત્ર બની ગયેલા ઇન્સાનની જિંદગીમાં નવો તબક્કો શરૂ થયો.

કાબેલ પ્રચારક પ્યોતર ઝાલોમોવે કિસાનોની અંદર ખૂબ મહત્ત્વનું કાર્ય કર્યું — તેમને અખબારો વાંચી સંભળાવવાં, ખેડૂતોના સંબંધમાં સોવિયેત સત્તાની નીતિ અને નવી સરકારની ડિક્રીઓ લોકોને સાદી તથા સ્પષ્ટ ભાષામાં સમજાવવી, વગેરે.

ખેતીવાડીમાં સમૂહીકરણ શરૂ થયું ત્યારે પ્યોતર ઝાલોમોવે સુદ્ઝાના ખેડૂતોને એકત્ર કરીને "ક્રાસ્ની અક્ત્યાબર" નામે સામૂહિક ખેતરનું સંઘટન કર્યું. તે કેટલાંય વરસો સુધી એ સામૂહિક ખેતરનો અધ્યક્ષ રહ્યો અને ત્યાર પછી તેણે ખેતરના પંચના સભ્ય તરીકે સેવા આપવાનું ચાલુ રાખ્યું.

ગંભીર માંદગી અને ડોકટરોની મનાઈઓ છતાં તેણે કામ ચાલુ રાખ્યું. તેણે પોતાની યુવાવસ્થાની ક્રાંતિકારી પ્રવૃત્તિઓનાં તેમ જ ગોર્કી જોડેની મુલાકાતોનાં સંસ્મરણો લખ્યાં અને ગોર્કીની નવલકથા 'મા'ના વાચકો જોડે વ્યાપક પત્રવ્યવહાર જાળવી રાખ્યો. મિત્રોને — કર્ઝીઝાનોવ્સ્કી પરિવારને — લખેલા એક પત્રમાં તેણે જીવનની પોતાની સમજણ અંગે આ શબ્દો લખ્યા છે: "મારા

અભિપ્રાયમાં ગુલામ જ્યારે પોતાની કંગાલ જિંદગીની બીક તજી દે અને આઝાદી ખાતર લડવાનો નિર્ધાર કરી લે ત્યારે તેના હાથ જંજીરોમાં જકડાયેલા હોવા છતાં તે મુક્ત માનવી બની જાય છે. હું ઇચ્છું છું કે કોઈ ગુલામ રહે જ નહિ, મને ગુલામો નથી ગમતા, મને તો લડવૈયાઓ ગમે છે, મુક્ત માનવીની નીડરતા ધરાવતા લોકો ગમે છે."

ક્રાંતિના સાધારણ લડવૈયા પ્યોતર ઝાલોમોવે પોતાના જમાનામાં ગોર્કીને મુગ્ધ કરી દીધા હતા, અને તેની ઉમદા આકાંક્ષાઓ તથા નૈતિક નિર્મળતાનો પ્રભાવ આજે આપણ સૌની ઉપર પણ પડી રહ્યો છે. કર્તવ્યનિષ્ઠ રશિયન કામદારનાં તથા વીસમી સદીના ક્રાંતિકારીનાં ઉત્તમ લક્ષણો તેનામાં અને તેના જીવનકાર્યમાં પ્રતિબિંબિત થયાં છે.

વાચકોને

અમારા આ પ્રકાશનના વસ્તુ, ભાષા, રંગરૂપ તથા છપાઈ જેવા પ્રત્યેક અંગ વિશે આપના અભિપ્રાયો મેળવતાં અમને અત્યંત આનંદ થશે. નવાં પ્રકાશનો વિશે આપનાં સલાહસૂચનોનું અમારા કાર્યાલયમાં સાભાર સ્વાગત થશે.

પ્રગતિ પ્રકાશન
૨૧, ઝુબોવ્સ્કી બૂલવાર
મોસ્કો (સોવિયેત સંઘ)

М. Горький

МАТЬ

на языке гуджарати

Издательство «Прогресс»
Москва

Перевод сделан по изданию:
М. Горький, Собр. сочинений в 30 т.т.
Госкомиздата, т. 7, 1950 г.

મને ગોર્કીનો વ્યક્તિગત પરિચય છે, અને તેઓ મને યુરોપમાં ખ્યાતિ ધરાવતા પ્રતિભાવાન લેખક તરીકે પ્રિય હોવા ઉપરાંત બુદ્ધિમાન, માયાળુ, અને સમભાવી માનવી તરીકે પણ પ્રિય છે.

લેવ તોલ્સ્તોય
(નોંધસંચયમાંથી)

ગોર્કી પ્રકારની પ્રતિભાને એક જ નામ આપી શકાય — સત્ય.

સ્તેફાન ત્સ્વેઈગ

ગોર્કીની કૃતિઓમાં ભાવિ શક્યતા અને આશાનાં એંધાણ જોવા મળે છે.


બર્નાર્ડ શૉ

તમારો જન્મ શિયાળાના અંતમાં, વસંતના આરંભની વેળાએ, અયનના આગમનના સમયે થયો હતો. એ સુયોગ તમારા જીવનના પ્રતીક સમો છે. તમારું જીવન પુરાણી દુનિયાના પતન તથા ઝંઝાવાતો દરમિયાન નવી દુનિયાના ઉદય જોડે સંકળાયેલું રહ્યું છે.

રોમાં રોલાં
(ગોર્કીને સંબોધિત પત્રમાં)

નવા સાહિત્યના ધ્વજમાં ગોર્કીનું હૃદય અંકિત છે, અને એ હૃદયમાં સમગ્ર જગત માટે શાંતિ અંકિત છે.

કૃષ્ણ ચંદ્ર



પ્યોતર ઝાલોમોવ અને તેની પત્ની જોસેફિના ઝાલોમોવા. પાવેલ વ્લાસોવના પાત્રનું સર્જન પ્યોતર ઝાલોમોવની જિંદગીના આધારે થયું હતું.



આન્ના કિરીલ્લોવ્ના ઝાલોમોવા— ગોર્કીની નવલકથા 'મા'ના મુખ્ય પાત્ર પેલાગેયા નીલોવ્ના વ્લાસોવાનું સર્જન તેની જિંદગીના આધારે થયું હતું.

"નીલોવ્નાનું અસ્તિત્વ ખરેખર હતું ખરું? ક્રાંતિની તૈયારીઓમાં અને ભોમભીતર પ્રવૃત્તિઓમાં માતાઓએ પણ ભાગ લીધો હતો. નીલોવ્નાના પાત્રમાં પ્યોતર ઝાલોમોવની માતાની જિંદગીનું ચિત્રણ છે. તે ક્રાંતિકારી સંગઠનમાં કાર્ય કરતી અને જાત્રાળુના વેશમાં સફરો ખેડીને જુદી જુદી જગ્યાઓએ ગેરકાયદેસર સાહિત્ય પહોંચાડતી... અને તે અપવાદરૂપ નહિ પરંતુ એવી અનેક માતાઓમાંની એક હતી.

પાવેલ વ્લાસોવના પાત્રમાં પણ કોઈ અપવાદરૂપ ઈન્સાનનું નહિ પરંતુ એ વખતની જિંદગીમાં સામાન્ય રૂપે જોવા મળતા ઈન્સાનોનું ચિત્રણ છે. બોલ્શેવિક પાર્ટીનું સર્જન એવા જુવાનોએ જ કર્યું હતું..."

મક્સીમ ગોર્કી